॥ वृतालये स भगवान् जयतीह साक्षात् ॥

શ્રી સહજાનંદસ્વામી ચરિત્ર

આધારાનંદ ગ્રંથમાળા - ૧૬



:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ "ભક્તિનગર" કંડારી

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

શ્રી સહજાનંદસ્વામી ચરિત્ર

આધારાનંદ ગ્રંથમાળા - ૧૬

:: **સંપાદન** ::

શાસ્ત્રી સંતવલ્લભદાસ

:: **પ્રેરણા** ::

પ.પૂ.સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

:: **પ્રકાશક** ::

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - કંડારી

મુ.પો.કંડારી તા.કરજણ જી.વડોદરા - ૩૯૧૨૧૦



ગ્રંથ : **શ્રી સહજાનંદસ્વામી ચરિત્ર**

આધારાનંદ ગ્રંથમાળા-૧૬

પ્રેરણા : પ.પૂ.સદ્‌ગુરૂ શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

સંપાદન : શા.સંતવલ્લભદાસ

પ્રકાશન : હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ-૨; ૧ થી ૮ મે, ૨૦૧૧

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - કંડારી

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૩૦૦૦

પડતર કિંમત : ૭૦/-

વેચાણ કિંમત : ૫૦/- સૌજન્યને આભારી

પ્રાપ્તિ સ્થાન :

(૧) લોયાધામ

ફોન નં. ૯૯૨૫૨૦૭૫૦૧/૫૦૭

(૨) કંડારી ગુરુકુલ :

(૦૨૬૬૬) ૨૩૨૩૩૪,૨૩૨૭૩૪

(૩) વડોદરા ગુરુકુલ :

(૦૨૬૫) ૨૫૭૧૧૭૭, મો. ૯૯૨૫૨ ૦૫૬૧૧

(૪) નાવલી ગુરુકુલ :

(૦૨૬૯૨) ૨૮૩૬૪૫

(૫) લોયાધામ ન્યૂજર્સી :

(૦૦૧) ૪૭૮૭૩૭૯૬૮૧

(૬) લોયાધામ મેકન : જ્યોર્જિયા

મુદ્રક :

શ્રીજી આર્ટ, અમદાવાદ

ફોન. (૦૭૯) ૨૬૫૮૦૯૧૬. મો. ૯૮૭૯૬૦૬૬૮૬

આશીર્વચન

સંપ્રદાયની પુષ્ટી તો એમ થાય છે જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેણે જે જે ચરિત્ર કર્યા હોય અને જે જે આચરણ કર્યા હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય માટે પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર, તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે. તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા ભાષા હોય, પણ તે જ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે પણ તે વિના બીજો ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન કરે. (વચ. ગ.મ. ૫૮)

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ હૃદગત અભિપ્રાયને આત્મસાત કરીને, આપણા પ્રાચીન-અર્વાચીન સંતોએ અનેક શાસ્ત્રોની રચના કરી છે. આ શાસ્ત્રો આપણા સામાજિક એવમ્ આધ્યાત્મિક જીવનને સમૃદ્ધ કરવાની જડીબુટ્ટીઓના ખજાનારૂપ છે. પરમહંસોએ પાંડિત્ય કે શબ્દ લાલિત્યની પરવા કર્યા વિના માત્ર અને માત્ર અનુભૂતિની અભિવ્યક્તિ પર ભાર આપ્યો છે.

સંપ્રદાયની સાચી મિલકત સંતોએ આપેલું વિશાળ સાહિત્ય ભંડાર છે. સત્સંગી પાસેથી જો મૌલિક સાહિત્ય ઝૂટવાય જાય, તો એ સાવ લાચાર બની જાય. પરંતુ પોતાનો આશ્રિત લાચાર ન રહે એટલા જ માટે શ્રીહરિએ મુક્તમુનિ પ્રમુખ સંતોને આજીવન સાહિત્ય સાધનાની આજ્ઞા આપેલી તે આજ્ઞાનુસાર પ્રાચીન અર્વાચીન સંતોએ વિપુલ સાહિત્યની રચના કરી છે. પરિણામ સ્વરૂપે આજે આપણી પાસે પ્રાચીન સાહિત્યનો મબલક ખજાનો છે.

આ **''સહજાનંદસ્વામી ચરિત્ર''**માં સંપ્રદાયની અસ્મિતાની સરવાણી વહે છે. ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય માનુષી ચરિત્રોની સાથે સાથે સંતો-ભક્તોના પ્રેરક પ્રસંગો વાંચતા આંખોના ખૂણા ભીંજાય જાય છે. સ્વામી પોતાના દેહની પરવા કર્યા વિના રાત્રી દિવસ સત્સંગ માટે ગામડે ગામડે વિચરતા રહ્યા. તપથી કૃશ છતા બ્રહ્મતેજથી ઝળહળતી વૃદ્ધ કાયાના દર્શનમાત્રથી હજારો જીવ મોક્ષભાગી થતા, પરંતુ જ્યારે સ્વામીના મુખે મહારાજની દિવ્ય લીલાઓ, ઐશ્વર્યો અને પુરુષોત્તમપણાની વાતો સાંભળતા ત્યારે ભક્તોને છતે દેહે

અક્ષરધામની પ્રાપ્તિનો અહેસાસ થતો. આજે જો કોઈ સાત્ત્વિક પુરુષ શ્રદ્ધા-વિશ્વાસ સાથે આ ગ્રંથનું અધ્યયન કરે, તો આજે પણ એ જ અનુભૂતિ થાય; એવો ચમત્કારી આ ગ્રંથ છે.

આ ગ્રંથ સંપ્રદાયના આબાલ-વૃદ્ધ-ત્યાગી-ગૃહીને ઉપયોગી થશે એવી શ્રદ્ધા સાથે કંડારી ગુરુકુલ દ્વારા સુરતવાસી શ્રી નારાયણમુનિ દેવ શતામૃત ઉપક્રમે શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના અધ્યક્ષસ્થાને વડતાલ સંસ્થાન આયોજિત **''શ્રીહરિકૃષ્ણ મહારાજ મહોત્સવ-૨''** પ્રસંગે પ્રકાશિત થઈ રહ્યો છે ત્યારે મને હૃદયમાં ઘણોજ આનંદ થાય છે. મેં જ્યારે સંતદિક્ષા ગ્રહણ કરી ત્યારે પૂ. આત્માનંદજી સ્વામીએ મને શ્રીજી મહારાજની પ્રસાદીનું વસ્ત્ર આપીને રાજીપો વ્યક્ત કરેલો. એ મહાપુરૂષના રાજીપાનું મૂલ્ય ક્યારેય ન ચૂકવી શકાય. પરંતુ તેમની સેવાના એક પુષ્પ તરીકે આ ગ્રંથ સુમન પ્રકાશિત કરતા મને ઘણો જ આનંદ થાય છે.

આ ગ્રંથના માધ્યમથી સૌને શ્રીજી મહારાજનો મહાત્મ્યજ્ઞાને સહિત દૃઢ નિશ્ચય થાય. સેવાકાર્યમાં સહયોગી બનેલા બ્રહ્મસ્વરૂપદાસજી વિગેરે સંતો તથા આર્થિક સેવા કરનારા અમારા કૃપાપાત્ર પ.ભ. શ્રી ભરતભાઈ માણેકલાલ પટેલ - મોખાસણ પરિવારને સત્સંગ સેવાનું ખૂબજ બળ મળે. આજ્ઞા-ઉપાસના દૃઢ થાય. અને જે કોઈ આ ગ્રંથનું વાંચન-મનન કરે તેમનું મન મહારાજમાં મસ્ત રહે, એ જ શુભાશીર્વાદ સહ.

શા. ઘનશ્યામપ્રકાશદાસજી ના જય શ્રી સ્વામિનારાયણ

પ્રસ્તાવના

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના અનાદિમુક્તોના દિવ્ય ઐશ્વર્યોથી આ સત્સંગને સદૈવ શીતળ છાંયડી મળી છે. આ સત્સંગનો એવો પ્રતાપ છે કે પશુનું પણ કલ્યાણ થાય છે. આ સત્સંગમાં જે વાર્તા થાય છે તે ''ન ભૂતો ન ભવિષ્યતિ'' છે. આ સત્સંગ છતે દેહે અક્ષરધામનું સુખ આપે એવો ઉત્તમ છે. અક્ષરધામનું સુખ તે શું ? તો હૃદયમાં મૂર્તિનું ચિંતન થાય અને માયાનો ઘાટ થાય નહિ, એ જ અક્ષરધામનું સુખ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસનાના બળના પ્રતાપે આ સત્સંગમાં છતે દેહે અક્ષરધામનું સુખ ભોગવનારા સંતો-મુક્તો હતા, છે અને રહેશે. જેને ભગવદ્સ્વરૂપનું બળ જેટલું વધારે હોય, તેટલો તે સત્સંગમાં મોટેરો કહેવાય. સત્સંગમાં આવી મોટ્યપ ધરાવતાં વડતાલના મહાન બ્રહ્મનિષ્ઠ સદ્. શ્રી આત્માનંદજી બ્રહ્મચારી મહારાજને કોણ નથી ઓળખતું ? બ્રહ્મચારી મહારાજે જીવનભર જે મોક્ષના અમૂલ્ય રસાયણો પીરસ્યા તેનું આલેખન કરી ''સહજાનંદસ્વામી ચરિત્ર'' નામનો આ અપૂર્વ ગ્રંથ સત્સંગને આપ્યો છે.

આ ગ્રંથ સંવત્ ૨૦૧૯માં પ્રકાશિત થયો હતો ત્યારથી આજ સુધી જુદી જુદી સંસ્થાઓ દ્વારા અનેકવાર આ ગ્રંથનું પ્રકાશન થયું છે. એ જ આ ગ્રંથની લોકપ્રિયતાનો પુરાવો છે. આ ગ્રંથ મહારાજ અને મહારાજના વ્હાલા મુક્તોના ચરિત્રોથી ભરપૂર છે. પરિણામે સૌ કોઈ મુમુક્ષુઓને તેમાંથી પ્રેરણાના પિયુષ પ્રાપ્ત થાય છે.

શ્રીજી મહારાજે ગઢડા મધ્યના ૬૧માં વચનામૃતમાં કલ્યાણ માટે નિયમ, નિશ્ચય અને પક્ષની વાત કરી છે. વાત નં. ૯૪ થી ૧૦૧ ના માધ્યમથી નિશ્ચયની કથાઓ સાથે ૨૪૭ થી ૨૭૨ સુધીના પ્રસંગો દ્વારા લોયાના ત્રીજા વચનામૃતમાં ઉલ્લેખિત મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા ભક્તોની પ્રેરક કથાઓ કહી છે. તેના દ્વારા અનેક મુમુક્ષુઓએ ભગવદાશ્રય દૃઢ કર્યો છે.

અહિં વાત નં. ૧૨૪ થી ૧૩૫ સુધીની વાતો નિયમની દૃઢતા કરાવે છે. ૧૪૬ થી ૧૫૮ સુધીની વાતો નિયમની કચાસથી થતા નુકશાનની વાર્તાઓ લાલ

લાઈટ બતાવે છે. અને વાત નં. ૪૫ થી ૬૪ દ્વારા પક્ષના પ્રબળ પ્રતાપની ઝાંખી થાય છે.

શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે સેવાને મુક્તિનો દરજ્જો આપ્યો છે. ''સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્''નો મર્મ સરળ અને રસાળ ભાષામાં ૭૦ થી ૮૯ સુધીની વાતો દ્વારા રજુ થયો છે. શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો પ્રબળ પ્રતાપ ૯૦ થી ૯૩ સુધીના પ્રસંગોમાં દૃષ્ટિ ગોચર થાય છે.

અને હા, વાત નં. ૧૪, ૨૩, ૧૪૫, ૧૬૫, ૧૭૯, ૨૧૯, ૨૨૦, ૨૩૪, ૨૩૭, ૨૫૨, ૨૫૫, ૨૫૮, ૨૬૧, ૨૬૩ અને ૨૭૦માં સંપ્રદાયના પ્રસિદ્ધ ગ્રંથોથી થોડી જુદી રીતે પ્રસંગો નિરૂપણ થયા છે. છતા આ ગ્રંથ સત્સંગમાં અતિલોકપ્રિય થયો છે. બ્રહ્મચારી શ્રી આત્માનંદજી સ્વામીના લખાણને અમે યથાવત્ રાખીને જ પ્રકાશિત કરી રહ્યા છીએ.

આ ગ્રંથના પ્રકાશનમાં પૂર્ણ સહકાર અમારા વડીલ ગરૂબંધુ પ.પૂ. સદ્. શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી અને પ.પૂ. કો. શ્રી શુકવલ્લભદાસજી સ્વામીએ આપ્યો છે. પૂ. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ નાદુરસ્ત તબિયતમાં પણ બે વાર આ ગ્રંથનું ઝીણવટપૂર્વક પ્રુફ સંશોધન કરી આપ્યું છે. પૂ. શુકસ્વામીએ આ ગ્રંથને પ્રકાશિત કરવાની જવાબદારી નિષ્ઠાપૂર્વક અદા કરી છે. આર્થિક સહયોગ ગુરૂવર્ય પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામીના કૃપાપાત્ર અને અમારા સ્નેહી ભક્તરાજ શ્રી ભરતભાઈ માણેકલાલ પટેલ - મોખાસણ પરિવારે સ્વીકારી છે ત્યારે આ ગ્રંથ અતિ વ્યસ્ત સમયમાં પણ આપના કરકમળ સુધી પહોંચી રહ્યો છે.

આ ગ્રંથના પ્રકાશનથી ગુરૂવર્ય પૂજ્યપાદ્ શાસ્ત્રીજી સ્વામી તથા સદ્. બ્ર. શ્રી આત્માનંદજી સ્વામી જેવા મુક્ત પુરૂષોનો રાજીપો મળે એજ આકાંક્ષા સાથે અહિં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ ક્ષમાની માંગણી કરીને વિરમું છું.

શા. સંતવલ્લભદાસ

યજમાન

સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ અને તેમના આશ્રિત પરમહંસો અને ભક્તોના મોક્ષપ્રદ-પ્રેરક દિવ્ય ચરિત્રોથી ભરપૂર; વડતાલના મહાન બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ પ.પૂ. બ્રહ્મચારી શ્રી આત્માનંદજી સ્વામી રચિત આ ''સહજાનંદસ્વામી ચરિત્ર'' ગ્રંથના પ્રકાશન માટે ગુરૂવર્ય પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી

પિતાશ્રી માણેકલાલ શંકરદાસ પટેલ

માતુશ્રી જ્યોતિબેન માણેકલાલ પટેલ

સુપુત્રો : ભરતભાઈ, હસમુખભાઈ, જગદીશભાઈ

સુપુત્રી : જયાબેન

પૌત્ર : અમિત-બિશપ

મેઘલ-ઉત્કર્ષ

પૌત્રી :- સંજના (જમકુ)

રૂચિ

માહિ - (લાડુબા)

ગામ : મોખાસણ

આર્થિક સહયોગ આપીને સહભાગી થયા છે. ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ આ પરિવારનું આલોક અને પરલોકમાં પરમ કલ્યાણ કરે એવી હાર્દિક પ્રાર્થના.

— કો. શા. શ્રી શુકવલ્લભદાસના જય શ્રી સ્વામિનારાયણ

સ.ગુ. બ્ર. શ્રી આત્માનંદજીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

શ્રીજી મહારાજની અનન્ય નિષ્ઠાવાળા અને બ્રહ્મનિષ્ઠ એવા સંતવર્ય સદ્‌ગુરૂ બ્રહ્મચારી આત્માનંદજીનો જન્મ સંવત્ ૧૯૪૦ ચૈત્ર સુદ-૯ ના રોજ વડોદરા પાસેના રૂંવાદ ગામમાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ શંકરભાઈ સદારામભાઈ ભટ્ટ હતુ. તથા માતાજીનું નામ જયકુંવરબા હતું. તેઓનું પૂર્વાશ્રમનું નામ રામચંદ્ર હતું. તેઓ બાળપણથી જ ભણવામાં હોંશિયાર હતા. ઉચ્ચગુણ સાથે પાંચ ધોરણ સુધી અભ્યાસ કર્યો. તે સમયમાં આગળ જતા તેમની બુદ્ધિ પ્રતિભા જોઈને ગાયકવાડ સરકાર તરફથી તેઓશ્રીને શાળામાં શિક્ષકની નોકરી મળી. થોડા સમયબાદ તેમના માતા-પિતા અક્ષરવાસી થયા.

રામચંદ્ર વારંવાર એકાંતિક સંતોની સેવા સમાગમ કરતા, તેથી સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો. પરિણામે નોકરીમાંથી રાજીનામુ આપીને, તેઓશ્રીના કાકાના પૂત્ર બ્ર. શ્રી નરોત્તમાનંદજી તથા ફોઈના પૂત્ર બ્ર. વાસુદેવાનંદજી પાસે સં. ૧૯૫૮ માગશર માસમાં વડતાલ ગયા. રામચંદ્રનો ત્યાગ-વૈરાગ્ય અને સાધુતાના ઉત્તમગુણો જોઈ બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદજીએ તેમને સંવત્ ૧૯૫૯ ચૈત્રી પૂર્ણિમાના દિવસે આચાર્ય શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજ પાસે દિક્ષા (ભાગવતી) અપાવી આત્માનંદ એવું નામ ધારણ કરાવ્યું.

દિક્ષા ગ્રહણ કર્યા બાદ બ્ર. આત્માનંદજી સંસ્કૃત વિદ્યાભ્યાસ માટે વડતાલ પાઠશાળામાં દાખલ થયા. અને પ્રખર વ્યાકરણાચાર્ય શાસ્ત્રી ગિરજાશંકર લક્ષ્મીશંકર પાસેથી પ્રારંભિક અભ્યાસ કરીને સાહિત્યનો અભ્યાસ કર્યો. વેદાંત-ન્યાય આદિ શાસ્ત્રોનો અભ્યાસ કરીને શાસ્ત્રીની પદવી પ્રાપ્ત કરી.

વિદ્યાભ્યાસ કર્યા બાદ તેઓશ્રીએ પોતાના ગુરૂ બ્ર. વાસુદેવાનંદજીની આજ્ઞાથી ખંભાત તથા વડોદરામાં બ્ર. શાંતિપ્રિયાનંદજીની સાથે સત્સંગિજીવનની પારાયણો કરેલ. પછી સદ્. બ્ર. નારાયણપ્રિયાનંદજીના મંડળને સ્વીકાર કરી, તેઓશ્રી મંડળધારી થયા. અને ૨૫ વર્ષ સુધી શ્રીહરિના શિખરબદ્ધ મંદિરો પૈકી ખંભાત-બુરાનપુર-માલેગાંવ-ચાંદોદ વિગેરે ગામોમાં દેવ સેવા કરેલી.

સદ્. બ્ર. આત્માનંદજીએ પોતાની વિદ્વત્તાનો પૂર્ણ ઉપયોગ કરી ''શ્રીસહજાનંદસ્વામી ચરિત્ર'' ગ્રંથની રચના કરીને ગામ પીજના હરિભક્ત પ.ભ. મોતીભાઈ ત્રિકમભાઈની આર્થિક મદદથી સૌ પ્રથમ ૧૦૦૦ પ્રત છપાવી બન્ને દેશના આચાર્યશ્રીઓ-સંતો-વર્ણિઓ-પાર્ષદો-હરિભક્તો તેમજ બન્ને દેશના શિખરબદ્ધ અને હરિમંદિરોમાં આ મહામૂલા ગ્રંથની ભેટ ધરેલી.

બ્ર. આત્માનંદ સ્વામીએ સાહિત્ય સેવાની સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે દેવસેવા પણ એટલીજ કરેલી છે. તેઓશ્રીએ હરિભક્તોને પ્રેરણા કરી સુરત મંદિરમાં દરેક મૂર્તિના રૂા. ૧૦,૦૦૦ ના ઝડાવના મુગટ તથા કુંડળ કરાવેલા. રાધાવિહારીદેવની ઝડાવની વાંસળી કરાવેલી. તદુપરાંત તેઓશ્રીએ મંદિરમાં ટાઈલ્સ જડાવવાની સેવા અને વાસણો અંગેની અનેક સેવાઓ હરિભક્તો પાસે કરાવેલી. એવી રીતે વડતાલ મંદિરમાં પણ ઘણી સેવાઓ કરાવીને શ્રીહરિનો રાજીપો મેળવેલો છે.

સદ્. બ્ર. આત્માનંદજીના ગુરૂભાઈ બ્ર. શાંતિપ્રિયાનંદજી હતા. તેમણે બ્ર. આત્માનંદજીની ખૂબજ ભાવથી સેવા કરી તેઓના અંતરના આશિર્વાદ પ્રાપ્ત કરેલા. એ રીતે બ્ર. શાંતિપ્રિયાનંદજીના શિષ્ય બ્ર. હરિપ્રસાદાનંદજીએ પણ બ્ર. આત્માનંદજીની ખૂબજ સેવા કરીને તેઓનો રાજીપો મેળવેલો.

અનુક્રમણિકા

૧. મંગળાચરણના શ્લોક તથા કારીયાણીએ. ગોપાળાનંદ સ્વામી વડોદરાથી આવ્યા. ૦૧

૨. ગઢડામાં શ્રીજીએ સંતોની સભા કરી. ૦૨

૩. ગઢડામાં શ્રીજી અક્ષરઓરડીમાં વિરાજમાન હતા. ૦૪

૪. ગઢડાથી શ્રીજીએ વડતાલ જવા સંકલ્પ કર્યો. ૦૫

૫. ગઢડામાં લીમડા નીચે કૂતરે બગાડ્યું. ૦૬

૬. વડતાલથી શ્રીજી ગઢડે પધારતા હતા. ૦૭

૭. ખોપાળાના જેઠા માણીયા ગઢડે આવ્યા. ૦૮

૮. ગઢડામાં શ્રીજીને જીવાખાચરે બોલાવ્યા હતા. ૦૯

૯. શ્રીજી દાદાખાચરના દરબારમાંથી વાડીએ પધાર્યા. ૧૧

૧૦. શ્રીજીના દેહોત્સવ પછી શ્રીરઘુવીરજી આચાર્ય વડતાલ પધાર્યા ૧૩

૧૧. નરવરકોટમાં છ માસનાં છોકરાં બોલ્યાં. ૧૫

૧૨. શ્રીજીએ અક્ષરઓરડીને સમીપે ફરજામાં મંદવાડ ગ્રહણ કર્યો. ૧૮

૧૩. શ્રીજી સારંગપુર જઈ દાદાખાચરને ગઢડા મોકલ્યા. ૨૧

૧૪. અયોધ્યાના રહીશ સરવરીયા બ્રાહ્મણ મુક્તાનંદ સ્વામી. ૨૩

૧૫. ગઢડામાં શ્રીજી લીમડા નીચે સભા કરીને બેઠા હતા. ૩૨

૧૬. શ્રીજી અક્ષર ઓરડીમાં હતા ત્યાં સુરાખાચર આવ્યા. ૩૪

૧૭. લોયાથી સુરાખાચર ગઢડે આવ્યા. ૩૭

૧૮. બે સાધુ ભાદરાના રત્નાભક્તના ભાણેજની વાડીએ આવ્યા. ૩૮

૧૯. અયોધ્યામાં શ્રીનીલકંઠવર્ણીએ માતાપિતાને દિવ્ય ગતિ આપી. ૩૯

૨૦. જીવાખાચરે દાદાખાચરના દાણાનાં ખળાં અટકાવ્યાં. ૪૪

૨૧. વાળાક દેશના ઉમેજ ગામના લાખા પટેલ. ૪૬

૨૨. શ્રીજી દાદાખાચરના દરબારમાં લિંબડા નીચે બેઠા હતા. ૪૭

૨૩. વિશનગરમાં રૂપરામ ઠાકર રહેતા હતા. ૪૯

૨૪. શ્રીજી ગઢડાથી જેતલપુર પધાર્યા હતા. ૫૧

૨૫. ટોડલામાં મોતીરામભાઈને ઘેર ખુશાલભટ્ટનો જન્મ. ૫૬

૨૬. બદ્રીકાશ્રમના મુનીઓ સંન્યાસીનો વેષ ધારણ કરીને વડતાલ આવ્યા. ૫૮

૨૭. વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણનું ડેરૂં છે ત્યાં એક બોરડી હતી. ૬૧

૨૮. શ્રીજીએ બ્રહ્માનંદસ્વામીને જુનાગઢનું મંદિર કરવા મોકલ્યા. ૬૩

૨૯. આખાના નૃસિંહભાઈ દવે. ૬૮

૩૦. વડોદરાના નાથભક્ત તથા પ્રભુદાસ. ૭૦

૩૧. શ્રીજીની આજ્ઞાથી અદ્‌ભુતાનંદ સ્વામી ફરવા ગયા. ૭૬

૩૨. રેવા ગામના ગોવિંદરામ. ૭૮

૩૩. ચુડાના ભીમ પંડ્યા. ૭૮

૩૪. પીઠવાજાળના ખીમાભાઈ. ૭૯

૩૫. અમરેલીના યવન, આમદ તથા મકન. ૮૦

૩૬. સાતપડાના ભગાભાઈ ૮૦

૩૭. નાવડાના ઝીણાભાઈ સંઘવી. ૮૧

૩૮. પહવીગામના કુંભાર દેવજી તથા હરજી. ૮૧

૩૯. નાવડાના હીરાભાઈ શેઠ. ૮૨

૪૦. મેઘપુરમાં એક કાજી. ૮૨

૪૧. વસોના ચાર પાટીદાર. ૮૨

૪૨. ગઢડાથી શ્રીજી ઝીણાભાઈના બોલાવવાથી જુનાગઢ ગયા. ૮૩

૪૩. પીપલાણામાં શ્રીજી પધાર્યા. ૮૪

૪૪. જેતલપુરથી શ્રીજી અમદાવાદ ગયા. ૮૫

પક્ષ રાખવા વિષેની વાર્તાઓ

૪૫. ગુણાતીતાનંદ સ્વામી તથા કૃપાનંદ સ્વામી વડતાલ જતા હતા. ૮૬

૪૬. ધારઈના વાણીયા રાઘવજી તથા ધનજી. ૮૭

૪૭. ગઢડાથી શ્રીજી પંચાળે જતા હતા. ૮૭

૪૮. જેરામ બ્રહ્મચારી સુરતથી ગઢડા જતા હતા. ૮૮

૪૯. એક કેશરમીયાં સત્સંગી થયો હતો. ૮૯

૫૦. એક વખત મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી જેતલપુર જતા હતા. ૮૯

૫૧. ગુંદાળીના મામૈયોને મેરામણ. ૯૦

૫૨. બોટાદના નૃસિંહભાઈ જોશી. ૯૧

૫૩. રેફડીના વરજાંગ-કાઠી. ૯૨

૫૪. પાલીતાણા પાસે બોરડાના રાઠોડ ભક્ત. ૯૨

૫૫. બુરાનપુરના ભુજકટીયા. ૯૩

૫૬. શ્રીજીએ ગઢડાથી મુક્તાનંદ સ્વામીને ભણવા જેતલપુર મોકલ્યા. ૯૬

૫૭. શ્રીનારાયણમુની શુકાનંદ સ્વામીને ચાંદ્રાયણ વ્રતનો વિધિ કહે છે. ૯૭

૫૮. ગઢડામાં શ્રીજી લીમડા નીચે સભા કરીને બેઠા. ૯૯

૫૯. ગઢડામાં વૃદ્ધ બ્રાહ્મણ અક્ષરઓરડીએ આવ્યા. ૧૦૪

૬૦. ગઢડામાં શ્રીજી રાત્રિએ અક્ષરઓરડીમાં પોઢ્યા હતા. ૧૦૪

૬૧. સરધારના કરીમભાઈ હસન અને નાથાને લઈને આવ્યા. ૧૦૫

૬૨. એક સમયે બે સંત ભાદરા ગયા. ૧૦૫

૬૩. અમદાવાદના ડોસાભાઈ તાઈ સત્સંગી થયા. ૧૦૬

૬૪. સરધારમાં રામાનંદ સ્વામીનાં સેવક અગરબા ૧૦૭

શ્રીજીમહારાજને પ્રસન્ન કરી મેળવેલી પ્રસન્નતાની વાતો

૬૫. ગઢડામાં શ્રીજીએ શુકાનંદ સ્વામીને પુસ્તક લખવા આપ્યું હતું. ૧૦૯

૬૬. પીઠવડીના ભગા તથા મુળા. ૧૦૯

૬૭. ગઢડામાં શ્રીજી ખીજડીએ આરે સ્નાન કરવા ગયા..... ૧૧૦
૬૮. ગુજરાતના હરિભક્તો પાકી કેરીનાં ગાડાં લઈને ગઢડે ગયા..... ૧૧૦
૬૯. ગઢડામાં શ્રીજી બાજરાના ડુંડાં ભંગાવતા હતા. ૧૧૧

શ્રીજીમહારાજની સેવા તથા વસ્તુ આપવાથી પ્રસન્નતાની વાતો

૭૦. બરવાળામાં શ્રીજીનું મંદિર લિંપાવવું હતું. ૧૧૩
૭૧. ગઢડાથી શ્રીજી વડતાલ જતાં સોઢી ગામ આવ્યું. ૧૧૩
૭૨. ગઢડામાં શ્રીજી માંદા થયા ત્યારે કોળીને છોકરે શ્રીજીને
રાજગરાં ચીભડાં આપ્યાં. ૧૧૪
૭૩. સારંગપુરના જીવા ખાચરનાં દીકરી અમરબા. ૧૧૫
૭૪. વડતાલથી શ્રીજી જોળ જતા હતા. ૧૧૫
૭૫. આખોલના મનોર ભક્ત હતા. ૧૧૫
૭૬. ગઢડામાં શ્રીજીમહારાજ ગોપીનાથજીનું મંદિર કરાવતા હતા. ૧૧૬
૭૭. ગઢડામાં ઈચ્છારામભાઈ માંદા થયા હતા. ૧૧૬
૭૮. શ્રીજીમહારાજ ભુજ પધારે છે. ૧૧૭
૭૯. કંથકોટમાં લુવાણા તેજા ભક્ત. ૧૧૮
૮૦. શ્રીજી ગઢડાથી વાંઢીયા ગામ પધારતા હતા. ૧૧૮
૮૧. કચ્છ દેશના રહીશ ખેતો અને ભીમો. ૧૨૨
૮૨. ગઢડામાં શ્રીજીએ દેહોત્સવ કર્યો. ૧૨૨
૮૩. નેનપરમાં દેવજીભાઈ ભક્ત હતા. ૧૨૬
૮૪. ગઢડામાં શ્રીજીમહારાજ સભામાં ઊંઘનાર ઉપર બેરખો નાખતા.... ૧૨૮
૮૫. ગઢડાથી શ્રીજીની આજ્ઞાથી બ્રહ્માનંદ સ્વામી ફરવા ગયા હતા. ૧૨૯
૮૬. ઉન્મત્ત ગંગાની ઉત્પત્તિ. ૧૩૩
૮૭. ભરૂચના શેઠ દયાળજીભાઈ. ૧૪૦
૮૮. આણંદના મુળજીભાઈ બ્રાહ્મણ હતા. ૧૪૧
૮૯. ગઢપુરમાં શ્રીજીમહારાજ. ૧૪૧

શ્રી સ્વામિનારાયણના નામની ધુન્યથી કાળા નાગનું ઝેર ઉતરવાની વાતો

૯૦. દહીસરાના કેશરભાઈ. ૧૪૨
૯૧. ગઢાળીના હરિભાઈ. ૧૪૨
૯૨. ખરડના ગોવિંદજીભાઈ. ૧૪૨
૯૩. વ્યારાના પીતાંબર ત્રવાડી. ૧૪૩

શ્રીજીમહારાજના નિશ્ચયની વાતો

૯૪. મુળધરાઈના કાનજીભગત. ૧૪૪
૯૫. ચમારડીના દેવાભાઈ. ૧૪૫
૯૬. ગઢડામાં શ્રીજીએ પ્રકરણ ચલાવ્યું હતું. ૧૪૬
૯૭. ઝીંઝોડાના ઉગાચાંદુ શ્રીજીના ભક્ત હતા. ૧૪૮
૯૮. ગઢડામાં શ્રીજી લીમડા નીચે સભા કરીને બેઠા હતા. ૧૪૯
૯૯. કુંડલાના કરશનજીભાઈ. ૧૫૧
૧૦૦. સમઢીયાળાના વીરા ભક્ત સત્સંગી હતા. ૧૫૩
૧૦૧. વાંકીયાના અરજણ ભક્ત. ૧૫૩

શ્રીજીમહારાજે હરિભક્તોની ધીરજતા જોઈ તે વાર્તાઓ

૧૦૨. દદુકાના ગોડજીભાઈ. ૧૫૫
૧૦૩. માંગરોળના આણંદજીભાઈ. ૧૫૬
૧૦૪. સુપેડીના ડાહ્યાભાઈ. ૧૫૯
૧૦૫. રતનપરના જસમતભાઈ. ૧૬૨
૧૦૬. ગઢડાનાં જીવુબા. ૧૬૩

શ્રીજીમહારાજના અપરાધની વાર્તાઓ

૧૦૭. આણંદના બે બ્રાહ્મણો. ૧૬૬
૧૦૮. વડતાલથી શ્રીજીમહારાજ ગઢડા પધારતા હતા. ૧૬૭

૧૦૯. ગઢડાના જીવા ખાચર તથા મુળુખાચર. ૧૬૮
૧૧૦. લીંબડીમાં શ્રીજી મહારાજ ગયા. ૧૭૦
૧૧૧. ગઢડાના દાદા ખાચર પાસે બુઢો ધાધલ ચાકર હતો. ૧૭૧
૧૧૨. ગઢડામાં શ્રીજીમહારાજ ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા જતા હતા. .. ૧૭૨
૧૧૩. ભદામના ગોવિંદભાઈ. ૧૭૪

શ્રીજીમહારાજ માટે લોભ કર્યો તે વિષેની વાર્તાઓ

૧૧૪. બામણગામના નારૂજીભાઈ હતા. ૧૭૫
૧૧૫. શ્રીજીમહારાજ કચ્છ દેશમાં ગયા. ૧૭૬
૧૧૬. ગઢડામાં શ્રીજીમહારાજ ગોપીનાથજીનું મંદિર કરતા હતા. ૧૭૮
૧૧૭. શ્રીજીમહારાજનો ગઢડાથી વડતાલ જવાનો વિચાર. ૧૭૯
૧૧૮. ગાધકડાના નાગજીભાઈ. ૧૮૧
૧૧૯. વેળાવદરના રૂડાભાઈ. ૧૮૩
૧૨૦. માંગરોળમાં રામાનંદ સ્વામી. ૧૮૪
૧૨૧. બાર પટોળીના કાળુભાઈ. ૧૮૫
૧૨૨. નાગનેશના દાદોડ્યો. ૧૮૭
૧૨૩. ગોંડળના જાદવજીભાઈ. ૧૯૦

શ્રીજીમહારાજના નિયમ પાળવા વિષેની વાતો

૧૨૪. ભેંસજાળના કરણુભા ૧૯૪
૧૨૫. ખોખનેશનાં પાર્વતીબા હતાં. ૧૯૬
૧૨૬. વાંકીયામાં રાજબાઈ શ્રીજીનાં એકાંતિક ભક્ત હતાં. ૧૯૭
૧૨૭. ગઢડાના એભલ ખાચરનાં મોટાં પુત્રી જીવુબા. ૧૯૯
૧૨૮. સાવરકુંડલાના આલા ખુમાણ. ૨૦૧
૧૨૯. બાબાપર વાંકીયાના મોકા ખાચર શ્રીજીના ભક્તરાજ હતા. ૨૦૨
૧૩૦. કારીયાણીના દાદા ખાચર શ્રીજીના એકાંતિક ભક્ત હતા. ૨૦૪

૧૩૧. ચુના છાપરીના રાવતમૈત્રો શ્રીજીના ભક્તરાજ હતા. ૨૦૫
૧૩૨. રાણપરના વ્યાસ સંઘવી બ્રાહ્મણ શ્રીજીના ઉપાસક હતા. ૨૦૬
૧૩૩. ગઢાળીના આંબાશેઠ શ્રીજીના એકાંતિક ભક્તરાજ હતા. ૨૦૭
૧૩૪. વડતાલના જોબનપગીને ડભાણમાં સત્સંગ શ્રીજીના ચમત્કારથી થયો હતો. ૨૦૯
૧૩૫. એક ગામમાં સાધુ ફરવા ગયા હતા. ૨૧૦

શ્રીજીમહારાજના હરિભક્તોની સ્ત્રી સત્સંગી ન હોય તેને દુઃખ થાય તે વાતો

૧૩૬. હળીયાદના માવજીભાઈ શ્રીજીના એકાંતિક ભક્ત હતા. ૨૧૧
૧૩૭. ખોપાળાના જેઠા ભક્ત. ૨૧૩
૧૩૮. સરવઈ પાટીના ગોપાળભાઈ. ૨૧૫
૧૩૯. કંથારીયાના જીવાભાઈ. ૨૧૬
૧૪૦. સેડુભારના સવદાસભાઈ. ૨૧૮
૧૪૧. દાડમાના નથુરામભાઈ. ૨૧૯
૧૪૨. મેંકડાના ઠારણભાઈ. ૨૨૧
૧૪૩. દીયોરના મુળજીભાઈ. ૨૨૨
૧૪૪. ગઢડાથી શ્રીજીની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી ફરવા ગયા. ૨૨૩
૧૪૫. ઉમરાળીના રાજાભાઈ. ૨૨૪

શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો તે વાર્તાઓ

૧૪૬. ગઢડામાં શ્રીજીએ મંદવાડ ગ્રહણ કર્યો. ૨૨૮
૧૪૭. ગઢડામાં બ્રહ્માનંદ સ્વામી ગ્રંથ લખતા હતા. ૨૨૯
૧૪૮. ગઢડામાં શ્રીજી ગોપીનાથજીનું મંદિર કરતા હતા. ૨૩૨
૧૪૯. ગઢડામાં શ્રીજી અક્ષર ઓરડીમાં બેઠા હતા. ૨૩૪
૧૫૦. ગઢડાથી શ્રીજી કારીયાણી ગયા. ૨૩૫
૧૫૧. મછીયાવનાં ફઈબા. ૨૩૬

૧૫૨. મહેમદાવાદના બેચરભાઈ તથા દુર્લભભાઈ. ૨૩૮
૧૫૩. ડભાણમાં શ્રીજીએ યજ્ઞ કર્યો. ૨૪૦
૧૫૪. લોજમાં શ્રીનીલકંઠ બ્રહ્મચારી પધાર્યા. ૨૪૧
૧૫૫. ગઢડામાં શ્રીજીએ સાંજે સભા કરી. ૨૪૩

પુછ્યા સિવાય વસ્તુ લીધેલી તે વાર્તાઓ

૧૫૬. હાટીના માળીયાના મુળજીભાઈ. ૨૪૫
૧૫૭. ગઢડાથી શ્રીજી વડતાલ જતા હતા. ૨૪૭
૧૫૮. ગઢડામાં દાદાના દરબારમાં રહેતાં બાઈ. ૨૪૮

શ્રી રણછોડજી આદિક દેવના કહ્યાથી સત્સંગી થયા

૧૫૯. દાવોલના જેઠાભાઈ. ૨૫૧
૧૬૦. મુઝપુરના સંઘાભાઈ પટેલ. ૨૫૧
૧૬૧. તુરખાની એક બાઈ. ૨૫૩
૧૬૨. ઘોડાસરના જાલમસિંહ રાજાનાં માતુશ્રી. ૨૫૪
૧૬૩. નાંદોલના ધનેશ્વરભાઈ. ૨૫૪
૧૬૪. પાણવીના પુંજાભાઈ. ૨૫૫
૧૬૫. ગઢડામાં શ્રીજી પાસે જીવા ખાચરને રતો બસીયો આવ્યા ૨૫૬

શ્રીજીમહારાજની કંઠી ધારણ કરવાના મહિમાની વાતો

૧૬૬. સારીંગપુરના હરિભક્ત. ૨૫૮
૧૬૭. ઝીંઝાવદરના ઘનશ્યામદાસ. ૨૫૮
૧૬૮. ઉમરેઠના અધિકારી સત્સંગી. ૨૫૯
૧૬૯. એક પટેલે કંઠી પહેરી તથા ચુડેલ જતી રહી. ૨૫૯
૧૭૦. કાવા ગામમાં પરચાથી સત્સંગ થયો. ૨૬૦
૧૭૧. ગઢડાના જીવા ખાચરે બે હજાર માણસો ભેગા કર્યા. ૨૬૧

૧૭૨. લોયામાં શ્રીજીના મોટાભાઈ તથા નાનાભાઈ આવ્યા. ૨૬૩
૧૭૩. પંચાળાના ઝીણાભાઈ. ૨૬૪
૧૭૪. ગઢડા શ્રીજી પંચાળેથી પધાર્યા. ૨૬૬
૧૭૫. વડતાલમાં શ્રીજી સભા કરીને બેઠા હતા. ૨૬૭
૧૭૬. ખોલડીયાદ શ્રીજી પધાર્યા. ૨૬૭
૧૭૭. વાંકાનેરના બ્રાહ્મણ જાંબુડાં લાવ્યા. ૨૬૮
૧૭૮. સીહોરના જેઠાભાઈ જાંબુડાં લાવ્યા. ૨૬૯
૧૭૯. ગઢડામાં શ્રીજીએ એકસો આઠ પ્રકરણ ફેરવ્યા હતાં. ૨૭૦
૧૮૦. વાંઠવાળીમાં શ્રીજી પધાર્યા હતા. ૨૭૧
૧૮૧. ગઢડામાં શ્રીજી અક્ષર ઓરડીમાં બેઠા હતા. ૨૭૨
૧૮૨. આખાના શ્રીજીના ભક્ત કાનજીભાઈ. ૨૭૩
૧૮૩. પીપલાણામાં શ્રીજી વર્ણી વેષે આવ્યા હતા. ૨૭૪
૧૮૪. માણસાના નૃસિંહભાઈ. ૨૭૬

કોઈની વસ્તુ ચોરીને ન લેવી તે વાર્તાઓ

૧૮૫. લોયાના ઘેલાભાઈ. ૨૭૯
૧૮૬. લંગાળાના માંડણભક્ત. ૨૭૯
૧૮૭. કુંડલાના આલા ખુમાણ. ૨૮૦
૧૮૮. પીપળીના કાનાભાઈ. ૨૮૦

શ્રીજીમહારાજે જેનો ભાવ હોય છે તેનું જમે છે તે વાર્તાઓ

૧૮૯. વડતાલના કાશીરામભાઈ. ૨૮૨
૧૯૦. વડોદરાના નાગરબ્રાહ્મણો. ૨૮૨
૧૯૧. આહલપર-રંગપરના શેઠ જગજીવનભાઈ. ૨૮૩
૧૯૨. દીવબંદરનો વાણીયો. ૨૮૪
૧૯૩. ધમડકાના રાયધણજી. ૨૮૫

૧૯૪. વડતાલથી શ્રીજીમહારાજ ધોલેરે પુંજાભાઈને ત્યાં ગયા. ૨૮૬

૧૯૫. ગાંફના વસ્તારાવળ. ૨૮૬

૧૯૬. અવતારી શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી પધાર્યા. ૨૮૭

૧૯૭. અગત્રાઈના પર્વતભાઈ. ૨૮૮

૧૯૮. ગઢડામાં બ્રહ્માનંદ સ્વામી શ્રીજી સમક્ષ મુળજી બ્રહ્મચારીને કહે જે . ૨૯૦

૧૯૯. ગાધકડાના દરજી ગોવિંદભાઈ. ૨૯૨

૨૦૦. ઘાંડલાનાં મુળીબાઈ. ૨૯૩

૨૦૧. ભેંસજાળના કાયાભાઈ. ૨૯૩

૨૦૨. ગઢડામાં શ્રીજી રાધાવાડીએ પધાર્યા. ૨૯૩

૨૦૩. ગઢડામાં શ્રીજીએ પ્રકરણ કાઢેલું કે રાત્રિના બાર વાગ્યા
પછી ઊંઘવું. ૨૯૪

૨૦૪. વડતાલમાં નિત્યાનંદ સ્વામીને બ્રાહ્મણે પૂછ્યું. ૨૯૫

૨૦૫. પીઠવડીના રામજીભાઈ. ૨૯૫

૨૦૬. અમદાવાદથી શ્રીજીના મોટાભાઈ મુળી જતા હતા. ૨૯૬

૨૦૭. સારંગપુરના જીવા ખાચરના દીકરા વાઘાખાચર. ૨૯૬

૨૦૮. વડોદરાના વાણીયા વ્રજલાલભાઈ. ૨૯૭

૨૦૯. જામનગરમાં ગુણાતીતાનંદ સ્વામી ગયા. ૨૯૮

૨૧૦. ગોખરવાળે ગુણાતીતાનંદ સ્વામી ગયા. ૨૯૯

૨૧૧. પીઠવાજાળના કરશનભાઈ. ૩૦૦

૨૧૨. એક ગામમાં સોની કરશનભાઈ. ૩૦૦

૨૧૩. પીપળાણામાં નૃસિંહ મહેતા. ૩૦૧

૨૧૪. ઝીંઝોડાના કાઠી હાથીયા માંજરીયા. ૩૦૨

૨૧૫. સમઢીયાળાના વીરા સેલડીયા. ૩૦૩

૨૧૬. ધોરાજીમાં ભાયાત્માનંદ સ્વામી. ૩૦૩

૨૧૭. સકરપરમાં મુક્તાનંદ સ્વામી. ૩૦૪

૨૧૮. વેળાવદરના વિપ્ર દેવજીભાઈ. ૩૦૪
૨૧૯. આંબાના દેવસીભાઈ. ૩૦૫
૨૨૦. ખંભાતમાં શ્રીજીની આજ્ઞાથી સંત ફરવા ગયા. ૩૦૫
૨૨૧. હાથસણીના કાનાભાઈ. ૩૦૬
૨૨૨. ગોપગામના માળીએ વાડી ઈજારે રાખી હતી. ૩૦૬
૨૨૩. મુઝાવદરમાં શ્રીજીની આજ્ઞાથી સંતો ફરવા ગયા હતા. ૩૦૭
૨૨૪. ગઢડાથી શ્રીજીની આજ્ઞાથી સંતો ફરવા ગયા હતા. ૩૦૭
૨૨૫. મહુડીયાપરાના સુલુકભક્ત. ૩૦૮
૨૨૬. વડતાલના જોબનપગી તથા સુંદરપગી. ૩૦૯
૨૨૭. જોળના કૃષ્ણદાસભાઈ. ૩૧૦
૨૨૮. બોટાદના ભગાભાઈ દોશી. ૩૧૧
૨૨૯. ગઢડામાં શ્રીજીએ પુલદોળનો ઉત્સવ કર્યો. ૩૧૩
૨૩૦. ખંભાતના હરગોવિંદભાઈ. ૩૧૫
૨૩૧. વડોદરાના નારાયણભાઉ દક્ષિણી બ્રાહ્મણ. ૩૧૬
૨૩૨. શ્રીજીમહારાજનાં બે સ્વરૂપનો તથા અનેક સ્વરૂપનો નિર્ણય. ૩૧૭
૨૩૩. ગઢડાથી શ્રીજીની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી અમદાવાદ ગયા. ૩૧૯
૨૩૪. ગઢડાથી શ્રીજીની આજ્ઞાથી અખંડાનંદ સ્વામી ફરવા ગયા. ૩૨૦
૨૩૫. ગઢડાથી શ્રીજીની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી દેશાંતરમાં ફરવા ગયા. ૩૨૦
૨૩૬. ગઢડાથી શ્રીજીની આજ્ઞાથી વિજ્ઞાનાનંદ સ્વામી ફરવા ગયા. ૩૨૧
૨૩૭. વડોદરામાં શ્રીજી વનમાંથી પ્રથમ આવતા હવા. ૩૨૨
૨૩૮. કલ્યાણીનાં લક્ષ્મીબાઈ. ૩૨૩
૨૩૯. લાઠીદડના ડાહ્યાભાઈ. ૩૨૪
૨૪૦. લોજમાં શ્રીરામાનંદસ્વામી. ૩૨૫
૨૪૧. ભેંસજાળના ત્રવાડી મોતીરામભાઈ બ્રાહ્મણ. ૩૨૬

૨૪૨. અયોધ્યાથી વર્ણીવેષ શ્રીનીલકંઠ બ્રહ્મચારી. ૩૨૭
૨૪૩. લોજમાં શ્રીનીલકંઠવર્ણી ધ્યાન કરતા હતા. ૩૨૯
૨૪૪. લોજમાં શ્રીનીલકંઠ બ્રહ્મચારી મુક્તાનંદ સ્વામીના કહેવાથી. ૩૩૨
૨૪૫. ગઢડામાં શ્રીજી મહારાજની આજ્ઞાથી શુકમુનિ તથા બ્રહ્મમુનિ. ૩૩૪
૨૪૬. ગઢડાથી શ્રીજીની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી. ૩૩૫

શ્રીલોયાના ત્રીજા વચનામૃતના હરિભક્તોની વાર્તાઓ.

૨૪૭. ડડુસરવાળા રજપુત ગલુજીભાઈ. ૩૩૭
૨૪૮. ધર્મપુરવાળાં કુશળકુવરબાઈ. ૩૩૮
૨૪૯. ગઢડાના એભલખાચરનાં દીકરી લાડુબા. ૩૪૦
૨૫૦. જેતપુરમાં મોટાં રામબાઈ બ્રાહ્મણ હતા. ૩૪૧
૨૫૧. ગઢડાના દાદા ખાચર દાસભાવે વર્તતા હતા. ૩૪૨
૨૫૨. કારીયાણીના માંચા ખાચર અનન્ય ભક્ત થયા હતા. ૩૪૩
૨૫૩. મછીયાવના મુળજી બ્રહ્મચારી ઔદીચ બ્રાહ્મણ હતા. ૩૪૫
૨૫૪. ભુજનાં લાધીબાઈ ઘણાં ધર્મવાળાં હતાં. ૩૪૬
૨૫૫. માતાજી (ઝમકુબાઈ). ૩૪૬
૨૫૬. સદ્‌ગુરૂ મુક્તાનંદ સ્વામી. ૩૪૮
૨૫૭. અગત્રાઈના પર્વતભાઈ. ૩૫૦
૨૫૮. ગઢડાનાં રાજબાઈ. ૩૫૧
૨૫૯. ગઢડાનાં જીવુબાઈ. ૩૫૨
૨૬૦. બાંભણીયાના આહીર પટેલ સામત. ૩૫૩
૨૬૧. માનકુવાના મુળજી તથા કૃષ્ણજી ૩૫૪
૨૬૨. ગુંદાળીના મામૈયો તથા મેરામણ. ૩૫૬
૨૬૩. ભુજના સુંદરજીભાઈ સુતાર. ૩૫૭
૨૬૪. સરધારના વાણીયા ડોસાભાઈ. ૩૫૯

૨૬૫. ગોળીડાના રાણા રાજગર. ૩૫૯
૨૬૬. કઠલાલનાં રામબાઈ. ૩૬૦
૨૬૭. વડોદરાના નાથભક્ત. ૩૬૧
૨૬૮. ડભાણના વિષ્ણુદાસભાઈ. ૩૬૨
૨૬૯. સુંદરીયાણાના હીમરાજ શાહ. ૩૬૩
૨૭૦. બોચાસણના કાશીદાસભાઈ. ૩૬૪
૨૭૧. સુરતના શેઠ ભાઈચંદભાઈ. ૩૬૬
૨૭૨. અમદાવાદના દામોદરભાઈ. ૩૬૭
૨૭૩. દક્ષિણના ગોપાળ બ્રહ્મચારી ગોપનાથ આવ્યા. ૩૬૮
૨૭૪. દાદા ખાચરના દરબારમાં સોમાબાઈના ઓરડાની ઓસરીયે
શ્રીજીમહારાજ વીરાજ્યા હતા. ૩૭૬
૨૭૫. શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં થાળ જમવા બેઠા હતા.. ૩૭૯
૨૭૬. શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં મોટીબાને ઓરડે
સભા કરીને બેઠા હતા. ૩૮૦
૨૭૭. ઉમરેઠના હરિભક્તો સંઘ ગઢડે શ્રીજીમહારાજનાં
દર્શને આવ્યો હતો. ૩૮૧
૨૭૮. શ્રીજીમહારાજે અક્ષરઓરડીએ મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. ૩૮૫
૨૭૯. શ્રીજીમહારાજ જીવા ખાચરને ત્યાં સાધુની ઓરડીમાં પોઢ્યા હતા. ૩૮૬
૨૮૦. શ્રીજીમહારાજ ઉતરાદાબારને ઓરડે વિરાજમાન હતા. ૩૮૭
૨૮૧. શ્રીજીમહારાજ અક્ષરઓરડીએ વિરાજમાન હતા. ૩૯૦
૨૮૨. શ્રીજીમહારાજ ઉગમણાબારને ઓરડે વિરાજમાન હતા. ૩૯૪
૨૮૩. શ્રીજીમહારાજ અક્ષરઓરડીએથી ગંગાજળીયે કૂવે
નાવા પધાર્યા હતા. ૩૯૫
૨૮૪. સિદ્ધાનંદ સ્વામી શ્રીજીમહારાજનું ધ્યાન કરતા હતા. ૩૯૭

૨૮૫. શ્રીજીમહારાજ નિયમની એકાદશીએ ઉગમણા બારની ઓરડાની ઓસરીએ બેઠા હતા. ૩૯૮
૨૮૬. શ્રીજીમહારાજે સર્વ સાધુ પાળાને અક્ષરઓરડીએ બોલાવ્યા. ૪૦૦
૨૮૭. શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામી આદિક સાધુ સાથે રાધા બાગે ગયા. ૪૦૧
૨૮૮. ગઢડામાં શ્રીજીમહારાજ અક્ષર મંદિરમાં બીરાજ્યા હતા. ૪૦૩
૨૮૯. એક સમયે શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં લીમડા નીચે સભા કરીને બેઠા હતા. ૪૦૫
૨૯૦. ગઢડામાં અદ્‌ભૂતાનંદ સ્વામીને તાવ આવ્યો તેથી લક્ષ્મીવાડીએ રહેતા હતા. ૪૦૫
૨૯૧. એક વખત શ્રીજીમહારાજ અક્ષર ભુવનમાં ઢોલીયા ઉપર બીરાજમાન હતા. ૪૦૭
૨૯૨. શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં પોઢ્યા હતા. ૪૦૮

અથ વાંસળી તથા ગેડીનો પુરાતન ઈતિહાસ

૨૯૩. દ્વારિકામાં નારદમુનિ વિણા વગાડતા આવ્યા. ૪૧૦
૨૯૪. ગયાજીમાં શ્રીરામચંદ્રજી તથા સીતાજી આવ્યા. ૪૧૩
૨૯૫. એક ગામનાં બેનભાઈએ માબાપે ચોરી લાવેલું અન્ન ખાધું નહિ. .. ૪૧૪
૨૯૬. સર્ગની ઉત્પત્તિ વિષે. ૪૧૬
૨૯૭. મિથીલાપુરીમાં જનક રાજા રાજ્ય કરતા હતા. ૪૧૬
૨૯૮. અયોધ્યાથી દશરથ રાજાની આજ્ઞાથી રામચંદ્રજી વનમાં ગયા. ૪૧૭
૨૯૯. નવ યોગેશ્વર જનક રાજાના રાજ્યમાં આવ્યા. ૪૧૮
૩૦૦. વ્યાસના પુત્ર શુકદેવજી જનક રાજાની પુરીમાં આવ્યા. ૪૧૮
૩૦૧. ભોજ રાજા પોતાના નગરની ચર્ચા જોવા નીકળ્યો હતો. ૪૨૦
૩૦૨. એક ગામમાં પતિવ્રતા બે બેનો હતી. ૪૨૦

૩૦૩. એક ગામમાં પટેલે પોતાના ખેતરમાં કૂવો ખોદાવ્યો. ૪૨૧
૩૦૪. એક ગામમાં બ્રાહ્મણને પોતાની કન્યા પરણાવી હતી. ૪૨૨
૩૦૫. એક શહેરમાં સુદ્યુમ્ન રાજા રાજ્ય કરતો હતો. ૪૨૩
૩૦૬. દ્વારિકામાં ચિતારાને શ્રીકૃષ્ણ ભગવાન કહેતા હતા. ૪૨૪
૩૦૭. એક શહેરમાં રાજા રાજ્ય કરતો હતો. ૪૨૫
૩૦૮. એક રાજા ગાળ્યા વિનાનું પાણી પીતો હતો. ૪૨૬
૩૦૯. એક ગામમાં બે વાણિયા મિત્ર હતા. ૪૨૭
૩૧૦. પાંચ પાંડવોએ દ્રૌપદી સહિત દ્વારિકા જવાનો સંકલ્પ કર્યો. ૪૨૮
૩૧૧. બ્રાહ્મણનો છોકરો માબાપના કહેવાથી કાશી ભણવા ગયો. ૪૩૦
૩૧૨. એક બ્રાહ્મણ સર્વ શાસ્ત્ર તથા જ્યોતિષ ભણેલો હતો. ૪૩૬
૩૧૩. એક બ્રાહ્મણનો છોકરો માતા-પિતાના કહેવાથી
કાશીએ ભણવા ગયો. ૪૪૦
૩૧૪. એક વખત વૈકુંઠમાં ભગવાનને અને લક્ષ્મીજીને સંવાદ થયો. ૪૪૩
૩૧૫. આ જગતમાં જન્મ પામેલા માણસો સુખની ઈચ્છા રાખે છે. ..... .૪૪૬



ॐ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સહજાનંદસ્વામી ચરિત્ર

●●●

મંગળાચરણ

યો દિવ્યાક્ષર ધામ્નિ તિષ્ઠતિ સદા માયાપરે શર્મદે
કાસ્ગ્યાંબુનિધિં નમામિ તમહં ધાર્મિં ચ ધર્મપ્રિયમ્ ॥
ધર્મારિક્ષયકારણં ચ સહજાનંદં હરિંધર્મજં
ધ્યાયેશ્રીહરિકૃષ્ણસ્વામિનમહં સર્વોપરિં શ્રીહરિમ્ ॥૧॥
પૂરે વૃત્તાલયે રમ્યે દક્ષિણદિશિ મંદિરે ॥
સ્થિતોઽસ્તિ સર્વદા યસ્તં શ્રીહરિં પ્રણમામ્યહમ્ ॥૨॥
વૃત્તાલયવિહારિં ચ સહજાનંદસ્વામિનમ્ ॥
વંદે તં શ્રીહરિકૃષ્ણં નીલકંઠાભિધં તથા ॥૩॥
નિજાશ્રિતાર્તિહન્તા ચ મનસેપ્સિતશંપ્રદઃ ॥
અવનં ધર્મભક્તેર્નઃ કરોતુ મંગલં હરિઃ ॥૪॥

ખંભાતમાં શ્રી સ્વામિનારાયણ મંદિરને વિષે એક મોટી સભા થઈ અને તે સભામાં બ્રહ્મનિષ્ઠ મહાન્ સંત સદ્‌ગુરુ બ્ર. મહારાજ શ્રી માયાતિતાનંદ સ્વામી વિરાજમાન હતા. તે સમયે સદ્‌ગુરુ વિદ્વદ્‌વર્ય સ્વામી શ્રી આત્માનંદજી તથા સદ્‌ગુરુ પુરાણી બ્ર. શાંતિપ્રિયાનંદજી તથા ખંભાતના પરમ એકાંતિક સત્સંગીઓ જેવા કે બેચરભાઈ, શેઠ નારણભાઈ તથા મોતીલાલભાઈ વગેરે સભામાં બેઠા હતા.

તે સમયે સદ્‌ગુરુ બ્ર. શાસ્ત્રી આત્માનંદજીએ સદ્‌ગુરુ બ્ર. માયાતિતાનંદ સ્વામીને એક પ્રશ્ન પૂછ્યો કે, "સદ્‌ગુરુ બ્રહ્મનિષ્ઠ શ્રી ગોપાળાનંદ સ્વામી કારિયાણી ગામને વિષે વડોદરાથી આવ્યા ત્યારે શ્રીજીમહારાજે અક્ષર ઓરડીમાં એકાંતમાં બેસાડી છ હેતુની વાતો પૂછી તે કેવી રીતે પૂછી હતી અને છ હેતુ એટલે શું ?

તે આપ અમને સમજાવો. ત્યારે સ્વામી હસતા હસતા સભામાં બેઠેલા દરેક સત્સંગી પ્રત્યે કહેવા લાગ્યા.

ગામ કારિયાણીએ ગોપાળાનંદ સ્વામી વડોદરાથી શ્રીજીમહારાજનાં દર્શને આવ્યા. તેથી શ્રીજી બહુ જ પ્રસન્ન થયા ને સામા જઈને ઘણી વાર સુધી મળ્યા પછી અક્ષર ઓરડીએ આવ્યા ને ઓરડીમાં ધાબળી નંખાવીને ગોપાળાનંદ સ્વામીને બેસાડ્યા ને જે જે સમાચાર પૂછવા હતા તે પૂછ્યા. પછી શ્રીજીએ સ્વામીને કહ્યું "હે સ્વામી, અક્ષરધામમાંથી આપણા બેનું શા કારણથી આ લોકમાં આવવાનું થયું છે તે કહો." ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે તમો કહો. તે સમે શ્રીજીમહારાજે કહ્યું જે,–

(૧) આ લોકમાં મારી સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવી.

(૨) અવતારના જે જે ભક્તો છે તેને અવતારીપણાનો મારો નિશ્ચય કરાવીને ઠેઠ અક્ષરધામમાં પહોંચાડવા.

(૩) ભક્તિધર્મને સુખ આપવું.

(૪) એકાંતિક ધર્મ પ્રવર્તાવવો.

(૫) નવા મુમુક્ષુઓ કરવા.

(૬) પૂર્વના સંસ્કારી યોગીઓ ઘણા કાળથી તપ કરે છે તેની પાસે જવું ને તેને દર્શન દઈને તપનું ફળ એ રૂપી અક્ષરધામ આપવું.

આ છ સિદ્ધાંતો માટે આવ્યા છીએ. તે સાંભળીને સ્વામીએ કહ્યું જે હા મહારાજ, આપશ્રીએ કહ્યું તે માટે જ આ લોકમાં આવવાનું થયું છે. ॥૧॥

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજ સંતોની સભા કરીને વિરાજમાન હતા. તે સમે સંતો પ્રત્યે એક વાત કરી જે 'હે સંતો, અક્ષરમાં ભગવાન છે એ જ મારા જીવમાં ભગવાન અખંડ વિરાજમાન છે. એમ હૈયામાં કે બહાર મૂર્તિ ધારીને ભજન કર્યા કરે ને તેમાં વૃત્તિ ઠરે તો ભગવાન તેને દર્શન દે. ॥૧॥ વળી શ્રીજીમહારજે એમ વાત કરી જે હે પરમહંસો, અજીત એવા જે ભગવાન તેને ભક્તિએ કરીને જીતવા શીખવું. ॥૨॥ ને અચળ એવા ભગવાન તેને જ્ઞાને કરીને ઓળખવા શીખવું. ॥૩॥ ને નિસ્પૃહી એવા જે ભગવાન તેમને સેવાએ કરીને પ્રસન્ન કરવા શીખવું. ॥૪॥ ને અવર્ણનીય એવા જે ભગવાન તેમને શુદ્ધ થઈને વર્ણીય થાવું કેતાં વરવા યોગ્ય થવા શીખવું. ॥૫॥ ને આત્મારામને પૂર્ણકામ

એવા જે ભગવાન તેમનું દાસપણું કરીને પ્રસન્ન થઈને તેડવા આવે એવી ભક્તિ શીખવી. ॥૬॥

વળી સોજા એવા જે ભગવાન તેની રીત જે કોઈ ધૂળ નાખે તેને શાપ દેવો નહિ એવી રીત જોઈને આપણે પણ કોઈક ગાળ દે અથવા તો માર મારે તોપણ તેનું ભૂંડું થાય એવો સંકલ્પ ન કરવો. ॥૭॥ અને અનંતકોટિબ્રહ્માંડમાં જીવ માત્રને સુખદુઃખનો સંબંધ થાય છે. તે પુરુષોત્તમ ભગવાનના હાથમાં છે એમ સમજીને તેમને વિશ્વાસે રહેવું ને બીજા કોઈનું કર્યું થતું નથી. ॥૮॥ વળી એમ વાર્તા કરી જે હે પરમહંસો, તમને કાળ, કર્મ, માયા, યમદૂત એ આદિક કોઈ નડવાનું નથી ને પોતાના નરસા સ્વભાવ છે તેને ટાળજો. ॥૯॥ અને રાજાનું સુખ એટલું રાણીનું સુખ એમ અમારું સુખ એટલું તમારું સુખ છે એમ બેફિકર થઈને રહેજો. ને ભૂત વળગે તે નથી મેલતું એમ હું તમને નહિ મેલું. ॥૧૦॥ વળી એમ બોલ્યા જે અમૃત પીએ તે અમર થાય. તેમ પ્રભુને ભજે તે પ્રભુને પામે. ॥૧૧॥ વળી સોનું, રૂપું, હીરા, મોતી, પારસમણિ, કામધેનુ, કલ્પવૃક્ષ, ચિંતામણિ એ માંહેલું એક પદાર્થ હોય તેને ચિંતા નહિ. તો એ સર્વેના કરનારા જે અમે તે અમારો જેને આશ્રય છે, તેને શા સારુ કોઈ વાતની ચિંતા રાખવી ? ન જ રાખવી. ॥૧૨॥

વળી પરમહંસ પ્રત્યે વાત કરી જે હે પરમહંસો, શીલ વિના શોભા નહિ, ને સંતોષ વિના શાંતિ નહિ. ને ગુરુ વિના જ્ઞાન નહિ. જ્ઞાન વિના સત્ય-અસત્યનો વિવેક નહિ. ને વિવેક વિના અસત્યનો ત્યાગ કરીને સત્યમાં વળગાય નહિ. કેમ કે સત્યમાં વળગ્યા વિના ધર્મ નહિ. ધર્મ વિના ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર પુરુષાર્થ નહિ. પુરુષાર્થ વિના તીર્થ-વૃત્ત-દાન-પુણ્ય-સેવા-સમાગમ એ થાય નહિ. ને સેવા તથા સમાગમ વિના ગુરુ તથા પ્રભુનો આશીર્વાદ મળે નહિ. ને આશીર્વાદ મળ્યા વિના જીવ બળિયો થાય નહિ. જીવ બળિયો થયા વિના ભૂંડા ઘાટ ને ભૂંડા સ્વભાવ તે મટે નહિ. ને તે મટ્યા વિના પ્રભુનું ધ્યાન તથા ભજન તેમાં વળગાય નહિ. ને પ્રભુને વળગ્યા વિના વાસના બળે નહિ. વાસના બળ્યા વિના નિર્દોષ મુક્ત થાય નહિ. નિર્દોષ મુક્ત થયા વિના ભગવાન પાસે રહેવાય નહિ. ને પ્રભુ પાસે રહ્યા વિના અખંડદેહ, અખંડ ધામ, અખંડ સુખ ને સદાય પ્રભુનાં દર્શન એ મળે નહિ. એ ચાર પ્રભુના સમીપ વિના બીજે નથી. એવી રીતે શ્રીજીમહારાજે હેતની વાત કરી તેને સાંભળીને સર્વ પરમહંસો ઘણા જ પ્રસન્ન થઈને શ્રીહરિએ કરેલી વાતને પોતપોતાના અંતઃકરણમાં સર્વ પ્રકારે દરરોજ સ્મરણ કરીને તે પ્રકારે તેમાં અખંડ પોતાના મનને રાખતા હતા. ॥૧૩॥ ॥૨॥

ગઢડામાં શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં વિરાજમાન હતા. તે વખતે મુક્તાનંદ સ્વામી આગળ શ્રીજીમહારાજ સાખી બોલ્યા :

શ્યામ વર્ણ શોભે અતિ શબ્દ શ્રેષ્ઠ ગંભીર ।
અતિ ઉત્તમ જાણી જો સુણે સૌ થઈ સ્થીર ॥૧॥

આ સાખી બોલીને પૂછ્યું કે તે કોણ હશે ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ ઉત્તરમાં કહ્યું કે, "તે તો સમુદ્ર." પછીથી પ્રેમાનંદ સ્વામીને ઉપરની સાખીનો અર્થ પૂછ્યો. તેમણે હાથી એવો ઉત્તર આપ્યો. પછીથી દેવાનંદ સ્વામીને ઉપરની સાખીનો અર્થ પૂછ્યો. તેમણે મેઘ એવો ઉત્તર કર્યો. પછીથી બ્રહ્માનંદ સ્વામીને ઉપરની સાખીનો અર્થ પૂછ્યો. ત્યારે તેમણે કહ્યું: "તમો પોતે." આવો ઉત્તર મળવાથી શ્રીજીમહારાજ કહે હું બહુ રાજી થયો. પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, તમો રાજી થયા કે નહિ ?" ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહેઃ "હું રાજી છું." ત્યારે મહારાજ કહેઃ "હું કહું તેમ કરશો ?" ત્યારે હા પાડી. ને બીજે દિવસે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા બ્રહ્માનંદ સ્વામીને તાવ આવતો હતો છતાં પણ લઈ ગયા. પોતાનું એક સ્વરૂપ ઓરડીમાં રાખીને બીજે સ્વરૂપે પરમહંસો સહિત ન્હાવા ગયા. પછી બ્રહ્માનંદ સ્વામી માટે ઉન્મત્તગંગાનું જળ ઊનું કર્યું. ત્યારે બ્રહ્માનંદ સ્વામી સાખી બોલ્યા :

શીતોદક ઘેલાતણું ઉષ્ણ થયું આ વાર ।
તે તો ન્હાવા કારણે કર્યું તમે કીરતાર ॥

તે સાંભળીને શ્રીજીમહારાજ રાજી થયા ને બ્રહ્માનંદ સ્વામીને બાથમાં ઘાલીને મળ્યા. પછીથી સર્વે સંતોએ સહિત ઉન્મત્તગંગાના ઊના જળમાં સ્નાન કરી વસ્ત્ર પહેરીને સંતો સહિત ભેંસલા પાણા ઉપર એક સ્વરૂપ રાખીને બીજે સ્વરૂપે મંદિર તરફ ચાલવા માંડ્યું. ત્યારે સાંગાણીને ઢોરે ગયા. ને પાછળથી ભેંસલા પાણા ઉપરથી બૂમ પાડી કે મને મૂકીને ક્યાં જાઓ છો ? પછી સંતો પાછા ફર્યા ને થોડે ચાલ્યા ત્યારે સાંગાણીના ઢોરેથી બૂમ પાડી કે હું અહીં છું ને તમો તે તરફ કેમ જાઓ છો ? આવી રીતે મનુષ્યલીલા કરીને મંદિરમાં લીમડા તળે આવ્યા, ને પોતાનું સ્વરૂપ અદૃશ્ય કર્યું. ને બ્રહ્માનંદસ્વામી અક્ષર ઓરડી તરફ આવતા હતા, તેવામાં મુકુંદ બ્રહ્મચારી શ્રીજીમહારાજને નિત્યના નિયમ પ્રમાણે નવરાવી પૂજા વિગેરે કરાવીને પાછા આવતા હતા. તેમને બ્રહ્માનંદ સ્વામી મળ્યા ને મુકુંદ બ્રહ્મચારીએ પૂછ્યું કે તમો ક્યાં ગયા હતા ? ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે

શ્રીજીમહારાજ સહિત ઉન્મત્તગંગામાં નાહવા ગયા હતા, ત્યારે મુકુંદ બ્રહ્મચારી કહે મહારાજને તો મેં અહીં નવડાવ્યા ને તેઓ અક્ષર ઓરડીમાં બેઠા છે. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ અક્ષર ઓરડીમાં જઈને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. આવી રીતે તે દિવસે શ્રીજીમહારાજે ત્રણ સ્વરૂપ ધારીને મનુષ્યલીલા કરીને બ્રહ્માનંદ સ્વામીને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડ્યો હતો. ॥૩॥

ગઢડાથી શ્રીજીમહારાજે વડતાલ સમૈયો કરવા જવા માટે સંકલ્પ કર્યો. તેવામાં દાદાખાચર સવારમાં શ્રીજીનાં દર્શન કરવા આવ્યા. ત્યારે મહારાજ કહે વડતાલ સમૈયો કરવા આવતી કાલે અહીંથી જઈશું. ત્યારે દાદાખાચર કહે, મહારાજ અહીં સમૈયો કરો ને દેશાંતરના હરિભક્તો ઉપર કાગળ લખો જે આ વર્ષમાં ગઢડે સમૈયો કરવાનો છે માટે સર્વ હરિભક્તો ગઢડે આવજો. આવા કાગળો મળવાથી દેશાંતરના હરિભક્તો-બાઈઓ તથા ભાઈઓ કીર્તન ગાતાં ગાતાં ગઢડે આવતાં હતાં.

રસ્તામાં ખારાપાટમાં એક ગામ આવ્યું, તે ગામના પટેલે કીર્તન ગાતા આવતા હરિભક્તોને પૂછ્યું તમો ક્યાં જાઓ છો ? ત્યારે હરિભક્તો કહે અમો ગઢડે શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા જઈએ છીએ. ત્યારે પટેલ કહે, શ્રીસ્વામિનારાયણ ભગવાન છે ? ત્યારે હરિભક્તો કહે, હા ભગવાન છે. ત્યારે પટેલ કહે, તમો ઊભા રહો. હું ગામમાં જઈને ભગવાનને આપવા સારુ ભેટ લઈ આવું. પછી દશ રૂપિયા લાવીને આપ્યા. ને કહે જે શ્રીસ્વામિનારાયણ ભગવાનને મારા તરફથી ભેટ મૂકજો. પછી તે હરિભક્તો ગઢડે આવ્યા, મહારાજનાં દર્શન કર્યાં ને જે પોતાને ભેટ મૂકવી હતી તે ભેટ મૂકી, પણ પટેલે આપેલા દશ રૂપિયા મહારાજને ભેટ મૂકવા ભૂલી ગયા.

પછી મહારાજે તે પટેલના દશ રૂપિયા માગી લીધા. તે રૂપિયા લઈને માથું ધુણાવ્યું. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે કેમ માથું ધુણાવ્યું ? ત્યારે શ્રીજીમહારાજ કહે ખરા સમયમાં આ રૂપિયા મારે આપવા જવા પડશે. પછીથી તે પટેલને છ માસે કોઢ નિસર્યો, ને મરવા માટે ગાડું જોડાવીને સમુદ્રકાંઠે ગયા, ને ગાડું હાંકનાર ચાકરને પાંચ રૂપિયા આપવાનું કહ્યું, ને કહે જે તું કોઈને વાત ન કરીશ. હું અત્રે સમુદ્રમાં મરવા માટે આવ્યો છું. પછી લાકડીને ટેકે ધીમે ધીમે સમુદ્ર તરફ ચાલ્યા. તેવામાં શ્રીજીમહારાજ, વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને આવ્યા, ને કહ્યું જે પટેલ ક્યાં જાઓ છો ? ત્યારે પટેલ કહે અમારાં સગાંસંબંધીને ત્યાં જઈએ

છીએ. ત્યારે શ્રીજી બોલ્યા જે તપસ્વી બ્રાહ્મણ સત્પુરુષ આગળ ખોટું ન બોલવું. તોપણ ઉપર પ્રમાણે કહ્યું. ત્યારે મહારાજે કહ્યું કે તમો સમુદ્રમાં પડવા જાઓ છો.

ત્યારે પટેલે મહારાજ પાસે એમ કહ્યું, જે હા હું સમુદ્રમાં પડવા જાઉં છું. ત્યારે શ્રીજીમહારાજ કહે મારું વચન માનીને તમો તમારે ઘેર પાછા જાઓ. તમને થોડા દિવસમાં સારું થશે. ને સમુદ્રમાં પડવા જવું હોય તો આ તમારા રૂપિયા દશ હજારની દશ કોથળીઓ લ્યો. ત્યારે પટેલ બોલ્યા કે રૂપિયા તમોને મેં આપ્યા નથી. ત્યારે મહારાજ કહે અમારા સત્સંગીનો સંઘ ગઢડે આવતો હતો ત્યારે તમોએ દશ રૂપિયા મોકલ્યા હતા. તે દશ રૂપિયા મને મળ્યા હતા તે લ્યો. હું કોઈનું લેણું રાખતો નથી. ત્યારે પટેલે કહ્યું જે તમો શ્રીસ્વામિનારાયણ ભગવાન છો ? ત્યારે શ્રીજીએ કહ્યું જે હું ભગવાન છું. પછીથી શ્રીજીમહારાજનો નિશ્ચય થવાથી મહારાજના વચનથી ઘેર ગયા. ત્યાં થોડા દિવસમાં આરામ થયો. પછી થોડા રૂપિયા લઈને પ્રત્યક્ષ ભગવાનને મળવા ગઢડે ગયા. ત્યાં શ્રીજીમહારાજનાં દર્શન કરી નિયમ ધારી મહારાજશ્રીનો આશ્રય કરી પોતાને ઘેર ગયા. અંતકાળે તે પટેલને પોતાના અક્ષરધામમાં લઈ ગયા. એવા શ્રીજીમહારાજ દયાળુ છે. ॥૪॥

ગઢડામાં લીંમડા નીચે રહેલ ઓટા ઉપર કૂતરું બગાડી ગયું હતું. ત્યારે જે કોઈ શ્રીજીનાં દર્શન માટે અક્ષર ઓરડીએ જાય તે એમ બોલતા જાય જે કૂતરે ઓટો બગાડ્યો છે. પણ તેને કોઈ સાફ કરે નહિ. તે વખતે ઉકાખાચર ઉન્મત્તગંગામાં સ્નાન કરીને આવ્યા. ને ઓટો બગાડેલો જોઈ તુરંત લૂગડાં કોરે મૂકી તે કાઢી નાંખ્યું. ને જમીન લીંપી લીધી. પછી નદીએ જઈ સ્નાન કરી પાછા મંદિરમાં આવી અક્ષર ઓરડીમાં શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે 'ઘરના ધણી આવ્યા' એટલે બોલતા બંધ થયા. પછી મહારાજે પૂછ્યું જે તમે પૂજા રાખો છો ? ત્યારે ઉકાખાચર કહે હા. ત્યારે મહારાજ કહે કેટલી મૂર્તિઓ રાખો છો ? ત્યારે ઉકાખાચર કહે પાંચસેમૂર્તિઓ રાખું છું. ત્યારે મહારાજ કહે પૂજા કરતાં બહુ વાર લાગે. ત્યારે ઉકાખાચર કહે વાર લાગે જ નહિ. ત્યારે મહારાજ કહે નામ આવડે છે? ત્યારે ઉકાખાચર કહો હા. ત્યારે મહારાજ કહે નામ બોલો.

પછી ઉકાખાચર બોલવા લાગ્યા, જે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આ બધી મારી મૂર્તિઓ છે. તેમની હું પૂજા કરું છું. આવું સાંભળીને મહારાજ ઘણા પ્રસન્ન થયા. વળી ઉકાખાચર માંદા

સંતોની સેવા કરતા, તેમનાં લૂગડાં ધોતા તથા દાદાખાચરના દરબારથી આરંભીને તે ઉન્મત્તગંગા સુધી નિરંતર સવારમાં સાવરણો લઈ વાળતા, કારણ કે સંતો નિરંતર ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જાય. તેમને કાંકરા વાગે નહિ. આવી રીતની ઉકાખાચરની સેવા શ્રીજીમહારાજે વચનામૃતમાં પણ કહેલ છે. આવી સેવાથી ઉકાખાચરે મહારાજને પ્રસન્ન કરીને પ્રસન્નતા મેળવી હતી તેવા ઉકાખાચર શ્રદ્ધાળુ હતા. ॥૫॥

વડતાલથી શ્રીજીમહારાજ સવારો સહિત ગઢડા પધારતા હતા. તે રસ્તે ચાલતાં ગામ જમરાળું આવ્યું. ત્યાં દિવસ આથમવાથી સુરાખાચરે મહારાજને કહ્યું જે, ગઢડું ઘણું દૂર છે માટે આ ગામમાં રાત્રિ રહીને વહેલા ચાલીએ તો ઠીક. ત્યારે શ્રીજીમહારાજ કહે ચાલો ગામમાં જઈએ. પછી સવારો સહિત વિપ્ર ગંગારામ દવેને ત્યાં પધાર્યા. ગંગારામ દવે શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. તેમજ તેમનાં સ્ત્રી પણ તેવાં જ હતાં. તેથી તે બેઉ જણ મહારાજને પોતાને ઘેર આવેલા જોઈને બહુ જ રાજી થયાં ને તે જ વખતે શુદ્ધ ભાવથી યથાશક્તિ થાળ કરી પ્રેમપૂર્વક શ્રીજીમહારાજને તથા સાથે આવેલા સવારોને આગ્રહપૂર્વક જમાડ્યા. ત્યાર પછી તે બેઉ સ્ત્રીપુરુષને મહારાજે કેટલીક ધર્મ સંબંધી તથા પરમાત્માનાં મહિમા સંબંધી વાતો કરી ને પોઢી ગયા.

પછી શ્રીજીમહારાજ સવારમાં ચાલવાની તૈયારી કરતા હતા. ત્યારે ગંગારામ દવેએ કહ્યું જે રોટલા જમ્યા સિવાય હું તમને જવા નહિ દઉં. માટે કૃપા કરી જમીને સુખેથી ગઢડે પધારજો. આવો ગંગારામનો આગ્રહ જોઈ મહારાજશ્રી રોકાયા. તેથી દિવસ ઊગ્યા પહેલાં થાળ તૈયાર કરીને મહારાજને તથા સવારોને જમાડ્યા. પછી ગંગારામ દવેને મહારાજ કહે જે આ માણકી ઘોડી થાકી ગઈ છે, માટે જો તમો ગાડું જોડો તો અમો ગાડામાં બેસીએ ને માણકી ઘોડી ગાડા પછવાડે સુખેથી ચાલે. એવું શ્રીજીનું વચન સાંભળીને ગંગારામ દવેએ ભાવનગરી ગાડી જોડીને ગાડીમાં ગાદીતકિયા બિછાવીને તે ઉપર મહારાજને બેસાડ્યા. ને સવારે સહિત ત્યાંથી ચાલ્યા. ગંગારામના બળદિયા બહુ સારા ને રાશોથી તાણી જાલે તોપણ ફૂંફાડા મારતા જોશબંધ ચાલે તે જોઈ મહારાજે ગંગારામને કહ્યું જે આ ગાડી-બળદિયા તમારા છે ? એમ વારંવાર ત્રણ વખત શ્રીજીમહારાજે ગંગારામને પૂછ્યું. ત્યારે ગંગારામ મહારાજશ્રીનો અભિપ્રાય સમજી ગયા. તેથી મહારાજશ્રીને કહ્યું, જે આ ગાડી તથા બળદિયા તથા મારો દેહ આજથી આપશ્રીને કૃષ્ણાર્પણ કરું છું.

તેવું વચન સાંભળીને મહારાજે ગંગારામનો બરડો પોતાના હસ્તકમળથી ઠબકારીને કહ્યું જે ધન્ય છે બ્રાહ્મણિયા. તું આપી ચૂક્યો ને હું લઈ ચૂક્યો. એમ કહીને ગંગારામ ઉપર મહારાજે બહુ જ પ્રસન્નતા જણાવી. એમ કરતાં ગઢડા ગયા. ત્યાં એક-બે દિવસ થયા પછીથી મહારાજે ગંગારામને આજ્ઞા કરી જે હવે તમે ઘેર જાઓ. ત્યારે ગંગારામે કહ્યું, જે મેં મારો દેહ આપને મારા ગામની ભાગોળે અર્પણ કરેલ છે. માટે મને આપની સેવામાં રહેવાની ઈચ્છા છે. ત્યારે શ્રીજીએ કહ્યું, જે હાલ ગોપીનાથજી મહારાજના મંદિરના પરથારનું કામ ચાલે છે, માટે તે કામ પૂરું થાય ત્યાં સુધી સુખેથી દેવસેવા કરો. તે મહારાજની આજ્ઞાથી ગઢડામાં રોકાયા. પછી મહારાજશ્રીની આજ્ઞા થવાથી ઘેર ગયા. ને ગંગારામ દવેએ સમય પ્રમાણે સેવા કરી મહારાજશ્રીની પ્રસન્નતા વારંવાર મેળવી હતી. ॥૬॥

ગામ ખોપાળાના જેઠા માણીયા ગઢડે શ્રીજીમહારાજનાં દર્શન કરવા સૂર્ય ઊગ્યા પહેલાં આવ્યા હતા. તેવા સમયમાં ઓરડા લીંપવા માટે ચોકમાં મોટું ગારીયું નંખાવેલ હતું. તે ગારીયું ગોલવાનું બાકી હતું. જેઠા માણીયાને જોઈને એક સંતે કહ્યું ભગત આ ગારીયું ગોલવાનું છે, તે તમે ગોલી આપો, ત્યારે આ ભક્ત મહારાજના મહિમાવાળા હતા, તે તુરંત હા પાડીને ગારીયું ગોલવા લાગ્યા. તે ગોલતાં ગોલતાં દિવસના દશ વાગ્યા તોપણ કોઈએ રાખો એમ કહ્યું નહિ.

તેવા સમયમાં નાનબાઈને ઓરડે મહારાજ માટે થાળ મુકુંદ બ્રહ્મચારીએ તૈયાર કરેલો તે જમવા અક્ષર ઓરડીથી સ્નાન કરીને એક પીતાંબર પહેરી, એક ઓઢીને ચાખડીએ ચડીને પાળાઓ સહિત જતા હતા તેવામાં જેઠા માણીયાએ ઊંચા સ્વરથી જય શ્રીસ્વામિનારાયણ કહ્યા. તે સાંભળીને મહારાજ જેઠા માણીયા પાસે પધાર્યા ને કહ્યું જે આ કામ તમે ક્યારના કરો છો ? ત્યારે ભક્તે કહ્યું જે સૂર્ય નહોતા ઊગ્યા ત્યારથી. આવું ભક્તનું વચન સાંભળીને તેમના ઉપર મહારાજ બહુ જ પ્રસન્ન થયાં, ને મૂળજીબ્રહ્મચારીને તુરંત બોલાવીને કહ્યું જે આ ભક્તને વાસ્તે અમારા થાળમાંથી ચુરમાનાં લાડું છ હમણાં જ લાવો. આ ભક્તને જમાડીને પછી હું જમવા આવીશ.

મહારાજશ્રીની આજ્ઞા થઈ કે તુરંત બ્રહ્મચારી છ લાડુ લાવ્યા. પછી મહારાજે જેઠા માણીયાને કહ્યું જે, ત્યાં ને ત્યાં ઊભા રહીને આ છ લાડુ જમી જાઓ. ત્યારે તે ભક્તે મહારાજશ્રીને કહ્યું જે હું નાહ્યો નથી માટે હું નાહીને પૂજા કરીશ પછી આપની પ્રસાદી જમીશ. ત્યારે મહારાજે કહ્યું જે અમે નાના હતા ત્યારે કોઈ વાર

નહાતા પણ નહિ, ને અમારીમાતુશ્રીની આજ્ઞા મુજબ અમે જમી લેતા. માટે અમારી આજ્ઞાથી જમો, તમોને બાધ નહિ લાગે. ત્યારે મહારાજશ્રીને રાજી કરવા સારુ તે સ્થાને ઊભા રહીને મહારાજશ્રીની આજ્ઞાથી છ લાડુ જમી ગયા. પછી મહારાજે કહ્યું, જે આવો ભક્ત તમારી સાથે અમો થાળ જમીને તમોને મળીશું, કારણ કે તમોએ સંતના વચનથી તથા મહિમાથી સેવા કરી તે જોઈ હું તમારા ઉપર બહુ જ પ્રસન્ન થયો છું.

એમ કહીને પોતાની સાથે લઈ ગયા. ને જમીને મુખ શુદ્ધ કરીને જેઠા માણીયાને પ્રેમપૂર્વક મળ્યા ને કહ્યું જે આવી દેવસેવા હરકોઈ કરે તેના ઉપર મારો બહુ જ રાજીપો થાય છે, ને તેને અમે શું આપી દઈએ ! એમ મહારાજશ્રીએ વાત કરીને જેઠા માણીયાને આજ્ઞા કરી જે હવે તમે સુખેથી ખોપાળે જાઓ. પછી મહારાજશ્રીની પ્રસન્નતા લઈને જેઠા માણીયા ખોપાળે ગયા. એવી ઘણી તે ભક્તે શ્રીજીમહારાજની પ્રસન્નતા મેળવી હતી. ॥૭॥

ગઢડામાં શ્રીજીમહારાજશ્રીને જીવાખાચરે પોતાના દરબારમાં ઘણા પ્રેમથી બોલાવ્યા હતા. તે વખતે મહારાજને બહુ જ વારંવાર નહાવાનું થયું હતું. તેથી કરીને જીવાખાચરે પોતાના રહેવાના ઓરડામાં ઢોલીયો ઢાળી આપ્યો હતો, ને શ્રીજીની સેવા જીવોખાચર પોતાના ચાકરને ન કરવા દેતાં પોતે કરતા હતા. ને શ્રીજીમહારાજ જીવાખાચરના ઓરડાની પછવાડે વાડો હતો તેમાં વારંવાર દિશાએ જઈ હાથ-પગ ધોઈ છપરપલંગ ઉપર બેસતા હતા. તે જોઈ જીવાખાચરે દિશાએ જવાનું બંધ કરવા ઘણા ઉપાય કર્યા હતા તોપણ ન મટવાથી મહારાજની ઘણી પ્રાર્થના કરી, ત્યારે શ્રીજીએ કહ્યું જે હવે ઉપાય કરવાની જરૂર નથી, કારણ કે મારી ઈચ્છાથી નહાવાનું થયું છે. માટે હાલ બંધ થશે નહિ.

એવું વચન સાંભળીને પોતાના ઘરમાં એક ખૂણામાં શ્રીજી માટે કમરભર ખાડો ખોદી આપ્યો. ને મહારાજને કહ્યું જે આ ખાડામાં તમો સુખેથી જાઓ. પણ બહાર વાડામાં જાશો નહિ, કારણ કે તમારે શરીરે ખમાય તેમ નથી. પછી મહારાજશ્રીને જ્યારે સંકલ્પ થાય ત્યારે તે ખાડે જાય ને હાથપગ ધોઈને પોતાને આસને બેસે. એમ કરતાં શ્રીજીની ઈચ્છાથી આરામ થયો. ત્યારે જીવાખાચરે શ્રીજીને પૂછ્યું જે આપની ઈચ્છા હોય તે થાળ કરાવું ને તમો જમો. હવે જમવામાં વાંધો નથી. ત્યારે મહારાજે કહ્યું જે બીજી ઈચ્છા તો કાંઈ નથી. પણ શેરડી જમવાની ઈચ્છા થઈ છે. ત્યારે જીવાખાચરે શેરડી મંગાવી આપી.

શ્રીજી ઘણાં પ્રસન્ન થયા ને કહ્યું જે છરી લાવો હું મારા હાથથી સુધારીને જમીશ. તે વખતે જીવાખાચરનાં ઘરનાંએ છરી આપી, તે લઈને પોતે સુધારીને જમતા હતા તેવામાં એકદમ છરી આંગળીએ વાગી ગઈ ને લોહી બહુ જ નીકળ્યું. તે જોઈને જીવાખાચરે પોતાને માથે પાંચસેનો સોનેરી મેકર બાંધ્યો હતો તેમાંથી તુરંત પાટો બાંધવા સારુ ફાડીને આંગળીએ પાટો બાંધ્યો, તે વખતે શ્રીજીમહારાજે જીવાખાચર ઉપર બહુ જ પ્રસન્ન થઈને કહ્યું જે જીવાખાચર તમે જે આ વખતે મારી સેવા કરી છે, તેમજ બીજી મારી જે સેવા કરી છે તે ગુણ મારાથી ભુલાય તેમ નથી. એટલી વાત કરે છે એટલામાં દાદાખાચર તથા મોટીબા વગેરે ત્યાં આવ્યાં. ને જીવાખાચરને કહીને શ્રીજીને પોતાના દરબારમાં લઈ ગયા.

એમ જીવાખાચરે સમયને અનુસારે શ્રીજીની પ્રસન્નતા મેળવી હતી. તેથી જીવાખાચરના અંત સમય વખતે મૂળુખાચરના બોલાવાથી જીવાખાચરના દરબારમાં પધાર્યા હતા ને જીવાખાચરના સમીપે ઊભા રહીને કહ્યું જે જીવાખાચર કેમ છે ? તે વખતે મહારાજના કરેલા અપરાધો યાદ આવવાથી આંખોમાં ચોધારાં પાણી નીકળવા લાગ્યાં. ને ઘણું બોલવાનું કરે પણ બોલાય નહિ, ને છાતી ભરાઈ આવી. તે જોઈને શ્રીજીએ કહ્યું જે દરબાર હું તમારી ઉપર રાજી છું. આ વખતે કાંઈ સંભારવાનું કારણ નથી. આ વખતે તો તમારા સમીપમાં ઊભેલો એવો જે હું તે મારા સ્વરૂપમાં તમારી વૃત્તિ જોડી દ્યો. કોઈ પ્રકારની ચિંતા કરવી નહિ. હું જીવના ગુના સામું જોતો નથી. હું જીવે કરેલ ગુણને જોઉં છું. તમે પ્રથમ તમારા દરબારમાં મારા સહિત પાંચસે પરમહંસો રહ્યા છીએ તે ગુણ તથા મારી આંગળીએ છરી વાગી હતી, ને મેકર ફાડીને પાટો બાંધ્યો હતો એવા ઘણા ગુણો કર્યા છે. માટે લોકદૃષ્ટિએ જોવાની જરૂર નથી. માટે સુખેથી આ સ્વરૂપનું ચિંતવન કરતા દેહનો ત્યાગ કરો.

એમ કહીને શ્રીજીએ પોતાનું જમણું ચરણારવિંદ છાતીમાં ચાંપ્યું. ને જયસ્વામિનારાયણ કહીને દાદાખાચરના દરબારમાં પધાર્યા કે તુરંત જીવાખાચર દેહનો ત્યાગ કરીને અક્ષરનિવાસી થયા. તેવા સમાચાર સાંભળી શ્રીજી દાદાખાચર સહિત અગ્નિસંસ્કાર કરાવવા સારુ સાથે ગયા હતા. તે વિધિ થઈ રહ્યા પછી સ્નાન કરીને દરબારમાં સભા કરીને જીવાખાચરના સંબંધમાં કેટલીક પ્રશંસા કરી, કારણ કે તેમણે પ્રથમ ઘણો જ ગુણ (સેવા) કરેલ તેથી મહારાજ તેમની ઉપર

પ્રસન્ન હતા. કહેવાનો સાર એટલો જ છે કે સમય પ્રમાણે શ્રીજીની સેવા કરી જીવાખાચરે શ્રીજીની પ્રસન્નતા મેળવી હતી. ॥૮॥

શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાંથી જ્યારે વાડીએ પધારે, ત્યારે મહારાજશ્રીની ઈચ્છાથી માણકી ઘોડી હાલ જ્યાં લક્ષ્મી બાગમાં મંદિર છે ત્યાં જઈને ઊભી રહેતી હતી. પછી તે પૃથ્વીને મહારાજ નમસ્કાર કરે ત્યારે ઘોડી ત્યાંથી ચાલે. આવી રીતે ઘણા દિવસ નિત્યાનંદ સ્વામી આદિક સંતોએ જોયેલું. પછી નિત્યાનંદ સ્વામીને શંકા થવાથી મહારાજશ્રીને પૂછ્યું કે તમો ત્યાં નમસ્કાર કેમ કરો છો ? ત્યારે શ્રીજીએ કહ્યું કે આ સ્થાન હેડંબાનું વન હતું, આ ઠેકાણે એક વડનું વૃક્ષ હતું. ને મારા સમગ્ર અવતારો આ ઠેકાણે વિશ્રાંતિ માટે બેઠેલા હતા. તે સ્થાનનું માહાત્મ્ય વધારવા માટે હું આ સ્થાનને નમસ્કાર કરું છું, ત્યારે જ માણકી ઘોડી અહીંથી ચાલે છે.

આવું મહારાજશ્રીએ કહ્યું, એટલે નિત્યાનંદ સ્વામીએ શુકમુનિને કહ્યું કે તે ઠેકાણે એક ખીલી ચોંટાડી મૂકો. કોઈક દિવસ તે સ્થાન આપણને ઉપયોગમાં લાગશે. તેમ ધારીને ખીલી ખોડાવીને તુળસીક્યારો પણ ત્યાં કરાવ્યો. પછીથી શ્રીજીમહારાજશ્રીએ દેહોત્સર્ગ કર્યો ત્યારે શ્રીજીનું વિમાન વિધાત્રાનંદસ્વામીની ઓરડી પાસે ઉતાર્યું ને ત્યાં અગ્નિસંસ્કાર કરવાનો ઠરાવ કરવા માંડ્યો. ત્યારે નિત્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે બેઠકે મહારાજશ્રી વાતો કરી હતી તે સાંભરે છે કે નહિ ? માટે શ્રીજીએ શ્રીમુખે જે સ્થાનની પ્રશંસા કરી હતી તે સ્થાને શ્રીજીનો અગ્નિસંસ્કાર કરો તો તે સ્થાને હું મંદિર કરાવીશ, કારણ કે તમોએ શ્રીગોપીનાથજીનું મંદિર કર્યું ત્યારે સેવાનો લાભ લીધો હતો, ને મને ભણવા માટે મોકલ્યો હતો તેથી સેવાનો લાભ મને મળ્યો નથી. માટે હું તેમનું મંદિર કરવારૂપી સેવાનો લાભ લઈશ.

તેમણે કહ્યું એટલે મહારાજશ્રીનું વિમાન ત્યાં લાવ્યા, ને તે સ્થાનના તુળસીક્યારાને કાઢી નાખીને ત્યાં તુળસીસુખડ–પીપળાનાં લાકડાંની ચિંતા રચી ને તે ઉપર શ્રીજીમહારાજને પધરાવીને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે તથા આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે તથા ગોપાળાનંદ સ્વામીએ તથા નિત્યાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની છેલ્લી વારની આરતી ઉતારીને પછીથી ચિતાની ચારે કોરે એક માણસપૂર વાંસની ટટી કરી ને ચાર બારણાં મૂક્યાં. તે ચાર બારણાંએ ચાર જણ ઊભા રહ્યા. ને શ્રીજીને અગ્નિસંસ્કાર કરવા માંડ્યો.

તે વખતે દાદાખાચર એકદમ બૂમ પાડીને જેવા ચિતામાં પડવા જાય છે કે તુરંત ગોપાળાનંદ સ્વામીએ તેમનો હાથ ઝાલી લીધો. ને શાંતિ આપીને બેઠકે જ્યાં શ્રીજી હરહંમેશ બેસતા ત્યાં મોકલ્યા તો મહારાજને સભા કરી બિરાજમાન થયેલા જોયા. ને મહારાજે દાદાખાચરને કહ્યું કે શા માટે રડો છો ? હું કાંઈ આ લોકમાંથી ગયેલો નથી. હું તો તમારી નજર આગળ હાજર છું. માટે શોક કરશો નહિ. ને નટની વિસ્તારીને વાત કરતા હતા. તેટલામાં નિત્યના નિયમ પ્રમાણે હાર કરનાર માળી કરસન ભગતે વિચાર્યું જે હવે છેલ્લી વખતમાં શ્રીજીને હાર અગ્નિસંસ્કાર કરતી વેળાએ પહેરાવું. એવો ઠરાવ કરીને બે હારની છાબડી લઈને જતા હતા તે મહારાજે કરસન ભગતને બોલાવીને હાર પહેર્યા. પછી એક હાર દાદાખાચરને પ્રસાદીનો આપ્યો ને બીજો હાર પ્રસાદીનો કરસન ભગતને આપ્યો. ને કહ્યું કે તમારો સંકલ્પ પૂરો કર્યો.

એમ કહીને મોકલ્યા તે ભક્ત શ્રીજીને અગ્નિસંસ્કાર કરતી વખતે હાર પહેરાવીને કૃતાર્થ થયા. પછી શ્રીજીમહારાજશ્રીનો સંસ્કાર થઈ રહ્યો. એટલે મહારાજશ્રીની પ્રેરણાથી ગોપાળાનંદ સ્વામીએ દાદાખાચરને બોલાવવા એક સેવકને મોકલ્યો તેથી તેમની સંગાથે દરબારમાં આવ્યા ને ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે, શ્રીજી તો આ લોકમાંથી ગયા નથી. અહીં જ બેઠકે બિરાજમાન છે ને મને કેટલીક જ્ઞાનવાર્તાઓ કરી ને આ હાર મને પહેરાવ્યો, એમ વાત કરી રહ્યા પછી અગ્નિસંસ્કાર કરીને પૂર્ણ પુરુષોત્તમ શ્રીજીમહારાજશ્રી ત્રીસ વર્ષ સુધી પાંચસે પરમહંસ સાથે ખળખળીયાઘાટમાં સ્નાન કરતા તે સ્થાનમાં સ્નાન કરી મંદિરમાં આવ્યા ને તે દિવસેકોઈએ અન્નપાણી લીધું નહિ ને શોકની શાંતિ થવા માટે સભામાં ગોપાળાનંદ સ્વામીએ ધર્મ સંબંધી, ધીરજ સંબંધી, રામચંદ્રજીની તથા શ્રીકૃષ્ણ વગેરેની વાર્તા કરી સર્વેને ધીરજ આપી.

પછી અગ્નિસંસ્કાર શ્રીજીમહારાજશ્રીનો જે ઠેકાણે કર્યો હતો તે સ્થાનમાં નિત્યાનંદ સ્વામીએ સંવત ૧૮૯૩ની સાલમાં મંદિર કરાવ્યું. ને તેમાં નિત્યાનંદ સ્વામીએ ચરણારવિંદ પધરાવ્યા હતાં. પછી તે મંદિરમાં સંવત ૧૯૪૯ની સાલના ફાગણ માસના વદી પડવાને દિવસે ધર્મધુરંધર આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ શ્રીસહજાનંદ સ્વામીની તથા ઈચ્છારામજી મહારાજની તથા રઘુવીરજી મહારાજની મળી ત્રણ મૂર્તિઓ પધરાવી છે. ॥૯॥

શ્રીજીમહારાજના દેહોત્સર્ગ પછી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી વગેરે વડતાલ આવ્યા. પછી એક સમયમાં ગોપાળાનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામીને વાત કરી કે આપની મરજી હોય તો આપણે કથાવાર્તાના નિયમ ઘડીએ, કારણ કે હવે પૂર્ણપુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામી તો અક્ષરધામમાં ગયા. તે પોતે હયાત હતા ત્યારે તો તેમની મરજી મુજબ સવારે, બપોરે, સાંજે અર્ધરાત્રિએ સર્વે સંતોને બોલાવીને કથાવાર્તા કરતા. હવે તે કાંઈ આપણને બોલાવીને કથાવાર્તા કરવાના નથી. તો આપણે જો નિયમ બાંધશું તો મુક્ત, મુમુક્ષુ, વિષયી, પામર, આદિક જનો કથાવાર્તા કરશે તો તેમનું અંગ વૃદ્ધિ પામશે.

આવી રીતે કહ્યું ત્યારે નિત્યાનંદ સ્વામીએ ઉત્તર આપ્યો જે મહારાજશ્રીએ જે નિયમ ઘડ્યા નથી તે કામ આપણે કરવાની જરૂર નથી. જેને કલ્યાણનો ખપ હશે તે તો પોતાની મેળે શ્રીજીમહારાજનું ભજન કરશે. એમ કહીને નિત્યાનંદ સ્વામી પોતાને આસને ગયા. પછી બીજે દિવસે ગોપાળાનંદ સ્વામીએ પોતના શિષ્ય પુરુષાનંદ સ્વામીને કહ્યું કે વચનામૃતનો ચોપડો લઈ તમો વચનામૃત વાંચો. આપણે બેઘડી ભગવાનનું ભજન કરીએ. તેમ કહીને પોતે શ્રોતા થયા ને પુરુષાનંદ સ્વામી વાંચવા બેઠા. પછી ગોપાળાનંદ સ્વામીએ વચનામૃત ઉપર શ્રીજીમહારાજના રહસ્યજ્ઞાનની વાર્તાઓ કરવા માંડી. તે સમયમાં પરમચૈતન્યાનંદ સ્વામીના શિષ્ય બાલમુકુંદાનંદ સ્વામી દર્શન કરતા કરતા ગોપાળાનંદ સ્વામીને આસને જઈને કથાવાર્તા સાંભળવા બેઠા.

આવી રીતે નિરંતર કથાવાર્તા સાંભળવા જતા પોતાના શિષ્યને પરમચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું કે મહાપુરુષ તમો દર્શન કરવા જાઓ છો ત્યારે બહુ વારે આવો છો માટે તમે ક્યાં બેસો છો ? ત્યારે તેમણે કહ્યું કે ગોપાળાનંદ સ્વામી વચનામૃતના રહસ્યની જ્ઞાનવાર્તા કરે છે ત્યાં હું સાંભળવા બેસું છું. તે જ્ઞાનવાર્તા સાંભળવા જેવી છે, માટે તમો પધારો તો તમો ત્યાંથી શ્રીપતિ થયા સિવાય ઊઠવાની ઈચ્છા કરો નહિ. આવી રીતે કહ્યું ત્યારે બીજે દિવસે ગોપાળાનંદ સ્વામીને આસને કથાવાર્તા સાંભળવા પરમચૈતન્યાનંદ સ્વામી ગયા, ને વચનામૃત વંચાવ્યું.

પછી ગોપાળાનંદ સ્વામીએ પરમ ચૈતન્યાનંદ સ્વામીને પૂછ્યું કે સ્વામી આ વચનામૃતનું રહસ્ય સમજાતું નથી માટે સમજાવો. પછી પાનું હાથમાં લીધું પણ રહસ્ય સમજાવવા સમર્થ થયા નહિ. પછી પરમચૈતન્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ

સ્વામીને કહ્યું કે તમો સમજાવો. પછી ગોપાળાનંદ સ્વામીએ જ્ઞાનવાર્તા કરીને વચનામૃતનું રહસ્ય સમજાવ્યું. તે જ્ઞાન સાંભળીને અત્યંત આનંદ થયો, ને કથાની સમાપ્તિ થયા પછી પરમ ચૈતન્યાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામીની પાસે ગયા, ને સર્વે હકીકત કહી તેથી બીજે દિવસે ગોપાળાનંદ સ્વામીની પાસે નિત્યાનંદ સ્વામી કથાવાર્તા સાંભળવા ગયા ત્યાં તેમને પોતાની પાસે ગાદીતકિયો મૂકીને બેસાડીને વચનામૃત વંચાવ્યું, ને ગોપાળાનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામીને કહ્યું જે આ વચનામૃતનું રહસ્ય સમજાવો.

પછી નિત્યાનંદ સ્વામીએ ઘણે પ્રકારે સમાધાન કર્યું પણ જોઈએ તેવું સમાધાન થયું નહિ. પછી નિત્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે તમો સમજાવો. પછી ગોપાળાનંદ સ્વામીએ વચનામૃતના રહસ્યની વાર્તા કરી. તે સાંભળીને ઘણો જ આનંદ થયો. પછી નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે તમો એક વખત કથાવાર્તા કરો છો પણ આવી કથાવાર્તા બે વખત કરો. હું પણ સાંભળવા આવીશ. પછીથી નિરંતર કથાવાર્તા સાંભળતાં બન્ને સદ્‌ગુરુઓને વિચાર થયો કે હવે આપણે પાંચ વખત કથાવાર્તા કરવાનો નિયમ બાંધીએ જેથી ઘણો સમાસ થશે. આગળ થનાર મનુષ્યોનું પણ કથાવાર્તાથી શ્રેય થશે ને અંતે શ્રીજીમહારાજના ધામને પામશે.

આમ કહીને નિત્યાનંદ સ્વામી પોતાને આસને ગયા. પછી ગોપાળાનંદ સ્વામીએ પ્રેમાનંદ સ્વામીને બોલાવ્યા ને કહ્યું કે શ્રીજીમહારાજનાં સમગ્ર ચરિત્ર તથા સ્વાભાવિક ચરિત્ર તમોએ જોયેલાં છે ને તમો કવિ પણ છો માટે તે ચરિત્રોનાં પદ કરી લાવો, એવી આજ્ઞા કરી જેથી પ્રેમાનંદ સ્વામી ચેષ્ટાનાં પદો વિગેરે કરી લાવ્યા ને ગોપાળાનંદ સ્વામીને સંભળાવ્યાં. પછી નિત્યાનંદ સ્વામીને બોલાવીને વાંચી સંભળાવ્યાં, ને કહ્યું કે આ પદોમાં કોઈ ફેરફાર કરવો હોય તો કરો. પછી આપણે શ્રીજીનાં ચરિત્ર સર્વેને કંઠે કરાવીએ. પછી નિત્યાનંદ સ્વામીએ સંશોધન કર્યા બાદ કેટલાક પદો મુક્તાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામી પણ કરી લાવ્યા. પછીથી હંમેશ પાંચ વખત કથાવાર્તા થતી હતી, ને સમગ્ર સદ્‌ગુરુઓ સહિત પાંચસે પરમહંસો કથાવાર્તા સાંભળતા હતા.

પછી એક દિવસે રાત્રિની કથાની સમાપ્તિ થઈ રહ્યા પછી સર્વે સંતો સભામાંથી ઊઠવા માંડ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ સર્વે સંતોને પાછા સભામાં બેસાર્યા ને કહ્યું કે આપણે સર્વેને છેલ્લી કથા થઈ રહ્યા પછી પ્રેમાનંદ સ્વામી તથા

મુક્તાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામી વગેરે જે શ્રીજીમહારાજના ચરિત્રનાં પદો કરી લાવ્યા છે, તે સર્વે સંતોએ કંઠે કરીને નિરંતર રાત્રિએ બોલ્યા પછી શયન કરવું, એવો સર્વે સંતોને નિયમ રાખવાનો છે.

આ પદો બોલવાનો નિયમ મોટાં મંદિરોમાં હોઈએ અગર હરિમંદિરમાં હોઈએ તોપણ બોલ્યા સિવાય સૂવું નહિ. ને આ પદો સમગ્ર સત્સંગીઓને પણ શીખવાડવાં જેથી રાત્રિએ શ્રીજીમહારાજનાં ચરિત્રોનું બોલવું તથા સાંભળવું, તેથી કરીને સર્વે સંતને તથા હરિભક્તોને ચારવેદ, ષડ્શાસ્ત્ર, અઢારપુરાણ, ભારતાદિ ઈતિહાસ વિગેરનું સાંભળવારૂપ ફળ થાય છે. એમ કહીને સર્વે સંતોને ચેષ્ટાનાં પદો શીખવા માટે ખરડાઓ લખાવી આપતા હતા. આવી રીતે પાંચ વખત કથાવાર્તાનો પ્રબંધ તથા બોલવાનો નિયમ સદ્‌ગુરુવર્ય શ્રીગોપાળાનંદ સ્વામીએ પ્રથમ પ્રવર્તાવેલો છે તે નિયમ આજ સુધી ચાલુ છે. ॥૧૦॥

નરવરકોટમાં છ માસનાં છોકરાં બોલ્યાં જે જેને પ્રત્યક્ષ ભગવાન જોવા હોય તેઓ કાઠિયાવાડમાં જાઓ, પ્રત્યક્ષ ભગવાનના મેળાપથી મોક્ષ થશે. આવી રીતનાં વચન સાંભળીને તે ગામના ચાળીસ માણસો છોકરાં સહિત શ્રીજીમહારાજનાં પ્રત્યક્ષ દર્શન કરવા માટે પોતાના ઘરેથી ચાલ્યાં. તે અવસરમાં અમદાવાદથી બે સાધુ ગઢપુર થઈને કારિયાણી આવ્યા. તેમને શ્રીજીએ પૂછ્યું કે મંદિરમાં નરનારાયણદેવની સેવા ગોપીભટ્ટ કરે છે કે નહિ ને સંતોની ખાધેપીધે બરદાસ રાખે છે કે નહિ ? ત્યારે સંતોએ ઉત્તર આપ્યો જે સંતોનો બહુ તિરસ્કાર કરે છે ને ખાવાનું પણ પૂરતું આપતો નથી.

આવી વાત સાંભળીને શ્રીજીમહારાજે કારિયાણીથી દેવસેવા વગેરે કરવા માટે આનંદાનંદ બ્રહ્મચારીને મોકલ્યા. તેઓ અમદાવાદમાં છ માસ સુધી દેવસેવામાં રહ્યા. ગોપીભટ્ટનો રસોઈયો દાળ, ભાત, રોટલી, શાક વિગેરે કરીને થાળ પૂરીને બ્રહ્મચારીને બોલાવતો. તે થાળ નરનારાયણદેવને ધરાવતા ને થાળ ઉતારીને પાછો આપતા. પછી આરતી કરવા ગોપીભટ્ટ પીતાંબર તથા હાથે સોનાનું કડું ધારણ કરીને ચાખડીઓ પહેરીને આવતા ને આરતી કરીને પાછા જતા ને બ્રહ્મચારીની જમવાની બરદાસ રાખતા તે તો તે બન્નેય જાણતા. આવી રીતે અવધિ પ્રમાણે રહીને સંકલ્પ કર્યો કે હવે હું ગઢપુર જાઉં.

પછી દામોદરભાઈ તથા નથુભટ્ટ તથા ગોકળ ચોક્સી વગેરેને પૂછ્યું ત્યારે તેઓ કહે ગોપીભટ્ટ કહે તો જાઓ. પછી તેને પૂછ્યું. તેણે સૌના સાંભળતાં રજા

આપીને કહ્યું કે મારે અહીં કોઈની જરૂર નથી. પછી હરિભક્તોએ પીળી રેશમી અતલસનું કપડું આપ્યું ને કહ્યું જે આ શ્રીજીને ભેટ કરજો. તે લઈને ગઢડે જવા નીકળ્યા તે પહેલાં શ્રીજીમહારાજ ઝીણાભાઈના આગ્રહથી પંચાળા ગયા હતા. પછી ગોપાળાનંદ સ્વામી પણ શ્રીજીનાં દર્શન કરવા માટે વડોદરેથી ગઢડે આવેલા. તેમણે સમાચાર સાંભળ્યા જે શ્રીજી પંચાળા છે તેથી પોતાની સંઘાથે આવેલા સંતો તથા બ્ર. વાસુદેવાનંદજી તથા બ્ર. જયાનંદજીને સાથે લઈ પંચાળા જવા માટે ગઢપુરથી નીકળી બોટાદ ગયા ને ત્યાંથી લોયામાં આવ્યા.

લોયામાં વાસુદેવાનંદજીને શરીરે અછબડા નીકળ્યા. પછી ગોપાળાનંદ સ્વામી કહે કે આમની સેવામાં જે રહે તેની સો જન્મની કસર મટાડું. એમ કહેવાથી પાંચ સાધુ તથા જયાનંદજી સેવામાં રહ્યા. ને એકાદશીના સવારમાં લોયાથી પીપરડી ગયા. પછી આનંદાનંદજી ગઢપુર આવ્યા ને સમાચાર સાંભળ્યા જે શ્રીજીમહારાજ પંચાળા પધારેલા છે ને તમારે જવું હોય તો જાઓ. ગોપાળાનંદ સ્વામી જાય છે તો તેમના ભેગા થઈ જાઓ. સ્વામી બોટાદ અગર લોયામાં હશે. તેવું સાંભળીને નવમીને દિવસે બ્રહ્મચારી બોટાદ ગયા ને ભગાદોશીને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે ગોપાળાનંદ સ્વામી આજે લોયા ગયા છે.

પછી તે દિવસ રહીને બીજે દિવસે સાંજે બ્રહ્મચારી લોયા ગયા. ત્યારે સ્વામી ત્યાંથી પીપરડી ગયેલા સાંભળ્યા. પછી એકાદશીની સવારમાં લોયાના સંઘાસુરાણીએ બ્રહ્મચારીને પૂછ્યું કે ફરાળ કરશો? ત્યારે બ્રહ્મચારી કહે શાનું ? ત્યારે સંઘાસુરાણી કહે સુખડીનું. ત્યારે બ્રહ્મચારી કહે લાવો, તે તો બહુ સારી. આવા આનંદાનંદજી ભોળા હતા. પછી ઘી, ગોળ, લોટ લાવ્યા, સુખડી કરી શ્રી ઠાકોરજી મહારાજને જમાડ્યા ને પોતે અડધી સુખડી જમ્યા ને બાકીની પ્રસાદી સંઘાસુરાણીને આપવા માંડી ત્યારે તેમણે કહ્યું કે લોટામાં ભરી લ્યો, કાલે બારશના સવારમાં પારણાં કરતાં ફાવશે. એમ કહેવાથી લોટામાં ભરીને લોયાથી ચાલ્યા તે એકાદશીની સાંજે પીપરડી આવ્યા. ત્યાં ગોપાળાનંદ સ્વામીને મળ્યા ને અમદાવાદના બધા સમાચાર કહીને તેમની સંઘાથે ફરતા ફરતા પંચાળામાં આવ્યા ને મહારાજશ્રીને મળ્યા.

શ્રીજીએ અમદાવાદના સમાચાર પૂછ્યા ત્યારે પોતાની સર્વ હકીકત કહી. તે સાંભળીને મહારાજશ્રી બહુ ખેદ પામ્યા. પછી મહારાજ ભેગા ગોપાળાનંદ સ્વામી વગેરે પંચાળામાં રહ્યા છે તે અવસરમાં નરવરકોટથી નીકળેલા મનુષ્યો

ગઢપુર આવ્યા ને મહારાજશ્રીના સમાચાર પૂછતાં તેઓશ્રી પંચાળા છે એમ જાણીને તેઓ ફરતા ફરતા પંચાળા ગયા ને મહારાજશ્રીએ ઝીણાભાઈ પાસે તેમને ઊતરવા માટે ચોરામાં ઉતારો અપાવ્યો. પછી મહારાજશ્રીએ રસોઈ કરવાની આજ્ઞા કરી. તે જમીને પરવાર્યા પછી મહારાજશ્રીને પોતાના ઉતારામાં બોલાવ્યા જે અમારે પૂજા કરવી છે માટે પધારો. પછી શ્રીજીમહારાજના પીતાંબરનો કછોટો વળાવ્યો ને પોતાના દેશમાંથી લાવેલા અગરચંદન કેસર નાંખીને ઘસીને બશેરનો વાટકો ભરી રાખ્યો હતો. તેમાં અત્તર નાખીને સર્વે હરિભક્તોએ શ્રીજીમહારાજશ્રીને અંગે ચરચ્યું તે પગથી તે શીખા સુધી ચોપડ્યું. તે બાઘડા બનાવી દીધા ને પોતના દેશની મુંગલી પાઘ માથે ધરાવીને ખભે બાણનો ભાથો ધરાવ્યો ને હાથમાં ધનુષ્ય આપીને રૂપીઆનો થાળ ભરીને ભેટ મૂકીને આરતી કરી.

પછી શ્રીજીને માણકી ઘોડી ઉપર બેસાડીને પોતાના દેશના રિવાજ મુજબ વાજિંત્ર પોતાના હાથમાં લઈ ખડુ ભજન ચાલતા ચાલતા કર્યું. તે થોડે છેટે પાછે પગે ચાલીને પાછા સન્મુખ ચાલીને શ્રીજીની સમીપમાં આવે. આવી રીતે હરિભક્તોના ઉતારામાંથી ચાર વાગ્યાના નીકળેલા શ્રીજી સાંજે ઝીણાભાઈના દરબારમાં આવ્યા. આવી રીતે ભજન કરીને શ્રીજીમહારાજને પ્રસન્ન કર્યા. પછી શ્રીજીએ આવેલા હરિભક્તોને પોતાના ઉતારે મોકલ્યા. ને શ્રીજીએ દરબારમાં આવ્યા પછી રામપ્રતાપજીને કહ્યું કે આ ધનુષ્ય ખેંચી તેની ઉપર બાણ ચઢાવો. ત્યારે રામપ્રતાપજી એક કલાક સુધી મથ્યા ને પરસેવો થઈ ગયો પણ ધનુષ્ય સજ્જ કરી શક્યા નહિ. ત્યારે શ્રીજીએ કહ્યું કે લાવો અમે ચઢાવીએ. એમ કહીને પોતાના હાથમાં લઈ ચઢાવ્યું, ત્યારે રામપ્રતાપજી બોલ્યા કે, શું કરું તમો મારા ભાઈ છો ને વળી ભગવાન છો. જો બીજો કોઈ હોત તો તેની ટાંગ પકરકે પછાડત. આમ રામપ્રતાપજીભાઈ બોલ્યા.

પછી શ્રીજીમહારાજ ગામ સુત્રેજના હરિભક્ત પીતાંબરભાઈને દર્શન દેવા માટે ઘોડી ઉપર બેસીને ગયા. ને પીતાંબરભાઈએ છપર પલંગ પાથરીને શ્રીજીને બેસાર્યા ને શ્રીજીએ કહ્યું કે ધ્યાન કરવા આ મારી મૂર્તિનું અંગેઅંગનું દર્શન કરો, તેમ કહી ઊભા થઈ દર્શન દીધું. પછી તે ગામના રાજા સત્સંગી હતા તેમને બોલાવ્યા ને પોતાની મૂર્તિ નિરખવાનું કહીને આ મૂર્તિનું નિરંતર ચિંતવન કરજો એમ કહી પાછા શ્રીજી પંચાળા પધાર્યા. પછી શ્રીજીનું કાંઈ સન્માન થયું નહિ તેમ વિચારીને પીતાંબરભાઈ પોતાની સ્ત્રીસહિત બે દીકરા લઈ પંચાળે આવીને પોતાના

બે દીકરા શ્રીજીને અર્પણ કર્યા. તેમને સાધુ કર્યા તે એકનું પ્રસાદાનંદ સ્વામી તથા બીજાનું દહરાનંદ સ્વામી નામ પાડીને તેમને સાથે લઈને શ્રીજીમહારાજ ફરતા ફરતા પંચાળેથી ગઢપુર પધાર્યા.

પછી શ્રીજીમહારાજે લાધા ઠક્કરને બોલાવી કહ્યું કે અમદાવાદથી ગોપીભટ્ટને બોલાવો જે તમોને મંદિરનો કાચો લેખ કરી દીધો છે તે ભાવનગરની કચેરીમાં જઈને પાકો લેખ કરી આપવો છે માટે લેખ લઈને આવો. આવે એટલે તેમની પાસેથી લેખ લઈને તમારી પાસે થોડા દિવસ રાખી મૂકવો, પછી તે લેખ તમારે ફાડી નાખવો, કારણ કે તે અમદાવાદના મંદિરમાં શ્રીઠાકોરજીની બરોબર સેવા નથી કરતો, ને સંતોને બહુ જ દુઃખ દે છે. એવી રીતે કહીને તેને બોલાવીને પછીથી તે લેખ ફાડી નાખ્યો. જેથી મહારાજશ્રી પાસે ફરિયાદે ગયા, ત્યારે લાધા ઠક્કરને ઠપકો આપ્યો ને પછી ગોપીભટ્ટને રાજી કરવા એક સાંથીની (સાતીની) જમીન દાદાખાચર પાસે અપાવીને પછીથી પોતાના ભાઈના દીકરા અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને દત્તપુત્ર કરી ગાદીએ બેસાડી અમદાવાદના આચાર્ય અયોધ્યાપ્રસાદજીને કર્યા ને વડતાલની ગાદીના આચાર્ય રઘુવીરજી મહારાજને કર્યા. ॥૧૧॥

ગઢડામાં અક્ષર ઓરડીની સમીપે ફરજો હતો. તેમાં મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો હતો. ને તે જ સમે દાદાખાચરને પણ ઘણો જ મંદવાડ થયેલ. તેથી મહારાજે દાદાખાચરનો ખાટલો પોતાની પાસે રખાવ્યો ને જીવોખાચર તથા મુળુખાચર દાદાખાચરને જોવા આવ્યા. તે સમે એમ બોલ્યા જે દાદાખાચરનો દેહ નહિ રહે. તે સાંભળી એભલખાચર તથા જીવુબા આદિક રોવા લાગ્યાં. તેમને શ્રીજીએ ધીરજ આપીને શાંત પાડ્યાં. પછી શ્રીજીમહારાજે તલવારને મ્યાનમાંથી કાઢીને જીવાખાચરને તથા મુળુખાચરને કહ્યું કે આ મારી તીક્ષ્ણ ધારવાળી તરવારે કરીને ન પડે તેવા કોઠા તથા કિલ્લાઓ પાડેલા છે. તલવારે કરીને સર્વત્રવ્યાપક કાળનો તથા દાદાખાચરને દુઃખ આપનાર રાજાઓનો તેના કુળસહિત નાશ કરી નાખીશ.

એવી રીતે તલવારને મ્યાનમાંથી કાઢીને વાત કરી ને બન્ને જણ ત્યાંથી ઊઠી પોતાના મુકામે ગયા. પછી દાદાખાચરને શ્રીજીએ પોતાનું ઐશ્વર્ય દેખાડવાની ઈચ્છા કરી. તે સમે દાદાખાચરને મુર્છા આવી કે તુરંત કાળ આવીને ગણપતિને સ્થાનકે લઈ ગયા. ત્યાં આઠ પાંખડીના કમળ ઉપર પોતાના પરિવાર સહિત

બેઠેલા ગણપતિને દાદાએ જોયા. તેટલામાં શ્રીજી ત્યાં પધાર્યા. શ્રીજીને જોઈ ગણપતિએ પોતાના આસનેથી ઊઠી શ્રીજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોતાના આસને બેસાર્યા. ને ષોડશોપચારથી પૂજા કરીને ઘણી સ્તુતિ કરીને પછી દાદાખાચરની પૂજા કરી ને નૃત્ય કર્યું. પછી શ્રીજી બન્નેને દેખતાં છતાં અંતર્ધાન થઈ ગયા. તે સમે કાળ દાદાને પોતાના સ્થાનમાં લઈ ગયો. ત્યાં મહાક્રુર આકૃતિવાળો ને હજાર હાથે આયુધ ધારેલાં ને ત્રણ મસ્તક ને ત્રણ લોચન જેને છે એવા કાળની સન્મુખ દાદાખાચર જાય છે. તેટલામાં હાથમાં તીક્ષ્ણ ધારણ કરી છે તલવાર જેમણે એવા શ્રીજી ત્યાં પધાર્યા. ને કાળને કહ્યું કે અમારા એકાંતિક ભક્તને તું અહીં શા માટે લાવ્યો છું ? તેને પરાભવ કરવાને કોઈ સમર્થ નથી.

તેવું શ્રીજીનું વાક્ય સાંભળીને ભયને પામતો ને થરથર ધ્રૂજતો કાળ હાથ જોડીને બોલ્યો, કે હે મહારાજ, દાદાખાચરને અહીં ન લાવત તો અમારા સ્થાનમાં આપશ્રી ક્યાં પધારવાના હતા ? જો દાદાને લાવ્યો તો ગણપતિના તથા મારા સ્થાનમાં આપશ્રી પધાર્યા, ને મારું સ્થાન પવિત્ર કર્યું. હવે આપ સુખેથી લઈ જાઓ, ને મેં કરેલો જે ગુનો તે માફ કરો.' એમ કહીને કાળ મૌન રહ્યો કે તુરંત શ્રીજી દાદાખાચરને લઈ સૂર્યના સ્થાનમાં પધાર્યા. ત્યાં સૂર્યે શ્રીજીની સ્તુતિ કરી પછી સૂર્યે ષોડશોપચારથી પૂજા કરી પછીથી વાલખીલ્યાદિક ઋષિઓએ સ્તુતિ ને પૂજન કર્યું. પછી શ્રીજી દાદાને લઈ વૈકુંઠમાં ગયા. ત્યાં શ્રીજીને જોઈ લક્ષ્મીનારાયણદેવે પોતાને આસનેથી ઊઠીને સન્મુખ ચાલી ઘણાં જ પ્રેમથી પોતાના સિંહાસનમાં બેસાર્યા ને દિવ્ય ષોડ્શોપચારથી પૂજા સ્તુતિ કરી.

પછી શ્રીજી દાદા પ્રત્યે બોલ્યા જે તમે લક્ષ્મીનારાયણ દેવને પૂછો જે સર્વ અવતારના અવતારી તમો છો, કે આ બિરાજમાન શ્રીહરિ છે ? આવી રીતે શ્રીજીએ દાદાખાચરને કહ્યું તે પ્રમાણે દાદાએ લક્ષ્મીનારાયણદેવને પૂછ્યું. ત્યારે લક્ષ્મીનારાયણદેવે કહ્યું જે આ પોતે શ્રીહરિ સર્વ અવતારના અવતારી છે ને સર્વના કારણ છે. તેમની આજ્ઞાનુસારે કાળ–માયા સર્વે વર્તે છે. ને અમો તો તેમના અવતાર છીએ. ને તમો મહાભાગ્યશાળી છો. કેમ કે તમારે ત્યાં આ પુરુષોત્તમનારાયણ વિરાજે છે. માટે તમારા જેવાં મહત્તમ ભાગ્ય કોઈનાં નથી એમ તમે જાણો. એવી રીતે દાદાને લક્ષ્મીનારાયણદેવે કહ્યું.

પછી તે સ્થાનમાંથી દાદાને સાથે લઈ શ્રીજીમહારાજ ગોલોકમાં પધાર્યા. ત્યાં શ્રીહરિને જોઈ પોતાના સિંહાસનથી ઊતરી શ્રીકૃષ્ણ સન્મુખ ચાલી પ્રેમપૂર્વક મળી

સિંહાસનમાં શ્રીજીને પધરાવ્યા. ને દિવ્ય ષોડ્શોપચારથી પૂજાસ્તુતિ કરી. તેવી જ રીતે શ્રીકૃષ્ણના પાર્ષદોએ તથા ગોપગોપીઓએ ઘણાં પ્રેમપૂર્વક પૂજા કરી. શ્રીજીએ પ્રથમની પેઠે દાદાખાચરને કહ્યું કે તમો શ્રીકૃષ્ણને પૂછો. ત્યારે દાદાએ પૂછ્યું. તે સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે આ પોતે શ્રીહરિ સર્વ અવતારના અવતારી ને સર્વના નિયંતા છે. ને અમો તો શ્રીજીના અવતાર છીએ, એમ તમે જાણો. પછી શ્રીહરિની સન્મુખ ગોપગોપીઓએ રાસ કર્યો ને શ્રીહરિને પ્રસન્ન કર્યા. ને દાદાખાચર પણ શ્રીકૃષ્ણનાં વચન સાંભળીને બહુ જ પ્રસન્ન થયા.

પછી ગોલોકમાંથી શ્રીજી દાદાને અક્ષરધામમાં લઈ ગયા. ત્યાં શ્રીજીને દિવ્ય સિંહાસનમાં બેસાડીને મૂળ અક્ષરે શ્રીજીની પ્રથમ ષોડ્શોપચારથી પૂજાપ્રાર્થના કરી. પછી બીજા અક્ષર મુક્તોએ શ્રીજીની પૂજાસ્તુતિ કરી. ને અક્ષરધામમાં રહેલ શ્રીહરિની મૂર્તિમાં શ્રીજીમહારાજ લીન થયા. પછી અક્ષરધામની મૂર્તિમાંથી જુદા દેખાણા. વળી શ્રીજીમહારાજની મૂર્તિમાં અક્ષરધામની મૂર્તિ લીન થઈ એવી રીતે દાદાખાચરને બે-ત્રણ વખત શ્રીજીએ દેખાડ્યું. તેણે કરીને દાદાખાચરે જાણ્યું જે અક્ષરધામની મૂર્તિ ને શ્રીજી મહારાજની મૂર્તિ એક જ છે પણ જુદી નથી. એવો દાદાખાચરને નિશ્ચય કરાવીને અક્ષરધામમાંથી દાદાને શ્વેતદ્વીપમાં શ્રીજી લઈ ગયા. ત્યાં શ્વેતદ્વીપ પતિ વાસુદેવ નારાયણે શ્રીજી સન્મુખ ચાલી પ્રેમથી પોતાના આસને બેસાર્યા. ને દિવ્યષોડ્શોપચારથી શ્રીજીની પૂજા સ્તુતિ કરી. તેવી જ રીતે નિરન્નમુક્તોએ તથા ધર્મભક્તિએ પૂજા કરી પ્રાર્થના કરી.

પછી દિવ્ય રૂપવાળાં જયાબાને ઉત્તમરાજાએ દેખ્યાં. તે સમે વાસુદેવે દાદાખાચરને કહ્યું જે તમારા જેવાં કોઈનાં ભાગ્ય નથી, કારણ કે સર્વ અવતારના અવતારી ને સર્વના કારણ સર્વના નિયંતા એવા આ પુરુષોત્તમ નારાયણ તમારે ત્યાં વિરાજે છે. એમ કહીને બોલ્યા જે અમો તો આ શ્રીજીના અવતાર છીએ ને શ્રીજીની આજ્ઞાનુસાર વર્તીએ છીએ. પછી શ્રીજીને કહ્યું જે બદરિકાશ્રમમાં પધારો. હું પણ આપની સાથે આવું છું. એમ કહીને શ્રીજીને તથા દાદાને સાથે લઈ વાસુદેવ નારાયણ બદ્રિકાશ્રમમાં ગયા. ત્યાં શ્રીજીને આવેલા જોઈ બદ્રિપતિ નરનારાયણે શ્રીજીને દિવ્ય આસને બેસાડી ષોડ્શોપચારથી પૂજા સ્તુતિ કરી. પછી પૂર્વની માફક નરનારાયણે દાદાને કહ્યું. તે સાંભળીને દાદાખાચર બહુ જ પ્રસન્ન થયા.

પછી બદ્રિકાશ્રમમાંથી દાદાખાચરને શ્રીજીમહારાજે તેમના દેહમાં પ્રવેશ કરાવ્યો તે જ રાત્રિએ પૃથ્વીનો કંપ થવાથી મોટા કિલ્લાઓ તથા કોઠાઓ પડી ગયા

ને ઘણો જ ઉત્પાત થયો. પછી બીજે દિવસે પ્રાતઃકાળમાં શ્રીજીએ સભા કરી. ત્યાં દાદાખાચર આવ્યા ને પોતે જોયેલ તથા સાંભળેલ વાર્તા મહારાજશ્રી પાસે કહી. તે સાંભળી શ્રીજી ઘણું જ મંદમંદ હસ્યા. તે જ સમયમાં એક શિલ્પી સુશોભિત વાસુદેવ નારાયણની પ્રતિમા લાવ્યો. તેને મહારાજે રાખીને તેની કિંમત આપવાની કહી ત્યારે તેણે કહ્યુંજે હું ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જાઉં છું પછી આવીને લઈશ. તેમ કહીને તે શિલ્પી ગયો. તે કેડે શ્રીજીએ તેને બોલાવવા એક પાર્ષદને મોકલ્યો પણ તે ન મળવાથી પાછો આવ્યો.

તે સમે કારિયાણીના ઉનડખાચર સભામાં બેઠા હતા. તેમણે શ્રીજીને કહ્યું જે આ તમારું ચરિત્ર અમને સમજાયું નહિ માટે તે કહો, ત્યારે તેમને શ્રીજીએ કહ્યું જે હું એક વખત આ ઉત્તમરાયને મારાં ધામ દેખાડવા જતો હતો. તેમાં પ્રથમ વૈકુંઠ ગોલોક-શ્વેદ્વીપ-બદ્રિકાશ્રમમાં ગયો. તે ધામોના નિવાસીઓએ મારી પ્રાર્થના કરીને કહ્યું જે તમારા સમીપમાં પૃથ્વીમાં અમને રાખજો. ને માટે શ્વેતદ્વીપમાંથી વાસુદેવે વાસુદેવનારાયણની મૂર્તિ પોતાના પાર્ષદ સાથે મોકલી તે મને આપી તે શ્વેતદ્વીપમાં ગયો. માટે વાસુદેવનારાયણને અહીં પધરાવશું. ને નરનારાયણ દેવને અમદાવાદમાં પધરાવશું. તેમજ લક્ષ્મીનારાયણદેવ તથા મારી મૂર્તિ સહિત રાધાકૃષ્ણદેવ તથા વાસુદેવ સહિત ધર્મભક્તિને શ્રીવડતાલમાં પધરાવશું. ને અહીં મંદિર કરાવીને મારા શરીરરૂપ શ્રીગોપીનાથજીને પધરાવશું ને મારી મૂર્તિ હરિકૃષ્ણજી ને રઘુવીરજી પધરાવશે. એવી રીતે શ્રીજીમહારાજે વાત કરી. તેને સર્વેએ સાંભળીને પરમ આનંદ પામ્યા ને શ્રીજીમહારાજને સર્વે અવતારના અવતારી ને સર્વેના કારણ માનતા હતા. ॥૧૨॥

ગઢડાથી શ્રીજીમહારાજ સારંગપુર જઈ દાદાખાચરને ગઢડે મોકલ્યા ને શ્રીજી કારિયાણી પધાર્યા. હવે દાદાખાચર ધર્મશાળામાં ભાઈરામદાસજીનાં દર્શને ગયા. ત્યાં ભાઈરામદાસજીએ મહારાજના સમાચાર પૂછ્યા ત્યારે કહ્યું જે શ્રીજી કારિયાણી ગયા છે. તે સાંભળી ભાઈરામદાસજીએ કહ્યું જે મારે કાલે ધામમાં એકાદશીને દિવસે જવું છે માટે તમો મહારાજને બોલાવી લાવો. આ પ્રકારનું સ્વામીનું વચન સાંભળીને દાદાએ કમા રાઠોડને એકદમ શ્રીજીને બોલાવવા સારુ કારિયાણી મોકલ્યા. તે શ્રીજી પાસે જઈ નમસ્કાર કરીને બેઠા, ત્યારે શ્રીજીએ સમાચાર પૂછ્યા તેથી કહ્યું જે ભાઈરામદાસજીને મહારોગ થયો છે ને કાલે એકાદશીને દિવસે મધ્યાહ્ને દેહત્યાગ કરવાના છે ને તમને વારંવાર યાદ કરે છે માટે એકદમ ચાલો.

તે સાંભળી મહારાજ તત્કાળ માણકીએ બેસી ગઢડે આવ્યા, ને માણકી ઘોડીથી ઊતરીને સ્વામી પાસે ગયા. તે સમે ભાઈરામદાસજી ઊંડા ઊતરી ગયા હતા. તેથી મહારાજે ત્રણ વખત ઊંચે સ્વરેથી બોલાવ્યા તેથી જાગ્રત થયા. ને મહારાજનાં દર્શન કરીને કહ્યું જે મારું અવસાન સમીપમાં આવેલ છે. માટે સમગ્ર સાધુને તથા હરિભક્તોને બોલાવો. પછી સર્વેને બોલાવ્યાથી સમીપમાં આવ્યા ને શ્રીજીને તથા ભાઈરામદાસજીને પગે લાગી શ્રીજી સહિત સ્વામી પાસે બેઠા. તે સમે એક બાજોઠ ઉપર સ્વામીએ શ્રીજી મહારાજને બેસાડ્યા. ને ઉન્મત્તગંગાના જળથી સ્નાન કરાવીને શ્રીજીને અમૂલ્ય સુશોભિત પીતાંબર પહેરાવ્યું ને નખથી શીખા પર્યંત શ્રીજીની મૂર્તિને પોતાના હૃદયમાં ઉતારી.

પછી શ્રીજીના લલાટમાં કેસરચંદનથી અર્ચન કરીને કંઠમાં પુષ્પના હાર પહેરાવ્યા. ને દાડમ-કેળાં-લીલીદ્રાક્ષ વિગેરે મેવો અર્પણ કર્યો. ને આરતી ઉતારીને પોતાના હૃદયમાં શ્રીજીની મૂર્તિને ધારીને સર્વત્યાગી તથા હરિભક્તોને કહ્યું જે હું એક વાત કહું તે સાંભળો. સંતો મને એમ પૂછતા જે શ્રીજી મહારાજ કૃષ્ણ જેવા કે કેમ ? તે સાંભળી હું એ વિશે કાંઈ બોલતો નહિ, કારણ કે શ્રીજીને કૃષ્ણ કરતાં અધિક કહું તો મારા વાક્યનો અનાદર કરે એમ ધારીને બોલતો નહિ, પણ અવતારમાં ભેદ નથી. કેની પેઠે તો સાકરમાં તથા સાકરના નાળિયેરમાં ભેદ નથી તેમ.

એક વખત ઉદ્ધવવતાર રામાનંદસ્વામી તથા શ્રીકૃષ્ણ ભગવાને મને દર્શન દીધાં. પછી મેં તેમને પ્રેમપૂર્વક નમસ્કાર કર્યા. તે સમે મારા ઉપર રાજી થઈને શ્રીકૃષ્ણભગવાન અમૃતરૂપ વચન બોલ્યા, હે યોગીવર્ય, આ શ્રીહરિકૃષ્ણ ભગવાન સાક્ષાત્પરાત્પર પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ તે સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ છે. ને કાળ માયાના નિયંતા છે ને અતુલ્ય છે પરાક્રમ જેમનું એવા છે. વિચિત્ર શક્તિએ યુક્ત કલ્યાણ ગુણગણના સમુદ્રરૂપ એવા આ શ્રીહરિને તમો સર્વ અવતારના અવતારી જાણશો. ત્યારે તમારો આત્યંતિક મોક્ષ થાશે. એમ મને કહીને તે બેઉ અંતર્ધાન થઈ ગયા. ત્યારથી તેમના કહેવાથી આ શ્રીજીમહારાજને સર્વ અવતારોના કારણ માનું છું. માટે આ સાક્ષાત્ શ્રીહરિ સર્વોપરી છે, તે થકી પર કોઈ નથી એમ હું જાણું છું. ને જો હું અસત્ય બોલતો હોઉં તો આ પાંચસે પરમહંસોના સમ છે. તથા બ્રહ્માંડ ભાંગે એનું પાતક મને થાઓ. ત્યાં શ્લોક છે જે,

અત્રાસત્યં યદાસ્યાચ્ચેત્તર્હિ મે શપથઃ સતામ્ ।
અસ્તિબ્રહ્માંડભંગસ્ય પાતકં મે તથા મહત્ ॥

દુર્ગપુર માહાત્મ્ય અધ્યાય ૭૮૦

એ પ્રકારના સમ ખાઈને ભાઈરામદાસજીએ શ્રીજીને કહ્યું જે આપનાં ચરણારવિંદ મારી છાતીમાં ધારણ કરો. ત્યારે શ્રીજીએ કહ્યું જે તમે તો સર્વે મુનિઓમાં શ્રેષ્ઠ છો. વળી મારા ગુરુભાઈ છો માટે તમારી છાતીમાં મારાં ચરણારવિંદ ધારણ નહિ કરું. તે સાંભળીને ભાઈરામદાસજીએ કહ્યું જે તમે તો ગુરુના પણ ગુરુ છો માટે જેમ બીજાને છાતીમાં ચરણારવિંદ આપો છો તેવી રીતે મારા પર કૃપા કરીને તમારા ચરણકમળ મારી છાતીમાં ધારણ કરો. એમ કહ્યું તે સમે ભાઈરામદાસજીની છાતીમાં શ્રીજીએ ચરણકમળ ધારણ કર્યાં. પછી સાકરનું પાણી કરાવીને પોતે પાન કર્યું. પછી પ્રસાદીનું સાકરનું પાણી ભાઈરામદાસજીને તથા સર્વે ત્યાગીઓ તથા હરિભક્તોને પાયું. ને આખી રાત્રિ સાધુ પાસે કીર્તનભક્તિ કરાવીને એકાદશીને દિવસે શ્રીહરિના તેજોમય દિવ્ય સ્વરૂપને અંતરમાં ધારી પોતાના શરીરનો ત્યાગ કરી ભાઈરામદાસજી અક્ષરનિવાસી થયા.

પછી શ્રીજીએ વિમાન કરાવીને તેમાં સ્વામીને પધરાવીને ગાજતેવાજતે ભક્તિબાગથી ઉગમણી કોરે ઓકળી છે તેને સામે કાંઠે ચિતા રચાવીને અગ્નિસંસ્કાર કરાવ્યો. તે સમે શ્રીજીએ ભાઈરામદાસજીની ઘણી પ્રશંસા કરી જે ધર્મજ્ઞાન વૈરાગ્યાદિકે યુક્ત હતા ને સત્સંગીઓનું માતાપિતાની પેઠે પોષણ કરનાર હતા. તેમજ અવતાર સમ ઐશ્વર્યવાળા ભાઈરામદાસજી નિરંતર પોતાના આત્માને દેખતા તોપણ મારી મૂર્તિને કાયમ પોતાના નેત્ર આગળ જોતા. માટે આ સ્થાન તેમના નામે પરિણામે ચમત્કારિક પ્રસિદ્ધ થશે. આવું શ્રીજીનું વચન સાંભળીને ભાઈરામદાસજીના માહાત્મ્યને જાણતાં છતાં શ્રીજીમહારાજને નમસ્કાર કરતા હતા. પછી શ્રીજી મુનિઓ સહિત ઉન્મત્તગંગામાં સ્નાન કરી મંદિરમાં આવ્યા. પછી ભાઈરામદાસજીની પર્ણકુટિએ ગયા. ત્યાં બેસી ભાઈરામદાસજીના ગુણનું ઘણું વર્ણન કર્યું ને બીજે દિવસે લાડુબાએ રસોઈ આપીને શ્રીજીમહારાજને તથા સર્વે સંતોને ઘણાં જ પ્રેમથી જમાડ્યા હતા. ॥૧૩॥

અયોધ્યાના રહીશ સરવરીયા બ્રાહ્મણ મુક્તાનંદ સ્વામી પોતાનાં માતાપિતા તથા પોતે પોતાનાં બેન ધનબા મળી ચાર જણાં તીર્થયાત્રા કરવા નીકળ્યાં તે ફરતાં ફરતાં કાઠિયાવાડ દેશમાં ગામ અમરેલી આવ્યાં. ને ત્યાં મૂળદાસ બાવાની જગ્યામાં

ઊતર્યાં. ત્યાં મુક્તાનંદ સ્વામીના પિતાને લોહિખંડ પેટ બેસણું થવાથી ઘણો મંદવાડ થઈ ગયો. તેથી ત્યાંની જગ્યાના મહંત મૂળદાસને પોતાની પાસે બોલાવીને મુક્તાનંદ સ્વામીના પિતાએ કહ્યું કે મારા દેહનો નિરધાર નથી માટે આ મારી સ્ત્રી તથા દીકરાદીકરીની ભલામણ હું તમને કરું છું. એમ મૂળદાસને પોતાના કુટુંબની ભલામણ કરીને થોડા દિવસમાં મુક્તાનંદ સ્વામીના પિતા દેહત્યાગ કરી ગયા. તેમજ મુક્તાનંદ સ્વામીનાં માતુશ્રી પણ થોડા સમયમાં દેહત્યાગ કરી ગયાં. પછી મુકુંદદાસને અમરાપરમાં પરણાવ્યા. ને ત્યાં પોતે જમાઈ તરીકે રહ્યા અને ધનબાને ગામ ઓળીયામાં પરણાવ્યાં.

એક સમે મુકુંદદાસે એકાંતમાં બેસીને વિચાર કર્યો જે, જે જે યોનિમાં આ જીવ ગયેલ છે ત્યાં ત્યાં વિષયની પ્રાપ્તિ જીવને થઈ છે તોપણ વિષયની તૃપ્તિ થઈ નથી માટે હવે તો આ દેહે કરીને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્યવ્રત પાળીને એકાંત સ્થળમાં બેસીને પરમાત્માનું આરાધન કરી આ દેહનો ત્યાગ કરવો છે, પણ વ્યવહારમાં રહેવું નથી. એવો ચોક્કસ વિચાર કરી ગાંડાની પેઠે વર્તવા લાગ્યા ને ગામમાં દોડાદોડ કરે ને મુખેથી 'રામ ગટાગટ મહુડી ફુલી' એમ વારંવાર બોલે ને પોતાની જગ્યામાં લીંબડો હતો તેની ઉપર ચઢે ને ઊતરે તેમજ પોતાની ચીજ હોય તે કોઈકે ઘેર મૂકી આવે ને પરની ચીજ પોતાને ઘેર લઈ આવે. એમ આખા ગામમાં ધમાલ મચાવે તેથી મુકુંદદાસના સસરાને ગામના લોકોના ઠપકા આવે જે તમારા ગાંડા જમાઈને કેમ સાચવતા નથી ? અમારી સારી વસ્તુ હોય તેને ભાંગી નાખે છે ને લાગ ફાવે તો લઈ જાય છે.

આવું લોકનું વચન સાંભળીને મુકુંદદાસના સસરાએ વિચાર કર્યો જે જોયામાં તો ગાંડા જેવા જણાતા નથી ને આમ કેમ કરતા હશે ? માટે તેને એકાંતમાં બેસાડીને પૂછી જોઉં તેથી તેનું જેવું હારદ હશે તે જણાઈ આવશે. એમ વિચાર કરીને મુકુંદદાસને પોતાની જગ્યામાં બેસાડીને કહ્યું જે મુકુંદદાસ તમો આમ તો ગાંડા જેવા લાગતા નથી છતાં આમ કેમ વરતો છો ? તમારા મનમાં જે ઠરાવ કરેલ હોય તે મને સુખેથી કહો તે પ્રમાણે હું બંદોબસ્ત કરી આપું, પણ લોકના ઠપકા મારે વારંવાર સાંખવા પડે છે તે ઠીક નહિ.

આ પ્રકારે બહુ બહુ સમજાવ્યા તોપણ પોતાના સસરાનું એક વચન મન્યું નહિ ત્યારે મુકુંદદાસના સસરા કંટાળીને અમરેલી ગયા. ત્યાં મૂળદાસને મુકુંદદાસની સર્વ બીના કહીને કહ્યું જે આવો ગાંડો અમારાથી પલવાય નહિ માટે હવે તમારી જગ્યામાં

રાખો તો ઠીક, કારણ કે હું ગમે તેટલા ઉપાય કરીશ તોપણ મારાથી તેનું ગાંડપણ ટળે તેમ નથી. તમારી પાસે સુધરે તો સુધારો ને તેના શરીરની સારી સ્થિતિ થશે ત્યારે પાછો લઈ જઈશ. પછી મૂળદાસના એક સેવકને સાથે લઈને અમરાપર આવ્યા ને તેની સાથે મુકુંદદાસને અમરેલી મોકલ્યા. ત્યાં પણ પોતે જેમ વર્તતા હતા તેમ વર્તવા લાગ્યા તેથી મૂળદાસે મુકુંદદાસને એકાંતમાં વાત પૂછી ત્યારે પોતાનો જેવો અભિપ્રાય હતો તે પ્રમાણે મૂળદાસ આગળ વાત કરી.

તે વાત સાંભળીને મૂળદાસ બહુ રાજી થયા. તે જોઈને મુકુંદદસે કહ્યું જે કામવાસના જ્યાં જિતાય ને ભગવાનનું ભજન-સ્મરણ સુખે થાય ને જેણે કામવાસના જીતેલ હોય તેવા મહંત બતાવો તો હું તેની પાસે જઉં. તે સાંભળીને મૂળદાસે કહ્યું જે એવા મહંત તો ધ્રાંગધ્રામાં દ્વારિકાદાસ છે માટે તમે તેની પાસે જાઓ, એમ કહીને દ્વારિકાદાસ પાસે મોકલ્યા. તેની જગ્યાનો ઠાઠમાઠ જોઈને તથા ગુરુનો આડંબર જોઈને પોતાના મનમાં ઘણો સંતોષ થયો જે આવા ગુરુ પાસે રહીને સેવા કરી તેમની પ્રસન્નતા મેળવીશ, તેણે કરીને કામવાસના સહેજે જિતાય. એમ ધારી તે બાવાની સેવા અનુવૃત્તિ પ્રમાણે કરવા લાગ્યા. તેથી બાવાજી ઘણા પ્રસન્ન થયા ને મુકુંદદાસને કહે જે તમારી શી ઈચ્છા છે ? જે માંગો તે હું તમને આપું. તમારે આ જગ્યાનાં મહંત થવું હોય તો સુખેથી આ જગ્યાના મહંત કરું અથવા બીજી ઈચ્છા હોય તો સુખેથી માગો. ત્યારે મુકુંદદાસ કહે કે મારે આલોકની માનમોટપ જોઈતી નથી. મને સુખેથી કામવાસના જિતાય તેવો ઉપાય બતાવો, એ હું તમારી પાસે માગું છું.

તે સાંભળીને દ્વારિકાદાસ કહે જે કામવાસના જીતવી ઘણી કઠણ છે. હું વૃદ્ધ થયો પણ હજુ કામવાસના મારા અંતઃકરણમાંથી ટળતી નથી તો હું તને કામવાસના ટળે એવો ઉપાય ક્યાંથી બતાવું ? આવું દ્વારિકાદાસનું વચન સાંભળીને મુકુંદદાસ પોતાના અંતઃકરણમાં બહુ જ ખેદ કરવા લાગ્યા જે આ કરતાં બીજા મહંતની પાસે ગયો હોત તો મને કામવાસના જિતાય તેવો રસ્તો બતાવત. માટે હવે મારે કેમ કરવું એમ ધારી બાવાજીની પાસે કહે જે મને તમે કામવાસના જીતેલા બીજા ગુરુ દેખાડો તો તેમની પાસે જાઉં. મારે હવે આપ પાસે રહેવું નથી. ત્યારે દ્વારિકાદાસ કહે કે વાંકાનેરમાં કલ્યાણદાસજી બાવા બહુ જ સમર્થ છે ને કામવાસના તેમણે જીતેલ છે એમ મેં બહુ વાર સાંભળેલ છે માટે તમે વાંકાનેર જાઓ.

પછી દ્વારિકાદાસની રજા લઈને વાંકાનેર ગયા. ત્યાં કલ્યાણદાસ બાવો પંચાશી વરસના ને પીત્તળનો આડ બંધને તાળું, તેની કુંચી તેના શિષ્ય પાસે. જ્યારે તેની જરૂર પડે ત્યારે શિષ્ય ઉઘાડે. આવો બંદોબસ્ત જોઈ મુકુંદદાસ બહુ પ્રસન્ન થયા. તેથી તેમની પાસે ઘણાં દિવસ રહ્યા. ને મન કર્મ વચને બાવાની બહુ સેવા કરવા લાગ્યા. એક દિવસ બાવાને પૂછ્યું જે મુકુંદદાસ તારે કાંઈ ઈચ્છા છે ? હોય તો માંગો, કારણ કે તું મારી બહુ સેવા કરે છે તેથી હું તારા ઉપર પ્રસન્ન થયો છું. તે સાંભળી મુકુંદદાસે કલ્યાણદાસને હાથ જોડીને કહ્યું મારી કામવાસના જિતાય તેવો ઉપાય મને કહો, તે સિવાય હું બીજું માંગતો નથી.

ત્યારે કલ્યાણદાસ કહે કે મુકુંદદાસ હું એક વખત તીર્થયાત્રા કરવા ગયો હતો. ઉજૈન નજીક જતાં ઉજૈનનો રસ્તો હું ભૂલી ગયો. તે વનમાં એક સ્ત્રી છાણાં વીણતી હતી. તેને મેં પૂછ્યું જે બેન ઉજૈનનો રસ્તો ક્યે તરફ ? ત્યારે તે બાઈએ છાણાં વીણતાં હાથનું લટકું કરી કહ્યું કે બાવાજી તમે જાઓ છો તે ઉજૈનનો રસ્તો છે. તે બાઈનું કરેલ હાથનું લટકું હજી મારા જીવમાં પેસી ગયું છે તે વિસાર્યું વિસરાતું નથી. તેને વર્ષ ચાળીશ થયાં તો હવે તને હું કામવાસના જીતવાનો રસ્તો શું બતાવું ? તારે કામવાસના જીતવી હોય તો સરધારમાં તુલસીદાસ પાસે જા. તે બાવો બહુ સમર્થ છે. ને તારે અહીં રહેવું હોય તો આ જગ્યા આપું. ત્યારે મુકુંદદાસે ચોખ્ખી ના પાડીને કહ્યું કે, આપ કહો છો તે માટે હું સરધાર જાઉં છું. પછી તેની રજા લઈ સરધાર ગયા. ત્યાં તુલસીદાસને મળ્યા.

તુલસીદાસ ઘણા વૃદ્ધ હતા. તેમને એક ચેલો હતો. તેને પેટમાં બરોળ હતી ને ખટપટિયો હતો. મુકુંદદાસજી જ્યારે તેની જગ્યામાં રહ્યા ને તુલસીદાસની સેવા કરવા લાગ્યા, તે જોઈ બરોળીઓ ઈર્ષ્યા કરવા લાગ્યો. પણ તેને ન ગણીને જેમ સેવા કરતા તેમ સેવા કરે. મુકુંદદાસનું વય તથા સ્વરૂપ તથા સારો કંઠ તથા રામાયણની કથા કરે તેથી બાઈ-ભાઈ આદિકની સભા ભરાઈ રહે. તેથી તુલસીદાસનો સ્નેહ વૃદ્ધિ પામ્યો ને તુલસીદાસ મુકુંદદાસને આધીન થઈ ગયા.

તેવામાં ત્યાં રામાનંદ સ્વામી પધાર્યા. તેથી રામાનંદ સ્વામીની પાસે તુલસીદાસના શિષ્યો બેસવા જાય ને સાધારણ માણસ મુકુંદદાસ પાસે કથા સાંભળવા આવે. એક દિવસ મુકુંદદાસે પૂછ્યું કે માણસો બહુ કથા સાંભળવા આવતા ને હવે કેમ નથી આવતા ? ત્યારે કોઈએ કહ્યું આ ગામમાં મહાપ્રતાપી રામાનંદ સ્વામી આવ્યા છે તેમની પાસે જ્ઞાનોપદેશ સાંભળવા સહુ જાય છે ને તમારે પણ સમાગમ

કરવા જેવા છે. આવું વચન સાંભળવાથી મુકુંદદાસ તે રાત્રિએ રામાનંદ સ્વામી પાસે કથાવાર્તા સાંભળવા ગયા. મુકુંદદાસને જોઈ રામાનંદ સ્વામીએ પૂછ્યું જે તમે કોણ છો ? ત્યારે કહે કે, હું અહીંના બાવા તુલસીદાસનો સેવક છું. ત્યારે સ્વામીએ કહ્યું આજ તો ભલે આવ્યા પણ કાલથી દયા કરી અમારી પાસે આવશો નહિ, કારણ કે અમારે ને તે બાવાજીને તમારા નિમિત્તે પરસ્પર વિક્ષેપ થાય.

એમ કહીને રામાનંદ સ્વામીએ રજા આપી દીધી, ત્યારે મુકુંદદાસ સ્વામીને જય સીતારામ કહીને પોતાના સ્થાનમાં ગયા. બીજે દિવસ રાત્રિએ રામાનંદ સ્વામી પાસે કથાવાર્તા સાંભળવા ગયા. તે જગ્યાની પછવાડે એક ખંચાળી હતી, ને તે મકાનનાં નેવાં તેમાં પડતાં હતાં તે વખતે સાધારણ વરસાદ પણ વરસતો હતો. ને નેવાંનું પાણી મુકુંદદાસના અરધા શરીર ઉપર પડતું હતું. તોપણ તે કથાવાર્તામાં તલ્લીન હતા. તે સમે રામાનંદ સ્વામી પેશાબ કરવા તે ખંચાળીમાં ગયા. ત્યાં મુકુંદદાસને ઊભેલા જોયા તેથી સ્વામીએ પૂછ્યું, આ અંધારામાં કોણ ઊભું છે ? લાવો ફાનસ, તપાસ કરો. ત્યારે ફાનસ લઈ જોયું ત્યાં તો મુકુંદદાસ ઊભેલા. ત્યારે રામાનંદ સ્વામીએ મુકુંદદાસને કહ્યું જે, મેં આપને કાલે ના પાડી હતી ને આજ કેમ આવ્યા ? ચાલો, સહુ બેસે છે ત્યાં બેસો.

એમ કહીને સ્વામીએ પોતાની સાથે સહુ બેઠા હતા ત્યાં બેસાડ્યા. કથાવાર્તાની સમાપ્તિ થઈ ત્યારે ગામના માણસો ગયા. પછી રામાનંદ સ્વામીને મુકુંદદાસે કહ્યું જે મને આપની પાસે રાખો. હું ઘણાં સ્થાનમાં ફર્યો પણ આ બે દિવસથી જેવી શાંતિ મને થઈ છે તેવી કોઈ સ્થાનમાં મળી નથી. માટે કૃપા કરીને મને તમારી સેવામાં રાખો. તમે જેમ આજ્ઞા કરશો તેમ કરીશ. ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું જે હું કાલે બંધીયા જઈશ ને ત્યાં થોડા દિવસ રોકાઈશ. તમારે આવવું હોય તો તુલસીદાસ પાસે રજા લઈ તેના હાથ અક્ષરનો પત્ર લઈ આવશો તો સુખેથી રાખીશ. પણ તમો જરૂર આવજો. એમ કહી રામાનંદ સ્વામી બીજે દિવસ બંધીયા ગયા.

મુકુંદદાસને બંધીયા જવું છે પણ રજા સિવાય કેમ જવાય ? તેથી પોતાની જગ્યામાં હરકોઈ સદાવ્રતીઓ સદાવ્રત લેવા આવે. તેને શીરાપુરીનાં સદાવ્રત આપે. વસ્ત્રો તથા વાસણ વિગેરે ગમે તે માગે તેને આપવા લાગ્યા. તે જોઈ તુલસીદાસનો બરોળીઓ સેવક ખમી શક્યો નહિ. તેથી તુલસીદાસની આગળ જઈ કહ્યું કે, આજકાલનો આવેલ મુકુંદદાસ સદાવ્રત ખોલી બેઠો છે માટે તમે

તેને કાંઈક ઠપકો આપો તો સારું. નહિતર કોઠાર ખાલી કરી નાંખશે ને સદાવ્રત આપવામાં મૂઠી દાણો રહેવા દેશે નહિ. આવું વચન સાંભળી મુકુંદદાસને પોતાની પાસે બોલાવ્યો ને કહ્યું: મુકુંદદાસજી ! આપણું સદાવ્રત તો રામરોટીનું છે પણ શીરાપુરીનું નથી, માટે સાચવીને આપો તો સારું, કારણ કે કોઠાર ખાલી થશે તો પછી સદાવ્રતમાં શું આપીશું ? ત્યારે મુકુંદદાસે જવાબ આપ્યો **'જ્યારે કોઠાર થાશે નરવા રે ત્યારે જાશું તીરથ કરવા રે.'** આ પ્રકારે જ્યારે મુકુંદદાસે કહ્યું ત્યારે તુલસીદાસ બોલ્યા; આવો તમારો આશય છે ત્યારે તો હવે મારે તમારી કાંઈ જરૂર નથી. તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ.

એમ જ્યારે કહ્યું ત્યારે મુકુંદદાસ બોલ્યા જે હું બીજાની પાસે રહું તો તેની સાથે તકરાર ન કરો એમ જો કહો તો તમો તમારા હાથથી કાગળ લખી આપો જે આ મુકુંદદાસને જે રાખે તે સુખેથી રાખો. અમે તેમાં ખુશી છીએ. આ પ્રકારનો કાગળ મુકુંદદાસના કહેવા પ્રમાણે લખી આપ્યો, અને કાગળ લઈ પ્રણામ કરી બંધીયે ગયા. ત્યાં રામાનંદ સ્વામીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને તુલસીદાસના હાથનો લખેલ પત્ર રામાનંદ સ્વામીને આપ્યો. તે વાંચીને રામાનંદ સ્વામીએ મુકુંદદાસને પોતાની સેવામાં ઘણાં જ પ્રેમપૂર્વક રાખ્યા. ત્યાં રામાનંદ સ્વામીએ મુકુંદદાસને દીક્ષા આપી ને મુક્તાનંદ એવું નામ ધારણ કર્યું. ત્યાં થોડા દિવસ રહી ત્યાંથી લોજ ગયા ને રામાનંદ સ્વામી લોજમાં મુક્તાનંદને રાખીને પોતે ભૂજ પધાર્યા.

પછી ઘણાં દિવસે નીલકંઠ બ્રહ્મચારી લોજ પધાર્યા. તેઓ ગામના સમીપમાં એક વાવ છે ત્યાં સવારના પહોરમાં સ્નાન કરી ઉગમણા મુખારવિંદે સ્વાત્માકાર વૃત્તિ કરીને બેઠા હતા. તેવામાં ત્યાં રામાનંદ સ્વામીના સેવક સુખાનંદ સ્નાન કરવા આવ્યા. તેઓ નીલકંઠ બ્રહ્મચારીને ઘણાં આગ્રહથી પોતાની જગ્યામાં લઈ ગયા. ત્યાં મુક્તાનંદ સ્વામીનો તથા નીલકંઠ બ્રહ્મચારીનો પરસ્પર મેળાપ થયો ને ત્યાં રોકાણા. એક દિવસ વાતચીત કરતાં મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, અમારા ગુરુ રામાનંદ સ્વામી મહા સમર્થ છે, ને તે હાલ ભૂજમાં બિરાજે છે ને હું તેમની આજ્ઞાથી આ સાધુઓ સહિત આ જગ્યામાં રહું છું. ત્યારે નીલકંઠ બ્રહ્મચારી કહે હું ભૂજ જાઉં ત્યાં રામાનંદ સ્વામીનો મેળાપ થશે ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું ત્યાં તમારે જવાની જરૂર નથી રામાનંદ સ્વામી અહીં પધારવાના છે. વળી આગળ જતાં દેશ ઘણો વિકટ છે ને ખારા સમુદ્રની ખાડી ઊતરાય તેવી નથી. તમારે બહુ

ઉતાવળ હોય તો હું રામાનંદ સ્વામી ઉપર પત્ર લખી મોકલી દઉં ને તમો પણ એક પત્ર લખો, તેને મારા પત્ર સાથે મોકલી આપું.

પછી બેઉએ પત્ર લખીને મયારામ ભટ્ટ સાથે ભૂજ મોકલ્યા. રામાનંદસ્વામી આવતાં સુધી નીલકંઠ બ્રહ્મચારી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં નવ માસ રહ્યા. પછી રામાનંદ સ્વામી પીપલાણે પધાર્યા ને લોજથી મુક્તાનંદ સ્વામી તથા નીલકંઠ બ્રહ્મચારી વિગેરે પીપલાણે ગયા ને ત્યાં રામાનંદ સ્વામીને સહુએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછી રામાનંદ સ્વામીએ નીલકંઠ બ્રહ્મચારીને એકાંતમાં લઈ જઈને જે કાંઈ પૂછવું હતું તે પૂછી લીધું ને ત્યાં થોડા દિવસ રહીને નીલકંઠ બ્રહ્મચારીને વૈશ્નવી દીક્ષા આપી ને સહજાનંદ સ્વામી તથા નારાયણમુનિ એવાં બે નામ પાડ્યાં. પછી પીપલાણેથી જેતપુર પધાર્યા ને ત્યાં નીલકંઠ બ્રહ્મચારીને પોતાની ગાદીએ બેસાડ્યા ને ત્યાંથી નીલકંઠ બ્રહ્મચારીને તથા મુક્તાનંદ સ્વામી વિગેરેને લઈ ગામ ફણેણી ગયા. તે ગામમાં રામાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો.

ત્યાંથી શ્રીજીમહારાજ મેઘપર પધાર્યા ને ત્યાં સમાધિનું પ્રકરણ ચલાવ્યું. તે સમાચાર મુક્તાનંદ સ્વામીને ભૂજમાં મળ્યા. ત્યાંથી મુક્તાનંદ સ્વામી એક સંતને સાથે લઈ મેઘપર આવ્યા. એકાંતમાં શ્રીજીને બેસાડીને જેમ ઘટે તેમ કહ્યું. ત્યારે શ્રીજીએ કહ્યું જે સમાધિ તો રામાનંદ સ્વામીની ઈચ્છાથી થતી હશે. એમ વાત કરે છે તેટલામાં સંતદાસજી મહારાજની પાસે પગે લાગીને બેઠા. તે સમે શ્રીજીમહારાજની ઈચ્છાથી સંતદાસજીને સમાધિ થઈ ત્યારે મુક્તાનંદ સ્વામીને શ્રીજીએ કહ્યું જે તમને નાડી પરીક્ષાનું જ્ઞાન સારું છે માટે આ સંતદાસજીની નાડીની તપાસ કરો. મુક્તાનંદ સ્વામીએ પણ જે જે નાડીની તપાસ કરવી ઘટે તે પ્રમાણે કરી પણ તેમાં કાંઈ પોતાને સૂઝ પડી નહિ. ત્યારે માધવદાસે તથા જેઠામેરે મુક્તાનંદ સ્વામીને કહ્યું; સાચી સમાધિને જૂઠી કેમ કહેવાય ? તે સાંભળીને મુક્તાનંદ સ્વામીએ આ બેઉને કહ્યું જે રામાનંદ સ્વામી તો હજુ હમણાં દેહત્યાગ કરી ધામમાં પધાર્યા છે ને તમો બે આ વર્ણીના મત પ્રમાણે અનુસરો છો તે ઠીક નહિ. ને તે બેઉનું વચન મુક્તાનંદ સ્વામીથી મનાયું નહિ ને પોતાના અંતઃકરણમાં બહુ મૂંઝાયા.

તે સમે શ્રીજીમહારાજે સંતદાસજીને સમાધિમાંથી જગાડ્યા ને મુક્તાનંદ સ્વામીને શ્રીજીએ કહ્યું જે તમારે કાંઈ પૂછવું હોય તો આ સંતદાસજીને પૂછો. તે તમારો ખુલાસો કરશે. ત્યારે મુક્તાંદ સ્વામીને જે કાંઈ પૂછવું હતું તે પૂછી જોયું.

તે જ પ્રમાણે સંતદાસજીએ વાત કરી તોપણ મુક્તાનંદ સ્વામીનું મન મનાયું નહિ. પછી મેઘપરથી કાલવાણીએ શ્રીજીમહારાજ સહિત મુક્તાનંદ સ્વામી ગયા. ત્યાંના મંદિરમાં ઉતારો કર્યો ને ત્યાંથી નદીએ નાવા માટે તૈયારી કરી ત્યારે શ્રીજીમહારાજની સાથે સૌ તૈયાર થયા. તે જોઈને શ્રીજીએ વિચાર કર્યો જે મારી સાથે સહુ તૈયાર થયા ને મુક્તાનંદ સ્વામી સાથે કોઈ નહિ માટે મુક્તાનંદ સ્વામીને ખોટું લાગશે જે મારી સાથે કોઈ નહિ, એમ વિચાર કરી માધવદાસ તથા જેઠામેરને શ્રીજીમહારાજે આજ્ઞા કરી જે તમો બેઉ જણ મુક્તાનંદ સ્વામીની સાથે નાવા જાઓ. ત્યારે તેઓ મુક્તાનંદ સ્વામીની સાથે નાવા ગયા ને શ્રીજીમહારાજ સંત તથા હરિભક્તો સહિત નદીએ ઘણે દૂર નાવા ગયા. મુક્તાનંદ સ્વામી સમીપમાં નાવા રોકાયા.

એક વસ્ત્ર પહેરી જળથી તુંબડી ભરી અનેક પ્રકારના વિચાર કરતાં કરતાં આગળ ખાખરાનું વન છે તેમાં દિશાએ ફરવા ચાલ્યા જાય છે. તે સમે રામાનંદ સ્વામીજી દિવ્ય દેહે મુક્તાનંદ સ્વામીની સન્મુખ આવ્યા. તે જોઈને મુક્તાનંદ સ્વામી પ્રેમાતુર થઈ એકદમ દોડીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને રોઈ પડ્યા ને જે કાંઈ રામાનંદ સ્વામીને કહેવું હતું તે કહ્યું. તે સાંળીને રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું જે હું તમને નહોતો કહેતો જે હું તો ડુગડુગીનો વગાડનાર છું ને વેષના ભજવનાર તો થોડા સમયમાં આવશે. વળી હું એમ કહેતો કે સો મણ રૂ કાંતવું હોય તો તેમાંથી મેં એક પૂણી કાંતી છે ને તેના કાંતનાર હવે પધારશે. માટે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ સર્વ અવતારના અવતારી તે જ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે ને હું તો ઉદ્ધવનો અવતાર છું એમ તમે તમારા જીવમાં નિશ્ચય કરો ને તેમની આજ્ઞામાં રહેજો ને તેઓ જેમ કહે તેમ વર્તશો તો તમારો આત્યંતિક મોક્ષ થશે, ને તમો અંતઃકરણમાં બહુ મૂંઝાયા તેથી મારે આ વાત કહેવા આવવું પડ્યું છે એમ કહી રામાનંદ સ્વામી અંતર્ધાન થઈ ગયા.

પછી મુક્તાનંદ સ્વામી દિશાએ જઈ ઘણાં ઉત્સાહ સહિત નદીએ આવ્યા ને એકદમ ભગવાનની સ્મૃતિ કરી સ્નાન કરી પરવાર્યા. તે જોઈ માધવદાસ તથા જેઠોમેર બોલ્યા જે, હે મુક્તાનંદ સ્વામી ઉત્સાહમાં બહુ જણાઓ છો, આવો ઉત્સાહ આજ જોવામાં આવ્યો તેનું કારણ કહો. ત્યારે સ્વામીએ કહ્યું જે અહીં નહીં કહું, મંદિરના એકાંતમાં કહીશ. એમ કહી નદીને કાંઠે ખડીયાગલ હતા તેનાં પુષ્પો વીણીને ધોયેલા ગળણામાં લઈ એકદમ બેઉ જણ સહિત મંદિરમાં આવ્યા

ને પોતાના હાથે પુષ્પનો હાર બનાવ્યો તથા ચંદન ઘસીને તૈયાર કર્યું. તેમજ રામાનંદ સ્વામીનો ઢોલીઓ તથા ગાદીતકિયો ઊંચે બાંધી રાખેલ હતો તે ઉતારી પોતે પાથર્યો.

એટલામાં શ્રીજીમહારાજ સંત તથા હરિભક્તો સહિત પધાર્યા. તે જોઈને મુક્તાનંદ સ્વામી રામાનંદ સ્વામીની ચાખડીઓ લઈ મંદિરની ખડકીએ જઈ ઊભા રહ્યા ને શ્રીસહજાનંદ સ્વામી આવ્યા ત્યારે કહ્યું જે રામાનંદ સ્વામીની ચાખડીઓ પહેરો. તે પછી મંદિરમાં પધારો. ત્યારે શ્રીજી ચાખડી સામું જોઈ બોલ્યા જે આ તો ગુરુની ચાખડી છે માટે અમો નહિ પહેરીએ. તે સાંભળી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે તમો તો ગુરુના ગુરુ છો. માટે મારી ઉપર કૃપા કરી પહેરો.

એમ કહી આગ્રહપૂર્વક પહેરાવી. ને પોતાનું કાંડું શ્રીજીમહારાજના હાથમાં આપ્યું ને કહ્યું જે દયાળુ પધારો. પછી બેઉ જણ સાથે મંદિરમાં આવ્યા. તે સમે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે આ ગાદી તકિયા સહિત ઢોલીયે બિરાજો. ત્યાં પણ પૂર્વની માફક કહ્યું. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂર્વની માફક ઉત્તર આપ્યો.

પછી મુક્તાનંદ સ્વામીને પ્રસન્ન કરવા માટે રામાનંદ સ્વામીના ગાદીતકિયાએ સહિત ઢોલીએ બિરાજમાન થયા. તે સમે મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની ષોડ્શોપચારથી પૂજા કરી, ચંદન લલાટમાં ચર્ચી હાર પહેરાવ્યો ને નવી આરતી, **જય સદ્ગુરુ સ્વામી** બોલતા ગયા ને આરતી ઉતારીને મૂર્તિને અંતઃકરણમાં ઉતારતા ગયા. પછી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછી પ્રદક્ષિણા કરીને પ્રેમપૂર્વક ઘણાં આગ્રહથી પોતાની છાતીમાં ચરણારવિંદ લીધાં. તે જોઈ રામાનંદ સ્વામીના સંત તથા હરિભક્તો બહુ આશ્ચર્ય પામ્યા. જે આવો શ્રીજીમહારાજનો નિશ્ચય એકદમ શાથી થયો, કારણ કે આજ દિવસ સુધી તો ઘણા ઉદાસ રહેતા હતા. માટે સ્વામીને આપણે પૂછી જોઈએ. તે વખતે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું. ત્યારે સભામાંથી ઊઠીને હાથ જોડી સર્વેને સાંભળતાં રામાનંદ સ્વામીએ દિવ્યદેહે આવીને શ્રીજીમહારાજનાં સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો, તે વાત કહી. ત્યારે મુક્તાનંદસ્વામીના જેવો જ સર્વ સંતોને તથા હરિભક્તોને શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય થયો હતો. ॥૧૪॥

ગઢપુરમાં શ્રીજીમહારાજ લીંબડા નીચે સભા કરી બેઠા હતા. પછી સભામાં મુક્તાનંદ સ્વામીને બોલાવીને કહ્યું જે તમો જામનગર જાશો ? ત્યારેસ્વામીએ હા પાડી. પછી સ્વામીએ પૂછ્યું; મારી સાથે કેટલા સાધુ લઈ જાઉં ? ત્યારે મહારાજ કહે પચીસ લઈ જાઓ. ત્યારે સ્વામીએ કહ્યું જે એટલા બધા?ત્યારે મહારાજ કહે પચાસ લઈ જાઓ. ત્યારે સ્વામી કહે એટલા બધા ? ત્યારે મહારાજ કહે પોણોસો લઈ જાઓ. પછી મુક્તાનંદ સ્વામીએ વિચાર્યું જે હવે જો બોલીશ તો સો કહેશે. એમ ધારીને શ્રીજીને કહ્યું જે ક્યારે જાવું ? ત્યારે મહારાજ કહે આજે જાઓ. પછી બપોરે જવા તૈયાર થયા. ત્યારે મહારાજ કહે પચાસ સાધુ લઈ જાઓ તે ભેગા નાના મુમુક્ષુસંત દશપંદરને સંગાથે મોકલ્યા.

પછી મુક્તાનંદ સ્વામી ફરતા ફરતા જામનગર ગયા. ત્યાં ગામ બહાર આથમણી દિશામાં તળાવ છે તેની પાળે સ્વામીએ સંતો સહિત ઉતારો કર્યો. પછી સંતો જોળી ફરવા ગયા. ત્યારે આખું ગામ ફરવાથી સાતશેરને આશરે પંચકણીનો લોટ મળ્યો. તે વખતે રસકસ ન ખાવાના વર્તમાન ચાલતા હતા તેથી તે પંચકણીનો લોટ જોળીમાં નાખીને ચાલણીના અભાવથી પ્રથમ જોયા પછી જોળીને પાણીમાં ઝબકોળી નાંખી એટલે સાર નીકળી ગયો. પછી રહેલા લોટના કૂચાના પરમહંસ પ્રમાણે ગણીને ગોળા કર્યા. દરેક સંતોને એક એક આપ્યો. તે જમીને શ્રીજીમહારાજનું ભજન કરતા. આવી રીતે ઘણાં દિવસો કાઢ્યા. ત્યારે નવા તથા નાના મુમુક્ષુ સંતથી ભૂખ ન સહન થવાથી મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે અમારાથી ભૂખનું દુઃખ સહન થતું નથી તો આપ આજ્ઞા કરતાં હોય તો અમો આ તળાવને કાંઠે લોકો મૂળા ધોયેલા છે તેનાં પાકાં પાંદડાં પડેલાં છે તે ખાઈ અમો સંતોષ માનશું.

ત્યારે સ્વામી કહે તે તો રસકસવાળાં કહેવાય માટે ન ખવાય. ત્યારે મુમુક્ષુએ કહ્યું જે તળાવની પાળે પોપડી બાજેલી છે ધૂળની તેને ચાટીએ. ત્યારે સ્વામી કે તેમાં ખારાશરૂપ રસકસ રહેલો છે માટે તે ન ખવાય, ને શ્રીજીની આજ્ઞા નથી. આવું કહીને વળી નવા મુમુક્ષુને કહ્યું કે મહારાજ હાલ ભૂજ બિરાજે છે તો તમારાથી ભૂખે ન રહેવાતું હોય તો હું ભૂજ કાગળ લખી જણાવું ને મહારાજની આજ્ઞા આવે તે પ્રમાણે તમે કરજો. પછી પત્ર લખ્યો ને માણસ સંગાથે ભૂજ મોકલ્યો. તે સમયમાં શ્રીજી ગંગારામ મલ્લને ત્યાં બિરાજમાન હતા. પછી શ્રીજીને પત્ર આપ્યો.

મહારાજે વાંચ્યો પછી મહારાજે મુક્તાનંદ સ્વામી ઉપર ઉત્તર લખ્યો. તેમાં એક આખ્યાન લખ્યું જે એક શહેરમાં એક શાહુકાર પાસે ભણેલો સંન્યાસી આવ્યો ને કહ્યું જે મારે તમારી દુકાને બેસી ચોમાસું રહેવું છે, ને તમને કથાવાર્તા સંભળાવવી છે. આવું વચન સાંભળીને શાહુકાર તો રાજી થયો. પછી તે સંન્યાસીને એક શેર ચોખાનું સદાવ્રત બાંધી દીધું ને નિરંતર તે સંન્યાસી કથાવાર્તા કરતો ને તે અન્નમાં એ સંન્યાસી એક વખત જમીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. તેવામાં એક મુમુક્ષુ તે સંન્યાસી પાસે આવ્યો ને કહે તમારી પાસે કથાવાર્તા સાંભળવા માટે રહેવું છે, ત્યારે સંન્યાસી કહે તમો ખાશો શું ? ત્યારે મુમુક્ષુ કહે તમારી ભાત રાંધવાની તપેલીમાં બળેલ ને ચોંટી રહેલ તેને ખાઈને હું મારો દિવસ નિરગમન કરીશ. ને તેટલાથી મને ઘણો સંતોષ થશે.

પછી તે ત્યાં રહ્યો ને પોતાનો નિભાવ કરે છે તેટલામાં બીજો મુમુક્ષુ આવ્યો. તેણે સંન્યાસી પાસે રહેવાની ઈચ્છા જણાવી. ત્યારે સંન્યાસી બોલ્યા જે તમો શું ખાશો, અમે બે તો આવી રીતે નિભાવ કરીએ છીએ. પછી બીજો મુમુક્ષુ બોલ્યો જે આપનાં ખાતાં એઠાં રહેલ પાત્ર હું ધોઈને પીશ તેટલાથી મને સંતોષ થશે. પછી તે પણ રહ્યો ને આ ત્રણ જણ પોતાનો નિભાવ કરે છે તેટલામાં એક ત્રીજો મુમુક્ષુ આવ્યો. તેણે સંન્યાસી પાસે રહી કથાવાર્તા સાંભળવાની ઈચ્છા જણાવી ત્યારે સંન્યાસી કહે અમો ત્રણ જણ તો આવી રીતે નિર્વાહ કરીએ છીએ ને તમો શું ખાશો ? ત્યારે ત્રીજો મુમુક્ષુ કહે તમો ભાત રાંધો છો તે પહેલાં રહેલ ચોખાનું ધોવરામણ હું પીને તમારી કથાવાર્તા સાંભળીશ. આવી રીતે કહેવાથી તેને પણ પોતા પાસે રાખ્યો. હળીમળીને સંતો કથાવાર્તા સાંભળતા હતા, ને પોતાનો નિર્વાહ ચલાવતા હતા.

આવું આખ્યાન શ્રીજીએ લખીને પછી વળી લખ્યું જે તમોને તો એક પંચકણીનો ગોળો પણ ખાવા મળે છે માટે તમારી સંગાથે રહેલા નવા મુમુક્ષુને તેટલાથી સંતોષ ન થતો હોય તો મુક્તાનંદ સ્વામી આજ્ઞા કરે તેમ કરજો. આવો કાગળનો ઉત્તર લખી આપ્યો. તેને લઈ માણસ મુક્તાનંદ સ્વામીની પાસે જામનગર ગયો ને પત્ર આપ્યો. તે કાગળ વાંચ્યો ત્યારે નવા મુમુક્ષુ કહે કે અમારે મૂળાનાં પાંદડાં નથી ખાવાં ને ગોળા પણ ખાવા નથી તેમ ખારી ધૂળ પણ ખાવી નથી. આવું મુક્તાનંદ સ્વામીને કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામી કહે ગોળા પણ ખાઓ ને મારી આજ્ઞાથી મૂળાનાં પાંદડા લાવીને ખાવાં હોય તો ખાઓ. આવી રીતે નવા

મુમુક્ષુને કહ્યું ત્યારે નવા મુમુક્ષુ કહે અમારે કાંઈ ખાવું નથી પણ અમારે કેવળ ઉપવાસ કરવારૂપ તપ કરીને શ્રીજીમહારાજને પ્રસન્ન કરવા છે. આવું નવા મુમુક્ષુનું વચન સાંભળીને મુક્તાનંદ સ્વામીએ એવા સમાચાર સાંભળ્યા જે શ્રીજીમહારાજ ગઢપુર પધાર્યા છે તેથી સર્વ સંતો સહિત મુક્તાનંદ સ્વામી ગઢપુર આવી શ્રીજીનાં દર્શન કરી સુખીયા થયા હતા. ॥૧૫॥

ગઢડામાં શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં બેઠા હતા તેવામાં ત્યાં સુરાખાચર આવ્યા. તેમને શ્રીજીએ વાત કરી કે દાદાખાચરનાં ફોઈ **સોમાબા** કોઈ વખત રસોઈ આપતાં નથી માટે કોઈ પ્રકારથી સમજાવીને મારું નામ ન લેતાં રસોઈનું ઠરે તો ઠીક. પછી સુરાખાચર બીજે દિવસ ફોઈબા પાસે ગયા ને વાતમાં ને વાતમાં કહ્યું જે સહુ મહારાજ તથા સંતને જમાડે છે ને તમો પણ શ્રીજીને તથા સંતને જમાડો. ત્યારે સોમબા બોલ્યાં જે શ્રીજી કહેવડાવે છે કે તમો કહો છો ? ત્યારે સુરાખાચર કહે હું કહું છું. ત્યારે સોમાબા કહે સાચું કહો શ્રીજીમહારાજ કહે તો હું જરૂર રસોઈ આપું. ત્યારે સુરાખાચર કહે જે મહારાજ મને કહેતા હતા. ત્યારે સોમાદેવી કહે કાલે આપણી જલેબી મોતીયાની રસોઈ કરો ને શ્રીજીને તથા સંતને જમાડો. ત્યારે સુરાખાચર રાજી થયા. ત્યારે સોમાદેવી બોલ્યાં જે એમ રાજી થવાનું નથી. કાલે મારી રસોઈ ને બીજે દિવસ મહારાજ દૂધપાકપુરીની રસોઈ કરી સંત જમાડે તો હું રસોઈ આપું. ત્યારે સુરાખાચર કહે મહારાજ રસોઈ આપશે. ને કદાચ નહિ આપે તો હું આપીશ. ત્યારે સોમાદેવી બોલ્યાં કે જાઓ શ્રીજી પાસે જઈ નક્કી કરી આવો.

પછી સુરાખાચર મહારાજશ્રી પાસે આવ્યા ત્યારે શ્રીજી કહે કેમ સોમાદેવીએ હા પાડી ? ત્યારે સુરાખાચર કહે હા તો પાડી પણ થોડો વાંધો છે. ત્યારે મહારાજ કહે શો વાંધો છે? ત્યારે સુરાખાચર કહે સોમાદેવી કહે છે જે હું જલેબી મોતીયાની રસોઈ આપું પણ બીજે દિવસ શ્રીજી દૂધપાકપુરીની રસોઈ આપે તો હું રસોઈ આપું એમ કહે છે. પછી મહારાજે હા પાડી. એટલે સુરાખાચર સોમાબા પાસે ગયા ને રસોઈનું નક્કી કરાવ્યું. પછી દાદાખાચરને બોલાવીને સોમાદેવીએ બીજે દિવસે જલેબી મોતીયાની રસોઈ કરાવીને શ્રીજીને તથા સંતને જમાડ્યા. પછી મહારાજની ઈચ્છાથી સુરાખાચર લોયા જવા માટે તૈયાર થયા તે વાત સોમાબાએ જાણી તેથી સુરાખાચરને કહે રસોઈ મહારાજની પાસે અપાવીને જાઓ, કારણ કે મારી પાસે રસોઈ અપાવીને મને ખર્ચ કરાવ્યો ને હવે જાઓ તો હું નહિ જાવા દઉં. આવું સાંભળીને સુરાખાચર મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે સોમાદેવી કહે છે કે મહારાજ પાસે કાલે રસોઈ અપાવીને જાઓ, નહિ તો નહિ જાવા દઉં.

પછી મહારાજે સુરાખાચર જોડે કહેવડાવ્યું જે આ ગામમાં દૂધ જોઈએ તેટલું ન મળે માટે કાલે અગર પરમ દિવસે શ્રીજી પાસે રસોઈ અપાવીને ઘેર જઈશ. એમ કહેવાથી ફોઈબા રાજી થયાં. પછી મહારાજે દાદાખાચરને દૂધનું પૂછ્યું ત્યારે દાદાખાચર કહે આ ગામમાં તો પાંચ મણને આશરે દૂધ મળે પણ વધુ મળે નહિ. પછી શ્રીજી બે પાર્ષદ લઈને માંડવધાર ભરવાડોને ઘેર ગયા ત્યારે ભરવાડોએ પૂછ્યું જે સ્વામિનારાયણ તમે કેમ આવ્યા છો ? ત્યારે શ્રીજીમહારાજ કહે અમારે કાલે વીશ મણ દૂધ જોઈએ છે માટે આવ્યા છીએ. ત્યારે ભરવાડો કહે તમને દૂધ નહિ આપીએ. મહારાજે બે-ત્રણ વખત કહ્યું પણ ના જ કહી, કારણ કે મહારાજ તમોને દૂધ આપીએ તો અમારા ઢોર વહુકી જાય કારણ કે તમે કામણ ટુમણીયા છો.

આવું ભરવાડોનું વચન સાંભળીને મહારાજ પાછા ગઢડે આવ્યા ને દૂધ નહિ મળવાની વાત કહી. પછી મહારાજે દાદાખાચરને કહ્યું જે પુરી કરવા માટે લોટ તૈયાર રાખજો. કાલે દૂધપાક પુરીની રસોઈ કરાવવી છે. ત્યારે દાદાખાચર કહે દૂધ મળવાનું નથી ને ઘઉંનો લોટ તૈયાર રાખવાનું શું કરવા કહો છો ? ત્યારે મહારાજ કહે કાલે સવારમાં ભરવાડની સ્ત્રીઓ દૂધ લઈને આવશે. ને સંતોને કહ્યું જે ચૂલા ખોદીને તૈયાર રાખો તથા રંધેડાં પણ ઉટકી રાખો દૂધપાક કરવા જોઈશે. પછી પેલા ભરવાડને બીજે ગામ જવું હતું તેથી રાત્રિએ પોતાની સ્ત્રીને કહ્યું જે બે રોટલા અધિક કરી રાખજો, મારે સવારે ગામ જવું છે.

કાલે ગઢડાના શ્રીસ્વામિનારાયણને ત્યાંથી કોઈ દૂધ લેવા આવે તો આપણે ત્યાંથી આપશો નહિ. ને મારા ભાઈને પણ ના પાડી આવજો કે દૂધ આપે નહિ. પછી સ્ત્રી કહી આવી ને બીજે દિવસ સવારમાં ભરવાડ રોટલા લઈને પરગામ ગયો.

પછી શ્રીજી તે ભરવાડનું રૂપ ધારણ કરી ભરવાડની સ્ત્રી ગાયો દોતી હતી ત્યાં આવ્યો. ત્યારે ભરવાડણે પૂછ્યું કેમ આવ્યા ? ત્યારે ભરવાડરૂપ ધારણ કરનાર મહારાજ બોલ્યા જે હું ગામ જતો હતો તે રસ્તામાં મારી પછવાડે સાપ દોડ્યો. પછી હું ઝાડ ઉપર ચઢી ગયો ને તે સાપ ઝાડની ચારે તરફ ફરવા લાગ્યો. પછી મને વિચાર થયો કે કાલે સ્વામિનારાયણને દૂધ આપવાની ના કહી હતી તેથી તેમણે સાપ મોકલ્યો હશે. પછી મેં માનતા રાખી જે મારી ગાયોનું દૂધ તથા મારા ભાઈની ગાયોનું દૂધ બધું આપીશ. આવો સંકલ્પ કર્યો ત્યારે તે સાપ

અદેશ્ય થયો. તેથી તને કહેવા આવ્યો છું કે આપણી ગાયોનું દૂધ દશ મણ તથા મારા ભાઈની ગાયોનું દૂધ દશ મણ તમો બધાં બૈરાં લઈને ગઢડે જઈ સ્વામિનારાયણને આપજો ને પૈસા આપે તો લેશો નહિ.

આવું કહી ભરવાડરૂપ ધારણ કરનાર શ્રીજીમહારાજ ત્યાંથી ચાલતા થયા. પછી ભરવાડની સ્ત્રીઓએ ગોપીઓની પેઠે માથે દૂધના દેગડા મૂકી ગઢડે આવીને શ્રીજીને દૂધ આપ્યું. પૈસા આપવા માંડ્યા પણ લીધા નહિ. પછી મહારાજ દૂધપાકપુરીની રસોઈ કરાવીને પોતે જમ્યા.

પછી સર્વ સંતોને તથા સર્વ હરિભક્તોને તથા બાઈઓ આદિકને જમાડી ને પ્રસાદી દાદાખાચરને ત્યાં મોકલી તથા જીવાખાચરને ત્યાં મોકલી. ને થોડી પ્રસાદી લઈને બે-ત્રણ પાળાઓને માંડવધાર ભરવાડને ઘેર મોકલ્યા ને કહેવડાવ્યું કે સ્વામિનારાયણે તમારે માટે પ્રસાદી મોકલી છે. ત્યારે તે કહે અમે પ્રસાદી નહિ લઈએ, કારણ કે તે જાદુગરા છે માટે તેમની પ્રસાદી ખાઈએ તો ગાંડા થઈ જઈએ માટે અમારે નથી જોઈતી.

પછી તેમાં કોઈ ડાહ્યા માણસે કહ્યું કે સ્વામિનારાયણના પ્રસાદનું અપમાન કરવું નહિ. પ્રસાદી રાખો ને આપણે બધા ખાશું, ગાંડા થઈશું તો બધા થઈશું, ને ડાહ્યા રહીશું તો બધા રહીશું તેમ ધારીને પ્રસાદ રાખ્યો. પછી પ્રસાદી બધાએ ખાધી ને પોતાના ધણી માટે રાખી મૂકી. પછી રાત્રિએ પોતાનો ધણી ભરવાડ આવ્યો. તેને ભરવાડણ કહે કે તમારા કહેવા પ્રમાણે આપણાં ઘરનું તથા તમારા ભાઈનાં ઘરનું બધું દૂધ ગઢડે જઈને સ્વામિનારાયણને આપી આવ્યાં છીએ. ત્યારે ભરવાડ કહે તમને ના કહી હતી ને કેમ આપી આવ્યા ? ત્યારે ભરવાડણ કહે તમારી કેડે સાપ થયો હતો ને તમોએ સ્વામિનારાયણને દૂધ આપવાનો સંકલ્પ કર્યો ત્યારે તે સાપ જતો રહ્યો. પછી તમો ગામ ન જતાં પાછા આવી મને કહી ગયા તેથી અમો આપી આવ્યાં. ત્યારે ભરવાડ કહે પૈસા આપ્યા કે નહિ ? ત્યારે ભરવાડણ કહે કે તમે ના પાડી હતી કે પૈસા આપે તો ન લેશો તેથી નથી લીધા. પણ તેમને ત્યાંથી પ્રસાદ આવ્યો છે તે દૂધપાકપુરીનો પ્રસાદ અમોએ ખાધો ને તમારે માટે રાખી મૂક્યો છે. પછી ભરવાડે પ્રસાદ ખાધો. પણ મફત દૂધ સ્વામિનારાયણને ત્યાં ગયું તેથી રીસ ચઢેલ માટે બીજે દિવસે મહારાજને ઠપકો દેવા પાંચ ભરવાડ પોતાની સાથે લઈને ગઢડે ગયો.

ત્યાં સ્વામિનારાયણ ભગવાન લીંબડા નીચે સભા કરી બેઠા હતા ત્યાં આવ્યા ત્યારે મહારાજને શ્રીકૃષ્ણ સ્વરૂપે દીઠા ને વાંસળી વગાડતા તથા પાસે ઘણી ગાયો તથા પોતાના રૂપવાળા પાંચ ભરવાડને જોયા ને હસવા લાગ્યા. ને વિચાર કરે કે ઓલ્યા ઊભા તે કોણ અને આપણે કોણ એમ બોલી ઘણું આશ્ચર્ય પામ્યા. પછી શ્રીજી મહારાજે પ્રથમની પેઠે સભામાં બેઠેલરૂપે દર્શન દીધાં પછી શ્રીજીને તે ભરવાડો કહે કે તમો સાક્ષાત્ શ્રીકૃષ્ણ છો એમ કહી શ્રીજીને નમસ્કાર કરી, પોતાના ગામ તરફ ચાલતી વખતે કહ્યું જે સ્વામિનારાયણ અમારા સરખું કામકાજ હોય તો અમને જરૂર કહેજો. અમે તમારા જ છીએ એમ માનજો. આટલું કહી પોતાના ગામ માંડવધાર ભરવાડો ગયા. ॥૧૬॥

એક વખત લોયાથી સુરાખાચર ગઢડે આવ્યા ને મહારાજ અક્ષર ઓરડીમાં વિરાજમાન હતા. ત્યાં શ્રીજીનાં દર્શન કર્યા ને શ્રીજીને કહે, નાથીયાની માએ કહ્યું છે કે મહારાજને આપણે ગામ તેડીને આવજો. ન આવે તો તપ કરીને શ્રીજીને પ્રસન્ન કરી તેડી લાવજો. છતાં ન આવે તો તમે સાધુ થજો પણ મહારાજને લીધા સિવાય આવશો નહિ. ત્યારે શ્રીજી કહે સુરાખાચર તમો તપ કેવી રીતે કરશો ? ત્યારે સુરાખાચર કહે ઘેર બે વખત જમું છું ને અહીં ત્રણ વખત જમીને તપ કરીશ. ત્યારે મહારાજ કહે તમારાં તપ બહુ ભાળ્યાં માટે ચાલો તમારે ગામ જઈએ. પછી મહારાજ સુરાખાચરને લઈ લોયા તરફ ચાલ્યા. લોયા બે ગાઉ રહ્યું ત્યારે મહારાજ કહે મને તરસ લાગી છે માટે અહીંથી ચલાશે નહિ.

પછી સુરાખાચર શ્રીજીને એક ઝાડ તળે બેસાડીને ઘોડે બેસી પાણીની શોધ કરવા ચાલ્યા. તે એક કણબીનો છોકરો ખેતર ખેડતો હતો તેણે સુરાખાચરને આવતાં દેખીને જાણ્યું જે કોઈ કાઠી આવે છે તે મારા બળદને લઈ જશે. તેમ ધારી બળદિયાને પડખે સંતાયો. પછી સુરાખાચરે કણબીના છોકરાને કહ્યું જે તારી પાસે પાણી છે હોય તો આપ. અમારા ભગવાન શ્રીસ્વામિનારાયણને તરસ લાગી છે. ત્યારે છોકરાએ કહ્યું જે પાણીની નવી બતક લાવ્યો છું ને ખેતરને સામે શેઢે બોરડીના ઝાડ નીચે મૂકેલી પોતાની બતક આપી. ત્યારે સુરાખાચર કહે છોકરા હું જાઉં છું ને તું બતક લેવા આવજે, સ્વામિનારાયણ ભગવાન તારું પાણી પીને પ્રસન્ન થશે ત્યારે તને કહેશે માગ ત્યારે તું શું માગીશ? ત્યારે છોકરો કહે કે ત્રીશ વીઘા જમીન માંગીશ. ત્યારે સુરાખાચર કહે એવું ન માગીશ. પણ મારો મોક્ષ થાય એવું માંગજે.

એમ કહી સુરાખાચર મહારાજની પાસે આવ્યા ને પાણી પાયું. તે પાણી પીને શ્રીજી બોલ્યા જે આજથી જે શુભ કામ કરીશું તેનું પુણ્ય પાણી પાનાર છોકરાને થશે એવો સંકલ્પ કર્યો. તેવામાં તે કણબીનો છોકરો આવ્યો. ને મહારાજને પગે લાગ્યો. ત્યારે મહારાજે કહ્યું જે છોકરા માગ, હું તારી ઉપર પ્રસન્ન થયો છું. ત્યારે છોકરાએ માગ્યું જે મહારાજ મારો મોક્ષ કરજો. ત્યારે મહારાજ કહે જે તને સુરાખાચરે શીખવાડયું હતું કે ? ત્યારે છોકરો કહે હા. ત્યારે શ્રીજી મહારાજ કહે તારી સાત પેઢીનો મોક્ષ થશે, ને તારા મનમાં ધારેલ ત્રીસ વીઘા જમીનનો પણ સંકલ્પ પૂરો થશે. એવું વરદાન આપી શ્રીજીમહારાજ સુરાખાચર સંગાથે લોયામાં પધાર્યા ને સર્વેહરિભક્તોને પોતાનાં દર્શન આપી કૃતાર્થ કર્યા ને સુરાખાચરના ઘરનાં શાંતિબાનો પોતાને ઘેર શ્રીજીમહાજને પધરાવવાનો સંકલ્પ પૂરો કર્યો ને થોડા દિવસ લોયામાં રહી, સર્વ હરિભક્તોને રાજી કરી શ્રીજીમહારાજ લોયાથી ગઢડે પધાર્યા તેવા શ્રીજીમહારાજ દયાળુ છે. ॥૧૭॥

ગઢડાથી બે સાધુ ફરતા ફરતા ગામ ભાદરાના રત્ના ભગતના ભાણેજની વાડીએ ગયા. ત્યાં કૂવામાંથી પાણી કાઢીને સ્નાન કર્યું. પછી શ્રીજીનું ધ્યાન તથા પૂજા કરી છોકરાને પૂછ્યું કે તમારા પિતા સુખી છે ? ત્યારે છોકરે જવાબ આપ્યો કે મારા પિતા દેહ મૂકી ગયા છે. પછી છોકરે પૂછ્યું કે મારા પિતાનું શું કામ હતું ? ત્યારે સંત બોલ્યા જે અમે કાલના ઉપવાસી છીએ. તે હોત તો અમને જમાડત. પછી છોકરે કહ્યું જે હમણાં તમે બેસો. મારી માતુશ્રી મારે માટે બે વખતના રોટલા લઈને આવશે તે રોટલા તમો બેને જમાડીશ. ને હું મારે ઘેર જઈને જમી આવીશ. આમ વાત કરે છે તેટલામાં તેની માતુશ્રી ખાવાનું લઈને આવ્યાં. પછી રત્ના ભગતના ભાણેજે બે સંતને રોટલા તથા દાળ જમાડીને પોતે ઘેર જઈને જમી આવ્યો. પછી સંત બે ઘડી વિશ્રામ કરીને ગયા.

પછી ઘણે વર્ષે તે છોકરાનો અંતકાળ થયો ત્યારે બે સાધુને બે રોટલા જમાડ્યા હતા તે પૂન્યે કરીને તે છોકરો દેવલોકમાં ગયો. પછી ઘણાંક વખત દેવલોકમાં રહ્યો. પછી કોઈ મોટા દેવને પૂછ્યું કે આ લોકના સુખ કરતાં બીજું કોઈ આથી વધારે સુખ છે ? ત્યારે દેવે કહ્યું જે આ લોક કરતાં સનાતન ભગવાનનું ધામ છે તે ધામનું સુખ આ સુખ કરતાં અધિક છે ને તે ધામમાં ગયેલો કોઈ પાછો આવતો નથી. એટલે જન્મમરણ થતું નથી. ને આ લોકમાંથી તો પૂન્ય ખૂટે ત્યારે પાછો મૃત્યુલોકમાં જાય છે ને જન્મમરણ થાય છે. માટે ભગવાનનાં ધામમાં જવું હોય તો તારા મામા રત્ના ભગત સાધુ થયા છે ને તે વિજ્ઞાનદાસજી હાલ ધોલેરામાં રહે છે તેમની પાસે જા, તો તારો તે મોક્ષ કરશે.

પછી દેવ થયેલ રત્ના ભગતનો ભાણેજ વિમાનમાં બેસી ધોલેરે આવ્યો. ત્યાં તળાવની પાળે વિમાન રાખી રાત્રિના બે વાગ્યે હે રત્નામામા, હે રત્નામામા, આવી રીતે બૂમ પાડે પણ વિજ્ઞાનદાસ બોલે નહિ. એમ કરતાં છ માસ વીતી ગયા. તે સમે ગઢડે જવા માટે નીકળેલા ગોપાળાનંદ સ્વામી ધોલેરે આવ્યા. પછી સવારે ગોપાળાનંદ સ્વામી પૂજા કરતા હતા. ત્યારે સ્વામી પાસે વિજ્ઞાનદાસજી આવ્યા. પછી પૂજા કરી રહેલા ગોપાળાનંદ સ્વામીએ વિજ્ઞાનદાસજીને સમાચાર પૂછ્યા ત્યારે વિજ્ઞાનદાસજી કહે મારે એક દુઃખ છે. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે શું દુઃખ છે ? ત્યારે વિજ્ઞાનદાસજી કહે મારું પૂર્વનું નામ લઈને કોઈ મને અર્ધી રાત્રિએ બોલાવે છે પણ હું બોલતો નથી, કારણ કે કોઈ સ્ત્રી હોય ને હું બોલું તો મારે ઉપવાસ પડે.

પછી તે જ વખતે ગોપાળાનંદ સ્વામીએ અંતર્દૃષ્ટ કરી જોઈ લીધું. પછી વિજ્ઞાનદાસજીને કહે જે તમારા ભાણેજે આપણાં બે સાધુને રોટલા જમાડ્યા હતા તે પૂન્યે કરીને તમારો ભાણેજ દેવલોકમાં ગયેલ છે ને તેને ભગવાનના ધામમાં જાવું છે માટે તમને બોલાવે છે તો આજે આવે ત્યારે બોલાવજો, ને તેને નિયમ ધરાવીને કંઠી પેરાવજો. એટલે તેને એક અક્ષરધામનો મુક્ત આવીને ધામમાં લઈ જશે.

આવી રીતે ગોપાળાનંદ સ્વામીના કહેવાથી તે દિવસે ભાણેજ રાત્રિએ વિમાન લઈ આવ્યો ને પૂર્વની માફક અર્ધી રાત્રિએ હે રત્નામામા એમ બોલવા લાગ્યો. પછી વિજ્ઞાનદાસજીએ કહ્યું તું કોણ છે ? જે હોય તે અહીં આવ. પછી દેવ થયેલ ભાણેજ આવ્યો. તે જોઈ વિજ્ઞાનદાસજીએ કહ્યું જે શો વિચાર છે ? પછી તેણે કહ્યું જે ભગવાનના ધામમાં જવું છે. પછી વિજ્ઞાનદાસજીએ નિયમ ધરાવીને કંઠી પેરાવીને કહ્યું જે તમોને શું દેખાય છે ? ત્યારે તે કહે મને ભગવાનનું સનાતન ધામ દેખાય છે ને તે ધામનું વર્ણન કર્યું. પછી તેને પૂછ્યું કે હવે શું દેખાય છે ? ત્યારે કહે મુક્ત દેખાય છે. પછી વિજ્ઞાનદાસજી કહે મુક્ત સંગાથે અક્ષરધામમાં ચાલ્યા જાઓ. પછી વિજ્ઞાનદાસજીના કહેવાથી દેવ થયેલ ભાણેજ શ્રીજીમહારાજના અક્ષરધામમાં ગયા. ॥૧૮॥

ગામ અયોધ્યામાં શ્રીનીલકંઠ વર્ણીએ પોતાનાં માતાપિતાને દિવ્ય ગતિ પમાડીને પોતાના સંબંધીઓને પૂછ્યા સિવાય અનેક તીર્થોને પાવન કરવા માટે ઘેરથી નીકળેલા એવા શ્રીનીલકંઠ બ્રહ્મચારી અનેક સ્થળે ફરતા ફરતા પંઢરપુર

આવ્યા ને ચંદ્રભાગા નદીના સામે કાંઠે ઊતર્યા. તે પહેલાં પંઢરપુરનો રહીશ પૈસાવાળો બ્રાહ્મણ તેનાથી પોતાના પૈસાનો કાંઈ ઉપભોગ ન થવાથી તેમજ પોતાને પ્રજા નહિ હોવાથી એક શિવનું મંદિર કરાવીને તેમાં શંકર પધરાવેલા ને બાકીના રૂપિયા એક ચરૂમાં ભરીને મંદિરની સમીપમાં દટાવેલા તે એક પોતે જ જાણતો હતો. તેવા સમયમાં તેનું મરણ થવાથી સાપ થઈને રહ્યો. ને શિવને ગળે વીંટળાઈને બેસે ને દૃષ્ટિ પેલા દાટેલા રૂપિયા ઉપર રાખે જેથી કોઈનાથી શંકરની પૂજા કરવા જવાય નહિ.

ત્યાં એક બ્રાહ્મણનો છોકરો નિરંતર શંકરની પૂજા કરવા જતો તે દૂધનો કટોરો લઈ જઈને છેટે મૂકે તે દૂધને પીવા માટે સાપ જાય ત્યારે તે છોકરો શંકરની પૂજા કરે ને તે પૂજા કરીને જાય પછી પેલો સાપ શંકરને વીંટાઈને બેસે. આવું ઘણાં દિવસ ચાલ્યું. પછી એક દિવસ તે છોકરો અંધારે શિવની પૂજા કરવા ગયેલો ને દૂધ ભૂલી ગયો હોવાથી ને શંકરના બાણ ઉપર સાપ ન જોવાથી જેવો મંદિરમાં પેસે છે કે તુરંત બારણાં વચ્ચે પડેલો સાપ કચરાયો જેથી કરડીને ભાગી ગયો. સવાર થતાં જ તે બ્રાહ્મણનો છોકરો મરી ગયો ને આખા ગામમાં વાત પ્રસરવાથી તેનાં સગાંસંબંધી આવ્યાં. ઉતારનારને બોલાવ્યા ને ઉતારવા માંડ્યો, પણ ઊતર્યો નહિ ને તે છોકરામાં રહીને સાપ બોલ્યો જે આ નદીના સામા કાંઠા ઉપર પ્રત્યક્ષ ભગવાન આવ્યા છે તેમની પાસે મને લઈ જાઓ તો હું ઊતરું. અગર તેઓશ્રી અહીં પધારી મને ઉતારીને મારો મોક્ષ કરે તો હું ઊતરું.

આવું કહેવાથી સામે કાંઠે બેઠેલા શ્રીનીલકંઠ બ્રહ્મચારીની સમીપમાં એક બ્રાહ્મણ આવીને શ્રીજીને પ્રાર્થના કરી ને સાપ કરડવાની વાત કરીને કહ્યું કે તમે ત્યાં સુધી પધારીને સાપને ઉતારો તો અમને જીવતદાન આપ્યું ગણાશે ને એક બ્રાહ્મણની છોકરી રંડાતી મટશે. માટે આટલી અમારા ઉપર કૃપા કરો અગર આપશ્રી અમને આજ્ઞા કરો તો બ્રાહ્મણના છોકરાને અહીં લાવીએ. આવું બ્રાહ્મણનું દીનતાભરેલું વચન સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે હમણાં હું નદીમાં સ્નાન, સંધ્યા, પૂજા તથા વિઠુબાનાં દર્શન કરી આવું છું. પછી પોતાનો સર્વ વિધિ પરવારીને શ્રીજી તે મરેલા છોકરા પાસે આવ્યા ને કહ્યું કે સાપને પકડી લાવો. ત્યારે સર્વજનોએ કહ્યું કે અમો ક્યારના સાપને ગોતીએ છીએ પણ જડતો નથી. આ છોકરાને કરડીને જતો રહ્યો છે. પછી સર્વજનોને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા માટે શ્રીજીમહારાજે આંગળીથી સાન કરી કે તુરંત મહાવેગથી સાપ શ્રીજીની સમીપમાં આવ્યો ને શ્રીજીનાં દર્શન કર્યાં જેથી સાપનાં સર્વ પાપ બળી ગયાં ને શ્રીજીએ તે

સાપની ફેણ ઉપર હાથ ફેરવી કૃતાર્થ કર્યો ને કહ્યું કે હવે તારી ચિંતાનો ત્યાગ કર ને તને મારા ધામમાં મોકલું છું.

આવું કહીને તે બ્રાહ્મણના છોકરાનું ઝેર સાપની પાસે ચુસાવીને બ્રાહ્મણના છોકરાને જીવતદાન આપ્યું ને તે સાપ સહિત શ્રીજીમહારાજ જ્યાં ધન દાટ્યું હતું ત્યાં આવ્યા ને તે જગ્યા ખોદાવી રૂપિયાનો ભરેલો ચરૂ કઢાવી તે રૂપિયાના ત્રણ ભાગ કર્યા. એક ભાગની બ્રાહ્મણોની ચોરાશી કરીને બ્રાહ્મણોને જમાડ્યા ને એક ભાગની દક્ષિણા આપીને એક ભાગ સદાવ્રતમાં આપ્યો, જેથી સાપની સર્વ વાસના મટી ગઈ ને શ્રીજીએ તેનો દેહત્યાગ કરાવીને પોતાના અક્ષરધામમાં મોકલ્યો. આવો પ્રત્યક્ષ પરચો આપીને સર્વે જનોને પ્રત્યક્ષ મૂર્તિનો નિશ્ચય કરાવ્યો ને પંઢરપુરથી શ્રીજીમહારાજ નીકળી વનમાં ફરતાં ફરતાં કોપરપુર શહેરમાં આવ્યા.

આ શહેરનો રાજા ઘણો ધર્મનિષ્ઠાવાળો ને નીતિ પ્રમાણે પ્રજાનું પાલન કરનાર હતો. તેણે એક સમયમાં સંકલ્પ થવાથી પોતાના શહેરમાં એક વશિષ્ઠ મુનિનું મંદિર કરાવ્યું ને તેમાં મૂર્તિ પધરાવીને મૂર્તિની પૂજા વિગેરેનો પ્રવાહ ચાલુ કરી એક બ્રાહ્મણને પૂજા કરવા રાખ્યો. ને રાજા નિરંતર દર્શન કરતી વખતે વશિષ્ઠ મુનિની પ્રાર્થના કરતા કે આ સ્થળે પ્રત્યક્ષ ભગવાન પધારીને મને દર્શન આપે તો મારું કલ્યાણ થાય. આવી રીતની ઈચ્છાવાળો રાજા થોડા દિવસમાં પોતાનો આયુષ પૂરો થઈ રહેવાથી દેહત્યાગ કરી સ્વર્ગમાં ગયો. રાજાના મરણ પછીથી રાણીનું રાજ્ય થયું ને રાજાની માફક રાણી પણ નિરંતર વશિષ્ઠ મુનિનાં દર્શન કરવા જતાં હતાં.

એક સમયે તે મંદિરના પૂજારીએ રાણીને કહ્યું કે રાજાનો એક સંકલ્પ બાકી રહી ગયો છે તે તમો પૂરો કરો. તેઓને બે મંદિર કરાવીને હનુમાનજી તથા ગણપતિ પધરાવવા હતા તે સંકલ્પ રહી ગયો છે માટે તે પધરાવવાનો રાજાજીનો સંકલ્પ પૂરો થાય ને તમારી પણ સત્કીર્તિ વધે. આવું પૂજારીના કહેવાથી રાણી દર્શન કરીને ગયા.

પછીથી દિવાનને બોલાવીને વશિષ્ઠ મુનિના મંદિર આગળ સારાં નાજુક નાનાં બે મંદિર કરાવ્યાં ને રંગાવ્યાં ને તે ઉપર સોનાના કળશો ચઢાવ્યા ને હનુમાનજી તથા ગણપતિની રંગીન મૂર્તિઓ મંગાવીને શહેરમાં રહેનાર વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા ને કહ્યું કે અમારે ઉપરની બે મૂર્તિઓ પધરાવવી છે તે કામ તમારાથી થઈ શકશે કે કેમ ?

આવું રાણીજીએ પૂછેલા બ્રાહ્મણો અહંકારથી બોલ્યા. અમને સર્વપ્રતિષ્ઠાનું કામ આવડે છે. દરેક શાસ્ત્રો અમે ભણેલા છીએ. આવું કહ્યું છતાં રાણીજીએ કહ્યું કે કાશી તથા પૂનાથી વિદ્વાનો બોલાવવા હોય તો બોલાવો, કારણ કે પ્રતિષ્ઠાવિધિમાં કાંઈ ભૂલચૂક થાય નહિ. પણ અભિમાની બ્રાહ્મણોએ કોઈને ન બોલાવીને પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરીને તે દિવસે પ્રતિષ્ઠાનો સંપૂર્ણ વિધિ કરી ગણપતિના સ્થાનમાં હનુમાનજીને અને હનુમાનજીના સ્થાનમાં ગણપતિને પધરાવીને દક્ષિણ અગર ઉત્તર દિશા જોયા સિવાય આરતી ઉતારીને જય બોલાવી દીધી ને ચોરાશી વિગેરે રાણીજી પાસે કરાવીને મનમાનતી દક્ષિણાઓ લઈને બ્રાહ્મણો પોતપોતાને ઘેર ગયા.

ત્યારબાદ પૂનાનો એક વિદ્વાન બ્રાહ્મણ તે શહેરમાં આવ્યો. ત્યાં તેણે વશિષ્ઠ મુનિનાં દર્શન કરીને હનુમાનજી તથા ગણપતિનાં દર્શન ઊલટાંસૂલટાં કર્યાં, જેથી તે ઘણો વિચાર કરવા લાગ્યો કે આ પ્રતિષ્ઠા કરનારાઓએ દિશાનો નિશ્ચય કર્યા સિવાય આ મૂર્તિઓ કેમ પધરાવી હશે? આવું કરવાથી તો રાજ્યને માથે ભાર થાય, રાજ્ય અવિચચળ રહે નહિ. માટે હું રાજાને નિવેદન કરું તેમ ધારીને તે વિદ્વાન બ્રાહ્મણ રાણીજી પાસે ગયો ને ઉપરની ઊલટસૂલટની હનુમાનજી ગણપતિની વાત કરીને રાજ્યને ઘણું નુકસાન થશે માટે ફરીથી બેઉ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરો. હાલ રહેલા હનુમાનજીના દેરામાં ગણપતિને પધરાવો, ને ગણપતિના સ્થાનમાં હનુમાનજી પધરાવો તો જ રાજ્ય આબાદ રહેશે, નહિ તો ધક્કો પહોંચશે. હંમેશાં દક્ષિણ દિશા તરફ મુખ રહે તેવા હનુમાનજી પધરાવવા જોઈએ, ને ઉત્તર દિશા તરફ મુખ રહે તેવા ગણપતિ પધરાવવા જોઈએ એવો વિધિ છે.

પછી રાણીજીએ એકદમ હુકમ કરીને બ્રાહ્મણોને બોલાવ્યા ને કહ્યું કે બ્રાહ્મણોને કેદખાનામાં નાંખો. તે સાંભળીને આવેલા બ્રાહ્મણોને કેદખાનામાં નાંખી દીધા, તે અવસરમાં શ્રીજીમહારાજ ફરતાં ફરતાં ત્યાં પધારીને વશિષ્ઠ મંદિરમાં નિવાસ કર્યો ને દેવનાં દર્શન કરીને એકસ્થાને સિદ્ધાસન વાળી ધ્યાન કરવા બેઠા. ત્યાં એક બ્રાહ્મણ દેવનાં દર્શન કરવા આવ્યો. તેણે દર્શન કરીને સમીપમાં બેઠેલા શ્રીજીમહારાજને દેખતાં જ વૃત્તિ તણાઈ ગઈ તેથી જાણ્યું કે આ કોઈ સાક્ષાત્ ઈશ્વર છે, ને આપણાં સંકટ દૂર કરવા અત્રે પધારેલા છે એમ ધારી ઈશ્વરમૂર્તિ શ્રીજીને નમસ્કાર કરી તેમના સમીપમાં થોડીવાર બેઠો. પછી શ્રીજી ધ્યાનમાંથી ઊઠ્યા ત્યારે ત્યાં આવેલા બ્રાહ્મણે શ્રીજી આગળ રાણીજીએ કેદમાં પૂરેલા બ્રાહ્મણોની હકીકત કહી, જેથી ગૌબ્રાહ્મણ પ્રતિપાળ શ્રીજીમહારાજે પોતાને શરણે આવેલા બ્રાહ્મણને કહ્યું જે રાણીજીને અહીં બોલાવી લાવો.

આવું કહેવાથી શરણાગત બ્રાહ્મણ રાણીજીને બોલાવી લાવ્યો ને રાણી તે મંદિરમાં આવીને શ્રીજીમહારાજનાં દર્શન કરીને સમીપમાં બેઠાં. રાણીજીને પણ શ્રીજીનાં દર્શનથી અંતઃકરણમાં શાંતિ થઈ ગઈ ને ઘાટ સંકલ્પ બંધ થઈ ગયા જેથી અંતઃકરણમાં નિશ્ચય થયો કે આ પ્રત્યક્ષ ભગવાન મારા પુરમાં પધારેલા છે. મારા પૂર્વના પૂન્યે કરીને આ ભગવાન મને દર્શન દેવા આવ્યા છે એમ વિચાર કરી શ્રીજીની પ્રાર્થના કરી કે મારો તથા મારા પતિનો મોક્ષ કરજો.

આવી રીતે વિનંતી કરી. ત્યાર બાદ શ્રીજીએ રાણીને કહ્યું કે દેવનાં દર્શન કરો. તે દેવનાં દર્શન કરતી વખતે શ્રીજીમહારાજની પ્રેરણાથી હનુમાનજી તથા ગણપતિ પોતે ચાલીને પોતપોતાના સ્થાનમાં બેસવા જતા બન્ને દેવોને રાણીએ દીઠા તેથી રાણીજી ઘણો આનંદ પામીને શ્રીજીમહારાજને પોતાનું રાજ્ય આપવા તૈયાર થઈ. ત્યારે શ્રીજીએ કહ્યું જે રાજ્ય તમે કરો પણ આ પ્રત્યક્ષમૂર્તિનું પ્રગટ ભજન કરશો તો તમારો તથા તમારા પતિનો મોક્ષ થશે. ને તમો પ્રસન્ન થયાં હોય તો કેદમાં પૂરેલા બ્રાહ્મણોને છોડી મૂકો એટલી અમારી આજ્ઞાનું પાલન કરો.

આવી રીતે કહીને બ્રાહ્મણોને સંકટમાંથી છોડાવીને પોતાનો સર્વોપરી નિશ્ચય થવા માટે આ પ્રત્યક્ષ આશ્ચર્ય દેખાડીને સર્વ બ્રાહ્મણોને પોતાના આશ્રિત કરીને પ્રગટ ભજન કરવા માટે નિયમ ધરાવતા એવા શ્રીજીમહારાજ તે સ્થાનથી ચાલતા થયા તે થોડા દિવસમાં રામપુરગામની વાડીમાં આવી ઊતર્યા. ત્યાં એક સ્થાનમાં શ્રીજીમહારાજ બેઠેલા છે તે સમયમાં વાડીનો રક્ષણ કરનાર માળી આવ્યો ને બ્રહ્મચારી ધ્યાનમાં બેઠેલા તેમને નમસ્કાર કરીને સમીપમાં બેઠો. થોડીવારે શ્રીજી ધ્યાનથી બહાર આવ્યા તેટલામાં ખાવાનું લઈને માળીની સ્ત્રી આવીને શ્રીજીની મૂર્તિ જોઈ આનંદ પામીને નમસ્કાર કરીને બોલી જે આ ખાવાનું, આવેલા ભગવાનને જમાડો. પછી તેમની પ્રસાદી આપણે જમીએ.

આવું સ્ત્રીનું વચન સાંભળીને માળીએ શ્રીજીને જમવાનો આગ્રહ કર્યો. પણ શ્રીજીએ કહ્યું કે અમો વનમાં ફરવા નીકળ્યા ત્યારથી અન્ન જમ્યા નથી. માટે અન્ન જમીશું નહિ. માટે કાંઈ ફળ લાવો તો જમીએ. આ સાંભળીને માળી તુરંત પાકેલાં કેળાં લાવ્યો ને શ્રીજીને આપ્યાં. તે કેળાંને સુધારી શાલીગ્રામને નૈવેદ્ય કરીને આરોગવા લાગ્યા. તે સમયમાં પ્રસાદીની આશાએ સમીપમાં બેઠેલ માળીને તથા તેની સ્ત્રીને સમાધિ કરાવીને પોતાનું અક્ષરધામ દેખાડ્યું ને વાડીમાં રહેલી તથા ધામમાં રહેલી બેઉ મૂર્તિનું એકપણું દેખાડ્યું. જેથી તે ધામમાંથી આ

લોકમાં ન આવવાની રુચિવાળાં સ્ત્રી–પુરુષને સમાધિમાંથી જાગ્રત કર્યાં ને પોતાની મૂર્તિનો નિશ્ચય કરાવીને કેળાંની પ્રસાદી આપી સંતોષ પમાડ્યાં ને એક રાત્રી રહી સ્ત્રી–પુરુષને જ્ઞાનોપદેશ કરીને બીજે દિવસે ચાલવાની તૈયારીમાં શ્રીજીની પ્રાર્થના કરી કે અમને તમારા ધામમાં વેલા તેડી જજો.

આવું કહેવાથી શ્રીજીએ કહ્યું કે તમો બેઉ સુરતમાં વાણીયાને ઘેર જન્મ ધરશો. જેમ અહીં સ્ત્રી–પુરુષ છો તેમ તે જન્મમાં પણ સ્ત્રી–પુરુષ થશો ને હું સુરતમાં પધારીશ ત્યારે મારો મેળાપ થશે. પછીથી નિયમ ધારીને સત્સંગી થઈને પ્રગટ ભજન કરવાથી તમને મારા ધામમાં લઈ જઈશ. આવું કહીને શ્રીજી મહારાજ રામપુરથી ચાલતા થયા તે રસ્તામાં દશ દિગ્પાલ ભેગા થયા. તેમણે સ્તુતિ કરેલા શ્રીનીલકંઠ બ્રહ્મચારી નાસીક ત્ર્યંબક આવ્યા. ત્યાં ગોદાવરીનાં સ્નાન તથા શંકરનાં દર્શન કરી તાપી તથા નર્મદા નદીમાં સ્નાન કરી મહી, સાબરમતી ઊતરી ભીમનાથ આવ્યા. ત્યાં શંકરનાં દર્શન કરી ત્યાંથી ફરતાં ફરતાં લોજ આવી વાવ્ય ઉપર બેઠા. તે સમયમાં રામાનંદ સ્વામીના શિષ્ય સુખાનંદ સ્વામી સ્નાન કરવા આવ્યા. તેમના આગ્રહથી શ્રીનીલકંઠ બ્રહ્મચારી ગામમાં રહેલા રામાનંદ સ્વામીના મુકામમાં આવીને મુક્તાનંદ સ્વામીને મળ્યા ને તેમને સારા સત્પુરુષ જાણીને લોજમાં મુક્તાનંદ સ્વામી પાસે રહ્યા.

પછી થોડા સમયમાં રામાનંદ સ્વામીનો મેળાપ પીપળાણામાં થયો. તેમણે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને વૈશ્નવી દીક્ષા આપીને સહજાનંદસ્વામી તથા નારાયણમુનિ એવાં બે નામ પાડ્યાં. પછી ત્યાંથી રામાનંદ સ્વામી પોતાનું શિષ્યમંડળ લઈને જેતપર પધાર્યા. ત્યાં શ્રીસહજાનંદ સ્વામીને પોતાની ગાદી ઉપર બેસાડીને ત્યાં થોડા દિવસ રહીને ફણેણી પધાર્યા. ત્યાં રામાનંદ સ્વામી દેહ ત્યાગ કરી અક્ષરધામમાં ગયા ને શ્રીજીમહારાજે સત્સંગની ધર્મધુરા ઉપાડીને માંગરોળ, મેઘપુર, કાલવાણી, માણાવદર, આખા, પીપળાણા વિગેરેમાં ફરીને સમાધિના પ્રકરણને ચલાવતા હતા. ॥૧૯॥

એક સમયે જીવાખાચર દાદાખાચરનાં દાણાનાં ખળાં રોકવા અને પોતાનાં ખળાં ઉપાડવાની મંજૂરી લેવા ભાવનગર વજેસિંહ પાસે ગયા. ત્યાં જઈ દરબારને કહ્યું જે સ્વામિનારાયણ કહે છે કે ખળાં ઉપાડવામાં રાજાને શું પૂછવું છે એમ દાદાખાચરને કહેતા હતા, માટે તમોને પૂછ્યા સિવાય ઉપાડી લેશે તો પછી તમારો હુકમ ચાલશે નહિ. માટે તે દાદાખાચરનાં ખળાં રોકવાં દશ સિપાઈને મોકલો.

અને હું તો ખળાં ઉપાડવાનો હુકમ આપની પાસે લેવા આવ્યો છું માટે મને હુકમ આપો. આવી રીતે રાજાને ભરવીને દાદાખાચરનાં દાણાનાં ખળાં ઉપર સિપાઈ બેસાડ્યા. ને પોતાનાં ખળાંના દાણા ઉપડાવી લીધા.

પછી ચૈત્ર–વૈશાખ ગયો જેઠ મહિનો આવ્યો. ને હુકમ રાજા પાસેથી લાવીને ખળાં ઉપાડી લેશે. આવા સંકલ્પથી જીવાખાચર બીજા પચ્ચીસ સિપાઈ લેવા ભાવનગર જતાં પહેલાં મહારાજને દર્શને આવ્યા. ત્યારે શ્રીજીએ પૂછ્યું કે ક્યાં જાઓ છો. ત્યારે જીવાખાચર કહે કાંઈ કામ પ્રસંગે ભાવનગર જાઉં છું. પછી શ્રીજી કહે દાદાખાચરનાં ખળાં રોકાવ્યાં છે તે ઉપાડવાનો હુકમ લેતા આવજો. ત્યારે જીવાખાચર કહે જેણે રોકાવ્યાં હશે તેને હું જોઈ લઈશ. ત્યારે મહારાજ કહે તેને તમો તથા અમો જાણીએ છીએ. આવું સાંભળીને ગયા. દાદાખાચરનાં ખળાના દાણા વરસાદ આવતાં સુધી ન ભરવા દેવા સારુ ને તેમને હેરાન કરવા સારુ ભાવનગર જીવાખાચર ગયા. ત્યાં રાજાને સર્વ હકીકત કહી.

પછી રાજાએ પૂછ્યું કે સ્વામિનારાયણ કોણ છે? ત્યારે જીવાખાચર કહે ભગવાન છે. પછી પોતાના ઢોલીયાનું રક્ષણ કરનાર મેરૂખવાસને બોલાવીને કહ્યું જે કાગળ લાવ્ય ને હું લખાવું તેમ લખ્ય. પછી શ્રીજી ઉપર વિનંતી સાથે લખ્યું જે અમોએ તમારાં ખળાં સિપાઈ પાસે રોકાવ્યા છે તે જીવાખાચરના કહેવાથી રોકાવેલાં છે પણ તમો ભગવાન છો તેમની સાથે અમારે બાંય બાંધવી નથી, મારો અપરાધ ક્ષમા કરજો. એમ લખીને પોતાની મોર છાપ કાગળ નીચે મારીને બીજો કાગળ સિપાઈઓ ઉપર લખ્યો જે આ કાગળ દેખીને તુરંત અત્રે આવજો. આવી રીતના બે કાગળ આપીને સિપાઈને ગઢપુર મોકલ્યો. ને તે કાગળ ગઢડે જઈને મહારાજશ્રીને આપતાં પહેલાં શ્રીજી મહારાજે જીવુબાને કહ્યું કે પ્રથમ આવેલા દશ સિપાઈઓને તથા આજ રાજાનો પત્ર લઈને આવનાર સિપાઈને ગોળ ઘી રોટલા જમાડજો ને કાલે ભાવનગર જવા દેજો એમ કહીને ભાવનગરથી રાજાનો કાગળ લઈને આવનાર સિપાઈના આવતાં પહેલાં શ્રીજીમહારાજે સભામાં જીવુબાને તથા દાદાખાચરને તથા લાધા ઠક્કરને કહ્યું જે કાલે સવારે આપણાં દાણાનાં ખળાં ઉપાડી લઈએ. રાજાનો સિપાઈ આપણને કહેવા કાગળ લઈ આવે છે.

આવું કહ્યું ત્યારે જીવુબા કહે કે બે દિવસ ખમો. આવી વાત કહે છે ત્યાં રાજાનો સિપાઈ કાગળ લઈને આવ્યો એટલે શ્રીજીની કહેલી વાત સાચી થઈને બીજે દિવસ સવારમાં રોટલા તથા દહીં ખાઈને દાણાં જોખવાનું સાધન લઈને

શ્રીજીમહારાજ સહિત દાણાનાં ખળામાં ગયા. ને જોખીને દાણાના ભાગીદારોને દાણાં આપ્યા, ને પોતાના દાણાનાં ગાડા ભરીને દાદાખાચરના દરબારમાં લાવીને લીંબડાનાં પાંદડાં રાખ નાખીને કોઠીઓ ભરાવી લીધી. હવે જે વખતે દાદાખાચરના દાણાનાં ખળાં રોક્યાં હતાં તે વખતે સંતો મહારાજને કહે કે હાલ દાણા ઉધારે લાવીને દાદાખાચરને દિવસો કાઢવા પડે છે તે કરતાં તમો આજ્ઞા આપો તો અમે સર્વ સંતો સુરત તરફ જઈએ જેથી દાદાખાચરને દાણાં ઉધારે લાવીને અમને ખવડાવવા ન પડે. આવું કહેવાથી શ્રીજી મહારાજે ત્યાં વાત કરીને નીચેની સાખી બોલ્યા જે,

દાહ જલે ડુંગર જલે, જલે સબ વનરાય ।
હમ જલે તૂમ કાં જલો, હમારે પાંખો નાય ॥

આવા દેશકાળમાં આપણે દાદાખાચરની સહાય કરવી જોઈએ. પણ અહીંથી જવું ન જોઈએ. તે જ વાત શ્રીજીમહારાજે વચનામૃતમાં લખેલ છે જે દાદાખાચરને જરાક આપત્કાળ આવ્યો હતો તેમાં સર્વનાં અંતઃકરણ જણાયાં હતાં માટે દેશકાળ નબળો આવે ત્યારે સહાયતા કરવી પણ તેનાથી છેટે જવા મનમાં ઘાટ ન જ કરવો એ સિદ્ધાંત છે. ॥૨૦॥

વાળાક દેશના ઉમેજ ગામમાં લાખા પટેલે એક વાડી ઈજારે રાખી હતી. તે વાડીમાં એક કૂવો હતો ત્યાં આત્માનંદ સ્વામીના શિષ્ય વિઠલાનંદ તથા બાળાનંદ સ્નાન કરવા ગયા. તે કૂવામાંથી પાણી કાઢી સ્નાન કરીને તુળસી તથા પુષ્પ લેવા વિઠલાનંદ બગીચામાં ગયા, ત્યાં કેળના સમીપમાં એક લીંબડાનો વૃક્ષ નાનો દેખ્યો. તેને જોઈને વિઠલાનંદ બાળાનંદને કહે કે આ લીંબડાના વૃક્ષ નીચે પ્રગટ ભગવાન બેસશે. એમ કહી મુક્તરૂપ લીંબડાના વૃક્ષને નમસ્કાર કરી કૂવા પાસે આવ્યા ને લાખા પટેલને કહ્યું જે તમારું કામ થઈ ગયું છે, કારણ કે તમારા બાગમાં એક કેળનાં સમીપમાં લીંબડાનો રોપ છે. તેની નીચે પ્રગટ ભગવાન આવીને બેસશે. આવી રીતે કહીને તુળસી પુષ્પથી પોતાના દેવની પૂજા નૈવેદ્ય આરતી વિગેરે કરીને વિઠલાનંદ તથા બાળાનંદ ત્યાંથી ગયા.

ત્યાર બાદ પશ્ચિમ પંચાળમાં ઉત્તમ એવા ગઢડા ગામના એભલખાચર તથા તેમના સાળા ઘેલો ધાધલ બન્નેય જણ બાબરીયાવાડમાં કાંઈ કામ પ્રસંગે ગયેલા તે કામ સિદ્ધ કરી આવતાં રસ્તામાં લાખાપટેલનું ગામ ધામળેજ ત્યાં આવ્યા ને પટેલને ઘેર જઈ તેમની સ્ત્રીને પૂછ્યું કે લાખા પટેલ છે? ત્યારે પટલાણીએ કહ્યું

કે અહીંથી બે ગાઉ ઉપર ઉમેજ ગામ છે ત્યાંની કેળાંવાડી ઈજારે રાખી છે તે કાયમ ત્યાં રહે છે. કામકાજ હોય તો કોઈ દિવસ ઘેર આવે છે માટે તમારે પટેલને મળવું હોય તો ઉમેજ જાઓ. આવું બાઈનું વચન સાંભળીને બન્નેય જણ ઉમેજ ગયા, તે ગામમાં રહેલી વાડીમાં ગયા. ત્યાં પોતાના મિત્ર લાખા પટેલનો મેળાપ થયો.

પછીથી તે વાડીમાં રહેલ કુવાના જળથી સ્નાન કરીને રામચંદ્રજી ભગવાનની પૂજા કરતા હતા. ત્યાં લાખાપટેલે એભલખાચરને કહ્યું કે આ ઈજારે રાખેલ વાડીમાં એક કેળના સમીપમાં લીંબડાનો રોપ છે તેની નીચે પ્રગટ ભગવાન આવીને બેસશે એમ આત્માનંદ સ્વામીના શિષ્ય વિઠલાનંદ કહેતા હતા. ત્યારે એભલખાચરે કહ્યું કે તે મુક્તરૂપ લીંબડાનાં મને દર્શન કરાવો. પછી લાખાપટેલે એભલખાચરને લઈને બાગમાં જઈ મુક્તરૂપ લીંબડાનાં દર્શન કરાવ્યાં. ત્યારે તે લીંબડાનો રોપ લાખાપટેલ પાસેથી ત્રિકાલને જાણનાર આત્માનંદ સ્વામીના શિષ્ય વિઠલાનંદનું કહેલ વચન ખોટું પાડવા માટે લીંબડાનો છોડ માગી લીધો ને કહ્યું કે લીંબડો આ બાગમાં હશે ત્યારે તેની નીચે આવીને પ્રગટ ભગવાન બેસશે ? માટે તે લીંબડાને હું ગઢડે લઈ જઉં છું એટલે પ્રગટ ભગવાન ક્યાં બેસશે ?

આવું કહીને તે લીંબડાનો રોપ મૂળિયાંએ સહિત ધૂળને ખોદી એક લૂગડાના કટકે બાંધી ઘોડાઓને ચંદી ખવડાવવાના પાવરામાં મૂકી પાણી પાતા થકા લીલા લીંબડાને ગઢડે લાવીને પોતાના દરબારના ફળિયા વચ્ચે ખાડો ખોદી નવી ધૂળ તથા ખાતર નાખી લીંબડો રોપતા હતા. તે વખતે એભલખાચરનાં મોટાં દીકરી જીવુબા ત્યાં આવ્યાં. તેમણે પોતાના પિતા એભલખાચરને કહ્યું કે આ લીંબડા નીચે પ્રગટ ભગવાન બેસશે. આવું વચન પોતાની દીકરીનું સાંભળી આશ્ચર્ય પામ્યા. પછી તે લીંબડાને પાણી પાઈને મોટો કર્યો. પછી શ્રીજીમહારાજ ગઢપુર પધાર્યા ત્યારે વિઠલાનંદનું તથા એભલખાચરના મોટાં દીકરી જીવુબાનું વચન સત્ય કરવા માટે મુક્તોએ સહિત શ્રીજી તે લીંબડાની નીચે આવીને વિરાજમાન થયા. જેથી એભલખાચરને શ્રીજીમહારાજનો પાકો નિશ્ચય થવાથી શ્રીજીનું ભજન કરતા હતા. આવી રીતે દાદાખાચરનાં દરબારમાં રહેલા લીંબડાની ઉત્પત્તિ છે. ॥૨૧॥

ગઢડામાં શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં લીંબડા નીચે બિરાજમાન હતા. તે સમયમાં શ્રીજીએ એભલાખાચરને કહ્યું કે હું બહુ ધનવાળાને અગર સારાં ઘરોવાળાને પ્રસન્ન થતો નથી પણ નિષ્કામ ભક્તિથી પ્રસન્ન થાઉં છું. તે

ઉપર મહારાજે વાત કરી કે હે એભલખાચર તમારી સાત પેઢીથી બ્રહ્મચર્ય અખંડિત છે. તેથી હું સર્વ અવતારનો અવતારી અક્ષરધામમાંથી પ્રગટ થઈને તમારા કુટુંબના ઘણાં પ્રેમના વશ્યપણાથી તમારા ઘરમાં રહેલો છું. આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને એભલખાચર શ્રીજી પાસે બોલ્યા જે મારા પિતા બાવાખાચર, તેમના પિતા ઉનડખાચર, તેમની સ્ત્રી રાણદેબાઈ હતાં. તે અમારી દાદીએ મારા આગળ પોતાની અનુભવેલી વાત કહી હતી કે ગોપનાથના ગોપાળ જોગી, તેના શિષ્ય આત્માનંદ સ્વામી હતા, તેમના શિષ્ય આસુંદરના મારા પિતાશ્રી ઓઢોખુમાણ તથા રામાનંદ સ્વામી તથા જુક્તાનંદ સ્વામી તથા મુક્તાનંદ તથા માનનાથ તથા વિઠલાનંદ તથા બાળાનંદ મળી સાત શિષ્ય હતા.

તે આત્માનંદ સ્વામીના શિષ્ય માનનાથની હું સેવા કરતી હતી. ત્યારે સેવાથી પ્રસન્ન થયેલા માનનાથે મને કહ્યું હતું જે તમારા પતિ ગઢડાવાળા ઉનડખાચર છે ને વળી બીજી વાત કરી હતી જે હું એક વખત યાત્રા કરતો કરતો ગઢડે ગયો હતો તે વખતે ઉનડખાચરે મારી ઘણીક સેવા કરી હતી. ત્યારે મેં પ્રસન્ન થઈને તમારા પતિશ્રીને કહ્યું કે તમારે મારી પાસે કાંઈ માગવું હોય તો માગો અગર કાંઈ પ્રશ્ન પૂછવો હોય તો પૂછો. ત્યારે ઉનડખાચરે પૂછ્યું જે મને પ્રત્યક્ષ ભગવાન મળે તેવા સદ્‌ગુરુની ભેટ કરાવો ત્યારે પોતાના ગુરુ, આત્માનંદ સ્વામીનાં દર્શન કરાવ્યાં. પછી મેં કહ્યું જે તમારું ઈચ્છિત સિદ્ધ થશે અને મારા ગુરુની પ્રસન્નતાથી તથા શંકરની પૂર્ણ કૃપાથી તમારે પુત્ર થશે.

વળી એક વખત માનનાથજી ફરતા ફરતા ગઢપુરના કુંભનાથ મહાદેવના મંદિરમાં આવીને રહ્યા હતા. ત્યારે મારા પિતાના પિતા ઉનડખાચરે મારા પિતાનાં માતુશ્રી રાણદેબાઈને માનનાથનાં દર્શન કરવા મોકલ્યાં હતાં. તેમનાં દર્શન કરીને પાસે બેઠાં એવાં અમારી દાદીની આગળ માનનાથ બોલ્યા જે આત્માનંદ સ્વામી તથા શંકર તમારો મનોરથ પૂરો કરશે, માટે તમો આજથી ગાયનું વ્રત કરો જેથી બાર માસે તમારે એક નિષ્કામ ધર્મવાળો પુત્ર થશે તેનું નામ બાવોખાચર પાડજો. ને તમારા દેશમાં રહેલા બ્રાહ્મણોને પૃથ્વીનું દાન કરજો ને મહાયજ્ઞ કરાવજો ને બ્રાહ્મણોને સુવર્ણના પદકવાળી છે ડોક જેની એવી ગાયોનું દાન કરજો ને બ્રાહ્મણોને જમાડીને પાંચ હજાર રૂપિયા દક્ષિણામાં આપજો ને તમારા નિરંતર દાન આપવાના ઘરની પૃથ્વીમાં મહાપ્રતાપવાળા શંકરનું લિંગ છે તે શંકરના લિંગને પૂર્વે તપસ્વી માંડવ્યમુનિએ ભક્તિથી પૂજેલું છે.

આ ગઢપુર દ્વારકાનું શાખાનગર હતું તેથી શ્રીકૃષ્ણ ભગવાન પોતાના સખાઓ સંગાથે ફરવા આવતા હતા એવા ઉત્તમ સ્થળ રૂપ આ ગઢપુર પ્રત્યે અક્ષરધામના અધિપતિ સર્વ અવતારના કારણ અવતારી ભગવાન આવશે. આ હેતુ માટે તમો બેને પવિત્ર જાણી પુત્ર આપું છું. તેમનો પુત્ર અભયરાજા થશે. ને તેમનો પુત્ર મહાપ્રતાપી ઉત્તમરાય થશે. ને મહાપ્રતાપયુક્ત જયા-લલિતા-પાંચાળી-નાની આવા નામવાળી ચાર કન્યાઓ અભયરાજાને થશે. અને સર્વ અવતારના અવતારી સ્વતંત્ર પુરુષોત્તમ નારાયણ ઉત્તર કોશળ દેશમાં રહેલા છપૈયા નામના પુરમાં પ્રગટશે ને પ્રખ્યાત છે પુણ્યકારિક દર્શન જેમનું એવા શ્રી નીલકંઠ ભગવાન તમારા પુરમાં આવીને તમારા ઘરમાં નિવાસ કરીને રહેશે. અને ગઢપુરમાં રહેલો મારો શિષ્ય ગોમતિગીરીને તમોએ પધરાવેલા શંકરને પૂજારી કરજો. તેને શંકરની પૂજા માટે ભૂમી આપજો.

આ પ્રમાણે આજ્ઞા કરતા એવા માનનાથને મારી દાદીએ કહ્યું જે આપની આજ્ઞા પ્રમાણે આપીશું. પછી અમારી દાદી માનનાથનો આશીર્વાદ લઈને ઘેર આવીને પોતાના પતિ ઉનડખાચરને માનનાથનું કહેલું સર્વવૃતાંત કહ્યું. પછી થોડા સમયમાં ઉન્નડખાચરને પવિત્ર એવા બાવાખાચર પુત્ર થયા. પછી ઉનડખાચરે ઉન્મત્તગંગાને સામે કાંઠે મંદિર કરાવીને પોતાના નિરંતર દાન દેવાના સ્થાનમાં રહેલા શંકરના લિંગને ભૂમિથી બહાર પોતાના ચાકર પાસે કઢાવીને શાસ્ત્રમાં કહેલો પ્રતિષ્ઠાવિધિ બ્રાહ્મણો પાસે કરાવીને ઉત્સવસહિત શંકરની સ્થાપના પોતે કરાવીને મંદિરમાં કરાવતા હવા ને માનનાથના શિષ્ય ગોમતીગીરીને પૂજારી કરીને પૂજાનો પ્રવાહ નિરંતર ચાલે તે માટે પૃથ્વીનું દાન કરતા હવા ને પોતાના દેશના બ્રાહ્મણોને પૃથ્વી તથા ગાયોનું દાન આપીને તથા જમાડીને પાંચ હજાર રૂપિયા દક્ષિણામાં આપતા હવા ને વેદ-વેદાંતને જાણનારા બ્રાહ્મણો પાસે અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમનારાયણને પ્રસન્ન કરવા યજ્ઞ કરાવતા હતા. આવી રીતે મારી દાદી વાત મારી પાસે કરતાં હતાં તે આપશ્રીને સવિસ્તાર કહેલ છે. ને માંડવ્યમુનિ પણ દુર્વાસાના શ્રાપે કરીને માનનાથ થયા હતા. ॥૨૨॥

દંઢાવ્ય દેશના વિશનગર ગામમાં રૂપરામ ઠાકોર રહેતા હતા. તેઓ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા ને ત્રણે અવસ્થામાં શ્રીજીની મૂર્તિને દેખતા ને તેઓ વૈદ્યનું કામ કરતા હતા. તેઓ એક સમે ગોધરા ગયા હતા. ત્યાં એક ભયંકર રોગવાળો મનુષ્ય મળ્યો. તેને પોતે ઔષધ આપીને સાજો કર્યો. પછી

તેઓ પોતાને ઘેર આવવા માટે તૈયાર થયા ત્યારે રોગવાળા મનુષ્યે બહુ દ્રવ્ય આપ્યું ને તેઓ ગોધરાથી ઘોડા ઉપર બેસીને નીકળ્યા ને શ્રીજીમહારાજને સંભારતાં ગોધરાની ઝાડીમાં ચાલવા માંડ્યું. તે સમામાં ઝાડીમાં ઘણો અંધકાર હોવાને લીધે રસ્તો ભૂલી ગયા ને ઉવાટે ઘોડું ચાલવા લાગ્યું. પછી ઘોડું અટક્યું ત્યારે રૂપરામ ઠાકરે વિચાર કર્યો કે ઘોડું કેમ અટક્યું ? તેની તપાસ કરવા નીચે ઊતર્યા ત્યારે કોઈ પણ રસ્તો જોયો નહિ તેથી ગભરાયા ને શ્રીજીમહારાજની પ્રાર્થના કરવા લાગ્યા કે હે પ્રભુ અત્યારે રક્ષા કરનાર તમો છો. હું રસ્તે ભૂલો પડ્યો છું ને આ વનમાં વાઘ, સિંહ, રીંછ વગેરે પ્રાણીઓ આવશે તો અમને ખાઈ જશે માટે સર્વ ભક્તોની તમોએ રક્ષા કરેલી છે તો તમારો અનન્ય ભક્ત એવો જે હું તે મારી રક્ષા કરો ને આ ઘાટી અંધકારવાળી ઝાડીમાં હું કેને રસ્તો પૂછું ને કેને પોકારું? માટે હે દયાળુ, હે દીનબંધો, હે ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, હે અશરણશરણ, હે શ્રીજીમહારાજ મારી રક્ષા કરો.

એવી શ્રીજીની પ્રાર્થના કરી તેથી મહાદયાળુ એવા શ્રીજીમહારાજ તે અંધકારવાળા વનમાં એક ભૈયાનો વેશ ધારણ કરી લાકડી હાથમાં રાખીને પોકાર કરવા લાગ્યા કે, રસ્તે ખબરદાર રહેજો ને કોઈ લૂંટે તો અમને કહેજો. આવી રીતે સરકારી સિપાઈની પેઠે બોલતા હતા. પછી અમો તે તરફ ચાલ્યા ત્યારે તેમણે પૂછ્યું કે કોણ અંધારી રાત્યમાં આવે છે? ત્યારે રૂપરામ ઠાકરે કહ્યું જે રૈયત આવે છે. ત્યારે તેમણે જવાબ આપ્યો જે સુખેથી આવો. પછી તેઓ ત્યાં ગયા. તેમને શ્રીજીમહારાજે ઉતારો આપ્યો ને ઘોડાને બંધાવ્યો, ઘાસ આપ્યું. રૂપરામ ઠાકરને જમવા માટે મગજ, મગદળ, સુખડી આપી ને સારું ઠંડું પાણી પાયું ને સૂવા માટે પલંગ આપ્યો. પછી થાક ઉતારવા સારુ રૂપરામ ઠાકરે ના પાડી છતાં તેમનાં ચરણ દાબ્યાં. પછી ઠાકરની રજાથી ભૈયા રૂપને ધરનાર શ્રીજી પોઢી ગયા ને ઠાકર પણ સૂઈ ગયા.

પછી સવારે જગાડી તેમને રસ્તો દેખાડીને શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી રૂપરામ ઠાકર પાછું વાળીને જુએ છે તો કોઈ મનુષ્ય ભાળ્યું નહિ તેમજ જગ્યા પણ જોવામાં આવી નહિ. તેથી જાણ્યું કે આ ભયંકર ઝાડીમાં મારી રક્ષા શ્રીજીએ કરી છે પણ હું તેમના ગુનામાં આવ્યો છું, કારણ કે શ્રીજીએ મારા પગ દાબ્યા તે માટે તેમની માફી માગવા જાઉં. તેમ વિચાર કરી તેઓ ત્યાંથી ઘેર ન જતાં પ્રથમ શ્રીજીની શોધ કરતા ખંભાત આવ્યા. ત્યાં હરિભક્તોને પૂછતાં એમ

ભાળ મળી જે શ્રીજી હાલ ગઢપુર બિરાજે છે. પછી ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં ધોલેરા આવ્યું. તેમાં રહેલા મદનમોહનજી મહારાજનાં દર્શન કર્યાં ને પુંજાભાઈને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું જે મહારાજ શ્રીગઢપુરમાં છે, આજે બે સંત ગઢપુરથી આવેલા છે. શ્રીજીનાં દર્શન કરીને. તેથી તમો ત્યાં જાઓ ને શ્રીજીનાં દર્શન કરો ને અમારા જયશ્રી સ્વામિનારાયણ પણ કહેજો.

એમ કહેવાથી રૂપરામ ઠાકર ગઢડે ગયા ને શ્રીજી અક્ષરઓરડીમાં બિરાજમાન હતા ત્યાં જઈને દંડવત્ કરવા લાગ્યા તે બંધ રહ્યા જ નહિ. ને પ્રેમનાં આંસુથી શરીર આખું ભીંજાઈ ગયું. પછી શ્રીજી ઊભા થઈ રૂપરામને મળ્યા ને તેમની બનેલી બધી વાત કરીને શ્રીજીને કહ્યું કે હું તમારા ગુનામાં આવ્યો છું, કારણ કે ઝાડીમાં તમોએ ભૈયારૂપ ધારણ કરીને મારા પગ દાબ્યા તેથી તમારી પાસે ક્ષમા માગવા આવ્યો છું માટે મારી ઉપર ક્ષમા કરો. પછી શ્રીજીએ કહ્યું કે આપણે સ્વામી-સેવકનો તથા ગુરુ-શિષ્યનો નાતો છે માટે પરસ્પર સેવા કરવાનો ધર્મ છે માટે તમો મારી સેવા કરો છો તેથી મેં તમારી સેવા કરી છે માટે ચિંતા કરશો નહિ ને આનંદમાં રહેજો. એમ કહીને રૂપરામ ઠાકરને પોતાની સાથે થાળ જમાડવા માટે બ્રહ્મચારીને કહ્યું તેથી શ્રીજીને જમાડ્યા તે ભેગા રૂપરામ ઠાકરને પણ જમાડ્યા. ને તેમને સંતોષ આપીને તેમના ગામ પ્રત્યે જવાની આજ્ઞા આપી જેથી રૂપરામ ઠાકર પોતાને ગામ વિશનગર ગયા. આ વખતે શ્રીજીમહારાજ હરિભક્તોને સુખ આપવા પોતાના અક્ષરધામમાંથી પધાર્યા છે. ॥૨૩॥

ગઢડાથી શ્રીજીમહારાજ જેતલપુર પધાર્યા હતા. ત્યાંથી બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ગામ ટોડલામાં રહેલા ખુશાલભટ્ટને પોતાની પાસે લાવવા માટે ગયા હતા ત્યાં રહેલી દેવ નદીને કાંઠે રહેલું શંકરનું મંદિર છે. તેમાં બ્રાહ્મણરૂપવાળા શ્રીજીએ શંકરની પૂજા કરવા આવેલા બ્રાહ્મણને કહ્યું જે આ ગામમાં યોગીરાજ ખુશાલ ભટ્ટ રહે છે તેમને અમારે મળવું છે. તેમને તમો ગામમાં જાઓ ત્યારે અમારો સંદેશો કહેજો કે કોઈ બ્રાહ્મણ તમને મળવા માટે અચલેશ્વર શંકરના મંદિરમાં આવેલા છે તેમને મળવા જજો આટલું ખુશાલ ભટ્ટને કહેશો.

આવી રીતે કહેવડાવીને શ્રીજી શંકરના મંદિરમાં બિરાજમાન થયા. તે બ્રાહ્મણના સમાચાર મળતાં પહેલાં ખુશાલ ભટ્ટ પોતાના ઘર આગળ રહેલ પથ્થર ઉપર બેસીને સ્નાન કરતા હતા તે વખતે ખુશાલભટ્ટનાં દીકરી અનોપબા આવ્યાં

ને પોતાના પિતાને કહે મને પણ નવડાવો ત્યારે ખુશાલ ભટ્ટે બોલાવેલાં પોતાનાં દીકરીને ખોળામાં બેસાડીને નવડાવતા હતા તે સમયમાં ગામનો મુખી ત્યાંથી નીકળ્યો. તે અનોપબાને ખુશાલભટ્ટના ખોળામાં બેઠેલાં જોઈને બોલ્યો કે યોગીરાજ તમને પણ માયા વળગી છે, જેથી ખોળામાં બેસાડી નવડાવો છો.

આવું પટેલનું વચન સાંભળીને પોતાના ખોળામાં બેઠેલાં પોતાનાં દીકરીને છેટાં કરીને પોતે નાઈને પૂજા કરતા હતા તે સમયે શ્રીજીએ કહેલા સમાચાર કહેનારા બ્રાહ્મણે આવીને ખુશાલ ભટ્ટને કહ્યું કે કોઈ બ્રાહ્મણ તમને મળવા માટે ગુજરાતમાંથી આવીને શંકરના મંદિરમાં તમારી વાટ જુએ છે તેમને મળવા માટે જજો. આવું વચન સાંભળીને પૂજામાંથી પરવારીને તૈયાર થઈને બ્રાહ્મણરૂપ શ્રીજીને મળવા જતા હતા. તે વખતે પોતાનાં દીકરી પણ ખુશાલભટ્ટ સંગાથે જવા તૈયાર થયાં, તેને કહ્યું જે હું શંકરના મંદિરમાં રહેલા અચલેશ્વર મહાદેવનાં દર્શન કરીને આવું છું, તમો ઘરમાં બેસો તેમ સમજાવ્યાં પણ બાળહઠને લીધે પોતાની સંગાથે આવતાં અટક્યાં નહિ.

ત્યારે ખુશાલભટ્ટે પોતાની દીકરી અનોપબાના માથા ઉપર પોતાના બે હાથ મૂકીને કહ્યું જે ષડ્શાસ્ત્ર સહિત વેદ તથા અઢાર પુરાણને ભારતાદિ ઈતિહાસ તમારે કંઠાગ્ર થશે. આવો આશીર્વાદ આપીને પોતાની દીકરીને સમજાવીને ઘેર રાખીને ખુશાલભટ્ટ બ્રાહ્મણરૂપ શ્રીજીને મળવા શિવાલયમાં આવ્યા. ત્યાં રહેલા બ્રાહ્મણે કહ્યું કે તમોને શ્રીસ્વામિનારાયણ ભગવાન જેતલપુરમાં પધારેલા છે તેમણે બોલાવેલા છે માટે મારી સાથે ચાલો.

આવું વચન સાંભળીને તુરંત ઘેર ન જતાં બ્રાહ્મણ સ્વરૂપ શ્રીજીની સંગાથે ચાલી નીકળ્યા. તે ચાલતાં પોતાના મિત્ર ભગવાનદાસ પટેલનું ગામ ટાકાટુકા આવ્યું તે ગામની ભાગોળે બ્રાહ્મણસ્વરૂપ શ્રીજી તથા ખુશાલભટ્ટ તળાવને કાંઠે બેઠા, તે સમયમાં ગામમાં જનાર મનુષ્યને ખુશાલભટ્ટે કહેવડાવ્યું જે આ ગામમાં રહેતા ભગવાનદાસ પટેલને સંદેશો કહેજો કે તમારા મિત્ર ખુશાલભટ્ટ તળાવની પાળે બેઠા છે તેને મળવા જાઓ આવી રીતે કહેજો જેથી તે અમને મળવા આવશે. પછી પેલો મનુષ્ય સંદેશો લઈને ભગવાન પટેલ પાસે ગયો. તેમના મુખથી સમાચાર સાંભળતાં પહેલાં ભગવાન પટેલ પોતાને ઘેર પોતાના ચાકર પાસે પોતાને પીવા માટે અફીણ તૈયાર કરાવતા હતા તે વખતે ખુશાલભટ્ટ આવેલા છે ને તમોને તળાવની પાળે મળલા બોલાવે છે તેવા સમાચાર સાંભળીને અફીણ

પીધા સિવાય ખુશાલભટ્ટને મળવા ગયા ને ત્યાં પોતાના મિત્ર ખુશાલભટ્ટે કહ્યું જે આપણા બેના ઠરાવ મુજબ મને ભગવાન મળે તો તમને ખબર કરવા ને તમને ભગવાન મળે તો મને ખબર કરવા આવો આપણે બન્નેયે ઠરાવ કર્યો હતો જેથી શ્રીસ્વામિનારાયણ ભગવાન જેતલપુર આવ્યા છે ને તેમણે મને બોલાવવા આ બ્રાહ્મણને મારે ગામ ટોડલે મોકલ્યા હતા તે બ્રાહ્મણની સાથે ભગવાન ભેટવા હું જેતલપુર જાઉં છું તો તમારે ભગવાનનો મેળાપ કરવા આવવું હોય તો ચાલો.

આવું ખુશાલભટ્ટનું વચન સાંભળીને ભગવાન પટેલ ઘેર ન જતાં બ્રાહ્મણસ્વરૂપ શ્રીજી તથા ખુશાલભટ્ટ સંગાથે ચાલ્યા પણ ભગવાન પટેલને અફીણનું બંધાણ હતું તે ઘેરથી અફીણ પીધા વગર ખુશાલભટ્ટને મળવા આવ્યા જેથી રસ્તામાં ખુશાલભટ્ટની સંગાથે ચાલી ન શકવાથી પાછળ રહી ગયા ને બ્રાહ્મણસ્વરૂપ શ્રીજી તથા ખુશાલટ્ટ અડધા ગાઉ આગળ જતા રહ્યા ત્યારે પાછું વાળીને જોયું ત્યારે ભગવાન પટેલને દેખ્યા નહિ જેથી તેની આવવાની વાટ જોઈને એક ઝાડના છાંયે બેઠા. થોડીવારે પટેલ આવ્યા ત્યારે ખુશાલભટ્ટે પટેલને પૂછ્યું કે કેમ ઉતાવળા ચાલી શકતા નથી? ત્યારે ભગવાનદાસે કહ્યું કે ભટ્ટજી તમો મારા સ્વભાવને જાણો છો છતાં પૂછો છો તો કહું છું કે હું દરરોજ અફીણ ખાઉં છું તે આજે અફીણ લેવાની તૈયારી કરતો હતો તેટલામાં આપનો સંદેશો આવ્યો એટલે અફીણ લીધા વગર આપને મળવા આવ્યો જેથી મારાથી ચાલી શકાતું નથી માટે હવે મારાથી બિલકુલ અફીણ લીધા સિવાય ચલાશે નહિ.

જેથી ખુશાલભટ્ટજીએ થોરીયાની વાડમાંથી કોઈ વેલનાં પાંદડાં તોડીને કહ્યું કે તમારી હથેળી ધરો તમને આ પાંદડાંનો રસ પાઉં જેથી તમારુ બંધાણ અફીણનું જતું રહે. એમ કહીને રસ પાયો જેથી અફીણનું બંધાણ જતું રહ્યું એટલે પટેલને ચાલતાં ફાવ્યું તે શ્રીજીસ્વરૂપ બ્રાહ્મણ તથા ભટ્ટજીની સંગાથે ઉતાવળથી ચાલવા માંડ્યું તે સવારના પોતાને ગામથી ચાલતાં સાંજે માણસાગામ આવ્યા. ત્યાં બ્રાહ્મણ પાનબાઈને ત્યાં રાત્રિ રહ્યા. ત્યાં પાનબાઈએ રસોઈ કરીને આવેલા મેમાન બ્રાહ્મણસ્વરૂપ શ્રીજીને તથા ખુશાલભટ્ટ તથા ભગવાનદાસ પટેલને જમાડ્યા. રાત્રિએ ખુશાલભટ્ટજીએ પાનબાઈને પ્રગટ ભગવાન સંબંધી વાતો કરીને તેમનાં દર્શન કરવા આ મારી સંગાથે રહેલા બ્રાહ્મણ સંગાથે ગામ જેતલપુર તેમનાં દર્શન કરવા જાઉં છું તેમ કહીને તે રાત્રિ તેમને ઘેર રહીને સવારમાં ચાલવાની તૈયારી કરતા હતા ત્યારે પાનબાઈએ કહ્યું કે જમ્યા પછીથી જવા દઈશ. પછી તેમનો આગ્રહ જોઈને જમ્યા પછી ત્યાંથી ચાલતા થયા તે સાંજે અમદાવાદ આવ્યા. ત્યાં નથુભટ્ટને

ત્યાં રાત્રિ રહ્યા ને બ્રાહ્મણસ્વરૂપ શ્રીજી વિગેરેને રસોઈ કરીને જમાડ્યા ને રાત્રિ રહીને સવારમાં ચાલ્યા તે દશ વાગતાં પહેલાં જેતલપુર ગયા ત્યારે શ્રીજીસ્વરૂપ બ્રાહ્મણે ખુશાલભટ્ટને કહ્યું કે આ તળાવના કાંઠા ઉપર રહેલ મહેલમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન રહે છે ત્યાં તમે બન્નેય જાઓ. હું આ તળાવમાં સ્નાનસંધ્યા કરીને શ્રીજીમહારાજ પાસે આવીશ.

એમ કહીને ખુશાલભટ્ટને વિદાય કરીને બ્રાહ્મણસ્વરૂપ શ્રીજી અદૃશ્ય થયા ને ખુશાલભટ્ટ તથા ભગવાનદાસ તળાવ ઉપરની જગ્યામાં આવ્યા ત્યારે શ્રીજીમહારાજ સંત-હરિભક્તો સહિત સભા કરીને વિરાજમાન હતા ત્યાં બન્નેય જણ આવીને શ્રીજીને દંડવત્ પ્રણામ કરીને સભામાં ઊભા રહ્યા. તેમને ઊભા થઈને શ્રીજી મળ્યા ને પછી સભામાં બેસાર્યા. તેમના દેશના સમાચાર ખુશાલભટ્ટને પૂછવા લાગ્યા. તે સમયમાં શ્રીજીમહારાજને જમવા માટે ગામમાં ગંગામાને ત્યાંથી માણસ તેડવા આવ્યો ત્યારે શ્રીજીએ કહ્યું કે અમારે ત્યાં બેચાર મેમાન આવ્યા છે તે બધાને રસોઈ પૂરી થાય તેમ હોય તો અમે જમવા આવીએ એમ માણસની સાથે કહેવડાવ્યું ત્યારે ગંગામાએ કહ્યું કે તમારે માટે જ્યારે હું થાળ કરું છું ત્યારે બેચાર માણસની અધિક રસોઈ કરું છું માટે મેમાનને સાથે લઈને જમવા પધારો એમ માણસ સાથે કહી મોકલ્યું.

પછી શ્રીજીમહારાજ પોતાને ત્યાં આવેલા ખુશાલભટ્ટ આદિક મેમાનોને લઈને જમવા માટે પોતાના સખા બ્રહ્માનંદ સ્વામી તથા સુરાખાચર વિગેરેને સાથે લઈને પોતાના મુકામ બહાર નીકળીને તળાવને કાંઠે આવ્યા ત્યારે શ્રીજીએ હાથમાં રાખેલ રૂમાલ ખુશાલભટ્ટને આપ્યો ને કહ્યું કે તળાવની પાળ ઉપર કૂવો છે ત્યાં જાઓ ને ત્યાં રહેલા જીવોનો મોક્ષ કરી આવો. પછી આપણે જમવા જઈએ. એમ શ્રીજીના કહેવાથી કૂવા ઉપર ગયા ને તે કૂવામાં હજાર ભૂત રહેતાં હતાં ત્યાં જઈને શ્રીજીએ આપેલો રૂમાલ ફેરવ્યો કે તુરંત તે ભૂતોને લેવા માટે અનેક વિમાનો આવ્યાં તેમાં ભૂતો પોતાના શરીરનો ત્યાગ કરીને ચતુર્ભુજવાળા દેવો થઈને વિમાનમાં બેસીને સનાતન ભગવાનના ધામમાં જતાં પહેલાં ખુશાલભટ્ટની સ્તુતિ કરવા લાગ્યાં કે તમો તમારે ઘેરથી ન આવ્યા હોત તો અમારો મોક્ષ થાત નહિ. પણ શ્રીજીમહારાજના બોલાવવા તમો આજ આવ્યા ને આજે અમારો મોક્ષ કર્યો જેથી હવે તમોને દંડવત્ નમસ્કાર કરીને અમો શ્રીજીના ધામમાં જઈએ છીએ એમ ખુશાલભટ્ટની પ્રાર્થના કરીને ભૂતો ધામમાં ગયાં.

પછી રૂમાલ લઈને ખુશાલભટ્ટે શ્રીજી પાસે આવીને રૂમાલ આપ્યો. ઉપરનો પ્રતાપ ખુશાલભટ્ટનો જોઈને સર્વસંતો તથા હરિભક્તો આશ્ચર્ય પામ્યા. પછી ખુશાલભટ્ટ સહિત શ્રીજી ગંગામાને ઘેર જમવા ગયા. ત્યાં ગંગામાને ઘેર શ્રીજીએ ખુશાલભટ્ટને પોતાની સાથે પલંગ ઉપર બેસાડ્યા ત્યારે ગંગામાએ પૂછ્યું કે તમારી સાથે પલંગ ઉપર બેઠેલા કોણ છે? ત્યારે શ્રીજીએ કહ્યું જે એ તો અમારા અનાદિના સખા છે. આવું શ્રીજીનું વચન સાંભળવાથી ગંગામા પ્રસન્ન થયાં ને શ્રીજીને કહ્યું કે હવે જમવા પધારો ત્યારે ગંગામાને કહે કે અમારા અનાદિના સખા માટે અમારા જેવું અબોટિયું તથા અમારા જેવો ઓઢવાનો ખેસ તથા અમારા જેવો જમવા-બેસવાનો પાટલો તથા અમારા જેવો પાણી પીવાનો લોટો તથા આબખોરો તથા અમારા જેવો જમવાનો થાળ મૂકજો.

એમ કહીને ગંગામાએ આપેલા જળથી પોતાના સખાસહિત સ્નાન કરી પીતાંબર પેરી ચાખડીએ ચઢી શ્રીજીમહારાજ ગંગામાના રસોડાની બહાર સંતો તથા હરિભક્તો દર્શન કરે તેવી રીતે પોતાના સખા ખુશાલભટ્ટ સહિત શ્રીજી પાટલા ઉપર જમવા બેઠા. તે સમયમાં શ્રીજીના કહેવા પ્રમાણે ગંગામાએ બેઉ જણને માટે જમવાના થાળમાં જમવાની વસ્તુઓ મૂકીને બીજા પાટલા ઉપર બન્નેય થાળ મૂક્યા. પછી શ્રીજીમહારાજે તથા ખુશાલભટ્ટે જમવાનો પ્રારંભ કર્યો તે પ્રથમ અપોશાન વિધિ કરીને પ્રાર્ણાહુતિ કરી જમવા લાગ્યા. ને ગંગામા સહિત સર્વસંતો તથા હરિભક્તો દર્શન કરતા હતા. પછી શ્રીજી તથા ખુશાલભટ્ટ જમી રહ્યા પછીથી ચળુ કરી મુખવાસ લઈ પલંગ ઉપર વિરાજમાન થયા. પછી શ્રીજીની સંગાથે આવેલા મેમાનોને તથા ખુશાલભટ્ટ સંગાથે આવેલા ભગવાનદાસ પટેલ આદિકને ગંગામાએ જમાડ્યા.

પછી જમેલા સંતો તથા હરિભક્તો સહિત શ્રીજી તથા ખુશાલભટ્ટ તળાવકાંઠે રહેલા મહેલમાં આવ્યા. તે દિવસે શ્રીજીએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિનો ઉપદેશ કરી આવેલા સંત-હરિભક્તોને સુખ આપ્યું. ને સાંજે સંધ્યા, આરતી નારાયણ ધુન્ય કથાવાર્તા કર્યા પછી સર્વેને શયન કરવાની આજ્ઞા થવાથી સર્વે હરિભક્તો પોતાને ઘેર જઈને સૂતા ને શ્રીજી સંતોએ સહિત તથા આવેલા ખુશાલભટ્ટ તથા ભગવાનદાસ સહિત બંગલામાં પોઢી ગયા. બીજે દિવસે સવારમાં સ્નાન આદિકથી પરવારી શ્રીજીએ સભા કરીને ખુશાલભટ્ટને તથા ભગવાનદાસને બોલાવીને પૂછ્યું કે તમારે પાછા ઘેર જવું છે કે અમારી પાસે સાધુ થઈને રહેવું છે ? ત્યારે બન્નેય જણે કહ્યું કે અમારે હવે સંસારમાં નથી જવું પણ આપની પાસે સાધુ થઈને રહેવું છે.

આવું કહેવાથી ખુશાલ ભટ્ટને સાધુ ન કરતાં ધોળે લૂગડે રાખ્યા ત્યારે ખુશાલભટ્ટ કહે મહારાજ મને સાધુ કરો. ત્યારે શ્રીજીએ કહ્યું કે તમારી પાસે કેટલાંક કામ કરાવવાનાં છે તે કામ પૂરાં થશે પછીથી તમને સાધુ કરીને તમારું ગોપાળાનંદ એવું નામ પાડીશું. હાલમાં અમારી ઇચ્છાથી ધોળે લૂગડે રહો. જેથી શ્રીજીની આજ્ઞાથી ધોળે લૂગડે રહ્યા ને ભગવાનદાસ પટેલને સાધુ કર્યા ને કાનડાનંદ એવું નામ પાડીને પોતાની પાસે રાખ્યા જેથી ટોડલાથી આવેલા ખુશાલભટ્ટ તથા ટાકાટુકા ગામથી આવેલા ભગવાનદાસ સાધુ થઈને શ્રીજીની સમીપની સેવામાં રહેવાથી આનંદ પામતા હતા. ॥૨૪॥

ગામ ટોડલામાં મોતીરામભાઈ ઠાકરના ઘરમાં સંવત ૧૮૩૭ના મહા સુદી સાતમ (આઠમ) ને સોમવારે અનાદિ અક્ષરમુક્ત ખુશાલભટ્ટનો જન્મ થયો તે વખતે તેમના ઘરને વિષે દેવનાં દુંદુભી વાગતાં હતાં અને દેવો પુષ્પની વૃષ્ટિ કરતા હતા અને આકાશમાં રહેલા બ્રહ્માદિક દેવો જય જય એવો શબ્દ કરતા હતા. તે સાંભળીને લોકો આશ્ચર્ય પામતા હતા અને મોતીરામ ઠાકર પોતાના પુત્રનો જાતકર્મનો સંસ્કાર કરીને ઘણાં બ્રાહ્મણોને નાના પ્રકારનાં દાન આપતા હતા. અને અન્નાર્થીજનોને અન્ન જમાડીને તૃપ્ત કરતા હવા અને ગાયો વગેરેને ઘાસ નાખતાં હવા. આવી રીતે સર્વેને સંતોષ પમાડતા હતા અને ગામમાં રહેલી સર્વ સ્ત્રીઓ મંગળ ગીત ગાતી હવી અને સત્પુરુષો આનંદ પામતા હવા અને અસુરો ત્રાસ પામતા હતા અને આકાશ નિર્મળ થતું હતું.

પછી મોતીરામભાઈ પોતાના પુત્રને આઠમે વર્ષે ઉપવીત (જનોઈ) આપતા હતા અને અંગસહિત ચાર વેદ ભણાવતા હતા, વળી તે દેશમાં જનોને ઘણાં ચમત્કાર જણાવતાં અને કેટલાક વિદ્વાનોનો પરાજય કરતા હતા. પછી શાસ્ત્રવિધિથી ખુશાલ ભટ્ટને પરણાવતા હતા. પછી ગૃહસ્થાશ્રમમાં રહેલા ખુશાલભટ્ટે પોતાના ગામમાં છોકરાંને ભણાવવા માટે નિશાળ કરી હતી અને છોકરાંને ભણાવતા ત્યારે કેટલાંક બાળકોને સમાધિ કરાવીને ગૌલોકાદિક ધામ દેખાડતા. પછી તે બાળકો સમાધિમાંથી બહાર આવતાં ત્યારે સર્વ માણસો આગળ અક્ષરધામ સંબંધી તથા ગૌલોકસંબંધી, વૈકુંઠલોક સંબંધી વાર્તાઓ કરતાં જેથી બાળકોની વાત સાંભળીને સર્વ લોક આશ્ચર્ય પામતા અને ખુશાલભટ્ટને અતિ પ્રતાપવાન જાણતા ને તે ખુશાલભટ્ટ પોતે રાધાકૃષ્ણની પૂજા કરતા હતા ત્યારે તે દેવની મૂર્તિઓ ખુશાલભટ્ટની સન્મુખ આવીને બેસતી. તે મૂર્તિઓને વેદના મંત્રો બોલીને સ્નાન વિગેરે વિધિ

કરીને વસ્ત્ર-જનોઈ-ચંદન-પુષ્પ-તુળસી-ધુપ-દીપ-નૈવેદ્ય જમાડીને મુખવાસ આપીને આરતી પ્રદક્ષિણા-દંડવત્પ્રણામ કરતા. પછી ભગવાનની પ્રાર્થના કરે ત્યારે સન્મુખ આવીને બેઠેલા ભગવાન પોતાના સ્થાનમાં પધારતા.

આવા પરમ એકાંતિક ખુશાલભટ્ટના ખેતરમાં એક મહુડાનું ઝાડ કડવું હતું, તેનાં ફળ કોઈને ખપ આવતાં નહિ તેથી ખુશાલભટ્ટને તેમના પિતાએ કહ્યું હતું જે આ મહુડાનાં ફળ કોઈ દિવસ ઘેર લાવશો નહિ. તેવું પોતાના પિતાશ્રીનું વચન સાંભળીને ખુશાલ ભટ્ટે શ્રીસ્વામિનારાયણ ભગવાનનું નામ ઉચ્ચારણ કરીને મહુડાના ઝાડને પોતાનો હાથ અડાડ્યો જેથી મહુડાનું ઝાડ કડવું મટીને મીઠું થયું તેથી તે ઝાડનાં ફળ સર્વને કામ લાગવાથી પોતાના પિતાશ્રી ને બીજા લોકો આશ્ચર્ય પામતા હવા ને તેમને સિદ્ધ પુરૂષ માનતા હતા. તે ખુશાલભટ્ટ શ્રીજીના બોલાવવાથી પોતાને ઘેરથી ગઢડે આવ્યા ત્યારે તેમને શ્રીજીએ ભારતનું પુસ્તક લેવા માટે ભાવનગર બ્રાહ્મણ લક્ષ્મીરામની સાથે મોકલ્યા ને બંને જણ ભાવનગરમાં બ્રાહ્મણ ઝીણાભાઈને ત્યાં ઊતર્યા. પછી તે બન્નેય જણ તથા ઝીણાભાઈ શ્રીમાળી મળી ત્રણ જણ ભારત લેવા બ્રાહ્મણને ઘેર ગયા. તે વખતે કાશીરામ બ્રાહ્મણ લાલજીની પૂજા કરતો હતો તે બ્રાહ્મણ ખુશાલભટ્ટને લઈને આવેલા લક્ષ્મીરામને ગાળો દેવા મંડ્યો. ત્યારે ખુશાલભટ્ટ કહે કે તમે દેવની પૂજા કરતાં બ્રાહ્મણને ગાળો દ્યો છો તે તમારે દેવનો અપરાધ થાય છે. માટે કોઈને ગાળો દેશો નહિ, પણ શ્રી લાલજીની પૂજા એકાગ્ર મને કરીને કરો.

આવું વાક્ય ખુશાલભટ્ટ બોલ્યા કે તુરંત શ્રી લાલજી તે કાશીરામની સામા બેઠેલા હતા તે ફરીને ખુશાલભટ્ટ સામું મુખ રાખીને બેઠા. ત્યારે તે શ્રી લાલજીને તે કાશીરામે પોતાના સામા ઝાલીને બેસાડ્યા. તો પણ ફરીથી શ્રી લાલજી ખુશાલભટ્ટ સામું મુખ રાખીને બેઠા. આવું આશ્ચર્ય બેચાર વાર થયું પણ તે બ્રાહ્મણ લક્ષ્મીરામને ગાળો દેતો અટક્યો નહિ. ત્યારે ખુશાલ ભટ્ટ કહે અમારે તમારું ભારતનું પુસ્તક જોઈતું નથી પણ ગાળો શા માટે દ્યો છો? એમ કહીને ખુશાલ ભટ્ટ આદિક ત્રણ જણ ઝીણાભાઈને ઘેર ગયા. પછી ખુશાલભટ્ટે તે જ રાત્રિએ બે જમના દૂતો મોકલ્યા તે કાશીરામ બ્રાહ્મણને માર મારવા લાગ્યા ને કહેતા હતા કે સવારે ખુશાલભટ્ટને ભારતનું પુસ્તક તમો આપજો ને જો કાલે તમે પુસ્તક ખુશાલ ભટ્ટને નહિ આપો તો તારા જીવને જમપુરીમાં લઈ જઈશું.

આવું જમદૂતોનું વચન સાંભળીને બીજે દિવસે ખુશાલભટ્ટ તેમને ઘેર આવ્યા કે તુરંત જ ભારતનું પુસ્તક આપ્યું ને કહ્યું કે જમના દૂત પાસે મને માર હવે મરાવશો નહિ. એમ કહીને કાશીરામ બ્રાહ્મણ ખુશાલ ભટ્ટને નમસ્કાર કરીને માફી માગતો હવો કે મારો અપરાધ માફ કરશો ને ભારતનું પુસ્તક તમો લખાવી લ્યો ત્યારે પાછું મને મોકલી આપવા કૃપા કરશો. આવી રીતે ખુશાલભટ્ટનો ચમત્કાર જોયો ત્યારે ભારતનું પુસ્તક મળ્યું. માટે ચમત્કાર હોય ત્યાં નમસ્કાર થાય છે ને ધારેલું કામ સિદ્ધ થાય છે. પછી ભાવનગરથી ભારતનું પુસ્તક લઈને ખુશાલ ભટ્ટે ગઢપુર આવીને શ્રીજીમહારાજને આપ્યું તેથી શ્રીહરિ પ્રસન્ન થયા ને પોતાના વરદ્ હાથ ખુશાલભટ્ટને માથે મૂક્યા ને બાથમાં ઘાલીને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. તે ભારતનું પુસ્તક લેવા માટે પ્રાગજી દવે આદિકને મોકલેલા પણ પુસ્તક મળેલું નહિ. પણ ખુશાલ ભટ્ટ ભારતનું પુસ્તક લાવ્યા તેથી સર્વ બ્રહ્મચારી-સંત-પાર્ષદ-હરિભક્તો રાજી થતા હવા ને ખુશાલ ભટ્ટને અતિ ચમત્કારી પુરુષ જાણતા હવા અને શ્રીજીમહારાજ તે ભારતનું પુસ્તક લખાવી લઈને તે ભાવનગરથી આણેલું ભારતનું પુસ્તક કાશીરામને ઘેર શ્રીજીમહારાજ મોકલાવતા હતા. ॥૨૫॥

એક સમયે બદ્રીકાશ્રમના મુનિ સંન્યાસીનો વેષ ધારીને તીર્થ કરવા નીકળ્યા તે તીર્થ કરતાં અનેક દેશમાં ફરીને ગુજરાતમાં રહેલા વરતાલ ગામમાં આવ્યા. તે વરતાલમાં રહેલી પવિત્ર જમીનને ત્રિકાળદર્શી મુનિએ જોઈને ત્યાં રહેવાની ઈચ્છા કરી. પછી તે વરતાલમાં એક ધર્મશાળામાં વડેઉમાતા રહે છે તે સ્થાન જોયું. તે સ્થાનથી પશ્ચિમમાં રાજમારગ હતો તેની પાસે એક ખડકી મેડાવાળી હતી, તેના સમીપમાં આજ જ્યાં શ્રી લક્ષ્મીનારાયણદેવનું દેરું છે ત્યાં એક સારી બોરડી દીઠી. તે તંબુના આકારવાળી બોરડીને જોઈને તે સ્થાનને બહુ જ વખાણીને તે બોરડી નીચે પોતાનો ઉતારો કર્યો.

પછી વડતાલમાં રહેતા બાપુજીભાઈ પોતાના પુત્ર રણછોડભાઈ સહિત ભગવાન મળવાની ઈચ્છાથી તે બોરડી નીચે ઊતરેલા સંન્યાસી પાસે આવ્યા ને તેમને પગે લાગીને કહ્યું કે સ્વામીજી ગામમાં પધારો અને અમારી ખડકી ઉપર તમને ઉતારો આપીશું. એમ કહીને સંન્યાસીજીને પોતાની સાથે ગામમાં લાવીને ખડકી ઉપર ઉતારો આપ્યો ને પવિત્ર બ્રાહ્મણને ઘેર જઈને સ્વામી ભિક્ષા માગીને જમે અને બોરડી તળે જઈને સભા કરે ને પ્રભુને ભજે અને રાતે ખડકી ઉપર સૂવે ને સવારે તળાવમાં સ્નાન કરે અને કથા સાંભળવા સર્વે પાટીદાર ગામમાંથી

આવે. તે સભામાં બેઠેલા માણસોમાં એક ભગવાનદાસભાઈ આંધળા હતા, તેમણે સંન્યાસીની પાસે માગ્યું જે હે સ્વામી મારી ઉપર દયા કરીને મને આંધળો મટાડીને દેખતો કરો.

આવું આંધળા માણસનું વચન સાંભળીને મનમાં દયા લાવીને તે માણસને દેખતો કર્યો જેથી તે સંન્યાસીનો મહિમા વધ્યો ને પ્રભુની પેઠે પૂજાવા લાગ્યા, અને તે સ્વામીની સેવામાં બાપુજીભાઈ તથા રણછોડદાસભાઈ રહે. દરરોજ સંન્યાસીના પગ દાબે ને કાંઈ જોઈતી વસ્તુ લાવી આપે. આવી સેવા કરવાથી પ્રસન્ન થયેલા સ્વામીએ કહ્યું કે તમારે માગવું હોય તે માગો. ત્યારે પુત્ર તથા પિતા બોલ્યા જે અમે તમારા જેવા સત્પુરુષની દયાથી સંસારમાં સર્વે વાતે સુખી છીએ માટે નાશવંત એવું માયિક સુખ નથી જોઈતું પણ એક સુખની ઈચ્છા છે જે અમને પ્રગટ ભગવાન ક્યારે મળશે? આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા સ્વામીએ કહ્યું કે તમને પ્રગટ ભગવાન થોડા દિવસમાં મળશે.

આવું સંન્યાસીનું વચન સાંભળીને બાપુજીભાઈ તથા રણછોડભાઈએ પૂછ્યું કે ક્યા ગામમાં ક્યારે મળશે? આવું સાંભળીને સંન્યાસી તેમની પાસે બોલ્યા જે અનંતકોટિ બ્રહ્માંડના કરનાર ભગવાને અવતાર લીધો છે ને તે આજ સોરઠ દેશમાં વિચરે છે અને અનંતકોટિ મનુષ્યનાં કલ્યાણ કરે છે. તે ભગવાન થોડા સમયમાં બોચાસણગામ આવશે. ત્યાં તમે દર્શન કરવા જજો. અને તે ભગવાનના ચરણમાં સોળ ચિહ્ન તમને દેખાય તો તેમને તમો ભગવાન જાણજો. આવું સ્વામીનું વચન સાંભળીને પિતાસહિત પુત્ર આનંદ પામ્યા અને પોતાને ઘેર ગયા ને સંન્યાસી રાત્રિએ પોઢી ગયા. અને સવારે સ્વામીનાં દર્શન કરવા આવ્યા પણ સંન્યાસીને ન દેખવાથી સર્વઠેકાણે તપાસ કર્યો પણ મળ્યા નહિ ત્યારે જાણ્યુંજે કોઈ મહાપુરુષ આપણને દર્શન દેવા તથા વરદાન આપવા પધારેલા તે આપણો મનોરથ પૂરો કરીને ગયા.

પછીથી થોડા માસ ગયા ત્યારે સંન્યાસીએ કહેલા ભગવાન બોચાસણ પધારેલા છે એમ વરતાલમાં રહેલા બાપુજીભાઈએ વાત જાણી તેથી બાપુભાઈ તથા પુત્ર રણછોડભાઈ મળી બેઉ જણ બોચાસણ ગયા. અને કાશીદાસભાઈને ઘેર શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરીને પાવન થઈ પગમાં પડી પ્રણામ કર્યા ત્યારે શ્રીજીમહારાજે ગામ ને નામ પૂછ્યાં. પછી કાશીદાસભાઈએ ગામ ને નામ કહ્યાં અને કહે જે આપશ્રીનાં દર્શન કરવા આવેલા છે તે સાંભળીને

શ્રીજીમહારાજ રાજી થયા, ને પુત્ર સહિત પિતાએ શ્રીજીમહારાજના ચરણકમળમાં સોળ ચિહ્ન જોયાં જેથી અનંતકોટિ બ્રહ્માંડના કરનાર આ જ ભગવાન છે એમ નિશ્ચય કર્યો. પછીથી મુકુંદબ્રહ્મચારીએ થાળ કર્યો તે થાળને જમવા માટે શ્રીજીમહારાજ પધાર્યા ને ઉપરના બેઉ આવેલા પાટીદારને પોતાની પાસે બોલાવ્યા ને પ્રસાદી આપી તે બેઉ જણ જમ્યા. પછી રાત્રિએ કથાવાર્તા શ્રીજીમહારાજના મુખથી સાંભળીને સૂઈ ગયા.

પછી સવારે સ્નાન આદિક પરવારીને શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા વરતાલના બાપુભાઈ પુત્રસહિત ગયા અને પિતા કાનદાસ સહિત કાશીદાસભાઈ પણ તેમની પાસે બેઠા. પછી વરતાલના રહેનાર બેઉ જણને તેજોમય શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન થવાથી સમાધિ થઈ ને અક્ષરધામ દેખ્યું ત્યાં પણ શ્રીઘનશ્યામ મહારાજનાં દર્શન કર્યાં. અને અનંતકોટિમુક્તો જેમની સેવામાં હાજર છે તેવા ઐશ્વર્યવાળા શ્રીસહજાનંદ સ્વામીને જાણીને તેમને પગે લાગ્યા. પછીથી સમાધિમાંથી બહાર આવ્યા ને પ્રેમથી શ્રીજીનાં દર્શન કરીને બધી અક્ષરધામની વાત કરી તે સાંભળીને સર્વજન આશ્ચર્ય પામ્યા. પછીથી બે હાથ જોડીને શ્રીજીની પ્રાર્થના કરી હે મહારાજ અમારે ગામ વરતાલ પધારો. અમે તમને તેડવા આવ્યા છીએ તે અમારી ઈચ્છા પૂરી કરો.

આવું વચન સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે તમો તમારે ગામ જાઓ અમે કાલે અહીંથી તમારે ત્યાં આવીશું, તેની ચિંતા કરશો નહિ. એમ કહીને વિદાય કરેલા બાપુભાઈ પોતાના પુત્ર સહિત શ્રીસ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર કરીને પોતાને ગામ વરતાલ ગયા. પછી બીજે દિવસે શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર બેસીને બોચાસણથી સંત પાર્ષદ સાથે વડતાલ આવ્યા અને બોરડીના ઝાડ નીચે ઊતરીને આથમણી દિશામાં રહેલા ગંગાજળિયા કૂવાનું પાણી કાઢીને સ્નાન કરી બોરડીની નીચે બેસી સંધ્યાદિક કરીને બોરડીનાં બોર દેવને ધરીને શ્રીજીમહારાજ જમ્યા અને બોરડીનાં બહુ જ વખાણ કરતાં હતા. તેટલામાં વરતાલ ગામમાં રહેનાર પાટીદાર શ્રીજી પાસે આવીને નમસ્કાર કરીને બેઠા અને શ્રીજીમહારાજની પ્રાર્થના કરી જે પુરમાં પધારો.

આથી આવેલા માણસોની પ્રાર્થના સાંભળીને વાજતેગાજતે વરતાલ ગામમાં પધાર્યા ને બાપુભાઈને ઘેર ઊતર્યા. પછી શ્રીજીમહારાજે બોરડી જે સ્થાનમાં છે તે જગ્યાનાં વખાણ કર્યાં. ત્યારે બાપુજીભાઈ બોલ્યા કે આ ગામમાં એક સંન્યાસી

આવ્યા હતા તેમણે પણ આ બોરડીના સ્થાનનો ઘણો મહિમા કહ્યો હતો અને એમને પ્રગટ ભગવાન મળવાનું વરદાન આપ્યું હતું. તેમના વરદાનથી આપશ્રીનાં અમને દર્શન થયાં. તેવું બાપુજીભાઈનું વચન સાંભળીને શ્રીજીમહારાજ મંદ મંદ હસતા હતા. પછી બાપુજીભાઈને ત્યાં થાળ તૈયાર થયો તેને શ્રીજીમહારાજ જમીને સંતપાર્ષદને જમાડીને બાપુજીભાઈની ખડકી ઉપરની મેડીએ બિરાજમાન થયા. ત્યાં સર્વે લોક દર્શને આવે તેમને શ્રીજીમહારાજ જ્ઞાનની વાતો કરે અને કોઈને સમાધિ પણ કરાવે. આ રીતે શ્રીસહજાનંદસ્વામી સર્વને આનંદ આપતા હતા. શ્રી વડતાલમાં થોડા દિવસ રહીને શ્રીજીમહારાજ સંત સહિત ગઢડા પધાર્યા હતા. ॥૨૬॥

ગામ વરતાલમાં હાલ જ્યાં શ્રી લક્ષ્મીનારાયણદેવનું દેરું છે તે સ્થાનકે પ્રથમ એક બોરડી હતી તેનો મહિમા શ્રીજીમહારાજે ભક્તજનો આગળ બહુ જ કહ્યો હતો. તેનું કારણ એ છે કે પૂર્વકાળે ભૃગુઋષિની નારીથી એક પુત્રી ઉત્પન્ન થઈ, તેનું નામ લક્ષ્મી પાડ્યું હતું. તે પુત્રી પરણાવવા લાયક થઈ ત્યારે તેમને ઘેર નારદમુનિ આવ્યા તેમનું પૂજન ભૃગુઋષિએ કર્યું ને સારા ભાવથી તેમને જમાડ્યા. પછીથી ભૃગુમુનિની પુત્રી લક્ષ્મીએ પોતાને તુલ્ય વર માગવાપૂર્વક નારદજીને પગે લાગી ત્યારે નારદજી બોલ્યા કે તમારે તુલ્ય તો પતિ વિષ્ણુ ગણાય, બીજો કોઈ નહિ માટે જો તમારે વિષ્ણુભગવાનને પતિ કરવા હોય તો ઘણુંક તપ કરો તો વિષ્ણુ ભગવાન તમારા પતિ થાય. ત્યારે લક્ષ્મી કહે હું ક્યાં જઈને તપ કરું તે કહો.

પછીથી નારદજી કહે હે લક્ષ્મી તમે સાંભળો. હું તપ કરવાની સારી જગ્યા બતાવું છું. જો જપ-તપ પોતાને ઘેર કરીએ તો સાધારણ ફળ થાય. નદીકાંઠે અગર દેવમંદિરે જપ-તપ કરે તો સોગણું ફળ થાય. તેથી પણ પવિત્ર સ્થળમાં જપ-તપ કરે તો તેનું લાખ ગણું ફળ થાય. સર્વોત્તમ ક્ષેત્રમાં જઈને જપ-તપ કરે તો અક્ષયફળ થાય. આવું નારદમુનિનું વચન સાંભળીને લક્ષ્મી કહે કે મને ઉત્તમ ક્ષેત્ર બતાવો ત્યારે નારદજી કહે કે હે લક્ષ્મી તમે સાંભળો તમને અક્ષયફળ થાય તેવું અતિ ઉત્તમ ક્ષેત્રસ્થાન બતાવું છું.

એમ કહીને નારદજી બોલ્યા કે મહિસાગર નદી તથા વાત્રક નદી તથા સાબરમતી નદી આ ત્રણ નદીઓ જે દેશમાં વહે છે તે ત્રણ નદીના મધ્યે પાવન હિતને કરનારું ઘણાં ઝાડોથી તથા વેલીઓથી યુક્ત હેડંબાવન છે તેમાં એક તંબુના આકારવાળી બોરડી છે તે સ્થાનમાં રહીને તપ કરો અને પોતાના હૃદયમાં શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન ધરો અને દ્વાદશાક્ષર મંત્રનો જપ કરો અને પાંચ અગ્નિના

તાપને સહન કરવા પૂર્વક તપ કરો જેથી તમારી ઉપર ભગવાન પ્રસન્ન થશે અને તમને વરવાનું વચન આપશે અને જે બીજા સંકલ્પો હશે તે સર્વ મનોરથ આ સ્થળે પૂરણ થશે.

આમ કહી નાદરજી તે સ્થાનથી અંતર્ધાન થઈને પોતાના સ્થાન પ્રત્યે ગયા. અને લક્ષ્મી બોરડી તળે ગયાં અને તપ કરવાને તૈયાર થયાં. તેમને સ્નાન કરવા માટે ગંગા નદીએ કૂવાનું સ્વરૂપ ધારણ કર્યું. તે કૂવાનું નામ ગંગાજળિયો એવું છે તેમાં શ્રીજીમહારાજે સ્નાન કર્યું છે. તે કૂવામાં નાહીને લક્ષ્મીએ કોઈથી ન થાય તેવું કઠિન તપ બોરડીના ઝાડ નીચે બેસીને કર્યું તેથી શ્રીભગવાને દર્શન દીધું ને વર માગો એમ શ્રીમુખેથી કહ્યું. ત્યારે લક્ષ્મીજી ભગવાનને નમસ્કાર કરીને બોલ્યાં, હે ભગવન્, તમે મારી ઉપર પ્રસન્ન થયા હો તો તમો મારી સાથે પરણો અને મને તમારી સેવામાં રાખો આટલો વર હું માગું છું.

આવું સાંભળીને ભગવાને તથાસ્તુ કહ્યું અને કહે જે બીજું કાંઈ માગવું હોય તો માગો તે પણ આપીશ. ત્યારે લક્ષ્મી કહે, હે વૈકુંઠરાય મને આ સ્થાન વહાલું લાગે છે માટે આ જગ્યાએ મોટું મંદિર કરીને તેમાં આપશ્રીજી મૂર્તિનું સ્થાપન થાય તો નિરંતર આ જગ્યાએ આપણે બેઉ નિવાસ કરીને રહીએ, ક્ષણવાર પણ વેગળાં ન થઈએ અને આ જગ્યા સર્વોપરી તીર્થ થાય અને આ સ્થળે કોઈ પુણ્ય કરે તો અક્ષયફળ થાય અને પોતાની ઈચ્છાથી કોઈ અનુષ્ઠાન કરે તો તે ધન-ધાન્ય-પુત્રને પામે અને આ ઠેકાણે મોટા મુનિ આશ્રમ કરીને રહે ને બ્રહ્માદિક દેવ તીર્થ કરવા આવે અને આ ઠેકાણે જે ભક્તિ ભગવાનની કરે તે મોક્ષને પામે અને પોતપોતાનું દૈવત લઈને સર્વ તીર્થ અહીં આવીને વાસ કરે અને આ જગ્યામાં રસકસ ઘણો થાય.

આવું લક્ષ્મીનું વચન સાંભળીને ભગવાન રાજી થઈને વરદાન આપતા હતા જે આ સ્થાન તીર્થ થશે અને તમોએ જે માગ્યું છે તે બધું થશે. જ્યારે ખરેખરો કળીયુગ પ્રવર્તશે અને બધા દેશમાં અધર્મ ફેલાશે ત્યારે અક્ષરધામનિવાસી પુરુષોત્તમ ભગવાન ધર્મસ્થાપન કરવાને કાજે અક્ષરમુક્તોને લઈને આવશે. અને ધરતી ઉપર મનુષ્યશરીરને ધરશે અને આ સ્થળમાં આવીને પવિત્ર એવી આ જગ્યાએ પોતાનું મુખ્ય મોટું શોભાવાળું સુંદર મંદિર કરશે ત્યારે તે મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ પધરાવશે. તેમાં પોતે ભગવાન નિવાસ કરીને રહેશે.

આવું લક્ષ્મીને વરદાન આપીને ભગવાન પોતાના સ્થાનકમાં ગયા, અને તપને કરતાં એવાં લક્ષ્મી પોતાના પિતા પાસે ગયાં.

પછી અક્ષરધામ નિવાસી સર્વ અવતારના અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન જ્યારે વડતાલ આવ્યા ત્યારે જે બોરડી નીચે ભૃગુઋષિની પુત્રી લક્ષ્મીએ તપ કર્યું હતું તે સ્થાનને પવિત્ર જાણીને તે જગ્યાએ શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામી પાસે ત્રણ શિખરવાળું સારું મંદિર કરાવીને વચલા મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા તથા ઉત્તરાદિ દિશામાં રહેલા દેરામાં શ્રી ધર્મભક્તિ વાસુદેવ પધરાવ્યા તથા દક્ષિણ દિશામાં રહેલા દેરામાં શ્રીજીમહારાજે પોતે પોતાની મૂર્તિ જે શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ તથા વૃંદાવન વિહારિની મૂર્તિ તથા રાધિકાજીની મૂર્તિ મળી ત્રણ મૂર્તિઓ પધરાવીને ભૃગુઋષિની પુત્રી લક્ષ્મીને ભગવાને આપેલું વરદાન સફળ કર્યું છે. અને શ્રીજીમહારાજે પોતાની બે મૂર્તિ જે વૃત્તાલયવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ તથા શ્રી વાસુદેવની મૂર્તિ મળી બે મૂર્તિ પોતાના હાથે વરતાલ ગામમાં પધરાવી છે. બીજા કોઈ મંદિરમાં પોતાને હાથે પોતાની મૂર્તિ પધરાવી નથી. તેથી બધાં મંદિરો કરતાં વરતાલનું મંદિર સર્વોત્તમ જાણીને તે મૂર્તિઓનું ધ્યાન, ભજન, માનસીપૂજા વિગેરે કરવાથી મનુષ્યોને અક્ષય ફળ થાય છે. અને અક્ષરધામની પ્રાપ્તિ પણ થાય છે તેમજ શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતોના હિતને માટે શિક્ષાપત્રી પણ વડતાલ ગામમાં લખી છે અને નિત્ય પાઠ કરવાની આજ્ઞા કરી છે. ॥૨૭॥

ગઢડામાં શ્રીજીમહારાજ બ્રહ્માનંદ સ્વામીને કહે તમો જૂનાગઢનું મંદિર કરવા જાઓ ને હું અત્રે ગઢડામાં મંદિર કરીશ. ગુરુનું સારું મંદિર થાય છે કે શિષ્યનું એમ કહીને બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢનું મંદિર કરવા મોકલ્યા. ત્યાંના ઝીણાભાઈ આદિક હરિભક્તોને મળીને મંદિર આરંભ કરતાં પહેલાં જૂનાગઢના રાજાની રજા લઈને મંદિર ત્રણ શિખરનું કરવા માંડ્યું. તે વખતે પોતાની સંગાથે આવેલા થોડા માણસોથી કામ ચલાવ્યું પણ મોટું મંદિર કરવું તેમાં ઘણાં માણસની જરૂર પડે તેમ વિચારી બ્રહ્માનંદ સ્વામીએ ગઢપુર શ્રીજીના ઉપર બીડેલ પત્ર લખ્યો. તેમાં લખ્યું જે અત્રે મંદિર કરવાના કામમાં બીજા સાધુપાળા વિગેરેને મોકલો તો મંદિર જલદી થાય ને અમને તેઓ સહાય કરે.

આવો કાગળ આવ્યો તે બ્રહ્મમુનિનો આવેલો કાગળ મુક્તરૂપ લીંબડા નીચે સભા કરી સર્વેને વાંચી સંભળાવ્યો પણ કોઈએ સભામાંથી ઊઠીને મહારાજની પાસે આવી કહ્યું નહિ જે તમારી આજ્ઞા હોય તો હું જાઉં. ત્યારે સભામાં બેઠેલા

ગોપાળાનંદસ્વામીએ શ્રીજી પાસે આવીને કહ્યું જે આપશ્રીની આજ્ઞા હોય તો બ્રહ્માનંદ સ્વામીની સહાય કરવા હું જાઉં. ત્યારે શ્રીજી કહે તમોને તો અમારી સંગાથે રાખવા છે માટે તમને મોકલવા નથી પણ તમારા જેવા બીજા કોઈ સાધુ હોય તો તેમને જૂનાગઢ મોકલીએ. ત્યારે ગોપાળાનંદ સ્વામી શ્રીજીમહારાજને કહે કે તેવા સંત તો ગુણાતીતાનંદ સ્વામી છે તેમને મોકલો તો તે બ્રહ્મમુનિની સહાય કરશે. ત્યારે ગોપાળાનંદ સ્વામીને શ્રીજી કહે કે તમે તેમને પૂછી જુઓ, તે જૂનાગઢ જવાની હા પાડતા હોય તો તેઓ મારી પાસે આવીને કહે કે મહારાજ તમો આજ્ઞા કરતા હો તો હું જાઉં, કારણ કે હું કહું ને ના પાડે તે ઠીક કહેવાય નહિ.

આ સભામાંથી જૂનાગઢ જવા માટે કોઈ ન ઊઠ્યું તેનું મુખ્ય કારણ એ છે કે એક તો મારાં નિરંતર દર્શન થાય તથા મારા મુખનાં વચનામૃત સંભળાય તથા નિરંતર મારી જમેલી પ્રસાદી મળે એવા કારણને લઈને કોઈ જૂનાગઢ જવા ખુશી નથી.

આવી રીતે શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું ત્યારે ગુણાતીતાનંદ સ્વામીની પાસે જઈને ગોપાળાનંદ સ્વામી કહે તમોને જૂનાગઢ મોકલવાની શ્રીજીની ઇચ્છા છે તો તમો જાઓ તો શ્રીજી તમારી ઉપર પ્રસન્ન છે તેથી વિશેષ પ્રસન્ન થાય. જો તમારી જૂનાગઢ જવાની ઇચ્છા હોય તો શ્રીજીને કહો તો તે આપશ્રીને જવાની આજ્ઞા આપશે. આવું ગોપાળાનંદ સ્વામીનું વચન સાંભળીને ગુણાતીતાનંદસ્વામી શ્રીજીમહારાજ પાસે ગયા ને શ્રીજીને કહ્યું કે તમારી આજ્ઞા હોય તો હું જૂનાગઢ બ્રહ્માનંદ સ્વામીની સહાય કરવા જાઉં પણ એક વાતથી તમો બંધાઓ તો હું જાઉં. ત્યારે શ્રીજી કહે શી વાતથી હું બંધાઉં? ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે, હું મારા મંડળસહિત જૂનાગઢ જાઉં.

ત્યારે તમોએ કરેલો જ્ઞાનોપદેશ મારા સાંભળવામાં આવે; નહિ તો જ્ઞાનોપદેશ સાંભળ્યા સિવાય અંતઃકરણમાં મેલ ભરાઈ જાય. તે મેલને જ્ઞાનોપદેશ દ્વારા કાઢવા માટે વરસ દિવસમાં એક માસ ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ આવીને અમને કથાવાર્તાનું સુખ આપે તો હું જૂનાગઢ જાઉં ત્યારે શ્રીજીએ ગોપાળાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવીને કહ્યું જે તમારે એક વરસમાં એક માસ જૂનાગઢ જઈને રહેવું ને ત્યાં ગુણાતીતાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિક મંદિર કરવા ગયેલા સંતોને એક માસ જ્ઞાનોપદેશ કરવા પૂર્વક કથાવાર્તાનો લાભ આપી તે બન્નેય સદ્‌ગુરુઓ સહિત સંતોને તથા હરિભક્તોને પ્રસન્ન કરીને તમારે ગઢડે

મારી પાસે આવવું. આવી શ્રીજીની આજ્ઞા થવાથી ગોપાળાનંદ સ્વામીએ હા પાડી જે હે મહારાજ તમારી આજ્ઞા પ્રમાણે હું એક માસ જૂનાગઢ જઈશ ને કથાવાર્તાનો લાભ આપીશ. આવી રીતે કહ્યું તેથી ગુણાતીતાનંદ સ્વામી રાજી થયા ને શ્રીજીને કહ્યું જે હું મારા મંડળ સહિત તથા મારી જોડે આવવામાં ખુશી એવા સંતપાર્ષદને લઈને તમારી આજ્ઞાથી જૂનાગઢ જવા ખુશી છું માટે તમો કહો તે દિવસે અત્રેથી નીકળીને જાઉં ત્યારે શ્રીજી કહે આવતી કાલે નીકળજો. સવારમાં જમી તૈયાર થઈને મારી પાસે આવી મને મળીને પછીથી જશો.

આવું શ્રીજીનું વચન સાંભળી બીજે દિવસ તૈયાર થઈને મળવા આવેલા ગુણાતીતાનંદ સ્વામી ઉપર પ્રસન્ન થયેલા શ્રીજીએ તેમને પ્રસાદીની પાઘ આપેલી તે હજી જૂનાગઢના મંદિરમાં છે. તેમજ સ્વામીની સંગાથે જનાર કોઈ સંતને અંગરખું, કોઈને ખેસ, કોઈને માળા, કોઈને કંઠી, કોઈને જનોઈ, કોઈને પીતાંબર આદિક આપ્યું ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે મહારાજ મારી સાથે જૂનાગઢ આ નારાયણદાસ પણ આવે છે તેમને પણ પ્રસાદીની વસ્તુ આપો. ત્યારે નારાયણદાસને શ્રીજી કહે મારી પાસે આવો તમારું પેટ પ્રસાદીનું કરી આપું. મારા હાથ ફેરવીને, એમ શ્રીજીએ કહ્યું. આવી રીતે સર્વને પ્રસાદી આપીને જૂનાગઢ જવા માટે રજા આપી તેથી થોડા દિવસમાં સંતોએ સહિત ગુણાતીતાનંદ સ્વામી જુનાગઢ આવ્યા તેથી બ્રહ્માનંદ સ્વામી આનંદ પામ્યા ને મંદિરનું કામ ઘણી ઝડપથી ચાલવા માંડ્યું.

તે સમયમાં બે-ત્રણ દૂધ આપતી ભેંસો હતી પણ તેટલાથી છાશ પૂરી થતી નહોતી તેથી બ્રહ્માનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીની સાથે આવેલા જોરાભગતને કહ્યું કે ગીરનારની તળેટીમાં રહેતા ભરવાડોને ત્યાં જાઓ ને મંદિરને શોભાડે તેવી રુષ્ટપુષ્ટ સારી એક અગર બે ઘણું દૂધ આપે તેવી ગાયો લઈ આવો. આવું કહીને જોરાભગતને બે પાળાઓએ સહિત મોકલ્યા તે ભરવાડોના નેહમાં જઈ ગાયો જોવા લાગ્યા. ત્યારે ભરવાડો કહે કેમ આવ્યા છો ? ત્યારે જોરાભગત કહે એક-બે ગાયો લેવી છે માટે આવ્યા છીએ માટે અમને પસંદ આવે એવી ગાયને ગોતીએ છીએ. પછી સર્વ ગાયોને જોતાં એક ગાય નજરમાં આવી ને ભરવાડને કહ્યું કે અમુક ગાય આપો જે રૂપિયા થશે તે અમે આપીશું. ત્યારે ભરવાડ કહે કે તે ગાય તો હું નહિ આપું, કારણ કે તે ગાય તો મારી ગાયોની ઝોકને શોભાડે છે. ત્યારે જોરાભગત કહે અમારે તો તે જ ગાય જોઈએ છીએ. પાંચ ભરવાડ જે રૂપિયા ઠરાવશે તે અમો આપીશું પણ તે જ ગાય આપો તમો ન આપો તો અમે પાછા જઈએ.

આવું કહેવાથી ગાયવાળા ભરવાડને બીજા ભરવાડો કહે સ્વામિનારાયણના ભગત તમારે ત્યાં ગાય લેવા આવ્યા છે ને લીધા વગર જાય તો આપણું લોકમાં ખોટું દેખાય માટે જે કહે તે ગાય આપો. પછી જે ગાયને જોરાભગત માગતા હતા તે ગાયની કિંમત ભરવાડોએ રૂપિયા બસો ઠરાવ્યા તે પ્રમાણે બસો રૂપિયા આપીને જોરાભગત ગાય લઈને જૂનાગઢ જતા હતા ત્યાં રસ્તામાં નદીએથી પાણીનું બેડું લઈને સામી આવતી ભરવાડણે પોતાની ગાય ઓળખવાથી ભગતને કહ્યું જે આ મારી ગાયછે તે તમો લઈ જાઓ છો તો મારા આંગણાને શોભાડનાર આ ગાયને પાછી લઈને મારે ઘેર આવો, મારે તે ગાયની છેલ્લી પૂજા કરવી છે. પછીથી તમો તમારે ત્યાં લઈ જજો.

આવું સાંભળીને જોરાભગત ગાયને પાછી લઈને નેહમાં તે બાઈને ઘેર આનંદથી ગયા. ત્યાં ગાયને ખીલે બાંધીને ભરવાડણે એક થાળીમાં કંકુ-ફૂલ-ચોખા-વસ્ત્ર લઈને આવીને ગાયને દોવા માટે તાંબડી તથા ગાયને ખાવા માટે કપાસીયા ભરેલું તગારું લાવીને ગાય આગળ મૂક્યું ને ગાયની કંકુ ફૂલ ચોખાએ કરીને પૂજા કરીને એક વસ્ત્ર ગાયને ઓઢાડ્યું ને ગાયને બેસીને પગે લાગતી ભરવાડણ બોલી કે, હે ગાયમાતા, તમો કોઈને શિંગડું મારતાં નહિ ને પાટું મારતાં નહિ. જ્યારે દોવા બેસે ત્યારે ઘણું દૂધ આપજો ને અમારી ઝોકને લજાવશો નહિ. ને સારા સ્વભાવ રાખશો જેથી અમારી ઝોકનાં વખાણ થાય તેવી રીતે વર્તજો. એટલું કહીને પાંચ રૂપિયા ગાયને ભેટ મૂકીને ગાય તથા વાછરડીને ખીલેથી છોડીને જોરાભગતને આપી તે ગાયને લઈને જોરા ભગત મંદિરના ચોકમાં આવ્યા ને બ્રહ્માનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી વિગેરે સંતો તથા પાર્ષદો તથા હરિભક્તો મંદિરને શોભાડે તેવી ગાયને જોઈને આનંદ પામ્યા.

પછી જોરાભગતે ઉપરના બેઉ સદ્‌ગુરુઓ આગળ વાત કરી જે આ ગાયમાતાને વળાવતી વખતે ગાયમાતાની પૂજા કરીને ભરવાડણે પ્રાર્થના કરીને કહ્યું કે હે ગાયમાવડી તમો સ્વામિનારાયણના મંદિરમાં જાઓ છો તે તમો કોઈને પાટુ-શિંગડું મારીને અમારી ઝોકને લજાવશો નહિ. આવી રીતે ગાયને ઉપદેશ આપી મોકલી છે.

તેવી જોરાભગતની વાણી સાંભળીને ગુણાતીતાનંદ સ્વામી કહે કે સર્વે સંતોએ તથા સર્વે હરિભક્તોએ આપણી એટલે શ્રીસ્વામિનારાયણ ભગવાનની ઝોકને ધર્મથી ભ્રષ્ટ થઈને લજાવવી નહિ એ મર્મ સમજવાનો છે.

તે ઉપર ગુણાતીતાનંદ સ્વામીએ મડદાનું દૃષ્ટાંત આપ્યું : જે કોઈ વખતે કોઈ ગામને સીમાડે લડાઈ થવાથી ઘણાં મડદાં પડ્યાં હતાં. ત્યાં કોઈ રાજાનો ખજાનો ફાડીને ચોર લોકો ઘણું દ્રવ્ય લઈને જતા હતા. સવાર થતાં ચોરી રાજ્યમાં થઈ છે તેમ જાણીને ચોરોને પકડવા માટે ફોજદારને રાજાએ હુકમ કર્યો જેથી ફોજદાર ઘણાં સિપાઈઓ લઈને તથા પગલાં જાણનાર પોતાની સાથે પગી લઈને ચાલ્યો. તે પગી પગલાં જોતો જોતો આગળ ચાલે ને સિપાઈઓ સહિત ફોજદાર પાછળ ચાલે.

આવી રીતે ચાલતાં ચોરોને પકડવાનો સમય પ્રાપ્ત થતાં ઘણાં ચોરો નાસી ગયા ને એક ચોરને પકડવા માટે પગી સહિત ફોજદાર આવતો હતો. તે ફોજદારને છેટેથી આવતો જોઈને ચોર મરેલાં મડદામાં સૂવા માટે તૈયારી કરતો હતો તે વખતે મડદાં બોલ્યાં કે અમે તો કાલે અહીં લડાઈ થઈ તેથી મરવાથી અહીં પડેલાં છીએ ને તું જીવતો અમારા ભેગો સૂઈ જઈશ તો અમારી લાજ જશે કે આ બધાં જીવતાં છે માટે અમારી લાજ રાખ તો જ અમારા ભેગો સૂઈ જા. ત્યારે તે ચોરે કહ્યું જે તમારી લાજ જવા દઈશ નહિ, માટે તમે મને તમારા ભેગો સૂવા દ્યો. ફાવે તેટલું દુઃખ પડશે તેને હું સહન કરીશ. ને જો તમારા ભેગો મને સૂવા નહિ દ્યો તો રાજાના સિપાઈઓ મને પકડી લેશે.

આમ મડદાંને કહીને મડદાં ભેગો સૂઈ ગયો. થોડીવારે પગી સહિત ફોજદાર આવ્યો ને પગીએ ફોજદારને કહ્યું કે તમારા ચોરો આ સૂતા છે તેને પકડી લ્યો. ત્યારે ફોજદારે કહ્યું કે અહીં કાલે લડાઈ થઈ હતી માટે આ મરેલા માણસો પડેલા છે માટે આગળ ચાલો. એમ ફોજદારે કહ્યું ત્યારે પગી કહે હવે આગળ પગલું ચાલતું નથી માટે આ મડદાં ભેગા સૂતેલા ચોર છે તેને પકડી લ્યો. ત્યારે ફોજદાર કહે આમાં કોઈ જીવતો નથી એટલે શી રીતે પકડાય? ત્યારે જીવતા માણસને જાણવા માટે પગીએ ઉપાય બતાવ્યો જે તમારા હાથમાં ભાલો છે તે બધાં મડદાંની છાતીમાં મારો એટલે જીવતો હશે તે બેઠો થશે. તે ઉપાય પ્રમાણે કર્યું પણ કોઈ બેઠું ન થયું. મડદાંની લાજ રાખવા જીવતાએ ભાલાનું દુઃખ સહન કર્યું પછી પૂળો સળગાવીને બધાને મુખે અડાડ્યો તો પણ કોઈ બેઠું થયું નહિ. ત્યારે ફોજદાર પગીને કહે તમારા કહેવા પ્રમાણે બે ઉપાયો કર્યા પણ કોઈ ઊઠ્યું નહિ માટે અહીંથી ચાલો; નહિ તો એક ચોર પણ નાસી જાશે તો પકડાશે નહિ. ત્યારે પગી બોલ્યો કે તમારો ચોર આ મડદામાં જ છે પણ આગળ ગયો નથી.

પછી પગીએ ફોજદારને કહ્યું કે તમે એક કાગળ હું લખાવું તેમ લખો કે આ મડદાં ભેગો રહેલો ચોર બેઠો થશે તેને કોઈ પ્રકારની સજા કરવામાં આવશે નહિ તેમજ દંડ કરવામાં આવશે નહિ, ને શૂળીએ પણ ચઢાવવામાં આવશે નહિ, પણ સરપાવ આપીને તેને રજા આપવામાં આવશે. આવું લખાવીને ફોજદારની સહી લઈને તે લખેલો કાગળ પગીએ પોતાની પાસે રાખ્યો ને પછી બધાં મડદાં પ્રત્યે ઉપરના કાગળની વાત સંભળાવી ત્યારે મડદાં ભેગો સૂતેલો ને મડદાંની લાજ રાખવા દુઃખને સહન કરનારો ચોર બેઠો થયો ને તેને રાજા આગળ લાવીને ઉપરની બધી હકીકત કહીને રાજા પાસે સરપાવ અપાવીને રજા આપી.

તેવી જ રીતે અક્ષરાતીત શ્રીસ્વામિનારાયણ ભગવાનના બ્રહ્મચારી, સંત, પાર્ષદો, હરિભક્તોએ શ્રીજીમહારાજની કહેલી આજ્ઞા પાળીને શ્રીજીની લાજ રાખવી ને આપણે શ્રીસ્વામિનારાયણની ઝોકના છીએ માટે શ્રીજીમહારાજને લાંછન લાગે તેવી કોઈ ક્રિયા કરવી નહિ એ જ આ વાતનો કહેવાનો સિદ્ધાંત છે ને આજ્ઞા પાળીને શ્રીજીમહારાજને રાજી કરીશું તો જ આપણને અંતકાળે શ્રીસહજાનંદસ્વામી તેડવા આવીને પોતાનું સનાતન જે અક્ષરધામ તેનો સરપાવ આપશે. માટે શ્રીજીમહારાજની આજ્ઞા, ઉપાસના બરોબર પાળવાથી શ્રીજી અક્ષરધામમાં પોતાની સમીપની સેવામાં દાખલ કરશે. ॥૨૮॥

આખા ગામમાં નરસિંહ દવે શ્રીજીમહારાજના પરમ એકાંતિક ભક્ત હતા. તેઓ શ્રીજીની મૂર્તિને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ ત્રણેય અવસ્થામાં કાયમ દેખતા ને શ્રીજીની મૂર્તિ ધારીને પાંચસે માળા ફેરવતા. આવા ઉત્તમ ભક્તને અક્ષરધામમાં લઈ જવા શ્રીજી વિમાન લઈને આવે પણ તેમને જૂનાગઢમાં શ્રીજીએ પધરાવેલા રાધારમણ દેવનો હાર અંતકાળના સમયમાં મને પહેરવા મળે તો ઠીક આવી વાસનાને લીધે શ્રીજી ધામમાં લઈ જાય નહિ. આવી રીતે હારરૂપી વાસનાએ કરીને આ લોકમાં છ માસ સુધી રહેવું પડ્યું. પછી તે ગામના સુખારામ ત્રવાડી કામકાજે જૂનાગઢ આવેલા તે પોતાનું કામ પરવારીને મંદિરમાં રાધારમણદેવનાં દર્શન કરી સભામાં આવતાં પહેલાં ગઢડાથી ગુણાતીતાનંદ સ્વામીને બ્રહ્માનંદ સ્વામીની સહાયમાં મોકલેલા. શ્રીજીએ ગોપાળાનંદ સ્વામીને કહેલું કે વરસ દહાડે તમારે જૂનાગઢ જઈને ગુણાતીતાનંદ સ્વામી આદિક સંતોને એક માસ કથાવાર્તાથી સંતોષ આપવો. તે શ્રીજીની આજ્ઞા મુજબ દર વરસે જેમ જૂનાગઢ જતા હતા તે જ પ્રમાણે આ વખતે જૂનાગઢ ગયેલા.

ગોપાળાનંદ સ્વામીને તથા ગુણાતીતાનંદ સ્વામીને તથા બ્રહ્માનંદ સ્વામીને આખા ગામના સુખારામ ત્રવાડીએ સભામાં બેઠેલા જોઈને આનંદ પામીને ગોપાળાનંદસ્વામી આદિકનાં દર્શન કરી તે સભામાં બેઠા ત્યારે સ્વામીએ સુખારામને તે ગામના હરિભક્તોના સુખી સમાચાર પૂછ્યા તે ભેગા શ્રીજીને મળેલા નરસિંહ દવેના સમાચાર પૂછ્યા કે તે ભક્ત જીવે છે કે શ્રીજીના ધામમાં ગયા છે? ત્યારે સુખારામે ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે સ્વામી તે નરસિંહ દવેનું તો ખત ખોવાઈ ગયું છે. જેથી શ્રીજી તેડવા આવે છે ત્યારે અમે ભોંયે ઉતારીએ છીએ પણ કોઈ વાસનામાં બંધાયેલા નરસિંહ દવેને શ્રીજી ધામમાં લઈ જતા નથી ને ઝોબો (જીવ) પાછો વળે છે એટલે અમો તેમને પાછા ખાટલામાં સુવાડીએ છીએ. આવું છ માસથી ચાલે છે માટે તે નરસિંહ દવેએ કઈ વસ્તુમાં વાસના રાખી છે તે અમને ખબર પડતી નથી જેથી છ માસથી આ લોકમાં રીબાય છે.

આવું સુખારામનું વચન સાંભળીને ગોપાળાનંદ સ્વામીએ અંતર્દષ્ટિ કરીને જોઈ લીધું. પછીથી ગોપાળાનંદ સ્વામીએ સભામાંથી એક પાળાને મંદિરમાં બ્રહ્મચારી પાસે મોકલતાં કહ્યું કે તમો બ્રહ્મચારીને કહેજો કે રાધારમણદેવનો પેરેલો ફૂલનો હાર ગોપાળાનંદ સ્વામી મંગાવે છે માટે આપો એમ કહેજો. આવી રીતે પાળાના કહેવાથી બ્રહ્મચારીએ રાધારમણદેવનો હાર આપ્યો. તે લઈને સભામાં આવ્યો પછી તે આવેલો હાર ગોપાળાનંદ સ્વામીએ સુખારામ ત્રવાડીને આપ્યો ને કહ્યું જે આ રાધારમણદેવના હારમાં જ તેમને વાસના છે કે અંતઃકાળે હું દેવનો હાર પહેરીને ધામમાં શ્રીજી સાથે જાઉં, માટે ઘેર જઈને આ હાર તેમને પેરાવશો કે તુરંત શ્રીજીની સાથે ધામમાં જશે માટે તેમને તમો મારો આપેલો હાર પેરાવજો ને ત્યાં જે બીના થાય તે તમો અહીં આવીને મને કહેજો.

આવી રીતે ગોપાળાનંદ સ્વામીના કહેવાથી સ્વામીની આજ્ઞા લઈને સુખારામ ત્રવાડી પોતાને ગામ ગયા ને પોતાનાં પહેરેલાં લૂગડાં ઘેર ઉતારીને બે લૂગડાંભેર હાથમાં હાર લઈને સુખારામે નરસિંહ દવેની ખડકીમાં પગ મેલ્યો કે તુરંત નરસિંહ દવે બોલ્યા કે સુખારામ તમને ગોપાળાનંદ સ્વામીએ આપેલો રાધારમણદેવનો હાર મને પેરાવો જેથી શ્રીજીમહારાજની સંગાથે હું ધામમાં જાઉં. એમ અંતર્યામીપણે નરસિંહ દવે બોલ્યા કે તુરંત તેમને હાર પહેરાવ્યો એટલે બોલ્યા કે ઝટ ગાયના છાણથી ચોકો કરીને તલ-દર્ભ જમીનમાં નાખી કાંબળી ઉપર મને બેસાડો ને

ઘીનો દીવો કરો ને મારા ઘરમાં રહેલા સર્વજનો શ્રીસ્વામિનારાયણ ભગવાનની ધુન્ય કરો એટલે હું શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે વિમાન લઈને તેમની સાથે ધામમાં જાઉં.

આવી રીતે બોલતાં ચાલતાં પોતાનો મનોરથ હારનો પૂરો થયો કે તુરંત શ્રીજીની સંગાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયા. ને આખા ગામમાં થયેલા સમાચાર કહેવા સુખારામ ત્રવાડી બીજે દિવસ જૂનાગઢ જઈ ગોપાળાનંદ સ્વામીને કહેતાં પહેલાં સ્વામીએ અંતર્યામીપણાથી આખા ગામે બનેલી વાત કહી. તે સાંભળીને ગોપાળાનંદ સ્વામીને આસને બેઠેલા સંતો તથા હરિભક્તો ઘણું આશ્ચર્ય પામ્યા. આ વાતનો સિદ્ધાંત એ છે કે વાસનાવાળાને શ્રીજી પોતાના ધામમાં લઈ જતા નથી. માટે વાસનાએ રહિત થઈને શ્રીજીની ભક્તિ કરીશું તો જ શ્રીજીમહારાજ આપણને પોતાના અક્ષરધામમાં લઈ જશે. ॥૨૯॥

વડોદરામાં નાથભક્ત શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. ને શ્રીજીની મૂર્તિ ત્રણેય અવસ્થામાં અખંડ દેખતા. તેમના જેવા જ પ્રભુદાસ નામના શ્રીજીના ભક્ત હતા. અખંડ ભગવાનનું ભજન બન્ને જણ ભેગા બેસીને કરતા ને તે પ્રભુદાસને પોતાનો વ્યવહાર ઉપાડી લે તેવો એક છોકરો હતો. તે છોકરાને અક્ષરધામમાં લઈ જવા શ્રીજી મહારાજ ધોળા હાથી બે રથે જોડીને તેને તેડવા આવ્યા તે છોકરાને શ્રીજી મહારાજ કહે તારો બાપ હા પાડે તો તને અક્ષરધામમાં લઈ જવો છે, કારણ કે તારો બાપ મારો એકાંતિક ભક્ત છે તેમના મનમાં એમ ન થવું જોઈએ કે મને પૂછ્યા સિવાય શ્રીજી મારા એકના એક છોકરાને ધામમાં લઈ ગયા જેથી તારા બાપને પૂછ કે શ્રીજી મને ધામમાં લઈ જવા આવ્યા છે તમો કહેતા હો તો. એમ મને પૂછવાનું કહે છે તેથી તમોને હું શ્રીજીના કહેવાથી પૂછું છું.

ત્યારે પ્રભુદાસ ભક્તે વિચાર કર્યો કે મારા છોકરાનાં ધન્ય ભાગ્ય જે હું બેઠાં તેને શ્રીજી મહારાજ તેડવા આવ્યા છે. એમ ધારીને છોકરાને કહ્યું કે મહારાજને કહે કે મારો બાપ મને ધામમાં લઈ જાઓ તેમાં રાજી છે. આવું છોકરાનું કહેવું સાંભળીને શ્રીજીમહારાજ પ્રભુદાસના છોકરાને ધોળા હાથી જોડેલા રથમાં બેસાડી પોતાના અક્ષરધામમાં લઈ ગયા. પછી તે છોકરાનો અગ્નિસંસ્કાર કરવા સ્મશાનમાં લઈ ગયા ને છોકરાને લાકડાંની ચિતામાં સુવાડીને અગ્નિ મૂક્યો ત્યારે કુસંગી લોકો પ્રભુદાસને કહે કે તમને સત્સંગ સદ્યો નહિ. તમારા

એકના એક છોકરાને ભગવાને મારી નાંખ્યો જેથી તમારે વ્યવહારમાં દુઃખ આવ્યું ને અમે જો સત્સંગ ધારણ કર્યો નથી તો અમે તથા અમારા છોકરાઓ કેવા સાજાસમા ફરીએ છીએ? માટે તમારે જો જીવવું હોય તો તમારી કંઠી તોડીને ચિતામાં મૂકી દ્યો, નહિ તો થોડા દિવસમાં તમને પણ મારી નાંખશે. ને ગામમાં ક્યાં છોકરાઓની ખોટ હતી જેથી તમારા ભગવાને તમારે ઘેર ઘા માર્યો? માટે હજી સમજો તો તમે બચશો.

આવા કુસંગીઓના શબ્દ સાંભળીને કંઠી તોડી ચિતામાં મૂકી દીધી ને સત્સંગી મટીને ઘેર ગયા. પછી પ્રભુદાસનો છોકરો મરી ગયો છે તેવા સમાચાર સાંભળીને પરમભક્તરાજ નાથભક્ત ખરખરો કરવા તથા પ્રભુદાસને શાંતિ આપવા તેમને ઘેર આવ્યા. લોકવ્યવહાર પ્રમાણે કરીને પછી પ્રભુદાસને શાંતિ માટે બોધ આપવા લાગ્યા કે આ લોકમાં કોઈ રહ્યું નથી, રહેવાનું નથી. જેનો જન્મ તેનું એક દિવસ મરણ છે જ માટે આ મનુષ્ય દેહે કરીને ભગવાનની ભક્તિ કરી લેવી તે જ જીવ્યાનો લાભ છે જેથી ધીરજ રાખીને પ્રભુ ભજવા.

આવી રીતે બોધ કરીને ઘેર જતી વખતે પ્રભુદાસને નાથભક્તે જયશ્રી સ્વામિનારાયણ કહ્યા પણ પ્રભુદાસે જયશ્રી સ્વામિનારાયણ કહ્યા નહિ ને નાથભક્તને પ્રભુદાસ કહે કે મેં તો કંઠી તોડીને ચિતામાં મૂકી દીધી છે ને હું સત્સંગી મટી ગયો છું માટે હવેથી તમારે મારે ઘેર આવવું નહિ, કારણ કે મેં કંઠી બાંધીને સત્સંગી થયો ત્યારે શ્રીજીએ મારો એકનો એક છોકરો વ્યવહાર ચલાવે એવો થયો તેને મારી નાંખ્યો માટે મને સત્સંગ સદ્યો નથી જેથી મેં સત્સંગનો ત્યાગ કર્યો છે.

ત્યારે નાથભક્તે પ્રભુદાસને ગઢડાના પ્રથમ પ્રકરણના સીત્તેરમા વચનામૃતની વાત કરી કે હું સત્સંગ કરું તો મારો આ દેહ માંદો છે તે સાજો થાય અથવા વાંઝીયો છું તે દીકરો આવે કે દીકરા મરી જાય છે તે જીવતા રહે કે નિર્ધન છું તે ધનવાન થાઉં કે ગામ ગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે એવી જાતની જે પદાર્થની ઇચ્છા તે રાખીને સત્સંગ ન કરવો. માટે સસંગ કરવો તે તો પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો પણ કોઈ પદાર્થની ઇચ્છા તો રાખવી જ નહિ.

આવી રીતે બોધ આપીને નાથ ભક્ત પોતાને ઘેર ગયા. પછીથી શ્રીજી મહારાજ ગઢડે ફૂલદોળનો ઉત્સવ કરવાના હતા તેથી વડોદરે નાથ ભક્તને

પ્રભુદાસના નામથી કાગળ લખ્યો જે આ વરસમાં ફૂલદોળનો ઉત્સવ વડતાલમાં કરવાના નથી પણ ગઢડે કરવાના છીએ માટે દર્શન કરવા અહીં આવજો. આવો કાગળ શ્રીજીનો મળવાથી નાથભક્ત પ્રભુદાસને વંચાવવા તેમને ઘેર ગયા ત્યાં પ્રભુદાસને કાગળ વંચાવ્યો ને કહ્યું કે અમુક દિવસે તમો આવો તો આપણે ગઢડે શ્રીજીનાં દર્શન કરવા જઈએ. ત્યારે પ્રભુદાસ કહે હું તો સત્સંગી મટી ગયો છું માટે મારે ગઢડે આવવું નથી તમારે જવું હોય તો જજો. છતાં નાથભક્તે પ્રભુદાસને ગઢડે લઈ જવા આગ્રહ કર્યો ત્યારે પ્રભુદાસે નાથભક્તને કહ્યું જે તમો મારા વતી શ્રીજીની પ્રાર્થના કરીને શ્રીજીને કહો કે આ પ્રભુદાસનો છોકરો મરી ગયો છે તેના ભેગા થવાની પ્રભુદાસની ઇચ્છા છે તો તે તમો ઇચ્છા પૂરી કરો એમ શ્રીજીમહારાજને કહો ને મને મારો છોકરો બતાવે તો હું તમારી સાથે ગઢડે આવું. ત્યારે નાથભક્તે કહ્યું કે જરૂર શ્રીજીને કહીને તારા છોકરાનો હું મેળાપ કરાવીશ માટે તમે સ્ત્રીપુરુષ મારી સંઘાથે ગઢડે સમૈયો કરવા ચાલો.

આવો ઠરાવ કરીને નાથભક્ત બીજે દિવસે સ્ત્રી સહિત પ્રભુદાસને લઈને ગઢડે જવા નીકળ્યા. તે ચાલતાં ચાલતાં થોડા સમયમાં ગઢડે ગયા ને ઉતારો કરીને શ્રીજીનાં દર્શન કરવા પ્રભુદાસ સહિત નાથભક્ત અક્ષર ઓરડીમાં ગયા ત્યાં શ્રીજીને દંડવત્ પ્રણામ કરી પગે લાગીને શ્રીજી સમીપમાં બેઠા. તે વખતે શ્રીજી મહારાજે મનુષ્ય ચરિત્ર કર્યું કે હે નાથભક્ત, અમે એવું સાંભળ્યું છે કે પ્રભુદાસનો એકનો એક વ્યવહાર ચલાવે તેવો છોકરો દેહ મૂકી ગયો છે તે વાત સાચી કે ખોટી ? આવું શ્રીજીનું વચન સાંભળીને પ્રભુદાસ શ્રીજી પ્રત્યે બોલ્યા કે, તમો મારા છોકરાને ધામમાં લઈ જવા માટે ધોળા બે હાથી જોડેલો રથ લઈને આવ્યા ને મારી રજા મારા છોકરા પાસે લેવડાવી ને તમો તમારા અક્ષરધામમાં મારા છોકરાને લઈ ગયા છો ને વળી અત્યારે અજાણ્યા થઈ નાથભક્તને પૂછો છો કે અમે આવું સાંભળ્યું છે એ કેવી વાત ? મારા છોકરાને મારનાર જ તમો છો માટે મેં તો સત્સંગનો ત્યાગ કર્યો છે ને હું તો ગઢડે આવવાનો નહોતો પણ નાથભક્તના આગ્રહથી આવ્યો છું એમ કહીને પ્રભુદાસ મૌન રહ્યા.

ત્યારે નાથભક્તે શ્રીજીને પ્રાર્થના કરીને કહ્યું કે મારી સંગાથે પ્રભુદાસ ગઢડે આપનાં દર્શન કરવા નહોતા આવતા પણ તેમના કહેવા પ્રમાણે મેં કબૂલ કર્યું જેથી મારી સાથે આવ્યા છે તે શું તો પ્રભુદાસને તેમની સ્ત્રી સહિત પોતાના છોકરાને મળવું છે તો તમો મારી પ્રાર્થના સાંભળીને તેના છોકરાનો મેળાપ થાય તેવી તેમના ઉપર કૃપા કરો. એટલું વચન મારું સફળ કરો તો મારું આપેલું વચન સત્ય

થશે ને પ્રભુદાસ રાજી થશે ત્યારે શ્રીજીએ કહ્યું કે આવતી કાલે ઉન્મત્ત ગંગામાં તે છોકરાનું શ્રાદ્ધ કરાવો એટલે તે છોકરો પ્રભુદાસને ભેગો થશે ને પ્રત્યક્ષ આવીને તે શ્રાદ્ધના પીંડ લેશે. આવું શ્રીજીનું વચન સાંભળીને બીજે દિવસે શ્રાદ્ધ સરાવવા માટે લક્ષ્મીરામ દેરાશરી નામના બ્રાહ્મણને સાથે લઈને પ્રભુદાસ ઉન્મત્તગંગા નદીને કાંઠે ગયા.

પછી બ્રાહ્મણ પીંડ આપવાનો ભાત રાંધવા માટે છાણાંનો આઢ ખડકીને જોયેલા તથા ધોયેલા ચોખાની તપેલી રાંધવા મૂકી ને પછી પ્રભુદાસને કહ્યું જે તમો ઉન્મત્તગંગામાં સ્નાન કરીને આવો એટલે શ્રાદ્ધના વિધિનો આરંભ કરીએ. તેવું બ્રાહ્મણનું વચન સાંભળીને પ્રભુદાસે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જળમાં ડુબકી મારી કે તુરંત ત્યાં જળમાં પોતાનો છોકરો જોયો જેથી તેને જાલવા માટે ઉન્મત્તગંગામાં દોડાદોડ કરી મૂકી પણ છોકરો પકડાયો નહિ. ને બ્રાહ્મણ પ્રભુદાસને બોલાવે પણ તેમનું કહેવું સાંભળે નહિ, જેથી બ્રાહ્મણે જાણ્યું કે પટેલ નદીનું જળ દેખીને ગાંડો થઈ ગયો છે જેથી દોડાદોડ કરે છે. છેવટે છોકરો નદીમાંથી નીકળીને નાઠો ત્યારે તેની વાંસે ભીને લૂગડે પ્રભુદાસ પણ દોડ્યો. એમ દોડતાં દોડતાં દાદાખાચરના દરબારમાં છોકરો તથા પ્રભુદાસ આવ્યા ને છોકરો મંદિરમાં આવીને અદૃશ્ય થઈ ગયો.

પછી પ્રભુદાસે પોતાના છોકરાને ન જોયો તેથી ઉતારે આવીને કોરાં લૂગડાં પેરીને નાથભક્તને મળ્યા ને ઉપરની વાત કરે છે તેટલાકમાં શ્રાદ્ધ કરાવવા ગયેલ બ્રાહ્મણ રાંધેલા ચોખા નદીના જળમાં નાખી દઈને તપેલી સાફ કરી પટેલનાં વસ્ત્ર લઈને દરબારમાં આવી શ્રીજીને ઉપરની વાત કહીને તે પટેલનાં લૂગડાં તેમને આપવા તેમના ઉતારામાં બ્રાહ્મણ ગયા ને નાથભક્તને તે લૂગડાં આપીને બ્રાહ્મણ પોતાને ઘેર ગયા. પછી પ્રભુદાસને લઈને નાથભક્ત શ્રીજી પાસે ગયા ને ઉપરની વાત કરીને કહ્યું કે છોકરાને જોયો પણ તેની સાથે કાંઈ વાતચીત થઈ નથી તો તે છોકરા સાથે વાતચીત થાય તેવી કૃપા કરો જેથી પ્રભુદાસને સંતોષ થાય.

ત્યારે શ્રીજીએ કહ્યું જે આજે સંધ્યા આરતીનાં દર્શન કરીને સ્ત્રી સહિત પ્રભુદાસ વાસુદેવનારાયણના ઓરડામાં બેસે, બારણાં માંહીથી વાસીને ત્યાં છોકરો આવીને તેમને દર્શન આપશે.

આવું શ્રીજીનું વચન સાંભળીને સંધ્યા આરતી પછી સ્ત્રીપુરુષ વાસુદેવનારાયણના ઓરડામાં બારણાં બંધ કરીને બેઠાં. તે સમયે મોરમુગટ તથા

પીતાંબર, કુંડળ, કડાં, ઝાંઝર, કંદોરો, વીંટીઓ, કંઠમાં ઘણાં રત્નજડિત હાર પેરીને તે છોકરે પોતાનાં માતાપિતાને દર્શન દીધાં. તે પોતાના છોકરાને જોઈને પ્રભુદાસ પોતાના છોકરાને મળવા જાય છે તે સમયમાં છોકરો બોલ્યો કે તું છોકરો કેને કહે છે ? તમે મારા હજાર વખત છોકરા થયા હતા ત્યારે તમારો હું એક વખત છોકરો થયો છું માટે કોઈ કોઈનો છોકરો નથી ને કોઈ કોઈનો બાપ નથી. સહુ એક ઘરમાં પોતાના કર્મે કરીને ભેગા થાય છે ને સમય આવે છે ત્યારે એકબીજાને મૂકીને ચાલ્યા જાય છે. જો પોતાનો જ છોકરો હોય તો માતાપિતાને આ લોકમાં મૂકીને કેમ ચાલ્યો જાય? માટે અસાર સંસારમાં કોઈ કોઈનું નથી. જેમ પરબે પાણી પીવા માટે વટેમાર્ગુ ભેગા થાય છે ને બે ઘડી વિશ્રાંતિ કરીને પોતપોતાને રસ્તે ચાલ્યા જાય તેવી રીતે આ જગતમાં રહેલા જીવોની પણ ગતિ છે. તો જે ભગવાનના ધામમાં હું ગયો છું તે ધામમાં તમારે આવવું હોય તો પાછો સત્સંગ ધારણ કરીને શ્રીજીને હાથે કંઠી વર્તમાન ધારણ કરીને સત્સંગી થઈને ઘેર જઈને શ્રીજીનું ભજન કરશો તો અક્ષરધામને પામશો, ને જો શ્રીજીનું ભજન નહિ કરો તો ઢોલ વગાડતા નરકમાં જાશો. માટે મારું વચન માનીને સત્સંગ ધારણ કરશો તો જ તમારે ને મારે મેળાપ રહેશે.

આટલો ઉપદેશ આપીને છોકરો અદૃશ્ય થયો. પછી પોતાને ઉતારે જઈને સવિસ્તાર પ્રભુદાસે નાથભક્તને છોકરાનો મેળાપ થયો તે સંબંધી વાત કરી. પછી બીજે દિવસ નાથભક્ત સહિત પ્રભુદાસ અક્ષર ઓરડીમાં શ્રીજીનાં દર્શન કરવા ગયા ને ત્યાં શ્રીજીને કહ્યું કે મને વર્તમાન ધરાવો. મારે ફરીથી કંઠી ધારણ કરીને સત્સંગી થઈને ઘેર જવું છે. ત્યારે શ્રીજીએ કહ્યું કે તમારી રજા લઈને તમારા છોકરાને હું ધામમાં લઈ ગયો હતો છતાં કુસંગી લોકોના કહેવાથી કંઠી તોડીને ચિતામાં નાખી દીધી તેવું ફેર કરો માટે તમને વર્તમાન ધરાવવા નથી, કારણ કે સંસાર તો ઊંટના બેસણા જેવો છે તે ઝોકા આવે કંઠી પેરીને જાઓને વળી સ્ત્રી મરી જાય અગર ધન નાશ પામે તો પાછી કંઠી તોડી નાખો તે કરતાં કંઠી ન પેરવી તે યોગ્ય છે. માટે તમારા મનજીભાઈ એટલે મનને પૂછી જુઓ. તે ચોક્કસ હા પાડતું હોય ને ફરીને વર્તમાન ધરાવીને પેરાવેલી કંઠી તોડી નાંખો નહિ તો જ હું તમને કંઠી પેરાવું.

આવું શ્રીજીનું વચન સાંભળીને પ્રભુદાસ કહે કે ગમે તેવું દુઃખ આવશે તેને હું સહન કરીશ પણ હવેથી હું કંઠી તોડી નાંખીશ નહિ; માટે વર્તમાન ધરાવીને

કંઠી પેરાવો. આવું કહેવાથી પ્રભુદાસને વર્તમાન ધરાવીને શ્રીજીએ કંઠી પેરાવીને સત્સંગી કર્યા. પછી ફૂલદોળના ઉત્સવનાં દર્શન કરી શ્રીજીની આજ્ઞા લઈને નાથભક્ત પ્રભુદાસ સહિત વડોદરા ગયા ને પ્રથમની પેઠે નાથભક્ત તથા પ્રભુદાસ ભેગા બેસીને શ્રીજીમહારાજનું ભજન કરવાથી સુખશાંતિને પામતા હવા ॥૩૦॥

શ્રીજીમહારાજની આજ્ઞાથી મુમુક્ષુજનોને ઉપદેશ કરવા દેશાંતરમાં ફરતા એવા અદ્‌ભુતાનંદ સ્વામી કંજદ્વારિ શહેરમા આવ્યા. ત્યાં નદીના કાંઠા ઉપર રાજાનો મહેલ હતો. તે મહેલના ઝરૂખામાં રાજા બેઠો હતો. સ્વામી ગળણું મોં આડું રાખીને જળપાન કરતા હતા. તેમને જોઈને રાજાએ જાણ્યું કે આ ગૌ પરમહંસ છે તેથી પોતાનો સિપાઈ મોકલી સ્વામીને શહેરમાં બોલાવ્યા. ને સ્વામીને એક બગીચામાં પોતાનો મહેલ હતો તેમાં ઉતારો કરાવ્યો ને ખાધાપીધા વિગેરેનો સારી રીતે બંદોબસ્ત કર્યો. પછી રાજાનો એક ગુરુ હતો તે નિરંતર તે બાગમાં કૂવે સ્નાન કરવા આવતો હતો તે નિત્યના નિયમ પ્રમાણે ત્યાં સ્નાન સંધ્યાદિક કરીને અદ્‌ભુતાનંદ સ્વામી પાસે આવ્યો ને સ્વામીને નમસ્કાર કરીને પાસે બેઠો.

પછી સ્વામીને પૂછ્યું કે આ તમારા હાથમાં ચોપડી શાની છે? ત્યારે સ્વામી કહે ચારવેદ ષડ્‌શાસ્ત્ર અઢારપુરાણ ભારતાદિક ઈતિહાસના સારની આ ચોપડી છે. તે સાંભળીને રાજાનો ગુરુ શંકાને પામ્યો કે જેણે આટલી ચોપડીમાં બધાં શાસ્ત્રોનો સાર કાઢ્યો છે ત્યારે તો આ બહુ વિદ્વાન હશે ને કદાચ મને પ્રશ્ન પૂછશે તો હું શું ઉત્તર આપીશ? માટે અહીંથી મને રજા આપે તો હું જાઉં એવો સંકલ્પ કર્યો. તે વખતે અંતર્યામિપણે રાજાના ગુરુને અદ્‌ભુતાનંદ સ્વામી કહે કે સંકલ્પ શા માટે કરો છો? જાવું હોય તો જાઓ ને બેસવું હોય તો બેસો, અમે ક્યાં રોક્યા છે ને કેદખાનામાં તમને રાખ્યા નથી ?

આવી રીતે મનનો સંકલ્પ કહેવાથી રાજાનો ગુરુ આશ્ચર્ય પામીને આ સાક્ષાત્ પરમાત્મા છે એમ જાણી તેમને નમસ્કાર કરીને પાછો પોતાના મુકામે ગયો. ત્યાં જઈને રાજાને કહે કે તમોએ જે પરમહંસ આપણાં બાગમાં રાખ્યા છે તે સાક્ષાત્ ઈશ્વરનો અવતાર છે માટે આપણાં મહેલમાં બોલાવીને તેમની પૂજા વિગેરે કરીને તેમનો સત્કાર કરવો જોઈએ. તેવી રીતે પોતાના ગુરુના કહેવાથી અદ્‌ભુતાનંદ સ્વામીને પોતાના મહેલમાં બોલાવી લાવવા માણસને મોકલ્યો ત્યારે તે માણસ સાથે કહેવડાવ્યું જે તમારી સભામાં કોઈ પણ છોકરી અગર બાઈ માણસ ન હોય તો અમે આવીએ. ત્યારે રાજાએ કહેવડાવ્યું જે કોઈ બાઈ માણસ અમારી સભામાં

નથી. ત્યારે સ્વામી તે સભા પ્રત્યે ગયા ને રાજાએ સિંહાસનમાં બેસાડ્યા ને કેશર-ચંદનથી અર્ચા કરીને ષોડ્શોપચારથી પૂજા કરીને દક્ષિણામાં પાંચસો રૂપિયા ભરીને થાળ મૂક્યો, સોનેરી-રૂપેરી તારવાળાં વસ્ત્રો મૂક્યાં પછી આરતી કરીને સભામાં રાજા આદિક કારભારી બેઠા. ॥૩૦॥

પછી અદ્‌ભુતાનંદ સ્વામીએ જ્ઞાનોપદેશ કર્યો. પછી રૂપિયા વિગેરે લઈ લેવાનું કહ્યું. ને બોલ્યા જે અમે દ્રવ્યને તથા સ્ત્રીઓને અડતા નથી એમ અમારા ગુરુ શ્રીસ્વામિનારાયણની આજ્ઞા છે માટે આ દ્રવ્ય અમારા કામનું નથી. ત્યારે રાજાએ કહ્યું કે તમોને અર્પણ કર્યું તે અમારા ખપનું રહ્યું નહિ. એટલે સ્વામીએ બ્રાહ્મણોને દાન તરીકે આપી દીધું. આવું જોઈને રાજાએ જાણ્યું કે આવા ધનસ્ત્રીના ત્યાગવાળા ત્યાગી આપણે કોઈ જોયા નથી. માટે આ સ્વામીને આપણે ત્યાં રાખીએ એવો સંકલ્પ કરીને સ્વામીને થોડા દિવસ પોતાને ત્યાં રાખ્યા. પછી રાજાએ પોતાના ગુરુના કહેવાથી અદ્‌ભુતાનંદ સ્વામીને પોતાની દીકરી પરણાવીને અડધું રાજ્ય આપવા ઠરાવ કર્યો. ને સ્વામી રહેતા હતા તે બંગલાની ચારે કોરે ઉઘાડી તરવારનો પેરો બેસાડી દીધો.

પછી સ્વામી વિચારમાં પડ્યા કે આવું કરવાનું શું કારણ હશે? તેટલામાં રાજાના બે કુંવરો સ્વામીને દર્શને આવ્યા, તે કુંવરોને પૂછ્યું ત્યારે તે કહે કે કાલે તમને અમારી બેન સાથે પરણાવવાના છે, અડધું રાજ્ય આપવાનો ઠરાવ મારા પિતાશ્રીએ તથા અમારા ગુરુએ કર્યો છે. આ સાંભળીને સ્વામી વિચારમાં પડી ગયા કે એક વખત તો મીંઢળ બાંધેલું તેને તોડીને સ્ત્રીનો ત્યાગ કરીને આવ્યો છું, ને વળી આ બીજી ઉપાધિ થઈ. પછી સવારના ત્રણ વાગે દિશાએ જવાના મીશથી તે નગરથી ચાલી નીકળ્યા તે પોઠની જોડે ધીમે ધીમે ચાલ્યા પણ તેની સંગાથે ચાલવામાં ફાવ્યું નહિ; જેથી નોંખા પડીને ચાલ્યા તે સૈંઘવા નામના ગામમાં સાંજે આવ્યા, ત્યાં શંકરના મંદિરમાં ઉતારો કર્યો તેટલામાં ત્યાં એક બ્રાહ્મણ આવ્યો. સ્વામીનાં દર્શન કરી આનંદ પામ્યો ને પૂછ્યું કે સ્વામી ભૂખ્યા થયા હશો ! ત્યારે સ્વામી કહે ભૂખ્યો થયો છું ને થાક પણ લાગ્યો છે. ત્યારે બ્રાહ્મણે પૂછ્યું કે ક્યાંથી આવ્યા.? તો કહે કંજદ્વારિથી. ત્યારે બ્રાહ્મણ કહે તે તો ચાળીશ ગાઉ થાય તે એક દહાડે અવાય નહિ. ને બ્રાહ્મણ કહે અમારી પોઠ મળી હતી ? ત્યારે સ્વામીએ હા પાડી તેથી બ્રાહ્મણે સાચું માન્યું ને સ્વામીને કહે કે હું ખીચડી-ઘી-શાક-અથાણું પાપડ વિગેરે લાવું છું એમ કહીને ખીચડી વિગેરે એક થાળીમાં લાવ્યો. ને સ્વામીને જમાડ્યા ને પાણી પાયું.

પછી બ્રાહ્મણ પોતાને ઘેર ગયો ને ત્યાં અદ્‌ભુતાનંદ સ્વામી રાત્રિ રહી બીજે દિવસ ત્યાંથી ચાલ્યા તે માલેગામ આવીને શંકરના મંદિરમાં ત્રણ દિવસ રહી ધુળીયા થઈ મેથી ગામમાં આવ્યા. તે ગામનો અતીત મળ્યો. સ્વામીને નમસ્કાર કર્યા ને કહ્યું જે અમારે ઘેર જમવા પધારો ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામી તેને ઘેર ગયા. ને બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીને જમાડ્યા. પછી અતીત વૈરાગીને બે કન્યા હતી તેમને સ્વામીની સંગાથે પરણાવવાનો વિચાર કરી ગામમાં જઈ સ્ટેંપ લઈ લખાવી લાવ્યો કે ત્રીશ ત્રીશ હજાર રૂપિયા બે છોકરીઓને આપવા ને ત્રીશ હજાર સ્વામીને આપવા ને હું ન હોઉ ત્યારે આ બધું ભવિષ્ય જમાઈને મળે.

આવો લેખ લખાવીને અદ્‌ભુતાનંદ સ્વામીને વાંચી સંભળાવ્યો. પછી સ્વામી સવારે ત્યાંથી ચાલી નીકળ્યા તે ફરતા ફરતા બુરાનપુર આવ્યા ને ત્યાં નરોનારાયણાનંદ સ્વામી તથા કૃષ્ણાનંદ સ્વામી તથા પૂર્ણાનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામી ભેગા થયા. ને પરસ્પર વાત કરી કે શ્રીજીમહારાજને મૂકીને આવ્યા તે જ્યાં ત્યાં બંધન થાય છે. બુરાનપુરમાં પ્રેમાનંદ સ્વામી ગાવણું શીખવા આવ્યા તે બાવાને ઘેર બંધાયા હતા ને હાથી પાવા જતા હતા. તે અદ્‌ભુતાનંદ સ્વામી વિગેરેએ જોયા ને કહ્યું કે મહાપુરુષ અહીં ક્યાં બંધાઈ ગયા ? પછી બધા મુનિઓ ભેગા થઈને બુરાનપુરથી ચાલી નીકળ્યા. તે સહુ સંગાથે એક ગાઉ ગયા પછી વિચાર્યું જે ભેગા ફરવાની શ્રીજી મહારાજની આજ્ઞા નથી. તેમ ધારી સર્વે નોંખા પડી ગયા. પછી અદ્‌ભુતાનંદ સ્વામી અનેક દેશ ફરતા ફરતા ગાના ગામ આવ્યા ત્યાં રસ્તામાં ગામનો પટેલ મળ્યો. તેણે સ્વામીનો તિરસ્કાર કર્યો ને ગામમાં પેસવા દીધા નહિ. ત્યાંથી સ્વામી નડિયાદ થઈ પીપલગ ગયા. ત્યાં એક જણે બંટી-બાવટા-કોદરાનો લોટ આપ્યો તે મંકોડાને નાખી દીધો ને ડભાણ આવ્યા ત્યારે અન્ન ભેગા થયા. ત્યાં બે-ચાર દિવસ જમી બે ત્રણ દિવસ રહીને ત્યાંથી બુધેજ ગયા ત્યાં બે દિવસ રહી મહારાજશ્રી નાગડકામાં બિરાજમાન હતા. ત્યાં આવ્યા ને ભાગોળેથી અદ્‌ભુતાનંદ સ્વામીએ સંદેશો શ્રીજીમહારાજ પાસે મોકલ્યો કે તમારી આજ્ઞા હોય તો તમારાં દર્શન કરવા અદ્‌ભુતાનંદ સ્વામી આવે. પછીથી શ્રીજી મહારાજની આજ્ઞા આવવાથી ગામમાં આવી શ્રીજીનાં દર્શન કરી કૃતાર્થ થયા ને શ્રીજીનો ઘણાં દિવસનો વિયોગ મટી જવાથી અદ્‌ભુતાનંદ સ્વામી આનંદ પામીને શ્રીજી સંગાથે રહેતા હતા ॥૩૧॥

શ્રીજીની અંતર્યામીપણાથી સંકલ્પ કહેવાની વાર્તાઓ

રેવાગામના ગોવિંદરામ બ્રાહ્મણ હતા. તેમનું કુળ પવિત્ર હતું ને પરોક્ષ ભગવાનનું ભજન કરતા હતા. તેમના જાણવામાં આવ્યું કે હાલમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તેમની પાસે હું જાઉં ને તે મારા મનમાં ધારેલો સંકલ્પ કહી દે તો હું તેમને ભગવાન જાણીને તેમનો સત્સંગી થઈને તેમનું ભજન કરું. આવો સંકલ્પ કરીને તે ગોવિંદરામ પોતાના હાથમાં સોપારી લઈને ગઢપુર આવ્યા. ને દાદાખાચરના દરબારમાં લીંબડા નીચે સભા કરી શ્રીસ્વામિનારાયણ ભગવાન બિરાજમાન હતા ત્યાં તે બ્રાહ્મણ સભામાં નમસ્કાર કરીને બેઠા. ત્યારે તે બ્રાહ્મણને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા માટે શ્રીજીમહારાજે તેમના ગામનું તથા તેમનું નામ અંતર્યામીપણે કહીને કહ્યું કે તમારા હાથમાં સોપારી છે તે અમોને આપો. આવું વચન સાંભળીને તે બ્રાહ્મણને શ્રીજીમહારાજનો નિશ્ચય થયો જે આ પ્રગટ ભગવાન છે. એમ ધારી શ્રીજીની પાસે વર્તમાન ધરાવી કંઠી પેરીને સત્સંગી થઈને પોતાને ઘેર જઈ પ્રગટ ભગવાન એવા જે શ્રીસ્વામિનારાયણનું નિરંતર ભજન કરતા હવા ॥૩૨॥

ચુડા ગામમાં ભીમ પંડ્યા રહેતા હતા. તેમણે પોતાના મનમાં સંકલ્પ કર્યો કે શ્રીસ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તો હું તેમની પાસે જાઉં ને તે ભગવાન મને પોતાનાં ચરણારવિંદમાં સોળ ચિહ્ન અંતર્યામીપણે દેખાડે તો તેમને પ્રગટ ભગવાન જાણી તેમનો સત્સંગી થઈ તેમનું ભજન કરું. આવો સંકલ્પ ધારીને પછી તે ભીમ પંડ્યા પોતાના ભાઈ જીવરામને સાથે લઈને લોયા ગામમાં બિરાજમાન શ્રીજી મહારાજે કરેલી સભામાં આવ્યા ને શ્રીસ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર કરી શ્રીજી સન્મુખ ઊભા રહ્યા. પછી શ્રીજીએ તેમની ઉપર દયા લાવીને પોતાની પાસે બોલાવીને બેસાર્યા ને પ્રસાદી આપી. પછી અંતર્યામીપણે પોતાનાં બે ચરણારવિંદ લાંબા કરીને સોળ ચિહ્ન દેખાડ્યાં તેને જોઈને બન્ને ભાઈઓ રાજી થયા ને શ્રીજીમહારાજની પાસે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ બેઉ ભાઈઓ પોતાને ઘેર ન જતાં મીણાપર ગામના ગરાસીયાને ત્યાં પોતાના ધીરેલા બે હજાર રૂપિયા લેવા ગયા. ને ગરાસીયાને કહ્યું કે અમારા રૂપિયા વ્યાજે સહિત ત્રણ હજાર થયા છે માટે આપો. ત્યારે તે ગરાસીયાએ કહ્યું કે હાલ સગવડ નથી માટે જ્યારે સગવડ થશે ત્યારે તમારા રૂપિયા વ્યાજે સહિત આપીશું.

આવું વચન સાંભળીને ભીમ પંડ્યાએ કહ્યું કે અમે રૂપિયા લીધા સિવાય જવાના નથી. આવા વાયદા તો તમોએ ઘણી વખત કર્યા જેથી અમે બન્નેય ભાઈઓ લેવા આવ્યા છીએ માટે આપશો પછીથી તમારે ત્યાંથી જઈશું ને તમારે રૂપિયાની સગવડ ન હોય તો આ સામી બાંધેલી ઘોડીની વછેરી છે તે આપો. તો તમારા રૂપિયા ત્રણ હજાર વ્યાજે સહિત મળ્યા છે અમને એમ લખી આપીએ. આવું ભીમ પંડ્યાનું વચન સાંભળીને તે ગરાસીયાએ ત્રણ હજાર રૂપિયાના બદલામાં પોતાની ઘોડીની વછેરી આપીને રૂપિયા મળ્યાનો કાગળ લખાવી લીધો. ને ભીમ પંડ્યા તે વછેરી લઈને શ્રીજીમહારાજને અર્પણ કરવા લોયા આવતા હતા અને તે વછેરી ગરૂડનો અવતાર છે એમ શ્રીજીમહારાજ જાણતા હતા તેથી સભામાં સુરાખાચરને શ્રીજી કહેતા હતા કે અમારો ગરૂડ આવે છે. આવી રીતે વાત કરતા હતા તેટલામાં ભીમ પંડ્યા ગરૂડના અવતારૂપ માણકી ઘોડીને લઈને શ્રીજી પાસે આવ્યા ને પોતાના ઈષ્ટદેવ એવા શ્રીજીમહારાજને ઘોડી અર્પણ કરીને પોતાને ઘેર જઈને પ્રગટ ભગવાન એવા શ્રીસ્વામિનારાયણનું નિરંતર ભજન કરતા હતા. તેથી શ્રીજીમહારાજ તેમને તથા તેમના કુટુંબને પોતાના અક્ષરધામમાં લઈ જઈને સમીપની સેવામાં દાખલ કરતા હતા. ॥૩૩॥

પીઠવાજાળ ગામમાં ખીમા ડોબરીઆ રહેતા હતા. તેણે સંકલ્પ કર્યો કે શ્રીસ્વામિનારાયણ ભગવાન છે તે અંતરજામી છે એમ હું ક્યારે માનું તો હું શેરડીના સાંઠા લઈને શ્રીજીમહારાજ પાસે જાઉં ને મારી પાસેથી અંતર્યામીપણે માગી લે તો હું ભગવાન જાણીને તેમનો સત્સંગી થાઉં. એવો સંકલ્પ કરીને પોતે શેરડી લઈને ગઢપુર ગયા. ત્યાં ઉન્મત્ત ગંગા નદીમાં જઈને સાંઠાના કટકા એકવીશ કર્યા ને પછી લૂગડે બાંધીને મંદિરમાં જઈને સભામાં બેઠેલા શ્રીસ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર કરીને એક ઠેકાણે ઊભા રહ્યા.

પછી ખીમાને શ્રીજીમહારાજે વિશ્વાસ આવવા માટે દયા કરીને કહ્યું જે તમો તમારે ઘેરથી પાંદડાં સોતા શેરડીના સાંઠા લાવ્યા ને ઘેલા નદીમાં તમોએ તેના એકવીશ કટકા કરીને ફાંટે બાંધીને લાવ્યા છો તે શેરડીના કટકા અમને આપો, અમારે જમવા છે. આવી રીતે અંતર્યામીપણે વાત કહેવાથી શ્રીજીમહારાજને ભગવાન જાણીને તેમને શેરડી પોતાના હાથે છોલીને કટકા કરીને જમાડી. પછી શ્રીજીમહારાજને હાથે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ પોતાને ઘેર જઈ નિરંતર શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ખીમાભાઈ ભજન કરતા હતા. તે

ખીમાભક્તના પુત્ર માવજીભાઈ તેમના પુત્ર નથુભાઈ તેમના પુત્ર બેચરભાઈ તેમના પુત્ર બાલુભાઈ સારા સત્સંગી છે તેમજ પીઠવાજાળના દેસાઈ નાગજીભાઈ સવજીભાઈ સારા સત્સંગી છે ને તેમના પુત્ર રણછોડભાઈ તથા પુનમચંદભાઈ પણ સારા સતસંગી છે. ॥૩૪॥

અમરેલી ગામમાં યવન, આમદ તથા મકન રહેતા હતા. તે બે જણે એવો સંકલ્પ કર્યો કે શ્રીસ્વામિનારાયણને સહુ લોકો ભગવાન કહે છે તેમને આપણે ભગવાન ક્યારે જાણીએ તો ગઈ કાલે બગસરા ગામથી લાલ તથા શામ છેડાવાળી પછેડીઓ બે લાવ્યા છીએ તે બે પછેડીઓ લઈને આપણે ગઢડે જઈએ અને તે બેઉ પછેડીને પોતાને ઓઢવા માટે અંતર્યામીપણે માગી લે તથા આપણી પાસે રહેલી સોટી માગી લે તો આપણે તેમને ભગવાન જાણીને સત્સંગી થઈને શ્રીસ્વામિનારાયણનું ભજન કરીએ તેવો મનમાં સંકલ્પ કરીને તે બેઉ જણ ગઢડે આવ્યા ને સલામ કરી સભાથી બહાર ઊભા રહ્યા.

તે બેઉને જોઈને શ્રીજીમહારાજ સભામાંથી ઊઠીને તેમના સમીપમાં જઈને બોલ્યા કે હે આમદ તથા હે મકન, તમે બન્ને જણે ગામ બગસરાથી લાલ ને શામ રંગના છેડાવાળી પછેડીઓ બે આણી છે તે બેઉ પછેડીઓ અમને ઓઢવા આપો. એમ અંતર્યામીપણે માગવાથી આમદ તથા મકન બન્ને જણે રાજી થઈને બેઉ પછેડીઓ શ્રીજીમહારાજને આપીને શ્રીસ્વામિનારાયણને અંતરજામી જાણીને તેમની પાસે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ બેઉ ભાઈ શ્રીજીમહારાજની રજા લઈ પોતાને ઘેર ગયા. ને પ્રગટ ભગવાન એવા શ્રીસ્વામિનારાયણનું ભજન કરતા હતા તેથી તેના નાતીલાઓ બળી ઊઠ્યા ને નાતીલાઓએ કરેલી ઉપાધિને સહન કરી પણ પોતાની ટેક મૂકી નહિ એવા બળવાળા આમદ ને મકન હતા. ॥૩૫॥

સાતપડા ગામમાં ભગાભાઈ રહેતા હતા. તેણે એવો સંકલ્પ કર્યો કે શ્રીસ્વામિનારાયણ ભગવાન છે ને અંતરજામી છે તેમને હું ભગવાન ક્યારે જાણું તો મને સભામાં પોતાની પાસે બોલાવીને સભા વચ્ચે ડુંટી ઉપર રૂપિયો મૂકવા દે તો હું અંતર્યામિ ભગવાન જાણીને સત્સંગી થઈને તેમનું ભજન કરું. આવો સંકલ્પ કરીને તે ગઢડે આવ્યા ને સભામાં બેઠેલા શ્રીસ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર કરીને શ્રીજીને સન્મુખ ઊભા રહ્યા.

પછી શ્રીજીમહારાજ સભામાં જ લાંબા થઈને સૂતા ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ સભામાં સર્વે મુક્તો બેઠા છે ને તમો કેમ સૂતા? ત્યારે શ્રીજી

બોલ્યા જે ઓલ્યા ભગાભાઈ ઊભા છે તેમણે એવો સંકલ્પ કર્યો છે જે શ્રીજીમહારાજ મને પાસે બોલાવીને પોતાની ડુંટી ઉપર રૂપિયો મૂકવા દે તો હું અંતર્યામી ભગવાન જાણું તેથી હું સૂતો છું. એમ કહીને ભગવાને પોતાની પાસે બોલાવ્યો ને કહ્યું કે લાવો ડુંટી ઉપર રૂપિયો મૂકો. કેમ ઊભા થઈ રહ્યા છો? આવી રીતે અંતર્યામીપણે કહીને રૂપિયો ડુંટી ઉપર મુકાવીને પોતાનો સત્સંગી કર્યો. તે ભગાએ શ્રીજીમહારાજ પાસેથી વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ પોતાને ઘેર ગયા ને પ્રગટ ભગવાન એવા શ્રીસ્વામિનારાયણનું ભજન કરતા હવા. ॥૩૬॥

ભાલદેશમાં નાવડા ગામ છે. તેમાં ઝીણાભાઈ સંઘવી રહેતા હતા. તેમને એવો સંકલ્પ થયો જે શ્રીસ્વામિનારાયણને સહુ ભગવાન કહે છે તેમને હું ભગવાન ક્યારે જાણું તો અંતર્યામીપણે મારી પાસેથી સોપારી માગી લે તો હું ભગવાન જાણું. એમ ધારીને ઝીણાભાઈ સંઘવી ગઢડે ગયા. ને સભામાં મહારાજને નમસ્કાર કરીને છેટે ઊભા રહ્યા. તેમને શ્રીજીમહારાજે તેમનું નામ લઈને પોતાની પાસે બોલાવ્યા ને અંતર્યામીપણે કહ્યું કે સોપારીને મૂઠીમાં ક્યાં સુધી જાલી રાખવી છે? હું માગું ત્યારે આપશો કે મારા માગ્યા વિના આપશો ?

આવી રીતે કહ્યાથી નિશ્ચય થયો કે આમને કેમ ભગવાન ન કહેવાય ! આ તો અંતર્યામી ભગવાન જ છે. એમ કહીને સોપારી શ્રીજીમહારાજને આપીને શ્રીજીમહારાજના હાથે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થયા. આવી રીતે શ્રીજીમહારાજે અંતર્યામિપણે સંકલ્પ કહીને ઘણાં સત્સંગી કર્યા છે. ॥૩૭॥

પહવી નામના ગામમાં કુંભાર દેવજી તથા હરજી રહેતા હતા. તેઓએ એવો સંકલ્પ કર્યો કે આપણે ગઢડે જઈએ ને શ્રીસ્વામિનારાયણ ભગવાન જો અંતરજામી હોય તો દેવજી કહે મને સોટી મારે ને હરજી કહે મને ચરણારવિંદ આપે તો આપણે તેમના સત્સંગી થઈને તેમનું પ્રગટ ભજન કરીએ. તેમ ધારીને બેઉ જણ ગઢડે ગયા ને સભામાં બેઠેલા શ્રીસ્વામિનારાયણને નમસ્કાર કરીને ઊભા રહ્યા.

ત્યારે શ્રીજી મહારાજે તે બેઉ જણના સંકલ્પ પ્રમાણે દેવજીને પોતાની પાસે બોલાવી ને સોટી મારી ને હરજીને પોતાની પાસે બોલાવીને ચરણારવિંદ આપ્યાં. તેથી ભગવાન શ્રીસ્વામિનારાયણને અંતર્યામી ભગવાન જાણીને તે બેઉ જણે શ્રીજીમહારાજના હાથે વર્તમાન ધારી કંઠી ધારણ કરી સત્સંગી થઈ પ્રગટ પુરૂષોત્તમ એવા શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા હતા. ॥૩૮॥

નાવડા ગામમાં હીરાભાઈ શેઠ રહેતા હતા. તેમણે એવો સંકલ્પ કર્યો કે મને શ્રીજીમહારાજ પગમાં સોળ ચિહ્ન દેખાડે તો હું તેમને અંતર્યામી ભગવાન જાણું. તેવો સંકલ્પ કરીને ગઢડે ગયા ને સભામાં બેઠેલા ભગવાન શ્રીસ્વામિનારાયણને નમસ્કાર કરીને ઊભા રહ્યા. પછી શ્રીજીમહારાજે અંતર્યામીપણે હીરાશેઠને પોતાની પાસે બોલાવીને પોતાનાં ચરણમાં રહેલાં સોળ ચિહ્ન દેખાડ્યાં. જેથી શ્રીજીમહારાજને અંતર્યામિ પ્રગટ ભગવાન જાણીને શ્રીજીના હાથે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ પોતાને ઘેર ગયા ને ત્યાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા હતા. ॥૩૯॥

મેઘપર ગામમાં એક કાજી રહેતો હતો. તેણે સંકલ્પ કર્યો જે શ્રીસ્વામિનારાયણને સહુ ભગવાન કહે છે તો તેમને હું અલ્લા ક્યારે માનું કે આ ગામનો કૃષ્ણજી નામનો ભાટ છે તેની પાસે કુરાન બોલાવે તો હું ભગવાન જાણીને તેમનું પ્રગટ ભજન કરું. એમ ધારી તે ગામમાં પધારેલા શ્રીજીમહારાજની સભામાં આવ્યો ને ઊભો રહ્યો.

પછી શ્રીજીમહારાજે અંતર્યામીપણે કૃષ્ણજી ભાટને પોતાની પાસે બોલાવીને કહ્યું કે કુરાન બોલો. ને કાજીને કહ્યું કે કુરાનની ચોપડી તમો હાથમાં રાખો ને ખોટું બોલે તો તમો કહેજો પણ મનમાં રાખશો નહિ. એમ શ્રીજી મહારાજે કહ્યું. પછી કૃષ્ણજી ભાટ કુરાન બોલ્યા. તેથી શ્રીજીમહારાજને અલ્લા જાણીને શ્રીજીમહારાજને હાથે વર્તમાન ધારી કંઠી પહેરી સત્સંગી થઈ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું જીવન પર્યંત ભજન કર્યું અને પોતાની નાતમાં ઉપાધિ થઈ પણ સત્સંગ છોડ્યો નહિ. ॥૪૦॥

વસો ગામના ચાર પાટીદાર ભેગા થઈને એવો સંકલ્પ કર્યો કે શ્રીજીમહારાજ આપણને પોતાનાં ચરણમાં સોળ ચિહ્ન દેખાડે તો અંતર્યામી ભગવાન ખરા. તેમ ધારીને તેઓ વડતાલ આવ્યા ને શ્રીજીમહારાજ સભા કરીને જ્ઞાનવાર્તા કરતા હતા ત્યાં તેઓ આવ્યા ને શ્રીજીને નમસ્કાર કરીને સભામાં બેઠા.

પછી શ્રીસ્વામિનારાયણ ભગવાને કહ્યું કે આ મૂર્તિ આ બ્રહ્માંડમાં આ વખતે આવી છે, ફરીથી આવશે નહિ. માટે તે મૂર્તિનો તમને મેળાપ થયો છે માટે અમારો મનમાં નિશ્ચય કરીને પ્રગટ ભજન કરો જેથી આત્યંતિક મોક્ષ થશે ને ફરીથી ગર્ભવાસમાં આવવું નહિ પડે. એમ કહીને પોતાનાં બે ચરણારવિંદ લાંબાં કરીને સોળ ચિહ્ન દેખાડ્યાં તેથી શ્રીસ્વામિનારાયણ ભગવાનને અંતરજામી જાણીને તેમના આશ્રિત થયા

ને શ્રીજીમહારાજના હાથે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈને પોતાને ગામ ગયા. ને પોતાને ઘેર જઈને પ્રગટ પુરૂષોત્તમનારાયણ એવા શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સર્વોત્તમ નિશ્ચય કરીને અખંડ ભજન કરતા હતા. ॥૪૧॥

ગઢડેથી શ્રીજીમહારાજ બ્રહ્મચારી સંત-પાર્ષદ-હરિભક્તો સહિત ઝીણાભાઈના બોલાવાથી જૂનાગઢ ગયા હતા. તે ગામમાં રૂપરામ નાગરના માતુશ્રી પાંચીબાઈએ એવો સંકલ્પ કર્યો કે શ્રીસ્વામિનારાયણ ભગવાન અંતર્યામીપણે મારી પાસેથી બધી વસ્તુ માગી લે, ને દશ વાગ્યે વગર નોતરે મારે ઘેર જમવા પધારે તો હું અંતર્યામી ભગવાન જાણું. આવો સંકલ્પ કરીને પોતાની સખીને ત્યાં ગયાં ને ઉપરની બધી વાત તેને કહી. પછી પાંચીબાઈની સખીએ પણ સંકલ્પ કર્યો જે હું ખાંડ નાખીને દૂધ ઊનું કરીને કોઈ ન દેખે તેવી રીતે મારા ઘરમાં બારણાં વાસી ને ઊભી રહીશ. ને મારું નામ લઈને મારી પાસેથી દૂધ માગી લેશે તો હું પણ તેમની સત્સંગી થઈને તેમનું ભજન કરીશ. એમ પરસ્પર વાત કરીને પાંચીબાઈ પોતાને ઘેર ગયાં ને ઉત્તમ પ્રકારનો થાળ કર્યો.

પછી શ્રીજીમહારાજે દશ વાગ્યે મુકુંદાનંદ બ્રહ્મચારીને કહ્યું કે ચાલો આપણે ગામમાં થાળ જમવા જઈએ. એમ કહીને બ્રહ્મચારી તથા બે પાળાને સંગાથે લઈને શ્રીજીમહારાજ ગામમાં પધાર્યા. રસ્તામાં દૂધ ઊનું કરીને ઉભી રહેલ બાઈને ત્યાં પ્રથમ ગયા ને કહ્યું કે મણીબા ! બારણું ઉઘાડો. અને શ્રીજીમહારાજ બોલ્યા જે તમારું દૂધ લાવો પીતો જાઉં કારણ કે તમારે સત્સંગી થવું છે માટે. એમ કહીને મણીબાનું દૂધ પીધું ને તેમને સત્સંગીના નિયમ ધરાવીને સત્સંગી કરીને શ્રીજીમહારાજ ત્યાંથી પાંચીબાઈને ઘેર ગયા. ત્યાં જઈને ઊભા રહ્યા એટલે પાંચીબાઈએ પલંગ પાથરીને બેસાડ્યા. પછી બાઈ બોલ્યાં જે તમો અંતર્યામીપણાથી મારે ઘેર જમવા આવ્યા માટે જમવા ચાલો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે નવું રાખેલ ઉનામણું કાઢો. નવી તાંબાકુંડી નાવા માટે કાઢો. ને નવું પીતાંબર લાવો. ને નવો લોટો તથા નવો આબખોરો પાણી પીવા માટે લાવો. એમ કહીને બ્રહ્મચારી સહિત નાઈને પીતાંબર પેરી જમવા બેઠા.

તે સમયમાં મહારાજ કહે હું નહિ જમું, કારણ કે તમો મને સો રૂપિયા ને સોનાનો વેઢ આપશો તો હું જમીશ. પછી પાંચીબાઈએ પટારો ઉઘાડીને શ્રીજીમહારાજને સોનાનો વેઢ આંગળીમાં પેરાવ્યો ને સો રૂપિયા ભેટ મૂકી. ત્યારે મહારાજશ્રી જમવા બેઠા. આવી રીતે અંતર્યામીપણાથી તે પાંચીબાઈના બધા સંકલ્પ

પૂરા કર્યા તેથી તે બાઈએ શ્રીજીની પાસે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થયાં. ને શ્રીસ્વામિનારાયણ ભગવાનના આપેલા નિયમ શિરસાટે પાળીને શ્રીજીનું ભજન કરતાં હતાં. ॥૪૨॥

પીપલાણા ગામમાં શ્રીજીમહારાજ પધાર્યા. ત્યાં ચાર જણ સંકલ્પ કરીને આવ્યા. તેમાં એક કહે ગોલોકમાં હું રાધિકા સહિત શ્રીકૃષ્ણ ભગવાનને તથા ગોપગોપીઓને તથા પાર્ષદોને દેખું તો શ્રીસ્વામિનારાયણને ભગવાન જાણું. પછી બીજો કહે હું કૈલાસમાં પાર્વતી સહિત શંકરને ગણો સહિત દેખું તો શ્રીજીમહારાજને ભગવાન જાણું. પછી ત્રીજો કહે હું પાતાળમાં હજાર મસ્તકવાળા શેષનારાયણને દેખું તો શ્રીસહજાનંદ સ્વામીને ભગવાન જાણું. પછી ચોથો કહે હું યમપુરીમાં ધર્મરાજાને તથા ચિત્રગુપ્ત લેખક તથા પાપીઓને નાખવાના કુંડો તથા વૈતરણી નદીને દેખું તો શ્રીહરિને ભગવાન જાણું. તેમ ધારીને ઉપરના કહેલા ચાર જણ શ્રીજીમહારાજ પાસે આવ્યા ને તુરંત શ્રીજીનાં દર્શનમાત્રથી સમાધિ થઈ ગઈ.

પછી જેઓ સમાધિએ કરીને ગોલોક-કૈલાસ-પાતાળમાં ગયા તે ત્રણે હસતા હતા. ને એક સમાધિએ કરીને જમપુરીમાં ગયો તે જમપુરીનો ત્રાસ દેખીને રડતો હતો. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે ત્રણ હસે છે ને એક કેમ રડે છે? પછી શ્રીજીમહારાજે એક પાંચ વરસના છોકરાને બોલાવી કહ્યું જે આ ચાર જણ સમાધિમાં ગયા છે. તે ક્યાં ગયા છે તે તું સમાધિ કરીને જોઈ આવ્ય. પછી તેને મહારાજે સમાધિ કરાવી. તેથી તે જોઈ આવ્યો ને કહ્યું જે ગોલોક આદિધામમાં ગયા છે તે હસે છે, ને એક જમપુરીમાં ગયો છે તે ત્યાંનો ત્રાસ દેખીને રડે છે. પછી મહારાજે તે છોકરાને કહ્યું જે તું ફરીથી સમાધિમાં જઈ ચારેયને બોલાવી લાવ. ત્યારે તે બોલાવી લાવ્યો.

સમાધિમાંથી બહાર આવેલા ચારેય જણાએ શ્રીજીમહારાજને સભામાં દંડવત્ કર્યા ને કહ્યું જે આ શ્રીજીમહારાજ સાક્ષાત્ ભગવાન છે ને દરેક ધામના રહેનારાઓ આ શ્રીસ્વામિનારાયણની સેવા કરે છે, માટે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણને ભજજો. એમ કહીને તેઓ ચારેય જણાએ શ્રીજીમહારાજને હાથે વર્તમાન ધારણ કરી કંઠીઓ પેરી સત્સંગી થઈ ઘેર ગયા ને નિયમને શિરસાટે પાળીને શ્રીજીમહારાજનું ભજન કરતા હતા. ॥૪૩॥

જેતલપુરથી શ્રીજીમહારાજ ચાલીને અમદાવાદ ગયા. ત્યાં રામાનંદ સ્વામીની જગ્યામાં ઊતર્યા. તે સમયે રૂઘનાથદાસે સાત ગાદીઓ નંખાવી હતી. પહેલી ગાદી પોતાની ને બીજી ગાદીઓ મુક્તાનંદ સ્વામી આદિક સદ્‌ગુરુઓની. પછી શ્રીજીમહારાજ પહેલી ગાદી ઉપર ચઢીને બેઠા, અને અનુક્રમથી મુક્તાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓને બેસાડ્યા, તે સમે રૂઘનાથદાસ પોતાની ગાદી ઉપર મહારાજશ્રી બેઠેલા તેથી તે પોતે ક્યાં બેસે? તેથી રૂઘનાથદાસ આડોઅવળો ફર્યા કરતો હતો. તે જોઈને મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે રૂઘનાથદાસની ગાદીએ આપ બેઠા તો તે ક્યાં બેસશે? ત્યારે મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે કહ્યું કે, કૂતરાં તગડનાર કોઈ જોઈશે કે નહિ ? માટે રૂઘનાથદાસ કૂતરાં તગડશે.

એમ વાત કરી તેટલામાં અંબાબાઈ રામાનંદ સ્વામીનાં સેવક હતાં તેમણે શ્રીજીમહારાજની પૂજા ઘણાં ભાવથી કરાવી. તે જોઈને રૂઘનાથદાસને ખેદ થયો. ત્યાં થોડીવારે રાજાને ખબર પડવાથી શ્રીજીમહારાજને પકડવા જાસૂસને મોકલ્યો. તેની સાથે કહેવડાવેલું જે મારી પાસે સ્વામિનારાયણ ન આવે તો તેમને શહેર બહાર કાઢી મૂકશો. તેઓએ શ્રીજીમહારાજ પાસે આવી વાત કરી ત્યારે શ્રીજીમહારાજ તે જાસૂસની સાથે સંતોએ સહિત રાજા પાસે ગયા.

કચેરી આગળ સર્વે સંતોને તથા હરિભક્તોને રોકાવ્યા. ને શ્રીજીમહારાજે એકને જવાનું કહ્યું. તો પણ દંડી દેવાનંદ તથા પૂર્ણાનંદ તથા ડુંગરજીને સાથે લઈ કચેરીમાં પધાર્યા. રાજાએ તેલના ટાંકા ઉપર યુક્તિ કરી ગાદી તકિયો નખાવેલ. તે ઉપર બેસવા રાજાએ આજ્ઞા કરી. પછી શ્રીજીમહારાજ અંતર્યામીપણે જાણી ગયા. તેથી તે ઉપર ન બેઠા ને પોતાની છડીથી ગાદી તકિયો ઊંચો કર્યો ને તે સમે શ્રીજીમહારાજે રાજાને કહેવું ઘટે તે પ્રમાણે કહ્યું. તે જોઈ દંડીદેવાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે આપશ્રી મને આજ્ઞા કરો તો આ પૃથ્વી ડટણ સો પટણ કરી નાખું. ત્યારે શ્રીજીમહારાજે તેમને ના કહી, ને ત્યાંથી ચાલી નીકળતા હતા. ॥૪૪॥

પક્ષ રાખવા વિષેની વાર્તાઓ

એક વખત ગુણાતીતાનંદ સ્વામી તથા કૃપાનંદ સ્વામી વડતાલ જતા હતા. રસ્તામાં લાખીયાણી ગામ આવ્યું. તે ગામની ભાગોળે કંગાલદાસ બાવો મઢી બાંધીને રહ્યો હતો. તે સત્સંગનો દ્વેષી હતો. તે સત્પુરુષને જતા દેખીને કડીયાળી લાકડી લઈને વાંસે દોડ્યો ને કહ્યું કે ઊભા રહો. તેથી શ્રીજીમહારાજના નિર્માની સંત ઊભા રહ્યા. ને કંગાલદાસ બાવે કહ્યું કે તમે ગામ બગાડો છો. એમ કહીને લાકડી મારીને કાંડું ખેડવી નાખ્યું ને બાવો ભાગી ગયો.

પછી બન્નેય સ્વામીઓ ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં ગામ-ઝમરાળે આવ્યા. ત્યાં પાંચો ચારોળો સતસંગીઓ સાથે સ્વામીનાં દર્શને આવ્યો. ત્યારે કૃપાનંદ સ્વામીએ કહ્યું કે ગામ લાખીયાણીના કંગાલદાસ બાવાએ ગુણાતીતાનંદ સ્વામીને કડીયાળી લાકડી મારીને કાંડું ખેડવી નાખ્યું છે માટે કોઈ ચઢાવનાર વૈદ્યને બોલાવો. તે સાંભળીને પાંચાને ઘણી જ રીસ ચઢી. પછી વૈદ્યને બોલાવીને કાંડું ચઢાવ્યું. આઠ-દશ દિવસ સંતને રાખ્યા ને સાજા થયા પછીથી સંતો ગયા.

પછી પાંચો ચાર કોળીને લઈને મધ્યરાત્રિએ લાખીયાણીમાંથી બાવાને બાંધીને લઈ આવ્યા. ખાટલામાં ઉનાળાના દિવસે વાયરે ઊંઘી ગયો હતો. ત્યાંથી સીમાડે લાવીને એક વાવ્ય છે ત્યાં પછડતો નાંખ્યો તેથી જાગ્યો. પણ બાંધેલો તેથી ઉઠાયું નહિ. અંધારામાં કોઈ દેખાયું નહિ. તેથી કહે કે મને અહીં કોણ લાવ્યું. ત્યારે પાંચો કહે જે તમોએ શ્રીસ્વામિનારાયણના સંતને માર્યા તેથી ધર્મરાજાએ અમને જમોને મોકલ્યા છે. તે તને મારી નાખીને જમપુરીમાં લઈ જવાના છીએ. એમ કહીને માર માર્યો તે હાડકાં ભાંગી નાખ્યાં ને અધમુવો કરીને કહ્યું જે હવેથી ફરીને સાધુને માર્યા તો ઠાર મારી નાખીશું. આ વખતે તો તું કરગરે છે તે રહેવા દઈએ છીએ. એમ કહીને પાંચો પોતાને ગામ આવ્યો.

પછીથી સવારમાં ગાયો લઈને છોકરાં ચારવા આવ્યાં ને વાવમાં પાણી પીવા જાય છે કે તુરંત બાવે બૂમ પાડી જે મને કોઈક કાઢો. આવો શબ્દ સાંભળીને છોકરાં ભૂત છે એમ જાણીને પાણી પીધા વગર ગામમાં ભાગી જઈને સર્વેને કહ્યું જે વાવ્ય ઉપર સીમાડે ભૂત છે. કોઈને જોવા આવવું હોય તો ચાલો. પછી સર્વે લોકો આવ્યા ને શબ્દ સાંભળીને ઓળખ્યો જે આ તો કંગાલદાસ બાવો છે. પછી બધી વાત પૂછી એટલે વાત જમોએ કરી હતી તે કહીને કહ્યું જે શ્રીસ્વામિનારાયણના સાધુનું નામ તો હવે જીવું ત્યાં સુધી ન લઉં. આવી રીતે

કહીને ગામમાં ગયો. આવી રીતે પાંચા ચારોળાએ સંતનો પક્ષ લીધો તેથી તેને અક્ષરધામમાં શ્રીજીમહારાજ અંતકાળે લઈ ગયા. આવી રીતે પક્ષ રાખવામાં અક્ષરધામ મળે છે. ॥૪૫॥

ધારઈ (ધારી) ગામમાં વાણીયા રાઘવજી તથા ધનજી બે ભાઈ સત્સંગી હતા. તેમણે કુસંગી વાણિયા સાથે તોળવાનું કામ બે મળીને કરવાનું રાખ્યું. તેમાં ખોટ જવાથી ગામના ધણીએ બન્ને જણનો એક હજાર રૂપિયા દંડ કર્યો. પછી વાણિયા ભેગા થઈને કુસંગી વાણિયાને કેદમાંથી પાંચસે રૂપિયા દંડ ભરીને છોડાવ્યો. પણ સત્સંગનો દ્વેષ કરનાર વાણિયાઓએ સત્સંગીને છોડાવ્યો નહિ. પછી એક વાણિયો સત્સંગી હતો. તેણે પોતાના પિતાને વાત કરી. ત્યારે તેણે કહ્યું જે તમો બે ભાઈ છો તેમજ આ સત્સંગી રાઘવજી પણ તમારો ત્રીજો ભાઈ છે એમ જાણીને ગામના ધણીને પાંચસે રૂપિયા આપીને છોડાવી લાવો.

તેમ કહ્યાથી બન્નેય ભાઈઓ પિતાનું વચન પાળવા માટે સત્સંગી તે સાચો ભાઈ છે તેમ જાણીને તેને કેદખાનામાંથી રૂપિયા ભરીને છોડાવી લાવ્યા. તે વાતને શ્રીજીમહારાજે કોઈક થકી જાણી તેથી શ્રીજીમહારાજે કહ્યું કે તે વાણિયો ગઢડે આવે ત્યારે મને ખબર કરજો. પછી તે આવ્યા ત્યારે તેમની ઉપર શ્રીજીમહારાજ ઘણું રાજી થયા ને મસ્તક ઉપર પોતાના બે હાથ મૂક્યા. ને અંતકાળે પોતાના અક્ષરધામમાં સત્સંગીનો પક્ષ રાખવાથી લઈ ગયા. આવી રીતે પક્ષ રાખનાર પાપી હોય તો પણ શ્રીજીમહારાજ પોતાના ધામમાં લઈ જાય છે. ॥૪૬॥

ગઢડાથી શ્રીજીમહારાજ પંચાળા જતા હતા ને સંગાથે બ્રહ્મચારી-સાધુ-પાળાઓ હતા. બંદૂકના બાર કરાવતા જતા એવા ભગવાન શ્રીસ્વામિનારાયણની સંગાથે કેટલું મનુષ્ય છે તે ગણી શકાય તેવું નહોતું. એમ ચાલતાં જૂનાગઢ આવ્યા. તે વાત સત્સંગનો દ્વેષ કરનાર નાગરોએ જાણી. તેથી સત્સંગ ઉપર વેર રાખનાર નાગરો નવાબ સરકાર પાસે ગયા ને કહ્યું કે શ્રીસ્વામિનારાયણ ગામમાં આવશે તો તમારું રાજ્ય લઈ લેશે, કારણ કે તે ભગવાન કહેવાય છે. ને તેમની સંગાથે મનુષ્ય પણ ઘણાં છે. તે તમને યુદ્ધમાં જીતી લેશે. માટે ગામમાં પેસવા ન દેશો. ત્યારે રાજાએ કહ્યું કે ખુદાનું આપેલું રાજ હું કરું છું ને તે લઈ લે તો ભલે લઈ લે પણ તે ગામમાં ભલે પધારે. તેમનો કોઈએ અટકાવ કરવો નહિ.

આમ કહેવાથી નાગરો વીલે મોઢે ઘેર ગયા ને નવાબે પોતાનો જાસૂસ મોકલીને ગામમાં પધારવાનું આમંત્રણ કર્યું. તેથી શ્રીજીમહારાજ વાજતે-ગાજતે

અસ્વારી સહિત ગામમાં પધાર્યા. તે સમયમાં શ્રીજીમહારાજના દ્વેષી નાગરો રાજા પાસે બેઠા હતા. તે સમયમાં એક માણસે બે ચીભડાંની કાકડીઓ આપીને નમસ્કાર કર્યા. પછી શ્રીજીમહારાજ બે હાથમાં બે કાકડીઓ રાખીને બે હાથે ચાલતી સવારીમાં જમવા માંડ્યા. તેથી નાગરો બોલ્યા જે કોઈ માણસની પણ શરમ નથી ને કાકડી ન દીઠી હોય તેવી રીતે આ લાખો માણસમાં ખાય છે, આમને સહુ ભગવાન કહે છે.

આવી રીતે શ્રીજીના ચરિત્રમાં અવગુણ નાગરોએ રાજાને દેખાડ્યો. ત્યારે નવાબ સરકારે કાજીને પૂછ્યું જે ખુદા કેવા હોય? ત્યારે તેણે કહ્યું કે ખુદા અલમસ્ત હોય ને વળી તેમને કોઈની પરવા હોય નહિ. તેથી શ્રીજીમહારાજને ખુદા જાણીને નમસ્કાર કરીને ભગવાનપણાનો નિશ્ચય કર્યો ને ગાજતેવાજતે પોતાના મહેલમાં પધરાવીને શ્રીજીમહારાજનો સારો સત્કાર કર્યો ને શ્રીજીમહારાજને કહ્યું કે અંતકાળે મને તેડવા આવજો. આવી રીતે કહીને શ્રીજીમહારાજને વિદાય કર્યા તે શ્રીજીમહારાજ પંચાળે પધાર્યા. ત્યાં કેટલાક દિવસ રહ્યા બાદ નવાબ સરકારે દેહ મૂક્યો તેમને શ્રીજીમહારાજ પોતાના અક્ષરધામમાં લઈ ગયા.

તે વખતે શ્રીજીમહારાજ પંચાળામાં હતા. તે શ્રીજીએ નાસીકા ઉપર રૂમાલ આડો ધર્યો. તે જોઈને સુરાખાચરે પૂછ્યું જે શ્રીજીમહારાજ તમે આ શી લીલા કરી તે અમને કહેવાય તેવી હોય તો કહો. પછી શ્રીજીએ કહ્યું જે નવાબ સરકાર દેહ મૂકી ગયા તેમને તેડવા અમો જૂનાગઢ ગયા હતા. ત્યાં નવાબને દારૂ પાયો હતો તે ગંધ અમારાથી સહન થઈ નહિ તેથી આ રૂમાલ નાસીકા ઉપર ઢાંક્યો હતો તથા આડું મુખ કર્યું હતું. નવાબ સરકારે અમારો નાગરો આગળ પક્ષ રાખ્યો હતો તેથી નવાબને અક્ષરધામમાં લઈ ગયા. આવી રીતે શ્રીજીએ વાત કરી હતી. ॥૪૭॥

સુરતથી જેરામ બ્રહ્મચારી ગઢડા સોનેરી પોશાક કરાવીને આવતા હતા. તેટલાકમાં ભાલ દેશમાં રહેલા એવા ગાંફ ગામના સીમાડામાં ચોર લોકો વાંસે થયા. તે આગળ બ્રહ્મચારી દોડે ને પાછળ ચોર દોડે એમ દોડતાં દોડતાં રોજકાની સીમ સુધી પોશાકને હેમખેમ પહોંચાડ્યો. તેટલાકમાં સીમમાં શૂરવીર રોજકાના ક્ષત્રી મશ્રુગોળ નામના ગરાસીયાએ આવતા જોઈને બ્રહ્મચારીને કહ્યું કે બીશો નહિ. હવે તે ચોર લોક તમારી પછવાડે મારી બીકથી નહિ આવે. એમ કહીને બ્રહ્મચારીને શાંતિ પમાડીને પોતાને ઘેર લાવી રસોઈ જમાડીને ત્યાંથી વળાવ્યા, તે

ગઢપુર આવ્યા ને શ્રીજીમહારાજને સોનેરી પોશાક પહેરાવ્યો તે બરાબર થઈ રહ્યો ને શ્રીજી રાજી થયા ને બીજા બધા પણ રાજી થયા. પછીથી જેરામ બ્રહ્મચારીનો પક્ષ રાખનાર મશ્રુગોળને અંતકાળે શ્રીજીમહારાજ પોતાના ધામમાં લઈ જતા હતા. ॥૪૮॥

એક કેશરમીયાં પોતાનો મુસલમાની ધર્મ મુકીને સત્સંગી થયો. પછી વઢવાણના કારભારી ભાણજી મેતો કાંઈ કામ પ્રસંગે ધ્રાંગધ્રા ગયેલો તેની સંગાથે સિપાઈનું કામ કરવા માટે રાજા તરફથી કેશરમીયાંને હુકમ થયો તેથી તે સાથે ગયા. ત્યાં સત્સંગીનો દ્વેષી એક બ્રાહ્મણ સત્સંગનાં ચિહ્ન ધારણ કરીને આવ્યો. તેને ભાણજીએ પૂછ્યું કે ક્યાં જાય છે? ત્યારે તે કહે હું સ્વામિનારાયણનાં દર્શન કરવા જાઉં છું ને ખરચી ખૂટી છે માટે આપને રાજાના કારભારી જાણીને આવ્યો છું માટે મને બે રૂપિયા આપો ત્યારે ભાણજીએ કહ્યું કે શ્રીસ્વામિનારાયણને ગાળો દે તો તને વધારે રૂપિયા આપું. ત્યારે ગાળો દેવા તૈયાર થયો.

પછી કેશરમીયાંએ કહ્યું જે શ્રીસ્વામિનારાયણને ગાળ દીધી તો માથું આ તરવારે કરીને ઉડાવી દઈશ. તો પણ ભાણજી મેતાના બળથી ગાળો દેવા માંડી કે તુરંત મ્યાનસોતી તરવાર મારી તે પડી ગયો ને જીવ લઈ બેઠો થઈને નાસી ગયો. પછી તે ભાણજીએ વઢવાણ આવીને સિપાઈને રજા દીધી ત્યારે રાણીએ સિપાઈને જવા દીધો નહિ ને પોતાની સેવામાં રાખ્યો. પછી તે કેશરમીયાંનો પક્ષ રાખનાર રાણીને અંતકાળે શ્રીજીમહારાજ અક્ષરધામમાં લઈ જતા હતા. ॥૪૯॥

એક વખત મહામુક્ત મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી શ્રીજીમહારાજ પાસે જેતલપુર જવા ચાલ્યા જતા હતા. તેટલાકમાં રસ્તામાં કારેલી નામનું ગામ આવ્યું, તેમાં ખરાબદાસ બાવો રહેતો હતો તે સ્વામીઓને આવતા જોઈને પોતાના ચેલાએ સહિત ઊઠીને બન્નેય સ્વામીને પકડીને પોતાના અખાડામાં આંણ્યા ને બારણાં બંધકરીને દાંત કચડતો જાય ને ગાળો દેતો જાય. ને કહે કે તમારાં નાક-કાન કાપી લઉં છું. એમ બોલતો જાય ને છરી ઘસતો જાય. તેથી બ્રહ્માનંદ સ્વામી ડરીને મુક્તાનંદ સ્વામી પાસે બોલ્યા કે નાક કાપશે તો લોકમાં આપણી આબરૂ જાશે ને મુખ કાળું થાશે. એમ બોલીને શોક કરતાં કહ્યું કે આપણે અહીં ક્યાં આવી ચડ્યા? ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે આપણે એકે વર્તમાન લોપ્યું નથી. શ્રીજીમહારાજ માટે નાક કપાશે તો તેમાં આપણી લાજ જાશે નહિ.

એમ ધીરજ આપે છે તેટલાકમાં તે ગામનો-જત રાઘવજી નામનો-પહેલવાન આવ્યો ને સ્વામીને કહે કે કેમ અહીં બેઠા છો? ત્યારે બાવો બોલ્યો કે તમો ચાલ્યા જાઓ. ત્યારે જતે બાવાને છાતીમાં લાત મારીને બન્નેય સ્વામીઓને ત્યાંથી ઉઠાડીને લઈ ગયો ને બન્નેય સ્વામીને તે ગામથી વળાવ્યા ત્યારે સ્વામીની આજ્ઞાથી પાછો વળ્યો એવો જત બોલ્યો જે હે સ્વામી ! તમારી જેમ મેં બાવાથકી રક્ષા કરી તેમ તમો મારી અંતકાળે રક્ષા કરજો. એમ કહીને ચાલતો થયો. પછી બન્નેય સ્વામી જેતલપુર આવ્યા. શ્રીજીને મળ્યા ને દરેક દેશના સમાચાર કહ્યા. તે ભેગે પોતાની-જતે-રક્ષા કરી તે પણ કહી ને કહ્યું કે મારી અંતકાળે રક્ષા કરજો. એમ શ્રીજીને કહ્યું ત્યારે આ વખતે અઢળક ઢળેલા પરમ દયાળુ શ્રીજીમહારાજ બોલ્યા જે-જતનું કલ્યાણ મુક્તાનંદ સ્વામીના જેવું કરીશ. એમ બોલીને અંતકાળે સંતનો પક્ષ રાખનાર-જતને-પોતાના અક્ષરધામમાં લઈ ગયા. ॥૫૦॥

કાઠિયાવાડમાં ગુંદાળી ગામ છે. તેમાં મામૈયો ને મેરામણ નામના બે ભાઈઓ રહેતા હતા. તેમની માતુશ્રીનું નામ રાણદેબાઈ હતું. બન્નેય ભાઈઓ એક વખત બીજે ગામ ગયા હતા તે વખતે ભગવાન શ્રીસ્વામિનારાયણના સાધુ ત્યાં આવ્યા. તેઓને રાણદેબાઈએ પોતાના સંબંધી પાસે પોતાને ઘેર બોલાવ્યા ને જમવા માટે રસોઈ કરાવી. રસોઈ તૈયાર થઈ તેવા સમયમાં ગામનાં ધણીએ વાત જાણી કે શ્રીસ્વામિનારાયણના સાધુ આપણાં ગામમાં આવેલ છે તે ગામ બગાડશે, તેથી તે સાધુને રાણદેબાઈને ત્યાંથી કાઢી મૂકો. પછી સંતને જમ્યા વિના પોતાનો માણસ મોકલીને કાઢી મુકાવ્યા. તેથી રાણદેબાઈને બહુ જ ખોટું લાગ્યું ને રડવા મંડ્યા.

તે સમયમાં પોતાના બન્નેય પુત્રો આવ્યા ને કહ્યું કે માતુશ્રી કેમ રડો છો? ત્યારે તેમણે કહ્યું કે તમારા મામાના સાધુ આવ્યા હતા તેમને માટે રસોઈ કરી પણ ગામના ધણીએ તેમને જમવા દીધા નહિ. ને રસોઈ અભડાવીને કાઢી મૂક્યા તેથી સાધુ જમ્યા વિના ગયા જેથી રડું છું. આવું પોતાની માતુશ્રીનું વચન સાંભળીને કહે કે અમને રજા આપો. અમે ગામ ધણીને મારીને તારી પાસે ગઢડે આવીશું. ને તમો આજે ગઢડે જાઓ ને કદાચ યુદ્ધમાં મરી જઈશું તો ધામમાં ભેગા થઈશું.

એમ કહ્યું એટલે માતાએ રજા આપીને પોતે ગઢડે ગયાં ને બન્નેય ભાઈઓ ઢાલ-તરવાર-બંદૂક-બરછી વિગેરે હથિયાર ધારણ કરીને ગામ ધણીને કહ્યું કે મારા મામાના સાધુને કોણે કાઢી મૂક્યા. ત્યારે ગામ ધણીએ કહ્યું કે મેં કાઢી મૂક્યા.

એમ કહ્યું કે તુરંત તરવારે કરીને માથું ઉડાવી દીધું ને બધું ગામ લડવા તૈયાર થઈને આવ્યું તે બન્નેય ભાઈને મારી નાખ્યા. તે વખતે શ્રીજીમહારાજ રણસંગ્રામમાં પધારી સાધુના પક્ષે કરીને બન્નેય છોકરાઓને પોતાના અક્ષરધામમાં લઈ જઈને પોતાની સમીપની સેવામાં દાખલ કરતા હતા. ॥૫૧॥

બોટાદમાં નૃસિંહભાઈ જોશી રહેતા હતા. તેઓ કોઈ વખત ભાવનગર ગયેલા. ત્યાંના વિજયસિંહ રાજાએ જોશીનો સારો સત્કાર કર્યો ને પોતાની પાસે બેસાડ્યા. તે જ વખતમાં ગામ-તતાણાનો મૂળુચારણ ક્લેશનાં કારણે ભૂત થઈને આવ્યો તે રાજાના મોઢા આગળ કેટલાક છંદબોલ્યો ને ભગવાન શ્રીસ્વામિનારાયણનું કેટલુંક વાંકું બોલતો હતો. તે વખતે જોશીએ કહ્યું કે લેંડા છાનો માનો બેસ. શ્રીસ્વામિનારાયણ તો ભગવાન છે માટે ગધાડીના તું શું ભૂંકે છે? એમ બેત્રણ વખત કહ્યું ત્યારે બોલતો બંધ થયો ને રાજાએ પણ જોશીનો પક્ષ રાખીને કહ્યું કે શ્રીસ્વામિનાાયણ તો ભગવાન છે.

પછી જોશી બોટાદ આવ્યા ને ઉપરની વાત હરિભક્તોએ સાંભળી તેથી સર્વે હરિભક્તો રાજી થયા ને શ્રીજીમહારાજ સારંગપુર હતા ને પક્ષની વાતો કરતા હતા ને બોટાદથી જોશી તથા શેઠ ભગાદોશી શ્રીજીનાં દર્શન કરવા આવ્યા. ત્યાં શ્રીજીમહારાજનાં દર્શન કરીને રાજી થયા. પછી ભગાદોશીએ શ્રીજીમહારાજને ભાવનગરમાં થયેલી વાત કહી તેથી શ્રીજીમહારાજ રાજી થયા ને જોશીને માથે પોતાના બે હાથ મૂક્યા. તે વખતે ગામ દીયોરના મૂળજી ભાવસાર આવ્યા. તેમણે શ્રીજીમહારાજને ચોફાળ ઓઢાડ્યો તેથી શ્રીજીમહારાજ રાજી થયા. પછી તે ચોફાળ જોશીને આપ્યો તે ચોફાળ હજી સુધી બોટાદના મંદિરમાં છે. તેનાં દર્શન કરીને હરિભક્તો કૃતાર્થ થાય છે.

પછી વિજયસિંહ રાજાનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ તેમને ધામમાં લઈ જવા માટે તેમને ઘેર ગયા ને કહ્યું કે ભરી સભામાં તમોએ અમારો પક્ષ રાખ્યો છે. ને વળી તમો ગઢપુર દર્શને આવ્યા ત્યારે તમોએ મને કહ્યું હતું જે હે શ્રીજીમહારાજ જેવી રીતે હમણાં મારો હાથ ઝાલ્યો છે તેવો મારો અંતકાળે હાથ ઝાલજો, મૂકી દેશો નહિ. તેવી રીતે તમોએ શ્રીગોપીનાથજી આગળ કહ્યું હતું, જેથી અમો તમને તેડવા આવ્યા છીએ માટે હવે અમારા અક્ષરધામમાં ચાલો. આવી રીતે કહીને પોતાના ધામમાં લઈ ગયા. પછી બોટાદના જોશીને પણ પક્ષે કરીને પોતાના અક્ષરધામમાં અંતકાળે લઈ ગયા. એવા શ્રીજીમહારાજ

પરોપકારી ને અતિ દયાળુ છે માટે તેમનો તથા તેમના સંતનો પક્ષ રાખવો જેથી શ્રીજીમહારાજ રાજી થઈને પોતાના અક્ષરધામમાં લઈ જશે. ॥૫૨॥

રેફડા ગામમાં ચોરના આગેવાન મહા હુશીયાર વરજાંગ નામના કાઠી હતા. તે એક સમયે ભાવનગરના રાજા પાસે ગયો ત્યારે વિજયસિંહ રાજાએ કહ્યું કે હવે તમો તો વૃદ્ધ થયા માટે હવે ચોરીનું કામ કરવાનું બંધ રાખીને હેઠા બેહો. ત્યારે ખૂંખારો મારીને રાજાને કહ્યું કે તમો કહેતા હોય તો જૂનાગઢની અગર જામનગરની તિજોરી લઈ આવું. ત્યારે રાજાએ કહ્યું કે તેની તિજોરી તમો લાવો તેમાં શી નવાઈ ? પણ શ્રીસ્વામિનારાયણ ગઢડામાં છે ત્યાં જઈને તેમની ચર્ચા તું જો ને તેમની કાંઈ વસ્તુ લાવ તો તને બહાદુર કહું.

ત્યારે વરજાંગ કાઠી કહે કે શ્રીસ્વામિનારાયણ ભગવાન છે તેમની ચર્ચા કોઈએ જોવી નહિ. તે તો અંતર્જામી છે તેમાં કોઈ જાતની ખામી નથી. તેમની ઉપર કોઈ જાતનું કલંક મૂકવું નહિ. જો મારું કહ્યું માનતા હોય તો અગ્નિરૂપ શ્રીસ્વામિનારાયણ છે તેમની ઉપર જે દોષ મૂકે છે તે પોતે જ પાપનો ભાગીદાર થાય છે. આવી રીતે વિજયસિંહ રાજાપાસે કહ્યું તેથી રાજા ઘણાં ખુશ થયા ને વરજાંગનાં વખાણ કર્યાં. પછી તે કાઠી પોતાને ઘેર ગયો.

પછી કોઈ વખતે ગામ સરવે ગયેલો ત્યાં ઘણી લડાઈ થઈ ને ત્યાં રણસંગ્રામમાં મરાયો. તે સમે શ્રીજીમહારાજે પક્ષે કરીને ત્યાં દિવ્ય દેહે આવીને વરજાંગ કાઠી ઉપર છત્ર ધર્યું ને પાણી પાયું ને પછી વરજાંગ શ્રીજીમહારાજ પ્રત્યે બોલ્યો કે હે શ્રીસ્વામિનારાયણ, હું તો તમારો સત્સંગી નથી ને તમારું ભજન પણ મેં કર્યું નથી ને હું તો મહા પાપિષ્ઠ છું ને કુસંગી છું. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે તમોએ વિજયસિંહ રાજા આગળ અમારો પક્ષ રાખ્યો હતો તેથી તમોને મારા અક્ષરધામમાં લઈ જવા આવ્યો છું માટે મારી સાથે મારા અક્ષરધામમાં ચાલો. તેમ કહેવાથી વરજાંગ કાઠી શ્રીજીમહારાજની સાથે અક્ષરધામમાં ગયો. આવી રીતે શ્રીજીમહારાજ પરમ દયાળુ આપણે હાથ આવ્યા છે માટે પક્ષ રાખવો એ જ સિદ્ધાંત છે. ॥૫૩॥

ગામ પાલીતાણા પાસે એક બોરડા કરીને ગામ છે, તેમાં રાઠોડ ભક્ત રહેતા હતા. તે નામ ધરમાદો સંત લેવા જાય ત્યારે ચોખો નામ ધરમાદો આપતા હતા. તેથી તેમના કુટુંબીઓ ભક્તને બહુ જ ક્લેશ આપતા પણ હરિભક્તપણાંનો ત્યાગ કરતા નહિ.

ત્યાં એક સમે સાધુ નામ ધરમાદો લેવા ગયેલા. ને તે ભક્તરાજ બહારગામ ગયેલા તેથી સાધુ પાછા પાલીતાણે જતા હતા ત્યાં રસ્તામાં બોરડાના-સામતભમર મળ્યા. તેણે સંતને પોતાને ઘેર લઈ જઈને રસોઈ કરાવીને જમાડ્યા. પછીથી પાલીતાણે જવા દીધા. તેટલા માત્રથી તેમજ ભક્તનો પક્ષ રાખવાથી શ્રીજીમહારાજ અંતકાળે સામતને અક્ષરધામમાં લઈ ગયા. માટે શ્રીજીમહારાજના ભક્તનો પક્ષ રાખવાથી પણ અક્ષરધામની પ્રાપ્તિ થાય છે માટે પક્ષ રાખવા ચૂકવું નહિ. ॥૫૪॥

બુરાનપુરમાં ભુજકટીયા સરકાર રહેતા હતા. તેના પુરમાં એક વખતમાં વરસાદ ન આવ્યો ત્યારે તેણે વિચાર કરવા માંડ્યો કે શાથી વરસાદ આવતો નથી? તેટલાકમાં સત્સંગનો દ્વેષી સંન્યાસી આવ્યો. તેને પૂછ્યું ત્યારે તે કહે કે આ ગામમાં શ્રીસ્વામિનારાયણના પંથના હરિભક્તો હશે તેની તપાસ કરાવો. તે હોય તો તેમને બોલાવીને કહેવું કે તમો મારા પુરમાં રહો છો ને તમો કેનું ભજન કરો છો ? એમ પૂછવું ને શ્રસ્વામિનારાયણનું ભજન કરતા હોય તો તેનું નામ લેવા દેવું નહિ. ને કહેવું કે તમારા શ્રીસ્વામિનારાયણ ત્રણ દિવસમાં વરસાદ કરશે નહિ, તો તમને કેદખાનામાં નાંખવા પડશે ને તમારા હાથપગને ભાંગવામાં આવશે. ધ્યાન ભજનની ઓરડી પણ ખોદી નંખાવવામાં આવશે એમ કહીને કેદખાનામાં નાંખી દેવા ને વરસાદ થાય ત્યારે બહાર કાઢવા અથવા ઘણો દંડ કરવો. ને શ્રીસ્વામિનારાયણનું ભજન કરવાનું મુકાવી દેવું. નહિં તો આખું ગામ બગાડશે.

આવી રીતે કહીને તે સંન્યાસી પોતાના મુકામમાં ગયો ને રાજાએ સર્વે હરિભક્તોને બોલાવ્યા તેથી આવ્યા. ને રાજાની પાસે ઊભા રહ્યા. પછી રાજાએ પૂછ્યું કે તમે કેનું ભજન કરો છો? ત્યારે શિવાશા શેઠ બોલ્યા કે અમે ભગવાન શ્રીસ્વામિનારાયણનું ભજન કરીએ છીએ. ત્યારે રાજા કહે તે તો નવો ધર્મ છે તેને મૂકી દ્યો. નહિ તો ત્રણ દિવસમાં મારા રાજ્યને વિશે વરસાદ થાય. ને વરસાદ નહિ થાય તો તમોને જેલખાનામાં પૂરી દઈશ. ને તમારું ધ્યાનભજન કરવાનું સ્થાન પણ ખોદી નંખાવીશ. ને તમોને મેં નવા ધર્મવાળા જાણ્યા છે માટે અહીંથી ઊઠો ને કેદખાનામાં બેસો. ને કોઈ પણ મારી રજા વિના જશો તો હું તમને હેરાન કરીશ.

આવી જ રીતે રાજાએ કહ્યું તેથી બાઈભાઈ સર્વે હરિભક્તો કેદખાનામાં બેઠા ને શ્રીજીમહારાજનું ભજન કરવા લાગ્યા. તે વાતને શ્રીજીમહારાજે ગઢપુરમાં જાણીને રાત્રિના બાર વાગ્યા પણ શ્રીજીમહારાજને ઊંઘ આવે નહિ અને અક્ષર

ઓરડીમાં જાગે ને સૂવે, બેઠા થાય થાય ને ચારે તરફ જુએ. પછી શ્રીજીમહારાજે પોતાની પોરીમાં રહેલા ભગુજીને બોલાવીને કહ્યું કે મારા ભક્તોને બહુ દુઃખ થયું છે માટે શુકમુનિને બોલાવો. પછી શુકમુનિને ભગુજી બોલાવી લાવ્યા. ત્યારે શુકમુનિને શ્રીજીમહારાજ કહે કે એક કાગળ બુરાનપુરમાં લખો. ત્યાં મારા હરભક્તોને આજે ઘણું દુઃખ પડ્યું છે ને કેદખાનામાં પૂર્યા છે ને મારું ભજન કરે છે.

પછી શ્રીજીમહારાજે કાગળ લખાવ્યો જે બુરાનપુરના બાઈ-ભાઈ સર્વે હરિભક્તો મારા જયશ્રી સ્વામિનારાયણ વાંચજો. બીજું ગઢપુરમાં રહેનાર હું સહજાનંદસ્વામી સર્વે હરિભક્તોને આનંદ આપું છું ને આપનું સર્વે દુઃખ મેં જાણ્યું છે. તે દુઃખને મટાડવા સારુ આજે ગોવિંદરામભાઈને મેં મોકલ્યા છે તે તમોને સુખી કરશે. ને મારી મરજીથી વરસાદ બહુ જ થશે ને તમો ચિંતા કરશો નહિ. ને આનંદમાં રહીને મારું ભજન કરજો. અને મૂળસહિત મંદિર ખોદાવી નંખાવનારનું ઘર તણાઈ જઈને સમુદ્રમાં મળશે.

એવો પત્ર લખાવીને ગોવિંદરામભાઈને બોલાવ્યા. ને તેમના હાથમાં કાગળ આપ્યો ને કહ્યું કે અત્યારે જ તમો બુરાનપુર જાઓ. તેથી ભટ્ટ વિચાર કરવા લાગ્યા જે અત્યારે રાત્રિના બાર વાગ્યા છે માટે શો નિરધાર કરવો? ના પાડું તો વચન લોપાય ને શ્રીજીમહારાજ કુરાજી થાય અને હા પાડું તો આ અડધી રાત્રિએ જવા માટે મારી હિંમત ચાલતી નથી. આવી રીતે વિચાર કરે છે ત્યાં શ્રીજીમહારાજ બોલ્યા કે ભટ્ટજી શો વિચાર કરો છો ? મારો વિશ્વાસ રાખીને જાઓ હું તમારી રક્ષા કરીશ. ઘેલામાં પૂર આવ્યું છે તેમાં તમને તણાવા પણ નહિં દઉં ને જળજંતુઓથી તમારી રક્ષા કરીશ માટે તમો બીશો નહિ.

આવું શ્રીજીમહારાજે કહ્યું એટલે એક ઓઢવાનું વસ્ત્ર તથા કાગળ લઈને ચાલ્યા તે ઉન્મત્તગંગા નદીને કાંઠે આવ્યા. ત્યાં પાણીને સ્થિર જોયું તેથી તરીને સામે કાંઠે ગયા ને ભટ્ટજીએ વિચાર કર્યો કે રાત્રિ અંધારી છે ને મારા જેવાને ભયંકર લાગે તેવી છે ને રસ્તો પણ અજાણ્યો છે માટે લાવ્ય સોડ તાણીને સૂઈ જાઉં. એમ વિચારીને સામે કાંઠે રહેલ નીલકંઠ મહાદેવના મંદિરમાં સોડ તાણીને સૂઈ ગયા. પછી શ્રીજીમહારાજે અંતરીક્ષથી ઉપાડીને બુરાનપુરમાં મૂક્યા ને જાગ્યા ત્યારે ઉગમણો દરવાજો દેખ્યો ને ચાર વાગવાના ડંકા સાંભળ્યા ને ઊંચું જુવે તો પીપળાનું ઝાડ જોયું ને નીચે જુવે તો પથરાનો ઓટો જોયો. તાપી નદી પણ જોઈ.

આવી રીતે ભટ્ટજીએ આશ્ચર્ય જોયું ને સમજી ગયા. પછી ઓટાથી હેઠા ઊતરી પુરમાં પેઠા તે વખતે ગોવિંદરામભાઈના સામો એક માણસ આવ્યો. તેણે ભટ્ટજીને ચતુર્ભુજરૂપે દીઠા તથા મુગટ-પીળાં પીતાંબર-શંખ ચક્રાદિ આયુધ ધારેલા દીઠા. તેથી ભય પામીને નાસવા માંડ્યું. ત્યારે ભટ્ટજીએ સાદ કરીને બોલાવ્યો. તે આવેલા માણસને ભટ્ટજીએ કહ્યું કે તમો રાજા પાસે જાઓ ને મારા આવ્યાના સમાચાર પહોંચાડો ને કહેજો કે તમોએ હરિભક્તોને કેદખાનામાં કેમ પૂરી રાખ્યા છે ? આમાંથી ઘણો ઉત્પાત થાશે. ને વરસાદ તો શ્રીસ્વામિનારાયણની ઈચ્છાથી થશે અને મને તે કારણ માટે શ્રીસ્વામિનારાયણ ભગવાને ગઢપુરથી અહીં બુરાનપુર મોકલ્યો છે આટલું કહેજો.

એમ કહીને તે માણસને ભટ્ટજીએ રાજા પાસે મોકલ્યો ને ભટ્ટજી હરિભક્તોની પાસે આવ્યા ને ઊંચે સ્વરે જયશ્રી સ્વામિનારાયણ સર્વે હરિભક્તોને કહ્યા ને હરિભક્તો તથા ભટ્ટજી પરસ્પર મળીને રાજીથયા ને શ્રીજીમહારાજે આપેલો કાગળ શેઠ શીવાશાને આપ્યો અને હરિભક્તોને કહ્યું કે આનંદથી શ્રીજીમહારાજનું ભજન કરજો તમારુ સર્વ દુઃખ શ્રીજી નાશ કરશે. તમો કોઈ પ્રકારની ચિંતા કરશો નહિ. પછી હરિભક્તોની રજા લઈને ગોવિંદરામભાઈ તાપી નદીમાં સ્નાન કરવા ગયા. ને ત્યાં શ્રીજીમહારાજનું ધ્યાન કરીને તમારી પાસે આવીશ એમ કહીને તાપીએ ગયા ને ઓઢવાનું વસ્ત્ર હાથમાં રાખીને તાપીમાં ડુબકી મારી તેવા જ ઉન્મત્તગંગામાં નીકળ્યા ને નીલકંઠ મહાદેવનો આરો દેખ્યો ને હજારો વિચાર પોતાને થયા ને સંશયવાળું મન થયું ને ધીમે રહીને નિશ્ચય કર્યો કે બધી આ લીલા મને શ્રીજીમહારાજે બતાવી છે.

એમ સંશય રહિત મન કરીને ગોવંદરામ ભટ્ટ દાદાખાચરના દરબારમાં ગયા. ત્યાં શ્રીજીમહારાજને પગે લાગીને બેઠા ને બધા સમાચાર કહ્યા તેથી શ્રીજી રાજી થયા. તેમજ મુક્તાનંદ સ્વામી આદિક સંતો પણ રાજી થયા ને ગોવિંદરામે બુરાનપુરમાં શ્રીજીમહારાજનો પત્ર આપેલો તેને લેવા માટે મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીએ બે સંતને શ્રીજીની રજા લઈને મોકલ્યા. હવે ગોવિંદરામભાઈએ જે માણસ પાસે રાજાને કહેવડાવેલું તે જ પ્રમાણે મેઘનાં ચિહ્ન નહોતાં તોપણ એકદમ વાદળાંની ઘટા થઈને તેમાં ગાજવું, વીજળી ને વરસાદ બહુ જ થયો તેથી તાપી નદીમાં બહુ પૂર આવ્યું ને નદીના કાંઠા ઉપલ્યાં મકાનો તણાવા લાગ્યાં તે ભેગું જગતગુરુનું પણ મકાન તણાઈ ગયું ને ગામમાં હોકારો થઈ ગયો ને

ભુજકટીયા સરકારે મનમાં વિચાર્યું જે બાઈભાઈ સર્વે હરિભક્તોને કેદખાનામાં પૂર્યા છે તેથી શ્રીસ્વામિનારાયણ ભગવાને આ વરસાદ કર્યો છે માટે તે સર્વે હરિભક્તોને કેદખાનામાંથી છોડીશ તો જ વરસાદ બંધ રહેશે.

એમ ધારીને તુરંત કેદખાના પાસે જઈને હરિભક્તોની પાસે રાજાએ માફી માગી ને સર્વે હરિભક્તોને સરપાવ આપીને કેદખાનામાંથી છોડ્યા. ત્યારે હરિભક્તોએ શ્રીજીમહારાજની વરસાદ બંધ થવા માટે પ્રાર્થના કરી તેથી વરસાદ બંધ થયો. પછી રાજાની આજ્ઞાથી સર્વે હરિભક્તો પોતાને ઘેર ગયા, ને રાજા પોતાને મુકામે આવ્યો ને ગઢપુરથી મોકલેલ બે સંત બે માસે બુરાનપુર આવ્યા. ત્યાં હરિભક્તોના આગ્રહથી સંતો થોડા દિવસ રહ્યા. પછી શીવાશા પાસેથી ગોવિંદરામભાઈએ આપેલો પત્ર લઈને ગઢડે આવી મુક્તાનંદ સ્વામીને કાગળ આપ્યો. તે પત્ર વડોદરાના હરિભક્તો લઈ ગયા.

તે પત્ર હજી હયાત છે ને શ્રીજીમહારાજે એક શિક્ષાપત્રી બુરાનપુરના શેઠ શીવાશાને મંદિરમાં પધરાવવા આપેલી હતી. આવી રીતે બુરાનપુરના હરિભક્તોનું કેદમાં પુરાવારૂપ દુઃખ શ્રીજીમહારાજે ગઢપુર રહ્યા થકા ગોવિંદરામ ભટ્ટજી દ્વારા મટાડ્યું હતું. એવા શ્રીજીમહારાજ દયાળુ છે, તે શ્રીજી આપણે કાજે પોતાના અક્ષરધામમાંથી પધારેલા છે તો શ્રીજીમહારાજનો આશરો લઈને તેમનું ધ્યાનભજન કરીને આ જ દેહે અક્ષરધામમાં જવાય એવો શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય કરવો જેથી અંતકાળે શ્રીજીમહારાજ આપણી સહાય કરે એ જ સિદ્ધાંત છે. ॥૫૫॥

ગઢડાથી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી આદિક વીશ સાધુને જેતલપુર ભણવા મોકલ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીને જતી વખતે શ્રીજીએ કહ્યું કે મારો મારો એમ બોલતા આવતા હોય તેમની પાસે નાળિયેર મૂકીએ તથા તેમને ફૂલનો હાર પહેરાવીએ ને સારું લાગે તેવી વાણી બોલીએ તો ઠંડા થઈ જાય. આવી રીતે શ્રીજીએ કહીને મુક્તાનંદ સ્વામીને જેતલપુર મોકલ્યા. પછી એક દિવસે કોઈ હરિભક્ત નાળિયેર તથા હાર લાવ્યો એટલે મુક્તાનંદ સ્વામીએ બેઉ વસ્તુ રાખી મુકાવી. તેટલાકમાં અયોધ્યા તરફથી ફરતું ફરતું વેરાગીનું ટોળું જેતલપુર આવ્યું, ને કોઈ માણસને ગામમાં પેસતાં વેરાગીએ પૂછ્યું કે આ ગામમાં જીવનમુક્તાનો પંથ ચલાવનાર મુક્તાનંદ છે? ત્યારે તે માણસે કહ્યું કે પટેલ વાંસજીભાઈના મેડા ઉપર શ્રીસ્વામિનારાયણના સાધુ મુક્તાનંદ સ્વામી ઊતરેલા છે, એટલે તે વેરાગીની જમાત મુક્તાનંદ સ્વામીની પાસે આવી એટલે આવેલ વેરાગીઓને પાથરણાં પાથરીને બેસાડ્યા.

અને આગેવાન વેરાગીને પુષ્પનો હાર પેરાવ્યો તથા એક નાળિયેર મૂક્યું. એવી રીતે સન્માન કરવાથી મુક્તાનંદ સ્વામીને મારવા આવેલી વેરાગીની જમાત સંતોષ પામીને મુક્તાનંદ સ્વામીને નમસ્કાર કરીને જતી હતી. ॥૫૬॥

શ્રી નારાયણમુનિ કહે છે હે શુકાનંદમુનિ ! હવે ચાંદ્રાયણ વ્રતનો વિધિ તમને તત્ત્વથી કહું છું. જે વ્રત વૈષ્ણવાદિ (વિષ્ણુ) પુરાણોમાં પાપશુદ્ધ સારુ કરવાનું કહ્યું છે. ॥૧॥ પોષ માસની શુક્લ પક્ષની ચતુર્દશીએ વ્રત કર્તા નર સાવધાન થઈ સર્વ પાપને નાશ કરનાર ચાંદ્રાયણ વ્રત એક માસ પર્યંત કરવાનો નિયમ-ગ્રહણ કરે. ॥૨॥ આવ્રતના અંગ પણે પ્રતિદિન કેવળ ભૂમિ ઉપર શયન કરવું, બ્રહ્મચર્ય વ્રત પાળવું, ત્રિકાળ સ્નાન કરવું વિગેરે નિયમોનું પાલન કરવું અને લક્ષ્મીનારાયણની પૂજા વ્રતના સદ્‌ગુણ્ય સારુ અવશ્ય કરવી અને ભગવાનની સાનિધ્યમાં અખંડ ઘીનો દીવો કરવો. ॥૩॥ ઘીથી અગ્નિને વિધિ પ્રમાણે તૃપ્ત કરે, કેમકે આ હોમ પાપ માત્રનો નાશ કરનારો છે.

આ વ્રતમાં નિષ્ઠાવાળા પુરુષે ભક્ષણ કરવા યોગ્ય અન્ન આ જ છે. ચરૂ એટલે ઓસાવ્યા વિનાનો ભાત. ભૈક્ષ એટલે ભિક્ષા પ્રાપ્ત જે કાંઈ દૂષિત નહિ તેવું અન્નનો સાથવો. ચોખા આદિકના કણ (કણકી), યાવક (જવસંબંધી), સાકર, દૂધ, દહીં, ઘી, ફળ, મૂળ અને જળને ભક્ષણ કરે. આમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠ સમજવું અથવા હોમતાં બાકી રહેલું અન્ન હોમનેઅંતે આદરથી જમે. ॥૪-૫॥ આ વ્રત ચંદ્રકળાની પેઠે ઓછું અને વૃદ્ધિ થાય છે, માટે તેની 'ચાંદ્રાયણ' એવી સંજ્ઞા (નામ) સાર્થક છે.

તેમાં જવમધ્ય અને પિપીલિકા મધ્ય એવા ભેદથી ચાંદ્રાયણ બે પ્રકારનું છે. તેમાં અહીં પિપીલીકા મધ્યનો પ્રકાર કહું છું. તેમાં પોષ પૂર્ણિમાએ લીલાં મોટાં આંબળાં જેવડા પ્રિય કોળિયા પંદર જ જમે. પછી દિવસે દિવસે ઓછો કરે એટલે પૂર્ણિમાએ પંદર, પડવાએ ચૌદ, દ્વિતીયાએ તેર એ રીતે એક એક ઓછો કરીને જમે. અમાવાસ્યાને દિવસે તો ઉપવાસ કરે. એમ કરતાં કૃષ્ણ પક્ષમાં બધા મળીને એકસો વીસ કોળિયા જમવામાં આવે. તે પછી માઘ શુક્લ પક્ષ પડવાએ આરંભીને પ્રતિદિન એક એક કોળિયાના વૃદ્ધિ ક્રમથી ચંદ્રકળાની વૃદ્ધિને અનુસારે ફરી પણ એકસો વીશ કોળિયા જમે. એટલે માઘ સુદી પડવાએ એક, દ્વિતીયાએ બે, તૃતીયાએ ત્રણ એ રીતે એક એક કોળિયો નિરંતર વધારતાં પૂર્ણિમા સુધીમાં એકસોવીશ કોળિયા થાય. આ પ્રકારે એક માસમાં બસોચાલીશ કોળિયા જમાવનો નિયમ જાણવો. ॥૬-૭-૮॥

એટલે પ્રથમ કોળિયાનો પ્રણવ (ૐકાર) મંત્ર છે. તે નમઃ સ્વાહા શબ્દની સાથે જોડતાં કોળિયા જમવામાં ઉપયોગી મંત્ર થાય છે. એટલે ૐ **નમઃ સ્વાહા** એમ બોલીને પ્રથમ કોળિયાને જમે. બે કોળિયાનો **ભૂઃ** એવો મંત્ર છે એટલે **ભૂર્નમઃ સ્વાહા** એમ બોલીને બે કોળિયાને જમે. ત્રણ કોળિયાનો **ભૂવઃ** એવો મંત્ર છે. એટલે **ભૂવો નમઃ સ્વાહા** એ રીતે એ મંત્ર બોલીને ત્રણ કોળિયાને જમે. આ જ રીતે આગળ પણ જાણી લેવું. ચાર કોળિયાનો **સ્વઃ** એવો મંત્ર છે એટલે **સ્વો નમઃ સ્વાહા** એ રીતે બોલીને ચાર કોળિયા જમે. પાંચ કોળિયાનો મંત્ર **મહઃ** એવો માન્યો છે. એટલે **મહો નમઃ સ્વાહા** એ રીતે બોલીને પાંચ કોળિયા જમે. છ કોળિયાનો **જનઃ** એવો મંત્ર કહ્યો છે એટલે **જનો નમઃ સ્વાહા** એ રીતે બોલીને છ કોળિયા જમે. સાત કોળિયાનો મંત્ર તપઃ એવો માન્યો છે એટલે **તપો નમઃ સ્વાહા** એ રીતે બોલીને સાત કોળિયા જમે. આઠ કોળિયાનો મંત્ર સત્ય એવો માન્યો છે એટલે **સત્ય નમઃ સ્વાહા** એમ બોલીને આઠ કોળિયા જમે. નવ કોળિયાનો મંત્ર ઉર્જે એવો કહ્યો છે એટલે **ઉર્જે નમઃ સ્વાહા** એમ બોલીને નવ કોળિયા જમે. દશ કોળિયાનો ઈટ્ એવો મંત્ર છે એટલે **ઈટ્ નમઃ સ્વાહા** એમ બોલીને દશ કોળિયા જમે. અગિયાર કોળિયાનો મંત્ર **ઓજ** એવો છે એટલે **ઓજ નમઃ સ્વાહા** એમ બોલીને અગિયાર કોળિયા જમે. બાર કોળિયાનો મંત્ર **તેજ** એવો માન્યો છે એટલે **તેજ નમઃ સ્વાહા** એમ બોલીને બાર કોળિયા જમે. **તેર** કોળિયાનો મંત્ર **પુરુષઃ** એવો કહ્યો છે એટલે **પુરુષો નમઃ સ્વાહા** એમ બોલીને તેર કોળિયા જમે. તેથી પર ચૌદ કોળિયાનો મંત્ર **ધર્મઃ** એવો માન્યો છે એટલે **ધર્મો નમઃ સ્વાહા** એમ બોલીને ચૌદ કોળિયા જમે. પંદર કોળિયાનો મંત્ર **શિવઃ** એવો કહ્યો છે એટલે **શિવો નમઃ સ્વાહા** એમ બોલીને પંદર કોળિયા જમે.

એવી રીતે સ્વાહાકાર અને નમસ્કારે યુક્ત એવા તે તે ૐકારાદિ મંત્રો વડે તે તે સંખ્યાના કોળિયા જુદા જુદા અભિમંત્રણ કરવા પૂર્વક દિવસ સંખ્યાના અનુક્રમથી જમે. ॥૯-૧૦-૧૧-૧૨-૧૩॥ ચાંદ્રાયણ વ્રતની સમાપ્તિમાં તો ગાય અને વૃષભનું વિપ્રને દાન આપે. એક જ ચાંદ્રાયણ વ્રત કરવાથી સર્વ પાપનો ક્ષય થાય. (આથી ચાંદ્રાયણ વ્રતની પ્રશંસા કરેલી જાણવી.) ॥૧૪॥ વ્રતને અંતે ઉદ્યાપન કરે તેનાથી જ તેના ફળની સિદ્ધિ થાય. આ વ્રતના અનુષ્ઠાનથી આલોકમાં ધન, આરોગ્ય, સુખ અને સૌભાગ્ય સંપદાને પામે. ॥૧૫॥ અને પરલોક સ્વર્ગમાં દેવોની સાથે ઇંદ્રના ભવનમાં સ્થિતિ સુખને પામે. આ વ્રત ફળકામનાનો ત્યાગ

કરી વિષ્ણુ પ્રિત્યર્થે કરવામાં આવે તો અંતઃકરણના મળની વિશુદ્ધિ દ્વારા જ્ઞાનોદય પામીને વિષ્ણુના ગોલોકાદિ પરમધામને પામે. ॥૧૬॥ હે મુને આવા પ્રકારવાળું ચાંદ્રાયણ વ્રત મેં તમારી આગળ કહી સંભળાવ્યું. આ વ્રત પ્રાયશ્ચિત્તોમાં પ્રાયઃપ્રધાનપણે સ્મૃતિકારોએ માન્યું છે. ॥૧૭॥૫૭॥

ગઢડામાં શ્રીજીમહારાજ અષાઢ સુદી એકાદશીએ મુક્તરૂપ લીંબડાની નીચે સભા કરીને બેઠા હતા. પછી સભામાં બેઠેલા બ્રહ્મચારી સંત પાર્ષદ હરિભક્તો વગેરે પ્રત્યે બોલ્યા જે આજે શયની એકાદશી છે માટે સભામાં બેઠેલા સર્વેએ પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે એક એક અધિક નિયમ મારી પાસે આવીને ગ્રહણ કરી જાઓ ને મારી પાસે લીધેલો નિયમ તેજ, નિયમની એકાદશીથી તે કાર્તિક સુદી પ્રબોધની એકાદશી સુધી પાલન કરવાનો છે. આવું શ્રીજીમહારાજનું વચન સાંબળીને સભામાં બેઠેલા સર્વેમાંથી કોઈકે સો પ્રદક્ષિણાનું, કોઈકે સો દંડવતનું, કેટલાકે સો માળા ફેરવવાનું, કોઈકે બસો માળાનું, કોઈકે ત્રણસો માળાનું, કોઈકે સર્વમંગળસ્તોત્રનો, જનમંગળસ્તોત્રનો, શિક્ષાપત્રીનો, વચનામૃતનો, ભક્તચિંતામણિ વગેરેનો પાઠ કરવાનો નિયમ ધારણ કર્યો.

આ રીતે સભામાં બેઠેલા સર્વેએ નિયમ લીધો પણ એક મુક્તાનંદસ્વામી નિયમ લેવા માટે ઊભા થયેલા નહિ. તેમને જોઈ કોઈ સંતના મનમાં ઘાટ થયેલો જે મુક્તાનંદ સ્વામી નિયમ લેવા કેમ ઊઠતા નથી ? આવો સંતને થયેલ સંકલ્પ તેને જાણીને શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે તમો કેમ નિયમ લેવા ઊઠતા નથી ? ત્યારે શ્રીજી પ્રત્યે સ્વામી કહે કે ઉપરના નિયમ ગ્રહણ કરનારાઓમાં માળા ફેરવવાનું સોથી આરંભીને બસો ને ત્રણસો સુધીના નિયમો લીધા છે. પોતાના નિત્યના નિયમ કરતાં અધિક છે તો તે સાંભળીને હું સભામાં ઊઠ્યો નથી. મારાથી તો નિરંતર એકસો આઠ માળા ફેરવી શકાય છે પણ તેથી અધિક માળા ફેરવી શકાતી નથી, ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું કે તમો કેવી રીતે માળા ફેરવો છો તે આ સભામાં કહી બતાવો.

ત્યારે મુક્તાનંદ સ્વામી કહે કે તમારી નખથી તે શિખા પર્યંતની મૂર્તિ પ્રથમ મારા અંતઃકરણમાં ધારીને પછી પગથી આરંભીને પ્રત્યેક અંગ ધારતાં એકસોઆઠ માળા ફેરવું છું. ને અંગ ધારતે માળા ફેરવતો હોય ને વચમાં ઘાટ થાય તો તે માળા નિયમમાં ગણવાની નહિ. પછી શ્રીજીએ કહ્યું કે નખથી શિખા સુધીનાં અંગ ગણી બતાવો, ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે બે ચરણનાં તળાંની બે માળા

ફેરવું છું ને જમણા ચરણના તળામાં નવ ચિહ્ન છે તેની નવ માળા ફેરવું છું. તેવી જ રીતે ડાબા ચરણના તળામાં સાત ચિહ્ન છે તેની સાત માળા ફેરવું છું. બે ચરણના બે લાંકની બે માળા ફેરવું છું. બે ચરણની પાનીઓની બે માળા ફેરવું છું. બે ચરણના અંગૂઠા સહિત દશ આંગળીઓની દશ માળા ફેરવું છું. બે ચરણના પોંચાની બે માળા ફેરવું છું. બે પગનાં કાંડાંની બે માળા ફેરવું છું. પગની ઘૂંટીઓની ચાર માળા ફેરવું છં. બે પગની પીંડીઓની બે માળા ફેરવું છું. બે પગના ઘૂંટણની બે માળા ફેરવું છું. બે પગના સાથળની બે માળા ફેરવું છું. જમણાં સાથળમાં ખાંપાના ચિહ્નની એક માળા ફેરવું છું.

પીતાંબરના ઘસારાવાળી કેડની એક માળા ફેરવું છું. ગોળ ગંભીર નાભીની એક માળા ફેરવું છું. ત્રીવળીએ સહિત ઉદરની એક માળા ફેરવું છું. શ્રીવત્સના ચિહ્ન સહિત હૃદયની એક માળા ફેરવું છું. શ્યામ બે સ્તનની બે માળા ફેરવું છું. ઊપડતી છાતીની એક માળા ફેરવું છું. છાતીમાં બે છાપના ચિહ્નની બે માળા ફેરવું છું. શંખની પેઠે ત્રણ રેખાવાળા કંઠની એક માળા ફેરવું છું. ઉન્નત ને જાડા બે ખભાની બે માળા ફેરવું છું. ઘૂંટણ સુધી લાંબા બે હાથની બે માળા ફેરવું છું. બાજુબંધ સહિત જમણા હાથમાં રહેલી પદ્મ ને ગદાની છાપની બે માળા ફેરવું છું. બાજુબંધ સહિત ડાબા હાથમાં રહેલા શંખ ને ચક્રની છાપની બે માળા ફેરવું છું. શ્યામ બેહાથની કુણીની બે માળા ફેરવું છું.

બાજુબંધ ને ચક્રની છાપ સહિત બે હાથની કળીની બે માળા ફેરવું છું. કઠણ ને બળવાન ને કડાં-સાંકળાં ને ફૂલના ગજરા સહિત બે હાથનાં કાંડાંની બે માળા ફેરવું છું. રોમે સહિત બે હાથના કરભની બે માળા ફેરવું છું. લાલ ને શ્યામ રેખાવાળી બે હાથની બે હથેળીની બે માળા ફેરવું છું. રોમ ને વીંટીઓવાળી બે હાથની અંગૂઠા સહિત આંગળીઓની દશ માળા ફેરવું છું. બે હાથના પોંચાની બે માળા ફેરવું છું. કેશે સહિત દાઢીની એક માળા ફેરવું છું. લાલ એવા નીચલા હોઠની એક માળા ફેરવું છું. લાલ ને મૂછની રેખાવાળા ઉપલ્યા હોઠની એક માળા ફેરવું છું. લાલ અને માખણ જેવી સુંવાળી જીભની એક માળા ફેરવું છું. મોગરાની કળીઓ તુલ્ય બત્રીસ દાંતની એક માળા ફેરવું છું. શ્યામ દાઢ્યની એક માળા ફેરવું છું.

બે ગાલની બે માળા ફેરવું છું. જમણા ગાલમાં મોટા તીલની એક માળા ફેરવું છું. તલના ફૂલને તુલ્ય નાકની એક માળા ફેરવું છું. જલેબીના જેવા ગોળ

ને કુંડળ સહિત બે કાનની બે માળા ફેરવું છું. ડાબા કાનમાં મોટા તીલની એક માળા ફેરવું છું. ચંચલ ને લાલ રેખા ને કાળી કીકીવાળી બે આંખ્યોની બે માળા ફેરવું છું. કોટાન્ કોટિ કામદેવને મોહ પમાડે એવી બે ભ્રમરોની બે માળા ફેરવું છું. બે ભ્રમરોના મધ્ય ભાગની એક માળા ફેરવું છું. ઊપડતું ને વિશાળ ને ચાંદલાએ સહિત તિલકવાળા લલાટની એક માળા ફેરવું છું. રોમેસહિત મસ્તકની એક માળા ફેરવું છું. ત્રણ તીલસહિત શિખાની એક માળા ફેરવું છું. બરડાની એક માળા ફેરવું છું. આવી રીતે સમગ્ર મૂર્તિના અંગ ધારીને એકસો આઠ માળા ફેરવું છું.

આવું સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા હે મુક્તાનંદ સ્વામી ! તમારી એકસો આઠ માળા આગળ બસો માળા અગર ત્રણસો માળા કાંઈ ગણતરીમાં નથી. તમારી રીત માળા ફેરવવામાં ઉત્તમોત્તમ છે. તે જ પ્રમાણે સર્વે સંતોએ તથા હરિભક્તોએ મારાં અંગ ધારીને માળા ફેરવતાં શીખવું એ આજ્ઞા સર્વેને છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે તમો સર્વેએ પોતાની ઈચ્છા પ્રમાણે અધિકનિયમ ગ્રહણ કર્યો તેમ હું પણ એક નિયમ ગ્રહણ કરું છું કે આજથી ચાર માસ સુધી સીગરામમાં મુક્તાનંદ સ્વામીને તથા દાદાખાચરને બેસાડીને તે સીગરામ હાંકીને નારાયણ ધરે નાવા લઈ જઈશ.

આવો નિયમ ગ્રહણ કરીને નિરંતર ઉપરના બન્નેયને ગાડીમાં બેસાડીને નારાયણ ધરે નાવા લઈ જતા હતા અને શ્રીજીમહારાજની સાથે સંત-હરિભક્તો ને સખાઓ પણ નાવા જતા હતા ને નારાયણ ધરાને કાંઠે લૂગડાં ઉતારીને પલાળિયાં પેરીને સખાઓ શ્રીજીની સાથે જળ કેલી કરવા પૂર્વક સ્નાન કરતા હતા. તેમાં એક દિવસ નારાયણ ધરામાં નાતાં શ્રીજીએ બહુ વાર લગાડી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીજીએ સહિત સર્વને જળમાંથી બહાર નીકળવા કહ્યું. ત્યારે સર્વ જળથી બહાર નીકળીને પોતપોતાનાં વસ્ત્ર પહેરવા મંડ્યા પણ શ્રીજીમહારાજ ભીને લૂગડે મુક્તાનંદ સ્વામી આગળ ઊભા રહીને કહે કે તમો આજ્ઞા કરતા હોય તો એક ધૂબકો નારાયણ ધરામાં મારીને તુરંત બહાર નીકળીશ. મને છેવટનો એક ધૂબકો મારવાની ઈચ્છા છે માટે આજ્ઞા આપો તો ધૂબકો મારું. ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીજીની ધૂબકો મારવાની મરજી જોઈને હા પાડી કે એક ધૂબકો મારી તુરંત બહાર નીકળી વસ્ત્ર પહેરજો.

તેવી આજ્ઞા થવાથી દોડીને ધૂબકો માર્યો તે પાતાળમાં રહેલા શેષનારાયણને દર્શન દેવા પધાર્યા. ત્યાં પાતળમાં ભીને લૂગડે આવેલા શ્રીજીમહારાજને જોઈને શેષનારાયણ પોતાના સિંહાસનમાંથી ઊઠીને શ્રીજીને સન્મુખ ગયા ને શ્રીજીમહારાજને નમસ્કાર કરીને તથા પ્રાર્થના કરીને ભીનું વસ્ત્ર બદલાવીને નવું પીતાંબર પહેરવા આપ્યું ને એક રેશમી શેલુ ઓઢવા આપ્યું ને શ્રીજીનો હાથ ઝાલીને પોતાના રત્નજડિત થાંભલાવાળા મહેલમાં રહેલા રત્નજડિત સિંહાસનમાં બેસાડીને ષોડશોપચારથી શ્રીજીમહારાજની પૂજા શેષનારાયણે કરીને રત્નજડિત સોનાનો મુગટ કુંડળ-હાર-બાજુબંધ-કડાં-સાંકળાં-કંદોરો-વેઢવીંટીઓ-ઝાંઝર વિગેરે ઘરેણાં યથાસ્થાને ધારણ કરાવ્યાં ને શ્રીજીમહારાજનાં બે હાથની પોશમાં એક નાળિયેર ને તેની ઉપર સોનામહોર મૂકી ને સોનામહોર ભરેલો થાળ તથા રત્ન ભરેલો થાળ તથા દ્રાક્ષ, દાડમ, મોસંબી, નારંગી, કેળાં તથા સૂકા મેવા વિગેરેના થાળ ભરીને શ્રીજીમહારાજને ભેટ મૂક્યા.

ત્યારબાદ કપુરથી શ્રીજીની આરતી કરી દંડવત્ પ્રણામ-પ્રદક્ષિણા-પુષ્પાંજલિ વિગેરે પોતાના પરિવાર સહિત શેષનારાયણે કર્યું. ત્યારબાદ શ્રીજીની શેષનારાયણે પ્રાર્થના કરી કે થાળ કરાવું તે આપશ્રી અત્રે જમો ને આપશ્રીની પ્રસાદી આપો આટલી અમારી ઈચ્છા પૂર્ણ કરો.

આવી રીતે શ્રીજીની પ્રાર્થના શેષનારાયણ કરતા હતા તે જ વખતે નારાયણ ધરાના કાંઠા ઉપર બેઠેલા સર્વ સંત હરિભક્તો સહિત મુક્તાનંદ સ્વામીના મનમાં ચિંતા ઉત્પન્ન થઈ કે એક કલાકથી પાણીમાં ધૂબકો માર્યો છે પણ બહાર આવ્યા નહિ તેથી નિશ્ચે પાણીમાં બૂડી ગયા; માટે શ્રીજી વિના હું મંદિરમાં જઈશ તો જીવુબા, લાડુબા વિગેરેને શું મુખ દેખાડીશ? આવી રીતે વિચાર કરતાં કરતાં રડતા થકા શ્રીજીમહારાજને બોલાવતા હતા કે તમો જ્યાં હો ત્યાંથી તુરંત પધારો, નહિ તો મારા પ્રાણ નીકળી જશે તેટલું દુઃખ થયું છે માટે વિલંબ ન કરતાં પધારશો તો જ મારા અંતઃકરણમાં શાંતિ થશે.

આવું મુક્તાનંદસ્વામીનું વચન સાંભળીને શ્રીજીમહારાજે શેષનારાયણને કહ્યું કે તમારે અમારા પ્રસાદની ઈચ્છા છે તો તમો કોઈ વખતે ભરતખંડમાં રહેલ ગઢડામાં હું દાદાખાચરના દરબારમાં રહું છું ત્યાં પધારશો એટલે તમારો પ્રસાદીનો સંકલ્પ હું પૂરો કરીશ પણ આજે થાળ જમવા રેવાય તેમ નથી. એમ કહીને શ્રીજીમહારાજ શેષનારાયણની કરેલી પૂજાએ સહિત વસ્ત્રઘરેણાં વિગેરેવાળા શ્રીજી,

મુક્તાનંદ સ્વામીની આગળ આવી ઊભા રહ્યા. સર્વે સંત હરિભક્તો સહિત સ્વામીને આનંદ થયો ને રથ હાંકીને શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં પધારતા હતા.

પછીથી પાતાળમાં રહેલા શેષનારાયણને વિચાર થયો કે શ્રીજીમહારાજનો પ્રસાદ મળ્યો નથી તો શ્રીજી જ્યાં રહે છે ત્યાં જાઉં. એમ ધારીને શેષનારાયણ દાદાખાચરના દરબારમાં શ્રીજી લીંબડા નીચે સભા કરીને બિરાજમાન હતા ત્યાં આવ્યા ને શ્રીજીની તથા સંત હરિભક્તોની સાત પ્રદક્ષિણા કરીને શ્રીજી મહારાજની પ્રાર્થના કરી કે મહારાજ આપશ્રીની પ્રસાદી જમવા આવ્યો છું. તો તે મારી આશા પૂર્ણ કરો. આવું શેષનારાયણનું વચન સાંભળીને જીવુબા તથા લાડુબાને શ્રીજીએ કહ્યું કે આજ બીરંજનો થાળ કરાવો. આવી શ્રીજીની આજ્ઞાથી બીરંજનો થાળ બ્રહ્મચારી પાસે કરાવ્યો.

પછી જમવાનો સમય થયો ત્યારે શ્રીજીએ પોતાના સુરાખાચર તથા સોમલાખાચર તથા દાદાખાચર તથા અલૈયાખાચર વિગેરે સખાઓને પણ જમવા બોલાવ્યા. પછી લીંબડા નીચે ખાટલા નંખાવ્યા ને એક ખાટલામાં ચાર ચાર જણને જમવા બેસાડ્યા ને ચાર જણની વચ્ચે એક થાળમાં બીરંજ, ઈલાયચી, કેસર, સાકર નાખેલું કઢેલું દૂધ-શાકભાજી-ભજીયાં-પાપડ-અથાણું વિગેરે મુકાવ્યાં એવી રીતે સર્વ સખાને ખાટલે જમવા બેસાડ્યા ને એક ખાટલા ઉપર શ્રીજી જમવા બેઠા. તેમના ખાટલા ઉપર બીરંજ-દૂધ વિગેરે વસ્તુથી ભરેલો થાળ મુકુંદ બ્રહ્મચારીએ મૂક્યો. પછી સર્વને જમવાની આજ્ઞા કરી તે જ વખતે શેષનારાયણ શ્રીજીમહારાજની પાસે મોટા સર્પરૂપે પ્રસાદ લેવા માટે ખાટલાના સમીપમાં આવીને બેઠા. તે મોટા સર્પને જોઈને સર્વે કાઠીઓ ત્રાસ પામીને જમવાના ખાટલા ઉપરથી ઊઠવા લાગ્યા. ત્યારે શ્રીજીએ કહ્યું કે બીશો નહિ; આ તો પાતાળમાંથી શેષનારાયણ અમારી પ્રસાદી જમવા આવ્યા છે તે તમોને કરડશે નહિ, માટે શાંતિથી જમો.

આવું કહીને શ્રીજીમહારાજ જમવા બેઠા તે શ્રીજી અડધો બીરંજનો કોળિયો જમીને અડધો બીરંજનો કોળિયો સાપના મુખમાં નાખે. એવી રીતે બીરંજ આદિક સર્વ વસ્તુ પોતે જમતા જાય ને સર્પને જમાડતા જાય. પછી છેવટે સાકર ઈલાયચી કેસરવાળું ઉકાળેલું દૂધ અડધું પાન કરીને અડધું શેષનારાયણ રૂપ સાપને પાયું ને શ્રીજીએ મુખ હસ્તની શુદ્ધિ કરીને જળપાન કર્યું ને અડધું રહેલું પ્રસાદીનું જળ પણ શેષનારાયણને પાયું. આવી શ્રીજીમહારાજની લીલા જોઈને લીંબડા નીચે શ્રીજીનાં દર્શન કરવા ઊભેલા ને જમવા બેઠેલા સર્વે આશ્ચર્યને પામતા હતા. ને

શ્રીજીમહારાજની આજ્ઞા થવાથી ને પ્રસાદી જમીને ધરાયેલા શેષનારાયણ સર્વના દેખતાં અંતર્ધાન થતા હતા. ॥૫૮॥

ગઢપુરમાં એક સમે દાદાખાચરના દરબારમાં વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારીને એક પુરુષ અક્ષર ઓરડીના સમીપમાં આવ્યા. દ્વારપાળના અટકાવવાથી ભગુજીએ શ્રીજીને નિવેદન કર્યું ત્યારે શ્રીજીમહારાજની આજ્ઞા થવાથી અંદર આવ્યો ને સાથે આરસના ઘડામાં ગંગોદક લાવેલો હતો. તે સમયે શ્રીજી સ્નાન કરવા બેઠા હતા તે શ્રીજીને ગંગોદકથી અભિષેક કરતાં સામવેદના મંત્રોનું ઉચ્ચારણ કરી સ્નાન કરાવ્યું. પછી પોતાની ઝોળીમાંથી એક પીતાંબર પહેરવા તથા ઓઢવા આપ્યું ને શરીરે તથા લલાટમાં કેસરયુક્ત મળીયાગરચંદન ચરચ્યું. ને સાચાં મોતીની માળા તથા કમળની માળા કંઠમાં પેરાવીને એક છડી આપીને સોનામહોરનો ભરીને થાળ ભેટમાં મૂકીને શ્રીજીમહારાજની કપુરથી આરતી તથા પુષ્પાંજલિ અર્પણ કરી પ્રદક્ષિણા દંડવત્ પ્રણામ કર્યા.

પછી શ્રીજીમહારાજ માટે જીવુબાએ થાળ કરાવ્યો ને શ્રીજીને જમાડ્યા. પછી પ્રસાદની ઈચ્છાવાળા બ્રાહ્મણને પણ શ્રીજીએ બહુ પ્રકારનાં ભોજન જમાડીને તૃપ્ત કર્યો. પછી શ્રીજીની આજ્ઞાથી વૃદ્ધ બ્રાહ્મણ ત્યાંથી પોતાના સ્થાન પ્રત્યે ગયો. પછી આરસના ખાલી ઘડા ઉપર શ્રીજીએ વસ્ત્ર ઢાંક્યું તેથી ઘડો જળથી ભરાઈ ગયો ને આરસના ઘડામાં રહેલું ગંગોદક બન્ને આચાર્યને તથા બ્રહ્મચારી સંતપાર્ષદ હરિભક્તોને તથા જયાલલીતા આદિક બાઈઓને પાયું. અપૂર્વ જળ પીતાં સર્વ આનંદમાં નિમગ્ન થયાં. પછી અયોધ્યાપ્રસાદજીએ તથા રઘુવીરજીએ શ્રીજીમહારાજને પૂછ્યું કે આરસનો ઘડો લઈને કોણ આવ્યું હતું? ત્યારે શ્રીજી કહે કે અમારાં દર્શન કરવા વરૂણદેવ આવ્યા હતા તે દર્શન કરી અમને ગંગોદકથી સ્નાન કરાવી પ્રસાદી જમી વરૂણદેવ પોતાના લોકમાં જતા હતા. ॥૫૯॥

ગઢડામાં અક્ષર ઓરડીમાં શ્રીજીમહારાજ રાત્રિએ પોઢ્યા હતા. પછી રાત્રિના બાર વાગ્યે શ્રીજી જાગ્યા ને સેવકને કહે જે ભૂખ લાગી છે. એ શ્રીજીનું વચન જીવુબાએ સાંભળ્યું ને તુરંત જ બાજરાનો રોટલો તથા સાકર નાખેલું દહીં શ્રીજીમહારાજને આપ્યું તે શ્રીજી જમ્યા ને બાકી રહેલી પ્રસાદી મોટીબાને આપી. મુખવાસ લેવા માટે મોટીબા પ્રસાદ ત્યાં મૂકીને ગયાં. એટલામાં શંકર પાર્વતી શ્રીજીનાં દર્શન કરવા આવ્યાં.

શ્રીજીનાં દર્શન કરી પ્રસાદી માગી ત્યારે શ્રીજીએ રોટલો ને દહીં આપ્યું તે પ્રસાદી જમીને દર્શન કરવા આવેલ શંકર ને પાર્વતીજી શ્રીજીને નમસ્કાર કરીને તે સ્થાનથી અંતર્ધ્યાન થયાં તે સમે મોટીબા ઈલાયચી, સોપારી વિગેરે મુખવાસ લઈને આવ્યાં ને શ્રીજીને મુખવાસ આપ્યો. પછી શ્રીજીને પૂછ્યું કે અહીં તમારો આપેલો પ્રસાદ મૂક્યો હતો તે કોણ લઈ ગયું ?ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે તમો મુખવાસ લેવા ગયાં તે વખતે શંકર-પાર્વતીજીએ અમારાં દર્શન કરીને પ્રસાદી માગી તેથી રોટલાની પ્રસાદી આપી તે જમીને ગયાં. આવી વાત સાંભળીને મોટીબા રાજી થતાં હતાં ને શ્રીજી કહેતા હતા કે હું જે જે તીર્થોમાં ફર્યો છું તે તે તીર્થોમાંથી સર્વ દેવતાઓ મારાં દર્શન કરવા આવે છે. ॥૬૦॥

સરધારના કરીમભાઈ હસન તથા નાથાને લઈને ગઢડામાં શ્રીજીમહારાજ લીંબડા નીચે સભા કરીને બેઠા હતા તે સમયે આવ્યા. હસન લૂલા હતા ને નાથા મૂંગા હતા. તેમને જોઈને દેવાનંદ સ્વામી બોલ્યા જે હે શ્રીજીમહારાજ ! તમો તો મૂંગાને બોલતો કરો ને લૂલાને પર્વત ઉપર ચઢાવો એવા છો માટે હસનને સારા અંગવાળો કરો તથા નાથાને બોલતો કરો.

આવું દેવાનંદ સ્વામીનું વચન સાંભળીને પરમદયાળુ એવા શ્રીજીમહારાજે કૃપાદૃષ્ટિ કરીને કહ્યું કે હસન તમારાં સર્વે સારાં અંગ થઈ જાઓ, તેથી લૂલા મટી ગયા ને નાથાને કહ્યું કે તમો સારી વાણી બોલો. આટલું કેવા માત્રમાં મૂંગા મટીને બોલતા થઈ ગયા. આવી રીતે ચાલતા એવા હસનભાઈ તથા બોલતા થયેલા નાથાને લઈને કરીમભાઈ પોતાને ગામ જઈને શ્રીજીમહારાજનો આવો પ્રગટ પરચો જોઈને શ્રીજીમહારાજ પાસે વર્તમાન ધારીને કંઠી પેરી સત્સંગી થઈ શ્રીજીમહારાજનું ભજન કરતા હતા. ॥૬૧॥

એક સમયે બે સંત ફરતા ફરતા ભાદરા ગામ ગયા હતા. સવારે બેઉ સંત ગામમાં ઝોળી ફરવા ગયા ત્યારે ભાદરાના ડોસાભાઈ પોતાને ઘેર રોટલો જમતા હતા. ત્યારે સંતોએ કહ્યું કે હે ડોસાભાઈ ! તમે લૂખું કેમ ખાઓ છો? પણ રોટલા સાથે ઘી, ગોળ, અથાણું વિગેરે કેમ જમતા નથી ? ત્યારે ડોસાભાઈ કહે, લૂખું ખાય તે હરામ ખાય.

પછી સંતો કહે લૂખું ખાઓ છો ને હરામ ખાય તેમ બોલો છો? ત્યારે ડોસાભાઈ કહે લૂખું ખાધું શું કહેવાય તો પાંચ પ્રકારના ભોજન જમતો હોય ને મોઢેથી શ્રીસ્વામિનારાયણ ભગવાનના નામને બોલ્યા સિવાય જે જમે તે લૂખું

ખાય છે ને હું તો કોળિયે કોળિયે શ્રીજીમહારાજનું નામ બોલતો બોલતો ખાઉં છું માટે તે જમવાનું લૂખું ન કહેવાય એવો પોતાને આંગણે ઝોળી ફરવા આવેલા સંતને જવાબ આપ્યો એવા બળવાળા ભાદરાના ડોસાભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. ॥૬૨॥

અમદાવાદના ડોસાભાઈ તાઈ સત્સંગી થયા તેથી નાતમાં ઉપાધિ થઈ. નાતીલાએ તેના છોકરાને કહ્યું જે તમારા બાપે આપણાં અલ્લાનું ભજન મૂકી દીધું ને શ્રીસ્વામિનારાયણનું ભજન કરે છે માટે તે શ્રીસ્વામિનારાયણને ભજવા મૂકી દે, નહિ તો અમો તારા બાપને જીવતા દાટી દેશું. પછી છોકરાએ પોતાના પિતાને કહ્યું કે તમારે શ્રીસ્વામિનારાયણનું ભજન કરવું નહિ, પણ આપણાં અલ્લાનું ભજન કરવું. છતાં ડોસાભાઈએ પોતાના છોકરાનું માન્યું નહિ. ત્યારે નાતીલાએ ભેગા થઈને ડોસાભાઈને જીવતા જમીનમાં દાટ્યા. ત્યારે આગેવાનનો પિતા દટાયેલો પણ શ્રીજીના પ્રતાપથી ડોસાભાઈ દટાયેલા નહિ.

પછી નાતીલા દાટીને આવતા હતા ત્યારે ડોસાભાઈ તો સાબરમતી નદીમાં નાઈને આવતા જોયા. પછી ત્યાં જઈને જુએ છે ત્યારે પોતાના પિતા દટાયેલા દીઠા. પછી પોતાના પિતાને કાઢી લાવ્યા. પછી ડોસાભાઈને નાતીલાઓએ પટારામાં પૂર્યા ત્યારે ડોસાભાઈને દાતણ કરતા ચોતરા ઉપર જોયા. ને પટારો જોયો તો ખાલી દીઠો. પછી ડોસાભાઈએ શિરસાટે સત્સંગ રાખ્યો ને પોતાના છોકરાના કહેવાથી ડોસાભાઈ જૂનાગઢ ગયા ને ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કરવા જૂનાગઢમાં રહ્યા ને ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું જે તમારી વાતુ સાંભળીશ ને ગામમાં મારી દીકરી છે તેને ઘેર જમી આવીશ. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે મંદિરમાં રહો અને અહીં જ જમજો. પછી ડોસાભાઈ જૂનાગઢમાં કેટલાક દિવસ રહ્યા ને સ્વામીની વાતુ સાંભળીને સંતોષ પામ્યા.

એટલામાં વડતાલના નારાયણાનંદજી બ્રહ્મચારી તથા નિષ્કામાનંદજી બ્રહ્મચારી જૂનાગઢ આદિક પંચતીર્થીની યાત્રા કરવા આવેલા. તેઓ જૂનાગઢથી પંચતીર્થીની યાત્રા કરીને પાછા જૂનાગઢ આવીને ગોંડલના દેવનાં દર્શન કરવા મોકલ્યા. પછી ડોસાભાઈ ગોંડલ જતી વખતે સ્વામીએ આપેલ તુંબડી-પત્તર જૂનાગઢમાં ભૂલી જવાથી પાછા ડોસાભાઈ જૂનાગઢમાં ગયા ને બ્રહ્મચારીઓએ રસ્તામાં આવેલી નદીમાં સ્નાન કરી પૂજાથી પરવારી દેવને નૈવેદ્ય ધરી પોતે જમીને ડોસાભાઈની વાટ જોઈને નદીએ બેઠા હતા તેટલામાં જૂનાગઢ જઈ, જૂનાગઢમાં હરે વખત

થયો હતો એટલે મંદિરમાં જમીને ડોસાભાઈ ઉપરના બ્રહ્મચારીને નદીએ ભેગા થયા. તેમને સંગાથે લઈને બ્રહ્મચારીઓ ગોંડલ ગયા. ત્યાં દેવનાં દર્શન કરીને બે-ચાર દિવસ રહીને બ્રહ્મચારીઓ યાત્રા કરતાં કરતાં વડતાલ ગયા ને ડોસાભાઈ ગોંડલમાં ઘણાં દિવસ રહ્યા ને અંતકાળે શ્રીજીમહારાજ તેડવા આવ્યા તેમની સંગાથે વિમાનમાં બેસીને અક્ષરધામમાં ગયા. ॥૬૩॥

સરધારમાં રામાનંદ સ્વામીનાં સેવક અગરબા હતાં. તેમની જ્ઞાતિ વાણીયાની હતી. તે અગરબાને ડોસાભાઈ તથા હંસરાજ તથા જૂઠાભાઈ મળી ત્રણ પુત્ર હતા. પછી ડોસાભાઈની માતુશ્રી પાસે રામાનંદ સ્વામીએ મોટા દીકરા ડોસાભાઈને માગ્યા જે મારો શિષ્ય કરવા આપો. ત્યારે અગરબાએ ડોસાભાઈને આપ્યા નહિ. પછી શ્રીજીમહારાજ રામાનંદસ્વામીની ગાદીએ બેસીને ધર્મધુરા ધારણ કરીને દેશાંતરમાં સત્સંગ કરાવવા ફરતાં ફરતાં સરધાર આવ્યા ને ડોસાભાઈને અગરબા પાસે શ્રીજીએ માગ્યા ત્યારે આપ્યા ને ડોશીએ શ્રીજીને કહ્યું જે અમારે અહીં ઉપાધિ બહુ છે. ત્યારે શ્રીજી કહે જે અમારી સંગાથે બંધીયા ચાલો. ત્યારે શ્રીજીમહારાજ સંગાથે બંધીયા પુત્રો સહિત અગરબા આવ્યાં ને શ્રીજીએ મૂળુખાચર પાસે મુકામ અપાવ્યો. તેમાં ડોશીમા રહ્યાં ને ડોસાભાઈ મહારાજ પાસે રહ્યા.

પછી એક દિવસ રાત્રિના બાર વાગ્યે શ્રીજીએ ડોસાભાઈને જગાડ્યા ને કહ્યું જે તમે વિમુખ છો કારણ કે તમારી ડોશીમા પાસે તમોને રામાનંદ સ્વામીએ માગ્યા હતા પણ આપ્યા નહિ, તેથી તમો વિમુખ છો માટે તમને મારી પાસે રાખીશ નહિ, માટે તમો ચાલ્યા જાઓ. ત્યારે ડોસાભાઈએ પ્રાર્થના કરીને કહ્યું કે તમો કહો તે પ્રાયશ્ચિત્ત કરું પણ મને આપશ્રીની સેવામાં રાખો. ત્યારે શ્રીજીએ કહ્યું કે તમો કાશીની યાત્રા કરી આવો તો મારી પાસે તમને રાખું. પછી ડોસાભાઈ કાશીની યાત્રા કરવા તૈયાર થઈને ચાલ્યા. ત્યારે શ્રીજીએ મૂળુખાચરને કહ્યું કે તમો ધાર ઉપર ઊભા રહીને રસ્તો દેખાડજો. પછી મૂળુખાચરે ધાર ઉપર ઊભા રહીને રસ્તો દેખાડ્યો ને મૂળુખાચર ધાર ઉપર ઊભા રહ્યા. પછી સવારના દશ વાગ્યા ત્યારે શ્રીજી કહે મૂળુખાચર કેમ દેખાતા નથી? ત્યારે કોઈક હરિભક્તે કહ્યું જે તે તો ધાર ઉપર ઊભા છે. પછી શ્રીજીએ માણસ મોકલીને બોલાવ્યા ત્યારે ઘેર આવ્યા.

પછી શ્રીજીએ મૂળુખાચરને મોકલીને ડોસાભાઈને પાછા બોલાવ્યા ને તેઓ આવ્યા ત્યારે શ્રીજીમહારાજ કહે મૂળુખાચરને પણ ધન્ય છે ને ડોસાભાઈને પણ ધન્ય છે. ને શ્રીજી કહે હે ડોસાભાઈ, તમારી કાશીની યાત્રા પૂરી થઈ રહી. પછી શ્રીજીએ ડોસાભાઈને પોતાને ઘેર મોકલ્યા ને કહ્યું જે તમે સદા સાધુ જ છો ને તમે તમારી માતુશ્રીની સેવા કરો. આવી આજ્ઞા થવાથી ડોસાભાઈ ઘેર ગયા ને પોતાને ઘેર થોડા દિવસ ગયા પછી બંધીયા ગામના જૈન વાણીયા કાંઈ કામ પ્રસંગે ગઢપુર આવ્યા ને પોતાના સંબંધી સાથે શ્રીજીમહારાજ પાસે આવ્યા ત્યારેશ્રીજીએ ડોસાભાઈનાં સમાચાર પૂછીને કહ્યું જે ડોસાભાઈ બહુ સારા હરિભક્ત છે ને તેમને સંસાર બિલકુલ અડ્યો નથી.

આવું શ્રીજીનું વચન સાંભળીને વાણીયો કહે હે શ્રીસ્વામિનારાયણ ! અમો તો સંસારમાં ગળા સુધી બૂડેલા છીએ ને તમારા ભક્ત ડોસાભાઈ તો ચોટલી સુધી બૂડેલા છે. પછી શ્રીજીમહારાજ કહે ડોસાભાઈને સાધુ કરીએ તો તમારે અમારા સત્સંગી થવું ? ત્યારે વાણીયાએ ખોટી હા પાડી. પછી શ્રીજીએ કાગળ લખીને ભગુજીને ઊંટ લઈને મોકલ્યા. તે દિવસે ડોસાભાઈએ તે ગામનું ગોળ જોખવાનું રાખેલ તે ગોળ જોખતા હતા અને એકને એકોને રહે, બેને બન્યોને રહે, આવું બોલતા હતા તેવામાં ઊંટને છેટે દેખીને વિચાર્યું જે નક્કી ભગુજીનો ઊંટ છે. તે ગોળ જોખવાનું પડતું મૂકીને સામા દોડ્યા.

પછી ભગુજીએ ઊંટ બેસાડ્યો ને કાગળ આપ્યો એટલે ઘેર ન જતાં ત્યાંથી ભગુજીને ઘેર મોકલી પૂજા મંગાવી ને ભગુજી સંગાથે ઊંટે બેસીને ચાલતા થયા ને રાત્રિએ ગઢપુર આવ્યા. ને સવારમાં શ્રીજીમહારાજે સભા કરીને પછી પેલા વાણીયાને બોલાવ્યા. તેઓ ડોસાભાઈને જોઈને આશ્ચર્ય પામ્યા. પછી શ્રીજી કહે કેમ ડોસાભાઈ શો સંકલ્પ છે ?ત્યારે ડોસાભાઈ કહે વાણીયા સત્સંગી થતા હોય તો હું સાધુ થવા તૈયાર છું. લાવો ભગવાં વસ્ત્ર ને સાધુ કરો. પછી વાણીયાએ ડોસાભાઈને કહ્યું જે તમો સદાય સાધુ જ છો પણ અમે કંઠી પહેરીશું તો નાતમાં ઉપાધિ થશે. પછી શ્રીજીએ ડોસાભાઈને સાધુ કર્યા નહિ. વાણીયાઓ સંગાથે ઘેર જવા રજા આપી તેથી ડોસાભાઈ શ્રીજીની આજ્ઞા માથે ચઢાવી પોતાને ઘેર જતા હતા. ॥૬૪॥

શ્રીજીમહારાજને પ્રસન્ન કરીને મેળવેલી પ્રસન્નતાની વાતો

ગઢપુરમાં શ્રીજીમહારાજે શુકાનંદ સ્વામીને એક ખાનગી પુસ્તક લખવા આપ્યું હતું. પછી શુકાનંદ સ્વામી સવારમાં ચાર વાગ્યે અનશન વ્રત લઈને લખવા બેઠા તે રાત્રિના આઠ વાગ્યે પુસ્તક લખી રહ્યા. પછી શુકાનંદ સ્વામી પુસ્તક લઈને શ્રીજીમહારાજ આગળ ગયા. ત્યારે મહારાજે માગ્યું જે પુસ્તક લાવો તેથી પુસ્તક સ્વામીએ શ્રીજીને આપ્યું. તે પુસ્તક શ્રીજીએ વાંચ્યા વિના ફાડી નાખ્યું. પણ શુકાનંદ સ્વામીને રીસ ચઢી નહિ. ને પોતાને આસને ગયા.

પછી બ્રહ્માનંદ સ્વામીને ખબર પડી તે શુકાનંદ સ્વામીને યુક્તિથી વાત પૂછી લીધી. પછી બ્રહ્માનંદ સ્વામી શુકાનંદ સ્વામીને લઈને મહારાજ પાસે આવ્યા ને શ્રીજીને કહ્યું જે શુકાનંદ સ્વામીએ અનશન વ્રત લઈને લખેલું પુસ્તક તમોએ ફાડી નાંખ્યું એવું પુસ્તક જો અમોએ લખેલું હોય તો અમે ફાડવા ન દઈએ. ત્યારે શ્રીજીમહારાજ કહે તમને તેવું કામ સોંપાય નહિ. અમારો જેને વિશ્વાસ હોય તેને અમે કામ સોંપીએ છીએ. તે પુસ્તક અમોએ વાંચ્યા વિના ફાડી નાખ્યું તોપણ શુકાનંદસ્વામીને ખોટું લાગ્યું નહિ. તેથી શ્રીજીમહારાજ કહે શુકાનંદ સ્વામી તો અમારા હાથપગ છે. એમ કહીને શુકાનંદ સ્વામી ઉપર રાજી થયા. ને શ્રીજીમહારાજને પ્રસન્ન કરીને પ્રસન્નતા શુકાનંદ સ્વામીએ મેળવી હતી. ॥૬૫॥

ગામ પીઠવડીના ભગા તથા મૂળાને ત્યાં શ્રીજીમહારાજ ભટ્ટવદરમાં દાદાખાચરને પરણાવીને આવ્યા. પછી શ્રીજીને પોતાના ગામમાં રાખવાનો આગ્રહ કર્યો ને શ્રીજીમહારાજને પોતાને ઘેર પધરાવ્યા ને શ્રીજીને પાંચસેં રૂપિયા ભેટ મૂકી. ત્યારે મહારાજ કહે અમે માગણ લોકો નદીમાં બે હજાર બેઠા છે તેમને દાનમાં આપી દઈશું. ત્યારે ભગો તથા મૂળો કહે ફાવે તેને આપો અથવા કૂવામાં નાખો પણ અમારે તો આપશ્રીને રાજી કરવા છે માટે આપશ્રીને અર્પણ કરેલ છે.

વળી એક વખત શુકાનંદ સ્વામી ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા ગયેલા ને શિયાળો હોવાથી બહુ ટાઢ ચઢી ગઈ તે ધ્રૂજતા ધ્રૂજતા શ્રીજી અક્ષર ઓરડીમાં તાપતા હતા ત્યાં આવ્યા. ત્યારે મહારાજ કહે આવો તાપો. પછી તાપવા બેઠા. તે સમે શ્રીજી બોલ્યા જે આ અક્ષર ઓરડીની વળીઓ નીકળે તેમ નથી. નહિ તો તે વળીઓના કકડા કરીને શુકાનંદ સ્વામીને તપાડું.

તે સમે ભગો તથા મૂળો શ્રીજીનાં દર્શન કરવા આવેલ તેણે મહારાજનું વચન સાંભળીને વિચાર કર્યો જે આથી શ્રીજી રાજી થાય છે. એમ ધારી બેઉ ભાઈ પોતાને ઘેર જઈ ગાડું જોડી સાલેમાળના ડુંગરમાં જઈ સૂકાં લાકડાં કાપી ગાડું ભરીને ગઢડે આવ્યા તે વાત કોઈએ મહારાજને કહી તેથી શ્રીજી બોલ્યા જે શું બાવના ચંદન લાવ્યા ? એમ બોલી અક્ષર ઓરડીથી બહાર આવ્યા ને ભગા-મૂળાને લીંબડા તળે બાથમાં ઘાલીને મળ્યા. તથા છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને એમ બોલ્યા જે આ લાકડાં જ્યાં સુધી પહોંચશે ત્યાં સુધી શુકાનંદ સ્વામીને તપાડીશ. આવી રીતે લાકડાં લાવ્યા તેથી શ્રીજીએ મુકુંદ બ્રહ્મચારીને કહ્યું જે ભગો-મૂળો રહે ત્યાં સુધી તેમને થાળમાંથી પ્રસાદી જમાડજો તેથી પાંચ દિવસ રહીને શ્રીજીમહારાજને પ્રસન્ન કરીને પ્રસન્નતા મેળવીને પોતાને ઘેર જતા હતા. ॥૬૬॥

ગઢપુરમાં શ્રીજીમહારાજ પરમહંસ તથા હરિભક્તો સહિત ઉન્મત્ત ગંગાના ખીજડીયા આરે સ્નાન કરવા ગયા હતા. ત્યાં વરસાદ થવાથી સંતોએ શ્રીજીમહારાજ ઉપર લૂગડું ઊંચું કરી ચાર લાકડીએ બાંધવા માંડ્યું તેમાં ત્રણ ઠેકાણે બાંધ્યું. પણ ચોથે ઠેકાણે બાંધવાનું કાંઈ મળ્યું નહિ. આસપાસ જોતા હતા તેટલાકમાં રાજકોટના ગરાસીયાએ પોતાના કેડીયાની કશ તોડીને લાકડીનું ઠેબુ બાંધવા આપી. ત્યારે તે જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે દ્રૌપદી જેટલું પુણ્ય તો થઈ ગયું.

આવી રીતે તે સમયમાં તે રાજકોટનાં ગરાસીયાએ કેડીયાની કશ આપીને શ્રીજીમહારાજને પ્રસન્ન કરીને પ્રસન્નતા મેળવી હતી. તે ગરાસીયાનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ કશ લઈને તેડવા આવ્યા ને વિમાનમાં બેસાડીને પોતાના અક્ષરધામમાં લઈ જતા હવા. ॥૬૭॥

ગુજરાતના હરિભક્તો પાકી કેરીઓનાં ગાડાં ભરીને ગઢડે ગયા ત્યાં દાદાખાચરનાં દરબારમાં ગાડાં છોડ્યાં. પછી શ્રીજીમહારાજે ગામના સર્વ હરિભક્તોને બોલાવીને કેરીઓ આપવા માંડી ને ગાડાં ખાલી કરવા માંડ્યાં. તેટલામાં મુકુંદ બ્રહ્મચારી આવ્યા. તેમણે સર્વ બ્રહ્મચારીને બોલાવીને એક તરફથી કેરીઓ એક ઓરડામાં ભરીને ગાડાં ખાલી કરવા માંડ્યા ને ગાડું ખાલી થાય તેને દરબાર બહાર કાઢે, આવી રીતે કરવાથી ગાડાં ખાલી થયાં. પછી શ્રીજીમહારાજ સભામાં જઈને બેઠા ત્યારે હરિભક્તોએ વાત કરી જે અમે તમોને તથા સંતને

જમાડવા કેરી લાવ્યા હતા. ત્યારે મહારાજ કહે અમને પ્રથમ કહેવું હતું તો અમે કેરીનો રસ કઢાવત ને રોટલી કરીને અમે જમત તથા સંતને જમાડત. તેવામાં મુકુંદ બ્રહ્મચારી બોલ્યા જે મહારાજ તમારે સંત જમાડીને હરિભક્તોને પ્રસન્ન કરવા હોય તો હા પાડો, કેરીઓ તો હું આપીશ.

એમ કહી શ્રીજીનું કાંડું ઝાલી કેરીઓના ઓરડા પાસે લઈ ગયા. ત્યારે મહારાજે પૂછ્યું જે આ ક્યાંથી ? ત્યારે મુકુંદ બ્રહ્મચારીએ કહ્યું જે એક તરફ તમો ગાડાં ખાલી કરતા હતા ને એક તરફ મેં ગાડાં ખાલી કર્યાં હતાં. ત્યારે શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને મુકુંદ બ્રહ્મચારીના માથા ઉપર હાથ મૂક્યો તથા બાથમાં ઘાલીને મળ્યા. છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી રસ-રોટલીની રસોઈ કરીને શ્રીજીમહારાજ પોતે જમ્યા તથા સંતને જમાડ્યા ને ગુજરાતનાં હરિભક્તોને તથા દાદાખાચર વગેરેને રસ-રોટલી જમાડીને ગુજરાતના હરિભક્તોને પ્રસન્ન કર્યા. આવી રીતે મુકુંદ બ્રહ્મચારીએ શ્રીજીમહારાજને પ્રસન્ન કરીને પ્રસન્નતા મેળવી હતી. ॥૬૮॥

ગઢપુરના દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજ લીંબડા નીચે બ્રહ્મચારી સંત પાર્ષદ-હરિભક્તો પાસે બાજરાનાં ડુંડાં ભંગાવતા હતા ને શ્રીજી ખુરસી ઉપર બેઠા હતા. પછી મહારાજને એવો સંકલ્પ થયો જે ચાલો લક્ષ્મીવાડીએ જઈએ. એમ બોલીને કહ્યું જે ઘોડી લાવો કે તુરંત રતનજી તથા મીયાંજી બેઉ જણ ત્યાંથી ઊઠીને વાડીએ ગયા. ત્યાં બેઠક વાળી મોદીયાં પાથર્યાં તથા પાટ પાથરી ઉપર ગાદીતકીયો મૂક્યો ને બેઠકની ચારે કોરે વાળીને પાણી છાંટ્યું જેથી ધૂળ ઊડે નહિ.

આવું તૈયાર કરીને પાછા મંદિરમાં આવતા હતા ત્યારે શ્રીજીમહારાજ સંત હરિભક્તો તથા સખાઓ સહિત સામા મળ્યા ને મહારાજ વાડીએ પધાર્યા ને રતનજી તથા મીયાંજી દરબારમાં આવી ડુંડાં ઠેકાણે મૂક્યાં તથા બાજરાનાં પૂળા ઠેકાણે મૂક્યા ને લીંબડા તળે વાળીને પાણી છાંટ્યું. પછી મોદીયાં પાથરી તથા ગાદીતકીયા સહિત પાટ પાથરીને વાડીએ રતનજી તથા મીયાંજી આવતા હતા. તે સમયમાં શ્રીજીમહારાજ સભામાં બોલ્યા જે હજુ-ઘરના ધણી નહિ આવ્યા હોય. ત્યારે સુરાખાચર બોલ્યા જે હે મહારાજ ઘરના ધણી દાદાખાચર તો તમારા સમીપમાં બેઠા છે ત્યારે શ્રીજીએ કહ્યું જે તે તો ઘરના ધણી છે પણ હમણાં ખરા ઘરના ધણી છે તે આવશે ત્યારે બતાવીશું.

તેટલાકમાં રતનજી તથા મીયાંજી આવ્યા. તેમને જોઈ શ્રીજીમહારાજ બોલ્યા જે જુઓ આ ઘરનાં ધણી આવ્યા, કારણ કે અમે અહીં આવવાનો સંકલ્પ કર્યો તેટલામાં આ બન્ને જણ અહીં વાડીએ આવી બેઠક વાળી પાણી છાંટી પાથરણાં પાથરીને પાછા મંદિરમાં જઈ ડુંડાં તથા પૂળા ઠેકાણે મૂકી લીંબડા નીચે વાળી પાણી છાંટી પાથરણાં પાથરીને અમારે માટે ગાદીતકીયા સહિત પાટ પાથરીને પાછા વાડીએ આવ્યા. પણ તમારામાંથી કોઈએ તે કામ કર્યું નહિ. તેમ દરબારમાં પણ ડુંડાં વિગેરે ઠેકાણે મૂક્યા સિવાય અમારી સંગાથે આવ્યા. માટે ખરા ઘરના ધણી તો રતનજી તથા મીયાંજી છે. આવી રીતે સેવા કરીને રતનજી તથા મીયાંજીએ શ્રીજીમહારાજને પ્રસન્ન કરીને પ્રસન્નતા મેળવી હતી. ॥૬૯॥



શ્રીજીમહારાજની સેવા તથા વસ્તુ આપવાથી પ્રસન્નતાની વાતો

ભાલ દેશમાં બરવાળા ગામ છે ત્યાં શ્રીસ્વામિનારાયણનું મંદિર છે. તે મંદિર લીંપાવવું હતું. પછી હરિભક્તે તે મંદિર એક બાઈ પાસે પૈસા આપીને લીંપાવ્યું ને તે બાઈએ બહુ સ્નેહથી શ્રીસ્વામિનારાયણ ભગવાનનું મંદિર જાણીને સારા ઓરકા પાડીને લીંપી દીધું. પછી તે બાઈ માંદી થઈ ત્યારે શ્રીજીમહારાજે તે બાઈને પ્રત્યક્ષ દર્શન દીધાં ને કહ્યું કે હે બાઈ અમારા ધામમાં ચાલો. ત્યારે તે બાઈ બોલી કે હે શ્રીસ્વામિનારાયણ હું તમારી સત્સંગી નથી ને તમારું ભજન પણ મેં કર્યું નથી.

ત્યારે શ્રીજી બોલ્યા જે હરિભક્તનાં કહેવાથી તમોએ અમારું મંદિર ઘણાં હેતથી ઓરકા પાડીને લીંપ્યું હતું તેથી હું તેડવા આવ્યો છું. માટે મારા ધામમાં ચાલો. ત્યારે બાઈ કહે કે મફત લીંપ્યું નથી પણ મજૂરી લઈને લીંપ્યું છે માટે તમારી મરજી હોય તે પ્રમાણે કરું. પછી શ્રીજીમહારાજે તે બાઈનો દેહત્યાગ કરાવીને પોતાના અક્ષરધામમાં લીંપવા રૂપી સેવાથી પ્રસન્ન થઈને લઈ ગયા.

એમ શ્રીજી આ વખતે અઢળક ઢળેલા છે, માટે જે કોઈ શ્રીસ્વામિનારાયણ ભગવાનની અલ્પ સેવા કરે છે તેને બહુ માનીને પોતાના અક્ષરધામમાં તેને વિમાનમાં બેસાડીને લઈ જાય છે. ॥૭૦॥

ગઢપુરથી શ્રીજીમહારાજ સખાઓને સાથે લઈને વડતાલ જતા હતા. ઘોડે બેસીને ચાલતાં ચાલતાં ભાલ દેશમાં સોઢીનું રણ આવ્યું. પછી શ્રીજીમહારાજે સોઢી નામના ગામની ભાગોળે જઈને સ્નાન કરવાના સંકલ્પથી બાવળનું દાતણ માગ્યું ત્યારે સુરાખાચર કહે, હે મહારાજ આ ખારો પાટ છે માટે ઝાડ બધાં બળી ગયાં છે માટે કહો તો ઝીલડાનું અથવા કેરડાનું દાતણ લાવી આપું. લોક તમામ તે ઝાડોનું દાતણ કરે છે માટે તેનું દાતણ આ ગામમાં મળશે પણ બાવળનું દાતણ મળશે નહિ.

એવું સુરાખાચરનું વચન સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે મારે તો બાવળનું દાતણ કરવું છે માટે તમો મારો વિશ્વાસ રાખીને ગામમાં ગોતવા જાઓ. એમ શ્રીજીના કહેવાથી સુરાખાચર આખા ગામમાં દાતણ માટે ફર્યા પણ દાતણ મળ્યું નહિ. પછી કાઠીને જોઈને એક બીબડી બોલી કે બાવળનું દાતણ કરનાર

નહિ લાજતો હોય લગાર. એમ બીબડી બોલી. ત્યારે સુરાખાચર કહે ગામની ભાગોળે અલ્લા આવેલા છે તે અલ્લાને બાવળનું દાતણ જોઈએ છીએ માટે ગોતવા આવેલો છું. ત્યારે બીબડી બોલી કે અલ્લાને માટે જોઈતું હોય તો આવો, મારે હાથે મારા વાડામાંથી બાવળનું દાતણ કાપી આપું, કારણ કે અલ્લા માટે બે બાવળની સોટી ઉછેરી છે.

પછી પોતાને હાથે બાવળની સોટી કાપીને સુરાખાચરને આપી. પછી હરખાતી તે બીબડી બોલી કે ભાગોળે અલ્લા આવ્યા હોય તો અંતકાળે અલ્લા મને બાવળની સોટી લઈને તેડવા આવે તેમ કહેજો. પછી સુરાખાચરે કહ્યું કે અલ્લાને કહીશ. એમ કહીને સુરાખાચર શ્રીજીમહારાજ પાસે આવ્યા ને દાતણ આપીને બધી વાત કરી. પછી શ્રીજીએ ત્યાં દાતણ કર્યું. પછી ધીમે ધીમે શ્રીજીમહારાજ વડતાલ પધાર્યા. પછી તે બીબડીનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ હાથમાં બાવળની સોટી લઈને તે બીબડીને ઘેર ગયા ને કહ્યું કે મારા ધામમાં ચાલો તમોએ મને બાવળનું દાતણ આપ્યું હતું તેથી તમારી ઉપર પ્રસન્ન થઈને તેડવા આવ્યો છું માટે તમારા સંબંધીની રજા માગીને ચાલો. પછી બીબડી પોતાના સગાની રજા લઈ વિમાનમાં બેસીને શ્રીજીમહારાજ સંગાથે અક્ષરધામમાં જતી હતી. ॥૭૧॥

ગઢડામાં શ્રીજીમહારાજ માંદા થયા હતા. તે સમયમાં એક કોળીના છોકરે રાજગરાં રંગે રાતાં ચીભડાં મહારાજને આપ્યાં, તે ચીભડાં શ્રીજીએ બહુ વખાણ્યાં ને લાધા ઠક્કરને શ્રીજી કહે આ છોકરાને પચાસ રૂપિયા મૂલ્ય આપો. ત્યારે લાધા ઠક્કર કહે ત્રણ પૈસાનો માલ છે માટે એટલા બધા નહિ અપાય. ત્યારે શ્રીજીમહારાજ કહે સો રૂપિયા આપો. ત્યારે લાધો ઠક્કર કહે એટલા બધા અપાય નહિ. પછી શ્રીજી કહે બસો આપો તો પણ લાધા ઠક્કરે આપ્યા નહિ. ત્યારે શ્રીજીમહારાજ કહે વાર ન કરો ત્રણસેં લાવો.

આવી રીતે પાંચસો સુધી વધતા ગયા. ત્યાર પછી કહ્યું કે માણકી ઘોડીનો સોનાનો સામાન લાવો, ને એ છોકરાને આલો. તે વખતે જીવુબા બોલ્યાં જે શ્રીજીમહારાજ કહે તે પ્રમાણે આપો અને મહારાજનું વચન પાળવું તે જ આપણો ધર્મ છે. એમ લાધા ઠક્કરને સમજાવ્યું ત્યારે લાધા ઠક્કરે હા પાડી. ને કોળીના છોકરાને પોતાની દુકાને લઈ જઈને એક કળસી જુવાર આપીને લાધા ઠક્કર શ્રીજી પાસે બીતા બીતા આવ્યા. પછી મહારાજે કહ્યું કે તમે તમારી વાણીયાગત કરીને તે છોકરાને જુવાર આપીને કાઢ્યો. પણ હું તેને અક્ષરધામ આપીશ. પછી

તે છોકરાનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ ચીભડાંની એંધાણી આપીને પોતાના અક્ષરધામમાં તે છોકરાને લઈ ગયા. ॥૭૨॥

સારંગપુરમાં જીવાખાચરની દીકરી અમરબા પોતાની સખીઓને લઈને ગામ ખાંભડે જતાં હતાં. રસ્તામાં બોરડીનાં પાકાં ઝાડ આવ્યાં તે ખાતાં જાય ને શ્રીજીમહારાજને સંભારે જે આપણાં એવાં ક્યાંથી ભાગ્ય હોય જે શ્રીજી અહીં આવે તો તેમને પાકાં બોર જમાડીએ ને કૃતાર્થ થઈએ.

એમ શ્રીજીમહારાજને સંભારતા સંભારતા રોઈ પડ્યાં. પછી સખીઓએ આસનાવાસના કરીને રોતાં બંધ કર્યાં. પછી ફરીથી શ્રીજીમહારાજને સંભાર્યા તેથી શ્રીજી પાળા સાથે ત્યાં આવ્યા ને શ્રીજીમહારાજને પાકાં પાકાં બોર જમાડીને આનંદ પામ્યાં ને શ્રીજી સંગાથે પોતાને ઘેર આવતાં હતાં. ॥૭૩॥

વડતાલથી શ્રીજીમહારાજ જોળ જતા હતા ત્યારે રસ્તામાં કોળીનો છોકરો મળ્યો. તેણે શ્રીજીને કહ્યું કે મારા ખેતરમાં ચાલો તમને મારે તરબુચ ખવડાવવું છે. વળી તે છોકરો કહે મેં બે તરબુચ મારા ખેતરમાં દાટ્યાં છે, એક તરબુચ તમને ખવડાવવા ને એક તરબુચ મારા મામાને ખવડાવવા દાટ્યું છે. આવું છોકરાનું વચન સાંભળીને શ્રીજીમહારાજ તે છોકરાની સંગાથે તેના ખેતરમાં ગયા. ત્યાં ખેતરમાં શ્રીજીમહારાજને તે છોકરે ખાટલા ઉપર ગોદડું નાખીને બેસાડ્યા. પછી તે છોકરો ખેતરમાં તરબુચ લેવા જતો હતો ત્યારે શ્રીજીમહારાજે અંતર્જામીપણે કહ્યું કે હે છોકરા, તેં તારા મામાને ખાવા માટે દાટેલું તરબુચ તો શિયાળ ખાઈ ગયુ છે ને અમને ખવડાવવા દાટેલું તરબુચ ખેતરમાં રહ્યું છે માટે લઈ આવ.

આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને તે છોકરો જ્યાં તરબુચ દાટ્યાં હતાં ત્યાં જઈને જુએ છે તો મામાને ખવડાવવાનું તરબુચ શિયાળ ખાઈ ગયેલી ને શ્રીજીના ભાગનું રહેલું તે લાવી શ્રીજીમહારાજને તે તરબુચ આપ્યું. તે શ્રીજીએ છોકરાનો ભાવ જોઈને અંગીકાર કરીને પ્રસાદીનું તરબુચ આપીને તેને સંતોષ પમાડીને શ્રીજી જોળ જતા હતા. પછી તે છોકરાનો અંતકાળ થયો ત્યારે તે છોકરાને તેનું આપેલું તરબુચ દેખાડીને શ્રીજીમહારાજ પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા. ॥૭૪॥

ભાલદેશમાં આખોલ ગામ છે તેમાં એક મનોરમભક્ત હતા. તેઓ દાન ધરમાદો આપતા તથા સંતોને જમાડી વસ્ત્ર ઓઢાડતા હતા. ને પોતે શેરડીનો વાઢ કરતા તે ભેગાં તુંબડાં વાવતા તે તુંબડાં તૈયાર થાય ત્યારે સંતોને પોતાનેગામ

બોલાવીને રસોઈ જમાડીને એક એક તુંબડું તથા વસ્ત્ર સંતને આપતા હતા. તેથી શ્રીજીમહારાજ બહુ જ રાજી થયેલા તેથી અંતકાળે રંગેલાં નવાં તુંબડાવાળા સંતોએ સહિત શ્રીજીમહારાજ ગામમાં થઈને મનોરભક્તને ઘેર પધાર્યા ને આખા ગામને દર્શન દઈને મનોરમભક્તને પોતાના અક્ષરધામમાં વિમાનમાં બેસાડીને લઈ જતા હતા. એવી રીતે શ્રીજીમહારાજ આ વખતે અઢળક ઢળેલા છે તે શ્રીજીનો આશરો કરે છે તેને અક્ષરધામ આપે છે માટે શ્રીજીમહારાજના સત્સંગી થઈને તેમનું પ્રગટ ભજન કરવું તે સિદ્ધાંત છે. ॥૭૫॥

ગઢપુરમાં શ્રીજીમહારાજ શ્રીગોપીનાથજીનું મંદિર કરતા હતા તે સમયમાં મંદિરના પાયાનું કામ ચાલતું હતું. ત્યારે શ્રીજીમહારાજ કહે આ ગોપીનાથજીનાં મંદિરના પાયામાં જે કોઈ માણસ એક શેરથી આરંભીને મણ સુધીનો પથરો નાંખશે તે મનુષ્યને મારા ધામમાં લઈ જઈશ. આવા શ્રીજીમહારાજના વચનને ગઢડામાં રહેલા અલૈયાસ નામના જમાદારે સાંભળ્યું. તેથી તે અલૈયાસ જમાદારે ઘેલા નદીમાંથી એક શેરનો પથરો લાવીને શ્રીજીમહારાજને દેખાડીને શ્રીગોપીનાથજીના મંદિરના પાયામાં નાખ્યો. ને અલૈાયસે કહ્યું કે હે શ્રીસ્વામિનારાયણ મહારાજ નજર રખીયો.

પછી તે અલૈયાસનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ તેને તેડવા આવ્યા. ત્યારે અલૈયાસ કહે કે હે સ્વામિનારાયણ તમે મને તેડવા કેમ આવ્યા છો ? અમને તો અમારા અલ્લા તેડવા આવે. ત્યારે શ્રીજીમહારાજ કહે મારા શ્રીગોપીનાથજીના મંદિરના પાયાનું કામ ચાલતું હતું ત્યારે તમોએ એક શેરનો પથરો પાયામાં નાખતી વખતે મને કહ્યું હતું જે નજર રખીયો તેથી તમને તેડવા આવ્યો છું. જુઓ આ તમારો પથરો. એમ કહીને શ્રીજીમહારાજ પોતાના હાથમાં પથરો દેખાડીને પોતાના ધામમાં લઈ જતા હતા. ॥૭૬॥

ગઢપુરમાં ઈચ્છારામભાઈ માંદા થયા હતા તેમને જોવા ગઢડામાં રહેતા નાગર પંચોળી વૈદ્યને બોલાવ્યા. તેમણે નાડી જોઈને કહ્યું જે ઈચ્છારામભાઈને રેચ આપવો પડશે. માટે એક હરડે મંગાવો. પછી લાધા ઠક્કર હરડે લેવા બજારમાં ગયા. લાધા ઠક્કરે જેરાજ સેલોત શેઠની દુકાનેથી બાર આના આપીને એક હરડે લીધી. તે હરડે ઈચ્છારામભાઈના કામમાં આવી તેથી શ્રીજીમહારાજ તે જૈન વાણીયા જેરાજ સેલોતને તેડવા અંતકાળે હરડે લઈને આવ્યા.

ત્યારે જેરાજ સેલોત બોલ્યા કે હું તમારો ભક્ત નથી. ત્યારે શ્રીજીમહારાજ કહે કે તમોએ મારા ભાઈ ઈચ્છારામભાઈને માટે હરડે આપી હતી તેથી તેડવા આવ્યો છું. ત્યારે તે જેરાજ સેલોત કહે પૈસા લઈને આપી હતી. ત્યારે શ્રીજીમહારાજ કહે બાર આનાને બદલે રૂપિયો લીધો હોત તોપણ આપત પણ તે હરડે અમારા ભાઈના કામમાં આવી માટે તમને ધામમાં તેડી જવા આવ્યો છું માટે ચાલો, એમ કહીને હાથમાં હરડે દેખાડીને શ્રીજીમહારાજ જેરાજ સેલોત જૈન વાણીયાને પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા. ॥૭૭॥

એક વખત શ્રીજીમહારાજ ભુજનગર પધારે છે તેવા સમાચાર સાંભળવાથી ભુજનગરમાં રહેતા ભુજના રાજાના કારભારી સુંદરજીભાઈ તથા ગંગારામભાઈ મલ્લ આદિક હરિભક્તો સામૈયું લઈને વાજતેગાજતે શ્રીજીમહારાજ સન્મુખ ભાગોળે ગયા. ત્યાં આવેલા સંતોએ સહિત શ્રીજીને દંડવત્ પ્રણામ કરી શ્રીજીમહારાજને પાલખીમાં બેસાડી વાજતેગાજતે ભુજનગરમાં સુંદરજીભાઈના મુકામમાં આવી ગાદીતકીયાવાળી પાટ ઉપર શ્રીજીમહારાજ સર્વને સુખશાંતિથી દર્શન થાય તે માટે સભામાં બિરાજમાન થયા હતા.

પછી સુંદરજીભાઈ આદિક તે ગામમાં રહેતા હરિભક્તો શ્રીજીને ભેટમાં એક રૂપિયો તથા નાળિયેર, સાકરનો પડો વિગેરે પોતાની શક્તિ પ્રમાણે શ્રીજીમહારાજને અર્પણ કરીને સૌ ઊઠીને પાછા સભામાં બેસતા હતા. તે સભામાં એક વાણીયો બેઠો હતો તેણે પણ પોતાને ઘેર જઈ વેચવામાં નહિ ખપેલું ઘણાં દિવસથી ઘરમાં અથડાતું ખોરું નાળિયેર એક ખૂણામાં પડ્યું હતું તે પોતાને ઘેરથી લાવીને શ્રીજીમહાાજને ભેટ મૂક્યું. ત્યારે મહારાજે હાથમાં લઈને તે નાળિયેર ખખડાવી જોયું જેથી શ્રીજી કહે આ નાળિયેર ખોટું છે. ત્યારે તે વાણીયો કહે નાળિયેર ખોટું છે પણ તમો તો ખોટા નથી; માટે તમો અંતકાળે મને તેડવા આવજો.

આવું કહેવાથી શ્રીજી કહે વાણીયો અમને પણ ઠગે છે, ખોટું નાળિયેર આપીને અમને કહે છે કે અંતકાળે તેડવા આવજો માટે અમે તો ખરા ભગવાન છીએ માટે અંતકાળે તે વાણીયાને તેડવા જઈશું. એમ કહીને તે વાણીયાનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ હાથમાં નાળિયેર લઈને તેડવા ગયા ને પોતાનાં અક્ષરધામમાં લઈ જતા હતા. આવા શ્રીજીમહારાજ દયાળુ છે. માટે તેમનું ભજન કરીશું તો જરૂર પોતાના ધામમાં આપણને પણ લઈ જશે એ નિઃશંક વાત છે. ॥૭૮॥

કંથકોટમાં લુવાણા તેજા ભકત (ઉર્ફે કચરાભક્ત) રહેતા હતા. તે શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. નામ ધર્માદો ચોખો કાઢતાં. શ્રીજીના સંતો પોતાને ઘેર પધારે ત્યારે રસોઈ જમાડીને વસ્ત્ર ઓઢાડતા. આવા પ્રેમીભક્ત હતા. તેમનાં સ્ત્રીનું નામ તેજુબા હતું તે પણ શ્રીજીનાં ભક્ત હતાં. તેમને ત્યાં એક વખત શ્રીજીમહારાજ પધાર્યા ને શ્રીજીએ તેમના હાટમાં બેસીને બકાલુ વેચ્યું. પછી શ્રીજીમહારાજને જમાડવા માટે તેજુબાએ પોતાને પહેરવાની નવી સાડી વાણીયાને ઘેર મૂકીને ઘઉંનો લોટ, ઘી, ખાંડ વિગેરે સીધું લાવીને બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીને શ્રીજીને જમાડ્યા.

પછીથી મહારાજ ત્યાંથી ભુજનગર તરફ ગયા. ત્યાં રહેતા ભક્તોને થોડા દિવસ દર્શન આપીને પાછા કંથકોટ આવ્યા. ત્યારે તે ગામના રાજા સત્સંગી હોવાને લીધે તે રાજાના આગ્રહથી શ્રીજીમહારાજ તેમને ઘેર ઊતર્યા. રાજાને કથાવાર્તાનું સુખ આપ્યું. વળી તે રાજાની દીકરીને મારવાડના રાજા સંગાથે પરણાવી હતી. તેનો પતિ મરી જવાથી પોતાના પિતાને ઘેર આવેલાં દીકરીએ શ્રીજીમહારાજની ચંદન ફૂલથી પૂજા કરીને સોનાના વેઢ દશ આંગળીમાં પેરાવ્યા તથા સોનેરી વસ્ત્ર પેરાવ્યાં ને રૂપિયા ભરી સોનાનો થાળ અર્પણ કરી શ્રીજીની કપુરથી આરતી કરાવી. પછી શ્રીજીએ કંથકોટમાં રહેલા બ્રાહ્મણોની ચોરાશી કરીને રૂપિયા દક્ષિણામાં આપ્યા ને પોતાની દશ આંગળીમાં રહેલા સોનાના વેઢ શ્રીજીએ વાણિયાને ઘેરથી સાડી છોડાવવા માટે તેજા ભક્તનાં સ્ત્રી તેજુબાઈને આપ્યા તે પ્રસાદીના જાણીને રાખ્યા. પછી શ્રીજીમહારાજ ત્યાં થોડા દિવસ રહીને ગઢપુર પધારતા હવા. ॥૭૯॥

એક વખત શ્રીજીમહારાજ ગઢપુરથી કચ્છદેશમાં રહેલું ગામ વાંઢીયા પધારતા હતા. તે ગામમાં સાત જન્મથી બ્રહ્મચર્ય વ્રત પાળનાર પાંચા નામવાળા બ્રાહ્મણ તથા તેમનાં સ્ત્રી રહેતાં હતાં. તેમને પોતાનું દર્શન આપવાની ઈચ્છાથી ત્યાં જતા હતા. તે રસ્તામાં જતાં ચોર મળ્યા ત્યારે શ્રીજીએ ચોરોને અડધા સહિત સુખડી મુકુંદ બ્રહ્મચારી પાસેથી અપાવી દીધી. પછી રસ્તામાં ચાલતાં શ્રીજીને ભૂખ લાગવાથી મુકુંદ બ્રહ્મચારી પાસે ખાવાનું માંગ્યું. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે ચોર મળ્યા તે વખતે તો દાનેશ્વરીના દીકરા થયા ને બધું ખાવાનું અપાવી દીધું ને હવે ખાવાનું માંગો છો માટે મારો અંગૂઠો ખાઓ.

આવું મુકુંદ બ્રહ્મચારીનું વચન સાંભળીને શ્રીજી કહે અમારાથી ખાધા વિના ચલાશે નહિ. એમ કહીને શ્રીજીમહારાજ રસ્તામાં બેઠા. તેટલામાં એક ગાડું લઈ કોઈ આવ્યું. તેને બ્રહ્મચારીએ કહ્યું જે આ નાના મહારાજ ચાલતાં થાકી ગયા છે

ને વળી માંદા છે માટે તમારા ગાડામાં બેસાડો તો તમોને પુણ્ય થશે. આવું બ્રહ્મચારીનું વચન સાંભળીને શ્રીજીમહારાજને તે ગાડાવાળે પોતાના ગાડામાં બેસાડ્યા ને બ્રહ્મચારી ગાડા પછવાડે ચાલતા આવતા હતા તેથી ગાડાની સંગાથે ન ચાલી શકવાથી પછવાડે રહી ગયા. ત્યારે શ્રીજીએ ગાડામાં આખા બ્રહ્માંડનો ભાર મૂક્યો, જેથી ગાડાના બળદિયા ચાલી શક્યા નહિ ને ગાડું ન ચાલ્યું. ત્યારે શ્રીજી ગાડાવાળાને કહે પાછળ ચાલ્યો આવતો બાવો કામણ ટુમણિયો છે. તેને તમો જો ગાડામાં બેસાડશો તો જ તમારું ગાડું ચાલશે ને બેસે નહિ તો તમો પરાણે બેસાડજો. તમારે અહીંથી ગાડું ચલાવવું હોય તો ને તે બાવો ગાડામાં બેસશે કે તુરંત ગાડું ચાલતું થશે.

આવું શ્રીજીએ શીખવ્યું તેથી બ્રહ્મચારી આવ્યા કે તુરંત ગાડાવાળે ગાડામાં બેસવા કહ્યું. પણ બ્રહ્મચારી ગાડામાં બેસવાની ના પાડતા હતા. પણ આગ્રહથી બેસાડ્યા કે તુરંત ગાડું ચાલવા માંડ્યું એટલે શ્રીજી ગાડાવાળાને કહે જુઓ તમે ઘરડા બાવાને ગાડામાં બેસાડ્યા કે ગાડું ચાલતું થયું. પછી રસ્તામાં શ્રીજીએ ગાડાવાળાને પૂછ્યું કે તમારું નામ શું છે? ત્યારે ગાડાવાળાએ કહ્યું જે મારું નામ કરશનદાસ છે ને હું પટેલ છું. આવી રીતે જાણ્યા પછી થોડા સમયમાં વાંઢીયા ગામ આવવાથી પટેલ શ્રીજીને કહે તમારે બીજે ગામ જવું હોય તો ઊતરી જાઓ. ત્યારે શ્રીજી કહે અમારે તમારા ગામમાં રાત રહેવું છે માટે તમારા ગામની ધર્મશાળામાં અમને લઈ જાઓ. ધર્મશાળા આગળ ગાડામાંથી ઊતરી જઈશું.

આવું વચન સાંભળીને પટેલે ધર્મશાળા પાસે ગાડું લઈ જઈને ઊતરવાનું કહ્યું ત્યારે બ્રહ્મચારી નીચે ઊતર્યા ને મહારાજ પટેલને કહે તમારું ગાડું છોડીને ધર્મશાળાનાં પગથિયાંએ પાછલો ભાગ અડાડો એટલે હું ઊતરી જઈશ. પછી પટેલે તેમ કર્યું ત્યારે શ્રીજી ઊતર્યા ને પટેલ ગાડું લઈને પોતાને ઘેર ગયા. પછી શ્રીજી બ્રહ્મચારીને કહે ભૂખ લાગી છે માટે ગામમાં કરશનદાસ પટેલને ત્યાં જાઓ. તે જમવાનું આપશે. આવું શ્રીજીનું વચન સાંભળીને બ્રહ્મચારી પટેલને ઘેર ગયા. ત્યાં પટેલને કહે અમારા મહારાજને ભૂખ લાગી છે માટે ખાવાનું અમને બ્રાહ્મણને ખપે તેવું આપો.

પછી પટેલ બ્રહ્મચારીને લઈને પોતાના ગોરને ત્યાં જઈને રાત્રિએ છોકરાં માટે ઢાંકી મૂકેલી ખીચડી ને દૂધ અપાવ્યું તે બ્રહ્મચારી લઈને ધર્મશાળામાં આવ્યા ને પટેલ પોતાને ઘેર ગયા. ને શ્રીજીને ખીચડી ને દૂધ બ્રહ્મચારીએ જમવા આપ્યું. ત્યારે બ્રહ્મચારીને શ્રીજી કહે કે આ ખીચડી ને દૂધ કોઈકના પ્રારબ્ધનું છે માટે

અમો ખાશું નહિ; માટે જેને ઘેરેથી લાવ્યા હો તેને આપી આવો. તે સાંભળીને બ્રહ્મચારીએ પાંચા બ્રાહ્મણને ઘેર જઈ ખીચડી ને દૂધ પાછું આપીને કહ્યું જે અમારા મહારાજે કોઈકના પ્રારબ્ધનું હતું જેથી ખાધું નહિ. પછી બ્રહ્મચારી ધર્મશાળામાં બ્રાહ્મણે આપેલી સુખડી લઈને આવ્યા ને સુખડી ખાઈને પાણી પીને શ્રીજી તથા બ્રહ્મચારી સૂઈ ગયા. પછી ખીચડી ને દૂધ છોકરાંને સવારે ખાવા માટે ઢાંક્યું હતું તે સંકલ્પ મહારાજે જાણ્યો તેથી પાંચા બ્રાહ્મણના મનમાં નિશ્ચય થયો જે જરૂર જે મહારાજ ધર્મશાળામાં ઊતર્યા છે તે ભગવાન છે. એમ પોતાની સ્ત્રીને બ્રાહ્મણ કહેતો હતો ને આવેલા મહારાજ સવારે રહે તો આપણે ઘેર રસોઈ કરીને જમાડીશું. આવો સંકલ્પ રાત્રિએ કરીને સૂઈ ગયા.

પછી સવારના ચાર વાગે બ્રહ્મચારી ઊઠ્યા ને શ્રીજીને કહે જાગો આપણે આ ગામથી ઠંડા પહોરમાં ચાલીએ તો બે-ચાર ગાઉ સૂર્ય ઊગ્યા પહેલાં જવાય. ત્યારે શ્રીજી કહે આ ગામમાં બ્રાહ્મણને ઘેર ખાંડના લાડુ જમીને સાંજના પહોરના ચાલીશું અગર બીજે દિવસે સવારે ચાલીશું. એમ બ્રહ્મચારીને કહીને સ્નાનાદિક ક્રિયા પરવારી પૂજા કરતાં હતાં ત્યાં પાંચો બ્રાહ્મણ ધર્મશાળામાં આવ્યો ને શ્રીજીમહારાજને નમસ્કાર કરીને કહેતો હતો જે મારે ઘેર જમવા પધારો તો હું રસોઈ કરાવું. તેવું બ્રાહ્મણનું વચન સાંભળીને મહારાજે હા પાડી ને દસ વાગ્યે બ્રહ્મચારી સહિત શ્રીજી બ્રાહ્મણને ઘેર જમવા પધાર્યા. ત્યાં ફરીથી સ્નાન કરી પીતાંબર એક પેરીને તથા એક ઓઢીને પાટલા ઉપર બ્રહ્મચારી સાથે જમવા બેઠા.

બ્રાહ્મણે બે થાળમાં લાડું, શાક, ભજીયાં, અથાણું, ચટણી, પાપડ, દાળ, ભાત, રાઈતાં વિગેરે પીરસીને થાળ શ્રીજીમહારાજ તથા બ્રહ્મચારીની આગળ બીજા પાટલા ઉપર મૂક્યા. ને શ્રીજીમહારાજ તથા બ્રહ્મચારી જમવા લાગ્યા. ને પાંચો બ્રાહ્મણ પોતાની સ્ત્રી સહિત શ્રીજીનાં દર્શન કરતા હતા ત્યાં શ્રીજીની ઈચ્છાથી બન્ને જણને સમાધિ થઈને અક્ષરધામમાં જે મૂર્તિ પોતાને ઘેર જમે છે તે જ મૂર્તિનાં દર્શન થયાં. જેથી બન્ને જણ આનંદ પામ્યાં. પછી સમાધિમાંથી દેહમાં આવ્યાં ને શ્રીજીને પાંચા બ્રાહ્મણે દંડવત્ પ્રણામ કર્યા ને સ્ત્રીએ પંચાંગ પ્રણામ કર્યા ને પાસે બેસીને દર્શન કરતાં હતાં. તેટલાકમાં શ્રીજીમહારાજ જમીને ચળુ કરી મુખવાસ લઈને પલંગ ઉપર બિરાજમાન થયા. ને બ્રાહ્મણે ચંદન ફૂલ રૂપિયાની ભેટ વિગેરેથી શ્રીજીની પૂજા કરી આરતી કરી પ્રાર્થના કરીને શ્રીજીને હાથે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણનું ભજન બન્ને જણ કરતાં હતાં.

પછી શ્રીજી પાંચા બ્રાહ્મણનાં ઘેરથી ધર્મશાળામાં ગયા ને સ્ત્રીપુરુષ પોતાનાં છોકરાં સહિત શ્રીજીનો પ્રસાદ જમતાં હતાં ને પોતાના યજમાન કરશનદાસ પટેલને પ્રસાદી આપવા બ્રાહ્મણ તેમને ઘેર જઈને આપીને ઉપરની સમાધિ વિગેરેની વાત કરવા કે આવેલા મહારાજ પોતે ભગવાન છે તેમનો આશરો કરીને અમો તેમનું ભજન કરવા માટે તેમના સત્સંગી થયા છીએ. આટલી વાત સાંભળવાથી ને શ્રીજીનો પ્રસાદ જમવાથી કરશન પટેલે સંકલ્પ કર્યો કે જો મહારાજ આજ આપણાં ગામમાં રહે તો મારે ઘેર રસોઈ કરીને કાલે જમાડીશ ને હું પણ સત્સંગી થઈશ.

આવો પટેલનો સંકલ્પ જાણીને શ્રીજી તે ગામમાં રોકાયા. પછી સાંજે ગોર સહિત કરશન પટેલ ધર્મશાળામાં આવ્યા ને શ્રીજીને નમસ્કાર કરીને તેમની પાસે બેસીને પટેલે પોતાના ગોર પાસે રસોઈ કરાવીને શ્રીજીને બ્રહ્મચારી સહિત જમવા માટે પટેલ ધર્મશાળામાં જઈને પોતાને ઘેર બોલાવી લાવ્યા. ને શ્રીજીને ખાટલા ઉપર બિરાજમાન કર્યા. પછી શ્રીજી તથા બ્રહ્મચારી સ્નાન કરી પીતાંબર પેરીને તથા ઓઢીને પાટલા ઉપર જમવા બેઠા. બ્રાહ્મણે થાળ પીરસીને શ્રીજીને જમવા મૂક્યો. પછી બ્રહ્મચારી સહિત જમવા બેઠેલા શ્રીજીના સમીપમાં પટેલ દર્શન કરવા સ્ત્રી સહિત બેઠા. તેટલામાં શ્રીજીની ઈચ્છાથી સ્ત્રી સહિત પટેલને સમાધિ થઈ ને તેઓ બન્ને ગોલોક ધામમાં ગયાં. ત્યાં શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરી આનંદ પામ્યાં.

પછી શ્રીકૃષ્ણ ભગવાને બન્ને જણને કહ્યું કે તમારો આત્યંતિક મોક્ષ કરવો હોય તો તમારે ઘેર આવેલા પ્રત્યક્ષ ભગવાન શ્રીસ્વામિનારાયણ છે તેમને હાથે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ તેમનું ભજન કરશો તો તમારો મોક્ષ થશે. આવું શ્રીકૃષ્ણ ભગવાનનું વચન સાંભળીને સમાધિથી દેહમાં આવ્યાં ત્યારે શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કરશનદાસ પટેલે કર્યા ને સ્ત્રીએ પંચાગ પ્રણામ કર્યા. પછી શ્રીજીમહારાજનો આશ્રય કરી વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણનું ભજન સ્ત્રીપુરુષે જીવનપર્યંત કર્યું.

આવી રીતે વાંઢીયા ગામમાં જઈને શ્રીજી મહારાજે પાંચા બ્રાહ્મણને તથા કરશનદાસ પટેલને પોતાનું દર્શન પૂર્વના પુણ્યે કરીને આપ્યું ને દર્શન દઈને પોતાની મૂર્તિનો નિશ્ચય કરાવીને સત્સંગી કરીને તે ગામથી શ્રીજીમહારાજ મુકંદ બ્રહ્મચારી સહિત ગઢપુર આવતા હવા. ॥૮૦॥

કચ્છ દેશના રહીશ ખેતો ને ભીમો બે સારા સત્સંગી હતા. તેઓ શ્રીજીમહારાજનું ભજન કરતા ને મંદિરમાં રહેતા ત્યાગીઓની સેવા કરતા. જેથી શ્રીજીની તે બન્ને ભાઈ ઉપર પૂર્ણ દયા હતી. એક સમયમાં તે બન્ને ભાઈનાં માતુશ્રી માંદા થયાં. વૈદ્યને બોલાવી નાડી જોવડાવી. ઘણી દવાઓ કરી પણ ટકી નહિ, ને મંદવાડ વધી જવાથી ખેતા ને ભીમાની માતુશ્રી મરણ પામી. ત્યારે ખેતો મરી ગયેલી પોતાની માની પાસે બેઠા ને ભીમાને શ્રીજીમહારાજને બોલાવવા માટે મોકલ્યો.

તે શ્રીજીમહારાજ પાસે જઈને બોલ્યો કે હે શ્રીજીમહારાજ, આપણી મા મરી ગઈ છે. ત્યારે મહારાજ કહે તારી મા, મારી મા શેની? એમ કહીને શ્રીજીમહારાજ ભીમાની સંગાથે તેને ઘેર જતા હતા. તે રસ્તામાં છાશ લેવા જતી ઘાંચણ મળી તે મહારાજને કહે કે પાછા વળો પાછા. તે તો ભીમાની મા મરી ગઈ છે ને તમો શું હાહ (શ્વાસ) ઘાલવાના છો ? ત્યારે શ્રીજીમહારાજ કહે કે હું હાહ નહિ ઘાલું તો શું તું હાહ ઘાલવાની છે? એમ કહીને શ્રીજીમહારાજ ભીમાને ઘેર જઈને પરમ દયાળુ એવા શ્રીજીએ ખેતા ને ભીમાની માને જીવતી કરીને કહ્યું કે છોકરાઓ નાના છે માટે હમણાં આ લોકમાં રહીને છોકરાઓને મોટા કરો પછી અમારા ધામમાં જજો. એવી રીતે કહીને શ્રીજીમહારાજ દશ વરસ સુધી આ લોકમાં ખેતા ને ભીમાની માતુશ્રીને રાખતા હતા. ॥૮૧॥

ગઢપુરમાં શ્રીજીમહારાજે દેહોત્સર્ગ કરીને પોતાના અક્ષરધામમાં જવાનો મનમાં નિશ્ચય કરીને મંદવાડને ગ્રહણ કરતા હવા. કોઈ દિવસ ખાય કોઈ દિવસ ન ખાય. કોઈ દિવસ બાજરીની રાબ પીએ. કોઈ દિવસ દૂધ પીએ, કોઈ દિવસ ખીચડી અથવા રોટલો ખાય. આવી રીતે કરીને છ માસમાં જેવા વનમાંથી આવ્યા ત્યારે શરીર સુકાઈ ગયેલું હતું તેવું કરી નાખ્યું. તે સમયમાં શ્રીજીમહારાજનાં દર્શને ભાયાત્માનંદસ્વામી આવ્યા ને શ્રીજીને કહેતા હતા કે આ મરવા માટે શો ઢોંગ આદર કર્યો છે ? માટે ખાઈપીને આનંદ કરો ને અમને આનંદ આપો ને જો કદાચ તમો ધામમાં જશો તો અમો પણ તમારી પછવાડે મરીશું.

વળી ભાયાત્મનંદ સ્વામીએ કહ્યું કે તમારા પહેલાં આ જગતમાં પીતાંબર નામનો બ્રાહ્મણ ભગવાન થયો હતો. તેણે દેહ મૂક્યો ત્યારે તેની ચિંતામાં તેના શિષ્યો સત્તાવીશ ચિતામાં પડીને મરી ગયા. તેવી રીતે અમે પણ મરીશું ને લોહીની નદીઓ ચાલશે, માટે દેહ મૂકીને ધામમાં જવાનો સંકલ્પ મૂકી દ્યો. ત્યારે

ભાયાત્માનંદ સ્વામીને શ્રીજીમહારાજે કહ્યું જે જો હું ભગવાન હઈશ તો કોઈની નસકોરી નહિ ફૂટવા દઉં. આયુષ્ય આવી રહ્યું હશે તોપણ તેની આવરદા વધારીશ. આવી રીતે પ્રતિજ્ઞા કરીને શ્રીજીમહારાજે આચાર્ય, બ્રહ્મચારી, સંત, પાર્ષદ, હરિભક્તો આદિકની સભા કરીને સર્વને પોતાનો ધામમાં જવાનો સંકલ્પ કહ્યો. જેથી સર્વે સાંભળતા મૂર્છા પામી પૃથ્વી ઉપર પડીને રોવા લાગ્યા.

પછી શ્રીજી મહારાજે પોતાના યોગ-ઐશ્વર્યના પ્રતાપથી સર્વના શરીરમાં ધૈર્યતા ધારણ કરાવી. તેથી શરીરની સાવધતાને પામેલ એવા ભક્તજનો પ્રતિ બોલ્યા કે મારી પછવાડે કોઈએ આત્મઘાત ન કરવો તથા ઝેર ન ખાવું તથા ગળાટૂંપો ન ખાવો એ આદિક ઉપાયોથી નહિ મરવાનો તમારા મનમાં નિશ્ચય કર્યો હોય તો સર્વે સભામાંથી ઊઠીને મારે પગે હાથ અડાડીને કહો કે અમે તમારી પછવાડે મરીશું નહિ.

આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને સભામાં બેઠેલા સર્વેએ શ્રીજીના પગને ઝાલીને કહ્યું કે અમે મરીશું નહિ. તે સભામાં સચ્ચિદાનંદસ્વામીના શિષ્ય સિદ્ધાનંદ સ્વામીએ પણ શ્રીજી પછવાડે ન મરવાની પ્રતિજ્ઞા લીધી હતી. છતાં સભામાંથી વાડીએ ગયા ત્યારે ઉપરની સર્વ હકીકત પોતાના ગુરુ સચ્ચિદાનંદ સ્વામીને કહી કે આવતી કાલે શ્રીજીમહારાજ પોતાના ધામમાં જવાના છે તો શ્રીજી વિના આપણે બે જણ શી રીતે જીવીશું ? શ્રીકૃષ્ણ ભગવાનનાં પટરાણી શ્રીરાધિકાજીને શ્રીકૃષ્ણ ભગવાનનો વિયોગ થતો ત્યારે રાધિકાજીને પોતાના લલાટમાં લોહીનો ટસિયો આવતો ને આ તો શ્રીજીમહારાજનો વિયોગ થાય ત્યારે આખે શરીરે લોહી નીકળે છે માટે શ્રીજીમહારાજ પોતાના ધામમાં જવાના છે માટે આપણે કેમ કરવું ?

ત્યારે સચ્ચિદાનંદસ્વામી પોતાના શિષ્ય સિદ્ધાનંદ સ્વામીને કહે તમારું ને મારું ખાવાનું પત્તર લઈને વગડામાં જાઓ ને થોરિયાનું દૂધ તથા આકડાનું દૂધ વિગેરેના દૂધનાં આ બે પત્તર ભરી લાવો. આવું ગુરુનું વચન સાંભળીને થોરિયા વિગેરેના દૂધ કાઢીને બે પત્તર ભરી લાવીને ગુરુ આગળ મૂક્યાં. પછી ગુરુ તથા શિષ્ય બન્ને જણાએ મરવા માટે તે થોર વિગેરેનાં દૂધ પીધાં, પણ તે થોર વિગેરેનાં દૂધ તે અમૃત તુલ્ય શ્રીજીમહારાજે કર્યાં જેથી મરણ થયું નહિ. પછી સિદ્ધાનંદ સ્વામી દરરોજના નિયમ પ્રમાણે શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગયા ત્યારે શ્રીજીએ કહ્યું કે કેટલાક માણસોએ અમારી પાસે આવીને અમારા પગ ઝાલીને નહિ

મરવાની પ્રતિજ્ઞાઓ કરી છતાં થોરિયા વિગેરેનાં દૂધ મરવા માટે પીધાં પણ શું અમે તેમને મરવા દઈએ કે ? ન જ મરવા દઈએ.

આવું શ્રીજીનું વચન સાંભળીને સિદ્ધાનંદ સ્વામી કહે ઉપરનું કામ તો મેં કર્યું છે માટે મને માફી આપો, ફરીથી આવું કામ નહિ કરું. તેથી શ્રીજીએ તેમને માફી આપી. પછી શ્રીજીમહારાજે દેહોત્સર્ગ કરતાં પહેલાં પાંડે શ્રીરામપ્રતાપજી મહારાજ તથા આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ તથા આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ તથા મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી આદિક સંતોને તથા મુકુંદાનંદજી આદિક બ્રહ્મચારીઓને તથા ભગુજી આદિ પાર્ષદોને તથા દાદાખાચર આદિક હરિભક્તોને તથા જીવુબા તથા લાડુબા વિગેરેને બોલાવીને શ્રીજીમહારાજે પોતાના સંકલ્પથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને બન્ને દેશના મધ્યસ્થ કરી બન્ને આચાર્યના હાથનાં કાંડાં સોંપીને કહ્યું કે મેં સ્થાપન કરેલો ઉદ્ધવ સંપ્રદાય તેની મર્યાદાનું રક્ષણ કરજો. ને બન્નેવ આચાર્યશ્રીની સલાહ પ્રમાણે કામકાજ કરાવજો.

એટલી આજ્ઞા કરીને સંવત ૧૮૮૬ જેઠ સુદી દશમીના મધ્યાહ્‌ને નટવર નટની માયા જેવો ખેલ કરીને પોતાના અક્ષરધામમાં પધારતા હતા. પછી શ્રીજીમહારાજને ઉન્મત્તગંગા આદિકના જળથી સ્નાન કરાવી ધોળું પીતાંબર પેરાવ્યું તથા ધોળો વાઘો પેરાવ્યો તથા ધોળું શેલું ધરાવ્યું તથા ધોળી પાઘ ધરાવી તથા ઘરેણાં તથા પુષ્પના હાર પેરાવી કેસર સહિત ચંદનથી ઊર્ધ્વપુંડ તિલક તથા અર્ચા કરી કંકુનો ચાંદલો લલાટમાં કરી શ્રીજીને વિમાનમાં બેસાડી વિમાન ઉપર અબીલ ગુલાલ નાખી પછી બન્ને આચાર્યોએ આરતી કરી શ્રીજીના વિમાન આગળ ઉત્સવ કરતા કરતા લક્ષ્મીબાગમાં લાવી હાલ જ્યાં મંદિર છે ત્યાં અગ્નિસંસ્કાર કરતા હતા. તે સમયે દાદાખાચરથી શ્રીજીમહારાજનો વિયોગ સહન ન થવાથી ગોપાળાનંદ સ્વામીએ દાદાખાચરને બેઠકે મોકલ્યા. ત્યારે શ્રીજીમહારાજે દિવ્ય દેહે દર્શન આપીને દાદાખાચરને શાંતિ પમાડીને કહ્યું કે હું આ લોકમાંથી ગયો નથી, પણ તમારા દરબારમાં અખંડ રહ્યો છું. તેમ કહ્યું. આવી રીતે દેહોત્સર્ગનાં દિવસે બહુ હરિભક્તોને દિવ્ય દેહે દર્શન શ્રીજીમહારાજે આપ્યાં છે તેનાં નામ નીચે મુજબ છે. **॥ દોહરા ॥**

૧. **દાદાખાચર** કહે ગરીબ નિવાજ ગયા નથી. અવિચળ આંહી રહે જ અહોનિશ આ સત્સંગમાં, પ્રગટ બિરાજે છે જ. ॥૧॥

૨. **ગુણાતીતાનંદ સ્વામીને શ્રીજી મહારાજ કહે** ગયો નથી ગોલોકમાં, ગયો ન અક્ષર ધામ ॥ અવિચળ આ સત્સંગમાં, રહું છું આઠે જામ. ॥૨॥

૩. **વડોદરાના વૈદ્ય શાસ્ત્રી રામચંદ્રને કહે.** વૈદ્યરાજ વિસ્મીત થઈ, ઉચરે મુખથી આમ ॥ નાડી દેખાડી મને, છેતરિયો સુખ ધામ. ॥૩॥

૪. **ધોળેરાનાં ગરાસીયાં કુલીબા કહે.** કુલીબા પ્રફુલ્લિત થઈ, ગયાં દુરગપુર આપ ॥ શ્યામ સ્વધામ ગયા સુણી ઉર ઉપજ્યો પરિતાપ. ॥૪॥

૫. **પીપળાણામાં વિપ્ર લાડુબા કહે.** તરત સમાધિમાં થયાં, લાડુબાઈ લેલીન ॥ અવિનાશી અક્ષર ગયા, જોઈ થયું મન ખીન્ન ॥૫॥

૬. **અક્ષરઓરડીમાં મુકુંદવર્ણી કહે.** મુકુંદવર્ણી મર્મ એ સમજ્યા તે ભલી વાત ॥ અક્ષરઓરડીએ પ્રભુ, સદા વસે સાક્ષાત ॥૬॥

૭. **અક્ષરઓરડીમાં શુકમુનિ કહે.** શુકમુનિને ચિંતા ટળી, અવલોકી આશ્ચર્ય ॥ પ્રગટ બિરાજે છે પ્રભુ, આ સ્થળમાં મુનિવર્ય. ॥૭॥

૮. **પાણવીના ભક્તરાજ પુંજા ડોડીયા કહે.** પવિત્ર પુંજો ડોડીયો, તેને ગરીબ નિવાજ ॥ ગયા તેડી દિન તેરમે, મધ્યાહ્ને મહારાજ. ॥૮॥

૯. **મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી કહે.** નિંબ વૃક્ષ નીચે પ્રભુ, અતિ લેતા આનંદ ॥ તેથી તે તરૂતળ રહે, સદાય સહજાનંદ ॥૯॥

૧૦. **રામકૃષ્ણ ગોવિંદ બોલતા સંત કહે.** સંત કહે સૌ બોલીએ, રામકૃષ્ણ ગોવિંદ ॥ એ અવસર આવે સદા, સ્વામી સહજાનંદ. ॥૧૦॥

૧૧. **શ્રી રઘુવીરજી મહારાજનાં પત્ની વિરજાબા કહે.** વિરાજબા વિસ્મિત થઈ, અંતર કરે વિચાર ॥ પ્રગટ બિરાજે છે પ્રભુ, દાદાને દરબાર. ॥૧૧॥

૧૨. **ગઢપુરમાં બ્રહ્માનંદસ્વામી કહે.** બ્રહ્માનંદીશ્વર પતિ, લહે ન બ્રહ્માનંદ ॥ બ્રહ્માનંદ ઉરે થયો, અદ્‌ભુત બ્રહ્માનંદ ॥૧૨॥

આવી રીતે શ્રીજી મહારાજ દેહોત્સર્ગ કરી અક્ષરધામમાં ચાલ્યા ગયા. નહિ તો ઘણાં મંદવાડ આવેલા પણ પોતે પોતાની ઈચ્છાથી જ શરીર રાખેલું. સંવત ૧૮૬૧ના પોષ સુદી પૂનમે અગત્રાઈમાં ઘોડે વગાડેલું તેમાં પણ દેહ રાખેલો. પછી સંવત ૧૮૭૦ના આસો સુદી પૂનમે જાળીયામાં મંદવાડ બહુ જ સખત હતો

તેમાં પણ દેહ રાખેલો. પછી સંવત ૧૮૭૭ના વૈશાખ સુદી બારસે ગઢડે મંદવાડમાં દેહ રાખ્યો. પછી સંવત ૧૮૭૮ના ફાગણ સુદી અષ્ટમીએ ગણેશ ધોળકે મંદવાડમાંથી દેહ રાખ્યો હતો. પછી સંવત ૧૮૭૯ના ચૈત્ર સુદી નોમને દિવસે પંચાળે મંદવાડમાંથી દેહ રાખ્યો. અને પછીથી સંવત ૧૮૮૬ના પોષ સુદી બીજથી મંદવાડ ગ્રહણ કર્યો તે હરિભક્તો ઉપરથી દયા ઉતારીને શ્રીજીમહારાજ જેઠ સુદી દશમે અક્ષરધામમાં જતા હવા. ॥૮૨॥

જેતલપુર પાસે નેનપર ગામ છે તેમાં શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ દેવજીભાઈ રહેતા હતા. તે દેવજી ભક્ત નિરંતર શ્રીજીની મૂર્તિને ધારીને પાંચસે માળા ફેરવતા હતા. તેમના જેવાં જ શ્રીજી મહારાજનાં ભક્ત જાનાબાઈ (જાનબાઈ) દેવજી ભક્તનાં સ્ત્રી હતાં. તેમજ દેવજી ભક્તને એક દીકરો હતો ને દેવજી ભક્ત ખેતીનું કામ કરતા હતા. તે એક સમયે દેવજીભક્ત સીમમાં સવારે ગયેલા ને તેમને ગામ જૂનાગઢથી ફરતા ફરતા કૃપાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી આવ્યા તે ગામના મંદિરમાં પોતાનો ઉતારો કર્યો. તેટલાકમાં હરિભક્તો સ્વામીનાં દર્શન કરવા આવ્યા. મંદિરમાં રહેલી શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન કરી બન્ને સ્વામીનાં દર્શન કરીને શ્રીઠાકોરજીના થાળ માટે દેવજી ભક્તના ઘેરથી સીધું લાવીને આપ્યું. તે સીધાની રસોઈ કરી શ્રીઠાકોરજી મહારાજને જમાડીને બન્ને સ્વામી જમીને શ્રીઠાકોરજીના થાળનો પ્રસાદ તેમને ઘેર હરિભક્ત સંગાથે મોકલ્યો.

પછી સાંજના બીજે ગામ જવા માટે તૈયાર થયા ત્યારે હરિભક્તોના આગ્રહથી બન્ને સ્વામી તે રાત્રિ તે ગામમાં રહ્યા. પછી બન્ને સ્વામી સહિત સર્વે હરિભક્તોએ સંધ્યા આરતી કરી રામકૃષ્ણ ગોવિંદ બોલી ભગવાન શ્રી સ્વામિનારાયણની ધુન્ય કરી. રાધિકાષ્ટક તથા નિર્વિકલ્પ તથા અષ્ટક વિગેરેથી શ્રીજીની સ્તુતિ કરી દંડવત્ પ્રણામ કરીને બન્ને સ્વામી સભામાં બેઠા ને હરિભક્તો પણ બન્ને સ્વામીને પગે લાગીને સભામાં બેઠા. ત્યારે કૃપાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કથાવાર્તા કરવા કહ્યું. તેથી કથાવાર્તા કરી સભા ચેષ્ટા વિગેરેથી પરવારીને હરિભક્તો પોતાના ઘેર ગયા.

પછી ખેતરમાં ગયેલા દેવજી ભક્ત રાત્રિના આઠ વાગે પોતાને ઘેર આવ્યા ને હળ છોડીને બળદિયાને ખીલે બાંધીને ખડ નાંખીને ઘરમાં આવ્યા ત્યારે તેમનાં ઘરનાંએ વાત કરી કે તમો ખેતરમાં ગયા પછી જૂનાગઢના કૃપાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી આપણાં ગામમાં આવ્યા છે ને મંદિરમાં ઊતર્યા છે. પછી

હરિભક્ત સંગાથે આપણે ઘેરથી સીધું મોકલ્યું હતું, તેની રસોઈ કરી શ્રીઠાકોરજીને જમાડીને બન્ને સ્વામીએ જમીને પ્રસાદ આપણે ઘેર મોકલાવ્યો હતો ને સાંજના જતા હતા પણ હરિભક્તોના આગ્રહથી રોકાયા છે તો તમો પરવારીને તેમનાં દર્શન કરવા જાઓ.

આવું સ્ત્રીનું વચન સાંભળીને સ્નાન કરી તૈયાર થઈ જમ્યા સિવાય મુઠડી તથા માળા લઈને મંદિરમાં જઈ શ્રીજીમહારાજને દંડવત્ કરી પગે લાગી બન્ને સ્વામીને દંડવત્ કરી પગે લાગી સભામાં બન્ને સ્વામીની પાસે બેઠા. પછી થોડીવાર કૃપાનંદ સ્વામીએ શ્રીજીની લીલાની વાર્તાઓ કરી. પછીથી કૃપાનંદ સ્વામીની આજ્ઞાથી ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના પરચાની તથા ધર્મ સંબંધી, વૈરાગ્ય સંબંધી તથા જ્ઞાન સંબંધી ઘણી વાર્તાઓ કરી. ત્યારે રાત્રિના બાર વાગ્યા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ દેવજી ભક્તે કહ્યું જે બાર વાગ્યા છે માટે હવે ઘેર જઈને સૂઈ જાઓ. ત્યારે દેવજી ભક્ત કહે સ્વામી તમો બન્ને જણ બીજા ગામથી આ ગામ ચાલીને આવેલા માટે થાકી ગયા હશો માટે સૂઈ જાઓ. હું તો અહીંથી ઘેર જઈને ખાધા પછી ખેતરમાં જાર વાવી છે તેના ડુંડાં થયેલાં છે તે સાચવવા માટે દરરોજ રાત્રિએ ખેતરે જાઉં છું. ત્યાં જાર સાચવવા લાકડાંનો માળો કર્યો છે તેની ઉપર બેસીને શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને પાંચસેં માળા ફેરવીશ. ત્યારે રાત્રિના ત્રણ વાગશે પછી નિદ્રાદેવીને કહીશ જે તારે આવવું હોય તો આવ ને જો તું નહિ આવે તો ચાર વાગશે એટલે તેને અંગિકાર કરવામાં આવશે નહિ. ને રામકૃષ્ણ ગોવિંદ બોલી સ્વામિનારાયણના નામની ધુન્ય કરી ધર્મકુલનાં નામ બોલી બ્રહ્મચારી-સંત-પાર્ષદ-હરિભક્ત બાઈ-ભાઈ વિગેરેનાં નામ બોલી પ્રભાતિયાં બોલીશ એટલે સૂર્યનારાયણનો ઉદય થવાનો સમય થશે. એટલે ઘેર આવી સ્નાન પૂજા પાઠ કરી મંદિરમાં શ્રીજીનાં દર્શન કરી બે વચનામૃત વાંચી ઘેર જઈ જમીને પાછો ખેતરે જઈશ ને સાંજે પાછો ઘેર આવી સ્નાન કરી મુંઠડી લઈ શ્રીજીનાં દર્શને આવી દંડવત્ પ્રણામ કરી બે વચનામૃત વાંચીને ઘેર જઉં છું.

આવી રીતે દેવજી ભક્તનો આખા દિવસનો રાત્રિનો ઈતિહાસ સાંભળીને કૃપાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીને કહેતા હતા કે, લોકમાં કહેવત છે કે ગુરુ કરતાં શિષ્ય આગળ તે કહેવત પ્રમાણે આ દેવજી ભક્ત છે તેમના આગળ તો આપણે ઘરબાર તજ્યાં છે પણ આપણાથી આવું શ્રીજીનું ભજન થતું નથી માટે તેમને ધન્ય છે કે ગૃહસ્થાશ્રમમાં રહ્યા છે પણ કમળની પેઠે તેમને સંસાર અડ્યો નથી ને રાત્રિદિવસ શ્રીજીમહારાજનું ભજન કરે છે.

આવી વાત કર્યા પછી દેવજી ભક્ત ઘેર ગયા ને બન્ને સ્વામીઓ રાત્રિએ સૂઈ ગયા ને સવારે સ્નાન પૂજા પાઠ કરીને બીજે ગામ જતા હતા. ॥૮૩॥

ગઢપુરમાં શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન થઈને કથાવાર્તા કરાવતા તે કથામાં જે કોઈ ઊંઘી જાય તેની ઉપર શ્રીજી સોપારીનો બેરખો નાખે તેથી તે જાગીને બેરખો શ્રીજીમહારાજને આપવા આવે. આવી રીતે ઘણાંની ઉપર બેરખો નાખીને જગાડેલા. એક સમયે શ્રીજીના સખા સુરાખાચર ઊંઘતા હતા તેમને જોઈને બ્રહ્માનંદ સ્વામી કહે ગરીબ હરિભક્તની ઉપર બેરખો નાંખીને જગાડે પણ પોતાના સખા સુરાખાચર ઊંઘી ગયા છે ને ભેંસની પાડી દૂધ માટે ગાંગરે તેની માફક નસકોરાં બોલે છે તોપણ જગાડતા નથી. આવું બ્રહ્મમુનિનું વચન સાંભળી શ્રીજીએ સુરાખાચર ઉપર બેરખો નાખ્યો એટલે ઝબકીને જાગ્યા ને શ્રીજીને બેરખો આપવા આવ્યા ત્યારે પૂછ્યું કે સભામાં ઊંઘતા હતા? ત્યારે સુરાખાચર શ્રીજીને કહે કે ના મહારાજ હું ઊંઘતો નહોતો પણ આપની ચોટીનું ધ્યાન કરતો હતો.

એમ કહીને સભામાં બેઠા ને થોડી વારે શ્રીજીની પાટ આગળ બેઠેલા મુકુંદ બ્રહ્મચારીને ઊંઘતા જોઈને સુરાખાચર શ્રીજીને કહે મને બેરખો નાંખીને જગાડ્યો પણ પોતાના હજુરી સેવક ઊંઘે છે તેને જગાડતા નથી. આવું સુરાખાચરનું વચન સાંભળીને શ્રીજીમહારાજ સુરાખાચરને કહે કે બ્રહ્મચારી ઊંઘતા નથી પણ ત્રણેય અવસ્થામાં અમારી સેવામાં હાજર રહે છે. ત્યારે સુરાખાચર કહે પોતાના સેવકનો પક્ષ રાખે પણ અમારો કોણ પક્ષ રાખે ?

આવું વચન સાંભળીને શ્રીજીમહારાજે મુકુંદ બ્રહ્મચારી ઉપર બેરખો નાખ્યો કે તુરંત ઊભા થઈને ગાદીતકિયાએ સહિત મહારાજને ઉપાડીને સભામાંથી ચાલ્યા ત્યારે મહારાજ બ્રહ્મચારીને કહે મને ક્યાં લઈ જાઓ છો ? આવું વચન સાંભળીને જાગ્યા ને શ્રીજીને કહે આપશ્રી ધર્મશાળામાં સભા કરીને બેઠા છો ને ધર્મશાળા લાગી એટલે તમો દાઝો નહિ તેથી ઉપાડીને જતો હતો. આવું બ્રહ્મચારીનું વચન સાંભળીને શ્રીજી સુરાખાચરે કહે કે જુઓ ઊંઘમાં પણ અમારી સેવામાં છે ! પછી બેરખો બ્રહ્મચારીએ શ્રીજીને આપ્યો ને સભામાં બેઠા.

પછી થોડીવારે બ્રહ્માનંદ સ્વામી સભામાં ઊંઘી ગયા ત્યારે સુરાખાચર મહારાજને કહે મને બેરખો મારીને જગાડ્યો પણ આ બ્રહ્મમુનિ ઊંઘી ગયા છે તેમને કેમ જગાડતા નથી ? આવું સુરાખાચરનું વચન સાંભળીને શ્રીજીએ બ્રહ્મમુનિ ઉપર બેરખો નાખ્યો તેથી જાગ્યા ને બેરખો આપવા શ્રીજીમહારાજ પાસે આવ્યા

ત્યારે શ્રીજીએ કહ્યું કે સભામાં કેમ ઊંઘતા હતા ? ત્યારે બ્રહ્મમુનિ શ્રીજીને કહે હું ઉંઘતો ન હતો. હું તો આપની મૂર્તિનું કીર્તન બનાવતો હતો.શ્રીજી કહે,"બોલો કીર્તન. ત્યારે સ્વામી કહે સર્વે ઊભા થાઓ ને લીંબડાની નીચે રાસ કરીએ તેમાં હું કીર્તનની કડી બોલું ને સર્વે ઝીલે.

આવું બ્રહ્માનંદસ્વામીનું વચન સાંભળીને સર્વ સંત સહિત શ્રીજીમહારાજ લીંબડા નીચે જઈને રાસ લેવા લાગ્યા ને બ્રહ્માનંદ સ્વામી કીર્તન બોલતા હતા કે **તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે, કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે** આવી રીતે તત્કાળ ચાર પદ બોલ્યા તેથી શ્રીજીમહારાજ બ્રહ્માનંદ સ્વામી ઉપર રાજી થઈને મળ્યા ને પોતાના બે હાથ મસ્તક ઉપર મૂક્યા ને મુકુંદ બ્રહ્મચારીને કહ્યું કે બ્રહ્મમુનિને અમારી પ્રસાદીનો થાળ જમવા આપજો. આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને બ્રહ્માનંદ સ્વામી આનંદને પામતા હતા. ॥૮૪॥

ગઢપુરથી શ્રીજીમહારાજની આજ્ઞાથી બ્રહ્માનંદ સ્વામી દેશાંતરમાં સત્સંગ કરાવવા ફરતા હતા. પછી ઘણાં ગામોમાં સત્સંગ કરાવીને શ્રીજીમહારાજનાં દર્શન કરવાની ઈચ્છાથી ફરતા ફરતા કારિયાણી (કરિયાણા) ગામ પ્રત્યે આવ્યા. તે ગામમાં શ્રીજી કાળામકવાણાને ઘેર છાંના રહ્યા છે એવા સમાચાર સાંભળીને એક વાડીમાં છોકરો પાણીના કોશ કાઢતો હતો ત્યાં બ્રહ્માનંદ સ્વામી આવ્યા ને કહે, આ ગામમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન કાળામકવાણાને ત્યાં રહે છે ત્યાં મારા સમાચાર કહેવા તમો જાશો ? ત્યારે છોકરો કહે હું તમારા સમાચાર કહેવા ગામમાં જાઉં તો મારા કોશ કોણ હાંકે? ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે તમારા કોશ હું હાંકીશ.

તેવું સ્વામીનું વચન સાંભળીને છોકરો કહે તમોએ કોશ હાંક્યા હોત તો બાવા શું કરવા થાત? મફતનું ખાવા બાવા થયા છો. આવું છોકરાએ કહ્યું જેથી સ્વામી કહે હું કોશ હાંકી બતાવું. પછી બ્રહ્મમુનિએ કોશ બે-ચાર હાંકી બતાવ્યા તેથી છોકરાના મનમાં વિશ્વાસ આવ્યો જે કોશ હાંકેલા છે ખરા. પછી બ્રહ્મમુનિનો સંદેશો લઈને શ્રીજી પાસે તે છોકરો ગયો ને શ્રીજીને કહ્યું તમારા બ્રહ્માનંદ સ્વામી મારી વાડીએ આવ્યા છે તેમને આપનાં દર્શન કરવા આવવું છે માટે તમારી આજ્ઞા હોય તો આવે તે પૂછવા મને મોકલ્યો છે. ત્યારે શ્રીજીમહારાજ કહે તમારી વાડીથી બે-ત્રણ ધક્કા મારીને કાઢી મૂકજો પણ અહીં મોકલશો નહિ.

આવું શ્રીજીનું વચન સાંભળીને પોતાની વાડી આવતાં ઊંચા ટેકરા ઉપર ચઢીને જોયું કે કોશ હાંકે છે કે પોક પાડવા માથે ઓઢીને બેઠો છે? જોયું ત્યાં તો કોશ છોડીને બળદિયાને ચરવા મૂકેલા ને સ્વામીને બેઠેલા જોયા તેથી મનમાં સંકલ્પ કર્યો કે સ્વામિનારાયણે તો બે-ત્રણ ધક્કા મારવાના કહ્યા છે પણ હું વધારે ધક્કા મારીને મારી વાડીએથી કાઢી મૂકીશ.

આવો વિચાર કરતાં આવતા છોકરાએ પોતાનું ખેતર પાણીથી ભરેલું જોયું ને થોડી વારે બ્રહ્મમુનિ પાસે આવ્યો ને કહે કે તમારા મહારાજે તો બે-ત્રણ ધક્કા મારીને તમને કાઢી મૂકવાનું મને કહ્યું છે. પણ ભગવાન જેવા તમારા સરખા સાધુને મારાથી ધક્કા મરાય નહિ. એવું છોકરાએ કહ્યું ત્યારે બ્રહ્મમુનિ જે ઠેકાણે ઊભા હતા ત્યાંથી ધક્કા માર્યા હોય તેવી રીતે બે-ત્રણ પગલાં ખસી જઈને છોકરાને કહે કે હું કાગળ લખી આપું તે લઈને અમારા મહારાજ પાસે જાશો ? ત્યારે છોકરે હા પાડી તેથી સ્વામીએ પત્રમાં કીર્તન લખેલું હતું કે અમે તમારા માટે લોકલાજ તજીને સંસારત્યાગ કર્યો છે માટે તમને દયા આવે તો દર્શન દેજો, નહિ તો અમારા અંતરમાં અખંડ રહેજો. એ ભાવાર્થનું કીર્તન અહીંયાં નીચે આપેલું છે.

॥ રાગ સોરઠ ॥

સુણો ચતુર સુજાણ, એમ ન ઘટે તમને હો દીનાનાથજી,
મારા પ્રાણના આધાર જેમ રાખો તેમ રહીએ વચનને સાથજી. ટેક
અમે તમ કારણ સહ્યાં મેણાં, નાથ નિરખવાને સુણવા વેણાં,
અમે તૃપ્ત નથી કીધાં નેણાં...સુણો. ॥૧॥
આવી પ્રીત કરીતી શીદ આગે, દૂધ દેખાડીને માર્યાં ડાંગે,
પછી તેને તે કેવું વસમું લાગે...સુણો. ॥૨॥
અમે લોકલાજ કુળની લોપી, અમે ગીરઘરનાં કહાવ્યાં ગોપી,
અમે તમ કારણ પેરી ટોપી...સુણો. ॥૩॥
તમને દયા આવે તો દર્શન દેજો, નહિ તો અખંડ અંતરમાં રહેજો,
એમ શ્રીરંગના સ્વામીને કહેજો...સુણો. ॥૪॥

આવું કીર્તન લખીને છોકરાને આપ્યું. તે લઈને શ્રીજીમહારાજ પાસે ગયો ને પત્ર આપ્યો. ને શ્રીજીએ કીર્તન વાંચીને તુરંત છોકરાને કહ્યું કે અમારા સાધુને બોલાવી લાવો. આવું કહેવાથી તે છોકરે પોતાની વાડીએ જઈને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે તમોને શ્રીજીમહારાજ દર્શન કરવા બોલાવે છે માટે જાઓ. આવી શ્રીજીની સંદેશારૂપ અમૃતવાણી સાંભળીને સ્વામી શ્રીહરિ સમીપમાં જઈ દંડવત્ પ્રણામ કરી પગે લાગીને શ્રીજીનાં દર્શન કરી અતિઆનંદ પામીને સમીપમાં બેઠા. ત્યારે શ્રીજી કહે હે બ્રહ્મમુનિ સુખી તો છો ? ત્યારે સ્વામી કહે તમારી દયા દૃષ્ટિથી સુખી છીએ ને જે જે ગામમાં અમે સત્સંગ કરાવવા માટે પેસીએ કે તુરંત તે તે ગામના લોકો અમારી ચંદન, પુષ્પ, ગુલાલથી પૂજા કરે એવું સર્વ ઠેકાણે આપના પ્રતાપથી અમારું સન્માન થાય છે.

આવું બ્રહ્મમુનિનું વચન સાંભળીને શ્રીજી કહે આ તમારી દિવ્ય ભાષા અમને સમજાતી નથી માટે તેનો ઉત્તર કરો. ત્યારે બ્રહ્મમુનિ કહે લોકો અમારી ઉપર કાદવ નાંખે તેને અમે ચંદન સમજીએ છીએ ને પથરાને પુષ્પ તથા ધૂળને ગુલાલ માનીને ગામમાં પેસી લોકોને આપશ્રીના મહિમાનો ઉપદેશ કરીને સત્સંગી બનાવીએ છીએ. આવું બ્રહ્માનંદ સ્વામીનું વચન સાંભળીને બ્રહ્મમુનિને પોતાના સમીપમાં રાખીને પોતાની મૂર્તિનું સુખ આપીને આનંદ પમાડતા હતા. તે બ્રહ્માનંદ સ્વામીને જ્યારે સાધુની દીક્ષા આપી ત્યારે તેમનું નામ શ્રીજીએ શ્રીરંગદાસજી પાડ્યું. પછી શ્રીરંગદાસની ચિત્તવૃત્તિ શ્રીસ્વામિનારાયણ ભગવાનમાં લાગવાથી અખંડ પરબ્રહ્મના આનંદમાં રહેતા હોવાથી તેમનું શ્રીરંગદાસ નામ બદલીને બ્રહ્માનંદ એવું નામ પાડ્યું હતું.

તે બ્રહ્માનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ લાડુભાઈ હતું ને તેઓશ્રી આબુની તળેટીમાં રહેલા ડુંગરપુર તાલુકાના ખાણ ગામના હતા. તેમના પિતાનું નામ શંભુદાનભાઈ તથા માતાનું નામ લાલુબાઈ હતું. તેમના પિતાના ગુરુ શ્રી રામાનંદ સ્વામી હતા. લાડુદાન બારોટ જ્યારે પંદર વરસના થયા ત્યારે તેમને પીંગળ ભણવા માટે ઉદેપુરના રાજાએ કચ્છભૂજમાં મોકલ્યા હતા. ત્યાં આઠ-દસ વર્ષ અભ્યાસ કર્યા બાદ જોધપુર-બિકાનેર-જયપુર-જૂનાગઢ-જામનગર-ભાવનગર આદિક શહેરોના રાજાઓ લાડુદાનનો સારો સત્કાર કરતા ને સરપાવ આપતા હતા. ભાવનગરનાં વજેસિંહ રાજાએ સારો સરપાવ આપ્યો હતો.

પછી વજેસિંહ રાજાના કહેવાથી બારોટ લાડુદાન ભાવનગરથી ગઢપુર આવ્યા ને દાદાખાચરના દરબારમાં બિરાજતા શ્રીસહજાનંદ સ્વામીનો પ્રથમ પેલો મેળાપ થયો તે વખતે શ્રીજીમહારાજ અક્ષરમુક્તરૂપ લીંબડા નીચે સભામાં સફેદ વસ્ત્રો પહેરીને તથા ફૂલના હાર ધારી અનેક સંતહરિભક્તોની સભામાં બેઠેલા શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરી કૃતાર્થ થયા ને તેઓશ્રી શીઘ્ર કવિ હોવાને લીધે તે જ વખતે નીચેનું નવું કીર્તન બનાવીને બોલતા હતા. **॥ રાગ ખમાચ ॥**

આજની ઘડી રે, ધન્ય આજની ઘડી;
મેં નિરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી...ટેક
કામ ક્રોધ લોભ, વિષય ન શકે નડીઃ માવજી કેરી મૂર્તિ મારા
હૃદયમાં ખડી રે... ધન્ય આજની ઘડી. ॥૧॥
જીવની બુદ્ધિ જાણી ન શકે, એ મોટી અડી; સદ્‌ગુરુની દૃષ્ટિ થાતાં,
વસ્તુ એ જડી...રે ધન્ય આજની ઘડી. ॥૨॥
ચોરાશી ચહુ ખાણમાં હું તો, થાક્યો આથડી;
અંતર હરિશું એકતા થાતા, દુબધા દુર પડી..રે ધન્ય આજની ઘડી. ॥૩॥
જ્ઞાનકુચિ ગુરુ ગમસેં, ગયાં તાળાં ઊઘડી; લાડુ સહજાનંદ નિરખતાં,
ઠરી આંખડી...રે ધન્ય આજની ઘડી. ॥૪॥

આ કીર્તન ગાતામાં તો લાડુદાનના આનંદનો પાર રહ્યો નહિ. પછી સ્વામિનારાયણ ભગવાનની ષોડશોપચારથી પૂજા કરીને લાડુદાન શ્રીજીમહારાજના સત્સંગી થયા. તે સમયે લાડુદાને સોનેરી વસ્ત્રો પહેર્યા હતાં અને હાથમાં સોનાનાં કડાં, આંગળીઓમાં વેઢ-વીંટીઓ પહેરી હતી ને પગમાં સોનાના તોડા વિગેરેને ધારણ કરેલા જોઈને શ્રીજીમહારાજે આજ્ઞા કરી કે આ અમારી સાંખ્યયોગી બાઈઓની સભા જુદી છે. તેમની પાસે જઈને તમો ભગવાનની વાર્તાઓ કરો પછી લાડુદાને ત્યાં જઈને બાઈઓને જ્ઞાન સંબંધી વાર્તાઓ કરી.

આવી વાતો સાંભળીને સભામાં બેઠેલા જીવુબાએ સાંખ્ય જ્ઞાનની તથા શ્રીસ્વામિનારાયણ ભગવાનના મહિમાની તથા વૈરાગ્ય સંબંધી વાર્તાઓ કરી તેથી લાડુદાન પૂર્ણ વૈરાગ્ય થવાથી પોતે પહેરેલાં સોનેરી વસ્ત્રો તથા દાગીનાઓ ઉતારીને શ્રીજીમહારાજને અર્પણ કર્યા ને કહ્યું કે હવે મારે ઘેર જવું નથી ને તમારા થકી દીક્ષા લઈને સાધુ થઈને તમારી પાસે રહેવું છે.

આવું લાડુદાનનું વચન સાંભળીને શ્રીહરિએ તેમને ભાગવતી દીક્ષા આપીને શ્રીરંગદાસ એવું પ્રથમ નામ પાડ્યું હતું. શ્રીરંગદાસજી હસમુખા હોવાથી શ્રીજીમહારાજ સાથે સખા ભાવ રાખતા. વળી સ્વભાવે શાંત હતા. તેથી શ્રીસહજાનંદસ્વામી તેમને પોતાની સાથે રાખતા હતા. ને કોઈ વખતે સત્સંગ વધારવા માટે શ્રીજીમહારાજ આજ્ઞા કરતા ત્યારે ગુજરાત આદિક દેશમાં ફરવા જતા ને ત્યાં સત્સંગ વધારીને શ્રીજી પાસે આવીને ગઢપુરમાં નિવાસ કરીને મહારાજની ભક્તિ કરવા પૂવક સ્વધર્મ-જ્ઞાન-વૈરાગ્ય ભક્તિ વિગેરેનાં કીર્તનો બનાવતા હતા. તે કીર્તનો સાંભળીને શ્રીહરિ ઘણાં પ્રસન્ન થઈને બ્રહ્માનંદ સ્વામીનાં વખાણ કરવા પૂર્વક છાતીમાં ચરણારવિંદ આપતા ને પ્રસાદીના હાર પહેરાવતા ને પોતાનો થાળ જમાડતા તેથી બ્રહ્માનંદ સ્વામી પોતાને પૂર્ણ કામ માનતા હતા. ॥૮૫॥

એક સમયે માનસિંહ રાજાએ શુકાનંદ સ્વામીને પૂછ્યું જે ઉન્મત્ત ગંગા નદી જે તે સર્વ અવતારના કારણ શ્રીહરિનો શ્રેષ્ઠ સંબંધ પામી તેવો સંબંધ આ ભૂમિમાં બીજી નદીઓ પામેલ નથી. માટે શ્રીહરિના સંબંધવાળી ઉન્મત્તગંગાનું શું માહાત્મ્ય તથા ઉન્મત્તગંગાના સંબંધે કરીને જીવોની કેવી ગતિ થાય છે તે જાણવાની મારી ઈચ્છા છે માટે મને તે કહો.

આવું વચન સાંભળીને શુકાનંદ સ્વામીએ કહ્યું જે તમે બહુ સારો પ્રશ્ન પૂછ્યો તેને હું કહું તે તમે સાંભળો. હે રાજન્, એક સમયે મંદાકિની ગંગામાં સ્નાન કરવા નરનારાયણ ગયા. તે સ્નાન કરીને પોતાના આશ્રમમાં આવ્યા. તે સમે અતિશે ગર્વવાળી ને સ્ત્રીનું રૂપ ધરી રહેલી મંદાકિનીને જોઈ. તે કેવી તો વામનજીના ચરણનો સ્પર્શ થયો છે જેને માટે મદોન્મત્ત એમ જાણીને મંદાકિનીને શ્રીનરનારાયણે પૂછ્યું જે તું મદે યુક્ત ને અતિ ઉત્સાહવાળી દેખાય છે તેનું શું કારણ છે તે તું મને કહે.

તે સાંભળીને મંદાકિનીએ શ્રીનરનારાયણને કહ્યું જે વામનજીનાં ચરણનાં સ્પર્શે કરીને ઐશ્વર્યને પામી તેણે કરીને જીવોનાં પાપ નાશ કરવામાં સમર્થ એવી જે હું તે મને મદ અને આનંદ કેમ ન હોય ! વળી તમો મારામાં સ્નાન કરો છો. તેથી આવો ગર્વ પામેલી છું. આવું મંદાકિનીનું વચન સાંભળીને સુધાથી શ્રેષ્ઠ વચન કહ્યું જે હે સુવ્રતે તમને વામનજીના ચરણનો એકવાર સ્પર્શ થયો છે તેથી આવો ગર્વ ન કરવો તેમ જ નરે સહિત મારું સ્નાન કરવું. તેનો ગર્વ કરવાની જરૂર નથી કેમકે મારાથી ને વામનજીથી અક્ષરપતિ પુરુષોત્તમનારાયણ જુદા છે તે પ્રત્યક્ષનો તમારે સંબંધ થયો નથી માટે તારે ગર્વ કરવો તે યોગ્ય નથી.

આવું નરનારાયણનું વચન સાંભળીને અતિશય વિસ્મય પામીને ગર્વ ટળી ગયો તેથી કરીને મંદાકિની ગંગાએ તે સર્વ અવતારના અવતારીની પ્રાપ્તિ માટે તપ કરવાનો નિશ્ચય કર્યો. પછી શ્રીનરનારાયણને કહ્યું જે હે ભગવાન્ સમગ્ર અવતારને તમારા કારણ તમે જે શ્રીહરિ કહ્યા તેમનો કાયમ મને જે પ્રકારે સંબંધ થાય તે પ્રકારે તપને કરીશ. આવું મંદાકિનીનું વચન સાંભળીને શ્રીનરનારાયણે કહ્યું જે હે કલ્યાણી, તમારો શુભ સંકલ્પ તે સિદ્ધ થશે. એમ કહીને શ્રીનરનારાયણ પોતાના આશ્રમમાં ગયા. ત્યાર પછી મંદાકિની ગંગાએ મનુષ્યનું શરીર ધારણ કરીને તપ કરવાની ઈચ્છા કરી.

તે સમયે વંકાયન નામના ઋષિ તે પશ્ચિમ પાંચાલ દેશમાં રહેલા સોમનાથ નામના પર્વતમાં રહીને સંકલ્પ કર્યો જે મંદાકિનીગંગા મારી પુત્રી થાય તો મારા વંશનો ઉદ્ધાર થાય. એમ નિશ્ચય કરીને પોતાના વંશની મુક્તિ સારુ અતિશે કઠણ તપનો આરંભ કર્યો. તે તપના પ્રતાપથી પોતાની રમા નામની સ્ત્રીને વિશે મંદાકિની ગંગા પુત્રી રૂપે ઉત્પન્ન થઈ. તે પુત્રી પણ ગુણના સમૂહે કરીને પોતાનાં માતાપિતાને અત્યંત આનંદ પમાડતી એવી બાલયોગિની નામની પુત્રી તે અતિશે કઠણ સર્વોત્તમ તપ કરવા લાગી. તે પુત્રીએ બહુ વર્ષ પર્યંત તપ કર્યું. તેણે કરીને બ્રહ્માદિક દેવતાઓ પ્રસન્ન થઈને બાલયોગિની રૂપ ગંગા પાસે આવ્યા. તે અત્યંત કૃશ થઈ ગયું છે શરીર જેમનું એવી ગંગાને તે સમયે દેવોએ પ્રેરણા કર્યા એવા નારદજીએ ગંગાને પૂછ્યું જે તપસ્વીઓથી ન થાય એવું કઠણ તપ તમે શા સારુ કરો છો? તે સાંભળીને ગંગાએ નારદજીને કહ્યું કે હે મુને અક્ષરધામના અધિપતિ પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો કાયમ અત્યંત સંબંધ પામવાને માટે બાલ્યાવસ્થાથી આ કઠિન તપ કરું છું. તે મારા પ્રાણ રહેશે ત્યાં સુધી તપ કરીશ.

આવો વિચાર સાંભળીને નારદજી બહુ રાજી થયા તેથી ગંગાને કહ્યું જે આ શરીરનો ત્યાગ કરીને પૃથ્વીમાં નદી રૂપ પામેલાં તમે તે તમને પ્રગટ ભગવાનનો સંબંધ થાશે. તે પ્રગટ ભગવાન કૌશલ દેશને વિશે છપૈયા ગામમાં ભક્તિ ધર્મને ત્યાં જન્મ ધારણ કરીને પોતાના એકાંતિક ભક્તની ભક્તિને વશ થઈને ગઢપુરમાં નિવાસ કરશે ત્યારે તમે ગઢડાના સમીપમાં નદી રૂપે વહન થયે સતે ઉન્મત્તગંગા નામ ધારણ કરશો તેમાં જરા પણ સંશય નથી. ને તમારામાં અનેક ધામના મુક્તોએ સહિત શ્રીહરિ સ્નાન કરશે. તેથી તમારી કીર્તિ સર્વે બ્રહ્માંડમાં નિશ્ચે વ્યાપશે ને તમને સત્પુરુષના પતિ શ્રીજીમહારાજનો સંબંધ થશે.

આવો નારદે સહિત બ્રહ્માદિ દેવો વર આપીને ગંગાના ગુણનું વર્ણન કરતા પોતાના ધામ પ્રત્યે ગયા ને ત્યાર પછી ગંગા અતિકઠણ તપ કરવા લાગ્યાં. તે સમે આકાશવાણી થઈ જે હે ભદ્રે તપ છે પ્રિય જેમને ને અક્ષરથી પર હું પુરુષોત્તમ નારાયણ તારું કઠણ તપ જોઈને પ્રસન્ન થયો છું. માટે મનુષ્યની આત્યંતિક મુક્તિને સારુ ધર્મદેવ થકી ભક્તિને વિષે જન્મ ધારણ કરીને અક્ષરમુક્તોએ સહિત ગઢપુરને વિશે અભય રાજાના દરબારમાં નિવાસ કરીશ. તે સમયે નદીરૂપ પામેલ તમોને મારો ગાઢ સંબંધ થશે. આવી આકાશવાણી સાંભળીને પ્રેમથી અતિ દુષ્કર તપ કરવા લાગી.

ત્યાર પછી ગંગારૂપ બાળયોગિની આનંદ સહિત પુરુષોત્તમ નારાયણનો નિત્ય સંબંધ થશે એમ ધારી કાળે કરીને નદી રૂપે થઈને (ઘેલા) સોમનાથ મહાદેવના સ્થાનવાળો ને વાંકીયા ગામ પાસે રહેલો પર્વત તેમાંથી પ્રવાહરૂપે નીકળી તે ગંગાને લાવવા પ્રયત્ન કરતા માંડવ્યઋષિ તેમના તપના ફળરૂપ થઈને માંડવ્ય મુનિને પવિત્ર કરતી એવી જે ગંગાજી તે માંડવધાર ગામ પાસે નીકળી તેમજ માંડવ્ય ઋષિની પેઠે તપને કરતો નીલકંઠ નામનો બ્રાહ્મણ તેને પવિત્ર કરીને તે ગંગા ગઢપુરને સમીપે નીકળી.

પછી ઘણે કાળે તે ગંગાને પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણનો નિત્ય સંબંધ થવાથી પૂર્ણ થયો છે મનોરથ જેનો એ હેતુ માટે પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગી. ને પોતાને અલભ્ય લાભ પ્રાપ્ત થયો. તેને કહેવા સારુ બદ્રિકાશ્રમમાં મૂર્તિમાન શ્રીનરનારાયણની પાસે ગઈ, તે સમે પ્રસન્ન છે મુખારવિંદ જેમનું એવા નરનાયણ તેમની પાસે ઊભી રહી. તે સમયે ઉત્સાહવાળી ગંગાને જોઈને શ્રીનરનારાયણ બોલ્યા; જે હે ભદ્રે, હું તમને ઘણાં ઉત્સાહવાળા આજ દેખું છું. તેનું શું કારણ? જે કારણ હોય તે મને કહો. ત્યારે ગંગાએ શ્રીનરનારાયણને કહ્યું જે તમારા વચનથી મેં બહુ જ તપ કર્યું તેથી પશ્ચિમ પાંચાળ દેશને વિશે ગઢપુરને સમીપે હું પ્રવાહરૂપે થઈને ત્યાં રહેલી છું. ને મારામાં અવતારી પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ દિવ્ય અક્ષરમુક્તો તથા બીજા પોતાના ભક્તોએ સહિત કાયમ મારામાં સ્નાન કરતા થકા દિવ્ય લીલા વારંવાર કરે છે તેથી હે પ્રભો હું અત્યંત ઉત્સાહે યુક્ત છું. તેમજ તમારા પ્રતાપથી મારો મનોરથ પૂરો થયો.

આવું ગંગાનું વચન સાંભળીને તેને શ્રીનરનારાયણે કહ્યું જે હે સુભે, સર્વ અવતારના ને મારા પણ કારણ એવા શ્રીસ્વામિનારાયણનું દર્શન યોગીઓને પણ

દુર્લભ છે તે પ્રગટ ભગવાનનો યોગ તુંને પ્રાપ્ત થયો છે. માટે તુંને ધન્ય છે. તારા ભાગ્યને શું વખાણું કારણ કે પ્રગટ ભગવાનનો પ્રત્યક્ષ નિરંતર યોગીએ ઈચ્છેલ પવિત્ર સંબંધને પામીને ઘણાંક આનંદે સહિત બહુ પાપી પ્રાણીઓનો વિચાર કર્યા વિના તું ઉદ્ધાર કરે છે. માટે આ લોકમાં તું ઉન્મત્તપણાને પામેલી છું તેથી પવિત્ર ઉન્મત્તગંગા એવું નામ આ લોકમાં અર્થે સહિત પ્રસિદ્ધ થશે.

આવું શ્રીનરનારાયણે કહ્યું તે સાંભળીને ગંગાએ શ્રીનરનારાયણને ફરીને કહ્યું કે પ્રભો, તમારા પ્રતાપે કરીને તમોએ કહેલા ઘણાંક લાભને પામેલી છું. એમ કહીને વીજળી જેમ ત્યાંથી અંતર્ધાન થઈ ગઈ. હે રાજન્, આ પ્રકારે ઉન્મત્તગંગા તે સર્વ નદીઓની મધ્યે શ્રેષ્ઠ થઈ છે. તે ઉન્મત્તગંગામાં મુનિઓએ સહિત શ્રીહરિએ સ્નાનક્રીડા વારંવાર કરેલી છે. તે માટે રાજન્ મેં તમને યથાર્થ ઉન્મત્તગંગાનું માહાત્મ્ય કહ્યું. આ પ્રકારનું ઉન્મત્તગંગાનું માહાત્મ્ય સાંભળીને માનસિંહ રાજા શુકાનંદમુનિને પૂછે છે કે, હે સ્વામિન્ માંડવ્યઋષિને તથા નીલકંઠ બ્રાહ્મણને ગંગા લાવવાનું શું કારણ તે મને કહો.

આવું રાજાનું વચન સાંભળીને શુકાનંદ સ્વામી રાજાને કહે છે કે હે રાજન્, મુનિઓમાં શ્રેષ્ઠ માંડવ્યઋષિ સર્વે ઋષિઓને માનવા યોગ્ય હતા. તેમણે એક સમયે પાંચ વર્ષની બાલ્યાવસ્થામાં એક ટીડીયાને દર્ભની અણીથી વીંધીને બાળક્રીડા કરેલી. તે પછી કેટલેક કાળે ચોર લોકો રાજાનું ધન ચોરીને નાઠા. ને પોતાની પછવાડે રાજાના માણસોને આવતા જોઈને તે ચોર લોકો માંડવ્યઋષિના આશ્રમમાં આવ્યા. ત્યાં ધ્યાન કરતા માંડવ્યને જોઈને માંડવ્યઋષિ ફરતા બેસીને ચોરો ધ્યાન કરવા બેઠા. તે સમે ત્યાં રાજાના માણસો આવીને કપટથી બેઠેલા ચોરો સહિત માંડવ્યને રાજા પાસે લઈ ગયા. ત્યાં રાજાની આજ્ઞાથી સર્વેને શૂળીએ ચઢાવ્યા. પરંતુ ઋષિને કાંઈ થયું નહિ. તેના કારણે શૂળી થકી ઋષિને નીચે ઉતાર્યા ને ભક્તિપૂર્વક રાજાએ પ્રસન્ન કર્યા.

પછી ઋષિએ વિચાર કર્યો કે મને ગુના વગર રાજાએ શૂળીએ ચઢાવ્યો તેનું શું કારણ? માટે જમપુરીમાં જઈને ધર્મ રાજાને પૂછી જોઉં. એમ વિચાર કરીને જમપુરીમાં ગયા. ત્યાં ક્રોધ કરીને ધર્મરાજાને પૂછ્યું જે મને રાજા દ્વારા ઉગ્ર દંડ કેમ અપાવ્યો? તે સાંભળીને ધર્મરાજાએ ઋષિને કહ્યું કે તમે બાલ્યાવસ્થામાં તિડ વીંધેલ હતું તે માટે તમને દંડ દેવામાં આવેલ છે. આવુ વચન સાંભળીને ઋષિએ કહ્યું જે બાળક અજ્ઞાનથી પાપ કરે તેનું પ્રાયશ્ચિત્ત હોય નહિ. છતાં મને ઉગ્ર દંડ

આપ્યો માટે આપ શૂદ્રપણાને પામો એમ હું આપને શ્રાપ આપું છું. એમ કહીને તત્કાળ પોતાના આશ્રમમાં આવ્યા. પછી ક્લેશરૂપ પોતાનો આશ્રમ જાણીને તેનો ત્યાગ કરી સાલેમાલ ડુંગરમાં નિવાસ કર્યો.

એક સમયે પોતાના નિવાસમાં બેઠા હતા ને પોતાને વિચાર થયો જે મેં ધર્મરાજાને શ્રાપ આપ્યો તે ઠીક કર્યું નહિ. કેમ કે પરમેશ્વરે અપરાધી પ્રાણીને દંડ દેવા વાસ્તે ધર્મરાજાને નિર્માણ કરેલ છે. માટે મારા ઉપર પરમેશ્વર કુરાજી થશે તેમજ ધર્મરાજાને જે મેં દંડ રૂપી શ્રાપ આપ્યો તે પણ મેં તેમનો અપરાધ કર્યો. તેમજ પાંચ વર્ષના બાળકે કરેલું જે પાપનું મહાન પ્રાયશ્ચિત્ત ન કરવા રૂપી દોષ મને પ્રાપ્ત થયો. આ પ્રકારે ઘણો વિચાર કરીને ઋષિઓની સભા કરીને પ્રાયશ્ચિત્તનું પૂછી જોયું. તે સમે ઋષિઓએ કહ્યું જે હે માંડવ્ય ગંગાજી આ સ્થાનમાં આવીને પોતાનાં તરંગોથી તમને પવિત્ર કરે તો જ તમે મહાન અપરાધથી ને પાપ થકી છૂટો એમ અમને જણાય છે. તમે તો અપરાધને તથા પાપને બીજે પ્રકારે ટાળવાને સમર્થ છો, પરંતુ ગંગાજીનું લાવવું તેમાં પ્રાણીઓનું હિત સમાયેલું છે. એમ કહી સર્વે મુનિઓ પોતપોતાનાં આશ્રમમાં ગયા.

પછી ત્રિકાળને જાણનારા માંડવ્ય જે તે વંકાયન ઋષિથી ઉત્પન્ન થયેલ ગંગાજીને લાવવા વાસ્તે ઉગ્ર તપ કર્યું. તેણે કરીને માંડવ્ય ઉપર પ્રસન્ન થયાં એવાં ગંગાજી પોતાના જળથી માંડવ્યઋષિને પવિત્ર કરીને તેમના આશ્રમ સમીપે રહેવા લાગ્યાં ને માંડવ્યઋષિનાં આશ્રમને સમીપે માંડવધાર ગામ મુનિના નામથી બંધાણું. આ પ્રકારે હે રાજન્, મેં માંડવ્યઋષિનો ઈતિહાસ કહ્યો. હવે નીલકંઠ બ્રાહ્મણનો જે ઈતિહાસ છે તેને કહું તે સાંભળ.

પશ્ચિમ પાંચાળ દેશમાં એક રાજાએ માનેલો નીલકંઠ બ્રાહ્મણ હતો. તે ઘણો ધનાઢ્ય તેથી તેના બંધુઓ તથા તેની જ્ઞાતિના માણસો અનુસર્યા હતા. એક સમે કાળ પડવાથી નીલકંઠે પોતાનાં પરિજનોને દુઃખ પામતા જોઈને રાજાની પાસે અન્નવસ્ત્રનો બંદોબસ્ત કરાવી આપ્યો. એમ કરતા કાળ ઊતર્યો ને સારો દેશકાળ થયો. પછી એક સમે નીલકંઠની સ્ત્રીએ ગર્વ કરીને પોતાની જ્ઞાતિની સ્ત્રીઓને તથા પોતાના બાંધવોની સ્ત્રીઓને કહ્યું જે ખરા કાળમાં તમોને મારા સ્વામીએ જિવાડેલ છે માટે તમો સર્વે મારી દાસીઓ થવા યોગ્ય છો. આવું કેશર બ્રાહ્મણીનું વચન સાંભળીને ઘણો ક્રોધ કરીને પોતપોતાના પતિઓ પાસે જઈને વાત કહી સંભળાવી. તેથી સર્વે બ્રાહ્મણો નીલકંઠને પીડા કરવા લાગ્યા ને મિથ્યા અપવાદ આરોપણ મૂકવા તેવા ઉપાયોથી નીલકંઠને પરાભવ કરવો એવી ઈચ્છા કરી.

તેવામાં એક સમે ગામથી થોડેક છેટે કૂવો હતો ત્યાં જળ ખેંચીને નીલકંઠ સ્નાનવિધિ કરતો હતો. તે સમે ત્યાં તેના ભાઈનો દીકરો જળ લેવા આવ્યો. તે જળ ખેંચતાં અકસ્માતે કૂવામાં પડી ગયો. તેને કાઢવા સારુ લોકોને બોલાવવા સાદ કર્યો. પણ લોકોને આવતાં વાર થઈ એટલે છોકરો મરણ પામી ગયો. તેને નીલકંઠે રુદન કરતાં કરતાં કૂવામાંથી ઘણાં જ પ્રયત્નથી બહાર કાઢ્યો. તેવામાં તેના બંધુઓ રડતા રડતા ત્યાં આવ્યા, ને નીલકંઠને કહ્યું જે તેં બાળકને કૂવામાં નાંખીને મારી નાંખ્યો માટે તું બ્રહ્મહત્યારો છું. તે સાંભળીને નીલકંઠે કહ્યું મેં તેને કૂવામાં નાંખેલ નથી. તે જળ સીંચતાં અકસ્માતે પડી ગયેલ છે તોપણ નીલકંઠનું વચન માન્યું નહિ. તે નીલકંઠની નિંદા કરતા કરતા તે છોકરાને અગ્નિસંસ્કાર કર્યો. ને નીલકંઠને બ્રહ્મહત્યારો ઠરાવ્યો.

તે મિથ્યા અપવાદ આવવાથી પોતાના બંધુઓ તથા પોતાના જ્ઞાતિલાઓને કહ્યું જે હે, બ્રાહ્મણો મેં આ નિંદિત કર્મ કરેલ નથી છતાં મારું કહેલ સત્ય માનતા નથી. તો ભલે બહુ સારું તમો મને પ્રાયશ્ચિત્ત આપો. તે પ્રાયશ્ચિત્ત કરું ને આ મિથ્યા અપવાદથી રહિત થાઉં. તેવું વચન સાંભળીને ક્રોધ કરીને બ્રાહ્મણોએ કહ્યું જે હે, નીલકંઠ, તું તપ કરીને ગંગાજીને પ્રસન્ન કર્ય ને તે ગંગાજી આવીને પોતાના જળથી તમને સ્નાન કરાવે તો તું આ કલંકથી રહિત થઈશ. આવું તે બ્રાહ્મણોનું વચન સાંભળીને બ્રાહ્મણોને નમસ્કાર કરી પોતાના ઘરબારનો ત્યાગ કરીને તપ કરવા નીકળ્યો. તે ગઢડે આવ્યો. તે ગઢડાથી દક્ષિણ દિશામાં નિવાસ કરીને તપ કરવા લાગ્યો, ને બહુકાળ તપ કર્યું. તેણે કરીને ગંગાજી પ્રસન્ન થઈને નીલકંઠના આશ્રમની નજીક નીકળીને નીલકંઠને નવડાવીને વહેવા લાગ્યાં. જે નીલકંઠ પણ ગંગાજીને પામીને પૂર્ણકામ થયો ને પોતે જ્યાં તપ કર્યું ત્યાં નીલકંઠ મહાદેવનું સ્થાપન કરતો હતો.

હે રાજન્ નીલકંઠ બ્રાહ્મણે ગંગા આણી. તેનું કારણ મેં તમને કહ્યું. હવે શુકાનંદ મુનિ માનસિંહ રાજાને કહે છે કે ઉન્મત્ત ગંગાજીને પામીને એક કોઈક વિશ્રુશર્મા નામે પંડિત પૂર્વ દેશમાં સાગર નામે શહેરનો રહેવાસી બ્રાહ્મણ ઉન્મત્તગંગાને પામ્યો તે પ્રસંગ કહું તે સાંભળ. તે બ્રાહ્મણ પૂર્વના સંસ્કારથી જે જે ધંધારોજગાર કરે તે નિષ્ફળ થાય. પણ ધનધાન્ય મળે નહિ. ને પ્રજા બહુ થયેલ તેનું પોષણ કરવું તે થાય નહિ. તેથી તે ઘણો ચિંતાતુર હતો છતાં કરજ કરીને પ્રજાના વિવાહ કર્યા પણ દેવું આપવાની શક્તિ નહિ હોવાથી બહુ જ દુઃખ પામ્યો

ને સ્વાર્થી પોતાના સંબંધીઓએ બિલકુલ સહાયતા કરી નહિ. તેથી તેની સ્ત્રીએ કહ્યું કે તમને દુઃખી જોઈને મારું મન બહુ જ ખેદ પામે છે. તે સાંભળી બ્રાહ્મણે કહ્યું જે આ લોકમાં જીવમાત્રને સુખદુઃખ આવ્યા કરે છે. ને અવશ્ય ભોગવવું પડે છે. તો ધીરજ રાખી પ્રભુનું ભજન કરો તેણે કરીને દુઃખ ટળી જશે. ને હું પરદેશમાં કમાવા જાઉં છું.

એમ કહીને ચાલી નિસર્યો. ને પરદેશમાં ઘણા ધંધારોજગાર કર્યા પણ ધનની બિલકુલ પ્રાપ્તિ થઈ નહિ. તે પણ ધૈર્ય રાખીને ઉદ્યમ કરતો કરતો ગઢડે આવ્યો. ત્યાંના બ્રાહ્મણોએ તે વિશ્રુશર્માને આગ્રહ કરીને રાખ્યો તેથી ત્યાં રહીને તે ઉદ્યમ કરવા લાગ્યો ને પાપને નાશ કરવાવાળી ઉન્મત્તગંગામાં તે નિરંતર સ્નાન કરવા લાગ્યો. એક સમે ઉન્મત્તગંગામાં નાવા આવેલ શ્રીહરિના સંતને જોઈ પગે લાગ્યો. તે સમે તે બ્રાહ્મણને સંતોએ ઉન્મત્તગંગાનું ઘણુંક માહાત્મ્ય કહ્યું જે આ ઉન્મત્તગંગામાં સર્વ અવતારના અવતારી પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ અક્ષરમુક્તોએ સહિત સ્વાભાવિક જળક્રીડા વારંવાર કરેલી છે માટે આ ઉન્મત્તગંગા સમગ્ર કષ્ટને ટાળવાની છે. તેમજ શ્રીહરિથી પ્રાપ્ત થયું છે ઘણુંક ઐશ્વર્ય તે જેને એવી આ ઉન્મત્તગંગા પોતાના જળનું સેવન કરનારને બીજાને દુર્લભ એવી સદ્‌ગતિને આપે છે.

આવું સંત થકી ઉન્મત્તગંગાનું માહાત્મ્ય સાંભળીને બહુ જ આશ્ચર્ય પામ્યો. પછી તે બ્રાહ્મણ થોડા દિવસમાં રોગવાળો થયો ને પ્રાણ તજવાનો સમય થયો તે વખતે તે બ્રાહ્મણે ગઢડાના બ્રાહ્મણને કહ્યું જે સર્વ તીર્થોમાં સર્વોત્તમ એવી જે ઉન્મત્તગંગા ત્યાં મને પહોંચાડો. તેથી તેને ઉન્મત્તગંગાએ લઈ ગયા. ને ત્યાં ઉન્મત્તગંગાના જળથી સ્નાન કરાવ્યું. પછી દર્ભની સાદડી ઉપર બેસાડ્યો. તે સમે એવો વિચાર થયો જે મેં સાક્ષાત્ શ્રીસ્વામિનારાયણ ભગવાનને જોયા નથી તો હવે પ્રાણ ત્યાગ કરવા સમયે મારે મુક્તિનું સાધન શું કરવું? પણ હવે તો આ ઉન્મત્તગંગાજીમાં મારા પ્રાણ સુખેથી જાઓ. એવો જ્યાં સંકલ્પ કર્યો કે તુરંત શોભાયમાન વિમાનોએ સહિત ભગવાન શ્રીસ્વામિનારાયણના પાર્ષદોને દેખ્યા. તે સમે ઉન્મત્તગંગાજીના યોગથી નાશ પામી ગયાં છે સર્વ પાપો જેનાં ને દિવ્ય પ્રાપ્ત થયું છે શરીર જેને એવા તે બ્રાહ્મણને સર્વે બ્રહ્મણો દેખે તેવી રીતે વિમાનમાં બેસાડીને તે પાર્ષદો અક્ષરધામમાં લઈ ગયા.

પછી તે વિષ્નુ શર્મા સ્ત્રી તથા તેના પુત્રો તથા તેનાં સગાંઓ પણ શ્રીસ્વામિનારાયણ ભગવાનના તથા ઉન્મત્તગંગાજીના મહાપ્રતાપથી ઘણીક સમૃદ્ધિઓ પામ્યાં. ને પછી તેઓ પણ યોગીઓને દુર્લભ એવી સદ્‌ગતિને પામ્યાં. આ પ્રકારે હે રાજન્ ઉન્મત્તગંગામાં સ્નાન કરવાથી તથા તેનાં દર્શન કરવાથી અસંખ્યાત જીવો મોક્ષને પામેલ છે. માટે શ્રીજીના કાયમ સંબંધવાળી આ ઉન્મત્તગંગાજીના માહાત્મ્યને જે સાંભળે તથા કહે તે મનુષ્ય પરમસુખને પામીને અક્ષરધામમાં નિવાસ કરે છે તેમાં કાંઈ સંશય નથી. ઈતિ ઉન્મત્તગંગાજીનો ઈતિહાસ સંપૂર્ણ થયો છે. ॥૮૬॥

ભરૂચનાં શેઠ દયાળજીભાઈ તથા નારાયણજીભાઈને ઘેર પદ્મપુરાણની કથા વંચાતી. તેમાં એવું સાંભળ્યું જે ભગવાન હોય તેમના ચરણમાં સોળ ચિહ્ન હોય તે વાત તથા લોકો થકી એવી વાત સાંભળી જે હાલ વિદ્યમાન શ્રીસ્વામિનારાયણ ભગવાન વડતાલમાં છે, આવી વાત સાંભળીને શેઠ દયાળજી આદિક ચાર વાણિયાઓ તે વાત ચોક્કસ કરવા વડતાલ આવ્યા. તે સમે શ્રીસ્વામિનારાયણ ભગવાન હજારો હરિભક્તો સહિત સભામાં બિરાજમાન થયા હતા. તેથી સમીપે ન જતાં દૂર ઊભા રહ્યા. તેઓને જોઈને શ્રીજીમહારાજે પોતાના હાથની સાન કરી. તથા સભામાં હરિભક્તોએ માગ દીધો તે વાણિયાઓ શ્રીહરિની પાસે આવ્યા ને તેમના મનોરથ પૂરા કરવા વાસ્તે શ્રીસ્વામિનારાયણ ભગવાને અંતર્યામિપણે પોતાનાં ચરણકમળમાં સોળ ચિહ્નો બતાવ્યાં.

તે જોઈને ભગવાનપણાંનો નિશ્ચય થયો ને કહ્યું જે, હે મહારાજ, તમે સાક્ષાત્ પરમેશ્વર છો કેમ જે અમે પદ્મપુરાણમાં વાત એવી સાંભળી હતી જે ભગવાન હોય તેનાં ચરણકમળમાં સોળ ચિહ્ન હોય. તે આજ આપનાં ચરણકમળમાં સોળ ચિહ્ન જોયાં. તે માટે તે વાતનો પરિપૂર્ણ નિશ્ચય થયો. તે સાંભળીને વાણિયાઓને કહ્યું જે તમારે કાંઈ મને પૂછવું હોય તો પૂછો ત્યારે કહ્યું જે અમારે કાંઈ પૂછવું નથી. પછી શ્રીસ્વામિનારાયણ ભગવાનના હાથે વર્તમાન ધારી કંઠી પહેરી સત્સંગી થઈ વાણિયાઓ ભરૂચ જતા હતા. ॥૮૭॥

આણંદમાં મુળજીભાઈ બ્રાહ્મણ હતા. તેમણે પોતાના ગામમાં આવેલા શ્રીસ્વામિનારાયણ ભગવાનના સંતો થકી શ્રીહરિના પ્રતાપની કેટલીક વાતો સાંભળી પણ શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય થયો નહિ. પછી તે બ્રાહ્મણ એક સમયે વડતાલ આવ્યો ત્યારે શ્રીજીમહારાજ સભા કરીને બિરાજમાન થયા હતા. તે સભામાં બ્રાહ્મણ આવ્યો ને શ્રીજીનાં દર્શન કરીને સમીપે બેઠો. પછી તે બ્રાહ્મણે

શ્રીજીને પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ, ભગવાનનો નિશ્ચય કેમ થાય? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે સંતનો સમાગમ કરવાથી થાય. પછી તેણે કહ્યું જે સંતની ઘણી વાતો સાંભળી તોય પણ ભગવાનનો નિશ્ચય કેમ થતો નથી? તેનું જે કારણ હોય તે કહો.

તે સમે શ્રીજીએ તેને કહ્યું જે, તમે બે મિત્રો દૂર દેશમાં ધન કમાવા ગયા હતા. ત્યાં તમો પૂર્વના સંસ્કારથી ઘણુંક ધન કમાયા. પછી પોતાના દેશમાં આવતાં ધનના લોભથી તમે તમારા મિત્રને મારી નાખ્યો ને તેનું ધન હતું તે તમે લઈ લીધું. એ બ્રહ્મહત્યા રૂપી મહાન પાપ છે. તેણે કરીને પરમાત્માના સ્વરૂપનો તમને નિશ્ચય થતો નથી. આ પ્રકારે તેને અંતરયામિપણે છાના કરેલ પાપની વાત કહી સંભળાવી. તેણે કરીને તથા પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થતા નાશ પામી ગયાં છે પાપ જેનાં એવા મુળજી બ્રાહ્મણને શ્રીજીમહારાજના સ્વરૂપનો પરિપકવ નિશ્ચય થતો હતો. ને શ્રીજીમહારાજના હાથથી વર્તમાન ધારી કંઠી પહેરી સત્સંગી થઈને પોતાના ગામ પ્રત્યે પાછો જતો હતો. ॥૮૮॥

ગઢપુરમાં એક સમયે શ્રીજીમહારાજ લીંબડા નીચે સભામાં બિરાજમાન હતા. પછી સભામાં બેઠેલા ભક્તજનો પ્રત્યે બોલ્યા જે સર્વે જપોમાં સ્વામિનારાયણ એ છ અક્ષરનો મહામંત્ર છે. માટે તે મંત્રનો સર્વ કાર્યોમાં જપ કરવો. તેણે કરીને દુઃખમાત્રનો નાશ થાય છે ને સુખસંપત્તિ મળે છે. માટે નિરંતર સ્વામિનારાયણ નામનો જપ સૂતાં-બેસતાં શુભ ક્રિયામાં કે અશુભ ક્રિયામાં સર્વકાળે-સર્વ ઠેકાણે કરવો. જપમાં જ અને પ એ બે અક્ષર છે. હવે જ જે અક્ષર છે તે જન્મ-મરણને કાપે છે અને પ જે અક્ષર છે તે પાપ માત્રને ટાળવા વાળો છે. માટે સ્વામિનારાયણ-સ્વામિનારાયણ એમ વારંવાર જપ કર્યા જ કરવો. તે જપ કરવાથી મારી પ્રસન્નતા થાય છે ને આ દેહને અંતે અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. ને વળી જેમ અજાણતાં અગ્નિને અડી જવાય તો તે બાળે છે, તેમ જાણતાં કે અજાણતાં ભગવાનનું નામ લેવાય તો પાપ માત્રને બાળી દે છે. જેમ જળથી અગ્નિ શાંત થાય છે ને સૂર્યથી અંધકાર ટળે છે તેમ પ્રત્યક્ષ સ્વામિનારાયણના નામનો જપ કરવાથી પાપ માત્રનો પ્રલય થઈ જાય છે એવો શ્રીસ્વામિનારાયણના મહામંત્રનો પ્રતાપ છે માટે અખંડ જપ કરવો. ॥૮૯॥

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં નામની ધુન્ય કરવાથી કાળા નાગનું ઝેર ઊતારવાની વાતો

કચ્છ દેશના દહીસરા ગામમાં કેશરભાઈ નામે હરિભક્ત હતા. તેમની વાડીમાં પુરાતની એક મોટો સર્પ રહેતો હતો. તે ગામમાં એક સાપ પકડનાર વાદી આવ્યો તેથી તે પટેલના દીકરા ખીમજીએ વાદી પાસે સાપ કઢાવવા પોતાના બાપને કહ્યું પણ તેના પિતાએ ના પાડી એટલે વાદી ચાલ્યો ગયો. પછી એક દિવસે પોતાના કૂવાના થાળામાં પડેલ કોસમાં સાપ પેસી ગયો. તે કોસને લેવા પટેલ વાડીએ ગયા, ને જ્યાં કોસ લેવા ગયા કે તુરંત કોસમાંથી નીકળી પટેલને કરડ્યો.

પછી પટેલના દીકરા ખીમજીએ પોતાના પિતાને કહ્યું જે તમે કહો તો વાદીને બોલાવી લાવું. તે વાદી મંત્રોથી સાપનું ઝેર ઉતારી નાખશે, ત્યારે પટેલે કહ્યું જે મારે વાદીના મંત્રોની પ્રતીતિ કરવી નથી. માટે આ તમે સૌ સ્વામિનારાયણ-સ્વામિનારાયણ એમ તાળીઓ પાડીને ભજન કરો એટલે સાપનું ઝેર ઊતરી જશે. આવું કેશરભાઈ હરિભક્તના કહેવાથી સહુ માણસોએ સ્વામિનારાયણ નામના મહામંત્રની ધુન્ય કરી તેથી કાળા નાગનું ઝેર ઊતરી ગયું કારણ કે તે પટેલને સ્વામિનારાયણ નામના મહામંત્રનો વિશ્વાસ હતો તેથી શ્રીજીમહારાજ પટેલનું ઝેર ઉતારીને રક્ષા કરતા હતા. ॥૯૦॥

ગામ ગઢાળીમાં ભાવસાર હરિભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. શ્રીજીનું ભજનસ્મરણ માળા વિગેરે શ્રીજીની મૂર્તિને ધારીને કરતા હતા. તેમજ નામ, ધર્માદો, આચાર્યની સેવા, સંતસેવા વિગેરે ભાવપૂર્વક કરતા. આવા ઉત્તમ ભક્તના દીકરા અભરાજભાઈને એક સમયે રાત્રિએ પોતાના ઘરમાં રહેલી કોઈ વસ્તુ ગોતતાં પટારા નીચે ભરાઈ રહેલો સાપ કરડ્યો. તેથી રાત્રિએ પોતાનાં સગાંઓને બોલાવીને સહુની પાસે શ્રીસ્વામિનારાયણ નામની ધુન્ય કરાવી. તેથી સાપ ઊતરી ગયો ને પોતાના દીકરાને પરમ શાંતિ થઈ. માટે શ્રીસ્વામિનારાયણના નામરૂપી મહામંત્રનો ઘણો જ પ્રતાપ છે તેથી નિરંતર તે મહામંત્રનો ભક્તજનોએ જપ કરવો જેથી કાળરૂપી સાપનું ઝેર પણ ઊતરી જશે ને શ્રીસહજાનંદસ્વામીનું અક્ષરધામ મળશે એ સિદ્ધાંત છે. ॥૯૧॥

ભાલ દેશમાં ગામ ખરડ છે ત્યાં ભક્તરાજ ગોવિંદજી દવે તથા પ્રાગજી દવે એ બે ભાઈઓ હતા. ને બન્નેય ભાઈઓ શ્રીસ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્ત હતા. શ્રીજીમહારાજના નિયમોનું નિરંતર પાલન કરતા હતા, ને

શ્રીસહજાનંદસ્વામીના ભક્તનો શિર સાટે પક્ષ રાખતા એવી દૃઢ ટેકવાળા હતા. હવે ગોવિંદજી દવેને એક દીકરી હતી તેમનું નામ રામબાઈ હતું. તેમને રોજકે પરણાવ્યાં હતાં ને રામબાઈ નાની વયમાં વિધવા થયાં હતાં, જેથી પોતાના પિતાને ઘેર રહેતાં.

તેમને એક સમે છાણાંના ઢગલામાંથી છાણાં લેતાં કાળો મોટો સાપ કરડ્યો. તે સાપને ઉતારનારને બોલાવ્યો પણ રામબાઈએ ના કહી ને તે સ્થાનમાં ભેગાં થયેલાં સહુ માણસોને કહ્યું જે શ્રીસ્વામિનારાયણ નામથી બીજો કોઈ મંત્ર અધિક નથી માટે સહુ શ્રીસ્વામિનારાયણના નામની ધુન્ય કરો જેથી મને સાપ ઊતરી જશે. આવું ભક્તરાજ રામબાઈનું વચન સાંભળીને સહુ માણસોએ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ધુન્ય કરી તેથી સાપનું ઝેર ઊતરી ગયું. તે જોઈને સહુજનો આશ્ચર્ય પામ્યાં. એવો શ્રીસ્વામિનારાયણના પ્રગટ મહામંત્રનો પ્રતાપ છે. માટે શ્રી સ્વામિનારાયણ ભગવાનની ધુન્ય કરવાથી દુઃખ માત્ર દૂર થઈને સુખને પામે છે. માટે ધુન્ય કરવામાં શ્રદ્ધા નિરંતર રાખવી જેથી શ્રીજીમહારાજની પ્રસન્નતા થાય છે. ॥૯૨॥

ગામ વ્યારમાં પીતાંબર ત્રવાડી તથા અમુલખ ત્રવાડી રહેતા હતા. બન્નેય ભાઈઓ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. એક વખત પીતાંબરભાઈ પોતાને રહેવા માટે નવાં ઘર બંધાવવા લાગ્યા. તે જોઈને અમુલભાઈએ પોતાનાં બેન મહામુક્તરાજ ને પતિવ્રતામાં સાવધાન માનબાઈને કહ્યું જે મોટાભાઈ નવા મુકામ કરાવે છે પણ દૂધ-દહીં-છાશનું દુઃખ છે તે જાણતાં નથી. તે સાંભળીને માનબા કહે આપણી અઢી વરસની પાડી છે તેને ખાણ ખવરાવીને દોહીએ તો તે મુકામ પૂરો થશે ત્યાં સુધી દૂધ આપશે. તે સાંભળીને અમુલખભાઈએ કહ્યું જે નાની પાડી તે દૂધ આપે ! ત્યારે માનબાએ કહ્યું જે શ્રીસ્વામિનારાયણ ભગવાનનો મને ખરેખર વિશ્વાસ છે તેથી દૂધ પાડી જરૂર આપશે ને મેં અત્યાર સુધી જો ખરેખરું પતિવ્રતાપણું પાળ્યું હશે તો જરૂરા જરૂર પાડી દૂધ આપશે.

એમ કહીને ખાણ ખવડાવીને માનબા દોવા બેઠાં તેથી બશેર દૂધ પાડીના આંચળમાંથી નીકળ્યું. તે મુકામ પૂરા થયાં ત્યાં સુધી કાયમ પાડીએ દૂધ આપ્યું. પછી બંધ થયું. એ પતિવ્રતાનો પ્રતાપ. ને શ્રીસ્વામિનારાયણ ભગવાનનો વિશ્વાસ હતો, તો અઢી વરસની પાડીએ દૂધ આપ્યું હતું. માટે ખરા હરિભક્ત હોય તેના સંકલ્પ શ્રીજીમહારાજ અવશ્ય પૂરા કરે છે. તો શ્રીજીના ઉત્તમ ભક્ત થવા શીખવું જોઈએ એ જ સિદ્ધાંત છે. ॥૯૩॥

શ્રીજીમહારાજના નિશ્ચયની વાતો

ગામ મુળધરાઈના વાણિયા કાનજીભાઈ તથા સુંદરભાઈ એ બન્નેય ભાઈઓ કાંઈ કામ પ્રસંગે ગઢડે આવ્યા પછી શ્રીગોપીનાથજીના મંદિરમાં દર્શન કરી ગઢડાના મંદિરના કોઠારી ભક્તિવલ્લભદાસજી પાસે ધર્મશાળામાં આવ્યા. તેમણે બન્ને ભાઈઓને જ્ઞાનોપદેશ કર્યો તેથી બેઉ જણને વર્તમાન લેવાનો સંકલ્પ થયો. પછી ભક્તિવલ્લભદાસજીએ આચાર્ય શ્રી રઘુવીરજીમહારાજ પાસે વર્તમાન ધરાવી કંઠી પેરાવી સત્સંગી કર્યા. પછી ગઢડેથી ચાલતી વખતે ભક્તિવલ્લભદાસજીએ બન્નેય ભાઈને કહ્યું જે દૂધપાક પૂરી આદિક પંચામૃત ભોજન જમતા હોઈએ ત્યારે માંખીઓ ઉડાડવી, તેમ સત્સંગ છે તે પંચામૃત ભોજનને ઠેકાણે છે, ને કુસંગ છે તે માંખીઓને ઠેકાણે છે, માટે સત્સંગ રાખવો હોય ત્યારે કુસંગરૂપી માંખ્યો ઉડાડવી.

આવો ઉપદેશ આપ્યો. તે સાંભળીને બન્નેય ભાઈઓ પોતાના ઘેર ગયા. પછી બંનેય ભાઈઓનો સત્સંગ મુકાવવા પચ્છેગામના પ્રશ્નોરા મુળધરાઈ, કાનજી તથા સુંદરજી પાસે આવ્યા. પછી કાનજી તથા સુંદરજીને પોતાની પાસે બેસાડીને કહ્યું જે તમારા બાપદાદાનો ધર્મ છે તે રાખો ને આ નવો ધર્મ મૂકી દ્યો ને કંઠી-તિલક કાઢી નાખો. નહિતર તમારી જ્ઞાતિમાં ઘણી ઉપાધિ થશે.

આવાં બ્રાહ્મણોનાં વચન સાંભળીને બેઉ ભાઈઓ જેમ માંખીઓ ઉડાડે તેમ પોતાના હાથને હલાવવા માંડ્યા. તે જોઈને પ્રશ્નોરા બ્રાહ્મણોએ પૂછ્યું જે તમો આમ હાથ કેમ હલાવો છો ? ત્યારે તે બંનેય ભાઈઓએ કહ્યું જે શ્રીસ્વામિનારાયણ તો ભગવાન છે, પણ તેમના સાધુ ભક્તિવલ્લભદાસજી પણ ભગવાન જેવા જ છે કારણ કે અમોને ચાલતી વખતે તેમણે પોતાની પાસે બેસાડીને કહ્યું હતું જે જમતી વખતે માંખ્યો ઉડાડજો નહિતર માંખીરૂપી કુસંગીઓ આ સત્સંગરૂપી દૂધપાક પૂરીને ઓકાવી નાંખશે. તે વચન સાંભળી આવવાથી અમો તમને માંખીઓ રૂપ જાણીને બે હાથથી ઉડાડીએ છીએ. કારણ કે તમારાં શબ્દો અમારા અંતઃકરણમાં પેસી જાય તો અમારા જીવનું ભૂંડું થાય તે માટે હાથ હલાવીએ છીએ.

તે સાંભળી પ્રશ્નોરાઓએ કહ્યું જે તમારી કંઠી તૂટશે ને તિલકચાંદલો ભૂંસાડશો ત્યારે અમે અન્ન જમીશું ને અમારી પાઘડીઓ માથે મૂકશું એવાં વચન જ્યારે આકરાં કહ્યાં ત્યારે બેઉ ભાઈને રીસ ચઢવાથી પોતાના મુનીમ ભાઈચંદને કહ્યું જે આપણાં ચાકર મુસલમાન જાફરીયાને આજ્ઞા કરો કે આ બ્રાહ્મણોને

અહીંથી ઉઠાડીને પચ્છેગામનો રસ્તો બતાવે. આવું તેમનું કહેવું સાંભળીને મુનીમે કહ્યું જે ઉઠ જાફરીયા આ બ્રાહ્મણોનાં કાંડાં ઝાલીને રસ્તો બતાવી દે.

આવું સાંભળી બ્રાહ્મણો સમજી ગયા કે આ પાકા શ્રીસ્વામિનારાયણના નિશ્ચયવાળા આપણાં ડોલાવ્યા ડોલે તેવા નથી. એમ ધારીને બન્ને મુસા ભાઈઓને જયશ્રી સ્વામિનારાયણ કહ્યા ને પછી બ્રાહ્મણો પોતાને ગામ ગયા. પછી વાણિયાની નાતમાં કેટલીક ઉપાધિ થઈ તોપણ સત્સંગ શિર સાટે રાખ્યો. એવા તે બન્નેય ભાઈઓએ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય પાકો રાખીને જીવન પર્યંત સત્સંગી રહેતા હતા. ॥૯૪॥

ગામ ચમારડીમાં દેવો કોશીયો પટેલ હતા તે પ્રથમ માધવગરના પંથમાં હતા. તેના ગુરુ સચ્ચિદાનંદ તથા માધવાનંદ હતા. તે ગુરુની સેવા તન-મન-ધનથી પ્રેમપૂર્વક કરતો હતો. તે એક સમે કોઈ કારણસર ગઢડે આવ્યો હતો. બજારમાં કામકાજ પરવારીને શ્રીગોપીનાથજીનું મંદિર જોવા આવ્યો. તે મંદિર તથા શ્રીગોપીનાથજીનાં દર્શન કરીને સાધુની ધર્મશાળામાં ગયા.

ત્યાં એક શ્રીસ્વામિનારાયણ ભગવાનના પરમ એકાંતિક સાધુએ પટેલ દેવા કોશીયાને પોતાની પાસે બેસારીને કેટલીક વાતચીતો કરી. એમ કરતાં સંતના મનમાં થયું જે આ મુમુક્ષુ જીવ છે એમ જાણીને શ્રીજીમહારાજનો અલૌકિક પ્રતાપ તથા પ્રગટ થવાનું કારણ વિગેરે વાત કરી તેથી તે પટેલના મનમાં ઘણો જ સંતોષ થયો. ને તે સંતને કહ્યું જે અમારા ધર્મમાં આવી વાતચીતનો પરિચય નથી. ને કદાચ અમારા ગુરુ વાત કરે તો પોતાના સ્વાર્થની જ વાત કરે, પણ જીવનો મોક્ષ થાય એવી વાત તો મેં આપની પાસેથી સાંભળી તેથી મને ઘણી જ શાંતિ આપના સમાગમથી થઈ છે. માટે મને આપ વર્તમાન ધરાવીને કંઠી બાંધો, મારે આપના શિષ્ય થાવું છે, ને માધવગરના પંથમાં મારે રહેવું નથી. એમ કહીને તુરંત જ તે સંતને જોતે સતે પ્રથમના ગુરુની કંઠી તોડીને નાંખી દીધી. તે જોઈને સંતને પણ તેનો ખરેખરો વિશ્વાસ આવ્યો ને તે દેવાને કહ્યું જે અમારા ગુરુ આચાર્ય શ્રીરઘુવીરજીમહારાજ હાલ પોતે અહીં પધારેલા છે તે જો વડતાલ હોત તો હું તમને કંઠી બાંધત માટે ચાલો આચાર્યજી મહારાજ પાસે તમને વર્તમાન અપાવીને કંઠી બંધાવું. અહીંયાં નજીકમાં શ્રીગોપીનાથજીના મંદિર નીચે કોઠાર છે. ત્યાંથી સાકરનો પડો લઈ આવો પછી આપણે બેઉ આચાર્યજીમહારાજ પાસે જઈએ.

એમ કહીને તેની પાસે સાકર મંગાવી તે સાથે લઈને આચાર્યજી પાસે ગયા ને સંતે આચાર્યમહારાજને કહ્યું જે આ પટેલ બહુ મુમુક્ષુ છે, માટે તેમને તમો વર્તમાન ધરાવીને કંઠી આપો. ત્યારે આચાર્યજી મહારાજે પટેલને વર્તમાન ધરાવીને કંઠી પહેરાવી. તે પછી પટેલ દેવાએ સાકરનો પડો તથા વસ્ત્ર નિમિત્તે એક રૂપિયો ભેટ મૂકીને આચાર્યજીને કહ્યું જે મને આપને જે ઉપદેશ આપવો હોય તે આપો. ત્યારે રઘુવીરજીમહારાજે કહ્યું જે હવે તમે પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાનના ઉપાસક થયા છો. માટે તમારે ઉપાધિ થયા વિના રહેશે નહિ, તો ઉપાધિને ન ગણીને શિર સાટે સત્સંગ રાખજો કારણ કે તમારા પ્રથમના ગુરુને આ વાત નહિ ગમે. ત્યારે પટેલે કહ્યું જે ભલે તેને ગમે કે ન ગમે પણ હું આપના વચનથી કંઠીનો ત્યાગ નહિ કરું તેમજ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો મારા જીવમાં સંતે નિશ્ચય કરાવ્યો છે તેનો ત્યાગ કરીશ નહિ. એમ કહીને આચાર્ય મહારાજને પગે લાગીને તે પોતાને ગામ ગયો.

પછી માધવગરીયાઓએ વિચાર કર્યો જે દેવાને આપણે સૌ મળીને કંઠી તોડાવી નંખાવીએ ને ડુંગળી તથા લસણ પરાણે સોંગન દઈને ખવડાવીએ ને પછી આપણે કંઠી તોડાવીએ તો ખરા. એવો ઠરાવ કરીને દશ-પંદર માધવગરીયા પોતાના ગુરુએ સહિત સમી સાંજમાં દેવા પટેલને ઘેર આવ્યા ને દેવાને જેટલો સમજાવવો હતો તેટલો સમજાવ્યો. પણ જરા તેમનું ન માન્યું ને કહ્યું જે શ્રીસ્વામિનારાયણ ભગવાન છે ને રઘુવીરજી મહારાજ મારા ગુરુ છે. ભલે તમે મને સવાર સુધી વાતો કરશો પણ હું માનવાનો નથી માટે સમજીને ચાલ્યા જાઓ.

તે સાંભળીને ન સંભળાય તેવાં વચનો બોલતા ચાલ્યા ગયા પણ શ્રીસ્વામિનારાયણના નિશ્ચયમાંથી ડગ્યા નહિ. તેમ કંઠીનો પણ ત્યાગ કર્યો નહિ. તેમ તેમની લાવેલી વસ્તુઓનું પટેલ દેવાભાઈ ભક્તે ભક્ષણ કર્યું નહિ. ને નાતનો કારસો વેઠીને તે ગામમાં પટેલ દેવા કોશીયાએ શિર સાટે સત્સંગ રાખ્યો હતો એવા તે શ્રીજીમહારાજના નિશ્ચયવાળા હતા તેમના નિશ્ચયની બલીહારી છે. ॥૯૫॥

એક વખત ગઢપુરમાં શ્રીજીમહારાજે એવું પ્રકરણ ચલાવ્યું હતું જે દિવસ ઊગ્યાથી તે આથમ્યા સુધીમાં દશ માણસને વર્તમાન ધરાવીને અન્ન જમવું. ત્યારે તે સંતોએ શ્રીજીને કહ્યું જે તેવા મુમુક્ષુઓ ન મળે તો અમારે કેમ કરવું? ત્યારે શ્રીજીએ કહ્યું જે ઝાડને અથવા પશુઓને વર્તમાન ધરાવીને સુખેથી તમે જમજો, એમ મારી આજ્ઞા છે. એમ કહીને દરેક સાધુઓને દેશાંતરમાં સત્સંગ કરાવવા

મોકલ્યા. તેમાં અદ્વૈતાનંદ સ્વામી તથા ગોતીતાનન્દ સ્વામી એ બન્ને જણ ફરતા ફરતા એક નાનું ગામ હશે ત્યાં ગયા.

ગામને ચોરે ઊતર્યા ને કેટલાક મણસોને બોધ કર્યો. પણ કોઈના અંતઃકરણમાં ઠસ્યો નહિ, તેથી વિચાર કર્યો જે આ ગામમાં ગમે તેમ કરીને સત્સંગ કરાવવો. એવો શુભ સંકલ્પ કરી એક કણબીને પોતાની પાસે બેસારીને શ્રીજીમહારાજ સંબંધી વાતો કરીને કહ્યું જે પટેલ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે ને અમારા સરખા શ્રીસ્વામિનારાયણે બ્રહ્મચારી સાધુ પાર્ષદો કર્યા છે. માટે તમારે સત્સંગ કરવામાં કાંઈ બાધ નથી. ત્યારે પટેલે સંતોને કહ્યું જે એ વાત મારાથી શી રીતે મનાય. ત્યારે તે સાધુઓએ કહ્યું જે શ્રીસ્વામિનારાયણ ભગવાન ન હોય તો અમારે માથે આખી પૃથ્વીમાં જે પાપ થાય છે તે અમોને થાઓ.

આવું સંતનું વચન સાંભળીને તુરંત જ તે પટેલના જીવમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન છે એવો નિશ્ચય થયો. પછી તે સંતોએ પટેલને વર્તમાન ધરાવી કંઠી પેરાવીને કહ્યું જે ગમે તેમ થાય તોપણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય ને કંઠીનો ત્યાગ કરશો નહિ. ને પટેલને આપવા ઘટે તેવા નિયમો આપીને પોતાની પાસે માળા ફેરવવાની હતી તે પટેલને આપીને કહ્યું જે શ્રીસ્વામિનારાયણના નામની પાંચ માળા ફેરવજો તમારો મોક્ષ થશે. એમ કહીને બેઉ સંતો ત્યાંથી ગયા. તેવી જ રીતે કેટલેક ઠેકાણે સત્સંગ કરાવીને પાછા ગઢપુર આવ્યા.

ત્યાર બાદ પોતાને સત્સંગમાં ન ફાવવાથી નીકળી ગયા. તે ફરતા ફરતા જે પટેલને સમ ખાઈને સત્સંગ કરાવ્યો હતો, તે પટેલની પાસે ગયા. તે વખતે પટેલ પોતાના ખળામાં હતા ને આવતા સાધુને જોઈ સત્કારપૂર્વક દંડવત્ પ્રણામ કર્યા ને બહુ જ અંતઃકરણમાં રાજી થયા. પછી પટેલને બેઉ સંતોએ કહ્યું જે અમે તમારી પાસે એક કારણસર આવ્યા છીએ. થોડી વાર બેસો એટલે તે કારણ કહીએ. ત્યારે તે પટેલ વાત સાંભળવા સાધુ પાસે બેઠા ને કહ્યું જે હવે સુખેથી કહો. ત્યારે તે સાધુએ કહ્યું જે પટેલ અમે તમને સમ ખાઈને સત્સંગ કરાવ્યો હતો પણ શ્રીસ્વામિનારાયણ જાદુગરા છે. તે જાદુથી સર્વને વશ કરી લે છે એવું અમને જોવામાં આવવાથી તે સંપ્રદાયમાંથી અમે નીકળી ગયા છીએ માટે સત્સંગ રાખવો હોય તો રાખો ને મૂકવો હોય તો મૂકો, જેમ તમારી મરજી, અમોએ તો દેખ્યું તેવું તમોને કહ્યું.

આવું નિર્માલ્ય વચન સાધુઓનું સાંભળીને પટેલે કહ્યું જે માળા લંગોટા, હું ક્યાં શ્રીસ્વામિનારાયણને ઓળખતો હતો ? તમારે ગરજ હતી ત્યારે તો આખી પૃથ્વીનું બધું પાપ લઈને મારા જીવમાં શ્રીસ્વામિનારાયણનો નિશ્ચય ઘાલ્યો. ને હવે પાછા શ્રીસ્વામિનારાયણનો નિશ્ચય કાઢી નંખાવવા સારુ આવું બોલો છો ? તે તમો ચાલ્યા જાઓ નહિતર આ ખંપાળીથી તમો બંન્નેને હું મારીશ. શ્રીસ્વામિનારાયણ ભગવાન છે તે શ્રીસ્વામિનારાયણનો નિશ્ચય તમો કહેશો તોય મારા જીવમાંથી ટળે તેમ નથી. એમ કહી તિરસ્કાર કરી બેઉ સાધુને પોતાને ત્યાંથી રજા આપી દીધી. પણ ખાવાપીવાનું કાંઈ પૂછ્યું નહિ. આવી રીતે એ પટેલે શ્રીજીમહારાજનો નિશ્ચય અડગ રાખ્યો હતો. ॥૯૬॥

સાવરકુંડલા પાસે ઝીંઝોડા (ઝીંઝુડા) ગામ છે ત્યાં ઉગાચાંદુ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. તેમનો નિશ્ચય પણ પર્વતપ્રાય કોઈ ડગાવે તો ડગે નહિ તેવો હતો. તે ઉગાચાંદુ એક વખત ગામના ચોરાના ડાયરામાં બેઠા હતા. ત્યાં ગઢડા તરફથી ચારણ આવ્યો. તેણે ઉગાચાંદુને હરિભક્ત જાણીને જય સ્વામિનારાયણ કહ્યા. ત્યારે ઉગાચાંદુએ તે ચારણને કહ્યું જે ગઢવા ક્યાંથી આવો છો? તેણે કહ્યું જે હું શ્રીસ્વામિનારાયણના ગઢડેથી આવું છું. આવું ગઢવાનું વચન સાંભળીને પૂછી જોયું જે નવાનવલી કાંઈ વાત હોય તો કહો. ત્યારે ગઢવે કહ્યું જે વાત તમને કહેવાય તેવી નથી પણ તે છતાં આપની મરજી હોય તો કહું. ત્યારે ઉગાચાંદુએ કહ્યું જે આ ડાયરો સાંભળે તેમ સુખેથી કહો. જે નવાનવી હોય તે.

ત્યારે ગઢવે કહ્યું જે ગઢડામાં દાદાખાચર કહેવાય છે તેમના દરબારમાં શ્રીસ્વામિનારાયણ જાદુગરા રહે છે. તે જાદુ બતાવીને પોતાને વશ કરીને દાદાખાચરની ચારેય બેનોને શ્રીસ્વામિનારાયણ લઈ ગયા તેનો પત્તો જડતો નથી. એક તો એ વાત નવી છે. ત્યારે ઉગાચાંદુએ કહ્યું જે ઓહો ચાર જ લઈ ગયા ? સોળહજાર એકસો ને આઠ સ્ત્રીઓને શ્રીસ્વામિનારાયણ લઈ જાય ત્યાં સુધી શ્રીકૃષ્ણ ભગવાન જેવા શ્રીસ્વામિનારાયણ ભગવાન કહેવાય ને તેથી અધિક લઈ જાય તો શ્રીકૃષ્ણ ભગવાનથી તે મોટા ભગવાન કહેવાય. પણ ગઢવા શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. એ સિવાય આ દુનિયામાં બીજો ભગવાન નથી માટે એ વાત રહેવા દે ને બીજી નવીન વાત હોય તો કહો.

ત્યારે તે ગઢવે કહ્યું જે શ્રીસ્વામિનારાયણે એક પ્રકરણ ફેરવેલ છે જે પોતાના સેવક હોય તેના કંઠમાં રૂદ્રાક્ષનો પારો બંધાવે છે એવું સાંભળેલ છે.

આવું ગઢવાનું વચન સાંભળીને તેને ઉગાચાંદુએ કહ્યું જે રૂદ્રાક્ષનો પારો પવિત્ર છે ને ત્રણ વર્ણને ધારણ કરવા યોગ્યછે. પણ શ્રીસ્વામિનારાયણ એવી આજ્ઞા કરે જે સૂકું ખાસડું હોય તેમાં દોરી પરોવીને કંઠમાં ધારણ કરવું. એમ આજ્ઞા કરે તો તે પણ કંઠમાં પહેરવું છે, પણ શ્રીસ્વામિનારાયણનું વચન શિરસાટે પાળવું છે, કારણ કે શ્રીસ્વામિનારાયણ ભગવાન છે ને તેમનાં સ્વરૂપનો તેમના પ્રતાપથી મારા અંતઃકરણમાં પરિપૂર્ણ નિશ્ચય થયેલ છે તે તારા કહેવાથી હું નિશ્ચયમાંથી ડગું તેમ નથી. તું ફાવે તેમ શ્રીસ્વામિનારાયણ સંબંધી વાંકું બોલીશ તો પણ મારા નિશ્ચયમાં ફેરફાર થાય તેમ નથી. હવે તું અહીં ન રોકાતાં રસ્તો પકડ નહિંતર આ તરવારથી તારું મસ્તક ઉડાવી દઈશ. એમ કહીને તેણે ગઢવાને રજા આપી દીધી, પણ ગઢવાના વચનથી નિશ્ચયમાં ડગમગાટ થયો નહિ. એવા નિશ્ચયવાળા ઉગાચાંદુ હતા. ॥૯૭॥

ગઢપુરના દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજ એક વખત લીંબડા નીચે સભા કરીને બેઠા હતા. ને શ્રીજીએ સર્વ સંતોને વાત કરી જે મેં પ્રકરણ અનેક ફેરવ્યાં પણ આ સમયે એવું પ્રકરણ ફેરવવું છે કે ટાઢ, તડકો, વરસાદની ધારા સહન કરીને જેમ બને તેમ સહુ પરમહંસોએ તપ કરવું ને રાત્રિએ વગડામાં નિવાસ કરવો ને કૂતરાના શબ્દ ન સંભળાય તેટલે દૂર રાત્રિએ રહેવું પણ તમારે કોઈને ભેગા રહેવું નહિ ને જુદું જુદું રહેવું એવી મારી આજથી આજ્ઞા છે, એમ કહીને શ્રીજીમહારાજે કેટલાક દિવસ સંતોને પોતાની પાસે રાખીને દેશાંતરમાં ફરવા જવાની આજ્ઞા કરી. તે સહુ શ્રીજીની આજ્ઞા લઈને ગયા ને જેને પોતાની પાસે રાખવા ઘટે તેને રાખ્યા હતા.

તેવા સમયમાં એકલા ફરવાની પણ આજ્ઞા કરી હતી. તેથી એક એક પણ ફરતા. તેમાંથી એક સાધુને એવો સંકલ્પ થયો જે આવાં કરડાં વર્તમાન વારંવાર શ્રીજીમહારાજ ફેરવે છે તેથી હું એકડમલ થઈને સત્સંગનો ત્યાગ કરી ગમે ત્યાં ચાલ્યો જાઉં. શ્રીસ્વામિનારાયણનો મારા મનમાં પરિપૂર્ણ નિશ્ચય થયો છે તે ક્યારેય જાય તેમ નથી. તો હું જ્યાં જઈશ ત્યાં સત્સંગ કરાવીશ ને મારા દેહનો ત્યાગ કરીશ, એવું ધારીને કોઈને ન પૂછતાં પોતાની મરજી મુજબ ચાલ્યા ગયા. તે સંત જે જે ગામમાં જાય ત્યાં તે સંત ગામના ચોરામાં અગર ગામની ભાગોળે શંકરનું મંદિર હોય ત્યાં પડી રહે. ને મુમુક્ષુ કોઈ પોતાની પાસે આવે તો તેની આગળ શ્રીજીમહારાજ સંબંધી વાતો કરીને શ્રીસ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય પોતાના જેવો જ સામાને કરાવતા હતા.

તે સાધુ ફરતાં ફરતાં એક નાનુંસરખું ગામ હતું તેમાં રામજીમંદિર હતું ત્યાં રાત્રિના દશ વાગ્યે જઈને ઊતર્યા. ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એવી ધુન્ય કરવા લાગ્યા. તે સાંભળીને ત્યાં પરદેશી ઊતરેલા રમતારામ બાવાઓ એમ બોલ્યા જે તું કુનકા સાધુ હો તે કીશકુ ભજન કરતા હો? તે સાંભળીને જવાબ આપ્યો જે હું શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સાધુ છું ને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું નામ સ્મરણ કરું છું.

તે શ્રીસ્વામિનારાયણ નામ સાંભળીને બાવાઓ બળી ઊઠ્યા ને કહ્યું જે તારા ભગવાનનું નામ લેવું રહેવા દે નહિંતર ચીપિયાથી તુંને માર મારીશું. તો પણ તે બાવાઓનું મન ન માનતા, જેમ હનુમાનજી શ્રીરામનું એકાંતમાં બેસી ચપટી વગાડીને એકલીન થઈને ભજન કરતા હતા. તેની માફક સંત શ્રીસ્વામિનારાયણનું ભજન કરતા હવા. તેથી આસુરી જીવો બહુ જ બળી ઊઠ્યા. ને બળતી સગડીમાં લોઢાના ચીપિયાઓ મૂકી દીધા. તે ચીપિયાઓ લાલચોળ થયા ત્યારે આ નિરપરાધી સાધુને તે બાવાઓએ આડા પાડી દીધા. ને કહ્યું જે બાબુડી શ્રીસ્વામિનારાયણનું નામ મત લેના. નહિંતર આ ચીપિયાથી તારા શરીરને બેલની માફક ડામ દઈશું. તો પણ જરાય માન્યું નહિ. ત્યારે શરીરે ચીપિયાના ડામ દેવા મંડ્યા. તે જેમ જેમ ચીપિયાના ડામ દે તેમ તેમ વધારે શ્રીસ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યા. તે વખતે તે અસુર બાવાઓએ શ્રીસ્વામિનારાયણનાં સાધુનું આખું શરીર ડામ ડામ કરી મૂક્યું. તે વખતે એક દયાળુ સાધુ ત્યાં ઊતર્યો હતો તેણે તે બાવાઓને સમજાવીને ડામ દેતા અટકાવ્યા.

પછી સવારમાં ત્યાંથી શ્રીજીના સંત ચાલી નીકળ્યા ને એવો વિચાર કર્યો જે હું શ્રીસ્વામિનારાયણ ભગવાન પાસે જાઉં ને એમ કહું જે કાં તો આ તમારો મારા જીવનમાંથી નિશ્ચય કાઢી લ્યો નહિતર હું નીકળી ગયેલને તમે તમારી પાસે રાખો. આવો દૃઢ સંકલ્પ કરીને તે સંત ગઢપુર રાત્રિના સાડા આઠ વાગ્યાના સમયમાં આવ્યા. તે વખતે શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં સભા કરીને બેઠા હતા ને બે બાજુએ બે વાળંદો મશાલ લઈને ઊભા હતા ત્યાં તે સાધુ આવ્યા. ને શ્રીજીમહારાજને દંડવત્ કરવા લાગ્યા પણ શરીર લંગોટાઓએ બાળી મૂકેલું તેથી દંડવત્ નહિ થવાથી રડવા લાગ્યા. તે સાંભળીને મહાદયાળુ એવા શ્રીજીમહારાજે તે સાધુને પોતાની પાસે બોલાવ્યા ને કહ્યું જે સાધુરામ કેમ દિલગીર થાઓ છો? તમારે શું દુઃખ છે તે કહો. તે વખતે પોતાને જે વીતેલ હતી તે સઘળી

વાત કહી બતાવી. તે વાત સાંભળીને વાળંદોને કહ્યું જે આ સાધુ આગળ મશાલ ધરો. પાપી લોકોએ મારા સાધુને કેટલા ડામ દીધા છે તે હું જોઉં. તે જોઈને શ્રીજીમહારાજની આંખમાં બહુ જ પાણી ભરાઈ આવ્યાં.

પછી તે સાધુએ શ્રીજીને કહ્યું જે હે મહારાજ, જગતનાં વેરાગીનું અપમાન તથા દુઃખ તે મારાથી સહન થાય તેમ નથી. માટે કાં તો મારા જીવમાંથી તમારો નિશ્ચય કાઢી લ્યો નહિ તો એકડમલ થઈને આ સંતના ભીડામાંથી નોંખો પડેલ જે હું તે મને દયા કરીને તમે તમારા સમીપમાં રાખો. કારણ કે હું જ્યાં જઈશ ત્યાં તમારું ભજન કરીશ. ત્યાં ત્યાં મને આવું દુઃખ પ્રાપ્ત થશે. કારણ કે તમારો નિશ્ચય મારા જીવમાં છે માટે.

આવું તે વચન સાધુનું સાંભળીને ધન્ય છે સાધુ, તમે દુઃખ સહન કરીને પણ મારું ભજન તથા મારા સ્વરૂપના નિશ્ચયનો ત્યાગ કર્યો નહિ! માટે હું તમારા ઉપર ઘણો જ પ્રસન્ન થયો છું. માટે તમે સુખેથી મારા સમીપે નિવાસ કરીને રહો. એમ કહીને પોતાના નિશ્ચયવાળા ઉપરના કહેલા સંતને સ્નેહપૂર્વક શ્રીજીમહારાજ પોતાની સમીપે રાખીને ઘણું સુખ આપતા હતા. ॥૯૮॥

કુંડલાના સુખડીઆ કરશનજીભાઈ તથા પ્રાગજીભાઈ એ બેઉ ભાઈઓ ગઢડે આવેલ. તેમને ગોપાળાનંદ સ્વામીના સમાગમથી શ્રીજીમહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થવાથી ગોપાળાનંદ સ્વામી પાસે વર્તમાન લઈ કંઠી ધારણ કરી, ગઢડે થોડા દિવસ રહીને પોતાને ઘેર ગયા. ત્યાંના મહાજનને ખબર પડી કે કરશનજી તથા પ્રાગજી ગઢડે જઈને કંઠીઓ બંધાવી આવ્યા ને આપણાં મૂળ ધર્મનો ત્યાગ કરી નવો ધર્મ ધારણ કર્યો. માટે તે બેઉ જણને બોલાવીને ઠપકો આપવો. ને ગમે તેમ કરીને પણ કંઠીઓ તોડાવી નંખાવવી.

આવો વિચાર કરીને મહાજન લોકોએ બેઉ ભાઈને બોલાવ્યાં ને જેટલું કહેવું ઘટે તેટલું કહ્યું. તો પણ નાતનાં અગ્રેસરનું બિલકુલ વચન માન્યું નહિ. ને એવો જવાબ આપ્યો જે આપણાં ધર્મમાં હવે કાંઈ ઠેકાણું રહ્યું નથી. તેથી અમે શ્રીસ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા છીએ. ને શ્રીસ્વામિનારાયણનો નિશ્ચય અમારાં જીવમાં સદ્‌ગુરુના પ્રતાપથી ખરેખરો થયો છે માટે કંઠીઓ નહિ તોડીએ. ભલે તમારા વિચાર પ્રમાણે સુખેથી કરો. આવો જવાબ બેઉ ભાઈઓએ આપ્યો ને પોતાને ઘેર ગયા. પછી નાતનાં મહાજને એકઠા થઈને એવો વિચાર કર્યો જે આપણે બેઉ ભાઈને નાત બહાર કરો, ને તેની દુકાનેથી કોઈ પણ ચીજ લેવી

નહિ, તેમ તેમને કોઈ દુકાનેથી કાંઈ ચીજ આપવી નહિ. કદાપિ કોઈ પણ તેમની સાથે લેવાદેવાનો વ્યવહાર રાખશો તો તેને પણ નાત બહાર મૂકવામાં આવશે. આવો ઠરાવ ચોક્કસ કર્યો.

તે વાત બેઉ ભાઈઓએ જાણી તેથી નાતનો કારસો ઘણા માસ સુધી ભોગવ્યો તોપણ નાતવાળાઓએ બિલકુલ દયા આણી નહિ. તેથી બેઉ ભાઈ ગઢડે ગયા ને ગોપાળાનંદ સ્વામીની પાસે નાતે કરેલા કારસાની વાત કહી બતાવી. તે સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે તમારા જીવમાં શ્રીસ્વામિનારાયણનો પાકો નિશ્ચય છે તો સર્વ પ્રકારે શ્રીસ્વામિનારાયણ તમારી સહાયતા કરશે. તમો કોઈ પ્રકારે મૂંઝાશો નહિ. ને નાતમાં તમે જ કરતાકારવતા થશો. તમે સુખેથી કુંડલા જાઓ. તમારું દુઃખ શ્રીજીમહારાજ થોડા દિવસમાં ટાળી નાખશે. હું પણ તમને આશીર્વાદ આપું છું એમ કહીને રજા આપી તેથી બેઉ ભાઈઓ કુંડલા ગયા.

ત્યાં એક ધનાઢ્ય શાહુકારને ત્યાં વરો હતો ને સહુ નાત્યને પોતાને ઘેર જમવાનું આમંત્રણ કર્યું હતું બે ભાઈઓ સિવાય. આ બે ભાઈઓ દરેક પાક તથા ચાસણીના કામમાં હોંશિયાર હતા. છતાં બીજા સુખડીયાને બોલાવીને પાક કરવાની સોંપણી કરી. તે ઘણા હોંશિયાર હતા છતાં જે જે ચાસણી કરે તે કાં તો નરમ થઈ જાય ને કાં તો કઠણ થઈ જાય. પણ એકે પાક સારો થાય નહિ. તે જોઈને શેઠના મુનીમે શેઠને વાત કહી જે પાક સારો થતો નથી ને દરેક પાક બગડે છે. માટે પાક સુધારવો હોય તો કરશનભાઈ સુખડીયાને બોલાવવાની આજ્ઞા કરો તો હું બોલાવી લાવું, નહિંતર વરો શોભશે નહિ.

આવું વચન સાંભળીને શેઠે કહ્યું જે મારું નામ લઈને સુખેથી બોલાવી લાવો. ત્યારે મુનીમે આગ્રહપૂર્વક કરશનદાસને બોલાવીને તેની પાસે દરેક પાકો ચાસણીના કરાવડાવ્યા. તેની વાત શેઠને ખબર પડવાથી શેઠ કરશનદાસ ઉપર બહુ રાજી થયા ને કહ્યું જે તમે ન આવ્યા હોત તો મારું કર્યું કારવ્યું સર્વ વ્યર્થ થઈ જાત માટે તમે અહીં જમવા રહેજો. ને ઘેર જશો નહિ. તમારી પાસે જેમ પાક કરાવ્યા તેમજ નાતને પીરસાવવું છે. એમ કહીને ઘેર જવા દીધા નહિ. નાત જ્યારે જમવા આવી ત્યારે કરશન સુખડીયાને જોઈને શેઠને કહ્યું જે આને શા વાસ્તે બોલાવેલ છે ? આને તો નાત બહાર કરેલ છે. ત્યારે શેઠે કહ્યું જે તે આવ્યો ત્યારે આ કરાવેલ પાકો સુધર્યા છે. માટે જેમ તેને નાત બહાર કરેલ છે તેમજ હું તેને નાત્યમાં લઉં છું. તેમજ તમો સર્વને કરશનદાસ જ પીરસશે. તે વખતે કોઈ પણ પંક્તિમાંથી ઊઠશે તે નાત બહાર છે. હું કરશનદાસના પક્ષમાં છું.

એમ કહીને કરશનદાસભાઈની પાસે પીરસાવ્યું. ને સહુ સાંભળે તેમ શેઠે કહ્યું જે આજથી કરશનદાસભાઈની સાથે સહુએ લેવાદેવાનો વ્યવહાર રાખવો. ને કોઈએ કાંઈ પણ બોલવું નહિ. એવો બંદોબસ્ત કર્યો. માટે કે'વાનું એટલું જ છે કે ગોપાળાનંદ સ્વામીના પ્રતાપથી બેઉ ભાઈઓના અંતઃકરણમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનો પાકો નિશ્ચય હતો તો કારસો વેઠીને પણ સત્સંગનો ત્યાગ કર્યો નહિ. શ્રીજીમહારાજે તેમની સહાયતા કરી. માટે શ્રીસ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય શિરસાટે રાખવાથી શ્રીજીમહારાજની પ્રસન્નતા થાય છે એ જ કહેવાનો સિદ્ધાંત છે. ॥૯૯॥

ગામ સમઢીયાળાના કણબી વીરો સેલડીયો શ્રીજીમહારાજના સારા સત્સંગી હતા. ને તેઓ દેવસેવા, આચાર્યસેવા, સંતસેવા વિગેરે ભાવપૂર્વક કરતા હતા. ને શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય અતિદૃઢ હતો. ને શ્રીજીના પાળવા યોગ્ય સર્વ નિયમોને યથાર્થ પાળવા માટે તૈયાર રહેતા. એવા વીરાભક્તને એક સમયે તેમના ગામના કાઠીઓએ કહ્યું જે તમારા શ્રીસ્વામિનારાયણ ભગવાન બે ત્રણ બાઈઓને લઈને નાસી ગયા છે.

એવા સમાચાર કાઠીઓથી સાંભળીને કહ્યું જે અમારા શ્રીસ્વામિનારાયણ ભગવાન સોળ હજાર એકસો ને આઠ લઈ જાય ત્યાં સુધી તો શ્રીકૃષ્ણ ભગવાન જેવા. ને તેથી અધિક લઈ જાય તો તે અવતારના અવતારી છે. આવો ઉત્તર આપ્યો, પણ શ્રીસ્વામિનારાયણ ભગવાનના નિશ્ચયમાંથી ડગ્યા નહિ. એવા સર્વોપરી નિશ્ચયવાળા હતા. ॥૧૦૦॥

ગામ વાંકીયાના અરજણ પટેલ પહેલાં પરોક્ષદેવનું ભજન કરતા હતા. પછી એક સમયમાં શ્રીસ્વામિનારાયણની આજ્ઞાથી દેશાંતરમાં ફરતા સંત તેમના ગામમાં આવીને શંકરના મંદિરમાં ઊતરેલા હતા ત્યાં અરજણ પટેલ શંકરનાં દર્શન કરવા આવ્યા ત્યારે ત્યાં બેઠેલા શ્રીસ્વામિનારાયણ ભગવાનના સાધુને પગે લાગીને સમીપમાં બેઠા. તે પટેલને સાધુએ ભગવાનને ભજવાની વાર્તાઓ કરીને કહ્યું કે શ્રીસ્વામિનારાયણ ભગવાન છે તેમનું તમો ભજન કરો તો તમારો આત્યંતિક મોક્ષ થાય, ત્યારે પટેલ કહે શ્રીસ્વામિનારાયણ ભગવાન છે એમ મારાથી કેમ મનાય? ત્યારે સાધુએ સમ ખાઈને તે અરજણ પટેલને વર્તમાન ધરાવી કંઠી પેરાવીને સત્સંગી કર્યા ને શ્રીસ્વામિનારાયણ ભગવાનનો પરિપૂર્ણ નિશ્ચય કરાવ્યો ને કહ્યું કે શ્રીસ્વામિનારાયણના નામની પાંચ માળા ફેરવજો. અંતકાળે શ્રીજીમહારાજ તમને તેડવા આવશે એમ કહીને સંત ફરવા બીજા ગામ તરફ ગયા.

પછી કોઈ વખત તે અરજણ પટેલની પરીક્ષા લેવા વર્તમાન ધરાવનાર સંત આવ્યા. ને પટેલને કહે જે શ્રીસ્વામિનારાયણ ભગવાન નથી, ને તમારી આગળ અમે તો ભૂલથી સમ ખાધા છે ત્યારે તે અરજણભાઈએ કહ્યું જે મેં તો કંઠી બાંધી ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાનનો પાકો નિશ્ચય કરીને બાંધી છે માટે તમે શું પણ પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાન મને નિશ્ચયમાંથી પાડવા આવે તોપણ મારા નિશ્ચયમાં ફેર પડે નહિ. આવું પટેલનું વચન સાંભળીને વર્તમાન ધરાવનાર ગુરુ રાજી થયા ને આશીર્વાદ આપીને ગયા, પણ પોતાને કંઠી બંધાવનાર ગુરુનું માન્યું નહિ, ને પોતાના નિશ્ચયમાં ડગમગાટ થયો નહિ, માટે તેમને ધન્યવાદ છે. એવા ઉત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનના નિશ્ચયવાળા અરજણ પટેલ હતા. ॥૧૦૧॥



શ્રીજીમહારાજે હરિભક્તોની ધીરજતા જોઈ તે વિષે વાર્તાઓ

ગામ દદુકાના ગોડજીભાઈ કાયમ શ્રીજીની સાથે રહેતા તે ઘણા રમૂજી હતા. તે કોઈ વખતે મહારાજની પાસે એમ કહેતા જે તમે તમારા હરિભક્તની ધીરજતાની પરીક્ષા કેમ લેતા નથી ? તે સાંભળીને શ્રીજી કહે સમય પ્રમાણે ધીરજ રાખવી તે મહા કઠણ છે. ત્યારે ગોડજીભાઈ કહે હે મહારાજ,શું કઠણ છે? જ્યારે અમો લડાઈ થતી હોય ત્યારે બંદૂકોની ગોળીઓ, ભાલાં, તલવારોના ઘા સહન કરીને સામાની સાથે લડીએ. પણ ધીરજતાનો ત્યાગ કરીને પાછા હઠીએ નહિ, એવા અમે ક્ષત્રી લોકો છીએ માટે તમારે મારી ધીરજતાની પરીક્ષા લેવી હોય તો સુખેથી લેજો. તે સાંભળીને શ્રીજીમહારાજે કહ્યું જે, ભલે તમારી મરજી છે તો કોઈ વખત પરીક્ષા લેશું.

પછી ઘણાંક માસો વીત્યા બાદ એક વખત શ્રીજીમહારાજ શ્રીમુક્તાનંદ સ્વામી આદિક સંતો તથા કાઠીના અસવારો તથા ગોડજીભાઈ સહિત ભૂજ પધાર્યા હતા. ત્યાં કેટલાક દિવસ રહીને કેટલાંક ગામોમાં હરિભક્તોને દર્શન આપીને ગઢપુર તરફ પધારતા હતા. તે વખતે રસ્તામાં મુક્તાનંદ સ્વામીનો સીગરામ ઘણો પછવાડે રહી ગયો. પછી શ્રીજીએ વિચાર કર્યો જે આ વખતે ગોડજીભાઈની પરીક્ષા લેવાનો લાગ આવ્યો છે. તેથી તેમની ધીરજતા જોઈ લઉં. તે ધીરજતાવાળા કેવા છે તે જણાઈ આવશે.

એવો દૃઢ સંકલ્પ કરીને એક રસ્તાની બાજુમાં નાની પર્ણકુટી આવી. ત્યાં શ્રીજીમહારાજ માણકી ઘોડેથી નીચે ઉતર્યા. ને ગોડજીભાઈને કહ્યું : "આ કુબામાં પેસો. મારે તમારી ધીરજતા જોવી છે. ત્યારે ગોડજીભાઈએ કહ્યું જે ભલે મહારાજ મારી પરીક્ષા લ્યો. એમ કહીને શ્રીજીની આજ્ઞાથી કુબામાં પેઠા. પછી મહારાજે સહુ કાઠીઓને આજ્ઞા કરી જે બોરડીના કાંટા લાવો ને આ કુબા ફરતા વીંટો. તે સાંભળીને તુરંત જ કાઠીઓ બોરડી લાવ્યા ને કુબા ફરતાં તે કાંટાને વીંટ્યા. તે વખતે ગોડજીભાઈ કુબામાં બેઠા બેઠા કીર્તન બોલવા લાગ્યા જે, **રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું રે સગપણ.** એ પદ ઊંચે સ્વરે બોલતા એવા ગોડજીભાઈ પોતાના અંતઃકરણમાં વિચાર કરવા લાગ્યા જે આ ક્ષણભંગુર શરીર વેલુંમોડું નાશ પામત. તેનો અંત આજે આવી ગયો એ જ શ્રીજીમહારાજની મોટી કૃપા થઈ. આજે હું રંગેચંગે શ્રીજીના ધામનાં દર્શન કરીશ ને અક્ષરધામની સભામાં નિવાસ કરીશ. વળી શ્રીજીના હસ્તકમળથી મારો

અગ્નિસંસ્કાર થશે. જેવી રીતે કર્ણનો ભગવાને પોતાના હસ્તકમળથી ભરૂચ ક્ષેત્રમાં અગ્નિસંસ્કાર કરેલ તેવી જ રીતે પુરુષોત્તમ નારાયણ મારો આજે અગ્નિસંસ્કાર કરશે. માટે મારા જેવો આ દુનિયામાં કોઈ ભાગ્યશાળી નથી.

એવા વિચારો કરીને વળી કીર્તનભક્તિ શરૂ કરી. તે વખતે શ્રીજીમહારાજ ચકમકથી અગ્નિ ઉત્પન્ન કરવા લાગ્યા તે જાણીજાણીને વાર લગાડે. ત્યારે કુબાની અંદરથી ગોડજીભાઈ શ્રીજીમહારાજને કહે જે, શું વિચાર કરો છો ? તમારાથી અગ્નિ ઉત્પન્ન ન થતો હોય તો તે ચકમક મને આપો. હું ચકમકથી અગ્નિ પ્રગટ કરીને અંદરથી મૂકું જેથી ઝટ પાર આવે. એમ કહે છે તેટલાકમાં મુક્તાનંદ સ્વામી ત્યાં પધાર્યા. તે જોઈને સ્વામીએ પૂછ્યું જે હે મહારાજ આ શું કરો છો? પછી શ્રીજીએ કહ્યું જે ગોડજીભાઈની પરીક્ષા લઉં છું જે ગોડજીભાઈ કેટલાકમાં છે ? શૂરવીર છે કે ફોશી છે? તે સાંભળીને ગોડજીભાઈ બોલ્યા જે હું શૂરવીર છું પણ ફોશી નથી માટે સુખેથી અગ્નિ મૂકીને મને બાળી મૂકો. મારે ધીરજતાનો ત્યાગ કરવો નથી.

તે સાંભળીને મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે આવી પરીક્ષ લેશો તો આ કળીકાળમાં કોઈ આપની પાસે રહેશે નહિ. પરીક્ષા લેવાનો હાલ સમય નથી ને જગતમાં એમ વાત ઊડશે જે શ્રીસ્વામિનારાયણ જીવતા માણસને બાળી મૂકે છે. માટે માણસમારા છે. એમ કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામીને શ્રીજીએ કહ્યું જે, તમે કહો તેમ કરીએ. પછી સ્વામીએ કહ્યું જે ગોડજીભાઈને કુબામાંથી બહાર કાઢો. તે સાંભળીને શ્રીજીએ ગોડજીને કુબાથી બહાર કાઢ્યા ને વારંવાર બાથમાં ઘાલીને મળ્યા ને કહ્યું જે તમારી ધીરજતાને ધન્યવાદ છે. પૂર્વે જેમ હરિશ્ચંદ્ર રાજાએ તથા શીબી રાજાએ પોતાના મોક્ષાર્થે ધીરજતાનો ત્યાગ નહોતો કર્યો તેવી રીતે તમે પણ ધૈર્ય રાખ્યું તેથી હું તમારા ઉપર બહુ જ પ્રસન્ન થયો છું.

કહેવાનું એટલું છે કે આ લોકમાં દેહ સંબંધી દુઃખો આવે તે જોઈને અંતઃકરણમાં દુઃખ માનવું નહિ તેમજ ધીરજતાનો ત્યાગ ક્યારેય કરવો નહિ. ખરા સંકટમાં ધીરજતા રાખીશું તો જેવી રીતે ગોડજીભાઈ ઉપર શ્રીજીમહારાજ પ્રસન્ન થયા તે પ્રમાણે આપણી ઉપર પણ શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રસન્ન થશે એ જ સિદ્ધાંત છે. ॥૧૦૨॥

ગામ માંગરોળમાં આણંદજીભાઈ સંઘેડીયા શ્રીરામાનંદ સ્વામીના સેવક હતા. તે રામાનંદ સ્વામી જ્યારે ધામમાં ગયા પછી આણંદજીભાઈને શ્રીજીમહારાજનો

સર્વોપરી નિશ્ચય થયો. એક વખત શ્રીજીમહારાજ સંતોએ સહિત માંગરોળ પધાર્યા હતા. તે વખતે આણંદજીભાઈને એકાંતમાં બેસાડીને વાત કહી જે, તું મારો એકાંતિક ભક્ત થયો પણ તમારી સ્ત્રી સત્સંગી નથી માટે તેને તું સત્સંગી કર્ય ને કાં તો તેનો ત્યાગ કર્ય. ત્યારે આણંદજીભાઈએ કહ્યું જે તે મારાથી સત્સંગી થાય તેમ નથી તેમજ મારાથી કાઢી મુકાય તેમ પણ નથી.

ત્યારે શ્રીજીએ કહ્યું જે, એમ તમારાથી નહિ બને તો હું તમને વિમુખ કરીશ. એમ કહીને આણંદજીને પોતાની પાસેથી ઉઠાડી મૂક્યા. પછી શ્રીજીમહારાજે માંગરોળમાં થોડા દિવસ રહીને ચાલતી વખતે સર્વે સત્સંગીઓને બોલાવીને કહ્યું જે હું આજથી આણંદજીભાઈને વિમુખ કરું છું. માટે તેમને મંદિરમાં પેસવા દેવો નહિ, ને કદાચ મંદિરમાં આવે તો મંદિરની ખડકીએ ઊભો રહેવા દેવો પણ મંદિરમાં પેસવા દેવો નહિ ને આણંદજીભાઈને જોઈને સર્વે હરિભક્તોએ હાડ્યકૂતરી-હાડ્યકૂતરી એમ બોલવું.

આવી આજ્ઞા કરીને શ્રીજીમહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા. તે ફરતા ફરતા ભૂજ પધાર્યા. ત્યાં ભૂજમાં ત્રણ માસ રોકાયા. ને પછી બીજા ગામડામાં ત્રણ મહિના ફર્યા ને પછી ગઢપુર જવા વિચાર કર્યો તેથી સંતોએ સહિત શ્રીજીમહારાજ માંગરોળ પધાર્યા. તેવા સમાચાર સાંભળીને સર્વે હરિભક્તો શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા તે ભેગા આણંદજીભાઈ પણ દર્શન કરવા આવ્યા. મંદિરમાં પેસવાની બંધી હોવાથી મંદિરની ખડકીએ રોકાઈને શ્રીજીમહારાજને સન્મુખ દંડવત્ પ્રણામ કર્યા ને માળા લઈને શ્રીજીની મૂર્તિ ધારીને ફેરવવા લાગ્યા.

તે વખતે જે જે હરિભક્તો મંદિરમાં આવે તથા મંદિરમાંથી જાય ત્યારે આણંદજીભાઈને જોઈને હાડ્યકૂતરી-હાડ્યકૂતરી કહેતા જાય તોપણ પોતાના અંતઃકરણમાં જરા પણ ક્ષોભ થાય નહિ ને સર્વે હરિભક્તોના જોડા પોતાના ધોયેલા લૂગડાથી લૂછીને સવળા મૂકે. તે શ્રીજીએ પ્રત્યક્ષ જોયું. પછી હરિભક્તોને શ્રીજીએ કહ્યું જે મંદિરમાં કૂતરી આવી નથી ને તમો હાડ્યકૂતરી-હાડ્યકૂતરી કેને કહો છો? ત્યારે હરિભક્તોએ કહ્યું જે, હે મહારાજ આપશ્રીએ આજ્ઞા કરી હતી જે આણંદજીભાઈને મંદિરમાં પેસવા દેશો નહિ ને તેમને જોઈને હાડ્યકૂતરી-હાડ્યકૂતરી કહેવું તેથી તેમને મંદિરમાં પેસવા દેતા નથી. ને તેમને જોઈને અમે સહુ હાડ્યકૂતરી-હાડ્યકૂતરી કહીએ છીએ.

આવું હરિભક્તોનું વચન સાંભળીને આસનથી તુરંત ઊતરીને શ્રીજીમહારાજ આણંદજીભાઈ પાસે ગયા. ત્યારે આણંદજીએ શ્રીજીને હાથ જોડીને કહ્યું જે આવું હરિભક્તો પાસે કરાવવાનું શું કારણ છે? ત્યારે શ્રીજીએ કહ્યું જે, હું તમારી ધીરજતા જોઉં છું જે તમો કેટલાકમાં છો ! ત્યારે આણંદજીએ કહ્યું કે સુખેથી તમારે જ્યાં સુધી મારી ધીરજતા જોવી હોય ત્યાં સુધી જુઓ. હું તમારા પ્રતાપથી ધીરજતાનો ત્યાગ કરવાનો નથી. ત્યારે શ્રીજીમહારાજ કહે કે તમારી સ્ત્રીને સત્સંગી કરો, નહિ તો તેનો ત્યાગ કરો. ત્યારે આણંદજીભાઈએ પ્રથમની પેઠે જવાબ આપ્યો તેથી શ્રીજીએ કહ્યું જે હું તમારી ધીરજતાને જોઈને તમારા ઉપર બહુ જ પ્રસન્ન થયો છું. તમે ધીરજતા રાખીને છ માસ સુધી હરિભક્તોનું અપમાન સહન કર્યું. તારા જેવો ધીરજતાવાળો કોઈ નહીં. અને મારો તથા હરિભક્તોનો લેશમાત્ર અવગુણ આવ્યો નહિ. માટે તમારી મરજી હોય તો તમારી સ્ત્રીને હું મારા પ્રતાપથી એક ક્ષણમાત્રમાં સત્સંગી કરું.

તે સાંભળીને આણંદજીભાઈ બહુ રાજી થયા. ને શ્રીજીને હાથ જોડીને કહ્યું જે, તમો તેને સત્સંગી કરો અને મને મંદિરમાં દર્શન કરવાની આજ્ઞા કરો. તે વખતે સર્વ હરિભક્તોને શ્રીજીએ કહ્યું જે આણંદજીભાઈને આજથી મંદિરમાં આવવાની આજ્ઞા છે. ને કોઈએ હાડ્યકૂતરી એમ કહેવું નહિ. પછી આણંદજીને પોતાની સાથે મંદિરમાં સર્વે હરિભક્તોની આગળ બેસાડ્યા. અને શ્રીજીએ આણંદજીને કહ્યું જે અમે તમને હાડ્યકૂતરી હરિભક્તો પાસે કહેવડાવ્યું તેનું કારણ તમારે ત્રણ જન્મ કૂતરાના લેવા પડત. તે જન્મ તમારા માથેથી છ માસ હાડ્યકૂતરી કહેવડાવ્યું તેને તમે ધીરજતા રાખીને સહન કર્યું. તો હવેથી તે જન્મ તમારે ધરવા પડશે નહિ. એમ કહીને સંધ્યા આરતી કરીને બેઠા.

પછી આણંદજીભાઈને તથા સર્વે હરિભક્તોને જવાની આજ્ઞા કરી. તે જ રાત્રિએ શ્રીજીમહારાજની ઈચ્છાથી આણંદજીભાઈની સ્ત્રીને જમ દેખાણાં ને ઘણોક માર માર્યો તેથી ચીસાચીસ પાડવા લાગી. તે વખતે શ્રીજીની ઈચ્છાથી ત્યાં બે પાર્ષદ આવ્યા. ને જમને કહ્યું જે આનો પતિ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો એકાંતિક ભક્ત છે. ને તમે આ સ્ત્રીને શા માટે મારો છો ? ત્યારે જમે કહ્યું જે તે સ્ત્રીનો પતિ સત્સંગી છે. પણ આ બાઈ ક્યાં સત્સંગી છે ? તે હરિભક્ત થાય તો અમે તેને ન મારીએ. ત્યારે તે બાઈએ કહ્યું જે હું શ્રીસ્વામિનારાયણ ભગવાનની એકાંતિક ભક્ત થઈશ, ને ધર્મનિયમ બરાબર પાળીશ. હવેથી હું ફેર પાડું તો તમારે મને સુખેથી દંડ દેવો. એમ કહ્યું. તે સાંભળીને તે બાઈને મારવાનું બંધ કરીને જમ ચાલ્યા ગયા.

ને પાર્ષદ પણ શ્રીજીમહારાજની ઈચ્છાથી દેખાતા બંધ થયા. પછી તે બાઈ સવારમાં વેલી ઊઠીને નાઈ-ધોઈને શ્રીજી પાસે ગઈ ને મહારાજને કહ્યું જે, મને વર્તમાન ધરાવી કંઠી પેરાવો, ને મારો ગુનો માફ કરો. કારણ કે આજ રાત્રિએ મને જમે માર મારીને અધમુઈ કરી નાંખી પણ તમારા પાર્ષદ આવ્યા ત્યારે મારો બચાવ થયો. તે હું સત્સંગી ન થાઉં તો તે જમ મને જીવતી મારી નાખે.

તે સાંભળીને શ્રીજીમહારાજે તે બાઈને વર્તમાન ધરાવ્યા ને કંઠી પહેરાવી. તે જોઈને આણંદજીભાઈ બહુ પ્રસન્ન થયા. ને આણંદજીભાઈને શ્રીજીએ કહ્યું જે અમો આજ ચાલવાના છીએ. અહીં આવવાનું કારણ તો એટલું હતું કે તમે તમારી ધીરજતાનો ત્યાગ કર્યો છે કે નહિ? પણ તમે અમારા વાસ્તે ઘણી ધીરજતા રાખી માટે આવો હું તમને મળું. એમ કહીને શ્રીજીમહારાજ બાથમાં ઘાલીને વારંવાર મળતા હતા. કહેવાનું એ છે જે આણંદજીભાઈએ છ માસ સુધી શ્રીજીના કહેવાથી હરિભક્તોનું અપમાન સહન કર્યુ તેથી શ્રીજી તેમના ઉપર બહુ જ પ્રસન્ન થયા, ને તેની સ્ત્રીને પોતાનાં પ્રતાપથી હરિભક્ત કરી. તેમજ આપણે પણ ધીરજતા રાખવી ને સત્સંગના ગરજુ થવું. તેથી આણંદજીભાઈની માફક આપણાં ઉપર પણ શ્રીજીમહારાજ પ્રસન્ન થશે. ॥૧૦૩॥

ગામ સુપેડીમાં વૈષ્ણવરાજ ગોપાળ પટેલ હતા. તેના દીકરા ડાહ્યાભાઈ હતા. તે ડાહ્યાને સાધુના સમાગમથી શ્રીજીમહારાજનો પરિપૂર્ણ નિશ્ચય થયો હતો. તેથી સાધુ પાસે વર્તમાન ધરાવીને કંઠી બાંધી તે સમે સાધુએ એમ વાત કહી જે, તમે શ્રીસ્વામિનારાયણ ભગવાનના ભક્ત થયા તેથી તમારાં માબાપ તથા સગાંસંબંધીઓ તારી હાંસી-મશ્કરી કરશે તથા તમને દુઃખ આપશે. ત્યારે ડાહ્યાએ કહ્યું જે મને દુઃખ આપશે તો પણ સત્સંગનો ત્યાગ કરીશ નહિ. તેમજ ધીરજતા રાખીને સુખદુઃખને સહન કરીશ. આવું ડાહ્યાલાલનું વચન સાંભળીને સાધુ ઘણાં પ્રસન્ન થયા ને આશીર્વાદ આપીને સાધુ ત્યાંથી ચાલી નીકળ્યા.

પછી ગોપાળ પટેલને કોઈકે એમ વાત કરી જે તમે વૈષ્ણવ છો ને તમારો દીકરો શ્રીસ્વામિનારાયણિયો થયો તે ઠીક નહિ.. માટે સત્સંગ મુકાવી દ્યો. એક ઘરમાં બે સંપ્રદાય હોય નહિ. તે સાંભળીને ગોપાળ પટેલે ડાહ્યાને બોલાવ્યો ને કહ્યું જે આપણે વૈષ્ણવ છીએ ને તે ધર્મ અનાદિનો છે ને શ્રીસ્વામિનારાયણ ભગવાનનો ધર્મ નવો છે તે આપણે રાખવો નથી. માટે કંઠી તોડી નાખ્ય. નહિતર યોગ્યતા પ્રમાણે શિક્ષા કરીશ. ત્યારે ડાહ્યાલાલે કહ્યું જે મારાથી સત્સંગ

મુકાય તેમ નથી. તમે મને યોગ્યતા પ્રમાણે શિક્ષા કરશો તેને હું ધીરજતા રાખીને સહન કરીશ. તમારી મરજી પ્રમાણે કરો. એમ કહીને ડાહ્યાલાલ તરત ચાલી નીકળતો હવો.

ત્યારે તેના પિતાએ વિચાર કર્યો જે શ્રીસ્વામિનારાયણ ભગવાનના સાધુએ આ ડાહ્યાલાલના જીવમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન ઘાલી દીધા છે, તેથી સત્સંગનો ત્યાગ તથા કંઠીનો ત્યાગ કરશે નહિ. માટે શિક્ષા કરીશ તો જ કંઠી તોડી નાખશે. એમ વિચારીને ડાહ્યાલાલને દુઃખ દેવામાં ખામી રાખી નહિ તો પણ કંઠીનો ત્યાગ કર્યો નહિ. તે જોઈને ગોપાળે પોતાના ચાકરને આજ્ઞા કરી જે, આને આપણાં ખેતરમાં લઈ જાઓ. ને ડાહ્યાના બે પગ બાંધીને ઊંધે માથે કૂવામાં ડબકાં ખવરાવો. મરી જાય તો ભલે, પણ કંઠી તોડી નાખે ને સત્સંગનો ત્યાગ કરે એવું જો કબૂલ કરે તો તેને કૂવામાંથી બહાર કાઢવો. નહિતર મારી નાખજો. એમ આજ્ઞા આપી. તેથી ડાહ્યાલાલને યુક્તિ કરીને ખેતરે લઈ ગયા. ત્યાં પણ તેને ઘણો સમજાવ્યો તોય જરા પણ માન્યું નહિ. ત્યારે તેના પગ બાંધીને કૂવામાં ઊંધે માથે પાણીમાં વારંવાર કાઢે ને બુડાડે તો પણ ધીરજ રાખીને એમ બોલે જે હે શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રહ્‌લાદની રક્ષા કરી તેમ મારી રક્ષા કરવી હોય તો રક્ષા કરો. ને જ્યાં સુધી મારા પ્રાણ હશે ત્યાં સુધી ધીરજનો ત્યાગ કરીશ નહિ, માટે જેમ આપની ઈચ્છા હોય તેમ મારે વર્તવું છે. આવું હિંમત સોતો બોલે.

આવી તેની ધીરજને જોઈને અકસ્માતે પ્રથમ તો તેજ તેજ કૂવામાં તથા કૂવાની બહાર થઈ ગયું ને તેજની મધ્યે પ્રગટ પુરુષોત્તમ નારાયણ શ્રીસહજાનંદસ્વામી દુઃખના આપનારને દેખાણાં ને કહ્યું જે મારા એકાંતિક ભક્તને તેના બાપના કહ્યાથી તમો એ નિરઅપરાધીને કૂવામાં શા માટે નાખ્યો છે? તેને બહાર કાઢો. તમે તમારા જીવનું શા માટે બગાડો છો? ને હું તો શ્રીસ્વામિનારાયણ ભગવાન છું ને મારા ભક્તને આધીન છું. તે ગમે તે પ્રકારે તેની રક્ષા કરીશ. શરીરમાંથી પ્રાણ કાઢવા ને રાખવા તે મારા હાથમાં છે, તે તમારા હાથમાં નથી. એમ કહીને ડાહ્યાને કૂવામાંથી બહાર કઢાવ્યો ને શ્રીજીમહારાજે પોતાના કોમળ હાથ ડાહ્યાના મુખ તથા માથા ઉપર ફેરવ્યા ને બાથમાં ઘાલીને મળ્યા ને કહ્યું જે તેં પ્રહ્‌લાદની પેઠે ધીરજ રાખી છે તો હું તારા ઉપર બહુ જ પ્રસન્ન થયો છું. ધીરજ રાખી છે તેમ ને તેમ રાખજે. ને સત્સંગ તથા કંઠીનો ત્યાગ કરીશ નહિ. હું તારી સર્વ પ્રકારે રક્ષા કરીશ. એમ કહીને ત્યાંથી અંતર્ધાન થઈ ગયા.

આવો બનાવ જોઈને ચાકરલોકો ઘણાં જ ઝંખવાઈ ગયા. ને ડાહ્યાને લઈને ઘેર આવ્યા ને ગોપાળની આગળ નજરે જોયેલી વાત કરીને કહ્યું જે શ્રીસ્વામિનારાયણ ભગવાનછે તે ડાહ્યાની ધીરજને આધીન થયેલા છે. શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે તો કરવા દ્યો. ત્યારે ગોપાળે કહ્યું જે ગમે તેમ થાય મારે સત્સંગ રહેવા દેવો નથી. પછી ડાહ્યાને ઘરમાં પૂરીને તાળું વાસી કુંચી પોતાની પાસે રાખીને કહ્યું જે સત્સંગનો ત્યાગ કરીશ ત્યારે હું ખાવા આપીશ. નહિતર તને ઘરમાંથી બહાર કાઢીશ નહિ. એમ કહીને ત્યાંથી ચાલ્યો ગયો. બે-ત્રણ દિવસ થયા તો પણ તાળું ઉઘાડ્યું નહિ તથા ખાવાનું આપ્યું નહિ. ત્યારે અક્ષરપતિ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામીએ રાત્રિના બાર વાગ્યે ડાહ્યાને દર્શન દીધું. ને તેને જમાડ્યો, પાણી પાયું ને તે પૂરેલા ઘરમાંથી કોઈ ન જાણે તેવી રીતે એક રાત્રિમાં ગઢપુર પહોંચાડી દીધો. ને ત્યાં ડાહ્યાને દીક્ષા આપીને સાધુ કરી પોતાની પાસે રાખ્યો.

તેને બે-ચાર વર્ષ થયાં ત્યારે ગોપાળને કોઈકે એવા સમાચાર આપ્યા જે, તારો દીકરો ગઢડામાં સાધુ થઈને શ્રીસ્વામિનારાયણ ભગવાન પાસે રહ્યો છે. તે સાંભળીને ગોપાળ ગઢડે આવ્યો ને આગ્રહપૂર્વક ડાહ્યાને પાછો સુપેડી તેડી ગયો. ને પૂર્વની માફક જેમ દુઃખ આપતો હતો તેમ દુઃખ આપવા લાગ્યો. તેણે દુઃખને બહુ જ સહન કર્યું. પણ ધીરજમાંથી ડગ્યો નહિ. ત્યારે ડાહ્યાને બીજી વખત શ્રીજીમહારાજે દર્શન દીધાં ને ગઢડે લઈ ગયા. ને લીંબડા નીચે મૂળ સ્વરૂપથી પોતે સભા કરીને બેઠા હતા ત્યાં ડાહ્યાલાલે આવીને શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કર્યા. તે વખતે દીનદયાળ સભામાંથી ઊઠીને ડાહ્યાને બાથમાં ઘાલીને વારંવાર મળવા લાગ્યા. ને આંખોમાંથી જળ પડવા લાગ્યાં. ને સહુ સંતો તથા હરિભક્તોની આગળ શ્રીજીમહારાજે વાત કરી જે આ ડાહ્યાલાલ પ્રહ્લાદ છે, ને તેના પિતા હિરણ્યકશીપુ છે તેથી આ ડાહ્યાને દુઃખ આપવામાં ખામી રાખી નહિ, તો પણ બહુ જ ધીરજ રાખીને કંઠી તથા મારો ત્યાગ કર્યો નહિ, માટે મારી આના ઉપર બહુ જ પ્રસન્નતા થઈ છે. હવેથી મારી સેવામાં હું ડાહ્યાને કાયમ રાખીશ. એમ કહી ડાહ્યાને દીક્ષા આપીને સાધુ કરીને પોતાના સમીપમાં રાખ્યો.

કહેવાનું કે ડાહ્યાલાલે જો ધીરજ રાખી તો તેના ઉપર શ્રીજીમહારાજ પ્રસન્ન થયા, ને પોતની સમીપની સેવા આપી. તેની માફક આપણે સુખદુઃખ સહન કરીને ધીરજ રાખી શ્રીજીમહારાજમાં અખંડ વૃત્તિ રાખીશું તો ડાહ્યાલાલની પેઠે

આપણને શ્રીજીમહારાજ સેવામાં રાખશે. ધીરજ સમાન ઢાલ નથી ને ધીરજની વાત છે. ॥૧૦૪॥

ગામ રતનપરના જશમતભાઈ પટેલને કપિલજીવનદાસજીના સમાગમથી સત્સંગ થયો હતો. ને સાધુના સમાગમથી સમજણ પરિપક્વ હતી. વ્યવહાર સંબંધી સુખદુઃખ આવતું તો પણ તેમાં લેવાતા નહિ. ને એમ વિચાર કરતા જે સુખદુઃખનાં આપનારા કાળકર્માદિક કોઈ નથી. સહુ શ્રીસ્વામિનારાયણ ભગવાનને આધીન છે. ને આ શરીર તો કર્માધીન છે. માટે સંસ્કાર પ્રમાણે સુખદુઃખ આવે ને જાય છે. એવો દૃઢ વિચાર કરીને શ્રીજીમહારાજનું અખંડ નામ સ્મરણ કરતાં ને ખેતીનો ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવતા. તેમની ધીરજ જોવાને માટે શ્રીજીમહારાજ પોષ મહિનાની રાત્રિના બાર વાગ્યે માણકી ઘોડીએ ચઢીને દિવ્ય દેહે, જશમતભાઈ પટેલને ઘેર પધાર્યા.

જશમત પટેલના ઘરની ઓસરી ઊંચી તેથી કરીને માણકીનાં આગલા બે પગ ઓસરીની કોર ઉપર મુકાવ્યા. ને શ્રીજીએ પોતાના હાથે ઓસરીની કોર ઉપર સૂતેલા જશમત ભક્તનું ઓઢેલ વસ્ત્ર ખેંચીને જગાડ્યા. તે જાગી શ્રીજીને દંડવત્ કરીને પગે લાગ્યા ને કહ્યું જે અત્યારે મધ્ય રાત્રે આપશ્રી ક્યાંથી પધાર્યા ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે હું અક્ષરધામમાંથી અહીં આવ્યો છું. મારે તમને એક વાત કરવી છે ત્યારે પટેલે કહ્યું જે સુખેથી કહો જેમ તમારી આજ્ઞા થશે તેમ હું કરીશ. ત્યારે શ્રીજીએ કહ્યું જે તમે કહેતા હો તો હું તમારા મોટા છોકરાને મારા ધામમાં તેડી જાઉં. પછી પટેલ કહે જે તમારો છે માટે સુખેથી તેડી જાઓ. હું તેમાં રાજી છું. ત્યારે શ્રીજીએ કહ્યું જે હું તેડી જઈશ તો તમોને ધીરજ રહેશે ? પછી તેમણે કહ્યું જે તમારા પ્રતાપથી હું ધીરજનો ત્યાગ કરીશ નહિ. સુખેથી તેડી જાઓ. તે વાતને ચોક્કસ કરીને ત્યાંથી શ્રીજી અંતર્ધાન થઈ ગયા.

પછી બીજે દિવસે મોટા છોકરાને તાવ આવ્યો તે વખતે જશમત પટેલ છોકરાની પાસે બેસીને કહેવા લાગ્યા જે હું તારો બાપ નથી ને તું મારો દીકરો નથી. આ તો જેમ પરબે માણસો ભેગાં થાય છે તેમ આપણે સહુ ઘરરૂપી પરબમાં પૂર્વના સંસ્કારથી ભેગાં થયાં છીએ. એમ ધારીને શ્રીજીમહારાજમાં તારા મનની વૃત્તિ એક કરી દે. બહાર મનની વૃત્તિ રાખીશ નહિ, ને શ્રીજીમહારાજ આવે કે તુરંત જ શ્રીજીના અક્ષરધામમાં ચાલ્યો જજે. ક્યાંય વૃત્તિ રાખીશ નહિ એમ વાત કરે છે એટલામાં તે છોકરાને શ્રીજીનાં દર્શન થયાં ને જસમત પટેલને

કહ્યું જે શ્રીજીમહારાજ મને તેડવા આવ્યા છે. ત્યારે જસમત ભક્તે કહ્યું જે હું સાકર લાવું ને સર્વને આપું પછી સુખેથી શ્રીજીના ધામમાં ચાલ્યો જા. એમ કહીને પાંચ શેર સાકર લાવ્યા ને શ્રીજીમહારાજની મૂર્તિને ધરીને પોતાને ઘેર આવેલાં બાઈ ભાઈ સહુ માણસોને ધીરજ રાખીને પોતાને હાથે સાકર વહેંચી.

પછી પોતાના પુત્રને કહ્યું જે હવે તમો શ્રીજીના ધામમાં જાઓ. એમ કહીને મહારાજના ધામમાં મોકલ્યો. તેવી જ રીતે બીજા બેને પણ સાકર વહેંચીને ધીરજ રાખી શ્રીજીમહારાજના અક્ષરધામમાં પહોંચાડ્યા. પણ આ વ્યવહારિક દુઃખ વૃદ્ધ અવસ્થામાં આવ્યું તો પણ જો જ્ઞાન સિદ્ધ કર્યું હતું તો જરાય શોક થયો નહિ ને શ્રીજીમહારાજની મરજી પ્રમાણે પ્રસન્ન રહ્યા. જરા પણ ધીરજમાં ડગમગાટ થયો નહિ. એવા ધીરજવાળાને ધન્યવાદ છે કે દીકરાને પ્રથમથી સાકર વહેંચીને શ્રીજીમહારાજને સુપરત કર્યા. તેથી શ્રીજી તે ભક્તને પોતાનું અખંડ દર્શન આપતા તેવા તે ભક્તરાજ હતા.

વળી તેમના સંબંધીઓએ તથા કેટલાક કુસંગીઓએ તેમની કંઠી તોડવાનો આગ્રહ કરવામાં બાકી રાખેલ નહિ. તો પણ ધીરજમાં પર્વત સમાન હતા. તે જશમત ભક્તે જ્યારે દેહ મૂક્યો ત્યારે આખા ગામમાં સહુને શ્રીજીમહારાજનાં તથા સંતોનાં દર્શન થયાં હતાં. તેથી કરીને તે ગામમાં સત્સંગ સારો છે. કહેવાનું કે જશમતભક્તે ધીરજતા રાખી તો તેમના ઉપર શ્રીજીમહારાજ રાજી થયા ને સહુ દેખે તેમ પોતાના અક્ષરધામમાં વિમાનમાં બેસાડીને લઈ ગયા. ને પોતાના અક્ષરમુક્તો ભેગા રાખ્યા. તે જશમત ભક્તની પેઠે આપણે પણ અડગ રહેવું ને ધીરજને ગમે તેમ થાય તો પણ ત્યાગ કરવી નહિ કારણ કે ધાર્યું તો શ્રીસ્વામિનારાયણ ભગવાનનું જ થાય છે એવો દૃઢાવ રાખીને ધીરજ સહિત દેહનો ત્યાગ કરીશું તો તે ભક્તની પેઠે આપણને પણ શ્રીહરિ પોતાના અક્ષરધામમાં ઠેઠ પહોંચાડશે એમાં કાંઈ સંદેહ નથી. ॥૧૦૫॥

ગામ ગઢપુરના એભલખાચરનાં મોટાં દીકરી જીવુબાની ઉપર શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બાલમુકુંદજીની મૂર્તિ પૂજવા સારુ આપી હતી. તેમને નિરંતર પ્રેમપૂર્વક પૂજતાં તેમજ દૂધમાં કેશર, સાકર, એલચી નાંખીને દૂધપાન કરાવતાં ને સમય પ્રમાણે વસ્ત્ર, અલંકાર ધરાવતાં તેમજ નવીન નવીન થાળ કરીને પ્રેમપૂર્વક જમાડતાં ને ત્રણ વખત ધામધૂમથી આરતી ઉતારતાં. એમ ભગવાનની મૂર્તિમાં તલ્લીન રહેતાં તે જોઈને એભલખાચરને કોઈએ એવું ભરવ્યું જે તમારે ઘેર

શ્રીસ્વામિનારાયણ ભગવાને આવીને ઠાકોરદ્વારો ઘાલ્યો. ને દીકરીઓને ભક્ત કરી નાખીયો. માટે તે ઠાકોરદ્વારો તમારે ઘેર શોભે નહિ, આપણે તો રામના ઉપાસક તથા સૂર્યનારાયણનાં ઉપાસક છીએ. તે મૂકીને શ્રીકૃષ્ણની મૂર્તિની સહુ પૂજા કરે છે. તેને તમે અટકાવો તો બહુ સારું. તે સાંભળીને એભલખાચરનાં મનમાં વિચાર થયો જે ઠાકોરદ્વારો હું કઢાવી નાખું. ને તોફાનમાત્ર મુકાવી દઉં.

એવું પોતાના મન સાથે ચોક્કસ કરીને બીજે દિવસે મોટીબા પૂજામાં બેઠાં હતાં. ને તેમના પિતા ક્રોધ સહિત હાથમાં તરવાર લઈને આવ્યા. ને જીવુબાને કહ્યું જે આ તોફાન શું આદર્યું છે ? તમે લાલજીની પૂજા મૂકી દ્યો. ને નિરંતર નવા નવા થાળ કરીને જમાડો છો તથા દૂધ, કઢીને એલાઈચી, કેસર, સાકર નાંખીને લાલજી આગળ ધરો છો તે ક્યાં પીએ છે? ત્યારે જીવુબાએ કહ્યું જે, બાપુ આપણો જો સદ્‌ભાવ હોય તો આ લાલજીમહારાજ આગળ ધરેલો દૂધનો કટોરો આપણને દેખતાં પીવે. ને આપણો ભાવ ન હોય તો ન પીવે. તે સંભળીને એભલખાચરે કહ્યું જે આ કલીકાળમાં દેવનું દૈવત હોતું જ નથી માટે તે વાત જવા દ્યો ને જ્યારે તમે વૃદ્ધ થાઓ ત્યારે તારી મરજી પ્રમાણે કરજો.

પછી જીવુબાએ કહ્યું જે આ શરીરનો નિરધાર નથી. પાણીના પરપોટાની પેઠે ઘડીકમાં નાશ થઈ જાય. વૃદ્ધાવસ્થાનો કાંઈ મેળ રહેતો નથી માટે ભગવાનની ભક્તિ કરવી તે જ સાચો લાભ છે એમ માનીને આ લાલજીની પૂજા કરું છું. ને તમે ના કહેશો તોય પણ લાલજીની સેવા કર્યા વિના રહેવાની નથી. હું જેમ પૂજા કરું છું તેમ ને તેમ કરીશ.

આવું વચન સાંભળ્યું કે તુરંત જ એકદમ રીસ ચઢવાથી મીયાનમાંથી તરવાર ખેંચીને બોલ્યા જે આ તમારા લાલજી આ જ વખતે આ દૂધનો ભરેલો કટોરો મારા દેખતા પીવે તો તમને તે લાલજીની પૂજા કરવા દઈશ, નહિતર આ તરવારથી તમારું માથું ઉડાવી દઈશ. એમ કહીને બહુ જ ડારો દીધો. તેથી જીવુબાએ ધીરજતા રાખીને શ્રીજીમહારાજની પ્રાર્થના કરી જે હે મહારાજ આ લોકમાં ધનને માટે, પુરુષ સ્ત્રીને માટે, સ્ત્રી પુરુષને માટે માથું કપાવે છે પણ તમારે માટે આ જગતમાં કોઈ માથું કપાવતું નથી તેથી આ જ વખતે આ મારુ માથું હું તમારા ખોળામાં ધરૂ છું, મારી ભક્તિ તમારે વિશે કપટરહિત હોય તો આ મારા પિતા દેખે તેવી રીતે દૂધપાન કરો નહિતર મારું માથું કાપી નાખશે તેમાં કાંઈ સંદેહ

નથી. તે અભિમાની છે એમ આપ પણ જાણો છો. તે હું કદી ધીરજનો ત્યાગ કરવાની નથી. વેલું મોડું આ દેહ નાશવંત છે તે નાશ પામશે માટે આપની ઈચ્છા પ્રમાણે કરો એવી મારી પ્રાર્થના છે.

આવી પ્રાર્થના કરે છે એટલામાં અકસ્માત્ એભલખાચરને લાલજીની મૂર્તિમાં પ્રથમ તેજ દેખાયું. પછી પ્રત્યક્ષ બાલમુકુંદ બાલસ્વરૂપે બે હાથથી એભલખાચર દેખે તેમ દૂધનો કટોરો ઉપાડ્યો ને દૂધ પી ગયા. ને તે કટોરો એભલખાચરનાં લમણામાં માર્યો. તેથી લોહી નીકળ્યું તે વખતે અતિ આશ્ચર્ય પામીને તલવારને મીયાનમાં ઘાલી દઈને દૂર ફેંકી દીધી. ને વારંવાર લાલજીને દંડવત્ પ્રણામ કરીને માફી માગી. તેમજ પોતાની દીકરીને કહ્યું જે તમો યોગમાયા છો, મારા પૂર્વના પુણ્યે કરીને મારે ત્યાં તમે જન્મ ધારણ કર્યો છે. તમે સાધારણ માણસ નથી ને તમારી ભક્તિ લક્ષ્મીજી-રાધિકાજી-પાર્વતીજી-અનસુયા તથા ગોપીઓના જેવી છે. તે વાતનો આજ મને ખરો નિશ્ચય થયો. હવેથી હું કોઈનું કાંઈપણ સાંભળીશ નહિ. તમે સુખેથી દેવસેવા કરો તથા ઘરમાં સહુ પાસે તમારી માફક સેવા કરાવો હું તેમાં ઘણો રાજી છું.

એમ કહીને મોટીબાને કહ્યું જે મેં તમને તલવારથી બીક દેખાડી તથા કટુ વચનો કહ્યાં તો પણ તમે તમારી ધીરજતામાંથી જરાપણ ચલાયમાન થયાં નહિ. તેથી તમારી ધીરજને ધન્ય છે. તે ધીરજને લઈને આ લાલજી મહારાજ તમને વશ થયા છે ને વળી તમારી ભક્તિ પણ તેવી જ છે. એમ કહીને ત્યાંથી પોતાની ચોપાટે જતા રહ્યા. કહેવાનું કે ખરા સમયમાં ધીરજ રાખી તો ભગવાને પોતે દૂધપાન કર્યું. તેમજ આપણે ધીરજ રાખીને ભક્તિ કરીશું તો જીવુબાની પેઠે આપણને શ્રીજીમહારાજ વશ થશે ને આપણું આપેલ અંગીકાર કરશે એમાં સંદેહ કાંઈ નથી એમ નિશ્ચે જાણો. ॥૧૦૬॥

શ્રીજીમહારાજનો અપરાધ કર્યો તે વિષે વાર્તાઓ

એક વખત શ્રીજીમહારાજ ઉમરેઠ પધાર્યા હતા. ત્યાં આણંદના બે બ્રાહ્મણો આવ્યા. તેઓ શ્રીજીનો ચમત્કાર જોઈને સત્સંગી થયા. પછી તે બ્રાહ્મણોએ ચાલતી વખતે શ્રીજીની પ્રાર્થના કરી જે, આપ જ્યારે વડતાલ પધારો ત્યારે અમારે ત્યાં થાળ જમીને વડતાલ પધારજો, ત્યારે શ્રીજીએ કહ્યું જે અમારે વડતાલ જવાની ઉતાવળ છે. માટે તમારે ત્યાં થાળ જમવા રોકાશું નહિ એમ કહીને પોતે ધારેલા ગુલાબના હાર તે બેઉ બ્રાહ્મણને આપ્યા. પછી બેઉ બ્રાહ્મણ શ્રીજીમહારાજની રજા લઈને આણંદ ગયા. પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન મળ્યા તેનો ઘણો ઉત્સાહ તેથી આખા ગામ સોંસરા એમ બોલવા લાગ્યા જે અમને પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ થઈ ને આવતી કાલે સવારમાં ઉમરેઠથી વડતાલ પધારવાના છે. તેમને અમારે ત્યાં થાળ જમાડીને વડતાલ જવા દેવાનો વિચાર છે ને જો કૃપા કરીને રોકાશે તો એક રાત્રિ રોકીશું એમ બોલતાં બોલતાં પોતાને ઘેર ગયા.

તે બ્રાહ્મણોના શબ્દને સાંભળીને ગામનાં લોકોએ વિચાર કર્યો કે શ્રીસ્વામિનારાયણ ભગવાનને આપણાં ગામમાં પેસવા દેવા નહિ. કારણ કે તે જાદૂગરા છે માટે કોઈક ઉપર ભૂરકી નાંખીને તેને સત્સંગી કરશે ને તે તેમને જ ભાળશે. એમ કરતાં ગામમાં સત્સંગ થશે તો ગામ બગાડશે. આવો વિચાર કરીને માણસો એકઠાં થયાં જે કાલે સવારે શ્રીસ્વામિનારાયણ અહીંથી નીકળશે ત્યારે આપણે સહુએ ધૂળ, ઈંટાળા, પથરા, કાદવ વિગેરે લઈને તૈયાર રહેવું ને તે આવે કે તુરંત જ શ્રીસ્વામિનારાયણ ભગવાન ઉપર ફેંકવું.

એવો ઠરાવ કરીને બીજે દિવસે સવારનાં પહોરમાં શ્રીજીમહારાજ પોતાના સવારો સહિત ઉમરેઠથી આણંદ પધાર્યા. તે જોઈને પ્રભુથી વિમુખ તુચ્છ બુદ્ધિવાળાઓએ ઠરાવ પ્રમાણે ધૂળ, કાદવ, પથરા વિગેરે ભગવાન શ્રીસ્વામિનારાયણ ઉપર નાખ્યું. તેને સહન કરીને એકદમ દક્ષિણ તરફથી ઉત્તર તરફ ગામ સોંસરા નીકળી ગયા ને તે ગામનો સીમાડો મૂકીને શ્રીજીએ સહુ અસવારોને ત્યાં ઊભા રાખ્યાં ને પોતાનાં વસ્ત્રોને ખંખેર્યાં તેમજ સહુ કાઠીઓએ પણ પોતપોતાનાં વસ્ત્રો ઉપર ધૂળ પડેલી તે ખંખેરી નાંખી ને શ્રીજીમહારાજને એમ કહ્યું જે અમને દયા કરીને બે કલાક રજા આપો. અમે આણંદના લોકોને જોઈ લઈએ કારણ કે

તેઓએ આપશ્રીનું અપમાન અમારા દેખતાં કર્યું તે અમારાથી સહન થતું નથી. જો અમે તે લોકોને કાંઈ પણ શિક્ષા નહિ કરીએ તો તે એમ જાણશે જે કાઠિયાવાડનાં કાઠી તો કેવળ ખીચડી ખાઉં શ્રીસ્વામિનારાયણ ભેગા થયા છે તો અમારી લાજ જાય માટે અમને આજ્ઞા કરો જેથી ફેર કોઈ દિવસ આવું કામ કરે નહિ.

તે સાંભળીને શ્રીજીએ કહ્યું જે આ વખતે ધીરજ રાખો. ધીરજ મોટી વાત છે. આપણી ઉપર જે અગ્રેસર લોકોએ ધૂળ નંખાવી છે તે જ આપણાં એકાંતિક ભક્ત થશે માટે કાંઈ ન બોલતાં ચાલો વડતાલ જઈએ. એમ કહીને શ્રીજીમહારાજ અસવારો સહિત વડતાલ પધાર્યા. પછી આણંદના લોકોએ જેણે અપરાધ કર્યો હતો તેના વંશનો ઉચ્છેદ થયો હતો ને જેણે અપરાધ નહોતો કર્યો તેમને સત્સંગ થયો હતો ને તે શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત થયા હતા. કહેવાનો સાર એટલો જ છે કે અપરાધ જેવું એકેય પાપ નથી. એમ વિચાર કરીને મન, કર્મ, વચને કરીને શ્રીજીમહારાજનો તથા શ્રીજીના ભક્તોનો અપરાધ ક્યારેય કરવો નહિ. અપરાધે રહિત જે હોય છે તેની ઉપર શ્રીજીમહારાજની બહુ જ પ્રસન્નતા થાય છે માટે અપરાધે રહિત જ વર્તવા શીખવું એ જ સિદ્ધાંત છે. ॥૧૦૭॥

એક વખત શ્રીજીમહારાજ વડતાલથી ચૈત્ર માસમાં સમૈયો કરીને ગઢડે પધારતા હતા. તે ચાલતાં ચાલતાં રસ્તામાં શ્રીજીને બહુ જ તાપ લાગવાથી સુરાખાચર વિગેરે સ્વારોને કહ્યું જે આજનો તાપ ઘણો વિષમ છે અમારો જીવ ઘણો જ ગભરાઈ ગયો છે ને પરસેવાથી વસ્ત્રો પણ ભીંજાઈ ગયાં. માટે તમે કહેતા હો તો આ સામું દેખાય જે ગામ તેમાં બાવાની જગ્યા છે તેમાં વિશ્રાંતિ લઈને દિવસ નમતે ત્યાંથી આપણે ચાલીએ તો ઠીક. તે સાંભળીને સહુએ શ્રીજીને કહ્યું જે જેમ આપશ્રીની મરજી હોય તેમ અમે ખુશી છીએ કારણ કે અમે પણ તાપથી બહુ ગભરાઈ ગયા છીએ.

આવું કાઠીઓનું વચન સંભળીને શ્રીજીમહારાજે રસ્તામાં આવેલું ગામ તેમાં બાવાની જગ્યા હતી ત્યાં પધાર્યા ને તે સમે બાવો કંઈ કારણસર ગામમાં ગયેલો તેથી તેની જગ્યાનું બારણું ઉઘાડીને અંદર પેઠા ને ઘોડાંઓને બાંધીને કાઠીઓએ સહિત તે બાવાની જગ્યામાં સારી જગ્યા જોઈને શ્રીજીમહારાજ બિરાજમાન થયા ને જળપાન કર્યું. એટલામાં તે જગ્યાનો માલિક બાવો આવ્યો ને તુરંત જ એમ બોલવા લાગ્યો જે હોય તે અમારી જગ્યામાંથી બહાર નીકળી

જાઓ નહિતર કાંઈ મારે કહેવું પડશે તેમાં શોભા નહિ. ત્યારે કાઠી લોકોએ કહ્યું જે આ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. તે તમારાં મોટાં ભાગ્ય. આવો બાવાજી શ્રીજીમહારાજનાં દર્શન કરો.

એમ કહ્યું છતાં મહાઅભાગી પૂર્વનો પાપી પ્રભુથી વિમુખ મહાઅસુર સત્સંગનો દ્વેષી શ્રીજીમહારાજનું નામ સાંભળીને ન બોલવાનું બોલવા લાગ્યો. ને વારંવાર એમ બોલે જે ધણીયાતી જગ્યામાં ઉતારો કેમ કર્યો ? તે સાંભળીને શ્રીજીએ સ્વારોને કહ્યું જે આપણે શિક્ષાપત્રી કરી તેનું વચન આપણને જ લાગુ થયું. માટે ચાલો એમ કહીને તુરંત જ સ્વારોએ સહિત ત્યાંથી ચાલી નીકળ્યા. તો પણ બાવાને શાંતિ ન વળવાથી પોતાના સેવકોને બોલાવીને ધૂળની ફાંટો ભરાવીને શ્રીજીમહારાજની પછવાડે દોડીને ધૂળ નંખાવી ને બાવો પાછો ગામમાં ચાલ્યો ગયો.

પછી શ્રીજી ઉપર તથા સ્વારો ઉપર પડેલી ધૂળ જોઈને મહારાજે સુરાખાચરને કહ્યું જે હે સુરાખચાર, આજ હુતાસનિનો દિવસ છે કે શું ? બળ્યું આ ગામ આપણે અહીં ક્યાંથી આવ્યા? આવું વચન મહારાજશ્રીના મુખાર્વિંદમાંથી નીકળ્યું કે તુરંત જ તે ગામમાં અકસ્માત્ અગ્નિ ઉત્પન્ન થયો. ને આખા ગામમાં અગ્નિ ચોમેર ફરી વળ્યો. તે જોઈને શ્રીજીને અંતઃકરણમાં બહુ જ દયા આવી ગઈ. તે વખતે સુરાખાચરને કહ્યું જે અગ્નિ વિગેરે દેવો હું બોલું તે પ્રમાણે કામ કરે છે, માટે આજથી મારો શ્રાપ તથા મારા સંતનો શ્રાપ લાગે નહિ એવું હું વચન આપું છું, કારણ કે આ જગત બધું અજ્ઞાની છે.

એમ કહીને શ્રીજીમહારાજે અગ્નિદેવ સામી દૃષ્ટિ કરી કે તુરંત જ અગ્નિ શાંત થઈ ગયો. તે જોઈને શ્રીજી સ્વારોએ સહિત ચાલી નિસર્યા. કહેવાનું પ્રયોજન એટલું છે કે વચનથી બાવાની પેઠે ભગવાન તથા ભગવાનના ભક્તનો અપરાધ ક્યારેય કરવો નહિં, અપરાધે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે તેવું બીજાથી થતું નથી માટે અપરાધે રહિત વર્તવું તે જ ભગવાનના ભક્તનો મુખ્ય ધર્મ છે. જેણે જેણે ભગવાનનો તથા ભગવાનના ભક્તનો અપરાધ કર્યો છે તે મોટી પદવીથી પડી ગયા છે. ॥૧૦૮॥

ગઢડાનાં ભાગીદાર પુંજાખાચરના દીકરા જીવાખાચર તથા મુળુખાચર તેમણે પાંચસો પરમહંસ સહિત શ્રીજીમહારાજને પોતાના દરબાર ગઢમાં રાખીને અન્નવસ્ત્રથી બહુ જ સંભાવના કરેલી. પણ જ્યારે એભલખાચર દેહનો ત્યાગ

કરવાના થયા ત્યારે શ્રીજીમહારાજને પોતાની પાસે બોલાવીને કહ્યું જે મારા દેહનો નિરધાર નથી ને આ દાદાખાચર નાના છે માટે મારો ગરાસ તથા મારી મિલકત વિગેરે હું આપશ્રીને સોંપું છું, તેમજ દાદાખાચરનું કાંડું તમને સોંપું છું. તમે તેની સંભાળ રાખજો. મારે તમારો પરિપૂર્ણ વિશ્વાસ છે ને જો આપશ્રી ધ્યાન રાખશો નહિ તો મારા પીત્રીઓ આ દાદાખાચરને દુઃખ દેશે.

તે સાંભળીને શ્રીજીએ કહ્યું જે સુખેથી તમારા દેહનો ત્યાગ કરી મારા અક્ષરધામમાં જાઓ. તમો દાદાખાચરની કોઈ પ્રકારની ચિંતા રાખશો નહિ. ને હું તમારા દરબારમાં કાયમ રહીશ. એમ કહીને એભલખાચરના દેહનો ત્યાગ કરાવ્યો. પછી શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં રહી દાદાખાચરનો વ્યવહાર પોતે ચલાવવા લાગ્યા. એમ કરતાં દાદાખાચરની ઉંમર થઈ ત્યારે વ્યવહાર સંબંધી કામકાજ દાદાખાચરને શ્રીજી સોંપવા લાગ્યા. ત્યારે દાદાખાચરે મહારાજશ્રીને કહ્યું જે હું તો આપનો ચાકર છું ને તમો અમારા માલિક છો. માટે વ્યવહાર જેમ ચલાવો છો તેમ જ આપશ્રી ચલાવો. મને તેમાં જરા પણ સંદેહ નથી.

આવા વિશ્વાસુ દાદાખાચરને જોઈને અને પોતાના એકાંતિક ભક્ત જાણીને દાદાખાચરનો સર્વસ્વ વ્યવહાર શ્રીજીમહારાજે હાથ રાખ્યો. સરકાર દરબારમાં ક્યાંય જવું આવવું હોય તો પોતે અગર તો પોતાના કારભારીને મોકલીને દાદાખાચરનું કામ કરાવવા લાગ્યા. તે જોઈને જીવાખાચરના અંતઃકરણમાં એવો વિચાર થયો કે શ્રીસ્વામિનારાયણ દાદાખાચરનો વ્યવહાર સ્વતંત્ર રીતે ચલાવે છે ને આપણને પૂછતા નથી. અને દાદાખાચર શ્રીસ્વામિનારાયણને જ એક ભાળે છે. મને કોઈ દિવસ પણ શું કરવું અને શું ન કરવું તે પૂછતો નથી. એવો સંકલ્પ કરીને દાદાખાચર ઉપર કટાક્ષ રાખવા લાગ્યા.

તેવી જ રીતે શ્રીજીમહારાજ ઉપર વેરની ગાંઠ્ય બંધાણી તેથી એક દિવસે જીવાખાચરને એવો સંકલ્પ થયો જે શ્રીસ્વામિનારાયણ ન હોય તો આ દાદાખાચરનો સર્વસ્વ ગરાસ તથા મિલકતને હું હાથ કરી લઉં. શ્રીસ્વામિનારાયણ હશે ત્યાં સુધી મારી કારીગરી ફાવશે નહિ, માટે શ્રીસ્વામિનારાયણને મરાવી નાખું, એવો ચોક્કસ વિચાર કરીને રામાખાચર ને ખાનગી રીતે કહ્યું જે હું ને તમે બે જ વાત જાણીએ પણ ત્રીજો વાત ન જાણે તેવી રીતે તમે જો શ્રીસ્વામિનારાયણને મારી નાંખો તો તમને એક સાંતિની જમીન ને પાંચસો રૂપિયા રોકડા આપું, ને ન આપું તો તેના સાક્ષી કુળદેવ શ્રીસૂર્યનારાયણ છે.

એમ ચોક્કસ કરીને ઠરાવ કર્યો. તે પ્રમાણે તે જ રાત્રિએ રાત્રિના બાર વાગ્યે રામોખાચર તલવાર લઈને કોઈ ન જાણે તેવી રીતે દાદાખાચરનાં દરબારગઢમાં થઈને શ્રીજીના દિશાએ જવાના ખાડામાં પેસી ગયો. તે વખતે રામાખાચરનો અસત્ આશય જોઈને શ્રીજીમહારાજે ભગુજીને કહ્યું જે મારે દિશાએ જવા જવું છે, તે પાણીનો લોટો લાવો ને તમે ફાનસ કરીને ખાડો ઉઘાડીને અંદર તપાસ કરો તો ઠીક. પછી ભગુજીએ શ્રીજીની આજ્ઞાથી તપાસ કર્યો. ત્યાં તો ઉઘાડી તલવારે સહિત રામાખાચરને દેખ્યો, કે તુરંત જ ભગુજીએ તેને પકડી લીધો ને મારતાં મારતાં ખાડા બહાર લાવ્યા. જોસથી એવો મારેલ કે મોઢામાંથી દાંત પડી ગયો ને મોઢું લોહીવાળું જોઈ શ્રીજીને દયા આવવાથી ભગુજીને મારતાં બંધ કર્યા, ને શ્રીજીએ કહ્યું જે રામોખાચર તો અમારા સ્નેહી છે તે જેવું હશે તેવું કહેશે.

પછી રામાખાચરે સોગનથી શ્રીજીને કહ્યું જે આમાં મારો જરા પણ વાંક નથી. મને તો જીવાખાચરે જમીન તથા રૂપિયા આપવાનું કબૂલ કરીને મોકલ્યો છે, ને તમો તો કાળના કાળ ને ઈશ્વરના ઈશ્વર છો ને સર્વેના નાડીપ્રાણ તમારા હાથમાં છે માટે તમારો પરાભવ કરવાને આ દુનિયામાં કોણ સમર્થ છે ? જે આપનો પરાભવ કરવાને ઈચ્છતો હશે તેનો પરાભવ થઈ જશે, આવાં વચન સાંભળીને તુરંત જ રામાખાચરને રજા અપાવી દીધી.

પછી મહારાજ દિશાએ જઈને સ્નાન કરીને અક્ષર ઓરડીમાં પોઢી ગયા. પછી સવારમાં જીવોખાચર શ્રીજીનાં દર્શને આવ્યો. તે વખતે મહારાજે સવિસ્તર વાત કહી બતાવી. તે સાંભળીને તુરંત પોતાના દરબારમાં ચાલ્યા ગયા. કહેવાનું કે કોઈ પ્રકારે શ્રીજીમહારાજનો તથા શ્રીજીના એકાંતિક ભક્તનો અપરાધ ન કરવો. જેણે જેણે અપરાધ કરેલા છે તેઓને પરિણામે માઠું ફળ આવેલ છે. માટે અપરાધ ક્યારેય પણ કરવો નહિ, ભગવાનના ભક્તે અપરાધ રહિત જ વર્તવું. ॥૧૦૯॥

એક વખત શ્રીજીમહારાજ ઝાલાવાડ દેશમાં હરિભક્તોને દર્શન દેવા પધારતા હતા. તે ચાલતાં રસ્તામાં ગામ લીંબડી આવ્યું. તે ગામમાં ભગવાનના એકાંતિક હરિભક્તો હતા. તેમણે શ્રીજી આવ્યાના સમાચાર સાંભળીને ગાજતેવાજતે સામૈયું લઈને ગામની ભાગોળે મહારાજની સન્મુખ આવીને ઊભા રહ્યા. તેવા સમામાં એક અધિકારી શેઠ હતો. તે સત્સંગનો તથા શ્રીજીનો મહાદ્વેષી હતો. તેણે સમાચાર સાંભળ્યા જે શ્રીસ્વામિનારાયણના ભક્તો શ્રીસ્વામિનારાયણને ગામમાં લાવવા સારુ ગામની ભાગોળે ધામધૂમથી ગયા છે ને શ્રીસ્વામિનારાયણ ચોક્કસ ગામમાં

પધારવાના છે એમ જાણીને ભગવાનથી વિમુખ તે અધિકારીએ ગામનાં કેટલાક અબુજ માણસોને પોતાની પાસે બોલાવ્યા ને કહ્યું જે શ્રીસ્વામિનારાયણ ગામમાં આવે ત્યારે તેમનાં ઉપર તથા તેમનાં સાધુ વિગેરે ઉપર ધૂળ નાખવી ને ગામમાં કોઈ ઠેકાણે ઊતરવા દેવા નહિ. આવી આજ્ઞા આપી. તેથી તે લોકો ધૂળની ફાંટો ભરીને રસ્તામાં ઊભા રહ્યા.

તેવા સમયમાં શ્રીજીમહારાજ ધામધૂમ સહિત શહેરમાં પધાર્યા. તે વખતે તે અધિકારીએ મહારાજને દેખતાજ શ્રીજી ઉપર તથા સંત હરિભક્ત ઉપર ધૂળ નંખાવી. તેથી શ્રીજી ત્યાં ન રોકાતાં હરિભક્તોને સમજાવીને તુરંત ચાલી નીકળ્યા. તે આગળ જઈ વસ્ત્રો ધૂળવાળાં હતાં તે ખંખેરી નાખ્યાં ને શ્રીજીમહારાજ બોલ્યા જે પરમેશ્વર તથા આવા અપરાધે રહિત સંતનો આ અધિકારી વાણિયે અપરાધ કર્યો માટે તેનું ફળ છ માસની અંદર પામશે. એમ કહીને શ્રીજીમહારાજ ત્યાંથી ચાલી નિસર્યા. તે શ્રીજીનાં અપરાધે કરીને અધિકારી વાણિયાનું કુટુંબ મહામારીના રોગથી મરણ પામ્યું. ને તે અધિકારી વાણિયાને અધિકારમાંથી કાઢી નાંખ્યો.

પછી પોતાના ગુજરાન માટે મીઠું, જીરુ, હળદર, મરચાં વિગેરે લઈને ફરતાં ગામોમાં વેચવા જતો. એવી દુર્દશાને જોઈને કોઈ તે વાણિયાને કહે જે શેઠ તમે તો અધિકારી હતા. તે આવો વખત આવ્યો તેનું શું કારણ તે તમો જાણો છો ? ત્યારે તે જવાબ આપે જે આ લોકમાં દશકા ભોગવવાના છે. તે સાંભળી હરિભક્તો કહે દશકા નહિ પણ તમે અધિકારના મદથી શ્રીસ્વામિનારાયણ ભગવાનની ઉપર ધૂળ નંખાવી હતી. તે અપરાધે કરીને આ દુઃખ ભોગવો છો. તે સાંભળી નીચું મુખ કરીને કાંઈ જવાબ ન આપતાં ત્યાંથી ચાલ્યો ગયો.

કહેવાનું એ છે કે અધિકાર મળે અથવા લક્ષ્મી મળે તેના ગર્વથી છકી જઈને ભગવાનનો તથા ભગવાનના ભક્તનો ક્યારેય અપરાધ કરવો નહિ. વાણિયે જો અપરાધ કર્યો હતો તો પરિણામે ઘણું દુઃખ પામ્યો હતો. માટે અપરાધથી બીઈને ચાલવું. પણ અપરાધ ક્યારેય થવા દેવો નહિ એ સમજવાનું છે. ॥૧૧૦॥

ગઢપુરમાં દાદાખાચર પાસે બુઢો ધાધલ ચાકર હતો. તે માયાવી ને મહાપ્રપંચી હતો. તેને જીવાખાચર ખાનગી રીતે દાદાખાચરની વાત પૂછી લેતા. તે વાત શ્રીજીનાં જાણવામાં આવી. તેથી શ્રીજીએ દાદાખાચરને કહ્યું જે, બુઢો રાખવા લાયક નથી. માણસ મહા ફૂટેલ છે. તેના બદલે તમારે ચાકરની જરૂર હશે તો હું બીજો રખાવી આપીશ. એમ કહીને દાદાખાચર પાસે બુઢાને રજા અપાવી ને તેનો પગાર વ્યાજબી રીતે અપાવી દીધો. તેથી શ્રીજીનો તથા

દાદાખાચરનો પ્રયોજન વિના અપરાધ કરવા લાગ્યો. તેથી તેની બુદ્ધિ પાપવાળી થઈ. તે બુઢો હાલતાં ચાલતાં અપરાધ કરે.

તે એક દિવસ જીવાખાચરની ડેલીએ ગયો. ત્યારે જીવાખાચરે પૂછ્યું જે તમને દાદાખાચરે રજા આપી તેનું શું કારણ ? ત્યારે તેણે કહ્યું જે હું આપને દાદાખાચરની તથા શ્રીસ્વામિનારાયણની કાંઈ પણ વાત ખાનગી હોય તે કહેતો. તેથી મને રજા આપી. ત્યારે જીવાખાચરે કહ્યું જે, મારી પાસે સુખેથી રહે, તું કોઈ પ્રકારે ચિંતા કરીશ નહિ. એમ કહીને પોતાની પાસે રાખ્યો. તે બુઢો કાયમ જીવાખાચરની ડેલીએ ખાટલો નાંખીને તેના માથા જેવડો, હોકો લઈને ત્યાં બેસી રહેતો. ને કોઈ નવો મુમુક્ષુ શ્રીજીનાં દર્શન કરવા તથા કંઠી બંધાવવા આવે તેને જોઈને બુઢો પોતાની પાસે બોલાવે. ને કહે જે શ્રીસ્વામિનારાયણ જાદુગરા છે. તેની પાસે જઈશ તો તને જાદુ કરી નાંખશે. તેથી તું શ્રીસ્વામિનારાયણને જ ભાળીશ. એ કાંઈ ભગવાન નથી. તેણે તો બાબરીયો ભૂત સાધ્યો છે ને ઈંદ્રજાળનો ગુટકો જે આવે તેને બતાવે છે, તેથી સહુ લોકો મોહ પામી જાય છે, માટે તું અહીંથી ભાગી જા. શ્રીસ્વામિનારાયણ પાસે જઈશ નહિ. શ્રીસ્વામિનારાયણ પાખંડી છે. તેને દાદાખાચરે ભગવાન કરીને પોતાને ઘેર રાખ્યા છે, તેમજ દાદાખાચરની બેનો પણ ત્રણેય અવસ્થામાં શ્રીસ્વામિનારાયણને જ દેખે છે. આખો દરબારગઢ શ્રીસ્વામિનારાયણને જોઈને મોહ પામી ગયેલ છે.

એમ કહીને કોઈ માણસને બુઢો, પોતાનું બને ત્યાં સુધી અવગુણ બોલીને પણ ત્યાંથી જ રસ્તે પાડે. પણ શ્રીજીમહારાજ સુધી જવા દે નહિ. તે અપરાધે કરીને બુઢાની બુદ્ધિ બગડવાથી જીવાખાચરને ત્યાં ચોરી કરી. તેથી જીવાખચરે બુઢાનું સર્વસ્વ લઈ લીધું ને નોકરીમાંથી કાઢી નાખ્યો. ને એવી ભૂંડી દશા આવી કે, તે ગામમાં ટુકડા માગીને ખાતો ને દેહ મૂકવાને સમે મહાદુઃખ ભોગવીને ભૂંડે હાલે મરી ગયો. કેવાનું એ છે કે બુઢે જો શ્રીજીનો તથા દાદાખાચરનો પ્રયોજન વિના અપરાધ કર્યો હતો તો તેની બુદ્ધિ ફરી ગઈ ને બૂરી દશાને પામ્યો ને દુઃખ ભોગવીને મરી ગયો. જમપુરીનો અધિકારી થયો. માટે ભગવાનનો તથા ભગવાનના ભક્તનો ક્યારેય અપરાધ થવા દેવો નહિ એ જ સાર છે. ॥૧૧૧॥

એક સમયે ગઢપુરમાં શ્રીજીમહારાજ કાઠીઓએ સહિત ઉન્મત્ત ગંગાએ સ્નાન કરવા જતા હતા. તે ઉન્મત્ત ગંગાને કાંઠે ગામના છોકરાઓ લૂગડાંને વળ દઈ ગાંઠ્યો વાળીને પરસ્પર એકબીજા રમતાં રમતાં જેને લાગ આવે તેને મારતા હતા. તે જોઈને કાઠીઓને શ્રીજીમહારાજે પૂછ્યું જે, આ છોકરાઓ શું કરે છે ?

ત્યારે ક્યું જે હે મહારાજ, આ છોકરાઓ ગોલીટા રમત રમે છે, ને આ દેશમાં તેનો બહુ પ્રચાર છે. પછી શ્રીજીએ કહ્યું જે આવી રમત અમે કોઈ દિવસ રમ્યા નથી માટે તમારો જો વિચાર હોય તો દરબારગઢમાં આપણે રમીએ. તે સાંભળીને કાઠીઓ બહુ રાજી થયા ને કહ્યું જે, એવાં અમારાં ક્યાંથી ભાગ્ય હોય જે આવી રમત અમારે તમારી સંગાથે રમવાનો વખત આવે ! કારણ કે તે રમત બાળકની છે. અમે રમવા ખુશી છીએ. એમ કહી ઉન્મત્તગંગામાં સ્નાન કરી દાદાખાચરનાં દરબારમાં આવ્યા.

પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીની તપાસ કરાવી જે મુક્તાનંદ સ્વામી ક્યાં છે ? તે સાંભળીને એક સાધુએ કહ્યું જે સ્વામી ધર્મશાળામાં ધ્યાનમાં બેઠા છે. ત્યારે શ્રીજીએ વિચાર કર્યો જે, સ્વામીને સહેજે ધ્યાનમાં વાર લાગે છે તેટલામાં રમત રમી લેવાશે. પછી શ્રીજીએ બ્રહ્માનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા. ને કહ્યું જે, ગોલીટા રમત રમવી છે, માટે બે પક્ષ કરો. એક પક્ષ તમારો તથા બીજો પક્ષ સુરાખાચરનો. તમારા પક્ષમાં સંતો રહે. સુરાખાચરના પક્ષમાં તેમની મરજી મુજબ રહે. ને હું મધ્યસ્થ રહીને તે રમત રમીશ. આ વખતે આ ભગવાન છે તે તેમને મરાય નહિં તેવો વિચાર કોઈએ રાખવો નહિ. હું લાગમાં આવું તો મને સુખેથી તમારે મારવો. એમ કહીને લૂગડાંને વળ દેવડાવીને તેની ગાંઠ વળાવી ને તે રમત ઉત્તરદા બારનાં ઓરડાની વળ દેવડાવીને તેની ગાંઠો વળાવી ને તે રમત ઉત્તરદા બારના ઓરડાની ઓસરીએ શરૂ કરી.

તે જોઈને એક રોળાનંદ નામે સાધુ હતો. તેને ઊંડો અંતઃકરણમાં શ્રીજીમહારાજને વિશે દ્વેષ હતો. તેનું કારણ તે જગન્નાથપુરીમાં નાગડા વૈરાગીઓને મહારાજ નિમિત્તે પરસ્પર લડાઈ થઈ હતી. ને દશહજાર મરી ગયા હતા. તે માંહેલો આ રોળાનંદ કપટથી સાધુ થઈને સાધુ ભેગો રહ્યો હતો. તેને આ વખતે લાગ આવવાથી બાવળની સુળો તથા નાના પથરાઓ તથા રેતી તે ત્રણ ગોલીટાની ગાંઠે બાંધીને બ્રહ્માનંદ સ્વામીના તરફ ભળીને સાથે રમવા લાગ્યો.

તેના કપટને શ્રીજી જાણી ગયા. તેથી રોળાનંદને સન્મુખ ગોલિંટો ફેરવતાં ફેરવતાં આવ્યા. ત્યારે રોળાનંદે જાણ્યું જે, હવે મારે આ ગોલિંટો શ્રીસ્વામિનારાયના બરડામાં મારવો. એમ ધારીને શ્રીજીમહારાજની સન્મુખ, રોળાનંદ આવીને ગોલીટો ચોમેર ઘુમાવીને જ્યાં શ્રીજીના બરડા ઉપર મારવા જાય છે, ત્યાં મહારાજ બોલ્યા

જે સુરાખાચર આ રોળાનંદને પકડો, મને મારવા વાસ્તે, બાવળની સુળીયો તથા પથ્થર બાંધીને મને મારીને વેર લેવું છે. તે સાંભળીને સુરાખાચરે રોળાનંદને પકડી લીધો. ગાંઠ છોડીને જોયું ત્યાં તો મોટી સુળીયો તથા પથરાઓ દેખ્યા.

પછી શ્રીજીએ સહુને કહ્યું જે આ મોટો અસુર છે, મને મારવા માટે કપટથી સાધુ થયો છે. પણ હું કોઈનો માર્યો મરું તેમ નથી. માટે આ સાધુને ધક્કો મારીને કાઢી મૂકો. એમ શ્રીજીએ આજ્ઞા કરી કે તુરંત રજા આપી દીધી. તેથી રોળાનંદ ત્યાંથી એકડમલ થઈને ચાલ્યો ગયો. ને શ્રીજીના અપરાધે કરીને મહાદુઃખ ભોગવીને દેહ મૂક્યો. કેવાનું કે, ભગવાન તથા ભગવાનનાં ભક્તનો અપરાધ કરવો નહિં. ને જો અપરાધ કરે તો રોળાનંદની પેઠે અપરાધનું ફળ જરૂર ભોગવવું પડશે. ॥૧૧૨॥

ગામ ભદામમાં પટેલ ગોવંદભાઈને ત્યાં ફરતાં ફરતાં, અદ્‌ભુતાનંદ સ્વામી ગયા. ને એકાદશીને દિવસે ઉપવાસ કર્યો. ને બારસને દિવસે રસોઈ કરવા પટેલ ગોવિંદભાઈએ સીધુ આપ્યું ને સંત રસોઈ કરતા હતા તેવામાં તે ગામનાં દેસાઈ ગણેશજીને કોઈકે કહ્યું જે શ્રીસ્વામિનારાયણના મુંડીયા ગોવિંદભાઈને ત્યાં છે. આવું કહેવાથી ગણેશજીએ તે શ્રીજીના સંતને કાઢી મૂકવા માટે એક સિપાઈને ગોવિંદભાઈને ત્યાં મોકલ્યો ને કહેવડાવ્યું જે સાધુને કાઢી મૂકજો. ત્યારે ગોવિંદભાઈએ કહેવડાવ્યું જે ગઈકાલની એકાદશીનાં ઉપવાસી છે તે થાળ કરી શ્રીજીમહારાજની મૂર્તિને જમાડીને તે સંતો જમીને જશે.

આવા સમાચાર સાંભળીને બીજો સિપાઈ મોકલ્યો પણ ગોવિંદભાઈએ સંતને જમ્યા સિવાય કાઢ્યા નહિ ત્યારે ગણેશજી પોતે ગોવિંદભાઈને ઘેર જઈને સિપાઈ પાસે રસોઈ અભડાવીને જમવા ન દીધા અને કાઢી મૂક્યા તેથી સંત જમ્યા વિના ગયા ને કહ્યું જે આ ગામમાં મારો હુકમ હોય ત્યાં સુધી ન આવવું. તેથી ગોવંદભાઈને બહુ જ ખોટું લાગ્યું ને દિલગીર થયા ને શ્રીજી મહારાજની પ્રાર્થના કરી જેથી આઠ દિવસમાં જ ગણેશજીનો હુકમ સરકારે લઈ લીધો ને સરકારે ઘરબાર લૂંટાવી લીધાં ને ઘરમાં સાઈઠ માણસ હતા તે પણ સંતના અપરાધે કરીને નાશ પામી ગયાં ને પોતાને પણ અન્ન ને દાંતને વેર થયું ને પૂર્વનું પુણ્ય હતું તે સંતનાં અપરાધે કરીને ખૂટી ગયું. માટે ભગવાનનો તથા ભગવાનના સંત, હરિભક્તનો અપરાધ ન કરવો કારણ કે અપરાધે કરીને જીવનું ભૂંડું થઈ જાય છે માટે અપરાધ થવા દેવો નહિ એ વાત ધ્યાનમાં રાખવી એ સિદ્ધાંત છે. ॥૧૧૩॥

શ્રીજીમહારાજ માટે લોભ કર્યો તે વિષે વાર્તાઓ

અમદાવાદ દેશમાં ગામ બામણગામના રહીશ મહાભક્તરાજ શ્રીજીમહારાજ સાથે કાયમ રહેવાવાળા ગરાશીયા નારુજીભાઈ હતા. તેમને બહુ જ મંદવાડ થવાથી શ્રીજીમહારાજ તથા મોટા મોટા સંતોએ દર્શન દઈને વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા. ત્યાં નારુજીને શ્રીજીએ એવું બતાવ્યું જે પાંચસેં પરમહંસ તથા કેટલાક હરિભક્તોની પંક્તિ કરીને દિવ્ય ભોજનને જમાડતા તેટલામાં નારુજીને શ્રીજીએ કહ્યું જે તમે ઝીણાભાઈ તથા દાદાખાચર એ બેઉની વચ્ચે જમવા બેસો. તે સાંભળીને બેઉની વચ્ચે જમવા બેઠા ને શ્રીજીમહારાજ પીરસતાં પીરસતાં નારુજી પાસે આવે ત્યારે પીરસવાની વસ્તુ ખૂટી જાય. નારુજીના પાત્રમાં કાંઈ પણ નહિ ને શ્રીજીએ સહુને જમવાની આજ્ઞા કરી. ત્યારે નારુજીએ શ્રીજીને હાથ જોડીને કહ્યું જે મને આપશ્રીએ જમવા બેસાડ્યો પણ મારા પાત્રમાં હજુ કોઈ ચીજ આપશ્રીએ જમવાની પીરસી નથી.

તે સાંભળીને શ્રીજીએ કહ્યું જે તમો તપાસ કરો મારે વાસ્તે એક અડધાનો થાળ કર્યો છે કે નથી કર્યો ? તેમજ તમારાં ઘરનાં આંગણામાં આ પરમહંસોની પંક્તિ કરીને જમાડેલ હોય તો તપાસ કરો. કારણ કે તમે લોભને લીધે કાંઈ પણ તમારા હાથથી થયેલ નથી. અહીંયાં તો કર્મભૂમિમાં જે જે કરેલ હોય તે પમાય છે. આ જમવા બેઠેલા હરિભક્તોએ અમારે અર્થે તથા સંતોને અર્થે ખરચ કરવામાં બાકી રાખેલ નથી તે તમોએ નજરે જોયેલ છે. તમે તો મારી સાથે દૂધ, ચોખા ને સાકર જ કેવળ જમેલા છો. એ વિશે શ્રીજીએ કેટલીક વાત કરી છે.

તે સાંભળીને નારુજીએ મહારાજને પ્રાર્થના કરી જે મને કૃપા કરીને પાછો મારા શરીરમાં સચેતન કરો ને થોડું ઘણું આયુષ્ય આપો તો આપના કહેવા પ્રમાણે આપનાં પુત્ર તથા આપનાં સંતોને અન્નવસ્ત્રથી સેવા કરી પ્રસન્નતા મેળવીશ. એમ કહ્યું કે તુરંત નારુજીને પોતાના શરીરમાં સચેત કર્યા. તે વખતે નારુજીને ઝોબ વળ્યો તેથી નીચે મરણ પથારીમાંથી ખાટલા ઉપર સુવાર્યા. ઘણીવાર થઈ ત્યારે તેમને તેમનાં સંબંધીઓએ વાત પૂછીજે તમે દેહનો ત્યાગ કરી ગયા હતા ને પાછા કેમ આવ્યા તેનું કારણ શું ?

તે સાંભળીને નારુજીએ કહ્યું જે મારા શરીરે સારું થયેથી તમોને માલૂમ પડશે. તમે સહુ પોતપોતાને ઘેર જાઓ. એમ કહીને સર્વેને રજા આપી તેથી તેઓ

ઘેર ગયા. પછી ધીરે ધીરે થોડા દિવસમાં મંદવાડ મટી ગયો ત્યારે પોતે વિચાર કર્યો કે શ્રીજીમહારાજ હતા તે વખતે મારાથી કાંઈ સેવા બની શકી નથી. તો હવે અમદાવાદના આચાર્યમહારાજશ્રીને તથા સંતપાર્ષદ વિગેરેને અહીંયાં બોલાવીને મારાથી બને તે પ્રમાણે સેવા કરું તેથી મારા ઉપર શ્રીજીની પ્રસન્નતા થાય. એમ વિચાર કરીને અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા તેમની સાથે કેટલાક સંતોને પોતાને ત્યાં બોલાવ્યા. ને પંદર દિવસ ઉત્તમોત્તમ રસોઈયો કરાવીને બહુ જ જમાડ્યા. તે જોઈને આચાર્યમહારાજ તથા સંતો બહુ રાજી થયા.

પછી અમદાવાદ જવાની નારુજીભાઈ પાસે રજા માગી તે વખતે આચાર્યમહારાજની તથા બ્રહ્મચારી સંત પાર્ષદોની વસ્ત્રથી પૂજા કરીને આચાર્યશ્રીને આચાર્યના પ્રમાણે શેલુ પાઘડી ભેટ વિગેરે આગળ મૂકીને આરતી ઉતારી. પછી આચાર્યશ્રીને કહ્યું જે તમે શ્રીજીમહારાજના પુત્ર છો માટે શ્રીજીને મારા વતી વિનંતી કરો જેથી મને થોડા વખતમાં અક્ષરધામમાં તેડી જાય.

તે સાંભળીને અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું જે તમે શ્રીજીનાં એકાંતિક ભક્તરાજ છો. તે તમારી કાચ્યપ કાંઈ પણ હશે તે ટળાવવાને માટે તમોને અક્ષરધામમાંથી અહીંયાં મોકલેલ છે માટે હવે આજથી પંદરમેં દિવસે ચોક્કસ શ્રીજીમહારાજ આપશ્રીને અક્ષરધામમાં તેડી જશે. એમ કહીને નારુજી તથા ત્યાંનાં હરિભક્તોની પાસે રજા લઈને આચાર્યશ્રી અમદાવાદ પધાર્યા. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજનાં કહેવા પ્રમાણે જ દેહનો ત્યાગ કરીને નારુજીભાઈ અક્ષરનિવાસી થયા હતા. કેવાનું એટલું જ છે કે શ્રીજીમહારાજ વાસ્તે કાંઈ પણ કરેલ નહિ ને લોભ મુખ્ય રાખેલ તેથી અક્ષરધામમાં શ્રીજીએ નારુજીને બતાવ્યું ત્યારે તે વાત નારુજીને સમજાણી. માટે લોભ તે પાપનું મૂળ છે માટે લોભ ન રાખવો ને કાંઈ પણ શ્રીજીમહારાજને અર્થે તથા સંત માટે અન્નવસ્ત્રથી બનતી સેવા કરી લેવી એ જ ધનનો મોટો લાભ છે. ॥૧૧૪॥

એક વખત શ્રીજીમહારાજને સંકલ્પ થયો જે કચ્છ દેશમાં સહુ હરિભક્તોને દર્શન દેવા માટે જાઉં. એવો વિચાર કરીને એક અમરાજી પાર્ષદને સાથે લઈને ગઢપુરથી ચાલ્યા. તે ચાલતાં ચાલતાં એક નાનું ગામ આવ્યું ત્યાં દિવસ આથમ્યો. તે જોઈને અમરાજીને શ્રીજીમહારાજે કહ્યું જે કચ્છનાં ગાઉ ઘણાં મોટા છે માટે સામે ગામ જવાશે નહિ. માટે આ ગામમાં રાત રહીને ચાલીએ એવો વિચાર કરીને તે ગામમાં એક શેઠની દુકાનમાં ઉતારો કર્યો. તે રાત્રિનાં આઠ વાગતાં

શ્રીજીમહારાજે અમરાજીને કહ્યું જે મને ભૂખ બહુ લાગી છે માટે બે પૈસાના દાળીયા ને ગોળ લાવ તો આપણે બેઉ જમીને સૂઈ રહીએ.

આવું શ્રીજીનું વચન સાંભળીને અમરાજીએ કહ્યું જે મારી પાસે એક પૈસો પણ નથી. માટે દાળીયા ને ગોળ શાનું લાવું? આપે જો મને ગઢડે વાત કરી હોત તો વાટખરચી માટે રૂપિયા તથા પરચૂરણ પૈસા લેતો આવત. ત્યારે શ્રીજીએ કહ્યું જે કાંઈ નહિ. જે થયું તે ખરું. લાવો પાણી તરસ લાગી છે તે પીને સૂઈ જઈએ. ત્યારે અમરાજીએ શ્રીજીને પાણી પાયું. પછી અમરાજીને શ્રીજીએ વાત કરી જે આ ગામમાં ચોર લોકો હશે. માટે આપણે બેઉ વારાફરતી જાગીએ તો ઠીક. ત્યારે અમરાજીએ કહ્યું જે આપશ્રી પ્રથમ સૂઈ જાઓ, કારણ કે આપશ્રીને બહુ જ થાક લાગ્યો હશે માટે હું પ્રથમ જાગીશ. એમ કહીને શ્રીજીને સુવાડીને પોતે જાગવા બેઠા. તે રાત્રિના બાર વાગતાં પહેલાં અમરાજીએ શ્રીજીમહારાજને જગાડ્યા. ને કહ્યું જે મને ઊંઘ આવે છે તો હવેથી તમે જાગો એમ કહીને અમરોજી સૂઈ ગયા ને મહારાજ જાગવા બેઠા.

તે વખતે તે દુકાનનાં ધણી વાણિયાએ વિચાર કર્યો જે આ બેઉ જણા સૂઈ જાય તો તેમની વસ્તુઓ મારા ઘરમાં તે ન જાણે તેમ મૂકીને સૂઈ જાઉં. તે વાણિયાના અંતઃકરણની વાત જાણીને શ્રીજીમહારાજ જાણી જાણીને જોલાં ખાવા લાગ્યા. તે જોઈને વાણિયાએ પોતાના ઘરનું બારણું ઉઘાડીને અમરાજીની પાઘડી તથા અંગરખું તથા ખભે નાખવાનો ખેસ તથા તલવાર વિગેરે લઈ ગયો. તેમાંથી અંગરખાને કોઠીમાં નાખ્યું ને તલવારે બાંધેલ સાત રૂપિયા છોડી લઈને તલવારને પણ કોઠીમાં નાખીને સાત રૂપિયા પોતાની તિજોરીમાં મૂકીને સૂઈ ગયો.

પછી રાત્રિના ચાર વાગ્યા ત્યારે અમરાજીને શ્રીજીએ જગાડ્યા, ને જગાડીને કહ્યું જે તૈયાર થાઓ, આપણે ચાલીએ. તે સાંભળીને અમરાજી આંખ્યો ચોળતા ચોળતા ઊઠ્યા. ને જ્યાં તપાસ કરે ત્યાં પોતાનાં કપડાં તથા તલવાર ન મળવાથી શ્રીજીમહારાજને કહ્યું જે હે મહારાજ આપશ્રી જાગતાં હતા કે પોઢી ગયા હતા? મારાં કપડાં તથા તલવાર ચોર ચોરી ગયા. ત્યારે શ્રીજીએ કહ્યું જે કપડાં તથા તલવાર સિવાય બીજું કાંઈ હતું કે નહિ? ત્યારે અમરાજીએ કહ્યું જે તલવારે સાત રૂપિયા બાંધ્યા હતા તે પણ ગયા. ત્યારે શ્રીજીએ કહ્યું જે તમે તો રાત્રિએ એમ કહેતા હતા જે મારી પાસે કાંઈ નથી ને અત્યારે તો તમે સાત રૂપિયા કહો છો તે સાચું કહો છો કે ખોટું કહો છો? ત્યારે

અમરાજીએ કહ્યું જે હું સાચેસાચું કહું છું. તે સાંભળીને શ્રીજી કહે તમે ચિંતા કરશો નહિ. હું તમને ચોર પાસેથી રૂપિયા અપાવીશ.

એમ કહીને શ્રીજીએ હિંદુસ્તાની ભાષામાં વાણિયાને કહ્યું જે શેઠ કપડાં તથા તલવાર તથા રૂપિયા અમારાં તમે ચોરી ગયા છો તે વાતને હું ચોક્કસ જાણું છું. તે સમજીને આપી દ્યો નહિતર ગામના પટેલને બોલાવીને જપ્તી લેવરાવીશ. ત્યારે શેઠે કહ્યું જે અમે શાહુકાર તે શું રમતારામની ચોરી કરતા હશું કે ? અમે તમારું કાંઈ લીધું નથી. ઠાલા અમને તમારે ફજેત કરવા નહિ. ત્યારે શ્રીજી કહે કપડાં તથા તલવારને તમોએ કોઠીમાં નાંખેલ છે ને સાત રૂપિયા તમારી તિજોરીમાં મૂકેલા છે. ત્યાં સુધી તે વાતને હું જાણું છું. માટે સમજીને આપો તો ઠીક.

પછી વાણિયે વિચાર કર્યો કે આ કોઈ મોટા પુરુષ હોવા જોઈએ. નહિતર મારા ઘરમાં કોઈ ન જાણે તેવી રીતે આ કામ મેં કરેલ છે માટે જો હવે નહિ આપું તો આમાંથી મારી ઘણી ફજેતી થશે. એમ વિચાર કરી તુરંત જ શ્રીજીમહારાજને આપી દીધું તે અમરાજી અંગરખું પેરીને મહારાજ સહિત ત્યાંથી ચાલ્યા. તે રસ્તામાં જતાં શ્રીજીએ અમરાજીને કહ્યું કે તમારી પાસે સાત રૂપિયા હતા, તો પણ એક પૈસાના દાળીયા મને અપાવ્યા નહિ. તમારા જેવો લોભી આ દુનિયામાં એક સેવકરામ જોયો હતો ને એક તમે જ છો એવી રીતે શ્રીજીમહારાજે કેટલીક વાત કહી. તેથી અમરાજી બહુ શરમાઈ ગયા.

કહેવાનું કે પાસે ધન હોય તે પોતાને વાસ્તે તથા પરમાત્માને માટે ઉપયોગમાં ન આવે તો તે નકામું છે માટે લોભ ન કરતાં બનતા સુધી ભગવાન તથા ભગવાનના સંતના ઉપયોગમાં વાપરવું. તેથી ભગવાન તથા સત્પુરુષ પ્રસન્ન થાય છે માટે લોભનો ત્યાગ કરવો. લોભ કરવાથી પરમાત્મા કુરાજી થાય છે. ॥૧૧૫॥

ગઢપુરમાં શ્રીજીમહારાજ શ્રીગોપીનાથજીનું મંદિર કરાવતા હતા. તે એક સમે શ્રીજી આથમણાં બારના ઓરડાની ઓસરીએ સવારમાં ગાદીતકિયા ઉપર વિરાજમાન હતા તે વખતે મહારાજશ્રીને એક પાળાએ કહ્યું જે મીસ્ત્રીઓ પગારનાં રૂપિયા માંગે છે તે આપવાની જરૂર છે. એમ વાત કરે છે તેટલાકમાં એક પરમભગવદી શ્રીજીનાં એકાંતિક ભક્ત વાલબાઈ આવ્યાં. તેની પાસે પાંચસેં રૂપિયા હતા. તે શ્રીજી જાણતા તેથી ડોશીમાને કહ્યું જે તમારી પાસે કાંઈ મૂડી છે ? જો હોય તો મને લાવી આપો, કારણ કે મારે મીસ્ત્રીઓના પગાર ચૂકવવા છે.

ત્યારે ડોશીએ કહ્યું જે હે મહારાજ હું રેંટીયો કાંતનારીની પાસે મૂડી ક્યાંથી હોય ? મારી પાસે બિલકુલ રૂપિયા નથી. હું મારો વ્યવહાર માંડમાંડ ચલાવું છું. આવું ડોશીનું વચન સાંભળીને શ્રીજીમહારાજે કહ્યું જે ડોશીમા મને તમે શું જાણો છો? ત્યારે ડોશી કહે તમને ભગવાન જાણું છું ત્યારે શ્રીજીએ કહ્યું જો મને ભગવાન જાણો છો ને સાચું બોલતાં નથી ને તમારી પાસે પાંચસેં રૂપિયા છે તે હું જાણું છું. માટે આપો તો ઠીક. મારે હાલ ઘણી જરૂર છે તોપણ મહા લોભણી તે બાઈએ આપવાની હા કહી નહિ.

પછી શ્રીજી કહે તમારી પાસે ન હોય તો કાંઈ નહિ. અમે બીજાની પાસેથી લઈને ચુકાવી દઈશું. એમ વાત કરે છે તેટલામાં સાક્ષાત્ લક્ષ્મીજીએ ઉગમણાંબારના ઓરડામાં સામે રહીને શ્રીજીને આંખ્યના ઈશારાથી ત્યાં બોલાવ્યા. ને દર્શન કરીને એક હજાર રૂપિયા ભેટ મૂકી. પછી સર્વે બાઈઓ દેખે તેવી રીતે આકાશમાં અંતર્ધાન થઈ ગયા. પછી તે રૂપિયાથી શ્રીજીએ મીસ્ત્રીઓના પગાર ચૂકવ્યા. ને જે ડોશી શ્રીજી આગળ જૂઠું બોલી હતી તેના પાંચસેં રૂપિયામાંથી ત્રણસો રૂપિયા ચોર લોકો ચોરી ગયા. પછી સવારે ડોશીએ જ્યાં રૂપિયા દાટ્યા હતા ત્યાં જુએ ત્યાં ઢીંચણ સુધી ઊંડો ખાડો ખોદેલો જોયો. તેથી ડોશીએ તપાસ કરી તો ત્રણસો રૂપિયા ચોર લઈ ગયેલા ને બસો રૂપિયા રહેલા તે જોઈને રોતીકકળતી શ્રીજીમહારાજ પાસે આવીને કહે જે મારા ઘરમાં ચોરી થઈ ને ત્રણસો રૂપિયા ગયા.

તે સાંભળીને શ્રીજીએ કહ્યું જે, અમારે અર્થે જે નથી કરતાં તેનું ધન ચોર ચોરી જાય. અથવા રાજા દંડ કરીને લઈ લે. અથવા તો અગ્નિ થાય તે બધું બળી જાય. કારણ કે ધર્મ તે ચોથો ભાઈ છે. ધર્મનું રાખે તો ત્રણ ભાઈ સહાય કરે છે ને ધર્મને અર્થે ન કરે તો ત્રણેય ભાઈ કોપાયમાન થાય છે. માટે ડોશીમા અમારે ખાસ જરૂર હતી ને આ તો ધર્મને માટે હતાં. તો પણ તમે લોભને લીધે રૂપિયા ન આપ્યા તો ચોર ચોરી ગયા. એવી લોભ વિશે શ્રીજીમહારાજે સહુ સાંભાળે તેવી કેટલીક વાત કરી હતી. સાર એટલો જ છે કે લોભ ન રાખતાં જેમ બને તેમ ધર્મને માટે ધનનો ખર્ચ કરવો એ સિદ્ધાંત છે. ॥૧૧૬॥

ગઢપુરથી એકસમે શ્રીજીમહારાજ વડતાલ સમૈયો કરવા જવાનો વિચાર કરતા હતા. તેવામાં સહુ બાઈ ભાઈઓએ અત્યંત આગ્રહ કરી ગઢડામાં સમૈયો કરવા રોક્યા. તેથી દેશાંતરોના હરિભક્તો ગઢડે સમૈયો કરવા આવ્યાં. તેવા

સમયમાં એક હરિભક્તે મુળજી બ્રહ્મચારીને સવાપાંચ રૂપિયા, ચાંદીની લોટી શ્રીજીને જળ પીવા કરાવવા માટે આપ્યા. તે સમૈયામાં ગામ બોટાદના ધના સોની શ્રીજીનાં દર્શને આવ્યા હતા, ત્યારે મુળજી બ્રહ્મચારીએ ચાંદીની લોટી કરવા માટે સવાપાંચ રૂપિયા ધના સોનીને અપાવ્યા ને કહ્યું જે જેમ બને તેમ વેલાસર કરીને શ્રીજીમહારાજનાં ઉપયોગમાં આવે તેમ કરજો.

તે રૂપિયા લઈને સમૈયો ગયા પછી ધના સોની શ્રીજીની તથા બ્રહ્મચારીની રજા લઈ બોટાદ ગયા. સવાપાંચ રૂપિયામાંથી પોણાપાંચ રૂપિયાની ચાંદી લીધી. તે સમયમાં ચાંદી ઘણી સસ્તી હતી. તેથી શ્રીજીને જોવે તેવી સાદી લોટી કરીને ગઢડે આવવા વિચાર કરતા હતા તેટલાકમાં બ્રહ્મચારીના સમાચાર આવ્યા, જે લોટી તૈયાર થઈ હોય તો લઈને ગઢડા આવો, કારણ કે અમારે વડતાલ જવાનું છે. તેવા સમાચાર સાંભળીને વિચાર કર્યો જે ગઢડે જઈશ ત્યારે મહારાજને મારે અડધાનો થાળ કરવો જોઈશે. માટે ઘરનો અડધો રૂપિયો વાપરવો પડશે. એ કરતાં અડધા રૂપયાનો બચાવ કર્યો છે તે અડધાનો થાળ શ્રીજીને માટે કરીશ. એમ વિચાર કરીને ગઢડે આવ્યા.

તે વખતે ઉત્તરાદાબારના દાદાખાચરના રસોડે બ્રહ્મચારીએ થાળ કરેલો હતો તે જમવા એક પીતાંબર પેરીને તથા એક આડ સોડે નાંખીને બાજોઠ ઉપર બેસી જમતા હતા. તે શ્રીજીમહારાજની પાસે કેટલાક સંત હરિભક્તો શ્રીજીનાં દર્શન કરવા બેઠા હતા. ત્યાં ધના સોનીએ આવીને ચોકમાં દંડવત્ કરી પોતે બનાવેલ લોટી શ્રીજીને ભેટ મૂકી. તે બ્રહ્મચારીએ ઊટકીને ટાઢું જળ ભરીને શ્રીજીને પીવા આપી. તે લોટીથી મહારાજ જળપાન કરવા લાગ્યા. તે જોઈને ધના સોની કહે હે મહારાજ ધાર તો ઠીક થાય છે ને ? તે સાંભળીને શ્રીજીએ કહ્યું જે ધાર તો ઠીક થાય છે પણ આમાંથી અડધો થાળને માટે જુદો પાડવો નહોતો. તે અડધાની ચાંદી આમાં નાખી હોત તો બરોબર ધાર સારી થાત. તમે એક અડધાના લોભથી લોટી નાની કરી.

તે સાંભળી ધના સોની ઘણાં જ શરમાઈ ગયા. ને શ્રીજીને કહ્યું જે તમે મારી ભૂલ ઓળખાવી, તમે તો અંતર્યામી છો. માટે મારા મનનો સંકલ્પ જાણીને તમે આ વાત કરી. મેં સવાપાંચ રૂપિયામાંથી પોણાપાંચ રૂપિયાની લોટી કરી છે. ને તેમાંથી અડધો રૂપિયો તમારા થાળ માટે મેં બચાવ્યો હતો, કારણ કે મારે તમારો થાળ તો કરવો જ જોઈએ. જો કરાવું તો ગાંઠનો અડધો જાય. એવા

વિચારથી આ કામ કરેલ છે. વળી મેં એવો વિચાર કરેલ જે લોટીનું ઘડામણ બ્રહ્મચારી પાસે મંગાય નહિ, એમ ધારીને અડધો બચાવ્યો તે લોભને લીધે. આ સંત હરિભક્તોની પાસે હું ફજેતીને પામ્યો. માટે તમે કુરાજી ન થતાં મારા ઉપર રાજી રહેજો. જીવ તો અનાદિકાળનો પ્રભુનો ચોર જ છે.

એમ વાત કરે છે તેવામાં બ્રહ્મચારીએ ધના સોનીને કહ્યું જે તમે લોટી કરી માટે આજ શ્રીજીમહારાજના પ્રસાદીના થાળમાંથી તમને જમાડીશ. માટે તમે જમવા અહીં આવજો. તેવામાં શ્રીજીમહારાજ જમીને મુખવાસ લઈ પોતાની અક્ષરઓરડીમાં પધાર્યા. ત્યાં મહારાજ સાથે ધના સોની પણ ગયા. તેમને સંભળાવવા સારુ શ્રીજીએ વાત કરી જે માળા, માનસી પૂજા, ધ્યાન, ભજન, દેવસેવા, સંતસેવા તથા ગૃહસ્થના ધર્મો સંપૂર્ણ રીતે પાળ્યા હોય તોપણ લોભ તે પાપનું મૂળ છે. લોભે કરીને ગુરુનું ધન લેવાનો વિચાર થાય પણ ગુરુના ધનમાં પોતાના મનની વૃત્તિ બગડવા દેવી નહિ. પ્રભુએ આપણને ધન આપ્યું હોય તેમાંથી થાળ વિગેરે સેવા કરવી એવો ઉપદેશ દઈને ધના સોનીને દાદાખાચરના રસોડે જમવા જવાની આજ્ઞા કરી.

કહેવાનું એ છે કે જે લોભી માણસ શ્રીજીના અક્ષરધામમાં ગયો હોય તો ત્યાં પણ શ્રીજીમહારાજના સોનાના મુકામમાંથી સોનાની ઈંટ લેવાની ઈચ્છા કરે તેવો આ જીવનો અનાદિનો સ્વભાવ છે માટે લોભ ન હોય ને શ્રીજીને અંતર્યામી જાણ્યા હોય તો અક્ષરધામમાં જવાય. બાકી તે ધામ મળવું ઘણું દુર્લભ છે. માટે લોભનો ત્યાગ કરીને બનતી સેવા કરી લેવી તે જ સારાંશ છે. ॥૧૧૭॥

ગામ ગાધકડાના જોશી નાગજીભાઈ બ્રાહ્મણે સો વરસનાં કુંડળીયાં તથા ટીપણાં કરેલ છે તે નાગજી શ્રીજીમહારાજના પરમ એકાંતિક ભક્તરાજ હતા. તે જ્યારે ગઢડે દર્શને આવે ત્યારે પાંચ દિવસ તીર્થમાં રહીને શ્રીજીનો તથા મોટા સદ્‌ગુરુનો સમાગમ કરે. ને જ્યારે ચાલવા તૈયાર થાય ત્યારે શ્રીજીને દંડવત્ કરીને પ્રાર્થના કરે જે મારે ગામ એક વખત કૃપા કરીને પધારજો ને સાથે દાદાખાચરને જરૂર લાવજો. એવો મારો સંકલ્પ છે તેને તમે પૂર્ણ કરજો. ત્યારે શ્રીજી કહે અમારે જ્યારે જોગ આવશે ત્યારે જરૂર આવીશું.

તે એકસમે શ્રીજીમહારાજ દાદાખાચરને ભટવદર પરણાવવા ગયા તે સમે નાગજી જોશીનું ગામ ગાધકડા રસ્તામાં નહોતું આવતું તો પણ રસ્તામાં લઈને ત્યાં પધાર્યા. ને દાદાખાચરની જાનને રસ્તે ચાલતી કરી ને પોતે એક સ્વારને સાથે

રાખીને ગામની ભાગોળે ઊભા રહ્યા. ને એક માણસની સાથે નાગજી જોશીને સંદેશો કહેવડાવ્યો જે શ્રીસ્વામિનારાયણ તમારા ગામની ભાગોળે ઊભા છે ને તમને બોલાવે છે. તેવા સમાચાર સાંભળીને શ્રીજીનાં દર્શન કરવા માટે આવતાં રસ્તામાં નાગજીને એવો વિચાર થયો જે શ્રીજીમહારાજ પધાર્યા. તે હવે મારે મારા ઘરમાં પધરાવ્યા વિના છૂટકો નથી. ને ઘરમાં પધરાવીશ તો ત્રણ પૈસાનું નાળિયેર મૂક્યા વિના ચાલશે નહિ. એ ખર્ચમાં ન ઊતરાય એવી યુક્તિ કરીને શ્રીસ્વામિનારાયણને ઘેર પધરાવવા નથી.

એવો દૃઢ વિચાર કરીને ગામની ભાગોળે આવી, શ્રીજીને દંડવત્ પ્રણામ કરીને હાથ જોડીને વિનંતી કરી જે મહારાજ ગામમાં પધારો. મારી ઘણાં દિવસની વિનંતી આજે સફળ કરી. એમ કહીને શ્રીજીને સાથે લઈ ગામ વચ્ચે ચાલવાનો રસ્તો હતો તેથી મહારાજની સાથે વાતો કરતાં કરતાં ગામ વચ્ચે ગયા. ત્યારે શ્રીજીએ નાગજીને કહ્યું જે તમારું ઘર કેટલે છેટે છે ? ત્યારે તેણે જવાબ આપ્યો જે મારું ઘર હજી આગળ છે. એમ કહી શ્રીજીની સાથે વાતો કરતાં કરતાં સામી ભાગોળ આવી ત્યારે વળી મહારાજે પૂછ્યું જે તમારું ઘર હજી કેટલે છેટે છે ? ત્યારે તેણે કહ્યું જે મહારાજ વાત કરતાં કરતાં મારૂ ઘરનું અનુસંધાન રહ્યું નહિ, જે આ તો ગામ બહાર આવી ગયા. માટે ચાલો પાછા વળો. એમ કહ્યું.

ત્યારે શ્રીજીએ કહ્યું જે હે નાગજી તમારી બહુ જ પ્રાર્થના હતી તેથી સીધો રસ્તો મૂકીને ફેર ખાઈને આ તમારે ગામ હું આવ્યો. પણ તમે ત્રણ પૈસાના નાળિયેરના લોભથી તમારે ઘેર મને પધરાવી શક્યા નહિ. માટે હવે અમે પાછા નહિ વળીએ. એમ કહીને તુરંત જ શ્રીજીમહારાજ પોતાની માણકી ઘોડી દોડાવી આગળ જતી જાન ભેગા થઈ ગયા. તે વખતે શ્રીજીમહારાજને તરસ ઘણી લાગી હતી. ને પોતાના મનથી એવો વિચાર હતો જે નાગજીને ઘેર જઈને પાણી પીવું છે. પણ નાગજીના મનનો અભિપ્રાય જુદી જ રીતનો તેથી ગાધકડે ન રોકાતાં દાદાખાચરના ભેગા થઈને પાણી પીધું ને ત્યાંથી ચાલતાં ભટવદર ગયા.

કહેવાનું એ છે કે લોભે કરીને અક્ષરપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાનને નાગજીભાઈ ત્રણ પૈસાના લોભથી ઘેર પધરાવી લાભ લઈ શક્યા નહિ. એ નાગજી જોશી લોભની જ કેવળ મૂર્તિ હતી. પરિણામે તેની દશા ઘણી જ બૂરી આવી હતી. માટે સમય આવે ત્યારે લોભ ન કરતાં ધનનો ખરચ કરીને મોટો લાભ લઈ લેવો જેથી શ્રીજીમહારાજ તથા તેમના સંત રાજી થાય એ જ કરવાનું છે. ॥૧૧૮॥

ગામ વેળાવદરના ભક્તરાજ રૂડાભાઈ શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત હતા. તે એક સમે ગાડું જોડીને શ્રીજીનાં દર્શન કરવા ગઢપુર આવ્યા હતા. તે લીંબડા નીચે ગાડું છોડીને બળદને તે સાથે બાંધીને શ્રીજીનાં દર્શન કરવા અક્ષર ઓરડીએ જવા વિચાર કરતા હતા. તેટલાકમાં શ્રીજીમહારાજ પાળાઓએ સહિત ત્યાં પધાર્યા. તેથી રૂડીભાઈએ શ્રીજીને દંડવત્ કરીને જયશ્રી સ્વામિનારાયણ કહ્યા.

ને પોતાના ગામના સર્વે હરિભક્તોનાં પણ જયશ્રી સ્વામિનારાયણ કહ્યા. તે સાંભળીને શ્રીજીએ વેળાવદરના હરિભક્તોના સમાચાર પૂછ્યા. પછી નજીકમાં બાંધેલ બાળદ તે સામું જોઈને રૂડાભાઈને કહ્યું જે આ ભાવનગરી ગાડી તથા બાંધેલ બેલ તમારા છે ? એમ શ્રીજીએ વારંવાર ત્રણ વખત રૂડાભાઈને પૂછી જોયું. તેનું કારણ શ્રીજીમહારાજ શ્રી ગોપીનાથજીનું મંદિર કરાવતા હતા તે વખતે બળદની તથા ગાડાની જરૂર હતી. તેથી ત્રણ વખત રૂડાભાઈને પૂછેલ પણ રૂડાભાઈના મનમાં શ્રીજીનો અભિપ્રાય શું છે તે કાંઈ સમજાયું નહિ. તેથી શ્રીજીને કહ્યું જે આ ગાડી ને બળદ મારા છે.

પછી મહારાજ ત્યાંથી લક્ષ્મીવાડીએ પધાર્યા. તે વખતે એક પાળાએ રૂડાભાઈને કહ્યું જે શ્રીજીએ તમને ત્રણ વખત ગાડી ને બળદનું પૂછ્યું. તેનું કારણ હાલ શ્રી ગોપીનાથજીનાં મંદિરનું કામ ચાલે છે તેથી ગાડી ને બળદિયાનું શ્રીજીને કામ હશે ત્યારે તમને પૂછેલ છે. આવું પાળાનું વચન સાંભળીને રૂડાભાઈએ એવો વિચાર કર્યો જે હાલ મારે ખેતીનું કામ ચાલે છે તે ગાડી ને બળદિયા શ્રીજીને આપું તો મારા ઘરનું કામ પડી ભાંગે. માટે શ્રીજીને તો કાંઈ ખોટ રહેશે નહિ. એમ ઘરનાં કામના લોભથી મહારાજને ગાડી ને બળદ અપાયા નહિ. ને એક દિવસ રોકાઈને તુરંત જ શ્રીજીની રજા લઈને પોતાને ગામ ગયા.

પછી શ્રીજીમહારાજ ધામમાં ગયા કેડે રૂડાભાઈનાં અંતઃકરણમાં ગાડી-બળદ ન આપ્યાનો ઘણો જ ખેદ થવાથી ગઢડે આવ્યા ને કોઠારી આગળ ઘણો પસ્તાવો કર્યો. તેથી કોઠારીની આજ્ઞાથી બાર જોડ વાછરડાં ઉછેરીને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની ગાડીએ જોડવા આપ્યાં. તેથી શ્રીજીમહારાજે રૂડાભાઈના સંબંધીને દર્શન આપીને કહ્યું જે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને વાછરડાં આપ્યાં તે મને પહોંચ્યા છે, એમ રૂડાભાઈને કહેજો. તેથી તે વાત રૂડાભાઈને તેના સંબંધીએ કહી. તેથી રૂડાભાઈને અંતઃકરણમાં શાંતિ થઈ.

તે રૂડાભાઈ એક વખત શ્રી ગોપીનાથજીનાં દર્શન કરવા ગઢપુર આવ્યા. તે સમયે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ ગઢપુર પધાર્યા હતા. તેમણે રૂડાભાઈને એમ કહ્યું જે શ્રી ગોપીનાથજી મહારાજની તિજોરી સાચવવા તમારા જેવા ભક્તરાજની જરૂર છે. માટે કોઈ પણ કુળવાન સ્ત્રી ધનમાં લોભાય નહિ તેવા તમારા દેશમાં હરિભક્ત હોય ને સ્થિર મન કરીને રહે તેવાનો તપાસ કરજો. ત્યારે રૂડાભાઈએ કહ્યું જે મારા જેવો તો હું છું. માટે મને જેમ આજ્ઞા આપશ્રી કરો તેમ હું કરું.

તે સાંભળીને આચાર્યશ્રી ઘણું પ્રસન્ન થયા ને રૂડાભાઈને શ્રીગોપીનાથજીની તિજોરી સાચવવા રાખ્યા. તે પોતાના દેહ પર્યંત તિજોરી સાચવી. એવા એ એકાંતિક ભક્ત હતા, પણ ઘરના કામના લોભે કરીને શ્રીજીમહારાજને અર્થે ગાડી ને બળદિયા અપાયા નહોતા. તો કહેવાનું કે લોભે કરીને હા કહી નહિ, તેથી ઘણો પસ્તાવો થયો હતો. માટે પરિણામે પસ્તાવો ન થાય તેવી રીતે વર્તવું. અને લોભ ન રાખતાં શ્રીજીની મરજી પ્રમાણે પ્રાણથી પ્રિય કોઈ પણ વસ્તુ હોય તે શ્રીજીના ઉપયોગમાં અર્પણ કરવી જેથી શ્રીજી પ્રસન્ન થાય છે. ॥૧૧૯॥

ગામ માંગરોળમાં એક વખત રામાનંદ સ્વામી ગામડાંમાં ફરતાં ફરતાં આવ્યા. તે ગોવરધનભાઈ તથા તેમનાં ફોઈ પુતળીબા તે રામાનંદ સ્વામીનાં ભક્તરાજ તે ગામમાં હતાં. તેથી ઘણે ભાગે તેમનાં ઘેર રામાનંદ સ્વામી ઉતારો રાખતા તેથી તેમને ત્યાં સ્વામીએ પોતાના સંતોએ સહિત ઉતારો કર્યો હતો. તેવા સમયમાં એક ભાવિક ભક્તે રામાનંદ સ્વામીની પાસે સોનાનો પાસો અર્પણ કર્યો. ત્યારે સ્વામીએ તેમને કહ્યું જે હાલ મારે જરૂર નથી. તમારો મૂકેલો પાસો તમો પાછો લઈ જાઓ. તો પણ તેમણે લીધો નહિ ને દર્શન કરીને ચાલ્યો ગયો.

તે વખતે પુતળીબાઈ રામાનંદ સ્વામી પાસે બેઠાં હતાં. તેમને રામાનંદ સ્વામીએ સોનાની લગડી આપીને કહ્યું જે અમારે જ્યારે ખપ પડશે ત્યારે તમારી પાસેથી માંગી લઈશું. માટે હાલ તમારી પાસે રાખો. એમ કહીને સોનાની લગડી સોંપી. પછી ત્યાં રહેવું ઘટે તે પ્રમાણે રહીને રામાનંદ સ્વામીને સમૈયો કરવાનો વિચાર થવાથી માંગરોળ પધાર્યા. ને પુતળીબાને કહ્યું જે, મેં તમને સોનાની લગડી આપેલ છે તે હું લેવા આવેલો છું તે અમને આપો. મારાથી હાલ રોકાવાય તેમ નથી. તે સાંભળીને પુતળીબાઈએ જવાબ આપ્યો જે મને આપે લગડી આપેલ નથી, બીજાને આપી હોય તો સંભારો. ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું જે ખાસ મેં તમને જ આપેલ છે, બીજાને આપેલ નથી.

ત્યારે પુતળીબાઈએ કહ્યું જે અમે શાહુકાર કહેવાઈએ માટે નકામા ફજેત કરશો નહિ, મને તમે આપેલ નથી. તે સાંભળીને રામાનંદ સ્વામીએ કહ્યું જે તમે લોભથી ના પાડો છો ને તારા જીવનું શા માટે બગાડે છે ? મેં તારા વિશ્વાસથી સોંપેલ છે છતાં ના પાડે છે તેમાં તમારી શોભા નહિ. મને તો પ્રભુના પ્રતાપથી ધન બીજું ઘણું મળશે. પણ તમે નહિં આપો તો તમારે જમપુરીમાં ચોક્કસ જવું પડશે. એમ કહીને પુતળીબાઈ ઉપર બહુ જ કુરાજી થઈ ત્યાં ન રોકાતાં ચાલી નિસર્યા. તે લોભના પાપથી પુતળીબાઈનો જ્યારે મરણ સમય થયો ત્યારે તે બાને જમ તેડવા આવ્યા તે જમને જોઈને તે બાઈ કહે જે મેં રામાનંદ સ્વામીની ભક્તિ કરેલ છે. તેમજ દાન, પુણ્ય, સંતસેવા વિગેરે ઘણાં સત્કાર્યો કરેલાં છે. છતાં મને તમે તેડવા આવ્યા છો તેનું શું કારણ ? ત્યારે જમદૂતોએ કહ્યું જે તમે તમારા ગુરુનું સોનું રાખેલ છે તે પાપથી તને અમે તેડવા આવ્યા છીએ.

એમ કહીને ગળે ફાંસો દઈ જમપુરીમાં લઈ ગયા ને ધર્મરાજાની આજ્ઞા થવાથી તેને કુંભીપાક નરકમાં નાખી.

કહેવાનું કે જ્ઞાન મેળવ્યું હોય, દાન-પુણ્ય કરેલ હોય, સંતસમાગમ, તીર્થવ્રત વિગેરે સત્કાર્યો કર્યાં હોય, પણ લોભથી ગુરુનું ધન પાછું ન અપાયું હોય તો કુંભીપાક નરકમાં પડવું પડે છે. માટે પુતળીબાઈની પેઠે લોભ રાખવો નહિ. લોભે કરીને આ જીવનું જેવું ભૂંડું થાય છે તેવું બીજે કરીને થતું નથી. માટે જેમ બને તેમ દેવના ધનમાં તથા ગુરુના ધનમાં મનને ચલાયમાન થવા દેવું નહિ. ॥૧૨૦॥

ગામ બારપટોળીમાં કાળુ વાવડીયો તથા તેમનો ભાઈ લુંભો, એ બેઉ ભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. તેમણે એવા સમાચાર સાંભળ્યા જે દાદાખાચરને પરણાવીને જાન પાછી વળે ત્યારે જાનને એક મુકામ આપણે કરાવવો, એવો બેઉ ભાઈએ વિચાર કરીને ઘી, ખાંડ, સાકર, ગોળ વિગેરે સામાન તૈયાર રાખ્યો. તેવા સમયમાં શ્રીજીમહારાજ જાને સહિત ભટવદર પધાર્યા. ત્યાંથી કાળુવાવડીયાને એક સ્વાર મોકલી શ્રીજીએ બોલાવ્યા. તે ચાલતી વખતે કાળુવાવડીયાએ લુંભાને કહ્યું જે હું બનતા સુધી જાન પહેલો આવીશ. પણ કદાચ મારે ત્યાં રોકાવાનું થાય તો તું જાનને રોકજે પણ જવા દઈશ નહિ. આવું ચોક્કસ કહીને ભટવદર ગયા. ત્યાં શ્રીજીનાં દર્શન કરી મહારાજની આજ્ઞાથી રોકાયા.

પછી થોડા સમયમાં દાદાખાચરનું માંગલિક કાર્ય સંપૂર્ણ કરીને નાગપાળવરૂએ દાદાખાચરને વળાવ્યા વાજતેગાજતે શ્રીજીમહારાજ ભટવદરથી જાન

લઈને ચાલ્યા. તે વખતે શ્રીજીએ કાળુવાવડીયાને કહ્યું જે આ દાદાખાચરના સસરા **નાગપાળવરૂનો** સરસામાન ઠેકાણે કરાવીને પછી તમો આવો. એવી આજ્ઞાથી તેમને ત્યાં રોક્યા. ને શ્રીજી ભટવદરથી સીધા બારપટોળી આવ્યા. ત્યાં ગામની ભાગોળે લુંભો પોતાના સંબંધીએ સહિત શ્રીજીને ગામમાં પધરાવવા વાટ જોઈને ઊભો હતો. તેવામાં મહારાજ ત્યાં પધાર્યા. ત્યારે શ્રીજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પગે લાગ્યો. તે સમે શ્રીજીએ લુંભાને કહ્યું જે લુંભાભક્ત ગોળ છે ? હોય તો લાવો, કારણ કે જાનના બળદિયા દોડીને આવ્યા છે તે થાકી ગયા છે તેને ખવડાવવો છે. ત્યારે લુંભાભક્ત કહે કે આ નાના ગામમાં ગોળ ક્યાંથી હોય ?

એમ શ્રીજીએ ત્રણવાર લુંભાને પૂછ્યું તો પણ લોભે કરીને લુંભાભક્તે ગોળ આપ્યો નહિ. ત્યારે શ્રીજી મહારાજ તુરંત જ ત્યાંથી ચાલ્યા ને એમ કહ્યું કે સામો રસ્તો હીંદોરડાનો છે ? એમ પૂછીને ઘણાં વેગથી જાન દોડાવી. તે એક ગાઉને આશરે ગયા ત્યારે કાળુ વાવડીયો બારપટોળી આવ્યા ને લુંભાને પૂછ્યું જે મહારાજનો ઉતારો ક્યાં કરાવ્યો છે ? ત્યારે તેણે જવાબ આપ્યો જે શ્રીજી અહીં આવ્યા ત્યારે તેમણે મારી પાસે બળદને ખવાડાવવા ગોળ માગ્યો તે મારાથી લોભને લીધે હા પડાણી નહિ. તેમ મારાથી રોકાવાની તાણ પણ થઈ નહિ. તેથી તે તો ન રોકાતાં ચાલતા થયા.

આવું પોતાના ભાઈનું વચન સાંભળીને કાળુ વાવડીઓ પોતાનો ઘોડો દોડાવીને એકદમ શ્રીજીના ભેગા થયા ને ઘોડેથી ઊતરી શ્રીજીને દંડવત્ પ્રણામ કરીને પાછા વળવાનો ઘણો જ આગ્રહ કર્યો. ત્યારે શ્રીજીએ કહ્યું જે જાન પાછી વળે નહિ તેવો અનાદિનો રિવાજ છે તે તમો જાણો છો. ત્યારે કાળુ વાવડીયાએ કહ્યું જે મહારાજ તમે પાછા નહિં આવો તો મારે આજથી ખાંડ-સાકર-ગોળ-ઘી વિગેરે હરામ છે. ત્યારે શ્રીજી કહે તમારે વ્યવહારિક લોકોને એવું નિયમ રાખવું તે ઠીક નહિ. માટે મારી આજ્ઞાથી જમજો, જો મને રાજી કરવો હોય તો. એવી આજ્ઞા કરીને શ્રીજીમહારાજ તેમને પાછા વાળીને મુકામ કરતા ગઢપુર પધાર્યા.

કહેવાનો અભિપ્રાય એટલો જ છે કે અવતારના અવતારી શ્રીસહજાનંદ સ્વામીએ પોતે જીવ ઉપર દયા કરીને ગોળ માગ્યો પણ લુંભા ભક્તથી અપાયો નહિ. તેથી જીવ્યા ત્યાં સુધી અંતઃકરણમાં ખેદ કરતાં પણ સમય સચવાણો નહિ, માટે સમય આવે ત્યારે લોભનો ત્યાગ કરીને જેમ બને તેમ ધર્મને માટે કાંઈ પણ કરી લેવું તે જ લાભ છે. ॥૧૨૧॥

ગામ નાગનેશમાં રજપુત દાદોડ્યો તથા વસ્તોડ્યો એ બે ભાઈઓ શ્રીજીમહારાજના સત્સંગી સારા હતા અને દાદાડ્યાને કાંઈ પણ સંસારમાં આસક્તિ હતી નહિ. તેમને દીકરો નહોતો પણ એક દીકરી હતી. તે દાદોડ્યો જ્યારે જ્યારે ગઢપુર શ્રીજીનાં દર્શને આવે ત્યારે મુળજી બ્રહ્મચારીને એમ કહે જે આજ શ્રીજીને વાસ્તે કોઈનો થાળ ન હોય તો મારો અડધાનો થાળ કરો. તે સાંભળીને બ્રહ્મચારી કહે આજ અમુક હરિભક્તનો થાળ છે. ત્યારે દાદોડ્યો કહે કે કાંઈ નહિ આવતે સમૈયે હું આવીશ ત્યારે થાળ કરાવીશ. એમ કરતાં કરતાં શ્રીજીમહારાજ સ્વધામમાં પધાર્યા પણ દાદાડ્યાથી એક અડધાનો થાળ શ્રીજી માટે થયો નહિ. પોતાની પાસે પચાસ હજાર રૂપિયા હતા પણ લોભને લીધે શ્રીજીને માટે તથા સંતને માટે તથા કાંઈ પણ ધર્માદો કરવો તે નિમિત્તે એક કોડી પણ વપરાણી નહિ. તેથી વારંવાર પશ્ચાત્તાપ કરતા હતાં જે મને ધિક્કાર છે જે મારાથી શ્રીજીમહારાજને માટે એક અડધાનો થાળ થયો નહિ.

એમ કરતાં કેટલાક માસે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વડતાલથી ગઢપુર પધારતાં વચમાં રાણપુરમાં મુકામ કર્યો. ને ત્યાંથી એક પાળાને મોકલી આચાર્યશ્રીએ ગઢપુરથી કોઠારી ભક્તિવલ્લભદાસજીને બોલાવ્યા. તે દિવસે નવમી હતી તેથી આચાર્યશ્રીની પાસે એક રાત્રિ રહીને આચાર્યશ્રીની આજ્ઞા લીધા સિવાય એક સાધુને લઈને નાગનેશ દાદોડ્યો ઘણાં જ માંદા હતા તેમને જોવા ગયા. ત્યારે દાદોડ્યો કોઠારીને જોઈને બહુ જ ખુશી થયા ને ભક્તિવલ્લભદાસજી આગળ વાત કરી જે મારા દેહનો કાંઈ નિરધાર જણાતો નથી ને મારા અંતઃકરણમાં શાંતિ નથી તેનું કારણ આપશ્રી જાણો છો જે શ્રીજીમહારાજ માટે મારાથી એક અડધાનો પણ થાળ થયો નથી તેમ બીજાં સત્કાર્યો કાંઈ પણ થયેલ નથી. મારી મિલકત બધી નકામી જશે. માટે તે મિલકત સારે રસ્તે વપરાય તેવો રસ્તો મને બતાવો. મારે તમારો પરિપૂર્ણ વિશ્વાસ છે. ને જો રસ્તો નહિ બતાવો તો મારી અસદ્‌ગતિ થશે એમાં કાંઈ સંદેહ નથી.

ત્યારે કોઠારી કહે જે તમારા ધનને સારે રસ્તે વાપરવું હોય ને અક્ષરધામમાં ઠેઠ પહોંચવું હોય તો શ્રીજીમહારાજનાં પુત્ર આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પોતે ગઈ કાલે રાણપુર પધાર્યા છે. તેમને એકાદશીને દિવસે અહીંયાં ઘણી ધામધૂમથી તમારા આમંત્રણથી બોલાવીએ ને તમે રાજી થાઓ તે પ્રમાણે તમારા ધનનો હું સારો રસ્તો કરી આપું. તે સાંભળીને દાદોડ્યો બહુ રાજી થયા, ને કહે જે તમે

હાલ રોકાઈને તમારી મરજી પ્રમાણે આચાર્યશ્રી આવતાં પહેલાં રૂપિયાનો વિભાગ કરી તાસડા ભરીને તેમાં કંકુ-પુષ્પ વિગેરેથી છંટકાવ કરીને તૈયાર કરી બોલાવવા જાઓ. કારણ આચાર્યશ્રી આવે તે સમે તે કામ બની શકે નહિ.

ત્યારે કોઠારીએ જ્યાં રૂપિયા દાટ્યા હતા ત્યાંથી કઢાવીને વસ્તોડયાને દશહજાર રૂપિયા તથા પોતાની દીકરીને દશહજાર રૂપિયા તથા ગામમાં મંદિર કરવા માટે પાંચ હજાર રૂપિયા તથા મંદિરમાં સંત બ્રહ્મચારીને માટે સદાવ્રતમાં બે હજાર રૂપિયા તથા તમારી પછવાડે જ્ઞાતિ ખર્ચા માટે ત્રણ હજાર રૂપિયા તથા બ્રાહ્મણ ભોજન તથા બ્રાહ્મણોને દક્ષિણા તથા તીર્થવાસી તથા પારેવાંને તથા ગાયો વિગેરેના ચારાના પાંચ હજાર રૂપિયા તથા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની પધરામણી કરીને પાંચ હજાર રૂપિયા તથા મંદિરોમાં રસોઈ માટે પાંચ હજાર રૂપિયા તથા ગઢપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનાં થાળમાં એક હજાર રૂપિયા તથા ચાંદીનાં કમાડ કરાવવા માટે ચાર હજાર રૂપિયા એમ મળીને પચાસ હજાર રૂપિયાનાં થાળ ભરીને એક પટારામાં મૂકી તાળું વાસી તેની કુંચી કોઠારીએ પોતાની પાસે રાખીને દાદોડ્યાને કહીને રાણપુર આચાર્યશ્રીને આમંત્રણ કરવા ગયા.

તે આચાર્ય પાસે જઈને દાદોડ્યા સંબંધી સર્વે વાત કરી. તે સાંભળીને આચાર્યશ્રી ઘણાં ખુશી થયા, તે દિવસે ત્યાંની રસોઈ હતી તે જમીને આચાર્યશ્રીને કોઠારી કહે હું નાગનેશ જાઉં છું ને તમો કાલ અહીં ન રોકાતાં જરૂર ત્યાં પધારજો. એમ કહીને કોઠારી રાણપુરથી નાગનેશ ગયા. રાત્રિએ સર્વે હરિભક્તોને આચાર્યશ્રી પધારવાનાં સમાચાર આપ્યા. તે સાંભળીને હરિભક્તો કોઠારીને કહે જે અમને પણ યથાશક્તિ સેવાનો લાભ આપજો. ત્યારે કોઠારીએ હરિભક્તોને કહ્યું જે કાલે તમારા તરફથી ફરાળનો બંદોબસ્ત કરશો, કારણ કે બારસને રોજ દાદોડ્યાની રસોઈનો ઠરાવ કરેલો છે. પછી તમારે તેવો યોગ આવવો દુર્લભ છે.

તે સાંભળીને હરિક્તોએ કોઠારીનાં કહેવા પ્રમાણે એકાદશીના ફરાળનું ચોક્કસ કર્યું. પછી એકાદશીને દિવસે સવારના પહોરમાં આચાર્યશ્રી પધાર્યા. તે ધામધૂમથી હરિભક્તોએ સામૈયું કરીને પધરાવ્યા. પછી આચાર્યશ્રી સંત હરિભક્તો વગેરેને ફરાળ કરાવ્યું ને તે જ દિવસે આચાર્યશ્રીને કોઠારી કહે જે હાથી ઉપર બેસીને સ્વારીએ સહિત દાદોડ્યાને ત્યાં પધરામણીએ જવાનું છે. તેથી ઘણી જ ધામધૂમથી ગાજતેવાજતે દાદોડ્યાને ત્યાં પધાર્યા.

તેનો મુકામ અસલી રિવાજ પ્રમાણે હતો, કારણ કે લોભને લઈને સારા મુકામ કરાવ્યા ન હતા. માટે તે મુકામ જોઈને કોઠારીને આચાર્યશ્રી કહે આ મુકામ કોનો છે ? ત્યારે કહ્યું જે જેને ત્યાં જઈએ છીએ તેનો છે. ત્યારે આચાર્યશ્રી કહે મને અહીંયાં શું કરવા લાવ્યા ? ત્યારે કોઠારી કહે દેખાય છે ગરીબ પણ આખા ગામમાં લક્ષ્મીવાળા આ એક જ છે. એમ કહીને હાથ ઝાલીને નાજુક ઘરની ઓસરીમાં ઢોલીયા ઉપર આચાર્યશ્રીને પધરાવ્યા. તે સમે દાદોડ્યાએ આચાર્યશ્રીને નમસ્કાર કર્યા. પછી ઘણાં દિલગીર થવા લાગ્યા ને કહે જે મેં તમારા બાપને માટે એક અડધાનો થાળ કરેલ નથી. તેથી મારા મનમાં ઘણી જ અશાંતિ હતી. હવે તમે શ્રીજીમહારાજનાં પુત્ર પધાર્યા. તો તમારી હું યથાશક્તિ સેવા કરું તેને તમે અંગીકાર કરો, જેથી શ્રીજી મારી ઉપર રાજી થઈને આ પાપરૂપ દેહનો ત્યાગ કરાવીને પોતાના અક્ષરધામમાં મને તેડી જાય.

એમ કહીને કોઠારીને કહ્યું જે મારા વતી તમે તથા મારો ભાઈ બેઉ મળીને આચાર્યશ્રીની પૂજા કરો, કારણ કે મારું શરીર ઘણું અશક્ત છે માટે ઊભું થવાશે નહિ. તેથી કરીને બેઉ જણાએ પટારો ઉઘાડીને રૂપિયાના ભરેલા ખુમચાઓ આચાર્યશ્રીની આગળ પ્રથમ કરેલા ઠરાવ પ્રમાણે મૂક્યા. તે જોઈને આચાર્યશ્રી મંદમંદ કોઠારીના સામું જોઈને હસવા લાગ્યા ને કોઠારીને કહે જે તમે કહેતા હતા તેવા જ આ લક્ષ્મીવાળા છે. એમ કહીને દાદડ્યાની ઘણી જ પ્રશંસા કરીને આચાર્યશ્રીની સમક્ષ વસ્તાડ્યાને દશ હજાર રૂપિયા કોઠારીએ દાદોડ્યા તરફથી આચાર્યશ્રીના હાથે અપાવ્યા.

એવી રીતે સર્વે રૂપિયાની વ્યવસ્થા તે જ વખતે આચાર્યશ્રીની રૂબરૂમાં કરી નાંખી. તે જોઈને દાદોડ્યા ઘણાં જ રાજી થયા. ને આચાર્યશ્રીની પ્રાર્થના કરી જે તમે શ્રીજીમહારાજના પુત્ર છો માટે મારા વતી હવે એવી પ્રાર્થના કરો કે હવે મને શ્રીજી પોતાના ધામમાં તેડી જાય. કારણ કે મારો સંકલ્પ આ કોઠારીએ પૂરો કર્યો. ત્યારે આચાર્યશ્રી કહે જે આજથી પંદરમે દિવસે શ્રીજીમહારાજ તમને પોતાના અક્ષરધામમાં લઈ જશે ને તે કાંઈ ફિકર ચિંતા કરશો નહિ. એમ કહીને સવારીએ સહિત આચાર્યશ્રી પોતાના મુકામમાં પધાર્યા.

પછી બીજે દિવસે દાદોડ્યાની રસોઈ જમીને તૈયાર થતા હતા તે સાંભળીને વસ્તોડ્યો કોઠારી પાસે આવ્યા ને પ્રાર્થના કરી જે મારા ભાઈની રસોઈ જમ્યા તેમજ મારી રસોઈ જમીને પધારવાનું થાય તો ઠીક, કારણ કે આજ રાત્રિએ મને

વિચાર થયો જે મારા ભાઈનું ધન મારે રાખવું નથી, ધરમાદે વાપરી દેવું. માટે તમે કહો તે પ્રમાણે વાપરી દઉં. ત્યારે કોઠારી કહે જે ભલે કાલે તમારી રસોઈ. ને સહુ સંતોને વસ્ત્રો ને તમોને આપેલા રૂપિયા આચાર્યશ્રીને તારે ઘેર પધરામણી કરીને ખુશીથી ભેટ ધરજો. કારણ કે તમારે ત્યાં શ્રીજીનો પ્રતાપ છે. એમ કહીને બીજે દિવસે વસ્તાડ્યાની રસોઈ લઈને પધરામણીએ ગયા. ત્યાં પોતાના ભાઈની પેઠે આચાર્યશ્રીની આગળ રૂપિયાનો થાળ, શેલુ, પાઘડી, સંતોને વસ્ત્ર વિગેરે મૂકી કોઠારીનાં કહેવા પ્રમાણે પૂજા કરી. પછી વસ્તાડ્યાને આશીર્વાદ આપીને ત્યાંથી ઉતારે આવ્યા ને નાગનેશના હરિભક્તોએ ધામધૂમથી વળાવ્યા એવા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ ગઢપુર પધાર્યા.

કહેવાની એટલી જ વાત છે કે પ્રભુ આલોકમાં ધન આપે છે, નથી આપતા એમ નહિ. પણ મન મહાનીચ છે તે ધનનો સદ્‌વ્યય લોભથી થવા દે તેવું નથી. દાદોડ્યાને એક લોભથી શ્રીજીમહારાજનો થાળ થયો નહિ. તો પસ્તાવાનો પાર રહ્યો નહિ. પણ કોઠારી સાથે જો ગાઢ સ્નેહ હતો તો તેમના ધનનો સદ્‌વ્યય કરાવી આપ્યો. તેણે કરીને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજનાં કહેવા પ્રમાણે પંદરમે દિવસે શ્રીજીમહારાજ પોતાના અક્ષરધામમાં દાદોડ્યાને તેડી ગયા. નહિતર લોભના પ્રભાવથી પુનરાવૃત્તિનો પાર રહેત નહિ. માટે લોભનો ત્યાગ કરીને સદ્‌વ્યય કરવો જેથી બંધન થાય નહિ. ॥૧૨૨॥

ગામ ગોંડલમાં જાદવજીભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. ને તે ત્યાંના રાજાના કોઠારી હતા. તે એક વખત શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગઢપુર આવ્યા હતા. તેમને ભગુજીએ શ્રીજીને ઓઢવા સારુ ચોફાળ કરાવવા નિમિત્તે સાડા છ રૂપિયા અપાવ્યા. ને કહ્યું જે સારો ચોફાળ કરાવીને જેમ બને તેમ વેલો મોકલાવજો. કાંઈ વધશે ઘટશે તો આપણે બેઉ સમજી લેશું. એમ વાત કરીને જાદવજીભાઈને શ્રીજીમહારજ પાસે અક્ષરઓરડીમાં લઈ ગયા. ત્યાં શ્રીજીએ પણ જાદવજીભાઈને કહ્યું જે ચોફાળ જેમ વેલો આવે તેમ કરાવજો. તે સાંભળીને જાદવજીભાઈ શેઠ કહે જે જરૂર કરાવીને મોકલી આપીશ.

પછી બે દિવસ રોકાઈને ગોંડળ ગયા ત્યાં વણકરને બોલાવીને કહ્યું જે ભગવાન શ્રીસ્વામિનારાયણને માટે ચોફાળ તમો સારો કરી આપો. તેના નિમિત્તના રૂપિયા મારી પાસે સાડા છ છે, તે તમો તૈયાર કરીને લાવશો ત્યારે આપીશ. તેથી તેઓએ થોડા દિવસમાં વણીને જાદવજીભાઈને ચોફાળ આપ્યો. ને કહે જે

આની કિંમત રૂપિયા છ થયેલ છે માટે આપો, અમારે મજૂરી લેવી નથી, કારણ કે અમારે તમારું હર વખત કામ પડે. પછી છ રૂપિયા લઈને તે લોકો ગયા. ત્યારે તુરંત જ શેઠે ચોફાળ ગઢપુર ભગુજીને મોકલી આપ્યો, ને કાગળમાં એવા સમાચાર લખ્યા જે આપે જે મને અપાવેલ રૂપિયાના પ્રમાણમાં જ ચોફાળ કરાવીને મોકલાવેલ છે.

હવે જે જાદવજીભાઈને સાડા છ રૂપિયા આપ્યા હતા તેમાંથી અડધો વધ્યો તે પાછો ન મોકલાવતાં લોભને લીધે પોતાનાં ખરચમાં વાપરી દીધો. તેણે કરીને જાદવજીભાઈને એવો દેશકાળ આવ્યો જે રાજાએ પોતાના કોઠારમાંથી રજા આપીને ઘરબાર વિગેરે લૂંટાવી લીધાં. તેથી પોતે એવો ઉદ્યમ કરવા લાગ્યા જે જારની ધાણી ગોળના ઉના પાણીમાં નાંખી ગામમાં ગરીબ લોકોને ત્યાં વેચવા જાય. તેમાં જે પેદાશ આવે તેથી પોતાનું ગુજરાન માંડમાંડ પરાણે ચલાવે. એવી બહુ જ દુર્બળ સ્થિતિમાં આવી ગયા.

તેવા સમયમાં ગોપાળાનંદ સ્વામી જૂનાગઢથી ગોંડળ પધાર્યા. તેવા સમાચાર સાંભળીને સર્વે હરિભક્તો સ્વામીનાં દર્શન કરવા આવ્યા. તે હરિભક્તોને જોઈને જાદવજીભાઈના સમાચાર પૂછ્યા. તે સમે એક હરિભક્તે સમાચાર એવા આપ્યા જે જાદવજીભાઈને અહીંના રાજાએ પોતાના કોઠારમાંથી રજા આપી છે તેમજ તેમનાં ઘરબાર લૂંટી લીધેલાં છે તેથી તે હાલ મંદિરમાં પણ આવી શકતા નથી. તે સાંભળી ગોપાળાનંદ સ્વામી કહે જે, તેમને મારી પાસે બોલાવી લાવજો. તેથી હરિભક્ત જાદવજીભાઈ પાસે જઈ સ્વામીના સમાચાર કહીને સ્વામી પાસે બોલાવી લાવ્યા. ગોપાળાનંદ સ્વામી પાસે આવીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોક મૂકી રોવા લાગ્યા. ત્યારે સ્વામીએ ધીરજ આપી ને કહે જે, એક અડધામાં આ દરજજે વાત આવી ગઈ.

તેવું સ્વામીનું વચન સાંભળીને પોતાને યાદ આવ્યું જે મેં ધરમાદાનો અડધો રૂપિયો ભગુજીને પાછો ન મોકલતાં મારા ઘરખરચમાં વાપરી નાંખ્યો, તેથી મારે આ દશા આવી છે. એમ પોતે પોતાના મનમાં સંભારીને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. તેથી ગોપાળાનંદ સ્વામી શેઠને કહે જે આજ તમો વેચવા ગયા હતા તે શું આવેલ છે તે મને બતાવો. ત્યારે ખોરી જાર એક શેર આવેલી તે બતાવી. તે જોઈને સ્વામીએ પોતાના સેવક પુરુષાનંદ સ્વામીને તે જાર અપાવી ને કહે જે આને દળાવીને બે રોટલા કરજો, ને શ્રી ઠાકોરજીના થાળમાં ધરજો. એમ આજ્ઞા કરીને

પછી જાદવજી શેઠને કહે જે આજ તમારે ઉપવાસ કરવો. ને શ્રી ઠાકોરજી મહારાજની સન્મુખ બેસીને માળા ફેરવવી પણ ઘેર જવું નહિ. હું આજ્ઞા કરું ત્યારે તમો સુખેથી ઘેર જજો.

ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા માથે ચઢાવીને ઘેર ન જતાં મંદિરમાં જ રહ્યા ને શ્રી ઠાકોરજી આગળ માળા ફેરવવા લાગ્યા. જ્યારે શ્રી ઠાકોરજીનો થાળ થયો ત્યારે પુરુષાનંદ સ્વામીએ શ્રી ઠાકોરજીને જમાડીને સ્વામીને જમવા સારુ પંક્તિમાં બોલાવ્યા. તે સમે સ્વામી પંક્તિમાં ગયા ને જુવારના બે રોટલા જોઈને પુરુષાનંદ સ્વામીને કહે જે એક રોટલો મારા પત્તરમાં આપો ને એક રોટલો સર્વે સાધુનાં પત્તરામાં પ્રસાદ તરીકે પીરસો. ગોપાળાનંદ સ્વામીના કહેવા પ્રમાણે પુરુષાનંદ સ્વામીએ પીરસ્યું. તે સહુ સંતો સાથે સ્વામી વિગેરે જાદવજીભાઈનું અનાજ જમ્યા.

પછી સભામાં વચનામૃતની કથા વાંચતા હતા ત્યારે સ્વામીએ સહુ સંતોને કહ્યું જે આ જાદવજીનું કષ્ટ ટળે તે માટે સહુ દશ દશ માળા ફેરવો ને હું પણ શ્રીજીમહારાજની પ્રાર્થના કરી માળા ફેરવું, એમ કહીને સહુ સંતોએ તથા પોતે માળા ફેરવી. તે પુન્યના પ્રભાવથી રાજાનું અંતઃકરણ નિર્મળ થઈ ગયું ને એવો વિચાર થયો જે જાદવજી શ્રીજીમહારાજનો એકાંતિક ભક્ત છે, તેને મેં કોઈકનાં કહેવાથી નોકરીમાંથી દૂર કર્યો છે ને તેનું મેં સર્વસ્વ લૂંટાવી લીધું છે તે જો ગોપાળાનંદ સ્વામીને ખબર પડશે તો મારા ઉપર ઘણાં જ કુરાજી થઈ જશે. તેમજ શ્રીજીમહારાજ પણ મારા ઉપર કુરાજી થશે. માટે આવતી કાલે સવારના પહોરમાં જાદવજીને બોલાવીને મારો કોઠાર જેમ પ્રથમ સોંપેલો હતો તેમ સોંપી દઉં.

એવો એ રાજાના સંકલ્પનો અભિપ્રાય ગોપાળાનંદ સ્વામીએ જાણી લીધો. ને જાદવજીને સ્વામી કહે જે આવતી કાલે તમને રાજા સવારના પહોરમાં બોલાવે કે તુરંત નાઈધોઈ પૂજા કરીને વાર ન લગાડતાં એકદમ જ પહોંચી જજો. એમ જાદવજીભાઈને વાત કરી. ને એકાંતમાં બેસાડીને સ્વામી જાદવજીને કહે જે તમને ભગુજીએ સાડા છ રૂપિયા આપેલામાંથી અડધો બાકી રહેલ. તે અડધો ધરમાદાનો તમે મોકલી આપ્યો હોત તો આવી બૂરી દશા આવત નહિ. તેના પ્રાયશ્ચિત્ત નિમિત્તે મેં તમને આજ ઉપવાસ કરાવેલ છે. હવે તમારે ઘેર જવું હોય તો સુખેથી જાઓ.

એમ કહીને ગોપાળાનંદ સ્વામીએ ઘેર જવાની આજ્ઞા આપી ત્યારે તે પોતાને ઘેર ગયા. ને સ્વામીના કહેવા પ્રમાણે બીજે દિવસે રાજા તરફથી આમંત્રણ આવ્યું કે તુરંત જ રાજાની પાસે ગયા. તે રાજા શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્તરાજ હતા. તેથી જાદવજીભાઈ ગયા કે તુરંત પ્રથમ જયશ્રી સ્વામિનારાયણ કહ્યા તેથી રાજાએ સામા જાદવજીને જયશ્રી સ્વામિનારાયણ કહ્યા ને રાજા કહે જે મેં તમને કોઈકના કહેવાથી તમારા હોદ્દા ઉપરથી રીટાયર કરેલ છે. તો તે જ હોદ્દા ઉપર તમે જેમ છો તેમ ને તેમ સુખેથી કામ ચલાવો. મારે તમારો પરિપૂર્ણ વિશ્વાસ છે. એમ કહીને કોઠાર સંબંધી કામ પ્રથમની પેઠે સોંપી દીધું. કહેવાનું એટલું છે કે ધર્માદાનો એક જ અડધો લોભને લીધે પાછો ન અપાયો તો બૂરી દશા આવી હતી. માટે લોભ ન કરતાં પોતાના સ્વામીનું ધન પોતાના કોઈ પણ કામમાં વાપરવું નહિ એ જ કહેવાનો અભિપ્રાય છે. ॥૧૨૩॥



॥ શ્રીજીમહારાજના નિયમ પાળવા વિષે વાર્તાઓ ॥

ગામ ભેંસજાળમાં ગરાસીયા કરણુંભા શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. તેમની બેનને પરણાવીને સાસરે વળાવ્યાં હતાં. તે બાઈ મહાધર્મિષ્ઠ હતાં ને શ્રીજીમહારાજના નાના-મોટા નિયમો પાળવામાં ઉત્સાહવાળાં હતાં. તે બાઈને તેમના પતિએ એક દિવસની રાત્રિએ દારૂનો શીશો પાવાનો આગ્રહ કર્યો. ત્યારે તે બાઈ કહે જે હું શ્રીસ્વામિનારાયણ ભગવાની ભક્ત છું. માટે દારૂ તથા ડુંગળી તથા લસણ તથા હીંગ એવી અભક્ષ્ય વસ્તુઓને આ દેહે કરીને હું ગ્રહણ કરવાવાળી નથી.

ત્યારે તેના પતિ કહે જે બીજી વસ્તુ ભલે ન ખાશો પણ દારૂ તો પીવો જ જોઈશે. નહિ પીઓ તો તમારું માથું તલવારથી કાપી નાંખીશ. કારણ કે અસલનો રિવાજ છે તે પ્રમાણે તમારે કરવું જ પડશે. એમ કહીને તે બાઈનો વચનથી ઘણો તિરસ્કાર કર્યો તોપણ પોતાના નિયમની ટેક મૂકી નહિ. તેથી તેમનો પતિ ઘણો ગુસ્સે થઈને કહે જે તું દારૂ નહિ પીએ ત્યાં સુધી તને ખાવાપીવાનું આપવા દેવાનો નથી એમ કહીને રાત્રિએ સૂવાનાં ઓરડાને વિશે બાઈને પૂરીને તાળું વાસી કુંચી પોતની સાથે લઈને ચાલ્યો ગયો.

તે સમે તે બાઈએ શ્રીજીમહારાજની ઘણી પ્રાર્થના કરીને કહે જે હે અક્ષરપતિ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી મારે એક તમારો આધાર છે. આ સમે મારું અહીં કોઈ નથી માટે કૃપા કરીને તમારે આધારે રહેલી એવી હું, તેને હવે કૃપા કરીને આ દેહનો ત્યાગ કરાવીને તમારા અક્ષધામમાં લઈ જાઓ. કારણ કે આવા પતિના સહવાસમાં સુખ મળે તેમ નથી. માટે તમારાં ચરણારવિંદમાં જે સુખ છે તેમાં જ મેં માલ માનેલો છે. એવી પ્રાર્થના કરીને ઘણી વાર સુધી રડતાં હતાં. તે પોતાનું ઓઢેલું લૂગડું ભીંજાઈ ગયું. પછી પોતે પોતાની મેળે ધીરજ ધારણ કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં કીર્તનો જે **'ઓરા આવો મારા લેરખડા લેરી.'** તથા **'વાલા રુમઝુમ કરતાં કાન મારે ઘેર આવો રે'** એવાં કેટલાંક કીર્તનો પોતે કંઠે કરેલાં તે ગાવા લાગ્યાં.

એમ કરતાં એક રાત્રિ ને એક દિવસ ગયો ને બીજી રાત્રિએ પ્રથમની પેઠે કીર્તનભક્તિ તથા પ્રાર્થના કરતાં હતાં તે જ વખતે તત્કાળ તે બાઈને તેજ દેખાણું ને તેમાં અવતારના અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનું દર્શન થયું. ત્યારે તે

બાઈ શ્રીજીમહારાજનાં દર્શન કરીને પોતાના અંતઃકરણમાં ઘણી જ શાંતિને પામ્યાં. ત્યારે શ્રીજી કહે જે હે બાઈ તમારી ભક્તિ આગળ થઈ ગયેલી સતીઓના જેવી છે. તેમજ મારા સ્વરૂપમાં તમારી પ્રીતિ જોઈને આ વખતે તમને હું દર્શન દેવા આવ્યો છું. તેમજ તમે બે દિવસનાં ભૂખ્યાં છો. માટે હું લાવેલ જમવાનું તેને તમે જમો. એમ કહીને તે બાઈને જમાડ્યાં. તેમજ પાણી પણ પાયું.

પછી તે બાઈને શ્રીજીમહારાજ કહે જે તમે અમારી એવી પ્રાર્થના કરી જે આવા દુષ્ટ પતિના સહવાસમાં ન રાખતાં હે મહારાજ તમે તમારા અક્ષરધામમાં મને તેડી જાઓ. એવું તમારું દુઃખભરેલું વચન સાંભળીને મારા અંતઃકરણમાં વિચાર થયો કે આ બાઈને આવા દુઃખથી મુક્ત કરવાં, માટે તમારો શો વિચાર છે તે કહો. ત્યારે તે બાઈ કહે જે મને ગમે તેમ કરીને તમારા અક્ષરધામમાં લઈ જાઓ, કારણ કે મારો પતિ મહાપાપિષ્ઠ છે. તેમજ દારૂડિયો પણ છે. તે મને નહિ લઈ જાઓ તો દારૂપાન કરાવ્યા વિના છોડશે નહિ. પછી અનાજ ખાવા આપશે. માટે મારો નિયમ સચવાય તેમ કરો એવી પ્રાર્થના છે.

તે સાંભળીને મહારાજ કહે જે ભલે તમારો તેવો વિચાર છે તો આવતી રાત્રિએ ચોક્કસ તમને મારા ધામમાં તેડી જઈશ. તમારે કોઈને મળવું હોય તો સુખેથી મળી લેજો. એમ કહીને અંતર્ધાન થઈ ગયા. પછી સવારમાં તે બાઈએ કોઈ ન જાણે તેવી રીતે એક માણસ પોતાના ભાઈને બોલાવવા મોકલ્યો તેથી તે તુરંત ત્યાં આવ્યા ને પોતાની બેનને ખાનગી રીતે મળ્યા. તે વખતે તે બાઈએ પોતના ભાઈને પોતાને જે કાંઈ વીતી હતી તે વાત કહી બતાવી. તે સાંભળીને કરણુંભા પોતાના અંતઃકરણમાં ઘણો જ ખેદ પામ્યા. ને પોતાની છાતી ભરાઈ આવી. તે જોઈને તે બાઈએ પોતના ભાઈને ઘણી ધીરજ આપી ને કહે જે હે ભાઈ હવે તમે અહીં ન રોકાતાં પાછા ચાલ્યા જાઓ. આજની રાત્રિએ મને શ્રીજીએ દર્શન દઈને ચોક્કસ કહેલ છે જે હું જરૂર તેડવા આવીશ. તેથી તમને મેં અહીં બોલાવેલ છે. એમ કહીને પોતાનાં ભાઈને રજા આપી. ને પોતે કીર્તનભક્તિમાં લીન બની ગયાં.

પછી રાત્રિએ શ્રીજીએ તે બાઈને દર્શન આપ્યાં ને પંચભૂતનું શરીર ત્યાગ કરાવીને અક્ષરધામમાં તેડી ગયા. પછી તે બાઈના પતિએ વિચાર કર્યો જે બાઈ કાંઈ બોલતાં નથી માટે હું તાળું ઉઘાડીને તપાસ કરું એવો વચાર કરીને તાળું ઉઘાડીને ઓરડામાં જ્યાં તપાસ કરે છે ત્યાં તો જીવ રહિત શરીરને જોયું. તેથી

તે ગરાસીયો પોતાને અત્યંત ધિક્કાર આપીને ઊંચે સ્વરે રડવા લાગ્યો. પણ ટુટીની બુટ્ટી નથી. અભાગી પુરુષે અપયશ લીધો ને બાઈનો નિયમ જો ખરેખરો હતો તો શ્રીજીમહારાજે રક્ષા કરી. માટે નિયમ પાળવામાં ખબરદાર થવું. ને નિયમ પાળવા જેવું એકેય કઠણ નથી. બરાબર જો નિયમ સચવાય તો શ્રીજીમહારાજ તેનાં ઉપર પ્રસન્ન થાય છે. માટે નિયમ શિરસાટે પાળવો પણ નિયમનો ત્યાગ કરવો નહિ. ને નિયમ પાળવો તે મોટી વાત છે. ॥૧૨૪॥

ગામ રાણપુર પાસે ખોખનેસ છે. ત્યાંના વાણિયાની સ્ત્રી પાર્વતીબા હતાં. તે શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત હતાં. તે બાઈ એક સમે ગઢપુર શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યાં હતાં. તેમણે નિયમની એકાદશીને દિવસે એવું નિયમ ધારણ કર્યું જે ખાતી વખતે તથા પાણી પીતી વખતે સામો માણસ જયશ્રી સ્વામિનારાયણ કહે તો જ અન્નજળ લેવું. નહિતર અન્નજળ લેવું નહિ.

એવો નિયમ લઈને તે બાઈ પાછાં ખોખનેસ ગયાં. તે પાર્વતીબાને કોઈ ચીજની જરૂર હોવાથી રાણપુર ગયાં. ને દુકાનેથી જોઈતી વસ્તુઓ લઈને પાછાં ખોખનેસ આવતાં હતાં. રસ્તામાં ઘણી જ તરસ લાગવાથી રસ્તામાં આવતી વાવ્યમાં ઊતરી પાણીનો લોટો ગાળીને ભરીને વાવ્ય બહાર આવીને કોઈ માણસ આવે તેની વાટ જોઈને બેઠાં. કલાક બે કલાક વાટ જોઈ પણ કોઈ માણસ આવ્યું નહિ. ત્યારે પોતે વિચાર કર્યો જે ગમે તેમ થાય પણ મારે નિયમનો ત્યાગ કરવો નથી. શ્રીજીમહારાજની ઈચ્છા હોય તો દેહ રહો અગર તો દેહ પડી જાઓ. પણ કોઈ જયશ્રી સ્વામિનારાયણ ન કહે તો પાણી પીવું નથી. એમ વિચાર કરતાં કરતાં ગળું સુકાઈ ગયું. ને બોલી પણ બંધ થઈ ગઈ.

આવી નિયમની પાળનારી બાઈ પાસે શ્રીજીમહારાજ દિવ્યસ્વરૂપે પધાર્યા. ને દર્શન આપી કહે જે તમારા નિયમનો તમે કેમ ત્યાગ કરતાં નથી ? તમારા પ્રાણ જશે માટે પાણી તમે પીઓ. આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને તે બાઈએ શ્રીજીને જયશ્રીસ્વામિનારાયણ કહ્યા, ત્યારે શ્રીજીમહારાજે સામા તે બાઈને જયશ્રીસ્વામિનારાયણ કહ્યા પણ તે બાઈએ પોતાના નિયમનો ત્યાગ કરીને પાણી પીધું નહિ. તેથી તે બાઈના પ્રાણ છૂટી ગયા. પછી શ્રીજી પાર્વતીબાઈ ઉપર પ્રસન્ન થઈને તેમના જીવને પોતાના અક્ષરધામમાં પહોંચાડી દીધો. તે જ વખતે એક કોઈ માણસ તે વાવ્યે પાણી પીવા આવ્યો તેણે શ્રીજીમહારાજને જોયા તથા મરણ પથારીમાં સૂતેલ બાઈને જોઈને પૂછ્યું જે તમે કોણ છો અને આ બાઈ કોણ છે?

પછી શ્રીજીમહારાજ કહે હું શ્રીસ્વામિનારાયણ ભગવાન છું. અને આ બાઈ ખોખનેસના વાણિયાની સ્ત્રી છે. તે સ્ત્રી મારાં એકાંતિક ભક્ત હતાં. તેમણે એવો નિયમ લીધો હતો જે કોઈ માણસ સામું જયશ્રીસ્વામિનારાયણ કહે તો જ અન્નજળ લેતાં. નહિતર અન્નજળ લેતાં નહિ. આ વખતે આ પાર્વતીબાઈને ઘણી તરસ લાગી હતી પણ સામું કોઈ માણસ જયશ્રી સ્વામિનારાયણ કહેનાર ન મળવાથી આ પાણીના કળશ્યામાંથી પાણી પીધું નહિ ને પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. તેથી હું તે બાઈના ઉપર પ્રસન્ન થઈને અંતકાળે આ અંતરીયાળ દર્શન દેવા આવ્યો. ને તે બાઈના જીવને મારા અક્ષરધામમાં લઈ ગયો. માટે તમે ખોખનેસ જઈને આ બાઈના સંબંધીઓને વાત કરો. તેઓ આ પાર્વતીબાઈનું શબ લઈ જઈને અગ્નિસંસ્કાર કરે.

એટલી વાત કરીને તે પુરુષ દેખે તેવી રીતે શ્રીજીમહારાજ અંતર્ધાન થઈ ગયા. આવો બનાવ જોઈને તે પુરુષ અત્યંત આશ્ચર્ય પામીને ખોખનેસ જઈ બાઈના સંબંધીઓ આગળ સવિસ્તર વાત કહી બતાવી. તેથી તે બાઈના સંબંધીઓએ લૌકિક રીતે કરવું ઘટે તે પ્રમાણે દેહક્રિયા કરી.

જો પાર્વતીબાઈનો ખરેખરો નિયમ હતો તો પોતાના પ્રાણનો ત્યાગ થયો છતાં પાણી પીધું નહિ. તો તે બાઈને અંતકાળે શ્રીજીમહારાજ દર્શન આપીને પોતાના અક્ષરધામમાં તેડી ગયા. માટે નિયમ રાખવો તે બરાબર પાળવો. પણ કોઈનાં કહેવાથી અથવા તો પોતાના સંકલ્પથી નિયમ પાળવાનો ત્યાગ કરવો નહિ. નિયમ પાળનારની ઉપર શ્રીજીમહારાજ બહુ જ પ્રસન્ન થાય છે. ॥૧૨૫॥

ગામ વાંકીયાનાં રાજબાઈ શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત હતાં. તે રાજબાઈ ગઢડાના જીવાખાચરની સાળીની દીકરી થતાં હતાં. તે રાજબાઈએ પોતાના મનની સાથે એવો વિચાર કર્યો જે મારે પરણવું નથી ને આ દેહે કરીને બ્રહ્મચર્ય વ્રત પાળીને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન દેહ પર્યંત કરવું છે. આવું પોતાના મનથી ચોક્કસ કરીને શ્રીજીમહારાજનું ભજન કરતાં. તેમનાં માતાપિતાએ બાઈ જ્યારે મોટી ઉંમરનાં થયાં ત્યારે પરણાવવાનો વિચાર કર્યો. તે વાત રાજબાઈની પાસે આવવાથી પોતાની માની પાસે વાત કરી જે મારે પરણવું નથી એવી મેં પ્રતિજ્ઞા કરેલી છે. માટે તમારે મને પરણાવવાનો વિચાર હોય તો બંધ રાખજો. હું તો એક જગત્કર્તા પરમાત્માને વરી ચૂકેલી છું. માટે બીજા પુરુષને હું કદી વરવાની નથી.

તેવી પોતાની દીકરીની વાત સાંભળીને બાઈએ પોતાના પતિની આગળ વાત કરી. તેથી રાજબાઈના પિતાએ જીવાખાચર ઉપર ચિઠ્ઠી લખી મોકલી. તેથી જીવાખાચરે શ્રીજીમહારાજની પાસે અક્ષર ઓરડીમાં આવીને રાજબાઈની વાત કહી ને કહેજે તમે રાજબાઈને આજ્ઞા કરો તો પરણે, નહિતર પરણશે નહિ. એવી વાત સાંભળીને તુરંત જ શ્રીજીમહારાજે રાજબાઈનાં પિતા ઉપર ચિઠ્ઠી લખાવી. તેમાં લખ્યું જે રાજબાઈને માલમ થાય જે પરણીને પ્રભુ ભજવા એમ અમારી આજ્ઞા છે. તે મજકુર (રહસ્ય) રાજબાઈનાં પિતા સમજ્યા નહિ, પણ રાજબાઈ સમજી ગયાં. તેથી પોતાની માતુશ્રીને કહે જે તમારી મરજી મુજબ સુખેથી મારું લગ્ન કરો. શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે હું કરીશ.

આવું તે બાઈનું વચન સાંભળીને માતાપિતાને ઘણો આનંદ થયો. તેથી ધામધૂમથી રાજબાઈને પરણાવીને સાસરે વળાવ્યાં. તે વખતે રાજબાઈ વેલમાં બેસીને એમ વિચાર કરવા લાગ્યાં જે ધાર્યું શ્રીજીમહારાજનું થશે. જીવનું શું ધાર્યું થાય ? પણ મેં મારા અંતઃકરણમાં ખરી નિષ્ઠાથી નિયમ પાળવાનો રાખ્યો હશે તો શ્રીજીમહારાજ મારા નિયમનો ત્યાગ નહિ કરાવે, કારણ કે શ્રીસ્વામિનારાયણ પોતે ભગવાન છે. તે મારો સંકલ્પ મિથ્યા થવા દેશે નહિ. હજારો હરિભક્તના સંકલ્પ પૂરા કરેલા છે, ને કરે છે. એવા ને એવા વિચારમાં ધ્યાન ભજન કરતાં પોતાના સાસરાને ત્યાં ઘુઘરાળે આવ્યાં.

તે જ રાત્રિએ પોતાના એકાંતના ઓરડામાં છપર પલંગ ઉપર બેસીને શ્રીજીમહારાજનું ધ્યાન કરવા લાગ્યાં. તે સમયમાં તેમના પતિ ત્યાં આવ્યા. તેમના પતિને રાજબાઈનું સ્વરૂપ એવું જોવામાં આવ્યું કે છપર પલંગ ઉપર સિંહ બેઠો હોય ને શું એવું સ્વરૂપ ભયંકર જોઈને એકદમ ચીસ પાડીને તે ઓરડામાંથી બહાર નીકળી ગયા. ને વિચાર કર્યો જે આ બાઈ સાધારણ માણસ નથી. કોઈ દેવીરૂપ છે, માટે તેને અહીં ન રાખતાં તેના પિતાને ત્યાં સૂર્યનારાયણ ઊગ્યા પછી વેલમાં બેસાડીને મોકલી દેવાં.

એવો નિશ્ચય કરીને ખાનગી રીતે રાત્રિએ દેખેલ વાત પોતાનાં માતપિતા આગળ કહી બતાવી. તેથી રાજબાઈને રાજી થઈને પાછાં તેમને ઘેર વળાવ્યાં. તે રાજબાઈ પોતાનાં માતાપિતને ત્યાં આવ્યાં. તેથી ત્યાં ન રાખતાં તે બાઈને ગઢપુર મોકલ્યાં ને રાજબાઈ ગઢડે આવીને જીવુબાઈ આગળ પોતે જે કાંઈ સંકલ્પ કરેલ હતો તે કહી બતાવ્યો. તે સાંભળીને શ્રીજીમહારાજ આગળ જીવુબાઈએ સવિસ્તર વાત કહી બતાવી.

તે સમયે શ્રીજીમહારાજ દાદાખાચરને બોલાવીને કહેજે તમારી ચાર બેનો છે તેમજ આ રાજબાઈ પાંચમી બેન જાણીને તેમને એક રહેવા માટે ઓરડો આપો તથા તમારા કોઠારમાંથી ખાવાપીવાનો બંદોબસ્ત કરી આપો. ત્યારે દાદાખાચરે શ્રીજીના કહેવા પ્રમાણે ગોઠવણ કરી આપી તે રાજબાઈ દેહ પર્યંત બ્રહ્મચર્ય વ્રત પાળીને અખંડ શ્રીજીનું ભજન દાદાખાચરનાં દરબારમાં કરતાં હતાં.

તેમને એવો નિયમ હતો કે વીશ હાથની અંદર કોઈ પણ પુરુષ આવેતો પહેરેલાં વસ્ત્ર સહિત સ્નાન કરીને ઉપવાસ કરી બીજે દિવસે પાશેર અનાજ લેતાં. તે રાજબાઈ મહાભક્ત હતાં. તે રાજબાઈને ખરેખરો નિયમ હતો તો તેમના પતિને સિંહનું સ્વરૂપ શ્રીજીમહારાજે બતાવ્યું ને પોતાના એકાંતિક ભક્તનો નિયમ સાચવ્યો. માટે નિયમ છે તે સાધારણ વાત નથી. નિયમ પાળવાથી સૂર્ય-ચંદ્ર ઊગે છે ને આથમે છે. માટે ભગવાનના ભક્તને શ્રીજીમહારાજને રાજી કરવા હોય તો નિયમ પાળવાનો ત્યાગ કરવો નહિ એ જ સિદ્ધાંત છે. ॥૧૨૬॥

ગામ ગઢપુરના એભલાખાચરને ચાર દીકરીયું તથા એક દાદાખાચર પુત્ર હતા. તેમાં જીવુબાઈ મોટી દીકરી હતાં. તેમની પૂરતી ઉંમર થતાં ગામ કુંડળમાં સગાઈ કરી. તે સમે જીવુબાઈએ એવો વિચાર કર્યો જે મારાં માતાપિતા મને પરણાવ્યા વિના રહેશે નહિ. ને મારે તો આ પ્રગટ પુરુષોત્તમ સહજાનંદસ્વામીનું દેહ પર્યંત ભજન કરીને આયુષ કાઢવું છે. ને બ્રહ્મચર્ય વ્રત મહા કઠણ છે તોપણ શ્રીજીમહારાજના પ્રતાપે પાળવું છે પણ આ દેહે કરીને બ્રહ્મચર્યનો ભંગ થવા દેવો નથી. કારણ કે આ જીવે જ્યાં જ્યાં જન્મ ધારણ કરેલ છે ત્યાં ત્યાં પંચ વિષય ભોગવેલ છે. ને તેમાં ભરપૂર રહીને ભગવાનનું ભજન કરેલ નથી. તેથી આ જીવને વારંવાર જન્મમરણ થાય છે ને સંસારસાગરમાં ભમવું પડે છે માટે આ ચોરાશી લાખના જન્મ ન ધારણ કરવા હોય તો હવેથી ધર્મ, નિયમ, આજ્ઞા, ઉપાસના, ભગવાનનું નામ સ્મરણ તથા શાસ્ત્રોમાં કહેલાં ચાંદ્રાયણદિક વ્રતો એ કરીને આ દેહનું જેમ બને તેમ દમન કરવું છે. ને શ્રીસ્વામિનારાયણ ભગવાન વિના બીજા પતિને આ મુખ દેખાડવું નથી. એવી હે શ્રીજીમહારાજ હું પ્રતિજ્ઞા કરું છું. તે મારી પ્રતિજ્ઞાનો ભંગ ન થાય તેવી મારી નિરંતરની પ્રાર્થના છે. તેવો દૃઢ સંકલ્પ પોતાના મન સાથે કર્યો.

પછી તે બાઈને પરણવાની ઈચ્છા નહિ છતાં તેમનાં માતાપિતાએ બળાત્કારથી પરણાવ્યાં. પછી તે જીવુબાઈ પરણી કુંડળ ગયાં. ને બીજે દિવસે

રાત્રિએ એકાંતના ઓરડામાં ઢોલિયા ઉપર બેસીને શ્રીજીમહારાજની બહુજ પ્રાર્થના કરવા લાગ્યાં ને વિચાર કર્યો જે મારો પતિ અહીં આવશે ને મારું મુખ તે જોશે તો મેં લીધેલ નિયમનો ભંગ થશે. માટે મારું મુખ તેને બતાવવું નથી. ને મારે મારા પતિ સંગાથે કાંઈ પણ વાતચીત કરવી નથી. તેમ ધર્મમાંથી ચલાયમાન થવું નથી.

ને બીજો એ વિચાર કર્યો જે હું પ્રથમ જન્મમાં જનકરાજાને ત્યાં જન્મી હતી. તે હું જ્યારે મોટી થઈ ત્યારે મારા પિતાએ સ્વયંવર રચ્યો. તે વખતે મારા પિતાએ એવો વિચાર કરેલ જે શંકરે આપેલ ધનુષ્યને જે ચઢાવે તેને મારી પુત્રી પરણાવીશ. તે વખતે રાવણાદિક મોટા મોટા યોદ્ધાઓએ ધનુષ્ય ચઢાવવા માટે બહુ દાખડો કરેલ તો પણ કોઈનાથી તે ધનુષ્ય ચઢ્યું નહિ. ત્યારે રામચંદ્રજીએ ધનુષ્ય ચઢાવીને ટંકાર કર્યો તે વખતે હે પરમેશ્વર સીતારૂપ હું તમને વરેલી છું. વળી મારા બીજા જન્મમાં રૂક્ષ્મણીરૂપ એવી જે હું તે શ્રીકૃષ્ણ પરમાત્મા એવા જે તમે તે તમને હું વરેલી છું. અને આ ત્રીજા જન્મમાં એભલખાચરની પુત્રીરૂપ જીવુબા નામે હું પ્રગટ થઈ છું. માટે હે સ્વામિનારાયણ ભગવાન હું તમને વરેલી છું. અન્ય પુરુષને વરી નથી. ને જે વરી છું તે કથનમાત્ર લોકદૃષ્ટિએ કરીને છે. તે આપશ્રી જાણો છો, માટે હે શ્રીજીમહારાજ મારા નિયમને આ જન્મમાં પણ પૂર્વજન્મની પેઠે તમે નિભાવજો. ને મને તમારી માની લેજો.

એવા સંકલ્પ કરે છે તેવામાં તે બાઈનો પતિ જે ઓરડામાં જીવુબા હતાં ત્યાં આવ્યો. તે વખતે ઢોલિયા ઉપર મોટી સાપેંણ ફૂંફાડા મારતી હોય ને શું એમ જોઈને તુરંત જ ત્યાંથી નાઠો તે ઘરથી બહાર નીકળી ગયો. ને વિચાર કરવા લાગ્યો જે મારી સાથે તે બાઈ તો વેલમાં મનુષ્યરૂપે બેસીને અહીં આવ્યાં હતાં. ને મને ભયંકર સાપેંણરૂપે દેખાણાં. માટે તે બાઈ સાધારણ માણસ જેવાં નથી. રાધીકાજી, લક્ષ્મીજી, સીતાજી તે માંહેલી કોઈ પણ જગત્માતા હોવી જોઈએ.

એમ વિચાર કરીને પોતાના પિતાની આગળ રાત્રિએ દેખેલ વાત કહી. ને જીવુબાઈને રાજીખુશી થઈને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવા માટે પાછાં ગઢપુર મોકલ્યાં. તે જીવુબાઈ ગઢપુર આવીને શ્રીજીમહારાજનું અખંડ ભજન કરતાં ને તે જીવુબા લક્ષ્મીજીનું સ્વરૂપ હતાં. તે જીવુબાઈ શ્રીજીમહારાજ ઘેરથી ચાલ્યા ને વનમાં જ્યાં જ્યાં વિચર્યા તથા તીર્થયાત્રા કરીને રામાનંદ સ્વામીની પાસે રહ્યાં તે સર્વ વાત પોતાનાં માતપિતાને તથા પોતાના સંબંધીઓને કહેતાં હતાં.

ને વળી એમ કહેતાં હતાં જે પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતે અહીંયાં જ્યારે પધારશે ત્યારે આ લીંબડાની નીચે પ્રથમ આવીને બેસશે. તેમજ આપણને પોતાના એકાંતિક ભક્ત જાણીને આપણાં દરબારમાં કાયમ દેહ પર્યંત નિવાસ કરીને રહેશે.

તે જીવુબાઈની દૃષ્ટિ નિરાવરણ હતી. તેથી શ્રીજીમહારાજ જ્યાં જ્યાં લીલાઓ કરે તેને દેખતા એવાં સમર્થ જીવુબાઈ હતાં. તે જીવુબાઈનો નિયમ સાચવવા માટે તેમના પતિને નાગણીનું સ્વરૂપ શ્રીજીમહારાજે બતાવ્યું. ને પોતાનાં અનન્ય ભક્ત જીવુબાઈના સર્વ સંકલ્પો પરિપૂર્ણ કર્યા ને જો ખરેખરો નિયમ હતો તો શ્રીજીમહારાજે સહાયતા કરી. ને તેમનું બ્રહ્મચર્ય વ્રત અખંડિત રાખ્યું. ને તેમના પ્રેમને આધીન થઈને દાદાખાચરના દરબારમાં જીવન પર્યંત વાસ કરીને રહ્યાં. ખરા અંતઃકરણથી નિયમ રાખ્યો હોય તો ખરા સમયમાં શ્રીજીમહારાજ સહાય કરે છે. જેમ જીવુબાઈની સહાયતા કરી તેમ આપણો પાકો નિયમ હશે તો શ્રીજીમહારાજ સહાયતા નિશ્ચે જ કરશે એમાં કાંઈ પણ સંશય નથી. ॥૧૨૭॥

ગામ સાવરકુંડલાના આલાખુમાણ તેમને સત્સંગ જોગાનંદસ્વામીએ કરાવ્યો હતો. તે શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્તરાજ હતા તે કાયમ મંદિરમાં ભજનસ્મરણ કરતા તેમજ ધર્મનિષ્ઠામાં પૂર્ણ તથા શ્રીજી મહારાજનો પૂર્ણ વિશ્વાસ હતો. તેથી કોઈને ભૂત વળગ્યું હોય તો આલોખુમાણ શ્રીજીમહારાજનો મહામંત્ર જે સ્વામિનારાયણ તે નામનું ભજન કરીને ગમે તેવું ભૂત હોય તો પણ કાઢતા. તે આલાખુમાણે નિયમની એકાદશીને દિવસે સંત આગળ નિયમ પાળવાનો ગ્રહણ કર્યો જે ભૂલથી અગર જાણીને વિધવા બાઈને અડી જવાય તો સાબોળ સ્નાન કરીને એક ઉપવાસ કરવો.

આવું નિયમ ધારણ કરવાથી કોઈને અડતા નહિ. તે એક સમે તેમના ફોઈ તેમને મળવા આવ્યાં. તેવા સમાચાર સાંભળીને આલોખુમાણ મંદિરમાંથી પોતાને ઘેર આવ્યા તે આવતાં આલાખુમાણને જોઈને તેમનાં ફોઈ હસતાં હસતાં ઊઠ્યાં ને આલાખુમાણનાં મીઠડાં જ્યાં લેવા જાય છે ત્યાં આલાખુમાણ કહે જે, ફોઈબા એટલે ઊભાં રહીને મને જયશ્રીસ્વામિનારાયણ કહો. કારણ કે મેં સાધુ આગળ નિયમ લીધું છે તેથી વિધવાને અડતો નથી.

આવું વચન સાંભળીને ફોઈબાને રીસ ચઢી તેથી એમ બોલ્યાં જે, તારે માટે હું સાઈઠ વરસે જ્યારે બીજો પતિ કરું ત્યારે તમારાં મીઠડાં લેવાને યોગ્ય

થાઉં. એમ કહીને આલાખુમાણને કેટલાંક કડવા વચન કહ્યાં ને તેમને ઘેર ન રોકાતાં જેમ આવ્યાં હતાં તેમનાં તેમ પાછાં તુરંત ચાલ્યાં ગયાં. પણ તે સમે આલાખુમાણે રોકાવાની જરા પણ તાણ કરી નહિ. ને પોતાના અંતઃકરણમાં ઘણાં જ ખુશી થયા જે ફોઈનું મોઢું જોવું મટ્યું.

જો આલાખુમાણને વિધવાને ન અડવાનો નિયમ હતો તો પોતાના સમીપ સંબંધી વિધવા ફોઈબાને પણ અડ્યા નહિ. ને પોતાનો વિધવા બાઈને ન અડવાનો નિયમ સાચવ્યો. તેથી શ્રીજીમહારાજ પ્રસન્ન થયા ને તે આલાખુમાણે દેહ મૂક્યો ત્યારે તેમના ભાઈ દાનાભાઈ ને તથા કેટલાક હરિભક્તોને શ્રીજીનાં દર્શન થયાં. એવી રીતે દેહ મુકાવીને પોતાના અક્ષરધામમાં તેડી ગયા. માટે આલાખુમાણના નિયમની બલિહારી છે. માટે લીધેલા નિયમનો ક્યારેય ત્યાગ ન કરવો. તેમાં શ્રીજીમહારાજનો ઘણો રાજીપો થાય છે. ॥૧૨૮॥

ગામ બાબાપર વાંકીયામાં મહાન્ ધર્મિષ્ઠ મોકાખાચર શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. તે મોકાખાચરને નિરંતર પાંચસે માળા ફેરવવાનો નિયમ હતો. અવશ્ય જરૂરનું કામ હોય તો પચીસ માળા ફેરવ્યા પછી સામા માણસને જવાબ આપતા ને તેવું ન હોય તો પાંચસેં માળા ફેરવ્યા પછી બોલતા. એવા પરમ ભક્તરાજની સાથે તેમના ભાયાતોને જમીન સંબંધી તકરાર ચાલતો.

તેવા સમયમાં લાંક સાહેબનો મુકામ બોટાદ આવ્યો. તે વાત સાંભળીને વાંકીયા ગામથી મોકાખાચરના સામાવાડીયા બોટાદ ગયા ને લાંકસાહેબને મળ્યા. પછી જમીનની તકરારની વાત કહી ને કહે જે મોકાખાચર અમારી જમીન દબાવતા આવે છે. અમે તેમને કહીએ છીએ તોપણ અમારું જરાય પણ માનતા નથી. તેથી અમારે જમીનનો તકરાર છે. માટે તમે વાંકીયા પધારો ને જમીનનો તપાસ કરો ને અમારી જમીન જેટલી દબાણ થયેલી હોય તેટલી પાછી અપાવો.

ત્યારે લાંકસાહેબ કહે જે, મોકાખાચરને અહીં બોલાવીએ ને તેમને પૂછી જોઈએ પછી વાંકીયે આવીશું. એમ કહીને તુરંત એક સ્વાર વાંકીયે મોકલ્યો તેથી મોકાખાચર સ્વારની સાથે બોટાદ આવ્યા ને લાંકસાહેબને મળ્યા. તે સમે સાહેબે જમીનના તકરારની વાત પૂછી જોઈ ત્યારે મોકાખાચર કહે જે આપશ્રી વાંકીયે પધારો ને જમીનનો તપાસ કરો પછી આપને ચોક્કસ થશે. હું આપને અહીં કહીશ તે વાત આપને ચોક્કસ માન્યામાં નહિ આવે. ત્યારે સાહેબ કહે ભલે. આપ કહેતા હો તો કાલે જ રાત્રિના ચાર વાગ્યે ચાલીએ ને તમારે ત્યાં આવીએ ને તમે તથા તમારા ભાયાતો પણ મારી સંગાથે જ ચાલજો.

એમ કહીને બીજે દિવસે ચાર વાગ્યે બોટાદથી મુકામ ઉપાડ્યો. તે રસ્તે ચાલતાં ચાલતાં એક ઊંડો રસ્તો આવ્યો તેમાંથી એક જાનવર અકસ્માત્ ઊડ્યું. ત્યારે મોકાખાચરની ઘોડી ભડકીને નાઠી તેથી મોકાખાચર રસ્તાના નજીકમાં બૂરાઈ ગયેલા કૂવામાં ઘોડીએ સહિત પડ્યા. તે વખતે મોકાખાચર ઘોડી ઉપર બેઠા સતા નિયમની માળા ફેરવતા હતા તેથી કાંઈ પણ બોલ્યા નહિ. પછી મોકાખાચર કૂવામાં પડ્યા છે તેમ સાહેબે જાણ્યું તેથી તુરંત કૂવા પાસે આવીને પોતાના માણસોને આજ્ઞા કરીને કૂવામાંથી મોકાખાચરને તથા ઘોડીને બહાર કઢાવ્યાં. તે વખતે સાહેબે મોકાખાચરને પૂછ્યું જે કાંઈ તમને વાગ્યું છે ? ત્યારે માળા ફેરવતા મોકાખાચરે જવાબ આપ્યો નહિ, કારણ કે જવાબ આપે તો પોતાના નિયમનો ભંગ થાય તેથી પચીસ માળા પૂરી થઈ ત્યારે જવાબ આપ્યો જે સાહેબ મને જરા પગે વાગ્યું છે ને બીજે સાધારણ કચર થયો છે. આપ મારી જરા પણ ચિંતા કરશો નહિ.

ત્યારે લાંકસાહેબે કહ્યું જે મેં તમને બે-ત્રણ વખત પૂછ્યું તોપણ તમે મને જવાબ કેમ આપ્યો નહિ? પછી મોકાખાચર કહે જે હું શ્રીસ્વામિનારાયણ ભગવાનનો ભક્ત છું ને શ્રીસ્વામિનારાયણનાં નામની પાંચસેં માળા ફેરવવાનો મારે નિયમ છે. તે વચમાં હું બોલતો નથી ને જરૂરનું કામ હોય તો પચીસ માળા ફેરવીને જવાબ આપું છું. મારે આપશ્રીને જવાબ આપવો હતો પણ પચીસ માળા પૂરી ન થવાથી મેં આપશ્રીને જવાબ આપ્યો નથી તે વિશે હું આપશ્રીની પાસે માફી માગું છું.

તે સાંભળીને લાંકસાહેબને મોકાખાચરનો ઘણો ગુણ આવ્યો ને મનમાં એવો વિચાર આવ્યો કે આવા નિર્માની ભક્તરાજ બીજાની જમીન દબાવે નહિ. માટે જમીનનો તપાસ કર્યા પછી જે ગુનેગાર હશે તેને શિક્ષા કરીશું.

એવો વિચાર પોતાના અંતઃકરણમાં છાનો રાખીને ત્યાંથી વાંકીયે ગયા ને બીજે દિવસે જમીનનો તપાસ કર્યો. તેમાં જરા પણ મોકાખાચરે જમીન દબાવેલી નહિ. તેથી વિચાર કર્યો કે મોકાખાચરના સામાવાડીયા જ તકરારી છે માટે તેમનો જ દંડ કરવો. આવો વિચાર કરીને મોકાખાચરનાં સામાવાડીયાને બોલાવીને કહે જે તમે કહેતા હતા જે મોકાખાચરે અમારી જમીન દબાવેલી છે તે જમીન તમારા સમક્ષમાં ભરી. તેમાં જરા પણ મોકાખાચરે દબાવેલી જમીન નથી. માટે તમો નકામો તકરાર કરો છો. તેથી રાજ્યનાં કાયદા પ્રમાણે પચાસ પચાસ રૂપિયા દંડ

કરવામાં આવે છે ને હવેથી આવો નકામો તકરાર કરશો ને અમારી જાણમાં આવશે તો પાંચસેં રૂપિયા સુધી દંડ કરીશું. એવો દાબ આપીને એક દિવસ સુધી મુકામ રાખીને લાંક સાહેબે પોતાનો મુકામ બીજે ગામ કર્યો.

જો મોકાખાચરને માળા ફેરવવાનું ચોક્કસ નિયમ હતું તો શ્રીજીમહારાજે ખરા સંકટમાં સહાયતા કરી. માટે નિયમ પાળવાનો સંકલ્પ કરવો તે શિર સાટે ચોક્કસ પાળવો. તે નિયમ પાળવામાં જ આપણો મોક્ષ થાય છે એમ નિશ્ચે જાણવું. ॥૧૨૯॥

ગામ કરીયાણામાં દાદાખાચર નામના શ્રીજીમહારાજનાં પરમ એકાંતિક ભક્ત હતા. તે દાદાખાચર મંદિરમાં શ્રીજીમહારાજની મૂર્તિને સન્મુખ એક પગે ઊભા રહીને બે હાથ ઊંચા રાખીને મૂર્તિનાં પ્રત્યેક અંગો ધારીને પાંચસેં માળા ફેરવતા હતા. અને દાદાખાચર નિરંતર બાલસ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજની ધાતુની મૂર્તિનું ષોડશોપચારથી પૂજન કરતા હતા. વળી તે દાદાખાચરને એવો નિયમ હતો જે શ્રીજીમહારાજની મૂર્તિને તથા શ્રીજીમહારાજના આચાર્યને તથા શ્રીજીના સંતને તથા શ્રીજીના હરિભક્તને માથું નમાવીને પગે લાગતા. પણ કુસંગીને તથા બીજા મતવાદીના બાવાઓને પોતાનું માથું નમાવતા નહિ. એવા નિયમવાળા હતા.

એક સમયે ગામ ખસના કનહિરામ બાવાએ ચારેય ધામની યાત્રા કરી. ગંગાજળ તથા ઘ્રંઠ નામના ખડની કંઠીઓ લઈ પોતાને ગામ આવ્યો. પછીથી તે બાવો ફરતાં ગામોમાં જઈને લોકોને ગંગાજળ આપીને કંઠીઓ બાંધતો હતો તે ફરતો ફરતો કનહિરામ કરીયાણે આવ્યો. તે ગામને ચોરે ડાયરો બેઠો હતો. તે સર્વને ગંગાજળ આપી ને ઘ્રંઠની કંઠીઓ પેરાવી ને યથાશક્તિ તે બાવાને ઊપજ કરી આપી.

પછી તે બાવો શ્રીસ્વામિનારાયણનાં મંદિરમાં રહીને શ્રીજીમહારાજનું ભજન કરતાં એવા દાદાખાચર પાસે આવ્યો. તે સમે દાદાખાચર પૂજા કરવા બેઠા હતા. તેથી બાવા સામું ન જોતાં શ્રીજીમહારાજની મૂર્તિમાં મનની વૃત્તિ રાખીને માળા ફેરવી તથા પ્રદક્ષિણા-દંડવત્-શિક્ષાપત્રીનો પાઠ કરીને પૂજામાંથી પરવારીને મંદિરમાં પધરાવેલી મૂર્તિને અષ્ટ અંગે સહિત એકસો ને આઠ દંડવત્ કરીને પરવાર્યા ત્યારે દિવસનાં બાર વાગ્યા તો પણ બાવો લોભને લીધે સામો બેસી રહ્યો. તેને જોઈને દાદાખાચરે પૂછ્યું જે બાવાજી ક્યાંથી આવો છો ?

ત્યારે તે કહે જે હું ચારેય ધામની યાત્રા કરીને ફરતાં ગામોમાં ગંગાજળ તથા કંઠીઓ આપીને અહીં આવ્યો. અહીંયાં પણ ડાયરાને ગંગાજળ તથા કંઠીઓ આપી તેમણે પોતાની શક્તિ પ્રમાણે મને ઊપજ કરી આપી. તમે પણ ગંગાજળ તથા કંઠી લ્યો ને મારી આશા પૂર્ણ કરો.

આવું બાવાનું વચન સાંભળીને કહે જે હું હમણાં ગઢડે ગયો હતો. ત્યાંથી પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામીનું પ્રસાદીનું જળ લાવ્યો છું તે જળનું હું કાયમ પાન કરું છું. ને મારા ગળામાં તુળસીની કંઠી શ્રી ગોપીનાથજીની પ્રસાદી કરાવીને પેરેલી છે. તેથી હું ઘ્રંઠની કંઠી નહિ પેરું.

આવું વચન સાંભળીને બાવો કહે જે મને બહુ ખોટું લાગે છે માટે ગંગાજળ લ્યો ને કંઠી તો પેરવી પડશે. તે વખતે દાદાખાચર કહે જે આ મારા ઢીંચણને પેરાવ્ય. તે બાવો કહે જે તમે મારી મશ્કરી કરો છો. ત્યારે દાદાખાચર કહે જે તમારી કંઠી મારા ઢીંચણ સુધી પણ ક્યાંથી ? હું પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો ઉપાસક છું માટે તારો મોક્ષ કરવો હોય તો મારા ઢીંચણને પેરાવ્ય. નહિતર જેમ આવ્યા તેમ ચાલ્યા જાઓ. ત્યારે બાવો કહે જે હું કનહિરામ, ત્યારે દાદાખાચર કહે હું કરીયાણાનો દાદોખાચર તે હું તમારી આગળ માથુ નમાવું નહિ. હું કંઠી તમારી પેરું ત્યારે તમારી આગળ મારું માથુ નમાવવું પડે. માટે મારો લીધેલ નિયમ જાય એમ કહ્યું ત્યારે બાવાને રીસ ચઢવાથી ચાલ્યો ગયો.

જો દાદાખાચરને પાકો નિયમ હતો તો બીજાની કંઠી ધારણ કરી નહિ તેમ બીજાને માથું નમાવ્યું નહિ. એવા તે સર્વોપરી નિયમ પાળવાવાળા હતા. આપણે પણ તેમના જેવો નિયમ રાખવો, જેથી શ્રીજીમહારાજ રાજી થાય. ને અંતકાળે હસીને અક્ષરધામમાં લઈ જાય. તેવો નિયમ અવશ્ય રાખવો. ॥૧૩૦॥

ગામ ચુનાછાપરીમાં રાવત મૈત્રો તથા જુઠો મૈત્રો એ બે ભાઈ હતા. ને રાવત મૈત્રાનાં સ્ત્રી કામલબાઈ હતાં. ને તેમનાં દીકરી જાનબાઈ દેવયાનીનો અવતાર હતાં. ને તેઓ શ્રીજીમહારાજનાં પરમ એકાંતિક ભક્ત હતાં. તેમાં પણ રાવત મૈત્રાને એવો નિયમ હતો જે પોતાના સંપ્રદાય સિવાય પરસંપ્રદાયનાં ગમે તેવા ભેખધારી હોય, ટીલાં-ટપકાં કરતાં હોય ને દુનિયાને ભરમાવતા હોય, તેમને જાણીને માથું નમાવવું નહિ એવું નિયમ પાળવાનું રાખ્યું હતું.

એક વખત તે જ ગામની બાવી ચાર બાવા લઈને દ્વારકાની યાત્રા કરવા ગઈ હતી. તે બાવી ત્યાંથી હરદ્વાર, ઋષિકેશ, પ્રયાગ, કાશી, ગોકુળ, મથુરા

વિગેરેની યાત્રા કરીને ગંગાજળની કાવડ ભરીને કંઠીઓનાં જુડા લઈને તેમ જ સાથે આઠ બાવાને લઈને તે પાછી ચુનાછાપરી આવી ને ત્યાંનાં ચોરામાં આઠબાવાને પોતે એમ નવ જણાઓએ કાવડો ઉતારી ને માતાજી આવ્યાં એવા સમાચાર ગામમાં આવવાથી ગામના માણસો બાવીની પાસે પગે લાગીને બેઠાં તેમ જ ગામના કાઠી તથા કેટલાક સારા માણસો બાવીને પગે લાગી પાસે બેઠા.

તે સમે રાવત મૈત્રો પ્રથમથી જ ચોરે બેઠા હતા. તેવામાં તે બાવીએ કાવડમાંથી ગંગાજળ લઈને સહુને આપ્યું તેમ જ સહુને કંઠીઓ આપી. પછી ગામના ગરઢેરાઓએ વિચાર કર્યો જે રાવત મૈત્રો શ્રીસ્વામિનારાયણ ભગવાનના ભક્ત છે, માટે તેમનાં ગળામાં કંઠી પેરાવીએ ને ગંગાજળ પીવડાવીએ ને માતાજીને પગે લગાડાવીએ. એમ સંકલ્પ કરીને સહુ ડાયરાઓએ રાવત મૈત્રાને કહ્યું જે હે રાવત મૈત્રા ઊઠો ને માતાજીની પાસેથી ગંગાજળ ને કંઠી લ્યો. ને માતાજીને અંતરવાસ છેડો નાખીને પગે લાગો. ત્યારે રાવત મૈત્રા કહે જે તમે પગે લાગ્યા તેમાં હું આવી ગયો છું. ને હું તેમ કરવાનો નથી. તોપણ તે લોકોએ આગ્રહ મૂક્યો નહિ.

ત્યારે પાઘડીનો અંતરવાસ છેડો નાંખીને એક કોરે તપાસ કર્યો ત્યાં તો ચોરાના સમીપમાં ઉકરડો હતો ત્યાં ગધેડી કૂચો ખાતી હતી. તેને સન્મુખ બેસીને પગે લાગીને એમ બોલ્યા જે હે ગધેડી આ સોળ સંઢી આ લોકોનું કલ્યાણ કરે તો, એક સંઢી તું પણ મારું કલ્યાણ કરજે. એમ બોલ્યા. તે સાંભળીને ચોરે બેઠેલા માણસોએ રાવત મૈત્રાને પૂછ્યું જે, આ તમે શું કહ્યું ? ત્યારે રાવત મૈત્રા કહે જે માતાજી જ્યારે જાત્રા કરવા ગયાં ત્યારે ચાર બાવા સાથે લઈને ગયાં હતાં. ને આવ્યાં ત્યારે આઠ સાથે લાવ્યાં તો આઠ આને તે સિવાયનાં આઠ પણ બીજા પતિ કર્યા હશે ! એમ વિચાર કરીને મેં સોળ સંઢી કહી. માટે આ ગધેડીમાં ને બાવીમાં શો ફેર છે ? કાંઈ ફેર છે જ નહિ. એમ કહીને ત્યાંથી તુરંત જ ચાલી નિસર્યા. પણ કોઈનાં કહેવાથી પોતાનું માથું નમાવ્યું નહિ ને ગંગાજળ લીધું નહિ તેમજ કંઠી પણ પરના હાથથી બિલકુલ ન લીધી. એવો પાકો નિયમ પાળવાવાળા રાવત મૈત્રો હતા. ॥૧૩૧॥

ગામ રાણપરમાં વ્યાસ સંઘવી નામે બ્રાહ્મણ મહાપવિત્ર પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણના ઉપાસક હતા. તેમનો એવો નિયમ હતો જે, વિધવા સ્ત્રીને અડવું નહિ ને જો અડાય તો વસ્ત્રો સહિત સ્નાન કરવું. એક ઉપવાસ કરીને અન્ન

લેવું. તે વ્યાસ સંઘવી શ્રીજીમહારાજ છતાં ગઢડે દર્શન કરવા આવ્યા હતા. તે ઉતારો કરીને શ્રીજીનાં દર્શન કરી સાધુની ધર્મશાળામાં રાત્રિ રહ્યા ને સવારમાં મંગળા આરતીનાં દર્શન કરી ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જતાં રસ્તામાં એક બાઈ ગંગામાં સ્નાન કરી ચાલી આવતી હતી તે બાલ વ્યાસને અડેલ નહિ. પણ વ્યાસને એવી ભ્રાંતિ પડી જે તે બાઈ મને અડી હશે. એવો વિચાર કરીને બાઈને સાદ કરીને પાછી બોલાવી ને કહે જે, બેન તમે સધવા છો કે વિધવા ?

તે સાંભળીને બાઈએ જવાબ આપ્યો જે વિધવા તમારી મા. પીટ્યા પૂછતાં લજાતો નથી ? ત્યારે વ્યાસ કહે જે ત્યારે તો જાઓ. મારો સંદેહ હતો તે મટ્યો. એમ કહીને ઉન્મત્તગંગામાં સ્નાન કરવા ગયા. સ્નાન કરીને સંધ્યા ગાયત્રી કરી મંદિરમાં આવ્યા. પછી પૂજા કરી શ્રીજીમહારાજનાં દર્શન કરવા અક્ષર ઓરડીમાં ગયા ત્યારે શ્રીજીએ પૂછ્યું, હે સંઘવી તમે નાવા ગયા ને વચમાં તમે બાઈને પૂછ્યું, તેણે તમને શો જવાબ આપ્યો ? ત્યારે બાઈનાં કહેવા પ્રમાણે શ્રીજીને વાત કહી. ત્યારે મહારાજ કહે જે, તમને ગાળ ભાંડી તથા તમારી માને વિધવા કહ્યાં. ત્યારે તમને કાંઈ પણ રીસ ચઢતી નથી ? ત્યારે વ્યાસ કહે જે, ના મહારાજ, તમારા પ્રતાપે રીસ ચઢતી નથી ને રીસ ચઢાવું તો આ મારો નિયમ શી રીતથી સચવાય ? તે સાંભળીને શ્રીજીમહારાજ તેમની ઉપર ઘણું પ્રસન્ન થયા.

માટે નિયમ છે તે સાચવવો ઘણો જ કઠણ છે. જો ખરી રીતથી સચવાય તો જેવી રીતે વ્યાસ સંઘવી ઉપર શ્રીજીમહારાજ પ્રસન્ન થયા તેવી જ રીતે આપણે સાચવીએ તો આપણાં ઉપર પણ શ્રીજીમહારાજ પ્રસન્ન થાય માટે નિયમ પાળવામાં પાછો પગ કરવો નહિ. ॥૧૩૨॥

ગામ ગઢાળીના આંબાશેઠ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. તે આંબાશેઠને એવું નિયમ હતું જે, દરરોજ રાત્રિના ચાર વાગ્યે ગઢાળીથી ગઢડે આવતા. ને કાયમ શ્રીજીમહારાજને પોતાનાં હાથથી કાપીને બાવળનું દાતણ કરાવતા. તે એક દિવસ શ્રીજીની ઉપર વડતાલથી પત્ર આવ્યો. તેથી સમીસાંજમાં બેપાંચ સ્વારો સહિત ગઢપુરમાંથી વડતાલ જવા નીકળ્યા ને બીજે દિવસે નિત્યના નિયમ પ્રમાણે ગઢાળીથી શેઠ દાતણ લઈને રાત્રિના ચાર વાગ્યે ગઢપુર આવ્યા. ને શ્રીજીના સમાચાર એક પાળાએ આપ્યા જે શ્રીજી વડતાલ પધાર્યા. ત્યારે શેઠે પૂછ્યું કે કારીયાણીયે ગયા કે લોયે ? તે ભક્ત કહે જે શ્રીજી કારીયાણી તથા લોયા બેઉ ગામનું નામ લેતા હતા. માટે પ્રથમ જે ગામ ગયા હોય ત્યાં ખરા.

તે સાંભળી શેઠ લોયે ગયા ને ત્યાંના હરિભક્તો શેઠને કહે જે તમો અહીંયાં જેમને માટે આવ્યા છો તેઓશ્રી અહીંયાં આવેલ નથી. માટે અહીં રાત્રિ રહીને કારીયાણી જાઓ. તેથી રાત્રિ રહી ત્યાંથી ચાલ્યા તે કારીયાણી ગયા. ત્યાંના હરિભક્તો કહે જે અહીંથી શ્રીજી કાલે રોટલા જમીને ગયા તે ઘણે ભાગે ઝીંઝર અથવા ખરડ રોકાવાના છે. માટે તમે થાકી ગયા હશો તેથી રાત્રિ રહીને જમીને સવારમાં વહેલા ચાલજો. ત્યારે શેઠે વિચાર કર્યો જે ગમે તેમ થાય પણ શ્રીજીને દાતણ આપ્યા સિવાય અન્નજળ લેવું નથી.

એવો વિચાર કરીને ખાધા-પીધા વગર ત્યાં રાત રહીને સવારમાં ઊઠીને ચાલતા થયા ને ગામ ઝીંઝર ગયા. દિવસ આથમ્યો ત્યારે તે ગામનાં હરિભક્તો કહે જે, શ્રીજી મહારાજ અહીંથી નીકળીને આજે સીંજીવાડે મુકામ ચોક્કસ કરવાના છે તો અહીંયાં રોકાઓ ને તમારે જમવા માટે અહીં બંદોબસ્ત કરી આપીએ. ત્યારે શેઠ કહે જે, શ્રીજીનાં દર્શન થયા વિના અન્નજળ લેવું નથી. તે સાંભળી હરિભક્તો શેઠનો નિયમ જોઈને ઘણાં જ આશ્ચર્ય પામ્યા ને વારંવાર શેઠને ધન્યવાદ આપ્યો. તે શેઠ ત્યાંના મંદિરમાં રાત્રિ રહી ચાલ્યા તે સીંજીવાડે શ્રીજીમહારાજને ભેગા થયા ને શ્રીજીના હાથમાં દાતણ આપીને દંડવત્ પ્રણામ કર્યા.

ત્યારે શ્રીજીએ શેઠને સમાચાર પૂછ્યા જે, શેઠ તમે ક્યાં જમ્યા છો ? શેઠ કહે જે હું ગઢાળીએ જમીને સવારમાં ચાર વાગ્યે ગઢપુર આવ્યો. ત્યાંથી લોયા, કારીયાણી, ઝીંઝર થઈને અહીંયાં હું આપશ્રીને ભેગો થયો છું. ત્યારે શ્રીજી શેઠને કહે જે આવો દાખડો શા માટે લીધો ? તેના જવાબમાં શેઠ કહે જે એવી રીતે ન કરું તો મારો નિયમ જાય. તેથી આપશ્રીની પછવાડે ચાલ્યો ને અહીંયાં ભેગો થયો ને અન્નજળ તો મારે ઘેર રાત્રિએ લીધું હતું.

એવું સાંભળીને શ્રીજીમહારાજ આંબાશેઠ ઉપર બહુ જ પ્રસન્ન થયા ને તુરંત જ શ્રીજીએ થાળ કરાવ્યો. ને પોતે જમ્યા હતા તો પણ જમીને પ્રસાદીનો થાળ શેઠને આપ્યો ને વારંવાર પીરસાવીને જમાડ્યા. ને ત્યાંથી સાથે વડતાલ શેઠને લાવ્યા. વડતાલમાં પણ શ્રીજીની ઇચ્છા પ્રમાણે શેઠને રાખી ને ગઢાળીએ જવાની આજ્ઞા કરી ત્યારે શેઠ તૈયાર થયા ને શ્રીજીને પગે લાગવા આવ્યા ત્યારે મહારાજ કહે જે અમે ગઢડે હોઈએ ત્યારે દાતણનું તથા દર્શનનું નિયમ રાખવું. પણ આવી રીતે નિયમ કાયમ નભે નહિ. માટે અમારી આજ્ઞા પ્રમાણે વર્તવું. હું તમારા ઉપર

બહુ જ રાજી છું. એમ કહીને શેઠને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ને રસ્તામાં જે વાટખરચી જોઈએ તે કોઠારી પાસેથી અપાવી. તે લઈને શેઠ ગઢાળીએ ન્યાલકરણ કહીને ગયા.

જો આંબાશેઠને દાતણ આપવાનું નિયમ હતું તો તે નિયમનો ત્યાગ ન કરતાં શ્રીજીને ભેગા થઈને દાતણ આપીને અન્નજળ લીધું. શરીરે સુખદુઃખ તો થયું હશે તોપણ તે ન ગણીને નિયમ બરાબર પાળ્યો તેથી શ્રીજી મહારાજ તેમનાં ઉપર પ્રસન્ન થયા. તેમની માફક આપણે પણ નિયમ પાળવાની દૃઢતા રાખીશું તો આપણાં ઉપર એવી જ રીતે શ્રીજીમહારાજ પ્રસન્ન થશે. ॥૧૩૩॥

ગામ વડતાલના જોબન પગીને સત્સંગ ડભાણમાં શ્રીજીમહારાજનો ચમત્કાર જોઈને થયો હતો. તેથી તે જોબન પગી પરમ એકાંતિક ભક્ત થયા હતા. તેમને પૂજા કરવાનો નિયમ પાકો હતો. તે પૂજા કર્યા સિવાય ભૂલેચૂકે પણ કોઈ દિવસ અન્નજળ લેતા નહિ. તે જોબન પગી વ્યવહારનાં કોઈ કામ પ્રસંગે પેટલાદ ગયા હતા. તેમને ત્યાં રાત્રિએ સૂતી વખતે ઘેર ભૂલી ગયેલ પૂજા સાંભરી આવી. તેથી ત્યાં એક દિવસ ખાધાપીધા વગર રોકાયા ને ત્યાંથી બીજે દિવસે બોચાસણ ગયા. ત્યાં કાશીદાસભાઈને ઘેર ઉતારો કર્યો. તેથી કાશીદાસભાઈ બહુ જ પ્રસન્ન થયા. ને તુરંત જમવા માટે રસોઈ કરાવી ને આગ્રહ સહિત જમવા સારુ તાણ કરવા લાગ્યા. ત્યારે જોબન પગી કાશીદાસભાઈને કહે જે હું પૂજા ઘેર ભૂલી ગયો છું. મારે ઘેર જઈશ ને પૂજા કરીને અનાજ લઈશ માટે તમો મને તાણ કરશો નહિ.

આમ કહીને ગામમાં કામકાજ હશે તે ગયા. ને આખો દિવસ ત્યાં રોકાયા પછી ત્યાંથી આણંદ આવ્યા. તે પોતાના જ્ઞાતિલાઓને ત્યાં ઉતારો કર્યો. તેથી તે લોકોએ જમવાનો આગ્રહ કર્યો પણ ત્યાં પણ જમ્યા નહિ ને ત્યાંથી વડતાલ આવ્યા. પછી ગોમતીજીમાં સ્નાન કરવા ગયા. સ્નાન કરી આવીને ઘેર પૂજા કરતા હતા. તે વખતે શ્રીજીમહારાજ અચાનક ડભાણથી પધાર્યા. તે સાંભળીને જોબન પગી શ્રીજીની પાસે આવીને દંડવત્ કરીને પગે લાગીને બેઠા ને શ્રીજીએ જોબન પગીને અંતર્યામીપણે વાત કરી જે મને પ્રસન્ન કરવા માટે તમે તમારા નિયમનો ત્યાગ કર્યો નહિ. તેથી હું ડભાણથી અહીંયાં તમને દર્શન દેવા ખાસ આવ્યો છું.

એમ કહીને જોબન પગીને બાથમાં ઘાલીને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને જોબન પગીનાં ઘણાં જ વખાણ કર્યાં. ને પછી જોબન પગીને બીજા પણ

નિયમો પાળવાના ઘણાં જ હતા. તે નિયમોને પણ બરાબર પાળતા. તેમના નિયમોનું પાળવું તેથી શ્રીજીમહારાજ તેમને વારંવાર દર્શન દેવા પધારતા હતા. તેમજ આપણે પણ નિયમ પાળવામાં આળસ રાખીશું નહિ તો જોબન પગીની માફક આપણને દર્શન દેવા શ્રીજીમહારાજ જરૂર પધારશે. ॥૧૩૪॥

એક ગામમાં શ્રીજીમહારાજનાં સાધુ ગયેલા હતા. તે સંતની કથાવાર્તા સાંભળવા ગામનાં ઘણાં માણસો બેઠા હતા. તેમાંથી એક પટેલને વર્તમાન ધરાવીને કંઠી પેરાવીને પટેલને કહે જે તમો નિરંતર સ્વામિનારાયણના નામની પાંચ માળા ફેરવીને પછીથી તમારે સૂવું આવો નિયમ પાળવાનો આપ્યો હતો. તે સંતના વચનથી ગમેતેમ થાય તોપણ પાંચ માળા નિરંતર ફેરવીને સૂતા. એક વખતે તે ગામમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનના બે સાધુ આવ્યા. તે સમાચાર સાંભળીને રાત્રિના અગિયાર વાગ્યા પછી સંતનાં દર્શન કરવા તે પટેલ આવ્યા.

તે વખતે સંત ધ્યાન ભજન કરીને સૂઈ ગયા હતા. તેથી તે પટેલે આવેલા સંતોને જગાડ્યા નહિ. ને તે પટેલ મંદિરની ખડકી બહાર ઓટલા ઉપર પોતાના નિયમની માળા ફેરવવા બેઠા. આખો દિવસ ખેતીનો ધંધો કરેલ તેથી ઊંઘ આવવાથી વારંવાર હાથમાંથી માળા પડી જાય. તે જાગીને વળી માળા ફેરવે. એમ કરતાં રાત્રિના બાર વાગ્યા તોપણ નિયમની પાંચ માળા પૂરી થઈ નહિ.

તે વખતે દિવ્યદેહે શ્રીજીમહારાજે તે પટેલને દર્શન આપ્યાં ને માથે હાથ મૂક્યો. ને પટેલને શ્રીજીમહારાજ કહે જે, હું તમારા ઉપર બહુ જ પ્રસન્ન થયો છું. માટે સૂઈ જાઓ. તમારી પાંચ માળા પૂરી થઈ ગઈ. ત્યારે તે પટેલે આંખ્યો ઉઘાડીને જોયું. ત્યારે શ્રીજીમહારાજને દેખ્યા. તેથી પટેલે પૂછ્યું જે તમે કોણ છો ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે હું શ્રીસ્વામિનારાયણ ભગવાન છું. તમારી નિયમ પાળવાની દૃઢતા જોઈને આ દિવ્ય સ્વરૂપે દર્શન દેવા આવ્યો છું. તમારા નિયમની બલિહારી છે.

એમ કહીને શ્રીજીમહારાજ અંતર્ધ્યાન થઈ ગયા. ને પટેલ પોતાને પૂર્ણ કામ માનીને ઘેર જઈને સૂઈ ગયા. જો પટેલને પાંચ જ માળા ફેરવવાનો નિયમ પાકો હતો તો શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને રાત્રિના બાર વાગ્યે પટેલને દર્શન આપ્યાં. તેવી રીતે આપણો નિયમ પાકો હશે તો આપણને શ્રીજીમહારાજ દર્શન દેવા જરૂર પધારશે તેમાં કાંઈ સંશય નથી. ॥૧૩૫॥

શ્રીજીમહારાજના હરિભક્તોની સ્ત્રી સત્સંગી ન હોય તેને પૂર્ણદુઃખ થાય છે તે વિષે વાર્તાઓ

ગામ હળીયાદમાં માવજી પટેલ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. ને તે પટેલ ધર્મનિયમમાં કુશળ હતા. ને શ્રીજીને વિશે દૃઢ નિષ્ઠા હતી. ને નામ ધર્માદો ચોખો કાઢતા પણ ઘરમાં સ્ત્રીને સત્સંગ ન હોવાથી અંતઃકરણમાં ઘણો જ કલેશ રહેતો હતો. અને સંતને રસોઈ દેવી હોય અગર તો કાંઈ ધર્માદો કરવા વિચાર હોય ને તે સ્ત્રી વાત સાંભળે તો હર વખત કાંઈ પણ તોફાન કરે તેવી કુસંગી હતી.

એક વખત ગઢડેથી ધર્માદો લેવા સારુ ધર્માનંદ સ્વામી સવારના પહોરમાં હળીયાદ આવ્યા. ને ગામને ઝાંપે ઊભા રહીને માવજી ભગતને બોલાવ્યા ને કહે જે તમારે શ્રદ્ધા હોય તે પ્રમાણે ધર્માદો આપો. કારણ કે મારાથી રોકાવાય તેમ નથી. એમ કહીને શ્રીગોપીનાથજી મહારાજની પ્રસાદી તથા કંઠી આપી ત્યારે માવજી ભગત કહે જે મારી રસોઈ જમ્યા વિના જાઓ તો તમને મારા દીકરાના સમ છે. આવા આકરા સમ દીધા તેથી ધર્માનંદ સ્વામીને તેડીને માવજી ભગત ઘેર ગયા. ત્યાં એકાંતે ઉતારો કરાવ્યો ને માવજી ભગત પોતાના ઘરમાં જઈને પોતાની સ્ત્રીને કહે જે, મારા ગુરુને આગ્રહ કરીને હું લાવ્યો છું માટે પાણીનું બેડું ઊટકીને ભરી લાવો ને સીધું તૈયાર કરો.

તે સાંભળીને જેમ સાપેંણ છીંકારા મારે તેની માફક ફાવે તેમ બોલવા લાગી. ને બિલકુલ માન્યું નહિ. તેથી માવજી ભગત પાણી ભરવા માટે બેડું લઈને ચાલ્યા તે કેડે માવજીની સ્ત્રી ધર્માનંદ સ્વામીને ઉપવાસ પાડવા માટે એકદમ ધર્માનંદ સ્વામી પાસે ગઈ ને બોલી જે મારા ઘરમાંથી નીકળો બહાર નહિતર હું તમને અડીને ઉપવાસ પાડીશ. એમ કહીને જ્યાં અડવા જાય છે તે વખતે ધર્માનંદ સ્વામીએ બૂમ પાડી ને કહે જે હે માવજી દોડો, બા અમને ઉપવાસ પાડશે.

તે ધર્માનંદ સ્વામીનો સાદ સાંભળીને માવજીએ એકદમ આવી તે બાઈને હાથે ઝાલીને લઈ જઈને ઘરમાં પૂરી દીધી. પછી માવજી ધર્માનંદ સ્વામી પાસે ગયા. ત્યારે ધર્માનંદ સ્વામી કહે જે તમને ના પાડી હતી તો પણ પરાણે છોકરાના સમ દઈને લાવ્યા ને જ્યારે તમારું ઘરમાં ઉપજાણ નથી ત્યારે આવો ખોટો

આગ્રહ કરવાનું કારણ શું હતું ? તમારે ધર્માદો આપવો હોય તો આપો, નહિ તો જ્યારે ગઢડે આવો ત્યારે લઈને આવજો. તમારી રસોઈ હું જમવા રોકાઈશ નહિ એમ કહીને સ્વામી તૈયાર થઈને ચાલી નીકળ્યા.

તે સમે માવજી બહુ ઉદાસ થઈ ગયા તે જોઈને સ્વામીને ઘણી દયા આવી. પણ શું કરે કોઈ ઉપાય નહિ હોવાથી સ્વામી ત્યાંથી ચાલ્યા. ત્યારે માવજી ભગત કહેવા લાગ્યા કે મારી વાડીએ પધારો, ત્યાં બાજરાનો લોટ ને મીઠું લઈને હું આવું ત્યાં રોટલા જમીને સુખેથી પધારજો. આ દયાળુ સાધુ માવજીભાઈના પ્રેમને આધીન થઈને વાડીએ ગયા. પછી માવજી પોતાના ઘરમાંથી સ્ત્રીનું ન માનતાં લોટ ને મીઠું લઈને વાડીએ ગયા. તે સાધુને આપીને કહે જે આ લોટની બાટીયો કરો.

પછી છાણાનો આઢ ખડક્યો ને બાટીયો કરવાનો આરંભ કરે છે તેટલાકમાં માવજીની સ્ત્રી કુસંગણી ધર્મનો દ્વેષ કરનારી છોકરું કાખમાં લઈને વાડીએ આવી. ને સામી ઉભી રહીને એમ બોલી જે હે ધર્માનંદ તમે માવજીડાનો કેડો ન મેલ્યો. તેમ માવજીએ તમારો કેડો ન મૂક્યો માટે હું માવજી ભગતનો ત્યાગ કરીને મારાં માવતરને ત્યાં જાઉં છું. તમારે ખાવું હોય તો ખાઓ. એમ કહીને ત્યાંથી પોતાના પીયર તરફ ચાલી નિસરી. તે જોઈને ધર્માનંદ સ્વામી માવજી ભગતને કહે જે તમારી સ્ત્રીને સમજાવીને તમે પાછી વાળી લાવો. તેના માવતરને ત્યાં જશે તો તમારે ત્યાં પાછી આવશે નહિ. ને તમારે હાથે રોટલા ઘડીને ખાવા પડશે ને તમો વ્યવહારમાં દુઃખ પામશો. અમને તો જ્યાં જઈશું ત્યાં શ્રીજીમહારાજ અન્ન ને જળ આપશે. તમે રાજી રહો. તમારી રસોઈયો ઘણી વખત જમ્યા છીએ ને વળી જમીશું.

એમ કહીને ખભે જોળીયો ભેરવીને ચાલી નીકળ્યા. તે જોઈને માવજી ભગતને અંતઃકરણમાં ઘણો ખેદ થયો. પણ શું કરે ? સ્વામીને રાખે તો ઘરનું મનુષ્ય રિસાય ને ઘરનાં માણસને રાખે તો સંત ભૂખ્યા જાય. આ બે પ્રકારનું મોટું દુઃખ કોઠે નાંખીને સ્ત્રીની પછવાડે દોટ મૂકીને સ્ત્રીને કાલાવાલા કરીને બહુ સમજાવી ત્યારે તે સ્ત્રી કહે જે હું પાછી વળું તો તે સાધુ ભૂખ્યા જાય. ત્યારે માવજી કહે જે હું લોટ લાવ્યો હતો તે તેમનો તેમ લૂગડે બાંધેલો છે. બાટીયો કરીને સાધુએ ખાધી નથી.

તે સાંભળીને સ્ત્રી કહે જે, મને લોટ આપો તો હું પાછી વળીને ઘેર આવું, ત્યારે માવજીએ તેને લોટ આપ્યો તે લઈને માવજીની સ્ત્રી પાછી વળી ને પોતાને ઘેર ગઈ ને ધર્માનંદ સ્વામી માવજીને હેતનાં વચન કહીને ત્યાંથી ચાલ્યા ગયા. કહેવાનું કે જો માવજી ભગતના ઘરમાં સ્ત્રીને સત્સંગ નહોતો તો તેના અંતઃકરણમાં બિલકુલ શાંતિ નહોતી માટે બનતા સુધી સત્સંગીઓ સત્સંગમાંથી સ્ત્રી સંપાદન કરવી કે જેથી પોતાનું ધાર્યું થાય. તથા શ્રીજીમહારાજને ભજવામાં સાનુકૂળ પડે. ॥૧૩૬॥

ગામ ખોપાળામાં જેઠામાણીયા શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત બહુ સારા હતા ને તે ભક્ત નામ-ધર્માદો-દેવસેવા-સંતસેવા કરવામાં બહુ જ શ્રદ્ધાવાળા હતા પણ પોતાના ઘરમાં સ્ત્રીને સત્સંગ ન હોવાથી અંતઃકરણમાં બહુ જ ઉદાસી રહેતા. તે ભક્ત જ્યારે જ્યારે ગઢડે આવે ત્યારે શ્રીગોપીનાથજી મહારાજને થાળ કરાવે. તે જો સ્ત્રીને જાણવામાં આવે તો કજીયો કર્યા વિના રહે નહિ, તો પણ ખાનગી રીતે સેવા કરતા. પોતાના ગામમાં સંત આવે ત્યારે પોતાને રસોઈ દેવાની ઈચ્છા થાય તોપણ અપાય નહિ. તેથી પોતાનો મિત્ર એક શેઠ હતો. તેને ખાનગી રીતે કહે જે અમારા સાધુ જ્યારે આવે ત્યારે મારે ખાતે તમારી દુકાનેથી પાકું સીધુ આપવું ને તેનો હિસાબ હું તમને બાર મહિને ચૂકવી આપીશ.

એવો ઠરાવ કરીને જંગલમાં ખેતીનું કામ કરવા ગયા. તે જ દિવસે દૈવયોગે બે સાધુ આવ્યા. તે વખતે શેઠે આગ્રહ કરીને રોક્યા ને પોતાની દુકાનેથી સીધુ મોકલી રસોઈ કરાવી. રસોઈ તૈયાર થઈ ત્યારે શેઠને સાધુ કહે જે જેઠા ભક્તના ઘેરથી અથાણું, છાશ શ્રીઠાકોરજી માટે લાવી આપો. ત્યારે શેઠ જેઠાભગતને ઘેર ગયા. ને તેમનાં સ્ત્રીની પાસે અથાણું ને છાશ માગી. ત્યારે તેણે જવાબ આપ્યો જે અમારે ત્યાં કાંઈ છે નહિ. ત્યારે શેઠ કહે જે એવું શા માટે બોલો છો ? ઘેર દુજાણું છે તો છાશ ન હોય તો દૂધ આપો. ત્યારે કહેજે દૂધ મેળવી દીધું છે ને દહીં હતું તે વલોવીને છાશ કરી. ને છાશ પણ આડોશીપાડોશી માગી ગયાં માટે છાશ પણ નથી. ને અથાણું અમારે ત્યાં હોય ક્યાંથી ? તમારે ત્યાં હોય તો સાધુને આપો.

એમ કહીને ન કહેવાના શબ્દો શેઠ સાંભળતાં સાધુને કહ્યાં તે સાંભળીને શેઠે પોતાને ઘેર જઈને છાશ, અથાણું લઈને સાધુને આપ્યું. પછી સાધુએ શ્રીઠાકોરજીને જમાડીને શ્રીજીમહારાજને સંભારીને પોતે જમ્યા. પછી તુરંત તૈયાર

થઈને શેઠને કહે જે અમારાથી રોકાવાય તેમ નથી માટે જેઠા ભગત આવે ત્યારે અમારા જયશ્રી સ્વામિનારાયણ કહેજો. એમ કહીને સંત ગઢડે ગયા.

પછી જેઠા ભગત રાત્રિએ ઘેર આવ્યા ને જેઠા ભગત મુઠડી તથા માળા લઈને મંદિરમાં દર્શન કરવા જતાં રસ્તામાંથી શેઠે પોતાની દુકાને બોલાવ્યા ને સર્વ હકીકત કહી સંભળાવી. તે સાંભળીને પોતાના અંતઃકરણમાં ઘણું જ દુઃખ થયું પણ શેઠને તે વિશે કાંઈ પણ જણાવ્યું નહિ. ને શેઠનું કહેલું સાંભળીને મંદિરમાં ગયા. ત્યાં પોતાનું નિયમ પરવારીને ઘેર આવી વાળુ કરીને એ ને એ વિચારમાં સૂઈ ગયા. પછી સવારના ચાર વાગ્યે વિચાર કર્યો જે મારા સાધુના ઉપયોગમાં દૂધ, દહીં, છાશ કામમાં ન આવે તો દુજાણું રાખવાનું પ્રયોજન શું ?

એવો દૃઢ વિચાર કરીને તે જ વખતે ભેંસ-પાડી લઈને ચાલ્યા. તે જોઈને તેમનાં સ્ત્રી કહે જે ભેંસ ને પાડી ક્યાં લઈ જાઓ છો ? તેના જવાબમાં કહે જે આપણે ખેતરે ચારવા લઈ જાઉં છું. ત્યારે તે બોલી જે ચારીને વેળાસર દોવા વખતે લઈને આવજો. ત્યારે કહે જે ભલે. પછી ભેંસ ને પાડીને ચારતાં ચારતાં ગઢપુર આવ્યા. ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીની કોર ઉપર ચાકળો નંખાવીને શ્રીજીમહારાજ બેઠા હતા, ને કેટલાક હરિભક્તો તથા સંતો સામા બેઠા હતા તે વખતે ભેંસને પાડી લીંબડા નીચે ઊભાં રાખીને જેઠા માણીએ શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કર્યા ને કહે જે આ ભેંસને પાડી હું આપશ્રીને અર્પણ કરું છું ને આજ દિવસથી આરંભીને મારો દેહ રહે ત્યાં સુધી ભેંસ તથા ગાય મારે રાખવી નથી. ને દૂધ, દહીં, છાશ મારે હરામ છે.

એમ કહીને બહુ ઉદાસ થઈ ગયા ને આંખ્યમાંથી આંસુ વહેવા લાગ્યાં ને છાતી ભરાઈ આવી તે જોઈને દીનદયાળ કોઈનું દુઃખ જોઈ નહિ શકનાર શ્રીજીએ પૂછ્યું, જેઠા ભક્ત કેમ આટલા ઉદાસ થઈ ગયા છો ને આવું નિયમ લેવાનું શું કારણ ? ત્યારે જેઠા ભગત કહે જે મારા મોક્ષના દાતા મોક્ષનો રસ્તો બતાવનાર સંતના ઉપયોગમાં દૂધ, દહીં વિગેરે ન આવે ત્યારે મારે ખાવું તે ધૂળ બરોબર છે ને મારા ઘરમાં સ્ત્રી કુસંગી છે તે આપશ્રી જાણો છો માટે આ નિયમ લેવો પડ્યો છે.

તે સાંભળી જેઠા ભક્તને ધીરજ આપીને કહે જે, તમારે વ્યવહારમાં રહેવું ને કામકાજ કરવું તેથી આવો નિયમ રાખવો નહિ. ને અમારી આજ્ઞાથી સુખેથી જમજો.

શ્રીજીમહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન થાય નહિ. તેથી શ્રીજીની આગળ હા કહી જે હું આપની આજ્ઞાથી જમીશ પણ ગાય તથા ભેંસ ગમે તેમ થાય તો પણ

રાખીશ નહિ. ત્યારે શ્રીજી કહે ભલે જેમ તમારી મરજી. એમ કહીને આગ્રહપૂર્વક એક દિવસ રાખ્યા ને સમજાવીને પાછા ખોપાળે મોકલ્યા. ત્યારે સ્ત્રીએ પૂછ્યું જે ભેંસ ને પાડી કોઈને આપી આવ્યા કે શું ? તેને જવાબ આપ્યો જે જેમણે આપી'તી તેમને હું પાછી આપી આવ્યો ને તારો ને મારો દેહ રહે ત્યાં સુધી ગાય ને ભેંસ હવેથી રાખવાં નથી તેનું કારણ તું જાણે છે. માટે કહેવામાં માલ નથી. તારે જેની સાથે અબોલા છે તેને ત્યાંથી છાશ લઈ આવ્ય. છોકરાંને છાશ વિના ચાલશે નહિ. તે સાંભળીને તે બાઈ કાંઈ પણ બોલી નહિ. કારણ પોતાનું કરેલું કૃત્ય પોતાને નડ્યું.

કહેવાનું કે જેઠો માણીયો સારી સમજણવાળા હતા પણ જો ઘરમાં કુસંગી સ્ત્રી હતી તો તેના દુઃખથી પોતાને નિયમ ધારણ કરવો પડ્યો હતો. માટે જેના ઘરમાં સ્ત્રી કુસંગી હોય તે સત્સંગીને તેના તરફથી અંતઃકરણમાં શાંતિ રહેતી નથી. માટે સત્સંગીને બનતા સુધી કન્યા લેવી તો સત્સંગીને ત્યાંથી લેવી તો જ સુખીયા થવાય છે. નહિ તો દુઃખના ડાભ ઊગે છે. ॥૧૩૭॥

ગામ સરવઈ પાટીમાં ગોપાળભાઈ પટેલ શ્રીજીમહારાજના પરમ ભક્તરાજ રહેતા હતા ને તેમને કીર્તન ભક્તિ પ્રધાન હતી ને શ્રીજીમહારાજના સાધુ ઉપર બહુ જ પ્રેમ હતો. થડનાં ગામોમાં સંત આવેલા છે એમ સાંભળવામાં આવે તો ઘરનું ગમે તે કામ હોય તેનો ત્યાગ કરીને સાધુનાં દર્શને જતા. આવા સારા હરિભક્ત હતા, પણ ઘરમાં સ્ત્રી પ્રથમની મરી જવાથી બીજી સ્ત્રી કરી. તે સ્ત્રીનાં માતપિતા માર્ગીના પંથમાં હતાં. તેથી તે બાઈ મોટો પંથ પાળતી. ઘરમાં બે મત તેથી ગોપાળ પટેલને બિલકુલ સારું લાગે નહિ તેથી પોતાની સ્ત્રીને વારંવાર કહે જે માર્ગીનો પંથ મૂકી દે, ને સ્વામિનારાયણ ભગવાનનું ભજન કર્ય તો તને અને મને બહુ સુખ થાય.

તે સાંભળીને તે સ્ત્રી કહે જે મારા બાપદાદાનો ધર્મ મૂકીને આ તમારો નવો ધર્મ હું પાળનારી નથી. તેમ તમે જેનું ભજન કરો છો તેનું નામ ભૂલેચૂકે હું લેનાર નથી. તમારે મને કહેવું નહિ ને બહુ કહેશો તો હું મારાં માબાપને ઘેર જઈશ. તે સાંભળીને ગોપાળ પટેલે વિચાર કર્યો જે રૂપિયા ખરચીને રાંડને લાવ્યો ને જ્યારે મારું વચન માને નહિ ત્યારે હું સત્સંગી શાનો ? જો હું ખરો હોઉં તો તેનો માર્ગીનો પંથ મુકાવીને શ્રીસ્વામિનારાયણનું ભજન કરાવું.

એવો સંકલ્પ કરીને પોતાને ખેતર ગયા. ત્યાં દિવસનાં બાર વાગ્યે તે પોતાની સ્ત્રી ખાવાનું લઈને આવી ને કહે જે તમે રોટલા જમી લ્યો. તે વખતે ગોપાળ ભક્ત કહે જે સ્વામિનારાયણ-સ્વામિનારાયણ એવું ભજન કર્ય તો ખાવું છે, નહિ તો તારા હાથના રોટલા આ દેહે કરીને મારે ખાવા નથી. તે સાંભળીને તે બાઈ કહે જે હું તમારા ભગવાનનું નામ મારી જીભથી ગમે તેમ થાય તોપણ લેવાની નથી. ત્યારે ગોપાળભક્ત કહે જે મારે તારી ટેક મુકાવવી છે એમ કહીને આડુંઅવળું જોઈને પહેરવાનું ખાસડું ઉપાડ્યું ને લેતી જા, લેતી જા એમ કહીને સપાટાબંધ મારવા મંડ્યા. તે મારતાં મારતાં સાત ખાસડાં પૂરાં થયાં.

તે મારની ધાકથી કહેવા લાગી જે સ્વામિનારાયણ-સ્વામિનારાયણ. ભલા થઈને હવે મને મારો મા. ત્યારે બાઈને મારતા બંધ થયા. તે મારની બીકથી તે બાઈ કહે જે હું આજથી મારાં માબાપનો ધર્મ પાળીશ નહિ ને શ્રીસ્વામિનારાયણનો ધર્મ પાળીશ પણ આવી રીતે ખાસડે પૂજા હવેથી કરશો નહિ. તે સાંભળીને ગોપાળભક્ત કહે જે હવેથી તારી આવી પૂજા નહિ કરું. એમ કહીને શ્રીજીમહારાજને સંભારીને રોટલા ભક્તે ખાધા ને શ્રીજીની કૃપાથી તે બાઈને સત્સંગ સારો થયો હતો.

કેવાનું કે ઘરમાં સ્ત્રી કુસંગી હોય તો શ્રીજીમહારાજનું ભજન કરવામાં સુખ થાય નહિ, કેની પેઠે તો ગોપાળ પટેલને જેવી પોતાની સ્ત્રી પ્રથમ કુસંગી હતી ત્યાં સુધી શ્રીજીના ભજનમાં બિલકુલ સુખ નહોતું પણ પુરુષત્વપણું વાપર્યું ત્યારે તેમની સ્ત્રી હરિભક્ત થઈ ત્યારે જ શ્રીજી ભજવામાં સુખ થયું; માટે પૂર્વના સંયોગથી સ્ત્રી કુસંગી મળે પણ તેને બનતા સુધી તેના જીવમાં સત્સંગ પેસાડવો તે પોતાનું કામ છે ને સ્ત્રી હરિભક્ત હોય તો જ સર્વ પ્રકારે શાંતિ થાય છે. ॥૧૩૮॥

ગામ કંથારીયામાં જીવાભાઈ ભાદાણી શ્રીજીમહારાજનાં હરિભક્ત સારા હતા ને જીવાભક્ત નામ-ધર્માદો ચોખો કાઢતા હતા. એક વખત જીવાભક્ત પચ્છેગામના પ્રશ્નોરા છગન ભટ્ટ તથા કેવળ ભટ્ટને કહે જે તમો જ્યારે વડતાલ જાઓ ત્યારે મને સાથે લઈ જજો, કારણ કે મારે શ્રીલક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરવાની બહુ જ ઇચ્છા છે. તેથી આ પ્રશ્નોરા બ્રાહ્મણોએ વિચાર કર્યો જે હાલ નવરાશ છે તો જીવાભાદાણીને સાથે લઈને વડતાલ દર્શન કરી આવીએ. તેથી બેઉ જણ તૈયાર થઈને કંથારીયે આવ્યા ને ગામની ભાગોળે ઊભા રહીને જીવાભાદાણીને ત્યાં બોલાવીને કહે જે અમે વડતાલ જઈએ છીએ, તમારે વિચાર

હોય તો અમે અહીં રોકાઈએ. તમો તૈયાર થઈને આવો તેથી જીવા પટેલ ઉતાવળથી ઘેર ગયા ને પોતાની સ્ત્રીને કહે જે પચ્છેગામથી ભટ્ટ આવ્યા છે તે વડતાલ જાય છે તેમની સાથે મારે પણ વડતાલ દર્શન કરવા જાવું છે માટે સુખડી કરી આપો.

ત્યારે તે બાઈએ જવાબ આપ્યો જે ત્યાં શું તમારા બાપનું દાટ્યું છે ? હમણાં ગઢડે જઈને આવ્યા ને વળી વડતાલ જવા તૈયાર થાઓ છો, છાનામાના બેસો. બ્રાહ્મણોને જવું હોય તો ભલે જાય, તે તો નવરા છે તે બ્રાહ્મણોને ક્યાં ઘરનું કામ સૂઝે છે ? ને તમે જાઓ તો આપણાં ઘરનું કામ બગડે. ત્યારે જીવા પટેલ કહે જે બગડે તો ભલે બગડે પણ મારે તો ચોક્કસ જાવું છે માટે ઊઠ્ય સુખડી કરી આપ્ય. આવી રીતે કહ્યું છતાં પટેલનું વચન ન માન્યું ને બબડવા લાગી તેથી તેને કાંઈ ન કહેતાં પોતાને જેવી આવડી તેવી સુખડી શેકી લીધી ને ડબો ભરીને તથા ખરચીને માટે જોઈતા રૂપિયા લઈને તૈયાર થઈને કાંઈ ન બોલતાં જીવા પટેલ ઘેરથી ચાલ્યા.

તે વખતે તેમની સ્ત્રી ન બોલાય તેવા મર્મસ્થળને ભેદી નાખે તેવાં વચનો કહ્યાં ને બેઉ હાથ એકઠા કરીને કાકડા મોળ્યા ને રીસની મારી એમ બોલી જે જાતડો જાને ને વળતો વળીશ નહિ ને જ્યાં ઊંટનાં સીંગ ભાંગે ત્યાં મારા પીટ્યા કાળા મોંના ધણી જાજે. આવું કહ્યું તોપણ સામો ઉત્તર ન દેતાં પ્રશ્નોરા બ્રાહ્મણો પાસે ગયા. પછી પોતાના મનમાં સંકલ્પ થયો તેથી પાછા ઘેર આવ્યા. તે જોઈને તે સ્ત્રી કહે જે શું લાડવો દાટ્યો હતો તે પાછા આવ્યા ? તે સાંભળીને કહે જે તારાં વચન સાંભળતાં એવો વિચાર થાય છે જે તારું મોઢું ને આ ગામનાં ઝાડવાં જોવાં નહિ. પણ હું જ્યારે ગઢડે જાઉં છું ત્યારે શ્રી ગોપીનાથજીનાં દર્શન કરીને પાંચ દિવસ રહીને પાછો આવું છું. પણ ગુજરાત છેટી છે તેથી એક મહિનો લાગશે. તે હું જાઉં છું તેથી પાછો જરૂર જરૂર આવીશ. તારા વચનથી મને વૈરાગ્ય થાય તેમ નથી માટે હું જરૂર પાછો આવીશ.

તે સાંભળીને તે બાઈ ઘણી શરમાઈ ગઈ. ને જીવા પટેલ ભટ્ટની સાથે વડતાલ દર્શન કરવા ગયા. કહેવાનું કે જીવા પટેલ ખરેખરા શૂરવીર હતા ને સ્ત્રીને આધીન નહોતા. તો તેનાં વચનો સાંભળીને ન રોકાતાં શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરવા ગયા. પણ જો સ્ત્રીને આધીન હોત તો દેવનાં દર્શનનો લાભ મળત નહિ. માટે જેના ઘરમાં સ્ત્રી પ્રધાન હોય તે પુરુષને ક્યારેય સુખ મળતું નથી. સુખ તો બે પડાળીયો સત્સંગ હોય ત્યારે જ થાય છે. અમથું સુખ થતું નથી તે વાત ચોક્કસ છે. ॥૧૩૯॥

ગામ સેડુભારમાં સવદાસ પટેલ શ્રીજીમહારાજના ઉત્તમ ભક્ત હતા. ને તે સત્સંગીઓમાં શિરોમણી તથા ઘણાં જ જ્ઞાની હતા. તેમને એવો સંકલ્પ થયો જે મારી હયાતીમાં આ ગામમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનું મંદિર ચૂનાબંધી કરાવું તો ઠીક, કારણ કે શ્રીજીમહારાજે પૈસો આપ્યો છે. માટે સારો ખર્ચ કરીને લાભ લઈ લેઉં. એવો નિશ્ચય કરીને હરિભક્તોની સંમતિ લઈને ગઢપુર ગયા. ને કોઠારીને મળીને વાત કરી કે મારે ગામ મંદિર કરવા સારુ મારી સાથે સાધુને મોકલો, હું તેડવા આવ્યો છું.

તે સાંભળીને કોઠારી ઘણું જ રાજી થયા ને સાધુ મુકુંદજીવનદાસજીને મંડળે સહિત પટેલની સાથે સેડુભાર મોકલ્યા. તે રાત્રિએ સવદાસ પટેલ સાધુને કહે જે આવતી કાલે મારા તરફથી રસોઈ છે. બીજા કોઈના તરફથી લેશો નહિ. ત્યારે સાધુ કહે જે હાલ રસોઈ બંધ રાખો. અમે ગામમાં ઝોળી ફરવા જઈશું. તોપણ આગ્રહ કરીને ઝોળી માગવાનું બંધ રખાવ્યું. પછી સવારમાં સવદાસ પોતાને ઘેર રસોઈનો સામાન લેવા ગયા. તે પોતાની સ્ત્રી તથા છોકરાઓની સ્ત્રીઓ કુસંગી હતી. તેથી તે એમ બોલીયો જે પ્રથમ જેને રસોઈ આપવી હોય તે ભલે આપે. આપણે આપવી નથી ને તમે આગ્રહ કરશો તો કજીયો થશે.

તે સાંભળીને પટેલ કહે જે મેં આગ્રહ કરીને ઝોળી ફરવા જતાં અટકાવ્યા છે. ને રસોઈ ન આપીએ તો મારું ખોટું દેખાય. આમ કહ્યા છતાં બિલકુલ માન્યું નહિ. પછી ઘંટીના ગાળા ઉપર દશ શેરને આશરે ઘઉંના લોટની ટોપલી જોવામાં આવી. તેને પૂછ્યા વિના ઉપાડીને એકદમ નાઠા. તે વખતે તેમની સ્ત્રી પછવાડે દોડી તે પોતાના ઘરની ખડકીએ જતાં પટેલના કેડીયાની ચાળ પછવાડેથી પકડી લીધી. તે વખત તે બેઉને તાણ્યખેંચ થઈ તે જોઈને લોકો હસવા લાગ્યા. સવદાસ તે સ્ત્રીના રોક્યા ન રોકાતાં કેડીયાની ચાળ ફાટી ગઈ પણ લોટ લઈને એકદમ મંદિરમાં પેસી ગયા ને સાધુને કહે જે કેડીયું ફાટી ગયું પણ લોટ લઈને આવ્યો છું. તે રોટલી કરીને જમો.ઘીને માટે ઘમાલ છે, કારણ કે હવે ઘી વિગેરે લેવા જાઉં તો કજીયાનો પાર રહે તેમ નથી. આટલો લોટ લાવતાં સાતપાંચ થઈ છે. માટે કાલે તમને જેમ યોગ્ય લાગે તેમ કરજો, કારણ કે મારા ઘરમાં મારું ઊપજતું નથી. સ્ત્રીઓ સાંઢ થઈને બેઠી છે. ને રસોઈનું સાંભળે તો બધી સ્ત્રીઓ તાડુકા મારીને ઊભીયો થાય છે. તો હવે જે સત્સંગીઓ રસોઈ આપે તેની સુખેથી લેજો.

એમ કહીને સાધુ આગળ બહુ જ ઉદાસ થઈ ગયા. સાધુ મુકુંદજી જીવનદાસની ઘણાં જ જ્ઞાની હતા. તેમણે સવદાસ પટેલને ધીરજ આપી ને કહે જે અંતઃકરણમાં તમારે કોઈ પ્રકારનો વિક્ષેપ રાખવો નહિ. વ્યવહાર તો એવો જ છે. સ્ત્રી સંબંધી સુખ તો ભાગ્યે જ હોય છે. તમે અમારી ફિકર-ચિંતા કરશો નહિ. અમે મંદિર પૂરું કરીને ગઢડે જઈશું.

કહેવાનું કે જ્ઞાની ધ્યાની સર્વ વાતે સંપૂર્ણ હોય તોપણ જો ઘરમાં સ્ત્રીઓને સતસંગ ન હોય તો તે પુરુષને સેવા કરવાનું સુખ થાય નહિ. માટે બનતા સુધી સમજાવીને ઘરમાં સત્સંગ કરાવ્યો હોય તો સર્વ પ્રકારે સાનુકૂળ થાય. નહિ તો સવદાસ પટેલની પેઠે થાય. ॥૧૪૦॥

ગામ દાડમામાં મહાપવિત્ર કર્મકાંડમાં કુશળ નથુભાઈ બ્રાહ્મણ હતા. તે કોઈ કારણસર ગઢડે ગયા. તે વખતે યોગેશ્વર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી વડતાલથી ગઢપુર પધારેલા હતા. તેવા સમયમાં નથુરામ શ્રી ગોપીનાથજીનાં દર્શન કરીને દર્શન કરતાં કરતાં સાધુની ધર્મશાળામાં ગયા. ત્યાં ગોપાળાનંદ સ્વામીને પગે લાગીને પાસે બેઠા. તેમનાં સામું જોઈને સ્વામીએ સમાચાર પૂછ્યા. ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ભગવાનનાં મહાત્મ્યપૂર્વક કેટલીક વાતો કરીને કહે જે દેવ આ કળીકાળમાં ધર્મનું સ્થાપન કરવા ને એકાંતિક ધર્મ પ્રવર્તાવવા માટે શ્રીસ્વામિનારાયણ ભગવાનનો અવતાર થયો છે. અમે પણ તમારી જ્ઞાતિના છીએ. ને શ્રીસ્વામિનારાયણનું ભજનસ્મરણ કરીએ છીએ. માટે તમે પણ શ્રીસ્વામિનારાયણનાં આશ્રિત થઈને શ્રીસ્વામિનારાયણનું ભજન કરો. તો જ આ જીવનો મોક્ષ થશે. બાકી મોક્ષ થવો બહુ દુર્લભ છે. ને દેહ ક્ષણભંગુર છે. શાસ્ત્રમાં પણ કહે છે જે ભગવાનની ભક્તિ નથી કરતો તે પશુતુલ્ય છે.

એમ કેટલોક ઉપદેશ દેવાથી ને પૂર્વના સંસ્કારી તેથી સત્સંગ ધારણ કરવાની હા પાડી. તે જ વખતે ગોપાળાનંદ સ્વામીએ વર્તમાન ધરાવીને કંઠી ધારણ કરાવીને કહ્યું જે સત્સંગ શિરસાટે રાખજો. તમારું પરમાત્મા સારું કરશે. એવો આશીર્વાદ આપીને કહે જે દેવ આપણે બ્રાહ્મણને ઘેર દેવસેવા હોય તો તેથી વિશેષ શોભા. માટે હું તમને લાલજી તથા શાલીગ્રામ અપાવું. તે જ્યારે ઘેર જાઓ ત્યારે લેતા જાજો ને ઘરમાં જે કાંઈ રસોઈ થાય તે શુદ્ધ ભાવથી દેવને જમાડીને તમે જમજો. ને શ્રીસ્વામિનારાયણનું ભજન કરજો.

પછી તે બ્રાહ્મણ ચાલવાનાં થયા ત્યારે તેમને લાલજી તથા શાલીગ્રામ અપાવ્યા. તે લઈને પોતાને ઘેર આવ્યા ને પોતાની સ્ત્રીને કહે જે હું શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી થઈને આ દેવસેવા લાવ્યો છું. માટે નાઈધોઈ પવિત્ર થઈને નિરંતર રસોઈ કરવી ને દેવને જમાડીને પછી છૈયાંછોકરાં તથા આપણે જમવું. એમ કહ્યું પણ ઘરમાં સ્ત્રી કુસંગી હોવાથી તેને તે વચન સારું લાગ્યું નહિ. વળી તે સ્ત્રીને તમાકુ ખાવાની ટેવ હતી. તેથી તે કાયમ પોતાના મોઢામાં તમાકુ રાખતી હતી. તે રસોઈ કરતી વખતે પોતાના મોઢામાં તમાકુ નાખીને રસોઈ કરવા લાગી.

તે રસોઈ તૈયાર થઈ ત્યારે નથુરામભાઈને કહે જે તમારા દેવને જમાડવા લાવો. તે સાંભળીને નાઈ ધોઈ પવિત્ર થઈને સ્ત્રીએ પીરસેલ થાળને દેવને જમાડવા પાસે બેઠા. તે વખતે નથુરામ દેખે તેવી રીતે તે સ્ત્રી મોઢામાં તમાકુ હોવાથી ચૂલાની આગમણમાં થૂંકી. તે જોઈને નથુરામભાઈ પોતાની સ્ત્રીને ઠપકો દેવા લાગ્યા. તે સહન ન કરતાં પીરસેલ પાત્રોમાં થૂથૂ કરીને થૂંકીને કહે જે લે તારાં દેવલાંને જમાડ. ને હું મારી ટેવ કદી મૂકવાની નથી. દેવલાં રાખો અગર પાછાં મૂકી આવો.

આવો બનાવ નજરોનજર જોઈને જમ્યા વિના તુરંત જ તૈયાર થઈને રોક્યા ન રોકાતાં દેવને સાથે લઈને ગઢડે આવ્યા. ને ગોપાળાનંદ સ્વામીને બધી વાત કહી બતાવીને કહે જે આ ઠાકોરજી હું આપશ્રીને પાછા આપવા આવ્યો છું, કારણ કે મારા ઘરમાં સ્ત્રી વ્યસની તથા કુસંગી છે. તે મારું ધાર્યું થાય તેમ નથી માટે જેમ મારા ઉપર કૃપા કરી તેમ શ્રીજીમહારાજને સંભારીને આશીર્વાદ આપો તો તે હરિભક્ત, ને ધર્મવાળી, ને દેવને વિશે આસ્તાવાળી થાય. તો જ મને શ્રીસ્વામિનારાયણ ભગવાનના ભજનમાં સુખ થાય તેમ છે.

ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે જે શ્રીજીમહારાજના પ્રતાપથી તમારા કહેવા પ્રમાણે તમારી સ્ત્રીને સત્સંગ થશે. ને તમારે કોઈ પ્રકારનો વાંધો રહેશે નહિ તેથી આ લાલજી મહારાજને પાછા ઘેર લઈ જાઓ. હું પણ આશીર્વાદ આપું છું. પછી નથુરામભાઈ ગોપાળાનંદ સ્વામીના વિશ્વાસથી દેવને લઈને પોતાનાં ઘેર આવ્યા. ત્યારે તે સ્ત્રી કહે જે મારો ગુનો માફ કરો. હું ભૂલીને તમારી આજ્ઞા પ્રમાણે નિરંતર વર્તીશ ને દેવની શુદ્ધ ભાવથી સેવા કરીશ. માટે મને કંઠી આપો હું કાયમ કોટમાં રાખીશ. એમ કહીને કંઠી ધારણ કરીને તે બાઈ દેવપરાયણ થઈ.

કહેવાનું કે નથુરામભાઈના ઘરમાં પ્રથમ સ્ત્રીને સત્સંગ નહોતો ને કુસંગી હતી તો દેવના થાળમાં ક્રોધ કરીને થૂંકી. ને જ્યારે તેમને સત્સંગ થયો ત્યારે નથુરામ બ્રાહ્મણને શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ભજનમાં સુખ થયું. માટે જેનાં ઘરમાં સ્ત્રી સત્સંગી હોય તો સત્સંગીને દેવસેવા-સંતસેવામાં બિલકુલ વાંધો રહે નહિ, કારણ કે તે બે પડાળીયો સત્સંગ કહેવાય. ॥૧૪૧॥

ગામ મેંકડામાં જોગાનંદ સ્વામીએ સત્સંગ કરાવેલ હતો. તેવા સમયમાં પરજીયા ઠારણ સોનીને પણ સત્સંગ બહુ જ સારો થયો ને જ્યારે પોતાના ગામમાં સાધુનું મંડળ આવે તયારે રસોઈ તથા ધર્માદો આપે. તે જોઈને તેમની સ્ત્રીને સારું લાગે નહિ. ને કોઈ વખત ઠારણ સોનીને ઠપકો પણ આપે. તોપણ તેને ન ગણતાં પોતે પોતાની ઈચ્છા મુજબ સેવા કરતા.

એક વખત ધર્માદો લેવા સાધુ આવ્યા તેવા સમાચાર સાંભળીને રાત્રિએ મંદિરમાં દર્શન કરવા ઠારણ સોની ગયા. ને સાધુને દંડવત્ પ્રણામ કરીને પાસે વાતો સાંભળવા બેઠા. તે કથાવાર્તા સભા ચેષ્ટા થઈ રહ્યા પછી સાધુને કહે જે આવતી કાલે હું રસોઈનો સામાન લાવીશ. મારા પછી બીજા હરિભક્તોની રસોઈ લેજો. એમ કહીને ઘેર જતાં રસ્તામાં એક નિરાધાર બાઈને કહે જે ઘઉં પાંચ શેર તમને ખાનગી અપાવું તે દળીને મંદિરમાં સાધુને પહોંચાડજો, દળામણનાં જે પૈસા થશે તે અપાવી દઈશ. આ વાત તમારે કોઈને કહેવી નહિ, કારણ કે મારા ઘરમાં મારી સ્ત્રી આગળ મારું કાંઈ ઊપજતું નથી તે તું જાણે છે.

એમ કહીને તે બાઈને ઘઉં અપાવીને વાણીયાની દુકાને ગયા ને શેઠને કહે જે ઘી, ગોળ, દાળ, ચોખા બીજો સરસામાન મારા તરફથી દિવસ ઊગતા પહેલાં તમારે શ્રીસ્વામિનારાયણના મંદિરમાં પહોંચાડવો, તેના પૈસા હું તમને ખાનગીમાં આપીશ. એમ કહીને ઘેર વાળુ કરવા ગયા. પછી સવારના પહોરમાં ઠારણ સોનીની સ્ત્રી પાણી ભરવા ગઈ. ત્યાં ઘઉં દળવા આપેલ બાઈ પાણી ભરવા ગઈ. ને ઉતાવળથી પાણીનું બેદું લઈને ચાલી. તે જોઈને સોનીની સ્ત્રીએ પૂછ્યું જે, ફલાણી બા કેમ ઉતાવળાં ? તે સાંભળીને તે સ્ત્રીએ જવાબ આપ્યો જે, ઠારણભાઈજીએ મને ઘઉં દળવા રાત્રિએ આપ્યા છે તે દળીને લોટ તમારા મંદિરમાં પહોંચાડવાનો છે, કારણ કે આજ તમારી રસોઈ છે. તેથી ઉતાવળ કરીને જાઉં છું.

તે સાંભળીને પગથી તે માથા સુધી રીસ ચઢી ગઈ. ને વિચાર કર્યો જે મારો રોયો, મારો પીટ્યો, મારાથી તેના સાધુને છાની રસોઈ આપે છે ? ને જો હું ખરી હોઉં તો તે રસોઈ સાધુને જમવા દઉં નહિ. એવો મન સાથે વિચાર કરીને તાબડતોબ પોતાને ઘેર આવી. પાણિયારે પાણીનું બેડું મૂકીને મેડા ઉપર ગઈ. દોરડું બાંધીને ગળે ફાંસો ખાધો. પણ ગળાની ગાંઠ આગળ આવવાથી મરણને પામી નહિ તેટલાકમાં દૈવયોગથી તેનો દીકરો મેડે ગયો. ત્યાં તો પોતાની માને દેખી કે તુરંત જ તલવારથી બાંધેલ દોરડું કાપી નાખ્યું ને એકદમ મંદિરમાં આવીને બાપની આગળ વાત કરી.

તે વાત સાધુએ સાંભળી તેથી ઠારણ સોનીને સાધુ કહે જે તમે ઘેર જાઓ ને તે બાઈની સારવાર કરો ને રસોઈ મોકલવાશો નહિ. અમે ગામમાં ઝોળી માગી આવીશું. અમારી ચિંતા કરશો નહિ. એમ કહીને ઠારણને ઘેર મોકલ્યા. કહેવાનું કે ઠારણ સોનીનાં ઘરમાં સ્ત્રીને સત્સંગ નહોતો તેથી ગળે ફાંસો ખાધો ને રસોઈ બંધ રહી. માટે જેના ઘરમાં સ્ત્રીને સત્સંગ હોય તો ધાર્યા પ્રમાણે રસોઈ અપાય ને સેવા પણ થાય, નહિતર ઠારણ સોનીની પેઠે રસોઈ બંધ રહે ને ઉપાધિનો પાર રહે નહિ. ॥૧૪૨॥

ગામ દીયોરહિં ભાવસાર મુળજીભાઈને શ્રીજીમહારાજના સ્વરૂપનો પરિપકવ નિશ્ચય હતો. ને મુળજીભાઈ જ્યારે શ્રીજીમહારાજ ગઢડે હોય ત્યારે આઠ દિવસને અંતરે દીહોરથી ફૂલનો હાર બનાવીને શ્રીજીને પહેરાવવા આવતા હતા. તે જોઈને તેમની સ્ત્રી તેમને વિશે ઘણી અદેખાઈ કરતી હતી. ને કોઈ કોઈ વખત ગઢડે જતાં અટકાવતી હતી. એવી તેમના ઘરમાં સ્ત્રી કુસંગી હતી. ને જ્યારે મુળજીભાઈ હાર કરી ગઢડે જવા તૈયાર થાય ત્યારે તેમને બહુ જ ગાળો ભાંડે, એમ નહિ તો તે ગયા કેડે પણ તેવી જ રીતે ગાળો ભાંડ્યા કરે ને મુળજીભાઈ ત્યાં આવે ત્યારે તેમને કેટલાક માણસો વાત કહે જે તમારી સ્ત્રી તમને આટલી આટલી ગાળો દે છે છતાં તમો તેને કાંઈ કહેતા નથી ? ત્યારે મુળજીભાઈ તેમને જવાબ આપે જે ગાળે ગુમડાં થાય નહિ. એમ ધીરજ રાખીને સહુને જવાબ આપતા હતા.

એક દિવસ મુળજીભાઈને સંકલ્પ થયો જે હવેથી હું ગઢડે જાઉં ત્યારે જો મને તે સ્ત્રી ગાળો ભાંડે ત્યારે વાત, એમ ઠરાવ કરીને પોતાના રિવાજ પ્રમાણે ફૂલનો હાર તૈયાર કરીને ગઢડે જવા તૈયાર થયા. તે વખતે કાયમની પેઠે ગાળો દેવા લાગી. તે સાંભળીને મુળજીભાઈ કહે જે હું જ્યારે ઘેર હોઉં છું ત્યારે તારી ગાળો મને લાગે છે ને હું ગઢડે જાઉં ત્યારે તારી ભાંડેલ ગાળો નીચે પડે છે, માટે એક પથ્થર આપણાં ચોક વચ્ચે ચોડીએ. એમ કહીને એક પથ્થરને સીંદુર ચોપડીને

પોતાનું નીચે નામ લખીને ચોડ્યો ને કહે જે હું જ્યારે ગઢડે જાઉં ત્યારે આ પથ્થરને મારો પાળીયો જાણીને કાયમ તારે જેટલી ગાળો ભાંડવી હોય તેટલી સુખેથી ગાળો ભાંડજે. એમ કહીને મુળજીભાઈ ગઢડે ગયા.

તે વખતે શ્રીજીમહારાજ લીંબડા નીચે સભા કરીને બેઠા હતા. ને મુળજીભાઈની સામું જોઈને શ્રીજી બોલ્યા જે આવો પાળીયાભાઈ. ત્યારે હરિભક્ત કહે જે આમનું નામ તો મુળજીભાઈ છે ત્યારે મુળજી કહે જે શ્રીજીમહારાજ કહે છે તે બરાબર છે, અંતર્યામીપણે મારું નામ પાળીયાભાઈ કહ્યું છે કેમકે હું ઘેરથી નીકળ્યો ત્યારે મેં મારા નામથી મારા ઘરના ચોકમાં પાળીયો ખોડીને આવ્યો છું માટે શ્રીજી કહે તે વાત બરાબર છે.

તે સાંભળી શ્રીજીમહારાજ મુળજીભાઈ ઉપર બહુ જ પ્રસન્ન થયા ને કહે જે મુળજીભાઈ અમારા ખરા એકાંતિક ભક્ત છે. અમારે માટે ફૂલનો હાર બનાવીને સ્ત્રીના રોક્યા ન રોકાતાં અહીં આવે છે માટે મુળજીભાઈને ધન્યવાદ છે.

એમ કહીને તેમને આશીર્વાદ આપ્યો. તે આશીર્વાદ લઈને મુળજીભાઈ પાછા દીયોર ગયા.

કહેવાનું કે મુળજીભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા પણ ઘરમાં સ્ત્રી કુસંગી હતી તેને લીધે અંતઃકરણમાં કોઈ પ્રકારનું સુખ હતું નહિ ને દુઃખનો પાર આવ્યો નહિ કારણ કે જેને ઘરમાં સ્ત્રી વઢકણી હોય તેને સુખ ક્યાંથી હોય? સ્ત્રીને સત્સંગ હોય ને ધર્મ નિયમ પાળતી હોય તો સ્ત્રી પુરુષને પરસ્પર શ્રીજીમહારાજનાં ભજનમાં પરમ સુખ થાય, નહિ તો સુખ મળે નહિ. ॥૧૪૩॥

ગામ ગઢપુરથી શ્રીજીમહારાજની આજ્ઞાથી એક વખત મુક્તાનંદ સ્વામી પોતાના મંડળે સહિત સત્સંગ કરાવવા ગામડામાં ગયા હતા. તે રસ્તામાં કાંકસ ગામ આવ્યું.તે ગામમાં સગાલ નામે કાઠી શ્રીજીમહારાજનો એકાંતિક ભક્ત હતો. તેમણે ઘણાં જ આગ્રહથી મુક્તાનંદ સ્વામીને મંડળે સહિત રોક્યા, તે ગામમાં સ્વામીના પ્રતાપથી કેટલાક નવા સત્સંગી થયા.

પછી સ્વામીશ્રી ત્યાંથી ચાલવાના થયા ત્યારે સગાલ ભક્ત સ્વામીશ્રીને કહે જે મારે તમારી સાથે તમારો સમાગમ કરવા આવવું છે, તે સાંભળીને સ્વામીશ્રી બહુ જ રાજી થયા ને કહે જે મારી સાથે સુખેથી આવો પણ તમારા ઘરમાં તમારી સ્ત્રી કુસંગી છે તે રજા આપશે ? જો તે રજા આપે તો મારી સાથે આવવામાં હરકત નથી. તમે ઘેર જાઓ ને તમારી સ્ત્રીની રજા લઈને આવો.

સ્વામીશ્રીના વચનથી સગાલ પોતાને ઘેર ગયો ને સ્ત્રીને કહે જે મારે મુક્તાનંદ સ્વામીની સાથે જવું છે તો તમારી પાસે રજા માગવા આવ્યો છું. તે સાંભળીને ધૂળ ખોદવાની કોશ હાથમાં લઈને કહે જે મારા પીટ્યા તારું છાજીયું લઉં-કાળા મોંના ધણી તારા બાપનું ત્યાં શું દાટ્યું છે ? અહીં ક્યાં ભજન થતું નથી ? છાનોમાનો નીચે બેસ ને જો જવાની વાત કરી તો આ કોશ તમારા ગળામાં ઘાલીને મારી નાંખીશ. આવો વિચાર હતો ત્યારે પહેલાં મને પરણવું નહોતું. એમ કહીને ઘરમાં પૂરી દીધો.

તે વાત મુક્તાનંદસ્વામીની પાસે કોઈકે કહી તેથી સ્વામીશ્રીના મનમાં સારું ન લાગ્યું ને હરિભક્તો આગળ કહે જે સગાલ ભક્ત સત્સંગી બહુ સારા પણ તેની સ્ત્રી જ તેમની પૂર્વની વૈરી. એમ કહીને મુક્તાનંદ સ્વામી ત્યાંથી ચાલી નીકળ્યા. કહેવાનું કે, બે પડાળીયો સત્સંગ ન હોય ત્યાં સુધી સગાલ ભક્તની પેઠે સત્સંગનું સુખ તથા સત્પુરુષનાં સમાગમનું સુખ ક્યારેય મળતું નથી. ઘરમાં સ્ત્રી સત્સંગી હોય તો જ સુખ મળે છે, નહિ તો દુઃખના ડાભ ઊગે છે. ॥૧૪૪॥

ગામ ઉમરાળીમાં આહીર રાજાભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા ને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરીપણું પરિપૂર્ણ જાણતા ને નિયમ-નિશ્ચય ને પક્ષ તે ત્રણેવ વાનાં રાજાભાઈનાં દ્રઢ હતાં. ત્રણ ગુણમાં સત્ત્વગુણ પ્રધાન હતો તેનું કારણ જે મોટાનો સમાગમ તેથી, વળી ધીરજનો ત્યાગ કરીને કોઈ પણ પોતાનું સારું બોલે અગર નરસું બોલે, તેમને ક્યારેય દુઃખ લાગે તેવું વચન બોલતા નહિ ને સહનશીલ સ્વભાવ સર્વોપરી હતો ને સર્વે હરિભક્તોમાં મુખ્ય હતા.

તે રાજાભાઈ પોતાને ત્યાં જ્યારે સાધુ આવે ત્યારે રસોઈ સહુ પહેલી આપતા. આવા તે ભક્તરાજ રાજાભાઈને પૂર્વના સંયોગથી ઘરમાં સ્ત્રી કુસંગી તથા પ્રભુથી વિમુખ હતી તેથી વ્યવહારમાં કેટલીક વાતે ઉદાસ રહેતા ને એવો વિચાર કરતા જે સંસારનો ત્યાગ કરીને ત્યાગી થવાય તો સારું, તેનું કારણ મૂળ સ્ત્રી હતી. એક વખત પોતાને ત્યાં જૂનાગઢથી બે સાધુ આવ્યા ને રાજાભાઈ ખેતીનો ધંધો કરવા ખેતરમાં ગયા હતા માટે સાધુની સારવાર એક ફળીયાના શેઠે પોતાના ઘેરથી સાધુને સીધુ લાવી આપ્યું ને રસોઈ કરાવી. તેનું કારણ શેઠ રાજાભાઈને ત્યાં રસોઈનો સામાન લેવા ગયા હતા, પણ રાજાભાઈની ઘરવાળીએ ન કહેવાનાં શબ્દો સાધુને કહ્યા તેથી શેઠને સારું ન લાગવાથી પોતે રસોઈ આપી હતી.

રસોઈ તૈયાર થઈ તે શ્રી ઠાકોરજીને જમાડીને સંત જમ્યા. ને ત્યાં ન રોકાતાં તુરંત ચાલી નિસર્યા ને શેઠને કહે જે રાજાભાઈ આવે ત્યારે અમારા જયશ્રીસ્વામિનારાયણ કહેજો. વળી તેને એમ કહેજો કે અમારે રોકાવું હતું પણ તમે નહિ તેથી અમે રોકાયાં નથી. એમ કહીને સંત ચાલ્યા ગયા. પછી સાંજને સમે રાજાભાઈ ખેતરથી પોતાને ઘેર આવ્યા. ને મુઠડી તથા માળા લઈને મંદિરમાં ગયા. ત્યાં પોતાના મિત્ર શેઠ પણ આવ્યા ને કહે જે આજ તમારા બે સાધુ જૂનાગઢથી આવ્યા હતા. તેમણે તમને જયશ્રીસ્વામિનારાયણ કહ્યા છે.

ત્યારે રાજાભાઈ કહે જે આપણે ઘેરથી સાધુને રસોઈનો સામાન તમે લાવી આપ્યો હતો કે નહિ ? તેના જવાબમાં સર્વે વાત શેઠે કહી બતાવી ને કહે જે તમે ઘરમાં રહ્યા છો તે કેવળ નમાલા છો. ને જ્યારે પોતાનું ઘરમાં ઊપજે નહિ ત્યારે ઘરમાં રહ્યાનું શું પ્રયોજન ? ઘરની સ્ત્રી જ્યારે મોક્ષના કરનારા સાધુઓને ફાવે તેમ વચનો કહે તે અમો જેવાને સાંભળવાં પડે તે યોગ્ય કહેવાય નહિ.

આવું શેઠના મુખથી સાંભળીને રાજાભાઈ શેઠને કહે જે હું તમને લખાવું તેવો કાગળ લખો. જે ફલાણી બેનને માલમ થાય જે તમારા ભાઈને મંદવાડ પૂરતો છે માટે અપીત પાણી પીવું. તે શું તો તમારા ભાઈનું મોઢું જોયા પછી પાણી પીવું. અહીંયાંથી અમારા સર્વેના રામ રામ વાંચવાં, થોડું લખ્યું ઘણું કરી માનવું. દસ્કત શેઠ બોઘાલાલ. આવી રીતે રાજાભાઈના કહેવાથી શેઠે કાગળ લખ્યો. પછી શેઠને કહે જે આ કાગળ મેં લખાવ્યો છે તેની વાત તમારે કહેવી નહિ, ને સવારમાં દિવસ ઊગતાં પહેલાં કાગળ લઈને તમારે મારે ઘેર આવવું.

એમ કહીને પોતે માળા માનસીપૂજા વિગેરે પોતાનાં નિયમો પરવારીને ઘેર ગયા. વાળુપાણી કરીને શ્રીજીમહારાજને સંભારીને સૂઈ ગયા. ને સવારના પહોરમાં ઠરાવ પ્રમાણે શેઠ કાગળ લઈને આવ્યા, ને રાજાભાઈને કહે જે તમારે સાસરેથી બોઘાશેઠ પાસે લખાવેલ કાગળ કોઈકની સાથે મારા શીરનામાથી મોકલેલ છે ? તે હકીકત તમને હું વાંચી સંભળાવું. ત્યારે રાજાભાઈ કહે વેલાસર સંભળાવો શું તેમાં લખેલ છે. તેથી ઉપર લખેલ સર્વે બીના વાંચી સંભળાવી. તે વખતે રાજાભાઈની સ્ત્રીએ પણ આવો અણઘટકતો કાગળ સાંભળ્યો. તેથી રડવા લાગી ને રાજાભાઈ કહે તારે જવાનું કારણ નથી. તારે બદલે હું જાઉં. તે સાંભળીને તે બાઈ બોલી જે કાગળમાં તમારું નામ તો છે નહિ. મારા નામથી કાગળ છે. ને મારો ભાઈ છે. તે ભાઈનું મોઢું જોવા હું જ જઈશ. ને થોડા દિવસ રોકાઈને પાછી આવીશ.

આમ કહીને પોતાના છોકરાને સાથે લઈને ખાધાપીધા વિના રોતી-રોતી પોતાના પીયરમાં ગઈ. તે બાઈને રોતી જોઈને ગામના માણસો તેને કહેવા લાગ્યા જે શા વાસ્તે રડે છે ? તમારા કુટુંબમાં સહુ કુશળ છે. ને તમારા ભાઈને થોડા દિવસમાં પટલાઈ મળવાની છે. માટે ન રોતાં રાજીખુશીથી બેન તમારે ઘેર જાઓ. તે સાંભળીને તે બાઈએ વિચાર કર્યો કે મારા ભાઈના મંદવાડનો કાગળ જરૂર કોઈકે બનાવટ કરીને લખેલ છે. એવો નિશ્ચય કરીને પોતાનાં માબાપને ત્યાં ગઈ. ને પોતની મા આગળ બનાવટી કાગળની વાત કહી બતાવી. ત્યારે તેની મા કહે જે તારા ભાઈનું આયુષ્ય વધ્યું. ને તું ઘણાં દિવસથી આવી નથી માટે હાલ થોડા દિવસ રોકાઈને પછી તારે સાસરે જજે. એમ કહીને તે બાઈને ત્યાં રોકી.

હવે રાજાભાઈએ પોતાની સ્ત્રીને પોતાને સાસરે યુક્તિથી કાઢીને સારી લેવા લાયક ચીજો, રૂપિયા, દાગીના વિગેરે સામાન ગાડામાં ભરીને ઘરને તાળું વાસી તેની કુંચી પોતાના મિત્ર શેઠને આપીને કહે જે કદાપિ રાંડ આવે તો કુંચી તેને આપજો ને તેને એમ કહેવું જે સાધુને રસોઈનો સામાન આપ્યો નહિ ને ફાવે તેમ ગાળો દીધી તેથી તું મારી મા ને બેનને ઠેકાણે છું. ને હું તારો ભાઈ છું. હું ગઢડેથી કદી અહીં આવવાનો નથી. તું ગઢડે આવીશ તો તેમાંથી બીજી થશે.

આ પ્રકારે શેઠને કહીને રાજાભાઈ ગઢડે ગયા. તે વખતે ઉગમણાં બારના ઓરડાની ઓસરીયે શ્રીજીમહારાજ સભા કરીને બેઠા હતા ને રાજાભાઈ લીંબડા નીચે ગાડું છોડીને શ્રીજીને દંડવત્ પ્રણામ કરીને બોલ્યા જે આ મારી મિલકત હું આપશ્રીને અર્પણ કરું છું. ને સંસાર આજથી મારે હરામ છે. તે સાંભળીને શ્રીજીમહારાજ કહે જે ભલે જેમ તમારી મરજી. અમારે તમારા જેવાની ખાસ જરૂર છે. એમ કહીને રાજાભાઈને શ્રીજી કહે જે તમારે તમારા મનનું ધાર્યું કરવું છે કે અમે કહીયે તેમ કરવું છે ? ત્યારે રાજાબાઈ કહે જે મારે તો આપશ્રીની આજ્ઞા પ્રમાણે કરવું છે.

તે સાંભળીને શ્રીજી કહે જે તમારા તરફથી કાલે રસોઈ સારી કરાવો ને આ પાંચસેં પરમહંસોને તથા પાળાઓને તથા હરિભક્તોને જમાડો ને તેમાં તમારી મિલકતનો ખરચ કરી નાંખો. આ પ્રકારની શ્રીજીની આજ્ઞા થવાથી બીજે દિવસે સર્વોત્તમ રસોઈ કરાવીને શ્રીજીમહારાજ સહિત સર્વે સંતો વિગેરેને જમાડ્યા ને

સાંજના ચાર વાગ્યે દાદાખાચરના દરબારમાં લીંબડા નીચે શ્રીજીએ સભા કરાવીને પોતે બિરાજમાન થયા. તે સમે શ્રીજીની ષોડશોપચારથી પૂજા કરીને વસ્ત્ર દાગીના વિગેરેથી સેવા કરી તેમજ સંતોને વસ્ત્ર ઓઢાડ્યાં તેથી શ્રીજી ઘણું પ્રસન્ન થયા ને રાજાભાઈને બાથમાં ઘાલીને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને રાજાભાઈએ કહ્યું જે મને દીક્ષા આપીને આપશ્રીની પાસે રાખો, મારે તમને પ્રસન્ન કરવા છે ને તમારી સેવામાં કાયમ રહેવું છે.

તે સમે શ્રીજી કહે જે અગત્રાઈમાં પર્વતભાઈ મારા પરમભક્તરાજ છે ને તે અખંડ મારા ધ્યાનમાં રહે છે. માટે જો ખાસ મને પ્રસન્ન કરવો હોય તો તમે મારી આજ્ઞાથી અગત્રાઈ જાઓ ને ત્યાં તેમના છોકરા મોટા થાય ત્યાં સુધી તેમની ખેતીનું કામ કરો તેથી હું એમ માનીશ જે તમે મારી સેવામાં જ છો ને સદાય સાધુ જ છો.

આવી શ્રીજીની આજ્ઞાથી તુરંત જ ગઢપુરથી અગત્રાઈ ગયા ને શ્રીજીએ કહેલી બીના તે પર્વતભાઈને કહીને તેમની ખેતીનું કામ બાર વરસ સુધી પોતાનું જાણીને શ્રીજીની પ્રસન્નતાને સારુ કર્યું. તે બાર વરસ પૂરાં થયાં એટલે શ્રીજીએ કાગળ લખીને પાછા ગઢપુર બોલાવ્યા ને અખંડ પોતાની સેવામાં રાખ્યા.

કહેવાનું કે રાજાભાઈ પરમ ભક્તરાજ હતા. પણ ઘરની સ્ત્રીને સત્સંગ નહિ હોવાથી કંટાળીને તેનો ત્યાગ કરીને શ્રીજીના સમીપમાં કાયમ રહ્યા. માટે સ્ત્રી પુરુષને સારો સત્સંગ હોય તો વ્યવહારમાં સર્વ પ્રકારે સુખ થાય છે, નહિ તો દુઃખનો પાર રહે નહિં એ જ સિદ્ધાંત છે. ॥૧૪૫॥



શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો તે વિષેની વાર્તાઓ

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજે સંવત ૧૮૮૬ના વર્ષમાં મંદવાડ ગ્રહણ કર્યો હતો. તે છ માસ અગાઉથી પોતે ઘણી ઉદાસીનતા જણાવી હતી. કોઈ વખત ખાય, કોઈ વખત ન ખાય. કોઈને બોલાવે, કોઈને ન બોલાવે ને વનમાં જેવી રીતે તપ કર્યું હતું ને જેવું શરીર સૂકવી નાખ્યું હતું તેની માફક છેલ્લી વખત શરીર સૂકવી નાખ્યું તે જોઈને મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી વિગેરે સદ્‌ગુરુઓએ વિચાર કર્યો જે શ્રીજી આલોકનો ત્યાગ કરી જરૂર અક્ષરધામમાં પધારશે તેમાં કોઈ સંદેહ નથી. આવો નિશ્ચય કરીને સાઠ સાધુને શ્રીજીની સેવામાં રાખ્યા. તેમાંથી ત્રીસ સાધુ દિવસે શ્રી હરિની સેવામાં રહે ને રાત્રિએ પણ ત્રીસ સાધુ શ્રીજીની સેવામાં રહે. તે સિવાય અવારનવાર બ્રહ્મચારી સંત પાળા તથા હરિભક્તો શ્રીજીમહારાજની મન-કર્મ-વચને સેવા કરતા.

એક દિવસે શ્રીજીને એવો વિચાર થયો જે સર્વે જનો મારી સેવા બહુ સારી કરે છે ને દિવસ ને રાત ઊભે ને ઊભે પગે રહે છે. ને જેમ ચંદ્ર ચકોર પક્ષી સામું જોઈ રહે તેમ મારી સામું જોઈને સર્વ સેવામાં હાજર રહે છે. માટે આ સંતોને સાકરનાં લાડુ શેર શેર ઘી નખાવીને જમાડું એવો સંકલ્પ કરીને કોઠારી વિરક્તાનંદસ્વામીને અક્ષર ઓરડીમાં બોલાવ્યા ને કહે જે આ સર્વ મારી સેવા બહુ સારી કરે છે માટે મારા કહેવા પ્રમાણે સાકરનાં લાડુમાં શેર શેર ઘી નાંખીને રસોઈ કરાવીને મારા વતી આગ્રહ કરીને સર્વેને જમાડો. એમ શ્રીજીમહારાજે કહ્યું ને મારા કહ્યા પ્રમાણે સર્વેને જમાડવાથી હું તમારી ઉપર પ્રસન્ન થઈશ.

આવી રીતે કહ્યા છતાં પણ લોભને વશ થઈને શ્રીજીમહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ગોળના લાડુ દોઢ પાશેરેકુ ઘી નાંખીને રસોઈ કરાવીને સર્વ બ્રહ્મચારી-સંત-પાળા-હરિભક્તો વિગેરેને જમાડ્યા. તે સહુ જમીને ધર્મશાળામાં ગયા ને મુક્તાનંદ સ્વામી ધર્મશાળામાં ન જતાં બારોબાર અક્ષરમંદિરમાં શ્રીજીમહારાજની સમીપમાં આવ્યા. તે સમે મુક્તાનંદ સ્વામીને શ્રીજીએ પૂછ્યું જે આજ રસોઈ શાની હતી ? ત્યારે મુક્તાનંદ સ્વામી કહે જે ગોળના લાડુની. પછી શ્રીજી કહે જે તેમાં ઘી કેટલું નાખ્યું હશે ? ત્યારે સ્વામી કહે જે દોઢપાશેરકુ તો હશે જ પણ ઓછું નહિ હોય. ને ઓછું હોય તો કોઠારી જાણે.

આવું મુક્તાનંદ સ્વામીના મુખથી સાંભળીને શ્રીજીમહારાજ બહુ જ કચવાઈ ગયા ને કોઠારીને તુરંત જ પોતાની પાસે બોલાવ્યા ને કહે જે મેં તમને શું કહ્યું હતું ને તમે શું કર્યું ? તમે મારી આજ્ઞાનો લોપ કર્યો તે સારું કર્યું નહિ એમ વિરક્તાનંદ સ્વામીને ઠપકો આપીને શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામીના સામું જોઈને વાતો કરવા લાગ્યા. કહેવાનું કે શ્રીજી પ્રત્યક્ષ હતા. ને ખરા સમયમાં સંત આદિકને જમાડવાનું કહ્યું પણ આજ્ઞાનો લોપ કર્યો. તેથી પરિણામે સ્થિતિમાં ફેરફાર થઈ ગયો હતો. માટે શ્રીજીમહારાજની આજ્ઞા પાળવી પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ. ॥૧૪૬॥

ગામ ગઢપુરમાં એક વખત બ્રહ્માનંદ સ્વામી પોતાના ઓરડામાં ગ્રંથ લખતા હતા. તે વખતમાં તેમને એવો સંકલ્પ થયો કે, મને તો પ્રત્યક્ષ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીનો કાયમ સંબંધ છે. માટે હું કૃતાર્થ થયો છું. પણ મેં આ લોકમાં જન્મ ધારણ કર્યો. એ મારા માતાપિતાને આ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સંબંધ કરાવું તો ઠીક. એવો વિચાર કરીને અક્ષર ઓરડીમાં શ્રીજીમહારાજ પાસે ગયા. ને પોતાનો સંકલ્પ શ્રીજીને કહ્યો. તે સાંભળીને શ્રીજીમહારાજ કહે જે મીઠાની કોથળીએ સંકલ્પ કર્યો કે હું સમુદ્રો તાગ લઈ આવું. તે મીઠું પાણીમાં ઓગળી જાય કે તેમનું તેમ રહે. તે સાંભળીને બ્રહ્મમુનિ કહે જે આ મીઠું તે મીઠા જેવું નથી. આ તો મહાકઠણ છે. તે કેમે ઓગળે તેવું નથી તથાપિ જેમ આપશ્રીની ઈચ્છા. ત્યારે શ્રીજીમહારાજ બ્રહ્માનંદ સ્વામીને કહે જે તમારે ખાણગામ જવાની જરૂર નથી. પણ તમારા બદલામાં બીજા સંતને જવાની આજ્ઞા કરું તેથી તમારા સંકલ્પ પ્રમાણે તમારાં માતાપિતાને તથા તમારા સંબંધીઓને મારા સ્વરૂપનો નિશ્ચય કરાવશે.

એમ બ્રહ્માનંદ સ્વામીની આગળ ચોક્કસ કરીને પોતાની મરજી મુજબ સંતને આજ્ઞા કરી. તેથી છ સંત ને એક પાર્ષદ તૈયાર થયા. ને ચાલતી વખતે અક્ષર ઓરડીમાં શ્રીજીમહારાજની આજ્ઞા લેવા દંડવત્ કરીને સમીપમાં બેઠા. ત્યારે મહારાજ કહે જે દૂર દેશ છે ને વિકટ રસ્તો છે માટે હું તમને કાગળ લખાવી આપું, જેથી ખાણ ગામનું નામ ભૂલી જવાય નહિ. ત્યારે સંતો કહે જે જુવારની ખાણ, કોલાસાની ખાણ, પથ્થરની ખાણ, ધૂળની ખાણ, તેની માફક આ ખાણ ગામ તે ભુલાય તેમ નથી. માટે કાગળની જરૂર પડે તેમ નથી. તો પણ શ્રીજીમહારાજે ત્રણ વાર લખવાનું કહ્યું જે કાગળ લખાવી આપું ને તમો જરૂર ગામનું નામ ભૂલી જશો.

આમ કહ્યા છતાં શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો પણ શ્રીજીનો શો અભિપ્રાય છે તેને જાણી શક્યા નહિ. તેથી કાગળ લીધા સિવાય શ્રીજીની આજ્ઞા લઈને ગઢપુરથી ચાલ્યા, તે ચાલતાં સિદ્ધપુર ગયા. ત્યાં સુધી ભોજનની ચિંતા ન્હોતી, કારણ કે સત્સંગીનાં ગામ આવતાં હતાં. આગળ સત્સંગીનાં ગામ ન હોવાથી પાંચ સંતને ત્યાંથી પાછા ગઢપુર મોકલ્યા, ને બે સંત શ્રીજીનું સ્મરણ કરતા સિદ્ધપુરથી ચાલ્યા. તે ચાલતાં ચાલતાં આબુની તળેટીને ઉલ્લંઘન કરીને આગળ વીસ ગાઉ નીકળી ગયા. તે સંતોને ત્યાં સત્સંગ ન હોવાથી ત્રણ દિવસના ઉપવાસ થયા તેથી વિચાર કર્યો જે આગળ આવે તે ગામમાં સદાવ્રત મળતું હોય તો સદાવ્રત લઈને બાટીયો કરીને જમીએ. તેથી રસ્તામાંથી છાણાં વીણી લીધાં ને દિવસ આથમવાને કલાક વાર હતી તે વખતે આવેલ ગામને સમીપે એક સરોવરની પાળે વડ હતો. તેની નીચે બેઉ સંતો ઊતર્યા.

બે સંતમાંથી એક સંત ગામમાં જઈને સદાવ્રત લઈ આવ્યા. તે લોટ બાંધીને આઢ સળગાવીને બાટીયો તેના ઉપર ચઢવા મૂકી ને બહુ ધુમાડો થવાથી વડ ઉપર મોટું ભમરીયું મધ તે ઊડ્યું ને બે સંતોને માંખ્યો ચોંટી પડવાથી પાણીમાં પડ્યા. તે પાણીની અંદર રહે તેટલી વાર સુખ ને બહાર નીકળે કે તુરંત માંખ્યો ચોંટી પડે તેથી વારંવાર જળમાં ડૂબકાં મારે, એમ કરતાં દિવસ આથમ્યો ને અંધારું થયું ત્યારે માખીઓ મધને પુડે ચોંટી ગઈ એટલે સંતો પાણીથી બહાર નીકળ્યા ને જ્યાં જુવે તો બાટીયોને કૂતરાં-કાગડા ખાઈ ગયેલાં.

આવો બનાવ જોઈને બેઉ સંતો પરસ્પર વાત કરવા લાગ્યા એટલાકમાં એક સંત બીજા સંતને કહે જે ત્રણ દિવસના ભૂખ્યાને અન્ન મળ્યું તે પણ કૂતરાં ખાઈ ગયાં, હવે શું કરશું ? ત્યારે બીજા સંત કહે જે શ્રીજીની મરજી હશે તેમ થશે. આપણે તો શ્રીજીને આધારે છીએ તે અન્નદાતા શ્રીજીમહારાજ અન્ન આપ્યા વિના રહેશે નહિ. ગમે તે પાસે આપણને અન્ન અપાવશે.

એવું ધીરજનું વચન કહીને એક સંતે પૂછ્યું જે આપણે બ્રહ્માનંદ સ્વામીને ગામ સત્સંગ કરાવવા જઈએ છીએ તે ગામનું નામ શું ? તે સાંભળીને જવાબ આપ્યો જે હું તો ભુલી ગયો. પછી સંત કહે જે મને પણ યાદ આવતું નથી. તેનું શું કારણ હશે ? ત્યારે બીજા સંત કહે જે, આપને શ્રીજીમહારાજે કાગળ લખાવી આપવાનું ત્રણ વખત કહ્યું હતું. પણ શ્રીજીની આજ્ઞાનો લોપ કર્યો તેથી તમે તથા હું બેઉ જણ ગામનું નામ ભૂલી ગયા. ને જો પાછા વળીએ ને તે

ગામ ન જઈએ તો શ્રીજી આપણાં ઉપર કુરાજી થાય ને બ્રહ્માનંદ સ્વામીનો ઠપકો સાંભળવો પડે એમ પરસ્પર વાત કરતાં બેઉ સંતોને આંખ્યમાં પાણી આવી ગયાં ને રડવા લાગ્યા.

તે વખતે દીનદયાલ પોતાના ભક્તોનું દુઃખ ન સહન કરી શકે તેવા સ્વભાવવાળા શ્રીજીમહારાજે બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કર્યું ને હાથમાંના એક વાસણમાં ખીચડી, ઘી, કઢી, બાજરાનાં રોટલા, અથાણું તથા પાણીનો લોટો બીજા હાથમાં લઈને કોઈ અન્નાર્થી-કોઈ અન્નાર્થી એમ બોલતાં ગામની ભાગોળે વડ નજીક પધાર્યા. તે શબ્દ સાંભળીને સંત કહે જે અમે અન્નાર્થી છીએ. તેવી વાણી સાંભળીને બ્રાહ્મણ સ્વરૂપ શ્રીજીએ સંતની પાસે આવીને પૂછ્યું કે તમો કોણ છો? ત્યારે સંતો કહે જે અમે શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં સાધુ છીએ ને ત્રણ દિવસના ભૂખ્યા છીએ. આપની શી જ્ઞાતિ છે ? ત્યારે શ્રીજી કહે : અમે બ્રાહ્મણ છીએ. એમ કહીને પ્રેમપૂર્વક વડ નીચે જમાડ્યા.

પછી પૂછ્યું કે તમો ક્યાંથી આવો છો ને ક્યાં જાઓ છો ? ત્યારે સંતો કહે જે કાઠિયાવાડ દેશમાં ગઢડા ગામ છે ને ત્યાં અમારા શ્રીસ્વામિનારાયણ ભગવાન છે તેમની આજ્ઞાથી આ દેશમાં સત્સંગ કરાવવા માટે અમારામાં સાધુ બ્રહ્માનંદ સ્વામી છે તેમનાં ગામ અમારે જવું છે, પણ તે ગામનું નામ અમે બેઉ ભુલી ગયા છીએ તેથી ચિંતાનો પાર રહ્યો નથી. તે સાંભળીને શ્રીજીએ દશ-પંદર-વીશ ગામનાં નામ કહ્યાં તે સાંભળીને સંત કહે જે તે નહિ પણ બીજાં ગામનું નામ લ્યો. ત્યારે છેવટે ખાણ ગામનું નામ લીધું તે સાંભળી બેઉ સંતો બહુ રાજી થયા ને કહે જે તે ગામ અહીંથી નજીક છે કે દૂર છે ?

ત્યારે બ્રાહ્મણ સ્વરૂપ શ્રીજી કહે જે અહીંથી તમે પાછા વળો તે ગામ મૂકીને તમે વીશ ગાઉ આગળ આવ્યા છો ને તમને તે ગામનું કહો તો નામ લખી આપું. ત્યારે સંતો કહે જે ભાઈ તમે લખી આપો તો તમારો મોટો આભાર માનીશું. તે વખતે કાગળમાં ખાણ ગામ લખી આપ્યું ને સંતથી જરા દૂર જઈને શ્રીજીમહારાજ અંતર્ધાન થઈ ગયા ને સંતો ત્યાં રાતવાસો રહીને પાછા વળ્યા તે ચાલતાં ચાલતાં ખાણ ગામ આવ્યા ને બ્રહ્માનંદ સ્વામીના પિતાનું નામ પૂછીને તેમને ત્યાં બેઉ સંતો ગયા ને બ્રહ્માનંદ સ્વામીનું મૂળ નામ લાડુ બારોટના નામથી સર્વે સમાચાર કહ્યા.

તે સાંભળીને તેમનાં માતાપિતા તથા તેમનાં સગાંઓ ઘણાં રાજી થયાં. ને બેઉ સંતોને આગ્રહપૂર્વક રાખ્યા ને સંતોના મુખથી કથાવાર્તા સાંભળી તથા શ્રીસ્વામિનારાયણ ભગવાનના ઐશ્વર્ય, પ્રતાપ, અલૌકિક મહિમા સાંભળીને બ્રહ્માનંદ સ્વામીનાં માતાપિતા તથા તેમનો એક સંબંધી એમ ત્રણે જણ વર્તમાન ધારણ કરી કંઠીઓ પેરી સત્સંગી થયા. તેથી સંતો ત્યાં દોઢ માસ રહીને ખાણ ગામથી ચાલ્યા તે ગઢપુર આવ્યા.

તે વખતે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં બિરજતા હતા ત્યાં બેઉ સંતો શ્રીજીને દંડવત્ કરવા લાગ્યા. તે જોઈને આસનેથી ઊઠીને સંતોને બાથમાં ઘાલીને મળ્યા. પછી પોતાની પાસે બેસાડીને સર્વે હકીકત પૂછી જોઈને સાધુએ અનુક્રમે કહી જે રસ્તે ચાલતાં દોઢ માસ થયો ને દોઢ માસ ત્યાં રહ્યા ત્યારે ત્રણ સત્સંગી થયા. બ્રહ્માનંદ સ્વામીનાં માતાપિતા તથા તેમનો એક સંબંધી ત્યાંથી નીકળ્યા તે અહીં આવતાં દોઢ માસ થયો ને આપશ્રીનાં પ્રતાપથી જતાં-આવતાં રસ્તામાં કોઈ ઠેકાણે જરા પણ દુઃખ પડ્યું નથી, સુખેથી જઈને આવ્યા છીએ.

ત્યારે શ્રીજીમહારાજ કહે જે તમને ક્યાંય દુઃખ નથી પડ્યું ? ખરેખરું દુઃખ પડ્યું તેને તમે સંભારતા નથી તે અમે તમને કહી બતાવીએ. તમારે ત્રણ દિવસનાં ઉપવાસ થયા હતા, તે વખતે ખરા સંકટમાં મારે તમને ખીચડી ખવડાવવા આવવું પડ્યું હતું. તેમજ કાગળ લખી દેવો પડ્યો હતો તેને તમે કેમ સંભારતા નથી ? ત્યારે તે સંતોએ તે વાત વિસ્તાર સહિત શ્રીજીમહારાજને કહી બતાવી. તે સાંભળીને શ્રીજી કહે જે તે દુઃખ પડ્યું તેનું કારણ મારી આજ્ઞાનો લોપ કર્યો હતો. તે શું તો મેં તમને ખાણ ગામનું નામ લખી દેવાનું કહ્યું હતું તોપણ તમોએ મારું વચન માન્યું નહિ તેનું ફળ તમારે ભોગવવું પડ્યું. માટે અમારી નાનીમોટી આજ્ઞાનો લોપ કરે છે તેને બહુ જ દુઃખ થાય છે ને જે મારી આજ્ઞા માને છે તે પરમ સુખ ને શાંતિને પામે છે.

કહેવાનું કે શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો તો દેહથી દુઃખ ભોગવવું પડ્યું. તેની માફક આપણે જો આજ્ઞાનો લોપ કરીશું તો પૂર્વની પેઠે ઘણું દુઃખ ભોગવવું પડશે. માટે ક્યારેય શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કરવો નહિ એ જ કહેવાનો સિદ્ધાંત છે. ॥૧૪૭॥

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજ શ્રીગોપીનાથજીનું મંદિર કરાવતા હતા. તે વખતે કેટલાક હરિભક્તો શ્રીજીને પ્રસન્ન કરવા માટે અનુક્રમે રસોઈયો આપતા

હતા. તેથી ગામ લાઠીદડના હરિભક્તોએ વિચાર કર્યો કે કારીયાણી, સારંગપુર, ઝમરાળા વિગેરે ગામોના હરિભક્તો ગઢડે રસોઈ આપી આવ્યા. માટે આપણે પણ મોતીયા જલેબીની રસોઈ ગઢડે જઈને આપી આવીએ. એમ વિચારતા સર્વે હરિભક્તોએ રૂપિયા એકઠા કર્યા. તે વખતે તે ગામના રહીશ બ્રાહ્મણે અડધો રૂપિયો હરિભક્તને આપ્યો, ત્યાંના હરિભક્તોની સાથે તે બ્રાહ્મણ ગઢડે આવ્યા.

તે શ્રીજીમહારાજ લીંબડાની નીચે ઉત્તર મુખે ખુરસી ઉપર બેઠા હતા. અને ગોપીનાથજીનાં મંદિરનું કામ ધમધોકાર ચાલતું હતું. તેવામાં તે સર્વે હરિભક્તોએ શ્રીજીને દંડવત્ પ્રણામ કરી પગે લાગીને એમ બોલ્યા જે અમો લાઠીદડથી મોતીયા જલેબીની રસોઈ આપવા આવ્યા છીએ. ત્યારે શ્રીજીમહારાજ કહે જે તમારી મરજી મુજબ કરવું છે કે હું કહું તેમ કરવું છે ?

ત્યારે હરભક્તો કહે જે અમારે તો આપશ્રીને પ્રસન્ન કરવા છે ને આપશ્રી કહો તેમજ કરવું છે. ત્યારે શ્રીજી કહે જે તમે રૂપિયા આપ્યા તેમાંથી અડધા રૂપિયાના અડદ લઈએ ને અડધા રૂપિયાના ઘઉં અને બાજરી લઈએ. અને તે પહોંચે ત્યાં સુધી તમારી રસોઈ કહેવાય. તે સાંભળીને હરિભક્તો કહે જે મહારાજ આપશ્રીની ખુશી. તે વખતે સાથે આવેલો બ્રાહ્મણ બોલ્યો જે ના મહારાજ એમ નહિ થાય. અમારે તો મોતીયા જલેબીની રસોઈ કરાવવી છે. હરિભક્ત ભલે હા પાડે પણ હું ના પાડું છું, તે વાત નહિં બને. રસોઈ કરાવવી હોય તો કરાવો, નહિ તો અમારા રૂપિયા પાછા લઈ જઈશું.

આવું બ્રાહ્મણનું કડક વચન સાંભળીને સર્વે હરિભક્તોને શ્રીજી કહે જે તમારા રૂપિયા મારી પાસે મૂકો. તે વખતે એકઠા કરીને લાવેલા રૂપિયા શ્રીજીમહારાજ આગળ મૂક્યા. તે જોઈને શ્રીજીએ આજ્ઞા કરી જે સૌ સૌના રૂપિયા ઉપાડી લ્યો. તે વખતે પોતપોતાના રૂપિયા ઉપાડી લીધા ને અડધો પડ્યો રહ્યો. તે જોઈને મહારાજ કહે જે આ અડધો કેનો છે ? જેનો હોય તે ઉપાડી લ્યો. ત્યારે બ્રાહ્મણ કહે જે તે અડધો મારો છે. ત્યારે મહારાજ કહે જે તમારા અડધા રૂપિયાની મોતીયા જલેબી કરાવો.

તે સાંભળીને ઘણો જ શરમાઈ ગયો ને શ્રીજીમહારાજ પણ તે ઉપર ઘણાં જ કુરાજી થયા ને તેનો અડધો શ્રીજીએ રાખ્યો નહિ. ને હરિભક્તોના રૂપિયા રાખીને પ્રથમ કહ્યું હતું તે પ્રમાણે લઈને સંતના ઉપયોગમાં વાપર્યા ને હરિભક્તો ઉપર શ્રીજીમહારાજ બહુ જ પ્રસન્ન થયા. ને બ્રાહ્મણ ઉપર કચવાઈ ગયા. તેણે

કરીને તેના કુળમાં સાધારણ સ્થિતિવાળા છે. તેનું કારણ શ્રીજીની આજ્ઞાનો લોપ કર્યો હતો તેથી. કહેવાનું કે શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું. તે જ પરમ મોક્ષનું સાધન છે. ને જે શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કરે છે તેને બ્રાહ્મણની પેઠે પરિણામે જરૂર પસ્તાવું પડે છે. ॥૧૪૮॥

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજ કેટલાક હરિભક્તો તથા પાળાઓ સહિત ઓરડીમાં બિરાજમાન હતા. તે સમે શ્રીજીને શરીરે કાંઈ કસર જેવું જણાતું હતું. તેથી એમ બોલ્યા જે મારે લક્ષ્મીવાડીએ તથા ભક્તિબાગે જવું હતું પણ આજ નહિ જવાય. તમે સહુ ઊઠી જાઓ તો હું બે ઘડી સૂઈ જઉં. આવી શ્રીજીની આજ્ઞાથી સર્વે ઊઠી ગયા ને શ્રીજીમહારાજ પોઢી ગયા. પણ પગમાં કળતર થવાથી ચેન વળે નહિ. તે વખતે એક હરિભક્ત દર્શન કરવા આવ્યા. તેના સામું જોઈને શ્રીહરિએ પોતાની પાસે બોલાવ્યા ને કહે જે મને કળતર બહુ થાય છે માટે મારા બરડા ઉપર તમે પગથી દાબો તો કળતર મટી જાય.

તે સાંભળીને તે ભક્ત બોલ્યા જે આપશ્રી તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ ભગવાન છો. તે તમારા વાંસા ઉપર મારાથી પગ કેમ મુકાય ? હું તમારા બરડા ઉપર પગ મૂકું તો મને અપરાધ થાય. તે સાંભળીને શ્રીહરિ કહે જે મારી આજ્ઞાથી પગ મૂકવામાં તમને અપરાધ થશે નહિ. તો પણ તે ભક્તે તે શ્રીજીની આજ્ઞાનો લોપ કરીને વચન માન્યું નહિ. ત્યારે શ્રીજી કહે મારી જીભ ઉપર પગ મૂકવાથી તમને અપરાધ થતો નથી ને બરડા ઉપર પગ મૂકવાથી અપરાધ થાય છે ? મારી આજ્ઞાનો લોપ કરવો તે જીભ ઉપર પગ મૂક્યો ગણાય. તે આજ્ઞાનો લોપ કર્યો તેનો અપરાધ તમો ગણતા નથી. આમ કહ્યા છતાં તે ભકત શ્રીજીને પગે લાગીને ચાલી નીકળ્યો.

તેથી શ્રીજી તેના ઉપર બહુ જ કુરાજી થઈ ગયા ને થોડી વાર પછી મૂળજી બ્રહ્મચારી તથા આનંદાનંદ બ્રહ્મચારી બે જણ શ્રીજી પાસે આવ્યા, તેમને શ્રીજ કહે જે મારું શરીર આજ બહુ જ દુઃખે છે, તેથી એક હરિભક્તને મેં કહ્યું જે મારા વાંસા ઉપર પગ મૂકીને કળતર થાય છે તેથી દાબો એમ કહ્યા છતાં મારી આજ્ઞાનો લોપ કરીને મારાં દર્શન કરીને ગયા. ત્યારે મૂળજી બ્રહ્મચારી કહે આપશ્રીની આજ્ઞા હોય તો આ આનંદાનંદ બ્રહ્મચારી આપશ્રીની મરજી મુજબ દાબે. ત્યારે શ્રીજીની આજ્ઞા પ્રમાણે આનંદાનંદજીએ શ્રીજીમહારાજનું શરીર દાબ્યું. તેથી શ્રીહરિ આનંદાનંદ બ્રહ્મચારી ઉપર બહુ જ રાજી થયા. કહેવાનું કે સમય પ્રમાણે શ્રીહરિ

આજ્ઞા કરે તે મુજબ જે માણસ સેવા કરે છે તેના ઉપર શ્રીજીની બહુ જ પ્રસન્નતા થાય છે ને જે આજ્ઞાનો લોપ કરે છે તેના ઉપર શ્રીહરિની પ્રસન્નતા થતી નથી. માટે શ્રીજીની આજ્ઞાનો લોપ કરવો નહિ. ॥૧૪૯॥

ગામ ગઢપુરથી શ્રીજીમહારાજ એક વખત કેટલાક પાળાઓ તથા કાઠીમંડળે સહિત કારીયાણી પધાર્યા. તે શ્રીહરિ વસ્તાખાચરના દરબારની અક્ષર ઓરડીમાં ઊતર્યા ને વસ્તાખાચર આદિક હરિભક્તો શ્રીજીનાં દર્શન કરીને પાસે બેઠા. તે વખતે વસ્તાખાચર શ્રીજીને કહે જે આપશ્રી મારા ઉપર દયા કરીને અત્રે પધાર્યા તેથી મને ઘણો જ આનંદ થયો છે. માટે આ ફાગણ માસ પૂરો થાય ત્યાં સુધી અહીં રહો. ત્યારે શ્રીજી કહે જે અમારાથી રોકાવાય તેમ નથી ને તમે પણ મારી સાથે વડતાલ ચાલો. ને ચૈત્રનો સમૈયો કરીને તુરંત પાછા આવીશું.

તે સાંભળીને વસ્તાખાચર કહે જે હાલ મારાથી આવી શકાય તેમ નથી, કારણ કે હું નવા ઓરડા કરાવું છું. ને તે થોડા દિવસમાં પૂરા થઈ રહે તેમ છે. તેને મળાવીને તથા નળીયાં તેના ઉપર ચડાવીને આપણે સહુ સાથે જઈશું. ત્યારે શ્રીજીમહારાજ કહે જે મારે ઉતાવળ છે. માટે તમે મારી સાથે તૈયાર થાઓ. તોપણ મહારાજશ્રીની મરજી જાણી શક્યા નહિ તેથી શ્રીજીને ના કહી. ને કહે જે આપશ્રી સુખેથી વડતાલ પધારો. હું કામ પૂરું થશે કે તુરંત જ વડતાલ સમૈયા ઉપર આવીશ. તેથી શ્રીજી ત્યાંથી વડતાલ પધાર્યા ને દૈવ ઈચ્છાથી માવઠું થવાથી માટીના ચણેલ ઓરડા પડી ગયા. ને બીજા કરવાનો આરંભ કર્યો ત્યાં સમૈયો નજીક આવી ગયો પણ કામ અધૂરું મૂકીને વડતાલ જઈ શક્યા નહિ.

ને શ્રીહરિ વડતાલમાં સમૈયો કરીને પાછા ગઢપુર પધારતાં રસ્તામાં કારીયાણી પધાર્યા તે સાંભળીને વસ્તાખાચર તથા સર્વે હરિભક્તો શ્રી હરિના સામા જઈને પોતાના દરબારમાં તેડી લાવ્યા ને છપરપલંગ ઉપર શ્રીજીને પધરાવ્યા. પછી વસ્તાખાચર શ્રીહરિની પાસે હાથ જોડીને બેઠા તે સમે શ્રીજી કહે જે દરબાર તમે સમૈયા ઉપર કેમ ન આવ્યા ? ત્યારે વસ્તાખાચર કહે કે, આપશ્રી ગયા પછી અચાનક વરસાદ થવાથી નવા ચણાવેલ ઓરડા પડી ગયા ને આ બીજા કરવાનું કામ ચાલે છે. ત્યારે શ્રીજી કહે કે અમારી આજ્ઞા માની હોત તો ને અમારી સાથે આવ્યા હોત તો ઈંદ્ર કોપાયમાન થાત નહિ ને આટલાં ખરચમાં તમારે ઊતરવું પડત નહિ. તેમજ સમૈયામાં દેશ દેશાંતરથી આવેલ હરિભક્તોનાં તથા બેઉ દેશમાંથી આવેલા ત્યાગીઓનાં દર્શનનો લાભ તમે ચૂક્યા. ને બે પ્રકારની તમારે ખરેખરી ખોટ આવી.

ત્યારે વસ્તાખાચર કહે જે હું પણ જાણું છું જે આપશ્રીની આજ્ઞાનો લોપ કર્યો તેથી જ મારા મકાન પડી ગયા. ને સમૈયામાં દર્શનનો લાભ ગયો તે મારે મોટી ખોટ આવી. ત્યારે શ્રીજીમહારાજ કહે જે તમે પણ જાણો છો ખરા જે શ્રીજીની આજ્ઞાનો લોપ કરવાથી દુઃખ થાય છે. કહેવાનું કે વસ્તાખાચર શ્રીહરિના એકાંતિક ભક્ત હતા પણ સમય પ્રમાણે શ્રીહરિની આજ્ઞા લોપવાથી ખોટમાં ઊતરવું પડ્યું. માટે શ્રીજીમહારાજની નાનીમોટી આજ્ઞાનું યથાર્થ પાલન કરવું, જેથી શ્રીજી અખંડ પ્રસન્ન રહે ને પસ્તાવો કરવો પડે નહિ. ॥૧૫૦॥

ગામ મછીયાવમાં ગરાસીયાં ફઈબા શ્રીસહજાનંદસ્વામીના નિશ્ચયવાળાં હતાં ને તેમનાં માતપિતા રામાનંદ સ્વામીનાં એકાંતિક ભક્ત હતાં. ને રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી શ્રીજીના સ્વરૂપનો ખરેખરો દ્રઢાવ થયો હતો ને શ્રીજીમહારાજની સેવા તન, મન, ધનથી બહુ જ કરતાં હતાં ને જેવાં જેતલપુરમાં ગંગામા તથા ધર્મપુરમાં કુશળકુંવરબા તેમના જેવાં જ શ્રીજીનાં એકાંતિક ભક્તરાજ થયાં હતાં ને શ્રીજીને પોતાને ગામ તેડાવીને ઘણું ધન ખરચીને સમૈયા કરાવતાં હતાં. તે ફઈબાને પુત્ર પણ તેમના જેવા હતા ને પુત્રને ગામ મેલનસર (મેલાસણ) પરણાવ્યા હતા. તે બાઈને ફોઈબાને યોગથી સત્સંગ સર્વોપરી થયો હતો. ને હળીમળીને કથાવાર્તા શ્રીજીનું ભજન કરતાં હતાં.

તે બેઉ બાઈઓને વ્યવહારના પ્રસંગથી પરસ્પર ખેંચતાણ થઈને જયશ્રીસ્વામિનારાયણ કહેવાનો સાંધો પણ રહ્યો નહિ. તેથી દીકરાનાં સ્ત્રી પોતાના મનમાં મૂંઝાઈને પોતાના પીયરમાં ગયાં. તેથી તેમને ફઈબાએ પાછાં બોલાવ્યાં નહિ. તે વાતની શ્રીજીને ખબર પડવાથી થોડા સ્વારો સાથે લઈને તથા કેટલાક સંતો સહિત શ્રીહરિ મછીયાવ પધારતાં રસ્તામાં મેલનસર ગામ આવ્યું. તેની ભાગોળે શ્રીજીએ માણકી ઘોડી ઊભી રાખીને સર્વે સાથે આવેલાને એમ કહ્યું જે તમે સર્વે મછીયાવ આગળથી જાઓ ને રસોઈનો આરંભ કરો. પણ હું આવું ત્યારપછી દાળ, ચોખા ઓરવા.

એમ કહીને ત્યાંથી બે સ્વાર સાથે રાખીને સંતપાળા હરિભક્તને મછીયાવ જવા આજ્ઞા કરી. પછી શ્રીજીએ તે ગામમાં પોતાના સમાચાર કહેવડાવ્યા. તેથી ત્યાંના ગરાસીયાઓ શ્રીજીમહારાજને ધામધૂમથી પોતાના દરબારગઢમાં તેડી ગયા, તે વખતે ફઈબાના દીકરાના ઘરવાળાંને શ્રીજીની ખબર પડવાથી પોતાને મુકામે બોલાવ્યા. ને આડો ચક નાંખીને શ્રીજીને સારુ ખુરસી નખાવીને પોતે ચકની અંદર દર્શન કરવા બેઠાં.

તેવામાં શ્રીજી ત્યાં પધાર્યા ને ખુરસીએ બિરાજમાન થયા. તે વખતે તે બાઈએ પોતાના ભાઈને એમ કહ્યું જે, મારે શ્રીજીને ખાનગી વાત કરવી છે તો શ્રીજી પાસે કોઈ હાલ ન આવે તેવો બંદોબસ્ત કરો. પછી શ્રીજીમહારાજને ફઈબા સંબંધી કેટલીક વાતચીત કરી તે સાંભળીને શ્રીજી તે બાઈને કહે જે હું કહું તેમ તમે કરશો ? કારણ કે તમારે સાસુવહુને પરસ્પર ટંટો થયો છે. તે ટંટો મટાડવા, ને પરસ્પર સ્નેહ કરાવાને માટે હું આવ્યો છું. માટે તમારી મરજી પ્રમાણે જવાબ આપો કે જેથી તમારી ઉપર પ્રસન્ન થાઉં.

આવું શ્રીજીમહારાજનું વાક્ય સાંભળીને બાઈ કહે જે, મારે આપશ્રીને રાજી કરવા છે. તમારી આજ્ઞા ઉપર મારે પગ મૂકવો નથી, કારણ કે પૂર્વે સીતાજીએ રામચંદ્રજીના વચન રૂપી રેખાની ઉપર પગ મૂક્યો હતો, તો તેમને ઘણું દુઃખ થયું હતું તેની માફક તમારી આજ્ઞાનો લોપ કરું તો મારે પણ તેમની માફક દુઃખની ખામી રહે નહિ. માટે આપશ્રીનો રાજીપો હોય તો મારાં સાસુ મારે માથે ખડનો ભારો મૂકીને મને જ્યાં વેચશે ત્યાં હું વેચાઈશ. ને જે મને આજ્ઞા કરશે તે હું કરીશ. ને આજથી મારે લોઢામાં લીટો હતો તે પાણીમાં લીટો છે. હવે આપશ્રી આજ્ઞા કરો તો આપશ્રીની સાથે મછીયાવ આવું. મારે તમારી આજ્ઞા પ્રમાણે વર્તવું છે.

ત્યારે શ્રીજી કહે જે હાલ મારી સાથે તમારે આવવાની જરૂર નથી. હું મછીયાવ જઈને ફઈબાનો મત લઈને તમને બોલાવું ત્યારે તમારે જરૂર આવવું. આવી આજ્ઞા કરીને ત્યાંથી શ્રીજી મછીયાવ પધાર્યા. તે વખતે ફઈબા પોતાના મુકામને બીજે માળે શ્રીબાળમુકુંદજીની પૂજા કરતાં હતાં તેથી શ્રીહરિએ બીજે માળે જઈને ફઈબાને દર્શન દીધાં. તે શ્રીહરિને જોઈને ફઈબા ઘણો આનંદ પામ્યાં ને કહે જે આપશ્રીની પધારવાની અમને બિલકુલ ખબર હતી નહિ. ને અચાનક આપશ્રી પધાર્યા. તેથી હું આપશ્રીએ મારી ઉપર અનુગ્રહ કર્યો હોય એમ માનું છું. ત્યારે શ્રીહરિ કહે જે મારે આવવાનું કારણ તો એટલું જ છે કે તમારે સાસુવહુને પરસ્પર અબોલા છે તેવી વાત અમારી પાસે આવવાથી મારે અહીં આવવાનું થયું છે. માટે હું કહું તેમ તમે કરશો ?

તે સાંભળીને ફઈબાએ જવાબ આપ્યો જે એ વાત મૂકીને બીજી વાત કરો તે પ્રમાણે હું કરીશ અને તમને મેલનસરમાં તે બાઈએ ભરમાવ્યા છે. માટે તે વાત બને તેમ નથી. મારા દીકરાને હું ગમે ત્યાં પરણાવીશ. પણ તે બાઈની મારે

બિલકુલ જરૂર નથી. આવું ફઈબાનું વચન સાંભળવાથી જયસચ્ચિદાનંદ કહીને મેડેથી હેઠા ઊતરી ગયા. ને માણકીએ બેસીને સંત-પાળા-હરિભક્તોને આજ્ઞા કરી જે સર્વે ચાલો અહીં રોકાવું નથી. એમ કહીને જમ્યા વિના ત્યાંથી ચાલી નીકળ્યા.

તે જોઈને ફોઈબાના મનમાં વિચારથયો જે સંત સહિત શ્રીજી જમ્યા વિના જાય તો મારું સારું દેખાય નહિ. તેથી શ્રીજીમહારાજને પાછા વાળવા માટે જવાનો વિચાર કરે છે તેવામાં તેમના દીવાન કહે જે શ્રીસ્વામિનારાયણ તો નવા નવા વેશ કરે છે. તે જમ્યા વિના ક્યાં જવાના છે ? ને બીજે ક્યાં જમવાનું છે ? ને તમે તો ઓઝલવાળાં કહેવાઓ તેથી તમારે શ્રીસ્વામિનારાયણની પછવાડે જવું યોગ્ય નથી. શ્રીસ્વામિનારાયણ તો ગામની ભાગોળે જઈને પાછા આવશે.

આવું દીવાનનું વચન સાંભળીને ફઈબા શ્રીહરિની પછવાડે ગયાં નહિ. ને શ્રીજીમહારાજ સંતોએ સહિત ચાલ્યા ગયા. કહેવાનું કે ફઈબા જ્ઞાની, ધ્યાની, સત્સંગમાં શિરોમણિ હતાં પણ સમય પ્રમાણે શ્રીજીની આજ્ઞાનો લોપ કર્યો તો પાછો શ્રીજીનો મેળાપ થયો નહિ. તેથી અંતઃકરણમાં ખેદનો પાર રહ્યો નહિ. તેની માફક આપણે પણ શ્રીહરિની આજ્ઞાનો લોપ કર્યો તો શ્રીજીના મેળાપને પામશું નહિ. માટે શ્રીજીમહારાજની આજ્ઞામાં રહીને ભજન કરવું એ જ વાતનો સાર છે. ॥૧૫૧॥

ગામ મહેમદાવાદમાં બેચરભાઈ તથા દુર્લભરામ એ બેઉ બ્રાહ્મણો શ્રીજીમહારાજનાં પરમ એકાતિક ભક્તરાજ હતા. ને અખંડ મંદિરમાં ધ્યાન, ભજન, કથાવાર્તા કરતા હતા. ને પરસ્પર બેઉ જણાને સ્નેહ ઘણો જ હતો. ક્ષણ માત્ર જુદા પડાય તો જ્યારે ભેગા થાય ત્યારે શાંતિ થાય. આવા સ્નેહવાળાને કોઈક વ્યવહારના પ્રસંગથી પરસ્પર ખેંચતાણ્ય થવાથી અબોલા થયા. ને લાગ આવે તો એકબીજાનું ઘસાતું પણ બોલે. તેમજ બેચરભાઈ જ્યારે મંદિરમાં માળા ફેરવતો હોય ત્યારે દુર્લભરામ મંદિરની ખડકીએ રહીને ખોંખારો કરે તે સાંભળીને તુરંત જ બેચરભાઈ માથે પાઘડી મૂકીને ઘેર ચાલ્યા જાય. તેવી જ રીતે બેચરભાઈ મંદિરમાં આવે ત્યારે દુર્લભરામ ઘેર ચાલ્યા જાય.

એવી રીતે અણબનાવને લીધે વિરોધ વધતો જાય. તેથી એકબીજાને પરસ્પર શાંતિ નહિ. આ પ્રકારના સમાચાર શ્રીજીમહારાજને વડતાલમાં કોઈક હરિભકતે કહ્યા. તે સાંભળીને બે સ્વારો લઈને મહેમદાવાદ સવારના પહોરમાં શ્રીજી પધાર્યા ને ગામની ભાગોળે ઊભા રહીને શ્રીજીએ બેચરભાઈને બોલાવ્યા. તે બેચરભાઈ

શ્રીહરિના સમાચાર સાંભળીને તુરંત જ શ્રીજીની પાસે આવ્યા. ને દંડવત્ પ્રણામ કરીને શ્રીહરિને પગે લાગ્યા ને પૂછ્યું જે આપશ્રી ક્યાંથી આવો છો ને ક્યાં પધારો છો ? તે સાંભળીને શ્રીજી કહે જે હું વડતાલથી આવું છું કારણ કે તમારે બેને પરસ્પર વિરોધ ચાલે છે માટે મારે તમને બેઉને પરસ્પર બોલતા કરવા છે ને જે વાંધો હોય તે મારી આજ્ઞાથી તમો મૂકી દ્યો. તેથી હું તમારી ઉપર બહુ પ્રસન્ન થઈશ કારણ કે હરિભક્તને પરસ્પર વિરોધ જોઈએ નહિ. ને જે રાખે તે હરિભક્ત કહેવાય નહિ.

તે સાંભળીને બેચરભાઈ કહે જે મારે તો આપશ્રીને પ્રસન્ન કરવા છે. માટે જેમ આજ્ઞા કરો તે પ્રમાણે કરવા ખુશી છું તેમજ આપશ્રી કહેતા હો તો દુર્લભરામના જોડા મારે માથે મૂકું ને મોઢામાં ઘાસ લઈને તેમને દંડવત્ પ્રણામ કરીને માફી માગું. હવે જેમ આપશ્રીની આજ્ઞા. બીજું મારી પાઘડી દુર્લભરામ હાથમાં લઈને મને જયશ્રીસ્વામિનારાયણ કહે તેમ હું તેમને કહું ને પાણીમાં લીટો કરીએ.

આવું સાંભળીને બેચરભાઈ ઉપર શ્રીહરિ બહુ પ્રસન્ન થયા ને કહે જે બેચરભાઈ તમને ધન્ય છે. તમે મારી મરજી બરાબર સાચવી તેથી હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. એમ કહીને દુર્લભરામને બોલાવ્યા ને દુર્લભરામ દંડવત્ કરીને પગે લાગ્યા ને શ્રીજીને કહે જે શી આજ્ઞા છે ? ત્યારે શ્રીહરિ કહે જે તમારે ને બેચરભાઈને અબોલા છે તે મૂકી દ્યો. ને હું કહું તેમ કરો ને મેં બેચરભાઈને પૂછી જોયું ત્યારે તે કહે જે હું દુર્લભરામના જોડા માથે મૂકીને મોઢામાં ઘાસ લઈ દંડવત્ કરી પગે લાગીને માફી માગું તેમ તેમણે કબૂલ કરેલું છે. તો તમારે મને રાજી કરવો હોય તો ને મારી આજ્ઞા પાળવી હોય ને વિરોધ મટાડવો હોય તો બેચરભાઈની પાઘડી તમારા હાથમાં લઈને તેમને તમે જયશ્રી સ્વામિનારાયણ કહો. તે વખતે બેચરભાઈ સાંભળે તેવી રીતે દુર્લભરામ શ્રીજીમહારાજને કહે જો હું બેચરભાઈની પાઘડી હાથમાં લઈને ક્યારેય પણ જયશ્રી સ્વામિનારાયણ કહીશ નહિ. હવે આ સિવાય બીજી આજ્ઞા હોય તો કહો.

તે સાંભળીને શ્રીહરિ ઘણાં કુરાજી થઈ ગયા ને ત્યાં ન રોકાતાં તુરંત જ વડતાલ ગયા. ત્યાર પછી દુર્લભરામને પોતાના દીકરા ભગવાનજીને પરણાવવા જવું હતું તે વખતે તેમના સંબંધી કહે જે બેચરભાઈ જાનમાં આગેવાન થાય તો અમારે આવવાની હા છે. નહિતર બેચરભાઈને મૂકીને અમે જાનમાં આવીશું નહિ. તે સાંભળીને ગરજે ગાંગો શેઠ ને ન ગરજે ગાંગલો એ પ્રમાણે ગરજ

પડવાથી ખરા સમયમાં દુર્લભરામ બેચરભાઈની પાસે જઈ દંડવત્ કરી પગે લાગી માફી માગીને જાનમાં અગ્રેસર કરીને ધામધૂમથી પોતાના દીકરાને પરણાવ્યો. ને અબોલાનો ત્યાગ કર્યો.

તે સમાચાર શ્રીજીને મળવાથી શ્રીહરિ કહે જે જીવનો કેવો સ્વભાવ છે ? હું પોતે ખાસ મહેમદાવાદ ગયો તે વખતે મારી આજ્ઞાનો લોપ કર્યો ને પછીથી ગરજ પડવાથી એકતા કરી તે બહુ સારું કર્યું. કહેવાનું કે બેચરભાઈને ખરા સમયમાં શ્રીજીમહારાજનો રાજીપો લેતાં આવડ્યો, ને દુર્લભરામને પ્રસન્નતા મેળવતાં આવડી નહિ. તેથી દુર્લભરામ ઉપર શ્રીજી કુરાજી થયા ને બેચરભાઈ ઉપર પ્રસન્ન થયા. માટે કુરાજી ન કરતાં જેમ બને તેમ શ્રીહરિને પ્રસન્ન કરવામાં આપણો મોક્ષ છે. ॥૧૫૨॥

ગામ ડભાણમાં શ્રીજીમહારાજે યજ્ઞ કર્યો. ત્યારે પ્રથમ અગ્રેસર હરિભક્તોને બોલાવ્યા હતા. તેથી લિંબડીથી મુળજીભાઈ શેઠને બોલાવવાથી આવ્યા હતા. તેમને શ્રીજીએ યથાયોગ્ય ક્રિયા સોંપી હતી. તેથી યજ્ઞની સમાપ્તિ સુધી તનમનથી સેવા કરી હતી. તેથી તેમનાં ઉપર શ્રીજી બહુ રાજી થયા ને મુળજીભાઈને કહે જે તમે યજ્ઞમાં સેવા બહુ સારી કરી માટે મારો તમારા ઉપર બહુ રાજીપો થયો છે. તેથી તમારે મારી પાસે જે કાંઈ માગવું હોય તે માગો. તે સાંભળીને મુળજીભાઈ કહે જે આપશ્રીની આજ્ઞા હોય તો મારે આજથી સાંખ્ય વર્તમાન પાળવું છે.

તે સાંભળીને શ્રીહરિ કહે જે તમારે વ્યવહારમાં રહેવું તે પળાય નહિ. તમે ગૃહસ્થના ધર્મ બરાબર પાળો ને એકપત્ની વ્રત રાખો. તે સાંખ્યથી પણ સર્વોત્તમ છે. ત્યારે મુળજીભાઈ કહે જે આપશ્રી આજ્ઞા કરો અથવા આજ્ઞા ન કરો તોપણ મારે તે વ્રત પાળવું છે. તે સાંભળીને શ્રીજી કહે જે, તે વ્રત તમારાથી પળાશે નહિ. પછી જેવી તમારી મરજી. આમ કહ્યા છતાં શ્રીહરિની શી મરજી છે તે ઉપર અનુસંધાન ન રાખતાં પોતાના મનમાં જે ધાર્યું હતું તેનો ત્યાગ કર્યો નહિ. ને ડભાણથી શ્રીજીમહારાજની આજ્ઞા લઈને પોતાને ઘેર ગયા. ને પોતાની સ્ત્રીને કહે જે મેં આવું વ્રત ધારણ કર્યું છે. તે સાંભળી તેમની સ્ત્રીને સારું લાગ્યું નહિ. તો પણ કહે જે ભલે જેમ આપની મરજી. હું પણ શ્રીજીને પ્રસન્ન કરવા સારુ આજથી સાંખ્યયોગનું વ્રત ધારણ કરું છું. એમ તે બાઈએ પણ નિયમ ધારણ કર્યો.

તેને કેટલાક માસ વીત્યા પછી મુળજીભાઈ શેઠને કામવાસના ઉત્પન્ન થઈ તેથી પોતાની વૃત્તિમાં ફેર પડ્યો. તે જોઈને તેમની સ્ત્રીએ ખાનગી રીતે ઠપકો આપ્યો. તેથી પોતાના મનમાં પશ્ચાત્તાપ કરીને ડભાણ આવ્યા. તે વખતે શ્રીહરિ સભામાં બેઠા હતા, ને કેટલાક દેશાંતરોના હરિભક્તો શ્રીજીની પાસે બેઠા હતા. તે મુળજીભાઈ શેઠને આવતા જોઈ હરિભક્તોને શ્રીજી કહે જે મુળજીભાઈ શેઠ, અણીશુદ્ધ વર્તમાન પાળીને આવે છે માટે માગ દ્યો.

આવું શ્રીહરિનું છાનું વચન સાંભળીને ઝંખવાઈ ગયા ને શ્રીજીને પગે લાગીને કહે જે આપશ્રીની મરજી નહોતી તો તે વિશે મારે વિચારવા જેવું થયું. તે વખતે શ્રીજી કહે જે મારી આજ્ઞાનો લોપ કરીને પોતાના મનની ખુશી પ્રમાણે જે કરવા ધારે તેમાં તેને પસ્તાવું પડે છે. ને જે મારો અભિપ્રાય જાણીને તે પ્રમાણે વર્તે છે તેને પસ્તાવું પડતું નથી. કહેવાનું કે મુળજીભાઈને શ્રીજીએ ના કહી હતી તોપણ શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો તો કેટલીક વાતે પસ્તાવું પડ્યું હતું. માટે આપણે પણ પસ્તાવું ન પડે તેવી રીતે શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વર્તવું. ॥૧૫૩॥

ગામ લોજમાં સંવત ૧૮૫૬ની સાલમાં શ્રી નીલકંઠ બ્રહ્મચારી પધાર્યા હતા. તે વખતે સુખાનંદ સ્વામીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીનો મેળાપ થયો હતો. ને ઘણાં આગ્રહથી બ્રહ્મચારીને રામાનંદ સ્વામીની જગ્યામાં લઈ ગયા. ને મુક્તાનંદ સ્વામીનો મેળાપ કરાવ્યો. ને રામાનંદ સ્વામી ધામમાં ગયા પછીથી શ્રીજીમહારાજની આજ્ઞામાં સુખાનંદ સ્વામી રહ્યા હતા. ને મહા સમર્થ હતા. તે સુખાનંદ સ્વામીને એક વખતે એવો વિચાર થયો જે, મને આ લોકમાં જન્મ આપનાર મારાં માતાપિતાની પાસે જઈને તેમને શ્રીજીમહારાજનો પરિપક્વ નિશ્ચય કરાવું તો ઠીક. એમ ધારીને ખાનગી રીતે શ્રીજીને કહે જે મને આવો સંકલ્પ થયો છે. જો આપશ્રી આજ્ઞા કરો તો સત્સંગ કરાવીને પાછો આવું.

ત્યારે શ્રીજી કહે જે દૂર દેશમાં તમારે જવાની જરૂર નથી. ને મારા સંકલ્પથી તમારાં માતાપિતાને સત્સંગ થશે ને તમે સત્સંગમાં રહો. વળી આ શરીરનો નિરધાર નહિ. અચાનક નાશ થઈ જાય તેવું છે. આ વખતે તમારે મારો કાયમ સંબંધ છે. ને મારે તમારે વિશે ઘણી પ્રીતિ છે. તમે કરેલા ઉપકારને હું વારંવાર સંભારું છું. ને તમે રામાનંદ સ્વામીના શિષ્ય છો ને હાલ અમારા પણ છો તેથી હું તમને જન્મભૂમિમાં જવાની ના પાડું છું. વળી ત્યાગીએ પોતાની જન્મભૂમિમાં ક્યારેય જવું નહિ. જો જાય છે તો બંધન થાય તથા માનને ગુમાવે છે તેથી ગ્રંથોમાં ત્યાગીને જન્મભૂમિમાં જવાની ના પાડી છે.

આ પ્રકારે કહ્યું છતાં સમૂહમાં ન રોકાતાં પૂછ્યા સિવાય ચાલી નિસર્યા. તે ચાલતાં ચાલતાં ઘણે દિવસે સુખાનંદ સ્વામી મથુરામાં આવ્યા. ત્યાં કાયસ્થ-લક્ષ્મીદાસની જગ્યામાં ઉતારો કર્યો. ત્યાં થોડા દિવસ રહીને લક્ષ્મીદાસ વિગેરે ઘણા મુમુક્ષુને શ્રીજીમહારાજના જન્મની તથા ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય તથા ભક્તિની વાર્તાઓ કરવાથી લક્ષ્મીદાસભાઈને શ્રીહરિનો નિશ્ચય થયો. તેથી સુખાનંદ સ્વામીના હાથથી વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ પ્રગટ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા હતા. ને બીજા બે મુમુક્ષુઓ પોતાના ઘરબારનો ત્યાગ કરી સુખાનંદ સ્વામીના શિષ્ય થઈ ને રહ્યા. તે મુમુક્ષુને સુખાનંદ સ્વામીએ દીક્ષા આપીને સાધુ કરીને એક જણનું નામ નાના ગોપાળાનંદ તથા બીજાનું નામ રામાનુજાનંદ પાડ્યું ને પોતાની સેવામાં રાખ્યા.

આવી રીતે બે શિષ્યોએ સહિત સુખાનંદ સ્વામી મથુરામાંથી ચાલવાના થયા ત્યારે, લક્ષ્મીદાસભાઈએ આપવા માંડેલું સોનું લીધું નહિ પણ શ્રીજીમહારાજને આપવાની બે અત્તરની શીશીઓ આપી તે પોતાની પાસે રાખી ને વળી શિષ્યોએ સહિત સુખાનંદ સ્વામીને લક્ષ્મીદાસ કહે જે મારા વતી શ્રીસ્વામિનારાયણ ભગવાનને કહેજો કે, મને શ્રીજીમહારાજ સ્વારીએ સહિત દર્શન દેવા પધારે ને ગઢપુરથી મથુરા આવતાં જતાં જે ખર્ચ થશે તેને હું આપીશ. આવી રીતે કહ્યા પછી લક્ષ્મીદાસભાઈએ વળાવ્યા એવા સુખાનંદ સ્વામી મથુરાથી ઉજૈન ગયા. ત્યાં શિષ્ય સહિત એક ધર્મશાળામાં ઉતારો કર્યો.

પછી થોડા દિવસ ત્યાં રહ્યા તેટલાકમાં સુખાનંદ સ્વામી ઉજૈનમાં દેહ ત્યાગ કરી અક્ષરધામમાં ગયા ને માતપિતાને મેળાપ થયો નહિ. પછી બેઉ શિષ્યો ઉજૈનથી ફરતા ફરતા ગઢપુર આવી દાદાખાચરના દરબારમાં રહેલી અક્ષર ઓરડીમાં રહેલા શ્રીહરિને દંડવત્ પ્રણામ કરી પગે લાગી શ્રીજી પાસે બેઠા. ત્યારે મહારાજે પૂછ્યું કે તમે કેના સાધુ છો ? પછી નાના ગોપાળાનંદ તથા રામાનુજાનંદ કહે અમે સુખાનંદ સ્વામીના શિષ્ય છીએ ને સ્વામીએ ઉજૈનમાં દેહત્યાગ કર્યો જેથી અમે બન્ને આપની પાસે તેમના કહેવાથી આવ્યા છીએ.

આવું કહીને મથુરાના કાયસ્થ લક્ષ્મીદાસભાઈએ આપેલી બે અત્તરની શીશીઓ આપી તથા મને દર્શન દેવા પધારે એવા સમાચાર સાંભળીને શ્રીજીમહારાજ કહે કે આ જન્મમાં લક્ષ્મીદાસને અમારો પ્રત્યક્ષનો મેળાપ થશે નહિ, પણ બીજે જન્મે થશે ને આગ્રહ કરીને આવશે તો રસ્તામાં મરણ પામશે

ને બીજો જન્મ કારીયાણીમાં નથુ પટેલ થશે, ત્યારે અમારો મેળાપ થશે. આવી રીતે સુખાનંદ સ્વામીના શિષ્યોને શ્રીજીમહારાજે વાત કરીને તે બન્ને શિષ્યોને પોતાની પાસે રાખ્યા. કહેવાનું કે સુખાનંદ સ્વામી મહાસમર્થ હતા ને શ્રીજીની મૂર્તિમાં અખંડ તલ્લીન રહેતા પણ સમયાનુસાર શ્રીજીનો શું અભિપ્રાય છે તેનું અનુસંધાન નહિં રહેવાથી આવો સર્વોત્તમ સત્સંગનો ત્યાગ કરવાથી પરિણામે અંતર્યાળ મૃત્યુ થયું. માટે આપણે પણ સમયસૂચક થવું ને શ્રીજીમહારાજનો શું અભિપ્રાય છે તેનો વિચાર કરીને વર્તવું પણ મનનાં કહ્યા પ્રમાણે સાહસિક કામ કરવું નહિ ને જો કરાય છે તો પસ્તાવાનો પાર રહેતો નથી. ॥૧૫૪॥

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં સાંજ સમે લીંબડા નીચે સભા કરીને બેઠા હતા. તે વખતે મુક્તાનંદ સ્વામીને શ્રીજી કહે જે આપની મરજી હોય તો સર્વે ગવૈયાની પાસે ગાવણું કરાવીએ. ત્યારે સ્વામી કહે જે આપશ્રીની મરજી એ મારી મરજી, હું તેમાં ઘણો ખુશી છું. પછી શ્રીજીમહારાજે ગવૈયાઓને આજ્ઞા કરી જે તમો સહુ સહુના વાજીંત્ર લઈને ગાયન કરવા આવો. તે સમે મુક્તાનંદસ્વામી પણ સારંગી લઈને શ્રીજીની સામે બેઠા તેમજ બ્રહ્માનંદ સ્વામી તથા દેવાનંદસ્વામી તથા જોગાનંદ સ્વામી તથા પ્રેમાનંદસ્વામી, આધારાનંદસ્વામી, નાના પ્રજ્ઞાનાનંદસ્વામી તથા જ્ઞાનાનંદસ્વામીએ આદિક ગવૈયાઓ શ્રીજીમહારાજની આજ્ઞાથી ગાયન કરવા લાગ્યા.

તે સમે ગવૈયા ભવાનાનંદ સ્વામી સારંગી લઈને આવ્યા. તેમણે એવો વિચાર કરેલ જે મુક્તાનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામી એ બેઉની વચ્ચે આજ મારે બેસીને ગાયન કરવું છે, નહિતર ગાયન કરવું નથી. એવો ઠરાવ કરીને સભામાં મુક્તાનંદ સ્વામીની પછવાડે ઊભા રહ્યા. તે વખતે શ્રીજીમહારાજની મરજી ન હોવાથી બેસવાનો માગ કોઈએ આપ્યો નહિ કારણ કે તે સંતને બહુ જ માન હતું ને વળી તેમણે સંકલ્પ કરેલો તેને શ્રીજીએ અંતર્યામીપણે જાણી લીધેલ હતો. તેથી શ્રીહરિએ તે વખતે બિલકુલ સત્કાર કર્યો નહિ તેથી ભવાનાનંદ સ્વામીએ જાણ્યું કે શ્રીજીએ સહિત સર્વેએ મારું અપમાન કર્યું. આવું જાણ્યું હોત તો હું આ સભામાં આવત જ નહિ.

આવો વિચાર કરે છે તેટલાકમાં શ્રીજીએ મુક્તાનંદસ્વામીને કહ્યું જે હે મુક્તાનંદ સ્વામી તમે માનની મૂર્તિ પ્રત્યક્ષ જોઈ છે ? ન જોઈ હોય તો તમારી પછવાડે ઊભા તે સાક્ષાત્ માનની મૂર્તિ છે ને તેમનો રાગ તો મારા મળ દ્વારે

નીકળે તેવો છે પણ માનનો પાર નથી. આવું શ્રીહરિનું વચન સાંભળ્યું કે તુરંત જ સભામાંથી ચાલી નીકળ્યા. તે જોઈને શ્રીજી મુક્તાનંદ સ્વામીને કહે જે ભવાનાનંદ સ્વામીને પાછો વાળો. તે સાંભળીને મુક્તાનંદ સ્વામી દાદાખાચરની ડેલીએથી આગ્રહ કરીને હાથ ઝાલીને શ્રીજીની પાસે લાવ્યા.

તે વખતે શ્રીહરિ કહે જે તમે સત્સંગમાં રહો ને આ ગાયનનો ગુણ મારા આશીર્વાદથી સત્સંગમાં તમે શીખ્યા છો તે ગાયનનો ગુણ સત્સંગમાં રહેશો તો તમને ઉપયોગમાં આવશે ને સત્સંગથી બહાર નીકળશો તો સત્સંગનો ગુણ સત્સંગમાં રહેશે. તમને ઉપયોગમાં આવશે નહિ. તે સાંભળીને શ્રીજીને કહે જે હું તો મોટા રાજાને રીઝવું તેવો છું ને આ ગવૈયા કરતાં હું ઉસ્તાદ છું. મારા જેવો ગાયનનો ગુણ કેણે સિદ્ધ કરેલો છે ? માટે હું આ મંડળીમાં શોભું નહિ. ગાયનનો ગુણ છે તો ગમે ત્યાં મારો નિભાવ કરીશ. પણ હવે મારે આ સત્સંગમાં રહેવું નથી. ત્યારે મુક્તાનંદ સ્વામી તથા શ્રીજીમહારાજ કહે જે અમારી આજ્ઞા માનીને સત્સંગમાં રહો તો બહુ સારું. નહિતર પાછળથી પસ્તાવું પડશે.

આ પ્રકારે બહુ કહ્યું છતાં શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો ને માનને લીધે સત્સંગનો ત્યાગ કરીને પોતાની ઈચ્છા મુજબ ચાલ્યા ગયા. ને ભવાનાનંદ સ્વામીને છ માસ વીત્યા પછી શરીરમાં ગરમાઈનો રોગ ઉત્પન્ન થયો. તે રોગનો કોઈ પડછાયો પણ લે નહિ એવો પત્તનો રોગ થયો. તેથી હાથમાં કામઠી ઝલાય નહિ માટે ગાયન શી રીતે કરી શકે ? સત્સંગનો ગાયનનો ગુણ પોતાને કાંઈ ઉપયોગમાં આવ્યો નહિ. તેથી વારંવાર પસ્તાવો કરતા હતા. એમ કરતાં કરતાં માલેગામ ગયા. ત્યાંના હરિભક્તોએ શ્રીજીમહારાજના મળેલા સંત જાણીને ત્યાં રાખ્યા ને બનતી સેવા કરી ને માલેગામમાં ભવાનાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો.

કહેવાનું કે ખપથી ઘર મૂકીને ભેખ ધારણ કર્યો હતો ને ગાયનનો ગુણ સિદ્ધ કર્યો પણ એક માન મુખ્ય રાખ્યું તો શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો તથા મુક્તાનંદ સ્વામીના વચનનો અનાદાર કર્યો હતો. તેથી મોટા ક્લેશને પામ્યા ને પસ્તાવું પડ્યું. માટે ગુણને લીધે કરીને માનને પેસવા દેવું નહિ ને જો માન હશે તો આ સત્સંગનું સુખ લેવાશે નહિ ને ભવાનાનંદ સ્વામીની પેઠે ગુણ હશે તે દોષરૂપ થઈ જશે. માટે શ્રીજીમહારાજની આજ્ઞામાં રહીને શ્રીહરિને ભજીને સુખ લેવું પણ શ્રીસ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાનો લોપ થવા દેવો નહિ તે જ સિદ્ધાંત છે. ॥૧૫૫॥

પૂછ્યા સિવાય વસ્તુ લીધેલી તે વિષે વાર્તાઓ

ગામ હાટીના માળીયામાં લવાણા મુળજીભાઈ સત્સંગી થયા પહેલાં ચોરીનો ધંધો કરતા હતા. ને ચોર લોકોમાં મુખીયા ગણાતા હતા. તેમને પૂર્વ સંસ્કારથી શ્રીજીમહારાજનો યોગ થયો તેથી તેમને એવો વિચાર થયો જે હવે હું આ ચોરીના ધંધાનો ત્યાગ કરીને શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત થાઉં તેથી મારાં સર્વ પાપ બળીને ભસ્મ થઈ જશે.

આવો વિચાર પોતાના મન સંગાથે ચોક્કસ કરીને શ્રીજીમહારાજ પાસે આવ્યા, ને કહે જે મને વર્તમાન ધરાવી તમારો એકાંતિક ભક્ત કરો. ત્યારે શ્રીજી કહે જે અમારા વર્તમાન પાળવા ઘણાં જ કઠણ છે. માટે તમારાથી પળાય નહિ ને તમે તો ચોરના મુખીયા છો તેમ સહુ કોઈ જાણે છે. માટે તમારાથી તે વર્તમાન રહેશે નહિ. ત્યારે મુળજીભાઈ કહે જે મને તમે પ્રત્યક્ષ ભગવાન મળ્યા માટે ચોક્કસ તમારાં આપેલ વર્તમાન પાળીશ.

આવું કહેવાથી શ્રીજીમહારાજે તેમને વર્તમાન ધરાવીને પાંચ વર્તમાન કહેતા હવા કે દારૂ પીવો નહિ, માંસ ખાવું નહિ, ચોરી કરવી નહિ, પરસ્ત્રીનો સંગ કરવો નહિ, વટલવું નહિ ને વટલાવવું નહિ. આ પાંચ વર્તમાન પાળવાં. આમ કહીને કંઠી પેરાવીને સત્સંગી કર્યા.

પછી એ મુળજીભાઈ ઘણે ભાગે શ્રીજીમહારાજનો તથા સંતનો સમાગમ કરવા સાથે રહેતા હતા. એક દિવસ કોઈ ગામની બે ડોસીઓ પોતાના પહેરવાના દાગીનાઓ શ્રીજીમહારાજને અર્પણ કરવા આવી. તે બેઉ ડોસીઓએ પોતાના બેઉ ડબા મુળજીભાઈ સંગાથે મોકલ્યા. તે બેઉ ડબાને શ્રીજીમહારાજે ઉઘાડીને જોયા તેમ જ મુળજીભાઈએ પણ ડબાની અંદરના દાગીના જોઈ લીધા. તેથી મનમાં લેવાની ઈચ્છા થઈ. તે મુળજીભાઈનો સંકલ્પ શ્રીજીએ અંતર્યામિપણે જાણી લીધો. તેથી શ્રીજી મુળજીભાઈને કહે જે આ બેઉ ડબા પાછા આપો ને તે ડોસીઓને એમ કહેજો કે હાલ દાગીનાની જરૂર નથી. ને જ્યારે જોઈશે ત્યારે અમે મંગાવી લેશું ને તેને તમે સાચવી રાખજો.

આમ કહીને તે બે ડબા ડોસીઓને અપાવ્યા. તે ડોસીઓ જ્યારે પોતાના ગામ જવા તૈયાર થઈ ત્યારે મુળજીભાઈએ તે ડોસીઓનું ગામ તથા નામ પૂછી

લીધું. ને ડોસીઓ પોતાને ગામ ગઈ. ત્યાર પછી થોડા દિવસમાં મુળજીભાઈ શ્રીજીમહારાજને કહે જે મને આજ્ઞા આપો તો હું મારે ઘેર જાઉં. તેથી શ્રીજીએ રજા આપી જેથી ઘેર જવા નીકળ્યા. તે પોતાને ગામ ન જતાં તે ડોસીઓને ગામ ગયા. મુળજીભાઈને જોઈને બેઉ ડોસીઓ બહુ રાજી થઈ ને જમવાને માટે દાળ, ભાત ને કંસાર કર્યો ને આગ્રહપૂર્વક સારીરીતે જમાડ્યા. પછી મુળજીભાઈએ તે ડોસીઓની આગળ રાત્રિના બાર વાગ્યા સુધી શ્રીજીની કેટલીક લીલાની વાતો તથા પરચાની તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની વાતો કરીને કહે જે હવે રાત્રિના બાર વાગ્યા છે માટે તમે સૂઈ જાઓ ને હું પણ સૂઈ જાઉં.

એમ કહીને વિશ્વાસવાળી ડોસીઓને વિશ્વાસ આપ્યો ને ડોસીઓ સૂઈ ગઈ ને મુળજીભાઈ સૂતા નહિ ને જાણ્યું કે આ બેઉ ડોસીઓ સૂઈ ગઈ છે એમ ધારીને મુળજીભાઈએ જે ઠેકાણે ડબા દાટ્યા હતા ત્યાંથી ડબા કાઢી લીધા. ને ખડીયામાં નાખીને ચાલતા થયા. તે દિવસ ઊગ્યો ત્યાં દશ ગાઉ નીકળી ગયા. ડોસીઓ સવારમાં ઊઠીને પોતાના રસોડામાં જુએ છે તો ઢીંચણ સુધીનો ખાડો ચૂલાની આગમણમાં જોયો ત્યારે તે બેઉ ડોસીઓએ વિચાર કર્યો જે દાગીનાવાળા ડબા મુળજીભાઈ લઈ ગયા હશે. તે શ્રીજીમહારાજને આપશે. આપણે આ વાત કોઈને કહેવી નહિ. એમ વિચાર કરીને પોતાના મનમાં સમજી રાખી.

ને મુળજીભાઈ ચાલ્યા જાય છે. તેમને આગળ એક નદી આવી તેથી તે ત્યાં નાહવા રોકાયા. ને નાહીને પૂજા કરવા બેઠા તે વખતે દિવ્ય દેહે બે સ્વારો સહિત શ્રીજીમહારાજ મુળજીભાઈની પાસે આવ્યા. ને માણકીથી નીચે ઊતર્યા ને મુળજીભાઈએ શ્રીજીને દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે મહારાજ મુળજીભાઈને કહે જે અમને ભૂખ લાગી છે. તમારી પાસે કાંઈ જમવાનું હોય તો અમને આપો. મુળજીભાઈ કહે જે મારી પાસે કાંઈ નથી. ત્યારે શ્રીજી કહે જે તમારા ખડીયામાં શું છે. એમ કહીને ખડીયો લઈ લીધો. અંદરના બેઉ ડબા કાઢી તેનાં ઢાંકણાં ઉઘાડ્યાં ને કહે જે આ બેઉમાં કાંઈ ખાધા જેવું નથી. આમાં તો દાગીના છે.

આવું બોલીને તે ડબા તેમને પાછા આપ્યાં ને પાળાને કહે જે તમારી પાસે બશેર પેંડા છે તે આ મુળજીભાઈને આપો. ત્યારે શ્રીજીની આજ્ઞાથી પાળાએ પેંડા આપ્યા. અને જોતજોતામાં શ્રીજીમહારાજ અંતર્ધાન થઈ ગયા. ત્યારે મુળજીભાઈને વિચાર થયો જે મને શ્રીજીએ કહ્યું હતું કે તારાથી વર્તમાન પળાશે નહિ. તે મેં વર્તમાનનો લોપ કર્યો. તેથી આ વગડામાં દિવ્ય દેહે દર્શન આપીને પેંડા આપ્યા

ને દાગીનાના ડબા જોઈ તુરંત અદ્રશ્ય થઈ ગયા. માટે હું ખરેખરો શ્રીજીના ગુનામાં આવ્યો છું ને તે બાઈઓનો વિશ્વાસઘાત કર્યો. માટે આ ડબાઓએ વર્તમાન ચુકાવ્યું તો હવે પાછા આપી શ્રીજીની પાસે જઈ માફી માગું તો જ મારો મોક્ષ થશે. નહિતર મોક્ષ થશે નહિ.

એવો વિચાર કરી ત્યાંથી પાછા વળ્યા. ને સૂર્યનારાયણના આથમતા વખતે તે બાઈના ગામ ગયા ને મુળજીભાઈને જોઈને મુળજીભાઈ આવ્યા એમ બોલવા લાગી. તે સાંભળીને મુળજીભાઈ કહે જે મુઓ મુળજીભાઈ, આ તમારા ડબાએ વર્તમાન ચુકાવ્યું માટે લ્યો આ તમારા ડબા. એમ કહીને તેમને પાછા આપી ત્યાં એક રાત્રિ રહી શ્રીજીની પાસે આવ્યા. તે સમે શ્રીહરિ કહે જે કેમ મુળજીભાઈ ચોરીનો ધંધો કરતા હતા તે જ પ્રમાણે કર્યો કે નહિ ? આ ગુનો હું માફ કરું છું. પણ હવેથી ક્યારેય આવું કામ કરશો નહિ. એમ કહીને તે વિષે કેટલીક વાત કરી. કહેવાનું કે જેને જેવો સ્વભાવ પડ્યો હોય તે તેવી ક્રિયા જ્યારે કરે ત્યારે જ શાંતિ થાય છે. પણ આજ્ઞાનો લોપ થાય છે તેવું તેમને અનુસંધાન રહેતું નથી. ॥૧૫૬॥

ગામ ગઢપુરથી શ્રીજીમહારાજ એક વખત વડતાલ જતા હતા. તે વચમાં ગામ કારીયાણીમાં રાત્રિ રહ્યા. સવારમાં શ્રીજીએ વસ્તાખાચરના દરબારમાં સ્નાન કર્યું. ને વેરાભાઈ તથા કાઠીઓએ વસ્તાખાચરના પાણીયારામાંથી પૂછ્યા સિવાય દાતણ લીધાં ને તળાવે સ્નાન કરવા ગયા ને સ્નાન કરી પરવાર્યા પછી વેરાભાઈને યાદ આવ્યું જે કોઈની કોઈ પણ વસ્તુ પૂછ્યા સિવાય લેવી નહિ એમ શ્રીજીએ આજ્ઞા કરેલી છે તે આજ્ઞાનું ઉલ્લંઘન કરીને દાતણ લીધાં. ને તળાવે સ્નાન કરવા ગયા ને સ્નાન કરી પરવાર્યા. પછી વેરાભાઈને યાદ આવ્યું જે કોઈની કોઈ પણ વસ્તુ પુછ્યા વિના લેવી નહિ' એમ શ્રીજીએ આજ્ઞા કરેલી છે. તે આજ્ઞાનું ઉલ્લંઘન કરીને દાતણ લીધું. તેથી શ્રીહરિ પાસે પ્રાયશ્ચિત્ત માંગશું, એવો વિચાર મનથી દૃઢ કરીને બીજા કાઠીઓને વેરાભાઈએ વાત કરી જે મને આવો સંકલ્પ થયો એ માટે શ્રીજીની પાસે પ્રાયશ્ચિત્ત માગીશું તે સાંભળીને કાઠીઓ વેરાભાઈને કહે જે આ વાત આપણે આપણાં મનમાં સમજી રાખવી પણ શ્રીજીમહારાજને કહેવી નહિ. ને કહેશો તો એમાંથી કાંઈનું કાંઈ થશે ને આપણાં ઉપર શ્રીજી કુરાજી થાય તો ભલા થઈને બોલશો નહિ એવો ઠરાવ કરી ઉતારે આવ્યા.

તે વખતે શ્રીજીમહારાજ સભા કરીને બેઠા હતા. તે જોઈને વેરાભાઈએ હાથ જોડીને શ્રીજીને કહ્યું જે પૂછ્યા સિવાય દાતણ લેવાયાં છે. માટે પ્રાયશ્ચિત્ત મને આપો. ત્યારે શ્રીહરિ કહે જે તમે ચાલીને ગઢડે જાઓ ને રસ્તામાં સાધુ મળે તો તેમને દશ દંડવત્ કરવા ને જે હરિભક્ત સામા મળે તેમને પાંચ દંડવત્ કરવા ને કહેવું જે મેં વસ્તાખાચરનાં પાણીયારેથી તેમને પૂછ્યા સિવાય દાતણ લીધું હતું તે ચોરીનું પ્રાયશ્ચિત્ત મને શ્રીજીમહારાજે આપ્યું છે તેથી ગઢડે જઈશ ને ત્યાં શ્રીગોપીનાથ આદિક દેવનાં દર્શન કરીને ઉન્મત્ત ગંગામાં સ્નાન કરીશ. ને તે સિવાયનાં જે જે તીર્થો છે તેમાં જઈને દર્શન દંડવત્ પ્રણામ કરીને પાછો શ્રીજીમહારાજ પાસે કારીયાણી જઈશ ત્યારે દાતણની ચોરીનું પ્રાયશ્ચિત્ત પૂરું થશે.

તે પ્રમાણે વેરાભાઈ પ્રાયશ્ચિત્ત કરીને શ્રીજીમહારાજ પાસે કારીયાણી ગયા. તે સમે શ્રીજીમહારાજે વેરાભાઈને ઉદ્દેશીને કોઈની કાંઈ પણ પૂછ્યા સિવાય વસ્તુ ન લેવી એમ આજ્ઞા કરીને થાળ તૈયાર થયો તેને જમવા માટે શ્રીજીમહારાજ પધારતા હવા. ॥૧૫૭॥

ગામ ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં એક બાઈ રહેતાં હતાં ને તે કોઠારનું કામ કરતાં ને તેમનો વિશ્વાસ પરિપૂર્ણ હતો. ને તે બાઈ શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત હતાં. તે બાઈને એક દિવસ એવો સંકલ્પ થયો જે મારી પાસે કાંઈ મૂડી નથી માટે થોડી થોડી વસ્તુ વેચીને રૂપિયા ભેગા કરું તો માંદે-સાજે ઉપયોગમાં આવે. એમ ધારીને જીવુબા તથા લાડુબા ન જાણે તેવી રીતે ઘી, ગોળ, સાકર, દાણાં વિગેરે લાગ આવે ત્યારે વેચીને ઘણાં દિવસે બસેં રૂપિયાની મૂડી કરી. અને વિચાર કર્યો કે આ રૂપિયા ગામમાં કોઈને ઘેર વ્યાજે મૂકું તો તેમાંથી રૂપિયા વધશે. તેવો વિચાર કરીને રૂપિયા સાથે લઈ ગામમાં ગઈ.

તે જતાં રસ્તામાં એવો વિચાર થયો જે રૂપિયા જેને ઘેર મૂકું તે ધણી દાદાખાચરને વાત કરે તો તે રૂપિયા દાદાખાચર લઈ લે. ને મને રજા આપે ને ફજેતીનો પાર ન રહે. માટે કોઈની પાસે ન મૂકતાં, આ રૂપિયા લઈને સવારના ચાર વાગ્યે અંધારામાં ગમે ત્યાં ચાલી જાઉં. એમ પોતાના મન સાથે દઢાવ કરીને બીજે દિવસ વગર પૂછે તે બાઈ ચાલી ગઈ. તેના સમાચાર સહુને જાણવામાં આવ્યા. તેથી શ્રીજીની આગળ વાત કરી જે કોઠારનું કામ કરનાર બાઈ ચાલી ગઈ. ત્યારે શ્રીજી કહે જે તેની પછવાડે જઈને તે બાઈને પકડો. તે ચોરી કરીને ગઈ છે.

એવી શ્રીજીમહારાજની આજ્ઞા થઈ કે તુરંત પછવાડે જઈને તુરંત તેને પકડીને શ્રીજીની પાસે લાવ્યા. તે સમે દાદાખાચર શ્રીજીની પાસે બેઠા હતા તેમને શ્રીજી કહે જે આ બાઈએ વિશ્વાસઘાત કર્યો છે. વિશ્વાસઘાતી મહાપાપી કહેવાય છે. મહાપાપીને માર્યાનો દોષ નહિ. માટે આ બાઈએ ચોરી કરી તેથી તેનું માથું કાપી નાંખો. સામા ઓરડામાં લઈ જાઓ.

આવી શ્રીજીમહારાજની આજ્ઞા થવાથી તુરંત જ એક હાથમાં તરવાર ને એક હાથમાં તે બાઈનો માથાનો ચોટલો ઝાલીને ઓરડામાં લઈ ગયા ને મ્યાનમાંથી તરવાર કાઢીને જ્યાં મારવા જાય છે ત્યાં તો તે બાઈ ઘણું રડવા લાગી ને આંખ્યોમાં ચોધારાં પાણી પડવા લાગ્યાં ને શ્રીજીમહારાજનું ભજન કરવા લાગ્યાં. તે જોઈને મહાદયાળુ દાદાખાચરને તે સમે ઘણી દયા ઉત્પન્ન થઈ ને તે સમયે તુળસીદાસની સાખી યાદ આવી જે, **તુલસી જા કે મુખનસેં, ભુલે નીકસેં રામ, તાકે પગકી પેનીયાં, મેરે તનકી ચામ.** એ સાખીમાં ભૂલથી રઘુનાથજીનું નામ કોઈ પણ પ્રાણી લે તો તુલસીદાસે કહ્યું જે મારા શરીરના ચામડાના જોડા કરાવીને તેને પહેરાવું. માટે આ બાઈ તો શ્રીજીમહારાજની ભક્ત છે. ને વળી મારા શ્રીજીમહારાજ તો રઘુનાથાદિ અવતારોના કારણ છે તો અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરનાર આ બાઈનું માથું મારાથી કેમ કપાય? ન જ કપાય.

આવો દૃઢ ઠરાવ કરીને તે બાઈને ઠપકા તરીકે ચેતવણી આપીને કહે જે બેન તમે મારા ઉપર રાજી રહેજો. મારે તમારા વિશે જરા પણ સંદેહ નથી. તમે સુખેથી આ દરબારમાં કોઠાર સિવાય બીજી સેવા કરો ને બીજે ક્યાંય જશો નહિ. હું તમારા ઉપર રાજી છું ને શ્રીજીને પણ સમજાવીશ. એમ કહીને દાદાખાચર શ્રીહરિની પાસે આવ્યા. ત્યારે શ્રીજીએ પૂછ્યું જે મુંડકીનું માથનું કાપી નાખ્યું ? ત્યારે દાદાખાચરે કહ્યું કે, આપશ્રીની આજ્ઞાથી મારે એનુ માથું કાપી નાખવું હતું. પણ ગદ્‌ગદ્‌ કંઠ થઈ આપશ્રીનું ભજન ઊંચે સ્વરે કરવા લાગી તેથી મને દયા આવવાથી તથા તુળસીદાસજીની સાખી સાંભરી આવવાથી તેનું માથું ન કાપતાં આ દરબારમાં તે બાઈને કોઠાર સિવાય બીજી ક્રિયા કરવાની આજ્ઞા કરી હું આપશ્રીની પાસે આવ્યો છું.

તે સાંભળીને શ્રીજીમહારાજ દાદાખાચર ઉપર બહુ પ્રસન્ન થયા ને બાથમાં ઘાલીને મળ્યા ને કહે જે, તમે મારા એકાંતિક ભક્તરાજ છો. ને સમય પ્રમાણે વર્તનાર છો. એમ કહીને દાદાખાચર સહિત શ્રીજીમહારાજ અક્ષર ઓરડીએ ગયા. ને બીજે દિવસે તે બાઈને શ્રીજી પોતાની પાસે બોલાવીને કહે જે મારે તને દરબારમાં રાખવાનો બિલકુલ વિચાર નહોતો પણ દાદાખાચરની આજ્ઞાથી તમે રહ્યાં. તેથી હું તમારી ઉપર રાજી છું. સુખેથી રહીને ભજન કરજો ને આવું ચોરીનું કામ તમારે ક્યારેય કરવું નહિ. તે સાંભળીને તે બાઈએ શ્રીજીમહારાજને બસો રૂપિયા અર્પણ કર્યા. તે રૂપિયાની શ્રીહરિએ સંતોને દાદાખાચર દ્વારા રસોઈ અપાવી. ॥૧૫૮॥



શ્રીરણછોડજી આદિક દેવના કહેવાથી સત્સંગી થયા તે વિશેની વાર્તાઓ

ગામ દાવોલના જેઠાભાઈ દર પુનમે ડાકોર શ્રીરણછોડજીનાં દર્શન કરવા જતા હતા. એવી રીતે દર્શન કરતાં કરતાં બાવીસ વરસ ગયાં. ત્યારે શ્રીરણછોડજીએ પ્રસન્ન થઈને પ્રત્યક્ષ દર્શન દીધાં ને કહે જે, માગો ત્યારે જેઠાભાઈએ વર માગ્યો જે મને પ્રત્યક્ષ ભગવાન મળે તેવી કૃપા કરો. તેથી શ્રીરણછોડજી કહે જે પ્રત્યક્ષ ભગવાન શ્રીસ્વામિનારાયણ હાલમાં ગામ ગઢડામાં બિરાજે છે ત્યાં તમો જાઓ ને તેમનો આશ્રય કરજો. એટલે તમારો આત્યંતિક મોક્ષ થશે.

આવી રીતે શ્રીરણછોડજીના કહેવાથી જેઠાભાઈ ગઢડે આવ્યા ને ગઢડાના દાદાખાચરના દરબારમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે તમને ગામ ડાકોરના શ્રીરણછોડજીએ અહીં મોકલ્યા છે કે ? ત્યારે જેઠાભાઈ કહે જે હા. આવી રીતે શ્રીજીમહારાજે અંતર્યામિપણે કહ્યું તેથી જેઠાભાઈને શ્રીસહજાનંદ સ્વામી ભગવાન છે એમ નિશ્ચય થયો તેથી શ્રીસ્વામિનારાયણ ભગવાન પાસેથી વર્તમાન લઈ કંઠી ધારણ કરી સત્સંગી થઈ પોતાને ઘેર ગયા. પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા હતા અને અંતકાળે શ્રીજીમહારાજ તેડવા આવ્યા તેમની સંગાથે જેઠાભાઈ શ્રીજીના અક્ષરધામમાં જતા હતા. ॥૧૫૯॥

ગામ મુઝપરમાં પટેલ સંઘાભાઈ શંકરના ભક્ત હતા. ને પોતાના ગામમાં રહેલા શંકરની પૂજા નિરંતર કરતા હતા. ને પૂજા કર્યા પછી શંકરની પ્રાર્થના કરે જે મને પ્રત્યક્ષ ભગવાનનો મેળાપ કરાવો તો મારે પ્રગટ ભગવાનનું ભજન કરવું છે. આવી રીતે પ્રાર્થના કરતાં છ માસ ગયા પણ શંકરે પોતની ઉપર પ્રસન્ન થઈને દર્શન આપ્યાં નહિ ત્યારે એવો વિચાર કર્યો જે આવતી કાલે પૂજા કરેલા શંકર મને પ્રત્યક્ષ દર્શન આપે નહિ તો મારે કમળ પૂજા કરવી એટલે મસ્તક કાપીને શંકરને ચઢાવવું એવો નિશ્ચય સંઘા પટેલે કર્યો.

પછી બીજે દિવસે શંકરની પૂજા કરવા જતી વખતે પૂજાની સામગ્રી ભેગો છરો લઈને ગયા. ત્યાં શંકરના મંદિરમાં રોજના રિવાજ મુજબ શંકરને શુદ્ધ જળથી સ્નાન કરાવીને પછી દૂધ-દહીં-ઘી-મધ-સાકર આદિક પંચામૃતથી સ્નાન કરાવીને શુદ્ધ જળથી અભિષેક કર્યો પછી ચંદન-બીલીપત્ર-ધંતુરાનાં પુષ્પ વિગેરેથી

પૂજા કરીને ધૂપ-દીપ-નૈવેદ્ય ધરીને આરતી કરીને સંઘા પટેલે શંકરની પ્રાર્થના કરીને કહ્યું કે મને પ્રત્યક્ષ દર્શન આપીને આ ભરતખંડમાં અવતાર ધારણ કરી વિચરતા ભગવાનનો મને મેળાપ કરાવો.

આવી પ્રાર્થના કર્યા છતાં જ્યારે શંકરે પ્રત્યક્ષ દર્શન આપ્યાં નહિ ત્યારે પોતાની પાસે રહેલા છરાથી પોતાનું મસ્તક કાપીને કમળપૂજા કરવાને માટે ગળું કાપવા છરો મારવા જાય છે તે જ વખતે બાણમાંથી શંકરે મૂર્તિમાન પ્રગટ થઈને હાથ ઝાલી લીધો ને કહે જે હું તમારી ઉપર પ્રસન્ન થયો છું માટે વર માગો; એમ મૂર્તિમાન શંકરે કહ્યું. ત્યારે સંઘા પટેલ કહે જે મને પ્રત્યક્ષ ભગવાનનો મેળાપ કરાવો. ત્યારે મૂર્તિમાન શંકર કહે જે પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાન હાલમાં ગઢડામાં બિરાજે છે ત્યાં તમો જાઓ ને તે શ્રીસહજાનંદસ્વામી ભગવાનનો આશ્રય કરજો ને તેમનાં ભજનથી તમારો મોક્ષ થશે.

આટલું કહીને શંકર અંતર્ધાન થઈ ગયા. પછી સંઘા પટેલે પૂજાની સમાપ્તિ કરીને ઘેર આવી ભોજન કરી પ્રત્યક્ષ ભગવાનને મળવા માટે પોતાને ઘેરથી નીકળી ગઢડે આવ્યા. ને ગઢપુરના દાદાખાચરના દરબારમાં રહેલી અક્ષરઓરડીમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, હે સંઘા પટેલ તમને તમારા ગામના શંકરે અમારાં દર્શન કરવા મોકલ્યા છે કે ? ત્યારે કહે કે હા શંકરે મને આપશ્રીનાં દર્શન કરવા મોકલ્યો છે.

આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને શ્રીસ્વામિનારાયણ નિશ્ચે ભગવાન છે એવો પોતાના મન સાથે નિશ્ચય કરીને શ્રીજીમહારાજ પાસેથી વર્તમાન લઈ, કંઠી પેરી, સત્સંગી થઈને શ્રીજીમહારાજનો તથા સત્પુરુષનો સમાગમ કરવા ગઢપુરમાં રહેતા હતા. પછી સત્પુરુષના સમાગમથી સંસારનો ત્યાગ કરીને સાધુ થઈને શ્રીજીમહારાજની સેવામાં રહેવા માટે પોતાના મન સાથે ઠરાવ કરીને શ્રીજીમહારાજની સાધુ થવા માટે પ્રાર્થના કરતા હતા ત્યારે શ્રીજી કહે જે તમારે સાધુ થવું હોય તો તમારા માતપિતાનો અગર તમારાં સગાંસંબંધીનો કાગળ લઈને આવો તો જ તમને સાધુની દીક્ષા અપાય.

આવું શ્રીજીનું વચન સાંભળીને શ્રીજીમહારાજની રજા લઈને સંઘા પટેલ પોતાને ગામ આવ્યા ને પોતાને ઘેર જતાં ગામના ચોરામાં બેઠેલા પોતાના કાકાશ્રી સાંભળે તેવી રીતે બોલતા જાય કે મને પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો મેળાપ થયો. આવી વાણી સાંભળીને સંઘા પટેલને તેમના કાકાશ્રી કહે

કે જ્યારે તમને શ્રીસ્વામિનારાયણ ભગવાન મળ્યા ત્યારે તેમના સાધુ થઈને રહેવું હતું, અહીં શા માટે આવ્યો ?

ત્યારે સંઘા પટેલ કહે કે મારાં માતપિતાનો કાગળ લેવા આવ્યો છું, કારણ કે માતપિતાના કાગળ સિવાય કોઈને શ્રીસ્વામિનારાયણ ભગવાન સાધુ કરતા નથી તેથી આવવું પડ્યું છે. પછી સંઘા પટેલના કાકાશ્રીએ ચોરામાંથી કાગળ લખી દીધો જે આમને સાધુ કરશો તેમાં અમે રાજીખુશી છીએ. આવો કાગળ મળ્યો તેથી પોતાને ઘેર ન જતાં પાછા ગઢપુર આવીને શ્રીજીના હાથમાં કાગળ આપ્યો. પછીથી શ્રીજીમહારાજે સંઘા પટેલને સાધુની દીક્ષા આપીને સિદ્ધાનંદ સ્વામી નામ પાડીને સચ્ચિદાનંદ સ્વામીને શિષ્ય તરીકે સોંપ્યા જેથી સિદ્ધાનંદ સ્વામી પોતાના ગુરુની સેવા કરતા હવા. ॥૧૬૦॥

કાઠિયાવાડ દેશમાં ગામ તુરખા છે. ત્યાં એક બાઈ પરોક્ષ કૃષ્ણની ભક્તિ કરતી હતી. તે બાઈએ એક દિવસ શ્રીસ્વામિનારાયણ એવું નામ સાંભળ્યું કે તુરંત તે બાઈને સમાધિ થઈ ગઈ ને તે બાઈ અક્ષરધામમાં ગઈ ને દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન શ્રીસ્વામિનારાયણ ભગવાનને જોયા. તેવી જ રીતે ત્યાંના મુક્તો તથા તે ધામની રચના વિગેરે જોઈને ઘણી જ રાજી થઈ. પછી શ્રીસ્વામિનારાયણ ભગવાન તે બાઈને કહે જે ગઢડામાં શ્રીસહજાનંદ સ્વામી ભગવાન છે તમો ત્યાં જાઓ, તમારા જીવનો મોક્ષ કરવો હોય તો. એમ કહ્યું એટલે તુરંત સમાધિમાંથી જાગ્રત થઈ ગઢડે આવ્યાં ને જીવુબાને વાત કહી જે મને કાનુડાનાં દર્શન કરાવો.

ત્યારે જીવુબા તે બાઈને સાથે લઈને અક્ષર ઓરડીમાં ગયાં ને ત્યાં તુરંત તે બાઈને શ્રીજીમહારાજનાં કૃષ્ણ સ્વરૂપે દર્શન થયાં કે તુરંત તે બાઈને સમાધિ થઈને ગોલોકધામમાં ગયાં ત્યાં શ્રીકૃષ્ણ ભગવાનનાં તે બાઈએ દર્શન કર્યાં. તે બાઈની સામું જોઈને શ્રીકૃષ્ણ પરમાત્મા કહે જે ગઢડામાં શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વના નિયંતા છે. માટે તમો શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરજો જેથી તમારો આત્યંતિક મોક્ષ થશે.

એટલી વાત કરી કે તુરંત સમાધિમાંથી જાગ્રત થયાં ને શ્રીજીમહારાજ પાસે વર્તમાન લઈ કંઠી વિગેરે સત્સંગના નિયમો ધારણ કરી તે બાઈ પાછાં પોતાને ગામ જતાં હવાં ને ત્યાં પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન નિરંતર કરતાં તેથી તેમની ઉપર પ્રસન્ન થયેલા શ્રીજીમહારાજ તે બાઈને અંતકાળે પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા. ॥૧૬૧॥

ગામ ઘોડાસરના રાજા જાલમસિંહની માતુશ્રી શ્રીરામચંદ્રજીનાં ભક્ત હતાં ને નિરંતર શ્રીરામની ભક્તિ કરવામાં ઉત્સાહવાળાં હતાં. એક સમયે ડભાણ ગામથી શ્રીજીમહારાજ સંતનો વેશ ધારણ કરીને ઘોડે બેસીને ઘોડાસર ગામ ગયા. પછી ત્યાંના રાજા જાલમસિંહે પૂછ્યું કે શ્રીસ્વામિનારાયણ ભગવાન ક્યાં છે ? ત્યારે શ્રીજી કહે તે તો ડભાણ છે ને કહે જે શ્રીસ્વામિનારાયણ કેવા છે ? ત્યારે શ્રીજીમહારાજ કહે જે મારા જેટલા ઊંચા ને મારા જેવા જ છે. તેમ કહીને શ્રીજી ત્યાંથી ગામ સાકળિયે ગયા. પાછળથી મુકુંદાનંદજી બ્રહ્મચારી આવ્યા તેમને પૂછ્યું કે શ્રીજીમહારાજ ક્યાં છે ? ત્યારે બ્રહ્મચારી કહે જે આગળ આવ્યા હતા તે જ શ્રીજીમહારાજ હતા.

પછી શ્રીજીમહારાજની શોધ કરવા બે બે ગાઉ સુધી ઘોડેસવારો મોકલ્યા પણ શ્રીજીમહારાજ મળ્યા નહિ, પછી ઘણાં પસ્તાવા લાગ્યાં જે શ્રીજીમહારાજ આવ્યા હતા ને આપણે ઓળખ્યા નહિ. તે જ રાત્રિએ જાલમસિંહ રાજાની માતુશ્રી પોતાના ઘરમાં પૂજા કરવા રાખેલ શ્રીરામ-લક્ષ્મણ ને સીતાજી ને હનુમાનની મૂર્તિ હતી તેમાંથી શ્રીરામચંદ્રજીએ રાત્રિએ દર્શન દઈને રાજા જાલમસિંહની માતુશ્રીને કહે જે હું જ શ્રીસ્વામિનારાયણ નામે કરીને આ ભરતખંડની પૃથવીમાં ઉત્પન્ન થયેલો છું. માટે પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરો.

તેમ શ્રીરામચંદ્રજીના કહેવાથી બીજે દિવસે સવારમાં પાલખીમાં બેસીને ગામ સાકળિયે જતાં રસ્તામાં સંકલ્પ કર્યો જે શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરણમાં સોળ ચિહ્ન હોય તો શ્રીરામચંદ્રજી પ્રગટ થયા છે એમ હું માનું. તેમ ધારીને ગયાં. ત્યાં શ્રીજીમહારાજનાં ચરણમાં સોળ ચિહ્ન દેખ્યાં. ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાનની પાસે વર્તમાન લઈ, કંઠી પેરી, સત્સંગી થઈ, ગામ સાકળિયેથી શ્રીજીમહારાજને પોતાને ગામ ઘોડાસર લાવીને પધરાવ્યા. ને પોતાના દીકરા પાસે બાઈએ શ્રીજીમહારાજની ષોડશોપચારથી પૂજા કરાવી ભેટ ધરી આરતી કરીને પ્રણામપૂર્વક પ્રાર્થના કરી પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન નિરંતર કરતાં હતાં. પછીથી શ્રીજીમહારાજ ઘોડાસરથી ડભાણ જતા હતા. ॥૧૬૨॥

ગામ નાંદોલના ત્રવાડી ધનેશ્વરભાઈને પુત્ર ન હોવાથી સ્ત્રીએ સહિત કાશીએ ગયા ને ત્યાં બાર વર્ષ રહીને ગાયત્રી પુરશ્ચરણ કર્યું. ત્યારે ગાયત્રીએ ચતુર્ભુજ પ્રત્યક્ષ દર્શન આપીને કહ્યું જે હે ધનેશ્વરભાઈ તમારી ઈચ્છા પ્રમાણે વર માગો. ત્યારે ધનેશ્વરભાઈ કહે જે મને પ્રત્યક્ષ ભગવાન મળે એવો વર આપો. ત્યારે ગાયત્રી દેવી કહે જે, હાલમાં પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાન ગામ ગઢડામાં છે. તેમની પાસે જાઓ તો તમને ભગવાનનો મેળાપ થશે ને મોક્ષ પણ થશે.

આવી રીતે ગાયત્રી દેવીના કહેવાથી ગામ ગઢડે સ્ત્રી સહિત ધનેશ્વરભાઈ આવ્યા ને દાદાખાચરના દરબારમાં રહેલા લીંબડા નીચે સભા કરીને વિરાજમાન થયેલા શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં. ત્યારે અંતર્યામીપણે શ્રીસ્વામિનારાયણ ભગવાન બોલ્યા કે હે ધનેશ્વરભાઈ તમને કાશીએથી શ્રી ગાયત્રીદેવીએ મોકલ્યા કે ? ત્યારે ધનેશ્વરભાઈ કહે જે, હા, મને શ્રીગાયત્રીએ મોકલ્યો છે.

પછી પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાન પાસેથી વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈને પોતાને ઘેર ગયા. ને તે ધનેશ્વરભાઈએ સ્ત્રીએ સહિત શ્રીસ્વામિનારાયણ ભગવાનનું દેહ પર્યંત ભજન કર્યું. જ્યારે તેમનો અંતકાળ આવ્યો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા ગયા ને નાંદોલ ગામમાં રહેલા માણસોને દર્શન થયાં ને પોતાના ભક્તરાજ ધનેશ્વરભાઈને પોતાના અક્ષરધામમાં તેડી જતા હતા. ॥૧૬૩॥

ગામ પાણવીના પુંજાભાઈ ડોડીયા પરોક્ષદેવના ભક્ત હતા. પછી પુંજાભાઈને એવો સંકલ્પ થયો કે આ જીવે અનેક દેહો ધારણ કર્યા ને વિષય ભોગવ્યા તેથી જીવનો મોક્ષ થયો નહિ. માટે આ દેહે કરીને પ્રત્યક્ષ ભગવાન મળે તો દેહ રાખવો છે, નહિં તો દેહનો ત્યાગ કરવો છે. આવી રીતે પોતાના મન સાથે ઠરાવ કરી પુંજા ડોડીયા ભરતખંડમાં રહેલાં તીર્થો ફર્યા, પણ જ્યારે પ્રત્યક્ષ ભગવાનનો મેળાપ ન થયો ત્યારે દેહનો નાશ કરવા માટે સમુદ્રમાં પડીને મરી જવું આવો નિશ્ચય કરીને સમુદ્રમાં પડવા માટે ગયા.

ત્યાં સમુદ્રના કાંઠા ઉપર રહેતા **નકલંક મહાદેવના** ઓટલા ઉપરથી સમુદ્રમાં પડ્યા પણ સમુદ્રે બહાર કાઢી નાખ્યાં. ત્યારે પોતાનો દેહ પાડવા માટે મહાદેવને બાથ ભીડીને બેઠા તો પણ સમુદ્રે જળના મોજાથી બહાર કાઢ્યા. તે મહાદેવ આગળ સમુદ્રનો મોજો આવે ત્યારે એકવાંસ પૂર પાણી થઈ જાય તોપણ મરણ ન થયું. ત્યારે ત્રીજી વખત મરવા માટે શંકરને બાથ લીધી ત્યારે આકાશવાણી થઈ જે અનેક જન્મનાં પુણ્યે કરીને પામેલો મનુષ્યદેહનો નાશ કરીશ નહિ. મનુષ્યદેહે કરીને જ ભગવાનની ભક્તિ થાય છે ને ભક્તિએ કરીને જ સંસારસમુદ્ર થકી આ જીવનો મોક્ષ થાય છે ને પ્રત્યક્ષ ભગવાનનો મેળાપ આ દેહથી થાય છે માટે તમારે પ્રત્યક્ષ ભગવાનનો મેળાપ કરવો હોય તો હાલમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન ગામ ગઢડામાં છે ત્યાં જાઓ એટલે પ્રત્યક્ષ ભગવાન મળશે ને તમારો મોક્ષ પણ થશે.

આવું આકાશવાણીનું વચન સાંભળીને પુંજા ડોડીયા સમુદ્રેથી ઘેર ન જતાં ગામ ગઢડા ગયા. ત્યાં દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના ઓરડે બેઠેલા શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે હે પુંજા ડોડીયા તમે આકાશવાણીના વચનથી અહીં આવ્યા કે ? ત્યારે પુંજાભાઈ કહે હા. આવી રીતે શ્રીજીમહારાજે અંતર્યામીપણે કહ્યું તેથી શ્રીજીનો પાકો નિશ્ચય થયો જે આ શ્રીહરિ પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. એમ જાણીને શ્રીસ્વામિનારાયણ ભગવાનના હાથથી વર્તમાન ધારણ કરી, કંઠી પેરી, સત્સંગી થઈને પોતાને ગામ ગયા.

ત્યાં શ્રીસહજાનંદ સ્વામી ભગવાનનું ભજન કરતા હતા. ને શ્રીજીના આપેલા નિયમોનું પાલન કરતા થકા પોતાને ગામ આવેલા સત્પુરુષનો સમાગમ કરવાથી એકાંતિક ભક્ત થતા હતા ને ત્રણેવ અવસ્થામાં શ્રીજીમહારાજની મૂર્તિને જોતા સતા અખંડ ધ્યાનમાં રહેતા એવા પાણવી ગામના પુંજાભાઈ ડોડીયાએ શ્રીજીમહારાજ અક્ષરધામમાં પધાર્યા એવું સાંભળ્યું કે તુરંત પોતાના ઘરનું કામકાજ પડયું મૂકીને ગઢપુર આવ્યા ને શ્રીસ્વામિનારાયણ ભગવાનના તેરમા સુધી અન્નજળ લીધા સિવાય મંદિરનું કામકાજ કર્યું.

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું કે તમે અન્નજળ કેમ લેતા નથી ? ત્યારે કહે કંઠમાં અન્નપાણી ઊતરતું નથી જેથી લેતો નથી. પછી શ્રીજીમહારાજ ભક્તરાજ પુંજાભાઈ ડોડીયાને તથા માણકી ઘોડીને તેરમાના દિવસે મધ્યાહ્ને પોતાના અક્ષરધામમાં લઈ જતા હવા. ॥૧૬૪॥

ગામ ગઢપુરમાં એક વખત શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં બેઠા હતા. ત્યાં જીવાખાચર તથા રતોબસીયો આવ્યા ત્યારે કરીમભાઈ દરવાણીએ રતાબસીયાને રોક્યો ને જીવાખાચરને જવા દીધા. તે શ્રીજીની પાસે આવ્યા. ને રતોબસીયો બજારમાં જઈને કીર્તન ગાવા લાગ્યો. ત્યારે શ્રીહરિએ પૂછ્યું જે, કોણ કીર્તન બોલે છે ? તેને મારી પાસે બોલાવો. એમ કહ્યું કે તુરંત શ્રીજી પાસે બોલાવ્યો. તે રતાબસીયાને જોઈને શ્રીજી કહે જે, આવો ભાઈબંધ ? ત્યારે જીવાખાચર બોલ્યા જે, કેમ ભાઈબંધ ? ત્યારે શ્રીહરિ કહે જે, તે પાણીની સાથે વઢતો હતો.

એમ કહીને કહે જે, આ અંધારી રાત ને વરસાદ વરસે છે. ને ઘેલા નદીમાં પાણી આવ્યું છે. તે જો તું ઘેલા નદીની સામી પાર પીંપળો છે તે પીંપળાનાં પાન લાવ્ય તો ખરો. ત્યારે રતોબસીયો બોલ્યો જે, લાવું. ત્યારે શ્રીજીએ તેની સાથે લક્ષ્મીરામને મોકલ્યા. તે આ કાંઠે ઊભા રહ્યા. ને રતોબસીયો પાણીના પૂરમાં પડીને સામે કાંઠે જઈ પીંપળાનાં પાન લઈ આ કાંઠે આવ્યો. પછી બેઉ જણ સાથે શ્રીજીમહારાજની પાસે આવ્યા.

પછી જીવાખાચરે પૂછ્યું કે, તમારો ભાઈબંધ કયા દિવસનો ? ત્યારે તે વિષેની શ્રીજીમહારાજે વાત કરી જે, આ રતોબસીયો પૂર્વજન્મમાં રાજા હતો ને ગૌબ્રાહ્મણને પાળતો ને મહા પુન્યશાળી હતો. ને મોઢે માગે તે દાન આપતો. તે રાજા એક વખત પૂજા કરતો તે સમે બે સાધુ તીર્થયાત્રા કરવા જતા હતા તે સાધુ કાંબળીયોની આશાથી રાજા પાસે આવ્યા. તે રાજાને પૂજા કરતાં બે પહોર વખત લાગ્યો. તેથી સાધુઓએ જાણ્યું જે, આ રાજા દાતા નહિ પણ અદાતા છે. ને ભૂત જેવો છે એમ કહીને તે સાધુઓ ચાલ્યા ગયા. તેથી રાજાને બહુ જ ચિંતા થઈ પણ શ્રાપ આપેલ તે શ્રાપ લાગવાથી તે રાજાનો જ્યારે દેહ પડી ગયો ત્યારે તે રાજા મોટા વનમાં ભૂત થયો. પોતાની પુત્રીના સગપણના કારણે ને તીર્થે જનાર માણસોના રસ્તામાં એક વડ હતો તેમાં નિવાસ કરીને રહેતો હતો ને તીર્થ કરવા જનાર હરકોઈ માણસ આ રસ્તે આવે તેને તે ભૂત મારીને ખાઈ જતો તેથી તે વનનું નામ અઘોરી વન પડ્યું હતું. તેથી તે રસ્તે રાજાએ ચોકી મૂકી હતી.

તે એક સમયે અમે ત્યાં આવ્યા તે રસ્તે ચાલ્યા ત્યારે ચોકીવાળાઓએ અમને ખાળવા મંડ્યા. પણ અમે ન રોકાતાં ચાલ્યા. ને કહ્યું જે, તેને હું ત્યાંથી નસાડી દઉં ને રસ્તો ચાલતો કરું. તે સમે મારી સાથે ચોકીવાળાઓ ચાલ્યા. તેમની આગળ હું ચાલ્યો. પછી તે ભૂતે મને જોઈને વિચાર કર્યો જે, આજ મારો આહાર પૂરો થશે એમ ધારીને તે ભૂતે મારા સામી દોટ મૂકી ને મને બાથ ભીડી ને મેં પણ તે ભૂત સાથે બાથ ભીડી તે સમે મેં તે ભૂતને અદ્‌ભુત ચમત્કાર દેખાડ્યો. તેથી તે ભૂત મારા પગમાં પડ્યો. ને તેને મેં શ્રાપથી મુકાવ્યો હતો. તે આ જન્મમાં રતાબસીયા નામે વિખ્યાતપણાને પામ્યો છે. માટે તે મારો પૂર્વજન્મનો ભાઈબંધ છે. આવું શ્રીજીમહારાજના મુખથી રતાબસીયાનું આખ્યાન સાંભળીને જીવાખાચર વિગેરે આનંદને પામતા હતા ને ત્યાંથી શ્રીજી મહારાજની રજા લઈને રતાબસીયા સહિત જીવાખાચર પોતાને ઘેર જતા હવા. ॥૧૬૫॥

શ્રીજીમહારાજની કંઠી ધારણ કરવાના મહિમા વિષેની વાર્તાઓ

ગામ સારંગપુરના હરિભક્તે ગામ ખાંભડાના પટેલ સાથે વાડીમાં ભાગ રાખેલ હતો. તેથી સારંગપુરના હરિભક્ત ખાંભડાના પટેલને શ્રીજીમહારાજની લીલાની વાર્તાઓ કરતા હતા. ને પટેલને સત્સંગી કરવા માટે એક વખતે સંતને બોલાવીને સારંગપુરના હરિભક્ત કહે જે, આ કોશ હાંકતા પટેલને શ્રીજીમહારાજની વાતો કરો. ત્યારે તે સાધુ કોશ હાંકતા પટેલની પાછળ ચાલીને ભગવાનની વાત કરતા હતા. પછી સંતની વાતથી અકળાયેલ પટેલે તે સાધુને પરોણો માર્યો તેથી સંતને વસમું લાગવાથી બેસી ગયા. ને પછી કળ વળી ત્યારે પાછા વાતો કરવા લાગ્યા, તેથી પટેલ કહે જે, સ્વામી તમારે મને શું કહેવું છે ? ત્યારે સાધુ કહે જે, તમને વર્તમાન ધરાવીને કંઠી ધારણ કરાવવી છે.

પછી પાણીને ઘોરીયે બેસીને વર્તમાન ધરાવીને કંઠી પહેરાવી. પછી તે પટેલને ભૂત વળગેલાં તે આવ્યાં ને તાંતણાને તોડી નાખ્યા એમ કહ્યું પણ ભૂતથી કંઠી એવું નામ ન દેવાયું તેથી તે પટેલે લાકડી લઈને ભૂતને મસાંણ સુધી તગેડી મૂક્યાં. પછી શિરસાટે સત્સંગ રાખ્યો ને સંતને જમાડીને માફી માગી ને પોતાનો અપરાધ માફ કરાવ્યો. તે પણ સંતના અપરાધે કરીને દુઃખ ભોગવવું પડ્યું હતું. માટે સંતનો તથા સત્સંગીનો અપરાધ ક્યારેય કરવો નહિ. ॥૧૬૬॥

ગામ ઝીંઝાવદરનો કણબી ઘનશ્યામદાસ શ્રીજીમહારાજનો એકાંતિક ભક્ત હતો. નિરંતર શ્રીજીની મૂર્તિ ધારીને માળા ફેરવતા હતા. નામ ધર્માદો ચોખો આપતા. આવા ઉત્તમ સત્સંગી હતા. તે કણબીને ખળામાં કામ કરતાં કંઠી તૂટી ગઈ. પછીથી તે કણબીએ વિચાર કર્યો જે ઘેર જઈને કંઠી પહેરીશ. હમણાં ખળામાં કામ કરવું પડ્યું મૂકીને ઘેર જવું નથી. આવો સંકલ્પ કરીને ખળામાં કામ કરતો હતો એટલામાં બે જમના દૂત દેખાયા ને તે ઘનશ્યામદાસ કણબીને માર મારવા મંડ્યા. ત્યારે તે સત્સંગીએ કહ્યું જે મને સત્સંગીને કેમ મારો છો ? ત્યારે જમદૂત કહે કે તમારી ડોકમાં કંઠી ક્યાં છે ?

તો આવી રીતે જમદૂતના કહેવાથી ખળામાં કામ કરવું પડી મૂકીને ગામમાં જઈને તુરંત કંઠી ધારણ કરી આવ્યો એટલે જમના દૂત કણબી ઘનશ્યામદાસને કંઠીવાળો જોઈને ભાગી ગયા. આવો કંઠી ધારણ કરવાનો પ્રતાપ છે માટે સત્સંગીએ કંઠી તૂટી જાય તો તુરંત બીજી કંઠી પહેરી લેવી પણ કંઠી પહેર્યા સિવાય ચાલવું

નહિ. કેની પેઠે તો જેમ બ્રાહ્મણની જનોઈ તૂટી ગઈ હોય તો બીજી જનોઈ પહેરીને ચાલે છે પણ જનોઈ જે ઠેકાણે તૂટી ગઈ તે ઠેકાણેથી જનોઈ પહેર્યા વિના બ્રાહ્મણ ચાલતો નથી, તેમ સત્સંગીએ કંઠી ધારણ કર્યા વિના ચાલવું નહિ એ જ આ વાતનો સિદ્ધાંત છે. ॥૧૬૭॥

ગામ ઉમરેઠના અધિકારી સત્સંગી વડોદરામાં રહેતા હતા. તેમણે શંકરાચાર્યના કહેવાથી કંઠી તોડી નાખેલ પણ તે અધિકારીની સ્ત્રીએ કંઠી તોડી નહિ. અને તે અધિકારીએ પોતાની સ્ત્રીની કંઠી તોડાવવાને ઘણો જ આગ્રહ કર્યો પણ સ્ત્રીએ તો કંઠી તોડી જ નહિં. એમ કરતાં તે અધિકારી માંદો પડ્યો ને અંતકાળ વખતે તેમની સ્ત્રી શ્રીસ્વામિનારાયણનાં મંદિરમાં દેવનાં દર્શન કરવા ગઈ હતી ને તે માંદા પડેલા અધિકારીની પાસે જમના દૂત આવ્યા ને મારવા માંડ્યો ને ખાટલેથી તે અધિકારીને હેઠે પાડી નાંખ્યો ને મળમૂતર થઈ ગયું.

તેવામાં તે અધિકારીની સ્ત્રી દર્શન કરીને આવી. તેથી જમદૂત ઘરમાંથી બહાર નીકળી ગયા. પછી તે અધિકારીએ પોતાની સ્ત્રી પાસે કંઠી માંગી ને પહેરી ત્યારે તે અધિકારીના ગળામાં કંઠી જોઈને તે જમદૂત ભાગી ગયા. ને પોતાની સ્ત્રીને તે અધિકારી કહે જે, જો તમે થોડાં મોડાં આવ્યાં હોત તો જમના દૂત મને મારીને જીવ લઈને ભાગી જાત. આવો કંઠી ધારણ કરવાનો પ્રતાપ છે. ને કંઠીને પહેરેલા મનુષ્યને જોઈને જમદૂત ભાગી જાય છે. ॥૧૬૮॥

એક પટેલને ચુડેલ વળગી હતી. તેથી તે ચુડેલ રાત્રિએ આવીને તે પટેલને દુઃખ દે. તે દુઃખ જ્યારે પટેલથી સહન થયું નહિ ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાનના સત્સંગીને ચુડેલ વળગવા સંબંધી વાત કહી. પછી તે સત્સંગીએ ઉપાય બતાવ્યો. જો તમે અમારા સાધુ પાસેથી વર્તમાન ધારીને કંઠી પહેરો તો તે કંઠીને જોઈને ચુડેલ તમારી પાસે આવશે નહિ માટે અમારી પેઠે તમે પણ શ્રીસ્વામિનારાયણ ભગવાનના સત્સંગી થાઓ.

આવું સત્સંગીનું વચન સાંભળીને શ્રી સ્વામિનારાયણના સંત પાસેથી વર્તમાન ધારીને કંઠી પહેરી, સત્સંગી થઈ શ્રીજીમહારાજનું ભજન કરવા લાગ્યા. તે જ રાત્રિએ તે પટેલના ઘરમાં આવીને પટેલને ચુડેલ કહે જે તમારા ગળામાં રહેલો તાંતણો તોડી નાખ તથા કપાળમાં રહેલું તિલક ભૂંસી નાખ તો હું તારી પાસે આવું. તારા ગળામાં રહેલા તાંતણાથી હું બળું છું તેથી તમારી પાસે મારાથી અવાતું નથી. આવી રીતે ચુડેલે ગળામાં રહેલી કંઠીને તાંતણો કહ્યો પણ તે

ચુડેલથી કંઠી એવું નામ પણ કહેવાયું નહિ. તેથી પટેલે જાણ્યું જે શ્રીસ્વામિનારાયણ ભગવાનની કંઠી ધારણ કરવાનો બહુ જ પ્રતાપ છે.

આવી રીતે જાણવાથી તે પટેલે સત્સંગ શિરસાટે ધારણ કર્યો ને ગળામાંથી કંઠીનો ત્યાગ કર્યો નહિ તેથી તે ચુડેલ આઠ દિવસ સુધી પટેલ પાસે આવે ને કંઠી તોડવાનું કહે પણ જ્યારે કંઠીનો ત્યાગ કર્યો નહિ ત્યારે તે પટેલને વળગેલી ચુડેલ ભાગી જતી હવી. આવો શ્રીજીમહારાજની કંઠીનો પ્રતાપ છે. ॥૧૬૯॥

ગામ કાવામાં પ્રથમ સત્સંગ નહોતો પણ પરચાથી સત્સંગ થયો છે તે એક વખત કાઠિયાવાડના બે સત્સંગી બ્રાહ્મણ તે ગામમાં ભિક્ષાવૃતિ માટે આવીને કુંભારને ઘેર ઉતારો કર્યો. એક સત્સંગી બ્રાહ્મણ આસપાસનાં ગામોમાં ભિક્ષા માંગવા જાય ને એક સત્સંગી બ્રાહ્મણ કુંભારને ઘેર પોતાને ખાવા માટે રસોઈ કરવા રહે. એમ થોડા દિવસ ચાલ્યું તેટલાકમાં તે કુંભારનો છોકરો માંદો પડ્યો. ને તે છોકરાનો અંતકાળ થયો ત્યારે જમના દૂત તે છોકરાને લેવા આવ્યા પણ કુંભારના ઘરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી બ્રાહ્મણ રસોઈ કરતો હતો તેથી જમના દૂત તે કુંભારના ઘરમાં પેસી શક્યા નહિ ને છોકરાના જીવને લઈ શક્યા નહિ ને જમદૂત શ્રીજીમહારાજના સત્સંગી બ્રાહ્મણને જોઈને બળવા લાગ્યા તેથી ઘર બહાર જ ઊભા રહ્યા.

પછી જમદૂતે વિચાર કરીને ગામના પટેલના છોકરાને માંદો કરી નાંખીને તે છોકરાને જમના દૂતે કહ્યું જે તારા બાપને કહે જે અમારે કુંભારના છોકરાના જીવને લઈ જવો છે પણ ત્યાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી બ્રાહ્મણ રસોઈ કરે છે માટે અમારાથી કુંભારના ઘરમાં પેસાતું નથી. માટે બ્રાહ્મણને અહીં તમારે ઘેર બોલાવો તો જ અમે કુંભારના ઘરમાં પેસીને તે કુંભારના છોકરાના જીવને લઈ જઈએ ને તે સત્સંગી બ્રાહ્મણને તમારા પિતા નહિ બોલાવે તો અમે તારો જીવ લઈશું.

આવો ભય આપવાથી તે પટેલના છોકરાએ પોતાના પિતાને ઉપરની વાત કહી તેથી તે ગામનાં મુખી પટેલે પોતાનો માણસ મોકલીને કુંભારના ઘરમાં રહેલા સત્સંગી બ્રાહ્મણને પોતાને ઘેર બોલાવીને રસોઈનું સીધું આપીને પોતાને ઘેર રસોઈ કરવા બેસાડ્યો એટલે જમના દૂત કુંભારના ઘરમાં પેસીને કુંભારના છોકરાના જીવને લઈ ગયા. પછીથી ગામના મુખી પટેલે ઉપરની પોતાના છોકરાની કહેલી વાત ગામના માણસોને કહી ને કહે જે શ્રીસ્વામિનારાયણ ભગવાનની કંઠી

ધારણ કરનાર સત્સંગીની પાસે જમદૂત જઈ શકતા નથી જેથી કાવા ગામમાં ઘણા માણસો શ્રીસ્વામિનારાયણ ભગવાનના સાધુ પાસે વર્તમાન ધરાવીને કંઠી પહેરીને સત્સંગી થતા હતા.

આવો શ્રીજીમહારાજની કંઠીનો પ્રતાપ છે. માટે પોતાના જીવના કલ્યાણ માટે શ્રીસ્વામિનારાયણ ભગવાનની કંઠી ધારણ કરીને સત્સંગી થઈને શ્રીજીમહારાજનું દેહપર્યંત સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ભજન કરવું તે જ મનુષ્યદેહનો મોટો લાભ છે. ॥૧૭૦॥

ગામ ગઢપુરના જીવાખાચરે એક વખત બે હજાર માણસો એકઠા કરીને દાદાખાચરને મરાવી નાખવાનો વિચાર કર્યો. તે વાત શ્રીજીમહારાજે જાણી કે તુરંત દાદાખાચરની પાસે ગયા ને વિસ્તાર સહિત વાત કરીને કહે જે તમો સારંગપુર જાઓ ને હું અહીંયાં રહું. તે સાંભળીને દાદાખાચર કહે જે તમારો ત્યાગ કરીને મારે સારંગપુર જવું તે ઠીક કહેવાય નહિ, કારણ કે શૂરાને શૂરાતન ચઢાવે એવા યુદ્ધમાં તમારો ત્યાગ મારાથી કેમ થાય ? વળી જો જાઉં તો લોકમાં મારી નિંદા થાય ને શત્રુઓ સામે લડવું તે ક્ષત્રિયનો ધર્મ છે. તેથી શત્રુઓ સાથે લડવા ઈચ્છું છું પણ બીજે જવાની ઇચ્છા નથી.

તે વાત સાંભળીને શ્રીજી દાદાખાચરને કહે જે ભલે યુદ્ધ થાય તેની ચિંતા તમારે ન કરવી તમારે તો મારી આજ્ઞા પ્રમાણે વરતવું. મારે તમારી રક્ષા કરવી છે. માટે તમે આજ સારંગપુર જાઓ ને પછી હું તમને અહીં બોલાવું ત્યારે આવવું. એમ કહીને રાઠોડ ધાધલની સાથે દાદાખાચરને સારંગપુર મોકલ્યા. પછી દાદાખાચરની મિલકત હરિભક્તો પાસે બીજે ઠેકાણે મોકલાવી ને પછી શ્રીજીમહારાજ પોતાની પાસે રહેલા શૂરવીરોને કહે જે, તમે હથિયાર લઈને તૈયાર રહેજો, કારણ કે દેહ પડે ત્યાં સુધી લડાઈ કરવાની છે. તો ઉત્સાહે સહિત શત્રુની સાથે લડવું. ને પાળાઓને બંદૂકો બંધાવીને બીજા જે ગઢડાના હરિભક્તોને તરવાર વિગેરે અપાવ્યાં ને શ્રીજીમહારાજે દૃઢ કચ્છ વાળ્યો ને તે ઉપર કેડ બાંધીને પોતાના દેશ માફક માથે ફેંટો બાંધ્યો. ને કેડે જમૈયો ને કટાર ધારણ કર્યો ને પોતાના આખે શરીરે ચંદન ચોપડીને ઢાલ તથા બાણનો ભાથો ને હાથમાં ધનુષ્ય બાણે સહિત ધારણ કર્યું ને નૃસિંહની પેઠે ભયંકર સ્વરૂપ ધારણ કરીને બેઠા. તે પાળાઓ તથા સારંગપુરનાં જીવાખાચર વિગેરેએ હથિયાર ધારણ કરીને શ્રીજીમહારાજના સમીપમાં ઊભા રહ્યા.

તે જ સમયે શત્રુઓએ લક્ષ્મીવાડીમાં શેરડીના વાઢમાં અગ્નિ મેલ્યો. તેથી મેઘજી તથા હસનને જોવા શ્રીજીએ વાડીએ મોકલ્યા. તે જોઈને તે બેઉ ખેદ પામ્યા ને તે વાત સાંભળીને શ્રીજીમહારાજની લાલચોળ આંખ્યો થઈ. તેવામાં જીવાખાચરનાં દીકરી અમુલાં તથા અમરીએ શ્રીજીને કહ્યું જે, આ કામ કરાવનાર અમારા પિતા જ છે. એટલામાં દાદાખાચરનાં ફોઈ સોમાબાઈ શ્રીજીમહારાજ પાસે સિંહ નાદ કરીને બોલ્યાં જે, હે શ્રીજીમહારાજ, તમારી પાસે કોઈનું ચાલે તેમ નથી તેમજ વળી તમે જો મને આજ્ઞા કરો તો આ બ્રહ્માંડનો નાશ કરી નાખું તો જીવાખાચર શી ગણતરીમાં ?

એમ કહે છે તેટલાકમાં સોમાબાઈના માથેથી શામ ઓઢણી ખસી જવાથી સફેદ વાળ જોવામાં આવ્યા. તે જોઈને શ્રીજીમહારાજ સોમાબાઈને કહે જે, તમે ચંડિકાનું રૂપ ધારણ કરો ને હું નૃસિંહનું રૂપ ધારણ કરું. ને આપણે બેઉએ શત્રુનો નાશ કરવો. એમ કહીને સોમાબાઈના માથે તથા મુખે કેશર સહિત ચંદન ચોપડાવ્યું. ને આખે શરીરે કંકુ તથા ગુલાલ નાખ્યો. ને હાથમાં સાંબેલું આપ્યું. ને શ્રીજીમહારાજ પણ પોતાના હાથમાં ધનુષ્ય બાણ ધારણ કરીને લડવા તૈયાર થઈને દરવાજે ગયા. ને ત્યાં ઊભા રહીને શ્રીજીએ સિંહનાદ કર્યો. તે સિંહનાદ સાંભળીને સર્વે ત્રાસ પામ્યા. સોમાબાઈ પણ શ્રીજી પાસે ઊભાં રહ્યાં. તે વખતે સામાવાડીયા યોદ્ધાઓ નાના પ્રકારના નાદ કરતા આવ્યા. તે શ્રીજીમહારાજનું નૃસિંહ રૂપ જોઈને ભય પામ્યા. તેમજ ચંડિકા રૂપ સોમાબાઈને જોઈને પણ ત્રાસ પામ્યા.

તે સમે શ્રીજીની પાસે ઊભા રહેલા સોમલાખાચર તથા સુરાખાચર તથા ઘેલો ધાધલ સિવાયના શૂરવીરો શત્રુ સામા દોડ્યા. તેવામાં એક મુસલમાન શ્રીજીમહારાજની સામો બંદૂકનો ભડાકો કરવા જાય છે તેટલાકમાં શ્રીજીની ઇચ્છાથી તેની બંદૂક ફાટી ને તે મુસલમાનની મૂછ ને દાઢી સળગી. તે જોઈને સામાવાડીયાના માણસો ભય પામ્યા ને પોતપોતાનાં હથિયારને નાંખી દઈને નાઠા. ને વિકરાળ રૂપ સોમાબાઈએ પોતાના હાથમાં રહેલા સાંબેલાથી મારવા લાગ્યાં. તેથી વીહો ગઢવી તથા કુરજી તથા આલો ગોવાળીઓ એ ત્રણ જણે મળીને શ્રીજીમહારાજની પ્રાર્થના કરીને યુદ્ધ બંધ રખાવ્યું. ને તે સમે શત્રુ લોકો જીવાખાચરના દરબારમાં સંતાઈ ગયા. ને સોમાબાઈ ઉપર પ્રસન્ન થયેલા શ્રીજીમહારાજે સોમાબાઈના માથા ઉપર હાથ મૂક્યા ને આલા ગોવાળીયા ઉપર પ્રસન્ન થઈને શ્રીજીએ પોતાના આશ્રિત પાસે યુદ્ધ બંધ રખાવ્યું.

પછી સોમાબાઈને શ્રીજીએ દાદાખાચરના દરબારની રક્ષા કરવા આજ્ઞા કરી. ને હથિયાર ધારણ કરનાર પાળાઓને દરબારનું રક્ષણ કરવાની આજ્ઞા કરી. પછી દસ સ્વારો તથા પચાસ હથિયાર ધારણ કરનારને પોતાની સાથે આવવાની આજ્ઞા કરીને નાથભક્ત પાસે માણકી ઘોડી મંગાવીને પોતે શ્રીજીમહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. ને જીવાખાચરને ઊંચા સ્વરથી કહ્યું જે, આ કામ તમે જ ખાસ કરાવેલું છે. છતાં હું નાશ કરતો નથી તેનું કારણ કે અમુલાં તથા અમરી તે બેઉ મારાં એકાંતિક ભક્ત છે. નહિતર આ તીક્ષણ તરવારથી તમારા કટકા કરી નાખત.

આ પ્રકારે કહીને શ્રીજી ત્યાંથી પોતાના પાળાઓએ સહિત લક્ષ્મીવાડીએ ગયા. ને ત્યાંથી જમીને શ્રીજીમહારાજ સારંગપુર પધાર્યા. ને કેડેથી સામા પક્ષવાળાના માણસોને વારંવાર નાવાનું થયું ને કેટલાક ત્રાસ પામતા થકા મરણ પામતા હતા. આવી રીતના દુઃખને નાશ કરનારા શ્રીહરિના ચરિત્રને જે કોઈ સાંભળશે તથા કહેશે તથા સ્મરણ કરશે તે માણસ સંસારના પાશથી રહિત થઈને શ્રીજીમહારાજના અક્ષરધામને પામશે. ॥૧૭૧॥

ગામ લોયામાં શ્રીજીમહારાજનાં મોટાભાઈ રામપ્રતાપભાઈ તથા શ્રીજીના નાનાભાઈ ઇચ્છારામભાઈ આવ્યા. પછી પાળા ભીમભાઈને સંકલ્પ થયો કે રામપ્રતાપભાઈ કોણ હશે ને કેવા બળીયા હશે ? પછી રાત્રિએ રામપ્રતાપભાઈએ ભીમભાઈને નૃસિંહરૂપે દર્શન દીધાં તેવી જ રીતે બીજે દિવસે પણ નૃસિંહરૂપે દર્શન દીધાં ત્યારે ભીમભાઈએ શ્રીજીમહારાજને વાત કરી. પછી શ્રીજીમહારાજે રામપ્રતાપભાઈ કોણ છે તે દેખાડવા માટે ભીમભાઈને મધ્યરાત્રિને વિશે સમાધિ કરાવીને આગળ શ્રીજી ને પાછળ ભીમભાઈ આવી રીતે ચાલતાં, પહેલાં પાતાળમાં ગયા. ત્યાં વચલા મંદિરની એક ઓટલી ઉપર શેષનારાયણ નાના કણાનું રૂપ ધારણ કરીને પોઢેલા હતા.

તેમને શ્રીજીમહારાજે નેતરની સોટી અડાડી એટલે ઝબકીને જાગ્યા ને મંદિર બહાર આવ્યા ને મોટું દેહ વધાર્યું ને હજાર માથાએ સહિત શેષનારાયણ શોભવા લાગ્યા. ને શેષનારાયણના માથા ઉપર એક શ્વેત મૂર્તિ ભીમભાઈએ જોઈને શ્રીજીને પૂછ્યું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે આ શેષનારાયણ છે ને તેમના માથા ઉપર શ્વેત મૂર્તિ જણાય છે તે રામપ્રતાપભાઈ છે. પછી ત્યાંથી શ્રીજી ભીમભાઈ સહિત બદ્રીકાશ્રમમાં ગયા. ત્યાં બોરડી નીચે બેઠેલા બ્રહ્માનંદ સ્વામીને

દેખીને શ્રીજીને પૂછ્યું. ત્યારે શ્રીજી કહે હા, તે બ્રહ્માનંદ સ્વામી બોરડી તળે છે. પછી ત્યાંથી શ્રીજીમહારાજ ભીમભાઈ સહિત શ્વેતદ્વીપમાં ગયા. ત્યાં મુક્તોએથી વીંટાયેલા ગોપાળાનંદ સ્વામીને દેખીને પૂછ્યું ત્યારે શ્રીજી કહે જે મુક્તોને ઉપદેશ કરવા નિરંતર ગોપાળાનંદ સ્વામી આવે છે.

પછી ત્યાંથી ગોલોકમાં ગયા ત્યાં નિત્યાનંદ સ્વામીને દેખ્યા ને પૂછ્યું ત્યારે શ્રીજીમહારાજ કહે તે પણ અહીં મુક્તોને ઉપદેશ કરવા આવે છે. ગોલોકમાં ભીમભાઈને મૂકીને શ્રીજી અક્ષરધામમાં ગયા. પછી ભીમભાઈએ શ્રીજીમહારાજને નહિ દેખવાથી શોધવા લાગ્યા. ને બૂમો પાડવા માંડી ત્યારે મુક્ત કહે, શ્રીજી આ પગથિયે થઈને ઉપર અક્ષરધામમાં ગયા છે. પછી ભીમભાઈ પણ અક્ષરધામમાં ગયા. ત્યારે કેવળ તેજ દેખ્યું પણ શ્રીજીમહારાજને દેખ્યા નહિ. તેથી શ્રીજીને બોલાવવા મંડ્યા ત્યારે મુક્ત કહે તે તો હેઠે ગયા. માટે તમો હેઠા જઈને સમાધિમાંથી જાગશો ત્યારે તમને શ્રીજીમહારાજનાં દર્શન લોયા ગામમાં થશે. પછી ભીમભાઈએ સમાધિથી બહાર આવી શ્રીજીનાં દર્શન કર્યાં ને પોતે સમાધિમાં જોયેલી બધી વાત કહી ને કહે જે, હે શ્રીજીમહારાજ, આ રામપ્રતાપભાઈ તો સાક્ષાત્ શેષનારાયણના અવતાર છે તેમાં કાંઈ સંશય નથી. એમ ભીમભાઈ પાળા શ્રીજીમહારાજને કહેતા હતા. ॥૧૭૨॥

ગામ પંચાળાના ઝીણાભાઈ એક સમયે શ્રીજીમહારાજ પાસે હુતાશનીનો સમૈયો કરાવવા માટે પોતાના ગામથી લોયા ગામ આવીને શ્રીજીની પ્રાર્થના કરી કે હે શ્રીજીમહારાજ સર્વે સંત તથા સર્વે હરિભક્તોએ સહિત આપશ્રી મારી સાથે પંચાળા આવીને હુતાશનીનો સમૈયો કરો એટલી મારી નમ્ર વિનંતી છે. તેથી શ્રીજીએ હા પાડી ને પંચાળા પધાર્યા ત્યાં ઝીણાભાઈને ઘેર થાળ જમીને સભામાં બેઠા હતા. તે વખતે રંગ રમવાનો તૈયાર કરાવેલ હતો તે રંગ લઈ બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીએ સેજ ઊનો રંગ હતો તે શ્રીજી ઉપર નાંખ્યો તેથી શ્રીજીમહારાજ રીસાઈને પોતાના મુકામે ગયા.

એટલામાં ઝીણાભાઈ આવ્યા તેમણે વાત સાંભળી. તેથી પોતાના મનમાં મૂંઝાયા ને ત્યાંથી મુક્તાનંદ સ્વામી પાસે ગયા ને સ્વામીને કહે જે તમો શ્રીજીમહારાજને સમજાવો કે જેથી રંગ રમવા પધારે ત્યારે મુક્તાનંદ સ્વામી શ્રીજી પાસે ગયા ત્યારે શ્રીજી કહે અમારી ઉપર કોઈ ઊનો રંગ ન નાંખે તો અમે રંગ રમવા આવીએ એમ તમે અમારા જામીન થાઓ. ત્યારે સ્વામીએ હા કહી. પછી

શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામી સંગાથે રંગ રમવા પધાર્યા ને ઝીણાભાઈનો મનોરથ પૂરો કર્યો. ને શ્રીજીમહારાજ રંગે રમીને સાબળી નદીમાં સ્નાન કરવા પધાર્યા ત્યારે રંગવાળાં વસ્ત્રો ઝીણાભાઈને આપ્યાં. ને સ્નાન કરીને ગાજતેવાજતે પોતાના મુકામમાં પધાર્યા.

ત્યાં ઝીણાભાઈને શ્રીજીમહારાજની ઈચ્છાથી સમાધિ થઈ તે અક્ષરધામમાં ગયા. ત્યાં દરેક અવતારો શ્રીજીમહારાજની સ્તુતિ કરતા જોયા. તેમજ કેટલાક ચમત્કારો પણ જોયા. પછી ઝીણાભાઈ સમાધિથી જાગ્રત થયા. પછી તેમણે જે સમાધિમાં દેખેલ તે સર્વે સભાના માણસો સાંભળે તેમ વાત કહી સંભળાવી. તે સમયે શ્રીજીમહારાજે એક વાત કહી જે મને સર્વ અવતારનો અવતારી જાણે પણ કોઈ અવતારને તુલ્ય ન જાણે, એક જ મારો દૃઢ આશરો રાખે. પ્રેમપૂર્વક મારી ભક્તિ કરે. અખંડ મારું નામ રટણ કરે ને અખંડ મારું ધ્યાન ધરે. ને પીંડબ્રહ્માંડથી પ્રીતિએ રહિત થાય ને બ્રહ્મ થઈને પરબ્રહ્મ એવો જે હું તે મને સંદેહ રહિત થઈને ભજે. ને મારી મૂર્તિમાં અખંડ મન રાખે ને કામક્રોધાદિક અંતઃશત્રુને મૂળમાંથી ઉખાડી નાંખે ષટ્ઊર્મિએ રહિત થાય. સોનાને તે ધૂળને બરોબર માને,જીભને નિયમમાં રાખે. વાસનાએ રહિત થાય. માન રહિત વરતે ને આલોક થકી ઉદાસ રહે. આ જે મેં વાત કરી તે પ્રમાણે જે વર્તશે તે મારા અક્ષરધામને પામશે. ને મારા સમીપે રહેશે. આવી શ્રીજીમહારાજની વાત સાંભળીને વર્તવાનો સર્વ માણસો નિશ્ચય કરતા હવા. **તે વિષયનું કીર્તન પદ**

રાગ-કાફી-મુને એમ જાણે રે, સુરઈશ સર્વોપરી-ગણે નહિ મુજને રે, કોઈની તે બરોબરી મુને-ટેક ॥

આશરો જેને એક જ મારો, નિશ્ચે દૃઢ નિષ્કામ-પ્રેમ લક્ષણા પુરણ ભક્તિ, કરે તે આહુ જામ-નામ રટે મારું રે,-અખંડ રહે ધ્યાન ધરિ-મુને ॥

પ્રીતિ પીંડબ્રહ્માંડથી ટાળે-તોડે સહુથી સ્નેહ બ્રહ્મ થઈને પરિબ્રહ્મ ભજે-તજે વિષે વિકાર વિદેહ-મારી મુરતિમાં રે-જોડે મન જુગતી કરી-મુને-૨ ॥

કામ ક્રોધાદિક અંતરશત્રુ-તેના ઉખાડે મુળ-રહીત ખટ ઉરમી થકી રહે સમ જાણે કનકને ધુળ-જીતે જન રસનારે-વચન મારું શિરધરિ ॥ મુને-૩ ॥

નિવાસનીક નીર્માનિ થઈ-રહેજે જન જક્ત ઉદાશ એવા જન અક્ષરનેરે પામે. સદા રહે મારી પાસ-હરખ રામ કહે છે રે-એમ વાલે વાત કરિ ॥મુને-૪ ॥૧૭૩॥

ગામ—ગઢપુરમાં શ્રીજીમહારાજ પંચાળાથી પધાર્યા તે સમયે રાજકોટથી ગવર્નર સાહેબે અસ્વાર મોકલ્યો—તે અસ્વારે શ્રીજીમહારાજને પત્ર આપ્યો તે પત્ર લાધા ઠક્કરને બોલાવીને સહુને વાંચી સંભળાવ્યો. પછીથી શ્રીજી ગઢપુરથી ચાલ્યા તે વાંકીયે ગયા ને ત્યાંથી ઉમરાળે મુકામ કરીને રાજકોટ પધાર્યા. પછી શ્રીજીએ આગળથી ભીમભાઈને તથા દેવા ભક્તને ગવર્નર પાસે મોકલ્યા. શ્રીજીમહારાજ તેમની સાથે ધામધૂમથી રાજાના મુકામે પધાર્યા. ત્યાં તેઓને સર્વોત્તમ આસન ઉપર બેસાડ્યા.

પછી શ્રીસહજાનંદ સ્વામીની પાસે ગવર્નર તથા બલિન સાહેબે તથા વલિયન સાહેબે ટોપી ઉતારીને શ્રીજીમહારાજને પગે લાગી દાસ માફક સામા બેઠા. તે સમે પરસ્પર કેટલીક ચર્ચા થઈ. પછી શ્રીસ્વામિનારાયણ ભગવાનને ગવર્નર રાજાએ ત્રણ પ્રશ્ન પૂછ્યા. પ્રથમ એમ પૂછ્યું જે, સતી કેમ થાતી હશે ? બીજું જીવનું રૂપ કહો. ત્રીજું વૈકુંઠ ધામ ક્યાં છે તે કહો. તે ત્રણેયના ઉત્તર શ્રીજીમહારાજે આપ્યા. તે સાંભળીને ઘણાં જ ખુશી થયા. શ્રીજીમહારાજના સ્વરૂપમાં ઘણો સ્નેહ થયો. ને બે હાથ જોડીને શ્રીસ્વામિનારાયણ ભગવાનને કહે જે, અમને કાંઈ કહેવું હોય તો સુખેથી કહો.

ત્યારે શ્રીસહજાનંદસ્વામી કહે જે, તમારા રાજ્યમાં બ્રાહ્મણને ફાંસી અપાય છે તથા ગાયોનો વધ થાય છે એવું અમે સાંભળેલું છે. તે બેઉ તમારે કરવું નહિ. એમ વર્તશો તો આ તમારું રાજ્ય ઘણાં કાળ સુધી રહેશે. એટલી વાત કરી તે વખતે તે સાહેબ કહે જે એક બ્રાહ્મણે શાહુકારના ત્રણ દીકરા મારી નાંખ્યા તો પણ અમે છોડી મૂક્યો તોપણ તે બ્રાહ્મણે ચોથી વખત શાહુકારનો ચોથો છોકરો મારી નાંખ્યો. ત્યારે અમોએ તેને ફાંસી આપેલ છે. તો પણ આપશ્રીની આજ્ઞા પ્રમાણે બ્રાહ્મણ તથા ગાયોનો વધ નહિ કરીએ.

એમ કહીને શ્રીજીમહારાજની યથાયોગ્ય પૂજા વિગેરે કરી. તે સમે દાદાખાચરે નજરાણા તરીકે ઘોડો આપવાનું કહ્યું. તે સાંભળીને તે સાહેબ બોલ્યા જે તમે તમારે ઘેર શ્રીસ્વામિનારાયણ ભગવાનને રાખ્યા છે તેથી અમોને તમોએ લાખો ઘોડા આપ્યા છે એમ અમે માનીએ છીએ. ત્યારે શ્રીજીમહારાજે રાજી થઈને પોતે

શિક્ષાપત્રી તે સાહેબને આપી. તે વાંચીને તે સાહેબો ઘણાં જ ખુશ થઈને કહે જે હું આ શિક્ષાપત્રી પ્રમાણે કાયદા પ્રવર્તાવીશ. ને અમારા ગુના માફ કરજો. ને અમારું તથા અમારા દુશ્મનનું પણ સારું થાય એવો આશીર્વાદ આપો.

પછી શ્રીજીમહારાજ તે સાહેબોને આશીર્વાદ દઈને રાજકોટથી ચાલ્યા તે ગઢપુર પધાર્યા. ને શ્રીસ્વામિનારાયણ ભગવાન ગઢપુરથી રાજકોટ પધાર્યા ત્યારે તેમની સંગાથે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા મુકુંદાનંદજી બ્રહ્મચારી તથા શુકાનંદસ્વામી તથા નિત્યાનંદ સ્વામી તથા દાદાખાચર તથા સુરાખાચર તથા સોમલાખાચર તથા ભીમભાઈ આદિક સાથે હતા. ॥૧૭૪॥

ગામ વડતાલમાં શ્રીજીમહારાજ એક વખતે આંબલી નીચે સભા કરીને બેઠા હતા. ત્યાં સોજીત્રા ગામની તપોધનની સ્ત્રી ડાકોરનાથનાં દર્શન કરવા ગયેલ. તે દર્શન કરીને વડતાલ આવી. તે સ્ત્રી મહામંત્ર જંત્ર નાટકચેટકની ભરેલી હતી. તે સ્ત્રીએ વિચાર કર્યો જે શ્રીસ્વામિનારાયણ ઉપર અડદ મંત્રીને નાખું. એમ ધારીને શ્રીજીમહારાજ પાસે આવી અડદ મંત્રીને નાંખ્યા. તોપણ કાંઈ ન થયું ને શ્રીજી કહે જે આ અડદ કોણ નાખે છે ને તે કોણ છે ?

ત્યારે તે બાઈએ જવાબ આપ્યો જે હું સોજીત્રા ગામની તપોધન બાઈ છું. તમને અભિચાથી મારવાના વિચારથી મંત્રેલા અડદ નાખેલ હતા પણ તમને કાંઈ ન થયું. માટે તમે પરમાત્મા છો. એમ કહીને બોલી જે મેં તમારા ઉપર જે મંત્ર ભણીને અડદ નાંખ્યા હતા તેજ મંત્રથી મંત્રેલા અડદથી અઢાર બ્રાહ્મણ માર્યા છે તે સિવાય તો પાર નથી. એમ કહી ફાવે તેમ શબ્દ બોલતી સોતી ગઈ.

પછી શ્રીજીમહારાજે સભા સાંભળતાં વાત કરી જે આ આવેલી જે સ્ત્રી હતી તે પૂર્વે માશીપુતના હતી. કૃષ્ણાવતારમાં તેને લાગ નહોતો ફાવ્યો તેથી આ વખતે મને મારવા માટે આવી હતી પણ તેનું કાંઈ ન ચાલ્યું ત્યારે તે સ્ત્રી અહીંથી ભાગી ગઈ છે. ॥૧૭૫॥

ગામ ખોલડિયાદ એક વખત શ્રીજીમહારાજ પધાર્યા હતા ત્યાં વાણીયા હંસરાજભાઈ શ્રીજીના એકાંતિક ભક્ત હતા. તેઓ શ્રીજીને આગ્રહ કરીને પોતાને ઘેર લઈ ગયા. તે વાણીયાની સ્થિતિ ઘણી દુર્બળ હોવાથી પિત્તળનાં વાસણ છાની રીતે વાણીયાને ઘેર મૂકીને તેનું સીધુ લઈ ઘેર આવી બ્રાહ્મણ પાસે શુદ્ધ ભાવથી થાળ કરાવીને શ્રીજીમહારાજને જમવા બેસાડ્યા. ત્યારે હંસરાજભાઈ શ્રીજી પાસે હાથ જોડીને બેઠા. તેમને શ્રીજીએ તેમના વ્યવહારની વાત પૂછી. ત્યારે

હંસરાજભાઈએ શ્રીજીને પોતાના ગરીબપણાની વાત કહી બતાવી. તેથી શ્રીજીમહારાજને તેના ઉપર ઘણી જ દયા આવી.

શ્રીજી જમી રહ્યા કે તુરંત તૈયાર થઈ ત્યાંથી ચાલ્યા. તે રસ્તામાં હંસરાજભાઈ ભક્તનું ચાર વિઘાનું ખેતર આવ્યું. તેમાં બાજરી વાવેલી પણ વરસાદની તાણ્યને લીધે સુકાઈ ગયેલી દીઠી. તેથી શ્રીજીમહારાજે મેઘને આજ્ઞા કરી કે તું હંસરાજ ભક્તના ખેતરમાં સારી રીતે વરસાદ કર્ય. આવી શ્રીજીની આજ્ઞાથી ઓચીંતો વરસાદ થયો ને તે ભક્તના ખેતરમાં જ ઘૂંટણભર પાણી ભરાઈ ગયું. તેમના થડના ખેતરવાળાએ હંસરાજભાઈ ને વાત કરી જે તમારા શ્રીસ્વામિનારાયણ તો પ્રત્યક્ષ ભગવાન છે તેથી તમારા ખેતરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને વરસાદ વરસાવ્યો તે તમે જઈને જુઓ. તે હંસરાજ ભક્તે ખેતરમાં જઈને જોયું ને વિચાર કર્યો જે શ્રીજીમહારાજે મારા ઉપર ઘણી દયા કરી. તે બાજરી પાકી ત્યારે સોમણ બાજરી પૂરી થઈ. એવી શ્રીજીમહારાજની વાણીયા હંસરાજભાઈની ઉપર ઘણી જ દયા હતી. ॥૧૭૬॥

ગામ વાંકાનેરના બ્રાહ્મણ જાંબુડાંની ટોપલી ભરીને ગઢપુર શ્રીજીમહારાજ માટે લઈને આવ્યા. તે જ વખતે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં વિરાજમાન થયા હતા. તે બ્રાહ્મણે શ્રીજીને પગે લાગીને ટોપલી મૂકી. તે જોઈને શ્રીજીમહારાજે પૂછ્યું જે આ ટોપલીમાં શું લાવ્યા છો ? ત્યારે બ્રાહ્મણ કહે જે આપશ્રી માટે પાકેલાં સર્વોત્તમ જાંબુડાં લાવેલો છું. માટે આપશ્રી તે જાંબુડાંને જમો, જેથી કરીને મારા જીવનો મોક્ષ થાય. તેથી શ્રીજીમહારાજને પોતાના હાથથી ટોપલી છોડીને જાંબુડાં હાથમાં લઈને પહેલાં ઘણાં જ વખાણ કર્યાં પછી મુકુંદાનંદજી બ્રહ્મચારીને બોલાવીને પાણી મંગાવ્યું. ને તે જાંબુડાંને ધોઈને શ્રીગોપીનાથજીને જમાડીને પોતે જમતા જાય ને વખાણ કરતા જાય. આવાં સારાં જાંબુડાં તમે લાવ્યા તે જમીને હું તમારા ઉપર ઘણો જ પ્રસન્ન થયો છું. માટે તમારે મારી પાસે જે માગવું હોય તે સુખેથી માગો. હું તમને આપું.

ત્યારે તે બ્રાહ્મણે શ્રીજીમહારાજને ખરેખર પ્રસન્ન થયેલા જાણીને કહ્યું જે મને પૂજવા સારુ ચરણારવિંદ આપો. એ ચરણારવિંદની મારે ઘણી જરૂર છે. પછી તે બ્રાહ્મણનું બોલવું સાંભળીને તુરંત જ રંગ તથા વસ્ત્ર મંગાવીને ચરણારવિંદ એક જોડી પાડી આપ્યાં. તથા જાંબુડાંની પ્રસાદી આપી તે લઈને બ્રાહ્મણ પોતાને ગામ જતા હતા. તે ચરણારવિંદ અત્યાર સુધી તેના વંશપરંપરાના માણસોએ સાચવી રાખેલાં છે ને તે ચરણારવિંદનું પૂજન મહાત્મ્યપૂર્વક કરે છે. ॥૧૭૭॥

ગામ શીહોરના જેઠાભાઈ બ્રાહ્મણ એક વખત જેઠ મહિનામાં પોતાનો નદીના કાંઠા ઉપર રહેલો જાંબુડો હતો તેનાં જાંબુડાં જ્યારે પાક્યાં ત્યારે જેઠાભાઈએ સંકલ્પ કર્યો જે આ જાંબુડાં પહેલાં શ્રીજીમહારાજને જમાડીએ પછી આપણાં ઉપયોગમાં લેવાં. એવો ઠરાવ કરીને સાંજના વખતે સારાં સારાં પાકેલાં મોટાં જાંબુડાં ઉતરાવીને એક ટોપીલીમાં ભરીને ગઢપુર આવ્યા. તે સમયે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં પોતાના પાળાઓ સહિત બેઠા હતા. ત્યાં શ્રીજીમહારાજ પાસે જેઠાભાઈએ ટોપલી મેલી દંડવત્ પ્રણામ કર્યા ને શ્રીજીને કહે જે આપશ્રીને માટે જાંબુડાં લાવ્યો છું. તે આપશ્રી અંગીકાર કરો.

તેથી તુરંત જાંબુડાંને જળથી શુદ્ધ કરીને શ્રીગોપીનાથજીને જમાડીને પોતે જમવા લાગ્યા. તે જાંબુડાં જમતા જાય ને જેઠાભાઈ બ્રાહ્મણ સામું જોઈને બહુ જ જાંબુડાંનાં વખાણ કરતા જાય. ને શ્રીજીમહારાજ કહે જે આ જાંબુડાંના ઝાડનાં મૂળ નદી કાંઠે નદીના જળમાં હોવાં જોઈએ, કારણ કે બીજાં જાંબુડાં કરતાં આ જાંબુડામાં ઘણો જ સ્વાદ છે. ત્યારે જેઠાભાઈ બ્રાહ્મણ કહે જે હા શ્રીજીમહારાજ આપશ્રી કહો છો તેમજ છે. તે જાંબુડો નદીને કાંઠે મારા પિતાશ્રીએ વાવેલો છે ને તે જાંબુડાંનો સ્વાદ આપશ્રી કહો છો તેવો છે.

ત્યારે શ્રીજી તે જેઠાભાઈ ભક્તને કહે જે આ જાંબુડાનાં બીજ અમારાં પ્રસાદીનાં લઈ જાઓ. ને તેને તમો વાવજો ને હું પણ મારી અક્ષર ઓરડીની પછવાડે એક ખૂણે મારા હાથથી જ રોપું છું. ને તે જાંબુડો મોટો થશે ત્યારે તેનાં ફળ હું તથા શ્રી ગોપીનાથજી તથા સંત-પાળા-હરિભક્ત વિગેરે જમીશું. તેનું ફળ તમને પણ મળશે. એમ કહીને શ્રીજીમહારાજે તે જેઠાભાઈ ભક્તને જાંબુડાંની પ્રસાદી આપી. તે બ્રાહ્મણને પોતાની પાસે એક દિવસ રાખીને બીજે દિવસે રજા આપી તેથી જેઠાભાઈ બ્રાહ્મણ પોતાને ગામ ગયા.

પછી શ્રીજીમહારાજે તે જાંબુડાંનું બીજ પોતાના હાથથી જમીન ખોદીને ખેતરની કાળી માટી તથા ખાતર નંખાવીને તેમાં જાંબુડાનું બીજ રોપ્યું. ને પોતાનું નાખેલું તથા પગ ધોયેલું જે પ્રસાદીનું પાણી તે કાયમ જાંબુડાંમાં જાય તેવી રીતે એક પાળ કરાવી. તે પાણીના આધારથી જાંબુડાનું ઝાડ થોડા સમયમાં સર્વોત્તમ થયું. ને તે જાંબુડાને ફળ થયાં ત્યારે તેના સામું જોઈને શ્રીજી કહે જે આ જાંબુડો અમે વાવ્યો તેનાં ફળ થયાં માટે તે ફળ ઉતારો. ને શ્રી ગોપીનાથજી જાગે ત્યારે શ્રીગોપીનાથજીને મેવામાં ધરજો. એમ કહીને તે જાંબુડાં ઉતરાવ્યાં.

પછી શ્રી ગોપીનાથજી જાગ્યા ત્યારે શ્રીગોપીનાથજીને જમાડીને શ્રીજીમહારાજ પોતે જમતા હતા. પછી પોતાની પ્રસાદીનાં જાંબુડાં સર્વે સંત-બ્રહ્મચારી-પાળા-હરિભક્ત વિગેરેને આપ્યાં. ને શ્રીજી કહે જે આ જાંબુડાં જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી કાયમ શ્રીગોપીનાથજીના મેવામાં આપજો એમ શ્રીજીમહારાજે આજ્ઞા કરી. તે જ પ્રમાણે દર વર્ષે જ્યારે જાંબુડાં પાકે ત્યારે ગોપીનાથજીના મેવામાં ઉપયોગમાં લેતા હતા. તે જાંબુડો શ્રીજીમહારાજ ધામમાં પધાર્યા પછી સુકાઈ ગયો. તે જાંબુડાનાં સુકાઈ ગયેલાં લાકડાં ગઢપુર મંદિરમાં અત્યાર સુધી સાચવી રાખેલાં છે. જાંબુડાંનાં લાકડાંનાં જાત્રાએ જવું ત્યારે દર્શન કરવાં. ॥૧૭૮॥

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજે એકસો ને આઠ પ્રકરણ ફેરવ્યાં હતાં. તેમાં ઘૂંમટા વર્તમાનનું પ્રકરણ ચાલતું હતું. તેવા સમયમાં બ્રહ્માનંદસ્વામી જીવાખાચરના દરબારમાં રહેતા હતા. તેમણે એવો વિચાર કર્યો જે આ ઘૂંમટા વર્તમાન શ્રીજીમહારાજ મુકાવે તો સારું, કારણ કે જ્યારે નદીએ નાહવા જવું પડે છે ત્યારે કાયમ એક માણસ દોરનાર હોય ત્યારે ઉન્મત્તગંગામાં સ્નાન થાય છે ને પાછું અવાય છે. તે પ્રકરણ બંધ કરાવવાનો સંકલ્પ પોતાને દૃઢ થયો.

તે બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ શ્રીજીમહારાજે જાણી લીધો. તેથી શ્રીહરિ ભગુજી ને કહે જે માણકી ઘોડી લાવો. અમારે લક્ષ્મીબાગ જવા વિચાર છે. ને બ્રહ્માનંદ સ્વામીને જીવાખાચરના દરબારમાંથી બોલાવવા માણસ મોકલો. તે પોતે ગ્રંથ લખતા હોય તોપણ તે લખવાનું પડતું મૂકીને તુરંત આવે. એટલી વાત કરીને ઘોડી મંગાવી. તે માણકી ઘોડી ઉપર સ્વાર થઈને લીંબડાના ઝાડ ફરતી ચારેકોર ઘોડી ફેરવવા લાગ્યા. તે જ વખતે બ્રહ્માનંદ સ્વામી બૈરાં માફક પોતાનું મુખ વસ્ત્રથી ઢાંકીને લટકાં કરતાં કરતાં દાદાખાચરના દરબારમાં આવ્યા.

તે બ્રહ્માનંદ સ્વામીને આવતા જોઈને શ્રીજીમહારાજે ઘોડીને ઊભી રાખી. ને બ્રહ્માનંદ સ્વામીને આનંદના વચનથી પૂછવા લાગ્યા જે **ઠકરાણાં** 'અડવાણાં કેમ' ? એટલે 'પગપાળાં કેમ', ઘરમાં વેલબેલ હતી કે નહિ ? તેનો ઉત્તર બ્રહ્માનંદસ્વામીએ આપ્યો જે વાવણી જુતી ગયા છે. તે સાંભળીને વળી શ્રીજીમહારાજે પૂછ્યું કે ઘોડશાળામાં ઘોડું હતું કે નહિ ? તેના જવાબમાં બ્રહ્માનંદ સ્વામી કહે કે, ઘરનાં ધણી ઘોડીએ ચઢી ગયા છે. તે સાંભળીને બ્રહ્મમુનિને શ્રીજીમહારાજ કહે કે, પાંસરું કેમ બોલતા નથી ? ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે જે, આપશ્રી બહુ પાંસરું બોલતા હશો.

આવું બ્રહ્મમુનિનું વચન સાંભળીને તુરંત જ ઘોડી ઉપરથી ઊતરીને બ્રહ્માનંદ સ્વામીના મુખ ઉપર ઢાંકેલું વસ્ત્ર પોતાના હાથથી શ્રીજીમહારાજે લઈ લીધું ને કહ્યું કે આજથી ઘૂંમટા વર્તમાનનું પ્રકરણ રહેવા દ્યો. બીજું પ્રકરણ ચલાવીશું. એમ કહીને બ્રહ્માનંદ સ્વામી તથા બીજા સંતોએ સહિત શ્રીજીમહારાજ લક્ષ્મીવાડીએ પધાર્યા. ત્યાં થોડીવાર રહીને નાળિયેરે ડુંગરે જઈને પાછા દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજ પધાર્યા. ॥૧૭૯॥

ગામ વાંઠવાળી એક વખત શ્રીજીમહારાજ પધાર્યા હતા. તે સમે તે જ ગામના પટેલ ઓત્તમભાઈ તથા ગુલાબગર બાવાજી એ બેઉ જણ પાકી કેરીના ટોપલા બે લઈને શ્રીજીમહારાજ પાસે આવ્યા. આવતાં રસ્તામાં એવો વિચાર કર્યો કે શ્રીસ્વામિનારાયણ ભગવાનની સંગાથે તેમના સાધુ તથા બ્રહ્મચારી પાળા હરિભક્ત કેટલાક છે. તે સર્વેને શ્રીસ્વામિનારાયણ આ બે ટોપલાની પાકી કેરી બબ્બે લેખે સર્વેને વહેંચી આપે ને આપણે બેને બબ્બે પાકી કેરી પ્રસાદીની આપે, ને પોતે પણ બે પાકી કેરી પોતા માટે રાખે, તો તે શ્રીસ્વામિનારાયણને પરમેશ્વર આપણે માનવા ને તેમના આપણે સત્સંગી થવું.

આવો પોતાના મનમાં સંકલ્પ કરીને જ્યાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા ત્યાં તેઓ બેઉ જણ આવ્યા. ને શ્રીજીમહારાજ પાસે ટોપલા પાકી કેરીના બે મૂકી પ્રણામ કરીને ઊભા રહ્યા ને કહે જે આ પાકી કેરી અમોએ આપશ્રીને માટે આણી છે. તેની વ્યવસ્થા આપશ્રીની ઈચ્છા મુજબ કરો. એટલે તે બેઉના સંકલ્પ પ્રમાણે પોતાની સંગાથે જે જે હતા તે સર્વેને બબ્બે પાકી કેરી આપી.

ને ઓત્તમભાઈ પટેલને તથા ગુલાબગરને પણ પોતાના હાથથી પ્રસાદીની બબ્બે પાકી કેરી આપી. તેવા સમામાં ત્યાં એક બ્રાહ્મણ સભા સામે ઊભો હતો. તે બ્રાહ્મણને શ્રીજીમહારાજ કહે જે આવો વિપ્ર, **શેરડી, વાંસે એરડી.** એમ કહીને બે પાકી કેરી તે બ્રાહ્મણને પણ આપી. ને બાકી રહેલ બે પાકી કેરીઓ પોતે શ્રીજીમહારાજે લીધી. તેવો ચમત્કાર જોઈને પાકી કેરી લાવનાર બેઉ જણ તથા બ્રાહ્મણ તથા તે જ ગામના કેટલાક લોકોએ ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપનો નિશ્ચય કરી વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થયા ને તેઓ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત થયા હતા. પછીથી ગુલાબગરને એવો સંકલ્પ કેટલેક દિવસે થયો કે શ્રીસ્વામિનારાયણનું મંદિર કરવા માટે મારી જમીન આપું. એમ ઠરાવ કરીને

પોતાના સંકલ્પ પ્રમાણે મંદિર કરાવ્યું. તે શ્રીસ્વામિનારાયણ મંદિરનો લેખ વડતાલના મંદિરને સોંપવામાં આવેલ છે. તેના વંશના અત્યાર સુધી સત્સંગ રાખે છે. ॥૧૮૦॥

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજ એક સમયે અક્ષર ઓરડીમાં બેઠા હતા. તે વખતે દાદાખાચરના ભરવાડ જોધાભક્ત શ્રીજીમહારાજનાં દર્શન કરીને સામા ઊભા હતા. તે જોધાભક્તને શ્રીજીમહારાજ કહે જે જોધાભક્ત તમારી ગાયો તમને વશ થઈ છે એમ લોકોનું કહેવું છે. તે ગાયો તમને વશ કેવી રીતે થઈ છે. તે તમો મને બતાવો તો હું હા પાડું જે જોધાભક્તને ગાયો વશ થઈ છે. ત્યારે જોધાભક્ત શ્રીજીમહારાજને કહે જે ગાયોને મારા ઉપર બહુ જ હેત છે. તે ગાયોને હું સીમમાં ચારવા જાઉં છું ત્યારે ગમે તેના બીડમાં ગાયોને ચારું પણ મારું કોઈથી નામ લેવાય નહિ. મને કોઈ પણ જો ગાળ દે અથવા મારે તો આ બધી ગાયો મને મારનારને મારી નાખે. આપશ્રી મને મારી ગાયો દેખે તેવી રીતે ધીમે રહીને એક થપાટ મારો.

એમ જોધાભક્તે કહ્યું એટલે શ્રીજીમહારાજે ગાયો દેખે તેવી રીતે જોધાભક્તને ઊંચે સ્વરે બોલાવીને એક થપાટ મારી. તે સાંભળીને વાડામાં પૂરેલી તે સર્વે ગાયો એકદમ હુંકારા કરતી ને ઊંચા પૂંછડાને ઉછાળતી શ્રીજીમહારાજને મારવા આવી ને ચોફેરથી શ્રીજીને ઘેરી લીધા. જોધાભક્ત ઘણું ગાયોને પાછી વાળે તો પણ પાછી વળે નહિ. ને હુંકારે હુંકારા કરવા લાગીયો જાણે શ્રીજીમહારાજને મારી નાખીશે કે શું? એવી ગાયો ઉતાવળીયો જોઈને પોતાના અંતઃકરણમાં ઘણું જ બીવાથી જોધાના બે ખભા ઉપર પગ દઈને એકદમ ઓસરીની ઉપર ચઢી ગયા. તોપણ ગાયો પછવાડે ઓસરીની નજીક ઊભી રહીયો.

તે જોઈને શ્રીજીમહારાજ જોધાભક્તને કહે જે હવે ઘણી થઈ ને તમારી ગાયો મારી નાંખે એવી છે. માટે ભલા થઈને તમારી ગાયોને વાડામાં પૂરી દ્યો, નહિ તો મને મારી નાંખશે. એવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને તુરંત જ જોધાભક્તે વાંભ કરી કે તુરંત ગાયો વાડામાં ચાલી ગઈ. ત્યારે શ્રીજીમહારાજે જોધાનાં કેટલાંક વખાણ કર્યાં ને શ્રીજી કહે જે તમે ગાયો વશ કરી છે, તેવી જ રીતે શ્રીકૃષ્ણ પરમાત્માએ ગાયોને વશ કરી હતી. માટે તું શ્રીકૃષ્ણ પરમાત્માનો સખા છું. તે આલોકમાં મારી પ્રત્યક્ષની પ્રસન્નતા મેળવવા માટે જન્મ ધારણ કરેલો છે.

એમ કહીને શ્રીજીમહારાજે પોતાની પ્રસાદીનો થાળ જોધાને તે દિવસે અપાવ્યો. જેવા જોધાભક્ત તેવા જ બીજલ નામે ભરવાડ હતા. જ્યારે બીજલભક્ત ગાયો દોતા ત્યારે **કાનુડો રે-કાનુડો રે** એ પદ ગાતા જતા ને ગાયો દોતા જતા તે બીજલ ભરવાડના રાગમાં ઘણી જ મીઠાશ હતી. ને શ્રીજીમહારાજમાં ઘણી જ પ્રીતિ હતી. તેથી તે બીજલભક્ત જ્યારે જ્યારે ગાયો દોવે ત્યારે શ્રીજીમહારાજ તે બીજલભક્ત પાસે જઈને ઊભા રહેતા ને પૂછતા જે **કાનુડો કોણ** ?ત્યારે બીજલ ભરવાડ ગાયના આંચળમાંમથી દૂધની શેડ શ્રીજીમહારાજના મુખકમળ ઉપર મારે ને કહે જે મારી પાસે જે ઊભો છે તે જ **કાનુડો** છે.

એમ કહીને કહે જે શ્રીજીમહારાજ આ તાજું દૂધ તરતનું દોહેલું મારી ઉપર દયા કરીને જો તમો પીઓ તો હું પાઉં. તે બીજલ ભરવાડનું હેત જોઈને શ્રીજી હા પાડે કે તુરંત જ બીજલભક્ત ઉટકેલી એક સારી મોટી તાંસળી શ્રીજીમહારાજને દૂધ પાવા માટે જ્યારે ગાયો દોતા ત્યારે પોતા પાસે રાખતા હતા. તથા પોતાના કેડીયાની કોશે એક દૂધ ગળણું ધોયેલું રાખતા હતા. એટલે શ્રીજીમહારાજની મરજી જોઈને તે બીજલ ભરવાડે તુરંત જ તાંબડીમાંથી દૂધ ગાળીને ફીણ સોતું શ્રીજીને પાયું. તે દૂધનો દોરો સફેદ મૂછને આકારે ઉપલ્યા હોઠ ઉપર થતો હતો. તેને જોઈને એક દિવસ શ્રીજી દૂધનું પાન કરતા હતા. તેવામાં બ્રહ્માનંદ સ્વામીએ સફેદ દોરો જોઈને તે વિશેનાં કીર્તન કરેલાં છે. આવી રીતે બેઉ ભરવાડોએ શ્રીજીમહારાજની તથા દાદાખાચરની ઘણી જ પ્રસન્નતા મેળવેલી હતી. ॥૧૮૧॥

ગામ આખામાં શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ કાનજીભાઈ હતા. તે કાનજીભાઈને એક દિવસે તેમની માતુશ્રીએ રાત્રિએ વાત કરી જે તું ખેતરમાં રખોપે જાય છે. તે સવારમાં વહેલો આવજે, કારણ કે વલોણું વેલું કરવું છે. એમ તેની માએ કહ્યું ત્યારે કાનજીએ હા કહી જે સવારે હું વહેલો બનતા સુધી આવીશ. તમે ગોળીમાં દહીં નાખીને તથા ઊનું પાણી તૈયાર કરી રાખજો. એમ કહીને પોતાના ખેતરમાં ગયો. ત્યાં શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને માળા ફેરવીને શ્રીજીનું ધ્યાન કરી શ્રીજી તથા સંત વિગેરેનું સ્મરણ કરીને સૂઈ ગયો તે ઊંઘ આવવાથી તેમની માતાના કહ્યા પ્રાણે તે જાગી શક્યો નહિ.

ને ભર ઊંઘમાં સૂઈ રહ્યા ને ઘેર તેની ડોશી વાટ જુવે. ને વારંવાર ઓ કાનજી, એમ પોકાર્યા કરે ને મુખેથી એમ બોલે જે કાનજી હજી આવ્યો નહિ ને

દહીં પૂરીને ગોળી તૈયાર કરી તે આવ્યો હોત તો મને દહીં વલોવરાવત. મારા એકલાથી દહીં વલોવાય તેમ નથી. હે શ્રીજીમહારાજ કાનજીને દયા કરીને ખેતરથી જગાડીને અહીં આવે તેમ કરો.

એમ બોલે છે તેટલાકમાં શ્રીજીમહારાજે કાનજીના જેવું જ સ્વરૂપ ધારણ કરી ડોશીની પાસે ખડકી ઉઘડાવીને ડોશીની સામે રહીને દહીં વલોવરાવ્યું. પછી ડોશીને કહે જે મને ભૂખ લાગી છે તો કાંઈ ખાવાનું આપો. હું જમીને પાછો ખેતર જાઉં કારણ ત્યાં મારે કેટલુંક કામ બાકી છે. એમ કહ્યું ત્યારે ડોશીએ જુવારનું ભઈડકું ઠાંઠવું તથા મોળી છાશ ખાવા આપી. તે જમીને શ્રીજીમહારાજ જેમ કાનજી જાય તેવી રીતે પોતાની માની પાસે રજા માગીને ગયા. પછી થોડી વારે કાનજી ખેતરથી ઘેર આવ્યો ને પોતની માને કહે જે લ્યો હું છાશ વલોવરાવું, મને આવતાં વાર લાગી તેનું કારણ આજે મને ઊંઘ બહુ જ આવી હતી, ઘણો જાગવા જાઉં તોપણ જગાય નહિ. પણ આપે મને રાત્રિએ કહેલ હતું જે વેલો આવજે. પણ આ કારણથી મારું રોકાવાનું થયું હતું.

આવી પોતાના પુત્રની વાણી સાંભળીને ડોશીએ જવાબ આપ્યો જે કાનજી આવું તું શું બોલે છે ? તેં વેલો આવીને મારી સામે ઊભો રહીને છાશ વલોવરાવી પછી તેં મારી પાસે ખાવાનું માગ્યું ત્યારે મેં તને ઠાંઠવું ને મોળી છાસ આપી ને તું તે જમીને મારી પાસેથી રજા લઈને ખેતરમાં ગયો ને વળી પાછો તુરંત આવ્યો ને છાશ વલોવવાનું પૂછે તેનું કારણ મને સમજાતું નથી. ત્યારે કાનજીએ પોતાની ડોશીને કહ્યું જે મા તમે માનો કે ન માનો પણ હું આવ્યો જ નથી. પણ તમે શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્તરાજ છો તેથી શ્રીજીમહારાજે મારા જેવું સ્વરૂપ ધારણ કરીને તમારી સાથે છાશનું વલોણું કરીને તમારી પાસેથી ખાવાનું ખાઈને પોતે અદૃશ્ય થઈ ગયા હશે એમ મને જણાય છે. શ્રીજીમહારાજ વિના બીજું કોઈ હોય નહિ.

આવી વાત સાંભળીને ડોશીના અંતઃકરણમાં નિશ્ચય હતો તેથી વિશેષ નિશ્ચય થયો. આવી રીતે શ્રીજીમહારાજ પોતાના એકાંતિક ભક્તનું જરૂરી કામ પોતે કરે છે એવા ભક્તવત્સલ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે માટે તે શ્રીજીનું નિરંતર ભજન કરવું તે જ દેહનો લાભ છે. ॥૧૮૨॥

ગામ પીપલાણામાં શ્રીજીમહારાજ વર્ણીવેશે વનમાંથી ફરતાં ફરતાં આવ્યા ને નરસિંહ મહેતાને ઘેર મૃગચર્મ પાથરીને નીલકંઠ બ્રહ્મચારી બેઠા. તે સમે નરસિંહ મહેતાની માતુશ્રીએ નીલકંઠ બ્રહ્મચારીને પૂછ્યું જે બાવાજી અહીંયાં

અત્યારે કેમ આવીને બેઠા છો ? ચોરે જાઓ. અહીં કાંઈ ખાવાનું મળવાનું નથી. તમારા જેવા તો ઘણા બાવા આવે છે તેમજ બીજા કેટલાક જાડાધડબા જેવા રાખ ચોળીને રમતા રામ ભિખારી આવ્યા કરે છે. તે બધાનું ખાવાનું અમે ક્યાંથી પૂરું કરીએ ? ઊઠો અહીંથી એમ કહ્યું, ત્યારે બાઈને બ્રહ્મચારીએ કહ્યું, બીજા બાવા જેવો હું બાવો નથી. હું જેવો તો હું એક જ છું.

આવું નીલકંઠ બ્રહ્મચારીએ કહ્યું તો પણ વચનનો અનાદર કરી ને તિરસ્કારપૂર્વક શ્રીજીને રજા આપી ત્યારે શ્રીહરિ ચાલી નીકળ્યા. તે ઓજત નદીને કાંઠે મોટા વડની નીચે મૃગચર્મ પાથરીને ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા. શ્રીનીલકંઠ બ્રહ્મચારીની મૂર્તિ ચમકની પેઠે જનોની વૃત્તિઓને ખેંચી લે. ચમક તો જડ લોઢાને ખેંચે છે તો આ તો સાક્ષાત્ શ્રીસહજાનંદસ્વામીની જેના ઉપર દૃષ્ટિ થાય તે ગમે તેવો જીવ હોય તોપણ પોતાના સંબંધે કરીને પોતાના સન્મુખ નાડી પ્રાણ ખેંચી લે.

આવા નીલકંઠ બ્રહ્મચારી દયાળુએ નરસિંહ મહેતાને ઘરથી ચાલતી વખતે નરસિંહ મહેતાની માતુશ્રી ઉપર કરુણા દૃષ્ટિથી જોઈ ચાલ્યા કે તુરંત ડોશીનું અંતઃકરણ શ્રીનીલકંઠ બ્રહ્મચારીના તરફ ખેંચાઈ ગયું. તે અંતરદ્રષ્ટિ કરે અથવા બહિરદ્રષ્ટિથી જુવે તો ચોફેર બાલસ્વરૂપ શ્રીનીલકંઠ બ્રહ્મચારી દેખાવા લાગ્યા. ત્યારે તે બાઈએ મનમાં વિચાર કર્યો જે મેં બાવાને ખાવા ન દીધું ને તિરસ્કાર કરીને કાઢી મૂક્યા. તે બાવો નહિ પણ તે કોઈ મોટા પુરુષ હોવા જોઈએ નહિતર મને દેખાય નહિ.

એવા વિચારો કરે છે તેટલાકમાં નરસિંહ મહેતા ઘેર આવ્યા. તેમની આગળ પોતાને ઘેર આવેલા બાળબ્રહ્મચારીની સમગ્ર વાત કહી બતાવી. તે વાત સાંભળીને તુરંત નરસિંહ મહેતા બાળબ્રહ્મચારીને ખોળતા ખોળતા ઓજત નદીને કાંઠે આવ્યા. ત્યાં વડ નીચે બેઠેલા શ્રીનીલકંઠ બ્રહ્મચારીને જોયા. પાસે આવીને આગ્રહપૂર્વક પોતાને ઘેર તેડી ગયા. તે સમે ડોશીએ શુદ્ધ ભાવથી થાળ કરીને દેવને જમાડીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને જમાડ્યા ને કહે જે તમે સાધારણ બાવા જેવા નથી. તમે કોઈ મોટા પુરુષ છો કારણ કે તમારી મૂર્તિ મને દેખાયા કરે છે. ત્યારે બ્રહ્મચારી કહે છે આ મૂર્તિ કોઈને ધ્યાનમાં આવે તેવી નથી. પણ તમો પૂર્વનાં એકાંતિક ભક્ત છો. તેથી તમારા ઉપર ભગવાનની દયા થઈ છે. માટે તમારાં મોટાં ભાગ્ય છે એમ માનો.

આવી રીતે શ્રી નીલકંઠ બ્રહ્મચારીએ કહ્યું તોપણ પરિપૂર્ણ નિશ્ચય ન થવાથી એમ કહે જે રામાનંદ સ્વામી અમારા પરમેશ્વર છે. તમારે રહેવું હોય ને જીવનો મોક્ષ કરવો હોય તો બાવાજી તમે અહીંથી થડમાં લોજ ગામ છે ત્યાં જાઓ. આવું તે બાઈએ કહ્યું. પછી શ્રી નીલકંઠ બ્રહ્મચારી ત્યાં ન રોકાતાં ગામ લોજ પધાર્યા. પછી એક વખત રામાનંદ સ્વામીની સાથે શ્રીજીમહારાજ પીપલાણે ગયા. તે સમે રામાનંદસ્વામીએ નરસિંહ મહેતાની માતુશ્રી આગળ વાત કરી. આ નારાયણમુનિ સર્વ અવતારના અવતારી ને સર્વોપરી ભગવાન છે ને હું ભગવાન નથી. તમે મારાં એકાંતિક ભક્ત હો ને મારા વચનનો વિશ્વાસ હોય તો મારું ધ્યાન ભજન ન કરતાં આ નારાયણમુનિનું અખંડ ધ્યાન ભજન કરજો. તો તમને આ ભગવાન અખંડ દેખાશે.

ત્યારે તે નરસિંહ મહેતાના માતુશ્રી રામાનંદ સ્વામીને કહે જે એક વખત આવા જ નાના બાળ સ્વરૂપ એક બાવોજી મારે ઘેર આવ્યા હતા. મેં તેમને ખાવા ન આપતાં તિરસ્કાર કરીને રજા આપી હતી. પણ તે દિવસથી આરંભીને આજ દિવસ સુધી હજી તે મૂર્તિ મને અખંડ દેખાયા કરે છે. ત્યારે રામાનંદ સ્વામી કહે જે આ શ્રી નીલકંઠ બ્રહ્મચારી તો નહોતા આવ્યા કે ? ત્યારે શ્રીજીમહારાજ કહે જે હે સ્વામી હું જ પોતે આવ્યો હતો. માજીએ તો મને ખાવા ન આપતાં કાઢી મૂક્યો હતો. પણ નરસિંહ મહેતાએ મને આગ્રહ કરીને ઘેર બોલાવી જમાડ્યો હતો. તે દિવસથી માજી મારી મૂર્તિને અખંડ દેખે છે. ને તમારા પ્રતાપથી હજી અખંડ દેખાશે.

પછી રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના પ્રતાપની તથા ઐશ્વર્યની તથા મહિમાની કેટલીક વાતો કરી ને શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય રામાનંદ સ્વામીએ ડોશીને તથા નરસિંહ મેહતાને કરાવ્યો. પછી ત્યાંથી શ્રીજીમહારાજ સહિત રામાનંદ સ્વામી ચાલી નીકળ્યા. તે ફરતા ફરતા ગામ માંગરોળ જતા હતા. ॥૧૮૩॥

ગામ માણસામાં મહાપવિત્ર શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ બ્રાહ્મણ નરસિંહ મહેતા રહેતા હતા. તે નરસિંહ મહેતા બ્રાહ્મણ અમદાવાદમાં હેમાભાઈ હઠીભાઈના મુનિમ હતા. ને તેમણે ખજાનાની કુંચી નરસિંહ મહેતાને સોંપી હતી ને પોતાના પુત્રનો વિશ્વાસ નહિ તેટલો વિશ્વાસ શેઠને નૃસિંહભાઈનો હતો. તે નરસિંહ મહેતા એક વખત શ્રી લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરવા આવતા હતા.

તેમણે રસ્તામાં વિચાર કર્યો જે મને શ્રીનરનારાયણના દેશમાં સહુ ઓળખે છે. પણ શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં મને કોઈ ઓળખતું નથી. તો મારો સત્કાર મારા પ્રમાણે થશે નહિ. માટે ત્યાં ન રોકાતાં દેવનાં દર્શન કરીને તુરંત પાછું વળી નીકળવું છે.

એવો દૃઢ વિચાર કરીને વડતાલ આવ્યા. ને હનુમાનજી તથા ગણપતિના સમીપમાં પોતાનો બિસ્તરો મૂક્યો. ને પોતાની સાથે આવેલ માણસને ત્યાં ઊભો રાખીને શ્રી લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરીને દેવ આગળ ભેટ મૂકીને સભામાં ગયા. સભામાં શ્રી રઘુવીરજી મહારાજ તથા સદ્‌ગુરુઓ બેઠા હતા. તેમને દંડવત્ પ્રણામ કરી, આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ આગળ રિવાજ પ્રમાણે ભેટ મૂકીને તુરંત ચાલી નીકળ્યા. તે જોઈને તુરંત ગોપાળાનંદ સ્વામી સભામાંથી ઊઠ્યા ને નરસિંહ મહેતાને પોતાની પાસે બોલાવ્યા ને કહે જે તમારું નામ નરસિંહ મહેતાને તમારું ગામ માણસા ને તમે શેઠ હેમાભાઈ હઠીભાઈના મુનીમ છો. ને તમે શ્રી લક્ષ્મીનારાયણ દેવનાં દર્શને આવ્યા તેથી હું તમારી ઉપર ઘણો જ પ્રસન્ન થયો છું. કેમ તમારી માતુશ્રી પનાબા સુખી છે ?

તે સાંભળીને નરસિંહ મહેતા ગોપાળાનંદ સ્વામીને કહે જે તમે મારાં માતુશ્રીને ક્યાંથી ઓળખો છો ? ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે જે હું મારે ઘેરથી ચાલ્યો તે રસ્તામાં તમારું ગામ આવ્યું. ને તમારે ઘેર હું તથા શ્રીજીમહારાજ તથા કાનડાનંદ સ્વામી રાત રહ્યા હતા. ને તમારી માતુશ્રીના હાથની કરેલી કઢી, ખીચડી અમે જમ્યા છીએ. તે દિવસથી તમારી માતુશ્રીનું નામ યાદ રહેલ છે. માટે તમે તમારો બિસ્તરો ક્યાં મૂકેલ છે ? એમ કહીને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના સેવકને બોલાવીને કહે જે રઘુવીરજી મહારાજની પાસે આ નરસિંહ મહેતાનો ઉતારો કરાવજો.

આવી રીતે સ્વામીના કહેવા પ્રમાણે ઉતારો તથા જમવાનો બંદોબસ્ત યોગ્યતા પ્રમાણે કરાવ્યો. પછી આચાર્યશ્રી રઘુવીરજીમહાજને ગોપાળાનંદ સ્વામીએ નરસિંહ મહેતાની ઓળખાણ કરાવી ને ચાર-પાંચ દિવસ આગ્રહ કરીને રઘુવીરજી મહારાજે રોક્યા. ને એક દિવસ ગોપાળાનંદ સ્વામી પૂજા કરતા હતા તે જ વખતે નરસિંહ મહેતા સ્વામીને દંડવત્ પ્રણામ કરીને પાસે બેઠા. તે સમે સ્વામીએ નરસિંહ મહેતાને પૂછ્યું જે તમે પરણેલા છો કે કુંવારા છો ? તે સાંભળીને જવાબ આપ્યો જે પરણ્યો હતો તે સ્ત્રી દેહ મૂકી ગઈ છે. પછી ફેર લગ્ન કર્યાં નથી.

ત્યારે સ્વામી કહે જે તમે સુવાસણીના જેવો વેશ કેમ રાખેલ છે ? કારણ કે દાગીના તથા સારાં વસ્ત્રો ધારણ કરવાં તે પરણેલાને યોગ્ય છે. પણ વાંઢાને યોગ્ય નથી.

આવું સ્વામીનું વચન સાંભળીને તુરંત જ પોતાના ઉતારામાં ગયા. દાગીના વેઢ વીંટી વિગેરે કાઢી નાખ્યાં ને હીરકોરની કોરવાળાં ધોતીયાં ફાડી નાંખીને સાદાં વસ્ત્ર પેરી સ્વામીને દંડવત્ કરી બેઠાં તેથી સ્વામી નૃસિંહભાઈ ઉપર બહુ રાજી થયા ને વિચાર કર્યો જે આ નરસિંહ મહેતા પૂર્વના મુક્ત છે. એમ ધારીને ગોપાળાનંદ સ્વામી કહે જે હે નરસિંહ મહેતા તમને આજથી કામનો સંકલ્પ બિલકુલ થશે નહિ. ને અખંડ શ્રીજીમહારાજના સ્વરૂપમાં તમારી મનોવૃત્તિ રહેશે. ને ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી તેમને સ્વપ્નમાં પણ કામનો સંકલ્પ થયો નહોતો. તે નરસિંહ મહેતાએ ગામ માણસામાં પોતાના ખર્ચથી સારું શોભાયમાન મંદિર કરાવીને તેમાં મૂર્તિઓ પધરાવીને તે દેવની આજીવિકા ઘટે તે પ્રમાણે બાંધી આપી. ને પોતે જીવ્યાં ત્યાં સુધી દેવસેવા કરતા ને કાયમ મંદિરમાં માળા ફેરવતા હતા તે નરસિંહ મહેતાએ દેહ મૂક્યો ત્યારે કેટલાક વૈશ્નવ લોકોએ વિમાનો સહિત તથા સંત પાર્ષદે સહિત શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં હતાં.

એવી રીતે દેહ ત્યાગ કરીને પ્રતાપ જણાવી શ્રીજીમહારાજના અક્ષરધામમાં ગયા હતા તે નરસિંહ મહેતા જ્યારે હેમાભાઈ હઠીભાઈ પાસે હતા ત્યારે તેમની મિલકતના પોતે અધિપતિ હતા પણ કોઈ દિવસ ધનનાં અથવા દાગીનાઓમાં ક્યારેય મનની વૃત્તિ લોભાણી નહોતી ને પોતે એમ વિચાર કરે જે મારે વિશ્વાસે મને મિલકત સોંપી છે તેમાં મારું મન બગાડું તો વિશ્વાસઘાત કર્યો કહેવાય ને વળી શ્રીજીમહારાજની આજ્ઞા જે ધણીને પૂછ્યા સિવાય કોઈ પણ વસ્તુ લેવી નહિ તે વાક્ય શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં લખેલ છે માટે તેનું ઉલ્લંઘન થાય તો શ્રીજીમહારાજ પણ મારી ઉપર બહુ કુરાજી થાય એવો વિચાર કરીને ક્યારેય પોતાના મનને ચલાયમાન કર્યું નહોતું. એવા નરસિંહ મહેતા શ્રીજીમહારાજના એકાંતિક દૃઢ ભક્તરાજ હતા. ॥૧૮૪॥

કોઈની વસ્તુ ચોરી ન લેવી તે વિશેની વાર્તાઓ

ગામ લોયામાં ઘેલાભાઈ કોળી તથા તેમનાં સ્ત્રી શ્રીજીમહારાજનાં ભક્ત હતાં. શ્રીજીમહારાજની નાનીમોટી આજ્ઞાઓનું પાલન કરતાં સતાં શ્રીજીની મૂર્તિનું ધ્યાન ભજન નિરંતર કરતાં હતાં. આવા ઉત્તમ ઘેલાભાઈ કોળી પોતાની સ્ત્રી સહિત કાળ પડવાથી સુરત જતા હતા તે રસ્તામાં કોઈનો દાગીનો પડેલ તે સ્ત્રીનું મન બગડે નહિ તેથી તે દાગીના ઉપર ધૂળ નાંખી ત્યારે સ્ત્રીએ પોતાના પતિને પૂછ્યું કે તમોએ શું ઢાંક્યું ? ત્યારે ઘેલા ભક્ત કહે જે તમારું મન ન બગડે તેથી દાગીના ઉપર ધૂળ નાંખી છે.

પછી સ્ત્રી કહે જે તમારી પાસે પાણી હોય તો પગ ધોઈ નાખો. તમારા પગ વિષ્ઠાવાળા થયા છે માટે પગ ધોઈને પગરખાં પહેરજો. આવી રીતે વાત કરીને તે સ્થાનથી ચાલતાં ચાલતાં સુરત આવ્યાં ને અશ્વિનીકુમારને આરે ઊતર્યાં. બીજે દિવસ પૂનમ હોવાથી કોઈ શેઠનાં સ્ત્રીછોકરાં સ્નાન કરવા આવેલાં તે સ્નાન કરીને ઘેર ગયાં પછી તાપી નદીને કાંઠે દાગીનો રહી જવાથી પાછી ઘોડાગાડી લઈને દાગીનો ગોતવા આવેલા શેઠે લોયાના ઘેલાભાઈને પૂછ્યું ત્યારે તેમણે દાગીનો બતાવ્યો. તે લીધા પછી ઘેલાભાઈની જ્ઞાતિ પૂછીને પોતાને ઘેર ઘેલાભાઈને તેમની સ્ત્રી સહિત લઈ ગયા. કાળ ઊતરતાં સુધી પોતાને ઘેર બેઉ જણને રાખ્યાં. ને પછી સ્ત્રીસહિત ઘેલાભક્તને સો સો રૂપિયા તથા લૂગડાં આપીને સુરતથી વળાવ્યાં તે પોતાને ગામ આવ્યાં. પણ રસ્તામાં પડેલો દાગીનો ચોરી કરીને લીધો નહિ. એવી શ્રીજીમહારાજની આજ્ઞા પાળનાર ઘેલાભક્ત હતા. ॥૧૮૫॥

ગામ-લંગાળાના આહીર માંડણ ભક્ત શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. દેવસેવા-સંતસેવા-નામ-ધર્માદો શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે આપતા હતા. તે શ્રીજીની મૂર્તિ ધારીને નિરંતર-માળા-માનસી પૂજા-ધ્યાન-ભજન-કરતા હતા. આવા ભક્તરાજ પોતાની સ્ત્રી સહિત ગાડામાં બેસીને ખેતર જતા હતા. તે રસ્તામાં દોરડું પડેલું સ્ત્રીએ દીઠું તે સ્ત્રીએ ગાડામાંથી હેઠે ઊતરીને દોરડું લીધું. પછી માંડણ ભક્તે ગાડું ઊભું રાખ્યું ને સ્ત્રીને પૂછ્યું કે તેં શું લીધું ? ત્યારે તે કહે કાંઈ નહિ. પછી સ્ત્રીને લાત મારી એટલે દોરડું દેખાયું તે દોરડાને રસ્તામાં નંખાવી દીધું. પણ કોઈની પડેલ વસ્તુને ચોરીને પોતે લીધી નહિ તેમ પોતાની સ્ત્રીને લેવા દીધી નહિ.

એક વખત પોતાને ગામ કોઈ સાધુ આવ્યા હશે તેમને બીજે ગામ જવું હશે. તેથી માંડણ ભગત પાસે ગાડું જોડાવીને રાત્રિએ ચાલ્યા. રસ્તામાં નદી આવી ત્યાં નાવા માટે ગાડું છોડાવ્યું. પછી બળદિયા માટે સાધુએ કોઈના ખેતરમાંથી પૂળા લીધા. પછી માંડણ ભક્ત કહે જે પૂળા પાછા નાખી આવો. કોઈની વસ્તુ તેના ધણીને પૂછ્યા સિવાય લેવી નહિ, એમ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે. માટે ધણીને પૂછ્યા વિના લઈએ તો ચોરી કરી કહેવાય. માટે પૂળા પાછા નાંખશો તો જ અહીંથી ગાડું જોડીને તમને મૂકવા આવીશ. આવી શ્રીજીની આજ્ઞા પાળનાર તથા પળાવનાર માંડણ ભક્ત હતા. ॥૧૮૬॥

ગામ કુંડલાના આલાખુમાણ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. કાયમ મંદિરમાં શ્રીજીમહારાજનું જ સ્મરણ કરતા ને શ્રીજીની નાનીમોટી આજ્ઞાને શિર સાટે પાળતા હતા. ને આલાખુમાણની કુહાડીનો હાથો ભાંગી જવાથી સંકલ્પ કરતા હતા કે હાથો કાપી આવવો છે. એવા સંકલ્પથી રાત્રિએ સૂતા પછી સ્વપ્ન થયું. જે ઘોડે ચઢીને સીમમાં કુહાડીનો હાથો કાપવા જતાં રસ્તામાં તૈયાર હાથો દેખાયો.

ત્યારે વિચાર કર્યો જે લીલું ઝાડ કાપવા કરતાં આ તૈયાર હાથો લઈ લઉં એવો સંકલ્પ કરીને ઘોડેથી નીચે ઊતરી લેવા જાય છે તેવામાં પોતાને સ્મૃતિ આવી જે હું સ્વામિનારાયણનો ભક્ત છું, તે મારાથી કોઈની વસ્તુ ચોરીને લેવાય નહિ એમ ધારીને સ્વપ્નામાં પણ કોઈની વસ્તુ લીધી નહિ. તો જાગ્રતમાં તો કેમ લે ? તેવા તે આલાખુમાણ હરિભક્ત હતા. તે શ્રીસ્વામિનારાયણના નામની ધુન્ય કરીને ભૂતને કાઢતા હતા. પણ કુહાડીનો તૈયાર હાથો લેવાનો સંકલ્પ થયો, તેથી ભૂત નીકળતાં બંધ થઈ ગયાં. આવી પારકી વસ્તુ લેવાના સંકલ્પથી પાપ થયું જેથી તેમનાથી ભૂત નીકળ્યું નહિ. ॥૧૮૭॥

ગામ પીપળીમાં પલેવાળ કાનાભાઈ શ્રીજીમહારાજના એકાંતિક હરિભક્ત હતા. શ્રીજીની આજ્ઞા શિર સાટે પાળતા હતા. ને શ્રીજીમહારાજનું ભજન સ્મરણ કીર્તન અતિ ઉત્સાહ સહિત નિરંતર કરતા હતા ને ધર્મનિષ્ઠા તથા શ્રીજીના સ્વરૂપની નિષ્ઠા ઘણી જ પાકી હતી. તે સ્વરૂપ નિષ્ઠામાંથી પડે તેવા નહોતા. તે કાના ભક્તની સ્ત્રી એક વખત ખેતરમાં પોતાના દીકરાને લઈને જતી હતી. તે સમે કાના ભક્ત જારના ખેતરના માળા ઉપર બેઠા હતા. ને પોતાની સ્ત્રીએ બીજાના ખેતરમાંથી જારનો સાંઠો છોકરાને ભાંગીને આપ્યો.

પછી સ્ત્રી ખેતરમાં આવીને કહે જે ખાવા હેઠા ઊતરો ત્યારે ખાવાની ના પાડી. પછી કહે કે ભૂખ લાગી નથી? ત્યારે કાના ભક્ત કહે જે ભૂખ તો લાગી છે પણ તેં શ્રીજીમહારાજનું વર્તમાન લોપ્યું માટે તું ઉપવાસ કરે તો હું ખાઉં. ત્યારે સ્ત્રી કહે જે વાલજીએ વેન લીધું હતું તેથી સાંઠો કાપી દીધો હતો. ત્યારે કાના ભક્ત કહે જે વાલજી કહે જે તું કૂવામાં પડ તો તેના કહેવાથી તું પડીશ? માટે આપણાં ખેતરમાં સાંઠા ક્યાં નહોતા તેથી તેં બીજાના ખેતરમાંથી સાંઠા લીધા.

પછી સ્ત્રીએ ઉપવાસ કરવાની હા પાડી ત્યારે કાના ભક્તે ખાધું. પછી તે બાઈ પોતાના પતિની વાટ જોતી હતી કે કોઈ નિયમમાં ચૂકે તો તેમને પણ ઉપવાસ કરાવું. પછી કાના ભક્તે વાલીયાને મગફળી આપી. પછી બાઈએ પોતાના પતિને કહ્યું જે આપણાં ખેતરમાં મગફળી નથી. તમે બીજાના ખેતરમાંથી મગફળી લાવ્યા. માટે વાળુ નહિ કરવા દઉં. પછી પોતાના મોટાભાઈની સાક્ષી કરાવી ત્યારે વાળુ કરવા દીધું. માટે કોઈના ખેતરની વસ્તુ તેના ધણીને પૂછ્યા વિના લેવી નહિ તો જ શ્રીજીની આજ્ઞા પાળી ગણાય. માટે શ્રીજીની આજ્ઞા ખબડદાર થઈને પાળવી. ॥૧૮૮॥



શ્રીજીમહારાજ જેનો ભાવ હોય તેનું જમે છે તે વિશેની વાર્તાઓ

ગામ વડતાલના બ્રાહ્મણ કાશીરામભાઈ શ્રીજીમહારાજના અનન્ય ભક્ત હતા. તે કાશીરામભાઈ શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને નિરંતર માળા ફેરવતા હતા. તેમની ઘણી ગરીબ સ્થિતિને લઈને શ્રીજીમહારાજને જમાડવા માટે બહુ સંકલ્પ કરતા હતા. જેની પાસે ધન હોય તે ઉત્તમ પ્રકારના થાળ કરીને જમાડે પણ આપણી પાસે ધન ન હોવાથી શી રીતે થાળ કરીને જમાડીએ ?

આવી પોતાના પતિની વાણી સાંભળીને તેમની સ્ત્રી કહે જે **યથા દેહે તથા દેવે.** માટે આપણે જે ખાઈએ તે શ્રીજીમહારાજને જમાડવા માટે થાળ કરીએ. પછી કાશીરામભાઈએ પોતાની સ્ત્રી પાસે કોદરાના રોટલા તથા મઠની દાળ કરાવી. પછીથી તે બ્રાહ્મણનો જમાડવાનો ભાવ જોઈને શ્રીજીમહારાજ મુકુંદાનંદ બ્રહ્મચારી સહિત કાશીરામભાઈને ઘેર પધાર્યા ને પછી સ્નાન કરી એક પીતાંબર પેરી તથા એક ઓઢીને ભંડારમાં જમવા બેઠા.

ત્યારે શ્રીજીમહારાજ આગળ થાળમાં કોદરાના રોટલા તથા મઠની દાળ મૂકી તે જોઈને શ્રીજીએ કહ્યું કે જે હે કાશીરામભાઈ તમે અંતર્યામિપણે અમારો સંકલ્પ જાણીને આ થાળ કર્યો છે કારણ કે બહારગામના હરિભક્તોના ગળપણવાળા થાળ જમીને ગળપણવાળા થાળ જમવાની અમને અરુચિ થઈ હતી માટે અમારી ઈચ્છા પ્રમાણે થાળ થયો છે. એમ કહીને શ્રીજીમહારાજ કોદરાનો રોટલો તથા મઠની દાળ જમીને તે કાશીરામભાઈ ઉપર પ્રસન્ન થયા. માટે જેનો ભાવ હોય તેનું શ્રીજીમહારાજ ઘણાં પ્રેમથી જમે છે માટે સદ્‌ભાવથી જમાડીએ તો શ્રીજીમહારાજ જરૂર જમે છે. ॥૧૮૯॥

ગામ વડોદરાના નાગરબ્રાહ્મણોએ શ્રીજીમહારાજ ગઢપુરથી વડતાલ સમૈયો કરવા પધાર્યા હતા તે સમયે સંકલ્પ કર્યો જે શ્રીસ્વામિનારાયણ ભગવાન જમ્યા ન હોય તેવો થાળ કરીને જમાડીએ એવો ઠરાવ કરીને પોતાને ઉતારે જઈ ખાંડના લાડુ તથા દૂધપાક તથા પૂરી, ભજીયાં, ભાત, દાળ, અથાણાં, પાપડ, ચટણી વિગેરે તૈયાર કરીને થાળમાં મૂકી બીજો થાળ ઢાંકીને રસ્તે પાણી છાંટતાં છાંટતાં બેઠકમાં શ્રીજીમહારાજના રસોડામાં થાળ લાવી મૂકી ને મુકુંદ બ્રહ્મચારીને બોલાવીને કહે જે શ્રીજીમહારાજને અમારો થાળ જમવા માટે સભામાંથી બોલાવી લાવો.

આવું બ્રાહ્મણોનું વચન સાંભળીને બ્રહ્મચારી શ્રીજીને જમવા માટે બોલાવી લાવ્યા. તે શ્રીજી નાઈને પીતાંબર પહેરી તથા એક પીતાંબર ઓઢીને ચાખડીએ ચઢીને જમવા પધાર્યા. ત્યાં રસોડામાં બાજોઠ ઉપર જમવા બેઠા ત્યારે નાગરબ્રાહ્મણોએ કરેલો થાળ શ્રીજીમહારાજની આગળ બીજા પાટલા ઉપર મૂક્યો ને શ્રીજીએ જમવાનો આરંભ કરીને થોડું જમીને અંતર્યામિપણે બોલ્યા જે આ તમોએ કરેલો થાળ અમો કોઈ દિવસ ન જમેલા હોય તેવો થાળ આપ સર્વે કરી લાવ્યા છો, કારણ કે અમે કોઈ દિવસ લાડુ વિગેરે જમ્યા જ નહીં હોઈએ ?

આવું શ્રીજીનું વચન સાંભળીને શ્રીસ્વામિનારાયણ પોતે ભગવાન છે જેથી આપણાં સંકલ્પની વાત કહી એથી નાગરબ્રાહ્મણોને શ્રીજીનો પાકો નિશ્ચય થયો ને શ્રીજીમહારાજને હાથે વર્તમાન લઈ કંઠી પેરી સત્સંગી થઈને પોતાને ઘેર ગયા. આવી રીતે વડોદરાના બ્રાહ્મણોનો જમાડવાનો સદ્‌ભાવ હતો તો શ્રીહરિ તેમનો કરેલો થાળ જમતા હતા. ॥૧૯૦॥

ગામ આહલપર-રંગપરમાં શેઠ જગજીવનભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. શ્રીજીમહારાજનું ભજન પ્રેમથી નિરંતર કરતા હતા. તેમને કામ પ્રસંગે પોતાના ગામથી બીજે ગામ જવાનું થયું ત્યારે પોતાની સ્ત્રીને કહેતા ગયા જે મંદિરમાં શ્રીજીમહારાજને થાળ જમાડવા આપણાં છોકરાને મોકલજો પણ તમો જશો નહિ કારણ કે આજ અગર કાલે આપણાં સાધુ આવનાર છે.

આવી રીતે પોતાની સ્ત્રીને કહીને જગજીવનભાઈ પરગામ ગયા. પછી તે બાઈએ શ્રીજીમહારાજને જમાડવા માટે પોતાના ઘરમાં પોતાનો પતિ ન હોવાથી તે દિવસે ખીચડી ને દહીંની કઢી કરીને એક થાળીમાં ખીચડી તથા કઢી, અથાણું, પાપડ વિગેરે મૂકીને પોતાના છોકરાને શ્રીજીમહારાજને જમાડવા માટે મંદિરમાં મોકલ્યો. પછી છોકરે મંદિરમાં જઈને થાળી પાટલા ઉપર મૂકી ને પાણીની ભરેલી લોટી પડખે મૂકીને શ્રીજીમહારાજને કહે જે જમો.

એમ કહીને પોતે પોતાના પિતાની પેઠે પલાંઠી વાળીને ધ્યાન કરવા બેઠો. બે વખત આંખ્યો ઉઘાડીને જોયું પણ શ્રીજીમહારાજને જમતા જોયા નહિ. ત્યારે છોકરો શ્રીજીમહારાજને કહે જે મારા બાપને હાથે જમતા હતા ને મારે હાથે કેમ જમતા નથી ? ત્યારે શ્રીજીમહારાજ મૂર્તિમાંથી પ્રત્યક્ષ થઈને થાળીમાંની ખીચડી વિગેરે જમી ગયા ને શ્રીજીમહારાજે થાળીમાં બીરંજ ભરી દીધો. તે લઈને ઘેર આવ્યો. એટલે તે બાઈએ તે ગામમાં રહેલા સર્વે સત્સંગીને બોલાવી ઉપરની

પરચાની વાત કરી ને સર્વે હરિભક્તોને બીરંજનો પ્રસાદ આપ્યો ને પોતાના પતિને માટે બીરંજનો પ્રસાદ રાખીને પોતાના છોકરાએ સહિત તે બાઈએ બીરંજનો પ્રસાદ ખાધો.

પછી સાંજે પોતાના પતિ આવ્યા તેમને ઉપરના પરચાની વાત કરીને બીરંજનો પ્રસાદ આપ્યો. તે કહેવાનું કે તે છોકરાને શ્રીજીમહારાજને જમાડવાનો ભાવ હતો તો શ્રીજી ખીચડી વિગેરે જમ્યા. માટે જેનો ભાવ શ્રીજીને જમાડવાનો હોય છે તેનું શ્રીજીમહારાજ નિશ્ચે જ જમે છે. ॥૧૯૧॥

ગામ દિવબંદરનો વાણીયો પરદેશમાં કમાવા ગયેલો. તે સારી રીતે કમાઈને સ્ત્રી-છોકરાં-ધન સહિત વહાણમાં બેસીને પોતાના દેશમાં આવતો હતો એટલામાં સમુદ્રમાં વાવાજોડું થવાથી વહાણ બૂડ્યું તે સાથે સ્ત્રી-છોકરાં-ધન વિગેરે ડૂબી ગયું. ને પોતે એક લાકડાનું પાટિયું હશે તેને ઝાલી રહ્યો. તે વાણીયો તણાતો હતો ત્યાં એક વહાણ આવ્યું તેના ખારવાએ પોતાના વહાણમાં વાણીયાને લઈ લીધો. ને તે વાણીયો પોતાને ઘેર ગયો. એ ઘણો ઉદાસ થવાથી વિચાર કર્યો મારાં સ્ત્રી-છોકરાં વિગેરે નાશ પામ્યાં માટે સંસારમાં ન રહેતાં દ્વારકામાં નિવાસ કરીને રહું.

એમ ધારીને ઘરબારનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો. તે ચાલતાં ચાલતાં ગામ લોજમાં આવ્યો. ત્યાં રામાનંદસ્વામીના સાધુ મળ્યા. તેમણે પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામીના પ્રતાપની વાત કરીને કહે જે હાલ આ નજીક અગત્રાઈ ગામમાં શ્રી સહજાનંદ સ્વામી બિરાજે છે માટે તમે ત્યાં જાઓ. તે સાંભળીને તે વાણીયો અગત્રાઈ ગયો. ત્યાં રહેલા શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં ને કહે જે મને કાંઈ વાત સંભળાવો.

ત્યારે શ્રીજીમહારાજ કહે જે આ સામી ઊભેલી સાત વરસની છોડી તે તમને વાત કરશે. તમે તેની પાસે જઈને સાંભળો તેથી તે ત્યાં ગયો. ત્યારે તે છોકરીએ વાણીયાની સર્વે હકીકત કહી સંભળાવી ને એમ કહે જે આ સામા બેઠા તે પ્રગટ ભગવાન છે. તેમના આશ્રિત થાઓ. પછી શ્રીસ્વામિનારાયણ ભગવાન પાસે આવી વર્તમાન-નિયમ ધારણ કર્યાં ને પછી શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી જાણીને પરમહંસની દીક્ષા લેવા શ્રીહરિને પ્રાર્થના કરી તેથી તે વાણીયા ઉપર પ્રસન્ન થયેલા શ્રીસ્વામિનારાયણ ભગવાને દીક્ષા આપીને સાધુ કર્યા ને તેમનું નામ પ્રભાનંદ પાડીને પોતાની સેવાનો લાભ આપતા હવા. આવા દયાળુ શ્રીસહજાનંદ સ્વામીએ વાણીયાનો જન્મ સફળ કર્યો હતો. ॥૧૯૨॥

ગામ ધમડકાના રાયધણજી શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્તરાજ હતા. તેમને તથા કર્ણિબાને દર્શન દેવા શ્રીજી ભૂજથી પધાર્યા હતા તે શ્રીજીની સાથે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી વિગેરે સંતોની ગાડીઓ પાછળ હતી ને ઘોડે બેઠેલા પાળાઓ સહિત શ્રીજીમહારાજ આગળ આવ્યા હતા. તે શ્રીજીમહારાજને જોઈને કર્ણિબાએ પૂછ્યું કે આપશ્રી ક્યાંથી પધાર્યા ? ત્યારે શ્રીહરિ કહે અમે આજે કચ્છભૂજથી આવીએ છીએ. પછી કર્ણિબાએ પાળાઓ સહિત શ્રીજીમહારાજને જમાડ્યા ને પછીથી પોતાના ઓરડામાં ઉપર પલંગ બિછાવી આપ્યો. તે ઉપર શ્રીસહજાનંદસ્વામી બિરાજમાન થયા ને પોતાને સન્મુખ કર્ણિબા વિગેરે બાઈયો બેઠાં. પરસ્પર વાતચીત કરતાં. **પીત્તળના કટોદાનની** સામું જોઈને શ્રીજીએ કર્ણિબાને પૂછ્યું જે આ શું ? તે સાંભળીને કર્ણિબા કહે જે આ ત્રણ પગવાળા પીત્તળના ડબામાં એટલે કટોદાનમાં અમારાં તહેવારને દિવસે પહેરવાનાં વસ્ત્રો તથા દાગીનાઓ છે.

ત્યારે શ્રીજી કહે જે અમને તે બતાવો, પછી કર્ણિબાએ નવીન નવીન સાડીઓ તથા દાગીના વિગેરે બતાવ્યું. તે જોઈને શ્રીહરિ બહુ જ ખુશી થયા ને કર્ણિબાને કહે જે આ વસ્ત્રો તથા દાગીના વિગેરે પેરીએ તો અમે કેવા શોભીએ ? ત્યારે બાઈયો કહે જે બહુ સારા શોભો. તેથી શ્રીજીએ વસ્ત્ર તથા દાગીનાઓ જેમ ઘટે તેમ ધારણ કરીને બોલ્યા, હવે તમારી સાથે હું રાસ ખેલ કરું તો કેવો શોભું ? તે સાંભળીને સર્વે બાઈયો બોલી જે તો તમે ઘણા શોભો ને અમારાં એવાં ક્યાંથી ભાગ્ય હોય જે તમે અમારી સાથે રાસ રમતાં ગીત ગાઓ.

પછી શ્રીજીમહારાજ પોતાના પ્રેમી ભક્તોને પોતાની મૂર્તિ નિરંતર સાંભરે તે માટે વિશાળ ચોકમાં ઓઝલમાં રહેનારી બાઈયોની સાથે રાસરમણ કરવા લાગ્યા, તે વખતે આકાશમાંથી દેવતાઓ પુષ્પનો વરસાદ કરવા લાગ્યા ને જય જય એવા શબ્દો કરવા લાગ્યા. તે સાંભળીને બહાર બેઠેલ રાયધણજી આદિક હરિભક્તો ઘણું જ આશ્ચર્ય પામતા હવા. તે જ સમયમાં મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી રાયધણજીને ઘેર આવ્યા ને રાયધણજીને પૂછ્યું જે શ્રીજીમહારાજ આવ્યા છે ? ત્યારે રાયધણજી કહે કે હા આવ્યા છે. બોલશો નહિ. શ્રીજીમહારાજ બાઈયોની સંગાથે રાસ રમે છે.

ત્યારે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી કહે જે અમારે તે મૂર્તિનાં દર્શન કરવાં છે. પછી દીવો મૂકવાનો ગોખલો હતો તે કોચ્યો ને ત્યાંથી સ્વામીએ

તથા હરિભક્તોએ શ્રીજીનાં દર્શન કર્યાં. પછી રાસ રમી રહ્યા ત્યારે શ્રીજીમહારાજ વસ્ત્ર બદલીને બહાર આવ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી કહે જે તમો અમને પાછળ મૂકીને આગળ આવતા રહ્યા. તેથી અમે આપશ્રીને ચાર-પાંચ ગામોમાં ગોતીને અહીં આવ્યા. ત્યારે આપશ્રીના સમાચાર મળ્યા. ને અહીં આવીને આપશ્રીના રાસનાં દર્શન કર્યાં ને આ કીર્તન કર્યાં છે. **ઘાઘરડો ઘેરાળો રે ગોપી બનીયા ગિરધારી.** તે બ્રહ્માનંદ સ્વામીનાં કરેલાં કીર્તન સાંભળીને બીજે દિવસે રાયધણજીને ત્યાંથી શ્રીજીમહારાજ સંતોએ સહિત ગઢપુર પધારતા હવા. ॥૧૯૩॥

ગામ વડતાલથી શ્રીજીમહારાજ ચૈત્ર માસમાં રામનવમીનો સમૈયો કરી ધોલેરાના પુંજાભાઈના આગ્રહથી શ્રીજી ધોલેરા પધારતાં રસ્તામાં આવેલા ગામ ગુડેલમાં જીભાઈને ઘેર રાત્રિ રહ્યા ને બીજે દિવસે શ્રીજીમહારાજ ચાલવાની સવારમાં તૈયારી કરતા હતા. પણ ભક્તરાજ જીભાઈના આગ્રહથી તેમને ઘેર રોકાયા ને શ્રીજીએ તે ભક્તને ઘેર પોતાના હાથથી ઘઉં રોટલા તથા વંતાકનું શાક કર્યું. ને શ્રીજીમહારાજ પોતે જમ્યા ને પછીથી અસ્વારોને જમવા બેસાડ્યા ને ઘઉંના રોટલા તથા દહીં-દૂધ પીરસીને ખૂબ જ જમાડ્યા.

ને પછી શ્રીજીમહારાજ અસ્વારો સહિત ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં સુરાખાચરને ભજીયાંની વાત કરતા જાય ને પૂછતા જાય છે કે તમો ભજીયાં જમશો કે નહિ ? એવી વાત સુરાખાચરની સાથે શ્રીજીમહારાજ કરતા હતા તે વાતને પંદર ગાઉ દૂરથી ધોલેરાના પુંજાભાઈનાં સમાધિવાળાં બેન અજુબાઈએ જાણી લીધી ને શ્રીજીમહારાજ સારુ થાળ કર્યો તેમાં પૂરી-દૂધપાક-ભજીયાં-શાક વિગેરે ભોજન કર્યાં ને શ્રીજીમહારાજ પધાર્યા ત્યારે શ્રીજીને તથા સ્વારોને બધી વસ્તુઓ જમાડતાં હવાં. આવાં તે અજુબાઈ સમાધિવાળાં ભક્ત હતાં. તેમના મનના મનોરથ શ્રીજીમહારાજ પૂરા કરતા હતા. ॥૧૯૪॥

ગામ ગાંફના વસ્તા રાવળ શ્રીજીમહારાજના પરમ ભક્તરાજ હતા. તે જ વસ્તા રાવળને ત્યાં શ્રીજી વડતાલથી ફૂલદોળનો ઉત્સવ કરીને ગઢપુર જતા હતા ત્યારે તેમને ઘેર પધારતા હવા. તે સમયમાં વસ્તા રાવળની સ્ત્રીએ શ્રીજીને માટે થાળ તૈયાર કર્યો ને શ્રીહરિને આગ્રહપૂર્વક જમાડતાં સતાં દૂધમાં સાકરને બદલે મીઠું નાખીને દૂધ-ભાત પીરસ્યો. પછી શ્રીજીએ જમી રહીને પાળાઓને જમવા બેસાડ્યા ને બાઈ પાસે દહીંનું ગોરસું માગ્યું. ત્યારે બાઈએ તર ઉતારી લઈને

દહીંનું ગોરસું આપ્યું. તેવી જ રીતે ત્રણ વખત દહીં માગ્યું તોપણ ત્રણ વખત તેવી જ રીતે તર ઉતારીને આપ્યું. પછી શ્રીજીએ ચોથી વખત દહીં માંગ્યું ત્યારે ઘરમાં દહીં ન હોવાથી જે ગોરસડામાં તર રાખી હતી તે ગોરસડું આપ્યું. પછી તે આપેલી તરને શ્રીજીમહારાજ જમ્યા ને પાળાઓને પણ જમાડ્યા.

પછીથી શ્રીસહજાનંદ સ્વામીએ લોભ વિશે સભામાં ઘણીક વાત કરીને ત્યાંથી શ્રીજી ગઢપુર ગયા. પછી વસ્તા રાવળની સ્ત્રીએ પોતાના પતિ આગળ કહ્યું જે મેં કપટ કર્યું હતું તે વાત જાણીને શ્રીસ્વામિનારાયણ ભગવાને મારી પાસે ચોથી વાર દહીં માગ્યુ તે વખતે ઘરમાં દહીં ન હોવાથી દહીંની તર ભરેલું ગોરસું આપ્યું તેને પોતે જમીને પાળાઓને જમાડ્યા. તેથી મેં શ્રીહરિનો મહિમા પૂરેપૂરો જાણેલો નહિ પણ હવે શ્રીજીમહાાજનો મહિમા મને પૂરેપૂરો જણાયો છે. માટે ચાલો ગઢપુર જઈને રસોઈ આપી આવીએ. એવો વિચાર કરીને બેઉ જણ ગઢપુર આવ્યાં ને ચારસો રૂપિયાની રસોઈ દીધી.

ત્યારે શ્રીજીમહારાજ પહેલાં પોતે જમ્યા પછી બ્રહ્મચારી-સંત-પાળા વિગેરેને જમાડ્યા. ને સાંજે સભા કરી તે વખતે સભામાં વસ્તા રાવળની સ્ત્રી હતાં તેમને સંભળાવવા માટે શ્રીજીમહારાજે તર વિશેની વાત કરી સંભળાવી ને કહે જે, જેને અમારો મહિમા સમજાય છે ત્યારે તેને ભગવાન આગળ કપટ રહેતું નથી. જેથી વસ્તા રાવળની સ્ત્રીને પહેલો અમારો સાધારણ મહિમા હતો પણ હવે અમારા સ્વરૂપનો પરિપૂર્ણ નિશ્ચય થયો. તેથી ચારસેં રૂપિયાની રસોઈ આપી. એમ કહીને શ્રીજીમહારાજ ભગવાનના મહિમા વિશે કેટલીક વાતો કરતા હતા. તે સાંભળીને વસ્તા રાવળ તથા તેમનાં સ્ત્રીને ઘણો આનંદ થતો હતો ને ગઢપુર થોડા દિવસ રહીને પોતાના ગામ બેઉ જણા જતાં હતાં. ॥૧૯૫॥

અવતારી શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી પધાર્યા ત્યારે અક્ષર મુક્તોને લાવ્યા ને વળી પોતાની સંગાથે મુક્તાનંદ સ્વામી આદિક ગવૈયાને લાવ્યા. તથા બ્રહ્માનંદ સ્વામી ને પ્રેમાનંદ સ્વામી આદિક પ્રાકૃત કવિઓને લાવ્યા. તથા નિત્યાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી આદિક સંસ્કૃત કવિઓને સાથે લાવ્યા. પછી શ્રીસ્વામિનારાયણ ભગવાને મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી કે તમારે જીવનપર્યંત હાથમાંથી કલમ મૂકવી નહિ.

પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ શ્રીજીમહારાજનાં ચરિત્રોના ઘણાં ગ્રંથો કર્યા બાદ છેવટમાં ધર્માખ્યાન ગ્રંથ કરતા હતા પણ પૂરો

થયો નહિ ને હાથમાંથી કલમ પડી ગઈ. ત્યારે નિત્યાનંદ સ્વામી કહે જે હે મુક્તાનંદ સ્વામી, તમારા જે સંકલ્પ હોય તે મને કહો હું પૂરા કરીશ. તમો હવે શ્રીજીમહારાજની મૂર્તિમાં સંલગ્ન થાઓ.

એમ કહેવાથી મુક્તાનંદ સ્વામી કહે, હે નિત્યાનંદ મુનિ, તમો ધર્માખ્યાન પૂરું કરજો. તથા એક વખત વડોદરામાં દિગ્‌વિજય કરેલો છે, ને તમો આચાર્યશ્રી રઘુવીરજીમહારાજને વડોદરામાં પધરાવીને દિગ્‌વિજય કરજો. ને એક મારો શ્રીજીમહારાજની અંતર્ધાન લીલા જોવા સંબંધી સંકલ્પ પૂરો થયો છે.

ને વળી એક સમયે અવતારના અવતારી શ્રીસહજાનંદ સ્વામી ભગવાન અમદાવાદમાં મુક્તાનંદ સ્વામી આદિક સંતોએ સહિત સાબરમતી નદીમાં સ્નાન કરવા ગયા હતા ત્યાં નદીમાં શ્રીજીમહારાજ સંતો સંગાથે જળક્રીડા કરવાપૂર્વક સ્નાન કરતા હતા. તે પહેલાં મુક્તાનંદ સ્વામી સ્નાન કરીને નદીના કાંઠા ઉપર બેસીને શ્રીજીની માનસી પૂજા કરતા ઉદાસ થયા. ત્યારે શ્રીજીએ પૂછ્યું કે કેમ ઉદાસ થયા છો ? ત્યારે મુક્તાનંદ સ્વામી શ્રીહરિને કહે જે આપણાં સંપ્રદાયમાં કોઈ ગ્રંથ નથી ને બીજા સંપ્રદાયમાં સંસ્કૃત તથા પ્રાકૃત ગ્રંથો છે. તેથી મને રડવું આવ્યું છે.

પછી તે મુક્તાનંદ સ્વામીનો સંકલ્પ શ્રીજીમહારાજે ગઢપુરમાં પૂરો કરવાને માટે સભા કરીને સર્વે કવિઓને કહે જે જેને સંસ્કૃત ગ્રંથ-કીર્તન કરતાં આવડે તે સંસ્કૃત ગ્રંથ તથા કીર્તન કરો. ને જેને પ્રાકૃત ગ્રંથ-કીર્તન કરતાં આવડે તે પ્રાકૃત ગ્રંથ તથા કીર્તન કરો. પછી શ્રીજીની આજ્ઞા મુજબ જેને જે આવડતું હતું તે પ્રમાણે કરવા મંડ્યા તે ભેગા નિષ્કુળાનંદ સ્વામી પ્રથમ ભક્તચિંતામણિ ગ્રંથ કરવાનો આરંભ કરતા હતા. તે ભક્ત ચિંતામણિ ગ્રંથ પૂરો કર્યો પછી બીજા પુરુષોત્તમ પ્રકાશ આદિક ગ્રંથો કરતા હતા. ॥૧૯૬॥

ગામ અગત્રાઈમાં પર્વતભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. તે પર્વતભાઈ શ્રીજીની મૂર્તિ ધારીને માળા, માનસી પૂજા, ભજન-સ્મરણ કરતા હતા. એક વખત શ્રીજીમહારાજને સંકલ્પ થયો કે પર્વતભાઈને મારે વિશે કેટલું હેત છે તે જોવા માટે મયારામ ભટ્ટ ગઢપુરથી માણાવદર જતા હતા તેમની સંગાથે પત્ર આપ્યો. તે સમે પર્વતભાઈનો દીકરો માંદો હતો ને કાગળ મળ્યો કે તુરંત ઘેરથી ચાલી નીકળીને ગઢપુર આવ્યા. ત્યારે શ્રીજીમહારાજ કહે જે તમારો દીકરો માંદો હતો ને તમે અહીં કેમ આવ્યા ? ત્યારે પર્વતભાઈ કહે જે તમારી આજ્ઞાનો લોપ કેમ થાય ? છાણમાં જીવ ઘણાં થાય છે.

વળી એક સમે રામાનંદસ્વામીએ સદાવ્રત ખોલ્યું ત્યારે પર્વતભાઈ ઉપર પત્ર લખ્યો જે સદાવ્રતમાં તમારી શક્તિ પ્રમાણે દાણાં મોકલજો. પછી પર્વતભાઈએ ઘઉં-બાજરી મોકલી ત્યારે રામાનંદ સ્વામીને કોઈકે કહ્યું જે સારો દાણો સદાવ્રતમાં મોકલે છે ને પોતાને માટે જાર-બંટી રાખે છે. પછી પર્વતભાઈને રામાનંદ સ્વામી કહે જે ઘઉં-બાજરી તમારે રાખવી ને બંટી વિગેરે સદાવ્રતમાં મોકલવું. ત્યારે પર્વતભાઈ કહે કણબીનાં છોકરાં કુકડાની પેઠે ઉકરડામાંથી દાણા વીણી ખાય. તેની તમારે ચિંતા ન કરવી.

વળી એક વખત પર્વતભાઈ ગઢપુર શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા. તે શ્રીહરિની પાસે બેસીને માળા ફેરવે ને પર્વતભાઈના ઘરનાં રાધાબા આવ્યાં હતાં ત્યાં પણ જમવા ન જાય, તેમ મંદિરમાં શ્રીજીમહારાજ સંગાથે પણ ન જમે. એમ કરતાં સાત દિવસે શ્રીજીએ બ્રહ્મચારીને પૂછ્યું કે પર્વતભાઈ આપણે ત્યાં જમે છે ? ત્યારે બ્રહ્મચારી કહે કે તેમના ઘરના આવ્યાં છે. તે ત્યાં જમતા હશે. પછી રાધાબાને પુછાવ્યું ત્યારે તે કહે અહીં જમવા આવતા નથી. તે તમારે ત્યાં જમતા હશે. પછી શ્રીજીમહારાજે પર્વતભાઈને પૂછ્યું કે તમે તમારે ત્યાં જમતા નથી ને અમારે ત્યાં પણ જમતા કેમ નથી ? ત્યારે પર્વતભાઈ કહે જે તમારી મૂર્તિનાં દર્શન મૂકીને જમવાની રુચિ થતી નથી.

વળી શ્રીજીમહારાજ પંચાળા ગયા હતા ત્યાં પર્વતભાઈએ પ્રાર્થના કરી જે હે શ્રીજીમહારાજ, મારું ગામ અગત્રાઈ રસ્તામાં આવે છે. ત્યાં પધારી પછી તમો ગઢપુર પધારો તો સારું. પછી શ્રીહરિ પર્વતભાઈને ત્યાં ગયા. ત્યારે પર્વતભાઈએ છપરપલંગ પાથરી આપ્યો ને શ્રીજીમહારાજ વિરાજમાન થયા. ને શ્રીજીની સન્મુખ દર્શન કરવા બેઠા. પછી શ્રીસહજાનંદસ્વામી પર્વતભાઈને કહે જે અમારી સંગાથે કાઠીસ્વારો છે. તેમનાં ઘોડાં માટે ચંદી તથા ઘાસ આપો. ત્યારે પર્વતભાઈ કહે જે ઘરના ધણી આવ્યા ત્યારે ચાકરની શી ચિંતા ? માટે આપશ્રીને આપવું હોય તો આ સામી દેખાતી કોઠીઓ ચણાની, મઠની, બાજરી આદિકની છે. તથા આ વાડામાં ઘાસની ગંજી છે. તે તમો આજ્ઞા કરો એટલે લેશે.

પછી શ્રીજીએ આજ્ઞા કરી તે લીધું. ત્યાર બાદ શ્રીસ્વામિનારાયણ ભગવાને પર્વતભાઈને પૂછ્યું કે રસોઈ શી કરવી છે ? ત્યારે પર્વતભાઈ કહે છૂટું ચુરમું ને ધાર ઘીની કરો. પછી ભાત, દાળ, શાક, ભજીયાં, ચુરમું વિગેરે

કરાવીને પ્રથમ શ્રીસહદજાનંદ સ્વામી જમ્યા. પછી સાથે આવેલા સંત, પાળા, કાઠી વિગેરેની પંક્તિ થઈને શ્રીજીએ અખંડ ધારથી ઘી પીરસ્યું તે લીલા જોઈને પર્વતભાઈ રાજી થયા.

વળી પર્વતભાઈને તથા શ્રીજીમહારાજને એકતા હતી તો સાંતી હાંકતાં માનસી પૂજા કરતાં દહીં તથા રોટલો હાથમાંથી પડ્યો તે જોઈને પર્વતભાઈ આશ્ચર્ય પામતા હવા. વળી પર્વતભાઈએ મનમાં વિચાર કર્યો જે શ્રીજીમહારાજે ધરેલા નૃસિહાદિક અવતાર કેવા હશે તેવો સંકલ્પ થવાથી શ્રીહરિએ ચોવીશ અવતારનાં દર્શન કરાવ્યાં. પછી પર્વતભાઈ તે સ્વરૂપો જોઈને મૂંઝાયા ને શ્રીજીમહારાજના સ્વરૂપનું ચિંતવન કરવા લાગ્યા. તેથી શ્રીસ્વામિનારાયણ અચાનક દિવ્ય દેહે આવ્યા તેમનાં દર્શન કર્યાં. તેમજ ચોવીશ અવતાર શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થયા તેથી શ્રીસહજાનંદ સ્વામીને સર્વ અવતારના અવતારી જાણતા હવા.

વળી એક વખત પર્વતભાઈને કામ કરતાં કુહાડીનો હાથો ભાંગવાથી કુહાડી છટકી તે પર્વતભાઈના પગ ઉપર પડી પણ શ્રીજીએ રક્ષા કરી તે વાગી નહિ. ત્યારે પર્વતભાઈએ વિચાર કર્યો કે કુહાડી વાગી હોત તો છ માસ ખાટલે સૂવું પડત ને કાંઈ કામ ન થાત માટે છ માસ સુધી શ્રીજીમહારાજનો તથા સંતનો સમાગમ કરવા જવું. આવો મનમાં ઠરાવ નક્કી કરીને સમાગમ કરવા માટે ગઢપુર જતા હવા. ॥૧૯૭॥

ગામ ગઢપુરમાં એક વખત બ્રહ્માનંદ સ્વામી શ્રીજીમહારાજની સમક્ષ મુળજી બ્રહ્મચારીને કહે જે તમો વૃદ્ધ થયા છો માટે વિશુદ્ધાત્માનંદ સ્વામીની દીકરી રામબા રસોઈ કરે ને તમો જમો તો તમારે રસોઈ વિગેરેનો દાખડો કરવો પડે નહિ. ત્યારે બ્રહ્મચારી બ્રહ્માનંદ સ્વામીને કહે જે મારું રસોઈનું સીધુ મારે રામબાને આપવું જોઈએ પછી કોઈ સ્ત્રી કહશે જે મુળજી બ્રહ્મચારી રામબાને વશ થઈ ગયા છે? તેવું સાંભળીને મારે પુનમીયા કૂવામાં પડવું પડે. માટે હું સ્ત્રીનું રાંધેલું ખાઈશ નહિ અને મારા કુળમાં થયેલા બ્રહ્મચારીઓ પણ નહિ ખાય.

આવું મુળજી બ્રહ્મચારીએ કહ્યું ત્યારે શ્રીજીમહારાજ બ્રહ્માનંદ સ્વામીને કહે કે મુળજી બ્રહ્મચારી વ્યવહારમાં કુશળ છે.

વળી શ્રીજીમહારાજની આજ્ઞાથી મુકુંદાનંદ બ્રહ્મચારી ધર્મકુળની સેવામાં રહ્યા હતા. પછી તરસ લાગવાથી માણસ મોકલીને પાણી મંગાવ્યું ત્યારે બ્રહ્મચારીના એક હાથમાં પાણીનો લોટો તથા સીતારામને કેડે બેસાડેલા ને ખભે બદ્રીનાથને

બેસાડેલા એવા થકા શ્રીહરિ પાસે આવ્યા. પછી શ્રીજીએ પાણી પીધું ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે બ્રહ્મચારી ધર્મકુળના ઉતારામાં પડ્યા રહે છે પણ શ્રીજીમહારાજને પાણી પીવા વખતે પાણી નહિ, ને ખાવાને વખતે ખાવાનું નહિ એ ઠીક ન કહેવાય.

તેવું બ્રહ્માનંદસ્વામીનું વચન સાંભળીને શ્રીહરિ બ્રહ્મચારી કહે જે તમે ગુજરાતમાં જાઓ. પછી મુળજી બ્રહ્મચારી તૈયાર થઈને શ્રીજીમહારાજને તથા જીવુબા આદિક ડોશીઓને તથા ધર્મકુળનાં સુવાસીની બા તથા વરીયાળી બા આદિકને મળીને ચાલ્યા તે રાધા વાડીએ ગયા. ત્યાં ધર્મકુળ જવા તૈયાર થયું. પછી શ્રીસહજાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીને કહે મુળજી બ્રહ્મચારીને ગુજરાતમાં મોકલવામાં મારે ઉપાધિ થઈ. પછી બ્રહ્મચારીને પાછા બોલાવ્યા ત્યારે ધર્મકુળનાં પોટલાં છૂટ્યાં. એવા મૂળજી બ્રહ્મચારી હતા.

વળી એક વખત શ્રીજીમહારાજને જીવુબા આદિક ડોશીઓએ કહેવડાવ્યું કે હાલમાં અમારી પાસે કાંઈ કથા કરવાનો ગ્રંથ નથી. તો આપશ્રીની આજ્ઞા હોય તો રામાયણની કથા કરીએ. ત્યારે શ્રીહરિએ હા પાડેલ તેથી બાઈયો રામાયણની કથા કરતાં હતાં. તે વખતે શ્રીજી બ્રહ્મચારીને કહે જે જાઓ બાઈયોને કહી આવો જે રામકથા કરજો પણ ગ્રામકથા ન કરશો. પછી મુળજી બ્રહ્મચારી રામકથાની ના પાડી આવ્યા ત્યારે જીવુબાએ બીજે દિવસ જમતી વખતે શ્રીજીને પૂછ્યું જે અમને રામકથા કરવાની બ્રહ્મચારીની સંગાથે ના પડાવી તેનું કારણ શું ? ત્યારે શ્રીહરિ કહે મેં બ્રહ્મચારી સાથે ના પડાવી નથી. પછી બ્રહ્મચારીને બોલાવીને શ્રીજી કહે જે મેં ગ્રામકથાની ના પડાવી હતી પણ રામકથાની ક્યારે ના પાડી હતી ? ત્યારે બ્રહ્મચારી કહે કે રામકથા કે ગ્રામકથા તે મને કાંઈ સમજાયું નહોતું. તેથી રામકથાની ના પાડી આવ્યો હતો. એવા ભોળા બ્રહ્મચારી હતા.

વળી શ્રીજીમહારાજ બ્રહ્મચારીને કહે જે તમારે ડોશીઓને અડવું નહિ તથા તેમની સાથે બોલવું નહિ. પછી શ્રીહરિ અક્ષર ઓરડીથી જમવા જતા હતા ને સાથે બ્રહ્મચારી પાણીનો લોટો લઈને આગળ ચાલતા હતા ને આગળ શ્રીહરિનાં દર્શન કરવા બાઈયો ઊભેલ હશે. તે બાઈયોને બ્રહ્મચારી કહે બાઈઓ ખસો. મને શ્રીજીમહારાજે તમારી સાથે બોલવાની ના પાડી છે. તેવામાં કોઈ બાઈ એક તરફથી બીજી તરફ ખસવા જતાં બ્રહ્મચારીને અડકી ગઈ. પછી બ્રહ્મચારીએ કુણી મારીને ખસેડી અને કહે જે આમે અડી ને આમે અડી એવું બ્રહ્મચારીનું વચન સાંભળીને શ્રીજીએ બ્રહ્મચારીને બોલવાની છૂટી કરી. ને શ્રીહરિ બ્રહ્મચારીને કહે

જે તમને બાઈયો સાથે બોલવાની ના પાડી હતી પણ બોલ્યા તથા અડ્યા પણ ખરા. ત્યારે બ્રહ્મચારી શ્રીજીમહારાજને કહે જે ખસતી નહોતી પણ કોણી મારી ત્યારે કેવી દુતી ખસી ગઈ ?

વળી મુળજી બ્રહ્મચારી શ્રીજી પોતાના ધામમાં ગયા પછી શ્રીગોપીનાથજીનું મંદિર છોવરાવવા આલોકમાં રહ્યા હતા. તે વખતે અમૃતબાને સમાધિ થઈ. ત્રણ દિવસ સમાધિમાં રહ્યાં પછી સમાધિથી બહાર આવ્યાં ત્યારે મોટીબાએ પૂછ્યું કે શ્રીજીએ મને કંઈ કહેવડાવ્યું છે ? પછી અમૃતબાએ ના કહી. પણ શ્રીહરિએ મુળજી બ્રહ્મચારીને કહેવડાવ્યું છે. માટે બ્રહ્મચારીને બોલાવો. પછી બ્રહ્મચારીને સમાધિમાંથી બહાર આવેલાં અમૃતબા કહે જે શ્રીજીમહારાજે કહેલ છે કે શ્રીગોપીનાથજીનું મંદિર છોવાઈ ગયું છે. હવે મુળજી બ્રહ્મચારીને ગઢપુરમાં ક્યાં સુધી રહેવું છે ?

આવું શ્રીજીનું કહેવડાવેલું વચન સાંભળી મુકુંદાનંદજી બ્રહ્મચારીએ પોતાના શિષ્ય શાંતાનંદજીને કહ્યું કે મારે આજે અક્ષરધામમાં જવું છે. ત્યારે શાંતાનંદજી કહે આજે સૂર્યગ્રહણ છે માટે કાલે ધામમાં જજો. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે ગ્રહણ થશે નહિ. ને આજે જ હું ધામમાં જઈશ. પછી મુકુંદાનંદજી અક્ષરધામમાં પધાર્યા ને સૂર્યગ્રહણ થયું નહિ ને શ્રીજીમહારાજની માફક હજારો વિમાન બ્રહ્મચારીને લેવા આવ્યાં હતાં. ને વિમાનોમાં રહેલા અક્ષરધામના મુક્તો ચંદન તથા ફૂલનો વરસાદ કરતા હતા ને આકાશમાં વિમાન છાઈ જવાથી સૂર્યનારાયણ ઝાંખા થઈ ગયા ને શ્રીજીમહારાજ મુળજી બ્રહ્મચારીને પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા. આવા ચમત્કારવાળા મુકુંદાનંદજી બ્રહ્મચારી હતા. ॥૧૯૮॥

ગામ ગાધકડાના દરજી ગોવિંદભાઈ શ્રીજીમહારાજના હરિભક્ત સારા હતા. શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને કાયમ માળા ફેરવતા હતા. તે ગોવિંદભાઈને જોઈને લોકો તેમની મશ્કરી કરે કે આ તો ભક્ત થઈ ગયા છે તેમને માટે ભગવાન વિમાન લઈને આવશે. ત્યારે આપણે તેમની સાથે વિમાનમાં બેસીને ધામમાં જઈશું. ત્યારેગોવિંદ ભક્ત કહે જે મારો તો મોક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો હું સત્સંગી થયો ત્યારથી થઈ રહ્યો છે પણ મારા હાથનું સીવેલ કેડીયું જે પહેરશે તેનો પણ મોક્ષ થશે. આવા તો ગોવિંદભાઈ શ્રીજીમહારાજના નિશ્ચયવાળા હતા. ॥૧૯૯॥

ગામ ઘાંણલામાં કુંભાર મુળીબાઈ શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત હતાં. તે મુળીબાઈ ને તેમના પતિએ પૂછ્યું કે મારો મોક્ષ થશે કે નહિ ? ત્યારે તે બાઈયે પોતાના પતિને કહ્યું જે મારા હાથનું ભરેલ પાણી પીશે તથા મારા હાથના કરેલા રોટલા જેણે ખાધા હશે તે માણસ શ્રીજીમહારાજના ધામમાં જશે તો તમે તો મારા પતિ છો માટે તમારો મોક્ષ થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. એવાં તે શ્રીજીમહારાજના નિશ્ચયવાળાં હતાં. તેમના સંકલ્પ પ્રમાણે શ્રીજી સર્વનો મોક્ષ કરતા હતા. ॥૨૦૦॥

ગામ ભેંસજાળના ક્ષત્રી-કાયાભાઈ શ્રીજીમહારાજના ભક્તરાજ હતા. શ્રીજીમહારાજની નાનીમોટી આજ્ઞાઓનું પાલન કરતા હતા. તેમના બેન ચાંદાબા પણ તેમના જેવાં જ શ્રીજીનાં ભક્ત હતાં. તે ચાંદાબા એક વખત પોતાના ઘરની ઓસરીએ બેસીને પોતાના દીકરાની સ્ત્રીને પોતાની સાથે બેસાડીને શ્રીજીની વાતો કરતાં હતાં. તેવામાં ઊઠવા ગયાં તેવાં નીચે પડી ગયાં ને હાથ ઊતરી ગયો. ત્યારે હાથ ચઢાવનાર માણસને બોલાવ્યો. ત્યારે ચાંદાબા કહે જે મારે તો છેડા વર્તમાન છે, માટે બીજા પુરુષને હું અડીશ નહિ. મારા શ્રીસ્વામિનારાયણ ભગવાન દુઃખ ટાળીને સુખ કરશે.

આવા શ્રીજીના વિશ્વાસથી આવેલા માણસને રજા આપીને ચાંદાબા શ્રીજીમહારાજનું ભજન કરતાં કરતાં સૂઈ ગયાં તે મધ્યરાત્રિએ ચાંદાબાને શ્રીહરિએ દર્શન આપ્યાં ને શ્રીજીએ ચાંદાબાનો હાથ ઝાલીને પાછો હતો તેવો ને તેવો કર્યો ને દુઃખ ટાળીને શ્રીસ્વામિનારાયણ ભગવાન અંતર્ધાન થઈ ગયા. પછી સવારે સહુને કહે જે મારે શ્રીસહજાનંદ સ્વામીનો વિશ્વાસ હતો તો મારો હાથ સારો કર્યો. ને મારા છેડા વર્તમાનમાં વિઘ્ન આવ્યું નહિ. એવો શ્રીજીમહારાજનો નિશ્ચય હતો તેથી તેમની ઉપર શ્રીહરિ પ્રસન્ન થયા. માટે નિયમ શિર સાટે પાળવો. ॥૨૦૧॥

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજ એક વખત રાધાવાડીએ પધાર્યા હતા. તે રાધાવાડીના બંગલામાં ઉતારો કર્યો. પછી પાણી પીવાનું હતું તે ઢોળી નાંખીને ભગુજીભાઈ તથા રતનજીને ઉન્મત્ત ગંગાનું પાણી લેવા મોકલ્યા. અને કરીમભાઈ તથા મીયાંજીને મંદિરમાંથી સંતને બોલાવી લાવવા મોકલ્યા. તેવા સમયમાં જેઠો ગોવાળીયો તથા મેરામણ ગોવાળીયો આદિક મળીને એકવીશ જણ આવ્યા. તેટલાં સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની આજ્ઞાથી ધારણ કરીને સર્વેનાં ગળાં

ઝાલીને મારવા મંડ્યા. તેથી તે લોકોએ શ્રીસ્વામિનારાયણ ભગવાનની પ્રાર્થના કરી જે હવે અમે તમારી પાસે કોઈ દિવસ આવીશું નહિ પણ આ વખતે અમને જીવતા જવા દ્યો.

આવી રીતે કહ્યું જેથી શ્રીહરિ સચ્ચિદાનંદ સ્વામીને કહે જે સર્વેને છોડી મૂકો તેથી છોડી મૂક્યા. આવા શ્રીજીમહારાજ દયાળુ છે. પણ આ જીવને સમજાતું નથી તેથી જ વારે વારે શ્રીજીનો તથા તેમના સત્પુરુષનો દ્રોહ કરવા માટે આવે છે. માટે સેવા કરવી પણ દ્રોહ કરવો નહિ. ॥૨૦૨॥

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજે એવું પ્રકરણ કાઢેલું કે રાત્રિએ બાર વાગ્યા પહેલાં કોઈએ ઊંઘવું નહિ ને લીંબડા નીચે સભા કરીને બેસે ને જેને ઊંઘ આવે તેને સોપારીઓનો બેરખો મારીને શ્રીજીમહારાજ જગાડતા હતા. તે એક સમયે બ્રહ્માનંદ સ્વામી ઊંઘતા હતા તેમને બેરખો મારીને જગાડ્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે હું ઊંઘતો નહોતો પણ કીર્તનની કડી ગોઠવતો હતો ત્યારે શ્રીજીમહારાજ કહે કીર્તન બોલો. ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે **તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે.** આવાં ચાર પદ બોલ્યા ને શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીનાં વખાણ કર્યાં ને બીજે દિવસે થાળ આપ્યો. તેથી પોતાના મનમાં ગર્વ આવ્યો જે મારા જેવો શીઘ્રકવિ કોઈ નથી. આમ અચાનક કોઈને કીર્તન જોડતાં આવડે નહિ.

આવા ગર્વને શ્રીસહજાનંદ સ્વામીએ જાણ્યો. તેથી બીજે દિવસે લીંબડા નીચે શ્રીજીએ સભા કરીને સર્વે ગવૈયાને બોલાવ્યા ને શ્રીહરિ કહે આજે ગાવણું કરવું છે. પછી સર્વે ગવૈયા આવ્યા ત્યારે શ્રીજીમહારાજે પ્રેમાનંદ સ્વામીને કહ્યું કે એક સારું કીર્તન નવું કરીને વાજંત્ર ભેગું ગાતા જાઓ. જેથી આ સભામાં બેઠેલા સર્વે રાજી થાય. તેથી શ્રીજીની આજ્ઞાથી નવું કીર્તન પ્રેમાનંદ સ્વામી બોલ્યા કે **થાને રાખું નેનકી પાલમેં રાજ.**

આવું મારવાડી ભાષામાં કીર્તન કર્યું તેથી શ્રીસહજાનંદ સ્વામીએ સહિત બધી સભા પ્રસન્ન થઈને વાહ પ્રેમસખી એમ કહીને પ્રેમાનંદ સ્વામીને શ્રીજી મળ્યા ને સભામાં શ્રીહરિએ વાત કરી કે કેટલાકના મનમાં એમ થાય છે જે હું જ શીઘ્રકવિ છું. પણ મારા આશીર્વાદથી સર્વ શીઘ્રકવિઓ છે. એમ કેટલીક વાત કરીને સભામાં બેઠેલા સર્વેને પોતપોતાના સ્થાનમાં જવાની આજ્ઞા કરીને શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતે અક્ષરઓરડીમાં પધારતા હવા ને બીજે દિવસે પ્રેમાનંદ સ્વામીને શ્રીજીમહારાજ પોતાનો થાળ મુકુંદાનંદજી બ્રહ્મચારી પાસે અપાવતા હવા. ॥૨૦૩॥

ગામ વડતાલમાં સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીને એક વિદ્વાન બ્રાહ્મણે પૂછ્યું જે અમે મોટાં મોટાં ભાષણો આપીએ છીએ પણ કોઈને વૈરાગ્ય થતો નથી ને તમારી પાસે વાતો સાંભળવાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે ને તે ઉત્પન્ન થયેલા વૈરાગ્યથી ઘરબારનો ત્યાગ કરીને શ્રીસ્વામિનારાયણ ભગવાનના સાધુ થાય છે તેનું શું કારણ છે ? પછી નિત્યાનંદ સ્વામીએ દૃષ્ટાંત આપ્યું જે વરસાદ થાય ત્યારે પલાળેલ બીજને જમીનમાં નાખવાથી તુરંત છોડ ઉત્પન્ન થાય છે. પણ તે બીજને શેકીને વાવે તો ઊગે નહિ. તેમ તમે ભાષણ કરો છો તે પૈસાની ઈચ્છાથી તથા લોકમાં પ્રસિદ્ધ થવા માટે ભાષણ કરો છો. તેથી તમારા ભાષણની કોઈ પણ માણસને અસર થતી નથી. ને અમે તો જે વાતો કરીએ છીએ તે જીવના કલ્યાણને માટે કરીએ છીએ તેથી અમારી વાતોને સાંભળીને પોતાના અંતઃકરણમાં જે માણસ ઉતારે છે તેનો મોક્ષ થાય છે. અમે અમારા સ્વાર્થ માટે વાતો કરતા નથી પણ જીવના અંતઃકરણમાં અનાદિ કાળથી રહેલું અજ્ઞાન છે તેના નાશને માટે અમારી વાત છે.

તે વાતોને સાંભળીને તે શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત થઈને વર્તમાન ધારણ કરી કંઠી પેરીને પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામીનું ભજન કરે છે તેને શ્રીજીમહારાજ અંતકાળે પોતાના અક્ષરધામમાં લઈ જાય છે માટે આ મનુષ્યશરીરે કરીને ભગવાનની ભક્તિ કરવી તે જ લાભ છે. પણ આ લોકના નાશવંત લાભથી કાંઈ ફળ નથી એ જ આ વાતનો સિદ્ધાંત છે. ॥૨૦૪॥

ગામ પીઠવડીમાં પટેલ રામજીભાઈ શ્રીજીમહારાજના સત્સંગી સારા હતા. તે રામજીભાઈ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું નિરંતર ભજન કરતા હતા. તે રામજીભાઈ પટેલ એક વખત પોતાના છોકરા જીવાને સાથે લઈને ગામના ચોરામાં આવેલા અધિકારી પાસે ગયા. મોટા સારા કંકુના ચાંદલાએ સહિત તિલક કરીને ગયા હતા. તે તિલકને જોઈને ચોરામાં ઊતરેલો અધિકારી કહે જે શરીરનાં કલ્યાણ થઈ ગયાં. ત્યારે છોકરો કહે જે રોટલા ને દૂધ ખાઈએ તો શરીરનાં કલ્યાણ થાય. અને તિલક કરવાથી ને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવાથી જીવનું કલ્યાણ થાય છે.

પછી અધિકારીને પટેલના છોકરે પૂછ્યું કે જીવ કેવો હોય ? ત્યારે અધિકારી કહે જે તીડ જેવો. ત્યારે પટેલનો છોકરો જીવો કહે જે કીડી-માંકડ-જૂને ઠોયા નીકળવા જોઈએ. પછી જીવાને અધિકારીએ પૂછ્યું જે જીવ કેવો હોય. ત્યારે

પટેલનો છોકરો જીવો કહે જે જીવ તો અજર છે. અમર છે. છેદાતો નથી. બળે નહિ. સડતો નથી. સૂક્ષ્મ છે, દેહને વિશે અંતર્યામિપણે નખથી ચોટલી સુધી વ્યાપીને રહેલો છે.

ત્યારે અધિકારીએ પટેલ રામજીભાઈને પૂછ્યું જે આ તમારા છોકરાની બુદ્ધિ બહુ સારી છે. તે શાથી ઘણી સારી થઈ ? ત્યારે રામજીભાઈ કહે જે સત્પુરુષના સમાગમથી આવી ઉત્તમ બુદ્ધિ થઈ છે. માટે નિરંતર શ્રીસહજાનંદ સ્વામીનો તથા સંતનો સમાગમ જરૂર કરવો જેથી ઉત્તમ બુદ્ધિ થાય. ॥૨૦૫॥

ગામ અમદાવાદથી શ્રીજીમહારાજના મોટાભાઈ રામપ્રતાપજીભાઈ સંતોએ સહિત મુળી જતા હતા. તે વચમાં ગામ દેદરડા આવ્યું ને ત્યાં દિવસ આથમ્યાથી તે ગામના નાડોદા હરભંજીભાઈને ઘેર ઊતર્યા ને હરભંજીભાઈએ સત્પુરુષો સહિત રામપ્રતાપજીભાઈની સર્વ પ્રકારે સેવા કરી રાત્રિએ બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીને સંતોને જમાડ્યા.

ને બીજે દિવસે સવારમાં રામપ્રતાપજીભાઈ સહિત સંતોને જમાડ્યા. પછી જ્યારે ચાલવાની તૈયારી કરી ત્યારે તે ગામના હરિભક્તો રામપ્રતાપજીભાઈને કહે જે આ ભક્તરાજ હરભંજીભાઈને બિલકુલ પ્રજા નથી. આવું હરિભક્તોનું વચન સાંભળીને મોટાભાઈ રામપ્રતાપજીભાઈ કહે જે અમારી હરભંજીભાઈએ બહુ સારી સેવા કરી છે. માટે હરભંજીભાઈ ઉપર પ્રસન્ન થયેલો એવો જે હું તેમને આશીર્વાદ આપું છું કે હરભંજીભાઈને બે પુત્ર થશે. આવા રામપ્રતાપજીભાઈના આશીર્વાદથી હરભંજીભાઈને વૃદ્ધ અવસ્થામાં બે દીકરા થયા ને તે બેઉ છોકરા શ્રીજીમહારાજના સારા સત્સંગી થયા હતા. ॥૨૦૬॥

ગામ સારંગપુરમાં જીવાખાચરના દીકરા વાઘા ખાચર તથા અમરાખાચર એ બેઉ ભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા ને શ્રીજીમહારાજની ભક્તિ નિરંતર એકાગ્રચિત્તથી કરતા ને બેઉ ભાઈને પરસ્પર બહુ જ હેત હતું. પણ બન્ને ભાઈની સ્ત્રીઓને બને નહિ. એક વખત શ્રીજીમહારાજ વાઘાખાચરને ત્યાં જમતા હતા ને અમરાખાચર શ્રીજી પાસે બેઠા હતા. અમરાખાચરે શ્રીસહજાનંદ સ્વામીને કહ્યું જે દૂધ લાવું ? ત્યારે શ્રીજીએ હા પાડી તેથી અમરાખાચર પોતાને ઘેર દૂધ લેવા ગયા ને પોતાની સ્ત્રીને કહે જે શ્રીહરિ માટે આપણા ઘરમાંથી દૂર આપો ત્યારે કહે જે દૂધ તો મેળવી દીધું છે ?

તે સાંભળીને શ્રીજીમહારાજ કહે જે દૂધ ન હોય તો દહીં લાવો. તે લેવા ગયા ત્યારે ઘરનાં મનુષ્ય કહે જે દહીંની છાશ કરી નાખી છે. ત્યારે શ્રીહરિ કહે જે છાશ લાવો. પછી છાશ લેવા ઘેર ગયા ત્યારે ઘરનાં સ્ત્રી પોતાના પતિને કહે જે દૂધ-દહીં-છાશ બધુંય ઘરમાં છે. પણ મારી જેઠાણી સાથે મને બિલકુલ ફાવતું નથી તો તેમને ઘેર હું નહિ આપું. તમારે શ્રીસ્વામિનારાયણ ભગવાનને દૂધ વિગેરે જમાડવું હોય તો કાલે આપણે ત્યાં બોલાવો. એમ કહ્યું ત્યારે અમરાખાચર કહે જે આપ તો સારું. પછી તે સ્ત્રીએ ચોખ્ખી ના પાડી. તેથી અમરાખાચર પોતાની સ્ત્રીને કહે જે, તુ તારા બાપને ત્યાં ચાલી જા, આજથી તું મારી મા-બેન છો.

એમ કહીને શ્રીજીમહારાજ પાસે આવ્યા ને શોકમાં જોઈને શ્રીજી કહે જે અમારે જે કરાવવું હતું તે તમો કરીને આવ્યા. તે સાંભળીને અમરાખાચરની બેન શ્રીહરિને કહે જે શી વાત બની ? ત્યારે શ્રીજીએ બનેલી વાત કહી તે જાણીને બેન રોવા લાગ્યાં. તે બેનને ધીરજ આપીને શ્રીહરિ કહે જે આજથી એક માસમાં તમારા ભાઈને બીજે પરણાવીશું. માટે તમો ચિંતા બિલકુલ કરશો નહિ.

પછી અમરાખાચરે તે બાઈને તેના બાપને ત્યાં મોકલી દીધી. તેથી તે બાઈને પસ્તાવાનો પાર રહ્યો નહિ. પણ શું કરે ? ના પાડી તે હા પડાણી જ નહિ. જે શ્રીજીમહારાજે દૂધ વિગેરે પોતે જ મંગાવ્યું હતું પણ સમય પ્રમાણે અપાયું નહિ. માટે સમય ગયો તે ગયો જ. પછી અમરાખાચરને બીજા હરિભક્તને ત્યાં પરણાવ્યા તેથી અમરાખાચરને પરમશાંતિ થઈ ને પોતાની ઈચ્છા પ્રમાણે શ્રીહરિની સેવા વારંવાર કરવાથી પરમ સંતોષને પામતા હવા. ॥૨૦૭॥

ગામ વડોદરાના દશાશ્રીમાળી વાણીયા વ્રજલાલભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા ને શ્રીહરિની સેવા તન-મન-ધનથી વારંવાર કરતા હવા. તે જ પ્રકારે આચાર્યસેવા, સંતસેવા, નામ, ધરમાદો ચોખો કાઢતા હતા. તે વ્રજલાલભાઈની દીકરી પારવતીબાઈ પણ શ્રીજીનાં અતિ ઉત્તમ ભક્ત હતાં. તેમને કોઈ વખતે શ્રીસ્વામિનારાયણ ભગવાનની ઈચ્છાથી સમાધિ થતી હતી. તે પારવતીબાઈને પરણાવ્યાં પણ તેમનો પતિ તથા સાસુ-સસરો વિગેરે વૈષ્ણવ હતાં. તેથી પારવતીબાઈને સત્સંગ મુકાવા માટે ઘણો જ આગ્રહ કરતાં પણ તેમનું ન માનતાં પોતાના નિશ્ચયમાં દૃઢ રહીને શ્રીસહજાનંદ સ્વામીનું ભજન કરતાં હતાં.

એક વખત પારવતીબાઈનો સસરો સંઘ કાઢીને તીર્થયાત્રા કરવા ચાલ્યા પણ પારવતીબાઈને સત્સંગી જાણીને સાથે જાત્રા કરવા ન લઈ ગયા. ને તે બાઈની

સાસુએ ઘરના પટારામાંથી પારવતીબાઈનો ઘરેણાંનો ડાબલો કાઢીને તે ન જાણે તેવી રીતે કાનમાં પહેરવાનું મચકણીયું પોતાના કાનમાં પારવતીબાઈથી છાની રીતે પેરીને યાત્રા કરવા ગયાં તે ગોકુળમાં દર્શન કરીને મથુરામાં રહેલાં જમુનાજીમાં નાતી વખતે અચાનક **મચકણીયું** કાનમાંથી નીકળી ગયું. ને પાણીના પ્રવાહમાં તણાઈ ગયું. ઘણી ગોત કરી પણ જડ્યું નહિ. ને તે પારવતીબાઈની સાસુ ઘણી ઉદાસ થઈ ને તે દિવસ એકાદશીનો હતો.

હવે આ પાર્વતીબાઈના પિતાશ્રીએ વિચાર કર્યો કે મારાં દીકરીને યાત્રામાં ન લઈ ગયા તો હું પાર્વતીબાઈને ગઢડા વિગેરેની યાત્રા કરાવું. એમ ધારીને યાત્રા કરવા ગઢડે ગયા. તે દિવસ એકાદશી હતી. ને ઉન્મત્તગંગામાં સ્નાન કરતાં ગંગાયમુના વિગેરેનું સ્મરણ કર્યું ને શ્રીજીમહારાજને સંભારીને નાતી વખતે ઉન્મત્તગંગાએ યમુનાજીમાં ખોવાઈ ગયેલું **મચકણીયું** પાર્વતીબાઈના કાનમાં પેરાવી દીધું. તે જોઈને પાર્વતીબાઈને એમ થયું જે આ મારું કાનમાં પહેરવાનું મચકણીયું અહીં ક્યાંથી ?

એમ વિચાર કરીને ઉન્મત્તગંગામાં સ્નાન કરીને મંદિરમાં આવીને શ્રીગોપીનાથજી આદિક દેવનાં દર્શન કરીને જીવુબા તથા લાડુબા બાઈયોની સભામાં વાતો કરતાં હતાં. તેમને પગે લાગીને પાર્વતીબાઈ સભામાં બેઠાં. ત્યારે જીવુબાએ અંતર્યામિપણે **મચકણીયા** સંબંધી વિસ્તારપૂર્વક બધી વાત કહી દેખાડતાં હતાં જે તમારાં સાસુ-સસરો યાત્રા કરવા ગયાં છે ને તમારું **મચકણીયું** તમારી સાસુ તમારાથી છાની રીતે તમારા ઘરેણાંના ડાબલામાંથી કાઢીને પેરીને જાત્રા કરવા ગયાં છે તેમના કાનમાંથી એકાદશીને દિવસે યમુનાજીમાં નાતાં ખોવાઈ ગયેલું તે **મચકણીયું** ઉન્મત્તંગગામાં સ્નાન કરતી વખતે તમોએ ગંગા-યમુનાજીનું નામ લેવાપૂર્વકસ્નાન શ્રીજીને સંભારીને કર્યું તેથી ઉન્મત્તગંગાએ તમારા કાનમાં પેરાવી દીધું છે. આ પ્રમાણે વાર્તા કરવાથી પાર્વતીબાઈ આશ્ચર્ય પામતાં હતાં ને જીવુબાના પરિપૂર્ણ મહિમાને જાણતાં હવાં. ॥૨૦૮॥

ગામ જામનગરમાં એક વખત સદ્‌ગુરુ-ગુણાતીતાનંદ સ્વામી ગયા હતા. તે સ્વામીને પોતાના ગામમાં પધારેલા જાણીને સર્વે સત્સંગીઓ ઘણો આનંદ પામતા હતા અને સ્વામી આવ્યા એટલે સત્સંગીઓ કથાવાર્તા સાંભળવા માટે પોતાના વ્યવહારનો ત્યાગ કરીને સભામાં આવ્યા ને આવેલાને શ્રીજીમહારાજની લીલાની વાર્તા સ્વામી કરતા હતા. તે સમયમાં એક પરોક્ષ ભગવાનની ભક્તિ કરનાર

ભાવિક ભક્તરાજ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળવા આવ્યો. તે સમે સ્વામીએ આગળ બેઠેલા હરિભક્તને કહ્યું જે તમે પાછળ બેસો ને આ આવેલ માણસને આગળ બેસવા દ્યો. તેથી તે હરિભક્ત પાછળ જઈને બેઠા તે જ્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી જામનગરમાં રહ્યા ત્યાં સુધી માનથી સભાની પાછળ જઈને બેસે પણ સભામાં આગળ બેઠા નહિ.

પછી સ્વામીએ આગ્રહપૂર્વક આગળ બેસવાનું કહ્યું છતાં માનને લીધે આગળ ન બેઠા. માટે માનનો ત્યાગ કરીને સત્પુરુષ કહે તેમ કરવાથી પોતાનું કલ્યાણ થાય છે તો સંત આગળ માન રાખવું નહિ. માનરહિત ભક્તિ કરનાર ઉપર શ્રીજીમહારાજનો તથા સત્પુરુષનો જેવો રાજીપો થાય છે તેવો માની ઉપર થતો નથી. ॥૨૦૯॥

ગામ ગોખરવાળે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ત્યાંના હરભક્તોના આગ્રહથી કથાવાર્તા કરવા પધાર્યા હતા. પછી પોતાના ગામમાં આવેલા સ્વામીને સાંભળીને સર્વે સત્સંગીઓ કથાવાર્તા સાંભળવા મંદિરમાં આવતા હતા તેવા સમયમાં એક સત્સંગીને (હરખા પટેલને) સ્વામી કહે જે તમારા પગ ગારાવાળા છે તે ધોઈને પાથરણા ઉપર બેસો. આવું સ્વામીનું વચન સાંભળ્યું કે તુરંત જ મંદિરમાંથી પોતાને ઘેર ચાલ્યા ગયા. તે જોઈને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી તેમને ઘેર ગયા ને કહે જે હવે પગ ધોવાનું આપને નહિ કહું પણ તમે મંદિરમાં દર્શન કરવા ચાલો. પછી તેણે માને કરીને સ્વામીનું વચન માન્યું નહિ અને તેણે માનને વશ થઈને સ્વામીશ્રીને કેટલાંક કઠોર વચનો કહ્યાં તે સાંભળીને શ્રીજીમહારાજના નિર્માની એવા ગુણાતીતાનંદ સ્વામી પાછા મંદિરમાં આવ્યા. પણ તે હરિભક્ત મંદિરમાં આવ્યા નહિ.

આવું માન હતું તો શ્રીસ્વામિનારાયણ ભગવાનના હાથથી દીક્ષાને પામેલા ગુણાતીતાનંદ સ્વામીનું વચન મનાયું નહિ. માટે માન મૂકી દઈને શ્રીસહજાનંદ સ્વામીની તથા તેમના મોટા સત્પુરુષની આજ્ઞા પાળીએ તો આશીર્વાદ મળે છે. માટે માનરહિત વર્તવા શીખવું. અને માનરહિત ભક્તિવાળા ઉપર શ્રીજીમહારાજ પ્રસન્ન થાય છે. તે વિશે ગઢડાના મધ્ય પ્રકરણના એકતાળીશમા વચનામૃતમાં કહ્યું છે જે માન વિનાની ભક્તિ તો રતનજી તથા મીયાંજી જેવા કોઈ કરતા હશે. માટે શ્રીજીને તથા સંતને રાજી કરવા હોય તો માનનો ત્યાગ કરવો. ॥૨૧૦॥

ગામ પીઠવાજાળના પટેલ કરશનભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા ને શ્રીજીની ભક્તિ નિરંતર કરતા હતા ને શ્રીજીમહારાજની નાની મોટી આજ્ઞાઓ શિરસાટે પાળતા હતા. ને કોઈ દિવસ અપશબ્દ બોલતા નહિ. એક વખત ગામધણીએ હુતાસનીને દિવસે અપશબ્દ બોલવાનું કહ્યું ત્યારે કરશનભાઈ કહે જે અપશબ્દ હું બોલીશ નહિ. આવો જવાબ આપ્યો ત્યારે ગામધણીએ ગામમાંથી જતા રહેવાનું કહ્યું. તેથી પોતાના ગામનો ત્યાગ કરીને ગામ તરકતલાવ રહેવા કરશનભાઈ પટેલ ગયા.

તે ગામના સત્સંગીઓના કહેવાથી શ્રીસ્વામિનારાયણ ભગવાનનું મંદિર કરાવ્યું. તે મંદિરનું મોતીયું જરાક આગળ નીકળ્યું હતું તે મંદિરની પછવાડે રહેનાર વાણીયાએ કરશનભાઈ પટેલે મોતીયું કાપવાની ના પાડી છતાં મંદિરનું મોતીયું કાપી નાંખ્યું તેથી તેની બુદ્ધિ ફરી ગઈ અને તે વાણીયો ગણપતિનો ઉપાસક હતો પણ ગણપતિની મૂર્તિ ભાંગી નાખી ને પોતાના ઘરની ખડકી વાસીને પોતાના ઘરનાં નાનામોટાં માણસોને તરવારથી મારી નાખ્યાં ને લોહીથી ભીંતે લખ્યું જે મારા ઘરના માણસોને મેં માર્યાં છે.

આવું લખીને છેવટે પોતે પણ આત્મઘાત કરીને મરણ પામ્યો. આવી રીતે શ્રીજીમહારાજનો તથા તેમના ભક્તનો મોદીયું કાપવાથી અપરાધ કર્યો તો બુદ્ધિ ફરી ગઈ તેથી પોતાનો તથા પોતાના કુટુંબનો નાશ કરીને જમપુરીનાં દુઃખ ભોગવવાનું તથા ચોરાશી લાખયોનીમાં ફરવાનું પોતાને માથે લેતો હવો. ॥૨૧૧॥

એક ગામમાં સોની કરશનભાઈ શ્રીજીમહારાજના પરમ ભક્તરાજ હતા. તે ભક્ત નિરંતર શ્રીજીની મૂર્તિ ધારીને માળા ફેરવતા હતા. આવા ઉત્તમ ભક્તરાજે પુત્રને માટે શ્રીહરિની પ્રાર્થના કરી. તેથી શ્રીસહજાનંદ સ્વામીની ઈચ્છાથી પુત્ર ઉત્પન્ન થયો. તે પુત્ર ત્રણ માસનો થયો ને કરશન ભક્તની સ્ત્રી દેહ મૂકી ગઈ. તેથી ગામના કુસંગી લોકો બોલે જે હે કરશન ભક્ત તમને સત્સંગ સદ્યો નહિ. માટે તમારે જીવવું હોય તો સત્સંગ મૂકી દ્યો. ત્યારે કરશન ભક્તે જવાબ આપ્યો જે મારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાને જે કર્યું છે તે સારું જ કર્યું છે અને સત્સંગ છે તે શિરસાટાનો છે તે મારાથી મેલાય તેમ નથી. એમ લોકોને જવાબ આપીને છોકરાને ધવડાવનાર બાઈનો તપાસ કર્યો પણ મળી નહિ.

પછી વિચાર કર્યો જે શ્રીજીમહારાજે પુત્ર આપ્યો પણ કોઈ ધવડાવનાર મળ્યું નહિ જેથી પુત્ર મરી જશે તો લોકોના અપવાદ સહન કરવા પડશે તેમ

વિચાર કરીને રડતો રડતો બોલ્યો **જે ઘણી થઈ ઘણી ન બનવાને બની, હે વનમાળી મુને લ્યો સંભાળી મહારાજ.** એમ બોલતાં રડવા લાગ્યો, જેથી શ્રીજીમહારાજ પધાર્યા ને કહે જે છોકરાની તમારે ચિંતા છે ને મને નથી શું ? મારે પણ તમારા છોકરાની ચિંતા છે. માટે તે તમારા છોકરાને ધવડાવનાર ન મળ્યું તો તમે તેની માની પેઠે ધવડાવો. મારા વચનથી તમારા સ્તનમાં દૂધ જરૂર આવશે, અને તમારો છોકરો ખાવા શીખશે ત્યારે તમને ધાવણ આવતું બંધ થશે.

આવું શ્રીસ્વામિનારાયણ ભગવાનનું વચન સાંભળીને કરશન ભક્ત પોતાના છોકરાને પોતે ધવડાવવા લાગ્યા જેથી શ્રીજીમહારાજની ઈચ્છાથી ધાવણ આવ્યું. આવી રીતે પોતાના છોકરાને ધવડાવીને પોતે મોટો કર્યો જેથી આવો શ્રીસ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ જોઈને ગામના લોકો આશ્ચર્ય પામ્યા ને બોલતા બંધ થઈ ગયા. અને કરશનભાઈને ઉપર પ્રમાણે કહીને શ્રીસહજાનંદસ્વામી ભગવાન અંતર્ધાન થઈ ગયા. ને મોટો થયેલો છોકરો જોઈને કરશનભાઈ સોની આનંદ પામતા હતા. ॥૨૧૨॥

ગામ પીપલાણામાં નરસિંહ મહેતા શ્રીસ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્તરાજ હતા. તે નરસિંહ મહેતા શ્રીસહજાનંદ સ્વામીનાં અંગોઅંગ જોઈને નિરંતર માળા ફેરવતા હતા. અને નરસિંહ મહેતા દેવસેવા, આચાર્યસેવા, સંતસેવા, નામ, ધર્માદો વિગેરે શ્રીજીમહારાજને રાજી કરવા કરતા હતા. તે એક સમયમાં તે નરસિંહ મહેતાને ઘેર સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામી, શ્રીહરિ તથા સંતોએ સહિત પધાર્યા હતા. ને બીજે દિવસે યોગીની એકાદશી હતી. તેથી શ્રીરામાનંદ સ્વામી, શ્રીનારાયણમુનિ તથા મુક્તાનંદ સ્વામી આદિક સંતોએ સહિત તથા હરિભક્તોને સાથે લઈને **ઓઝત નદીએ** સ્નાન કરવા ગયા ને તે નદીમાં જળક્રીડા કરવા પૂર્વક સ્નાન કરીને પછી વડ નીચે સભા કરીને વિરાજમાન થયા હતા.

તે સમે ઓઝત નદીનો કેટલોક મહિમા રામાનંદ સ્વામીએ કહ્યો. પછીથી શ્રીજીમહારાજે તે સભાને વિશે સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે સ્વામી તમે ઈશ્વર કહેવાઓ છો તો તમે શ્રીરામચંદ્રજી જેવા છો કે શ્રીકૃષ્ણચંદ્ર જેવા છો ? અને તમે રામચંદ્રજી જેવા હોવ તો શ્રીરામચંદ્રજીએ તો ધનુષ્ય ભાંગ્યું, લંકાને બાળી, રાવણને માર્યો, વિભીષણને રાજ્યગાદી આપી ને સીતાજીને લઈ આવ્યા. તેમાં તમોએ શું કર્યું છે તે કહો.

આવું શ્રીહરિનું વચન સાંભળીને સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીએ ઉત્તર આપ્યો જે આ દેહ તે લંકાપુરી તુલ્ય છે. તેમાં રહેલો જીવ તે વિભીષણ છે અને જીવમાં રહેલો મોટો શત્રુરૂપ અહંકાર એટલે હું ને મારું એ રૂપી મિથ્યાભિમાન રૂપ અહંકાર તે રાવણ છે. તે દુષ્ટ અહંકારરૂપ રાવણને કોઈનો સંગ ન કરવા રૂપ શસ્ત્રે કરીને નાશ કરીને મારીને ચિત્તવૃત્તિને જેમ શ્રીરામચંદ્રજી ભગવાનને સીતાજી વરતાં હવાં તેમ સર્વ અવતારના અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન એવા જે તમે તે તમારી મૂર્તિને વિશે મારી ચિત્તવૃત્તિને વરાવી છે કહેતાં જોડી છે. તે તમારે વિશે જોડવારૂપ ચિત્તવૃત્તિએ કરીને મેં રાવણરૂપ અહંકારનો નાશ કરેલ છે તેમજ કામક્રોધાદિક અંતઃશત્રુનો નાશ કરેલ છે ને સર્વ કારણના કારણ એવા પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામી એવા જે તમો તે તમારું પ્રત્યક્ષ ભગવાનનું ભજન હું કરું છું ને મારા આશ્રિત એવા જે હરિભક્તોને તમારુંજ ભજન કરવાનો ઉપદેશ કરું છું અને અનાદિકાળથી જીવમાં રહેલું અજ્ઞાન રૂપ ધનુષ્ય ભાંગ્યું છે. અને જીવરૂપી વિભીષણને તમારી એકાંતિક ભક્તિ કરાવીને અક્ષરધામરૂપ ગાદીએ બેસાડ્યો છે.

આ પ્રકારનો સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીનો ઉત્તર સાંભળીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને ત્યાંથી શ્રીજીમહારાજ તથા સંત-હરિભક્તો સહિત સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામી નરસિંહ મહેતાને ઘેર પધારતા હવા. ને ત્યાં થોડા દિવસ રહીને સર્વે હરિભક્તોને સુખ આપીને પછીથી લોજપુરમાં જતા હવા. ॥૨૧૩॥

ગામ ઝીંઝોડાના કાઠી હાથીયા માંજરીયા શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા અને તે ભક્તને શ્રીહરિનો નિશ્ચય પરિપૂર્ણ હતો ને તે ગામના કાઠીઓ કાશી વિગેરે સ્થળમાં જાત્રા કરવા જતા હતા ત્યારે ઉપરના હરિભક્તને કાશીએ યાત્રા કરવા આવવાનું કહ્યું પણ તે ભક્ત તે કાઠીઓની સંગાથે ગયા નહિ અને ગઢપુર જઈને ઉન્મત્તગંગામાં પોતે સ્નાન કર્યું ને પોતાના બળદિયા પણ નવડાવ્યા ને શ્રીગોપીનાથજી આદિક દેવનાં દર્શન કર્યાં ને બેચાર દિવસ ગઢડામાં રહીને શ્રીજીમહારાજનાં દર્શન તથા કથાવાર્તા સાંભળીને સંતસમાગમ કરીને પાછા પોતાને ગામ આવ્યા ને થોડાક દિવસમાં તેમનો એક બળદિયો મરી ગયો તેથી કુસંગીઓ કહે જે તમે કાશીની જાત્રા કરવા આવ્યા નહિ ને ગઢડાની જાત્રા કરવા ગયા તેથી તમારો બળદિયો મરી ગયો.

તે સાંભળીને હાથીયાભક્તે જવાબ આપ્યો જે તે તો શ્રીજીમહારાજના અક્ષરધામમાં ગયો ને બીજો પણ શ્રીજીના ધામમાં જશે પછીથી બીજા બે બળધિયા લઈશ. તેવું ભક્તનું વચન સાંભળીને ગામના લોકો બોલ્યા જે ઘેલા નદીમાં તો પાણી સુકાઈ જાય છે. તે સાંભળીને હાથીયા ભક્ત કહે જે ઘેલા નદીનો કાંકરો માથે ચઢાવીએ તોપણ મોક્ષ થાય, કારણ કે ઘેલા નદીને પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સાક્ષાત્ સંબંધ થયો છે ને બીજી નદીઓને પરોક્ષ સંબંધ છે માટે મોક્ષને આપનાર ઘેલા નદી છે તે વાતને સાંભળીને ગામના લોકો બોલતા બંધ થઈ ગયા. આવા તે બળવાળા કાઠી હાથીયા ભક્ત હતા. ॥૨૧૪॥

ગામ સમઢીયાળાના કણબી વીરા સેલડીયા શ્રીજીમહારાજના સારા સત્સંગી હતા ને શ્રીજીનું અખંડ ધ્યાન ભજન કરતા હતા. તેમજ નામ ધર્માદો ચોખો કાઢતા. આવા ઉત્તમ ભક્તનાં જ્યારે ઘર બળી ગયાં ત્યારે વીરાભક્તને ગામના લોકો કહે કે તમને સત્સંગ સદ્યો નહિ માટે કંઠીનો ત્યાગ કરો.

આવું કુસંગી લોકોનું વચન સાંભળીને વીરાભક્ત કહે જે મેં શ્રીસ્વામિનારાયણ ભગવાનની પાસેથી વર્તમાન લીધાં ત્યારે મારાં આ જન્મનાં તથા પૂર્વજન્મનાં બધાં પાપ બળી ગયાં હતાં; પણ મારા ઘરનાં ઘણાં કાળનાં પાપ હતાં તે ઘર બળવાથી બળી ગયાં. હવે નવાં ઘર કરીશ ને તેમાં શ્રીસહજાનંદ સ્વામી ભગવાનની મૂર્તિ પધરાવીશ ને ધૂપ દીપ નૈવેદ્ય ધરીશ તેણે કરીને શ્રીજીમહારાજની પૂજા કરીશ અને આરતી ઉતારીશ તેથી શ્રીહરિભગવાનની ભક્તિ કરીને આ દેહને અંતે શ્રીજીમહારાજના અક્ષરધામમાં જઈશ અને જૂનાં ઘર મારાં હતાં તે બળી ગયાં તેથી હું ઘણો રાજી થયો છું. આવો ઉત્તર સાંભળીને ગામના સહુ લોકો કાંઈ પણ બોલ્યા સિવાય ચાલ્યા ગયા. આવા બળવાળા તે વીરા ભક્ત હતા. ॥૨૧૫॥

ગામ ધોરાજીમાં એક વખત શ્રીજીમહારાજની આજ્ઞાથી ભાયાત્માનંદ સ્વામી સોરઠ દેશમાં સત્સંગ કરાવતા કરાવતા આવ્યા હતા તે ભાયાત્માનંદ સ્વામી બે દિવસના ઉપવાસી હતા ને ગામમાં ઝોલી ફરવાનો વિચાર હતો. પણ વરસાદ આવવાથી ગામમાં જઈ શક્યા નહિ ને વરસાદમાં પડી ગયેલા ઘરની ભીંતે ઊભા હતા ને વિચાર કરતા હતા કે બે ઉપવાસ તો થયા છે ને આવતી કાલે એકાદશી છે તો હવે તો આ વરસાદની હેલીમાં શી રીતે જમવાનું મળે ? માટે જેમ શ્રીજીમહારાજની ઈચ્છા હશે તેમ થશે. હવે તો શ્રીહરિને આધારે બેઠા છીએ તે શ્રીજી જમાડશે તો જમીશું.

આવો જ્યાં સંકલ્પ કર્યો કે થોડીવારમાં બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને શ્રીજીમહારાજ હાથમાં રહેલી થાળીમાં ખીચડી, ઘી, અથાણું, પાપડ વિગેરે લઈને બીજા હાથમાં છત્રી ધારણ કરી ભાયાત્માનંદ સ્વામી સાંભળે તેવી રીતે બોલવા લાગ્યા કે કોઈ અન્નાર્થી ? કોઈ અન્નાર્થી ? આવું વાક્ય સાંભળીને બ્રાહ્મણ સ્વરૂપ શ્રીજીને કહ્યું કે હું સ્વામિનારાયણ ભગવાનનો સાધુ છું.

આવું કહેવાથી શ્રીજીએ કહ્યું ભાયાત્માનંદ સ્વામીને ખીચડી વિગેરે જમાડવા સારુ શંકરના મંદિરમાં લઈ જઈને જમાડીને થોડે છેટે જઈને બ્રાહ્મણસ્વરૂપ શ્રીસહજાનંદ સ્વામી અંતર્ધાન થઈ જતા હવા અને ભાયાત્માનંદસ્વામી ત્યાંથી ફરતાં ફરતાં ગઢપુરમાં આવીને શ્રીજીમહારાજનાં દર્શન કરીને સુખને પામતા હવા. ॥૨૧૬॥

અમદાવાદ દેશના સાકરપર ગામમાં મુક્તાનંદ સ્વામી આદિક પચાસ સાધુની સાથે શ્રીજીમહારાજ પધાર્યા હતા. તે ગામના ચોરામાં ઉતારો કર્યો ને તે ગામમાં રહેલા મુમુક્ષુજનો શ્રીજીની તથા સ્વામીની વાતો સાંભળીને શ્રીસ્વામિનારાયણ ભગવાનને હાથેથી વર્તમાન લઈ કંઠી પેરીને સત્સંગી થઈને પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામીનું ભજન કરતા હવા અને શ્રીજીમહારાજ તે ગામથી નીકળવાના થયા ત્યારે તે ગામમાં બે વાણીયા શ્રીહરિનો ચમત્કાર જોઈને પોતાના ઘરબારનો ત્યાગ કરીને શ્રીજીમહારાજની સંગાથે આવીને રહેતા હવા ને બેઉ વાણીયાને શ્રીસ્વામિનારાયણ ભગવાને સાધુ કર્યા ને એકનું નામ ભુર્યાપ્રભ્વાનંદ સ્વામી તથા બીજાનું નામ પરમાનંદ સ્વામી એવાં નામ પાડીને પોતાની હજુરની સેવામાં બેઉ સંતને રાખતા હતા. ॥૨૧૭॥

ગામ વેળાવદરના વિપ્ર દેવજીભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. તે દેવજીભાઈ શ્રીહરિનું ભજનસ્મરણ નિયમપૂર્વક નિરંતર કરતા હતા. તે દેવજીભાઈ વિપ્ર એક વખત ગઢપુર શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા આવ્યા. પછી શ્રીજીને ભેટ ન મૂકવા વિચાર કર્યો કે બે-ત્રણ પૈસાનું નાળિયેર શ્રીહરિને ભેટ મૂકું તો હું શું ખાઉં ? આવી ગરીબ સ્થિતિવાળા વિપ્ર દેવજીભાઈ શ્રીજીને ભેટ ન મૂકતાં બજારમાં જઈને એક પૈસાનાં ગાજર લીધાં ને પછી શ્રીસહજાનંદસ્વામીની પાસે આવ્યા. ત્યારે શ્રીજીએ પૂછ્યું જે આ ખભે રહેલી પોટલીમાં શું બાંધી લાવ્યા છો ? ત્યારે દેવજીભાઈ વિપ્ર કહે જે હે શ્રીહરિ આજે એકાદશી છે તેથી એકાદશીને દિવસે ફરાળ કરવા ગાજર બાંધી લાવ્યો છું.

આવું વચન બોલીને ગાજરની પોટલીની ભેટ મૂકી તે જોઈને શ્રીજીમહારાજે મુકુંદાનંદજી બ્રહ્મચારીને બોલાવ્યા ને કહ્યું જે આ અડધાં ગાજરનું શાક કરજો અને અડધાંનું અથાણું કરજો. અને આ દેવજીભાઈ વિપ્ર ગઢપુરમાં રહે ત્યાં સુધી તેમને બે વખત જમાડજો. એવી બ્રહ્મચારીને શ્રીસહજાનંદ સ્વામી ભલામણ કરતા હતા. એવા શ્રીજીમહારાજ બ્રાહ્મણ ઉપર દયાવાળા છે. ॥૨૧૮॥

ગામ આંબાના દેવસીભાઈ શ્રીજીમહારાજના પરમ ભક્તરાજ હતા. તે દેવસીભાઈ શ્રીસ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને ત્રણેવ અવસ્થામાં દેખતા હતા. અને શ્રીજીની મૂર્તિ ધારીને અખંડમાળા, માનસી પૂજા વિગેરે કરતા હતા. આવા ઉત્તમ ભક્તને શ્રીસહજાનંદસ્વામી વારંવાર દર્શન આપતા હતા. તે દેવસીભાઈને ગામ એક વખત ધર્મ ધુરંધર આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ ફરતા ફરતા પધાર્યા હતા. તેમની સંગાથે સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી ફરવા આવ્યા હતા. તેમને ભજનાનંદ સ્વામીએ દવા આપી હતી. તે દવા બકરીના દૂધમાં ખાવાની હતી. તે નિત્યાનંદ સ્વામી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ સંગાથે આંબા ગામમાં બાર વાગ્યે આવ્યા પછી બપોરે બકરીનું દૂધ નહિ મળે તેમ સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી વિચાર કરતા હતા. તેટલાકમાં દેવસીભાઈએ પૂછ્યું કે હે સ્વામી શું જોઈએ છે ? ત્યારે નિત્યાનંદ સ્વામી કહે જે બકરીનું દૂધ જોઈએ છે. પછી દેવસીભાઈ ભક્તે પોતાના ઘેર બકરી રાખતા હતા તે પોતાને ઘેર જઈ બકરીને દોહીને દૂધ લાવીને સ્વામીને આપ્યું.

પછી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તે આંબા ગામમાં થોડા દિવસ રહીને હરિભક્તોને કથાવાર્તા દર્શન વિગેરેનું સુખ આપીને ગઢપુર પધારતા હતા. પછી તે દેવસીભાઈ ભક્તની બકરીનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજે દેવસીભક્તને દર્શન દઈને કહ્યું કે તમારી બકરીનું દૂધ નિત્યાનંદ સ્વામીની દવામાં ખપ લાગ્યું હતું તે પૂન્યે કરીને તમારી બકરીના જીવને મારા અક્ષરધામમાં લઈ જવા આવ્યો છું તો આપની મરજી હોય તો લઈ જાઉં. ત્યારે દેવસીભક્તના કહેવાથી શ્રીજીમહારાજ બકરીના જીવને પોતાના ધામમાં લઈ જતા હતા. (સંપ્રદાયના અન્ય ગ્રંથોમાં ભરવાડને ઘેરથી દૂધ લાવ્યા હતા એવો ઉલ્લેખ છે.) ॥૨૧૯॥

ગામ ખંભાતમાં શ્રીજીમહારાજની આજ્ઞાથી સંતો ફરવા ગયેલા તે ગામની ધર્મશાળામાં સંતો ઊતર્યા હતા ને પોતાના સમીપમાં આવતા એવા જે મુમુક્ષુઓ તેમને શ્રીજીમહારાજના જન્મની તથા લીલાની ધર્મસંબંધી જ્ઞાન વૈરાગ્ય ભક્તિ

વિગેરેની વાતો કરતા ને ગામમાં ઝોળી ફરીને પોતાનો નિર્વાહ કરતા હતા. તે એક સમે ઝોળી ફરવા માટે સંતો ગામમાં ગયા ત્યારે પોતાના ઘરને ધોળી ધૂળથી ધોળતી એવી એક બાઈએ ધોળ કરવાનું પોતું માર્યું. તે પોતાને સંતો લઈ ગયા ને તળાવમાં ધોઈ નાખ્યું ને તે પોતાના તંતુ કાઢીને વાટો કરીને શ્રીજીમહારાજની મૂર્તિ આગળ તે વાટોના ઘીના દીવા કર્યા તેથી તે બાઈનું અંતઃકરણ શુદ્ધ થયું. પછી શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કર્યું તેથી તે બાઈનો અંતકાળ થયો તે વખતે શ્રીસહજાનંદસ્વામી ભગવાન તેડવા આવ્યા તેમની સાથે તે બાઈ શ્રીજીમહારાજના અક્ષરધામમાં જતી હતી. ॥૨૨૦॥

ગામ હાથસણીના પટેલ કાનાભાઈ શ્રીજીમહારાજના ભક્ત સારા હતા. ને તે કાના ભક્ત શેરડીના બે સાંઠા લઈને ગઢપુર જઈને શ્રીસ્વામિનારાયણ ભગવાનને જમાડતા હતા તેથી શ્રીહરિ કાના ભક્ત ઉપર પ્રસન્ન થતા હતા. પછી શ્રીસહજાનંદસ્વામી તે કાના ભક્તનો અંતકાળ થયો ત્યારે તે ભક્તના ઘર આગળ શેરડીના સાંઠાના ઢગલા કર્યા ને શ્રીજીએ દર્શન આપીને કાના પટેલને પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા. આવા શ્રીહરિ પોતાની અલ્પ સેવા કરનારને મોટા ફળરૂપ પોતાનું ધામ આપે છે. ॥૨૨૧॥

જામનગર તાબે-ગોપગામમાં એક માળીએ આંબા, દ્રાક્ષ, દાડમ, કેળો વિગેરે ફળફૂલની વાડી ઈજારે રાખી હતી. તે વાડીમાં શ્રીજીમહારાજની આજ્ઞાથી દેશાંતરમાં ફરવા નીકળેલા બે સંત આવ્યા. તે સંત વાડીમાં રહેલો કૂવો જોઈને વાડીનું રક્ષણ કરનાર માળીને પૂછ્યું કે આ તમારી વાડીમાં રહેલા કૂવામાંથી પાણી કાઢીને અમારે નાવું છે તો તમારી મરજી હોય તો અમે સ્નાન કરીએ. ત્યારે વાડીને સાચવનાર માળીએ હા પાડી જેથી બેઉ સંતોએ શ્રીજીમહારાજને સંભારીને સ્નાન કર્યું.

પછી પૂજાપાઠ વિગેરે પરવારી ચાલવાના થયા ત્યારે માળીએ પૂછ્યું કે તમે કેના સાધુ છો ? ત્યારે સંત કહે જે અમે શ્રીસ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ માટે તે શ્રીહરિ ભગવાન ગામ ગઢડામાં રહે છે તેમનાં દર્શન કરવા જઈએ છીએ. આવું સંતના મુખ થકી વચન સાંભળીને માળીએ સાધુને બે કેરીઓ આપી ને કહે જે તમારા શ્રીસ્વામિનારાયણ ભગવાનને આ બે કેરીઓ આપજો. પછી બેઉ સંત ફરતા ફરતા ગઢડે આવ્યા ને અક્ષરઓરડીમાં વિરાજમાન શ્રીસહજાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કરીને પગે લાગીને બેઠા.

શ્રીજીમહારાજે દેશાંતરના સમાચાર પૂછ્યા તે સર્વે કહ્યા પણ ગોપગામની આંબાની વાડીના રખવાળે આપેલી કેરી બે આપવાની ભૂલી ગયા. ત્યારે શ્રીહરિએ અંતર્યામિપણે સંત પાસેથી બે કેરીઓ માગી લીધી ને મુકુંદાનંદજી બ્રહ્મચારીને બોલાવીને ધોઈને સુધારવાની આજ્ઞા કરી જેથી બ્રહ્મચારીએ સુધારી દેવને ધરાવીને શ્રીજીને આપી તે શ્રીહરિ જમ્યા ને પ્રસાદ બ્રહ્મચારી સંત પાળા વિગેરેને આપ્યો. પછી શ્રીજીમહારાજ તે ગોપગામની વાડીના રખેવાળનો અંતકાળ થયો ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાન બે કેરીઓના પૂન્યે કરીને અક્ષરધામમાં તે માળીના જીવને લઈ ગયા એવા શ્રીજીમહારાજ દયાળુ છે. ॥૨૨૨॥

ગામ મુઝાવદરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી દેશાંતરમાં ફરવા ગયેલા સંત ફરતા ફરતા ઉપરના ગામમાં આવીને શંકરના મંદિરમાં ઊતરેલા હતા. તે શંકરનાં નિરંતર દર્શન કરનાર ભાવિક લુવાણાએ ઉપરના સંતોને પૂછ્યું કે તમે કેના સાધુ છો ? ત્યારે સંત કહે અમે શ્રીસહજાનંદસ્વામી ભગવાનના સાધુ છીએ ને તેમની આજ્ઞાથી આ લોકમાં રહેલા મુમુક્ષુજનોને ઉપદેશ કરવા ફરીએ છીએ તે આજે આ ગામમાં આવ્યા છીએ.

આવું સંતનું વચન સાંભળીને તે ગામમાં રહેલા લુવાણાએ સંતો જ્યારે ગામમાં ઝોળી ફરવા ગયા ત્યારે બે રોટલાનો લોટ આપ્યો. તે પૂન્યે કરીને તે લુવાણાનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ તેને વિમાનમાં બેસાડીને અક્ષરધામમાં લઈ જતા હતા. આવી રીતે આ વખતે શ્રીહરિજી અઢળક ઢળ્યા છે. માટે જે કોઈ માણસ પોતાની અગર પોતાના સંતની થોડી સેવા કરે છે તે સેવાને બહુ માનીને તેને પોતાના અક્ષરધામમાં લઈ જાય છે. માટે શ્રીસહજાનંદસ્વામી ભગવાનની તથા તેમના સંતની સેવા કરવામાં ચૂકવું નહિ તે જ સિદ્ધાંત છે. ॥૨૨૩॥

ગામ ગઢપુરથી એક વખત શ્રીસહજાનંદ સ્વામી ભગવાનની આજ્ઞાથી સંતો ગામડામાં ફરવા ગયા હતા તે જે જે ગામમાં જાય ત્યાં ચોરામાં અગર ધર્મશાળામાં ઉતારો કરીને શ્રીજીમહારાજનું ભજન કરતા ને જે કોઈ માણસ પોતાની પાસે આવે તેને શ્રીજીમહારાજના મહિમાની વાતો કરે અને બનતા સુધી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવીને વર્તમાન ધરાવીને કંઠી પેરાવીને સત્સંગી કરીને શ્રીજીમહારાજનું ભજન કરાવે.

આવી રીતે ઘણાં ગામ ફરીને સંતો ગઢપુર આવતા હતા. તે સંતોને એક ભરવાડ મળ્યો. તે ભરવાડે રસ્તામાં ભેગા થયેલા સંતને પગે લાગીને પોતાના હાથમાં રહેલી સોટી સંતને આપી ને કહે જે તમારા ભગવાનને આ મારી સોટી આપજો. આવું ભરવાડનું વચન સાંભળીને ત્યાંથી ચાલ્યા. એવા સંત ગઢપુર આવ્યા ને શ્રીજીમહારાજનાં અક્ષરઓરડીમાં દર્શન કરીને ભરવાડે આપેલી સોટી શ્રીહરિને આપી તે પૂન્યે કરીને શ્રીજીમહારાજ તે ભરવાડને સોટી દેખાડીને પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા. ॥૨૨૪॥

ગામ મહુડીયાપરામાં ધારાળા-સુલુક ભક્ત શ્રીજીમહારાજના સત્સંગી હતા. તે સુલુક ભક્ત શ્રીસ્વામિનારાયણ ભગવાનનું નિરંતર ભજન સ્મરણ કરતા હતા. એક સમયે શ્રીસહજાનંદ સ્વામી ભગવાન ગઢપુરથી વડતાલ ચૈત્ર માસનો સમૈયો કરવા પધાર્યા હતા તે એક દિવસ શ્રી ગોમતીજીના કાંઠા ઉપર રહેલ આંબાવાડીયામાં રહેલ મોટો ઓટો છે તે જગ્યાએ શ્રીજીમહારાજ-બ્રહ્મચારી-સંત-પાળા-હરિભક્તો વિગેરે સહિત સભા કરીને વિરાજમાન થયા હતા ને ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ સંબંધી શ્રીહરિ સભામાં વાતો કરતા હતા તે વખતે મહુડીયાપરાના સુલુક ભક્ત પોતાના ખેતરમાં થયેલી ચીભડાની કાકડી લઈને શ્રીજીમહારાજને આપવા આવતા હતા.

તે સમયે મનને તથા જીવને લડાઈ રસ્તામાં થતી હતી કે મન કહે ચીભડાને ખાઈ જાઉં ને સુલુક ભક્તનો જીવ કહે જે મારે તો આ કાકડી શ્રીસ્વામિનારાયણ ભગવાનને આપવી છે. આવી રસ્તામાં લડાઈ કરતાં કરતાં સુલુક ભક્તે કાકડી શ્રીજીમહારાજને આપી ત્યારે શ્રીસહજાનંદ સ્વામી ભગવાન અંતર્યામિપણે સુલુક ભક્તને રસ્તામાં થયેલી મનની તથા જીવની લડાઈની વાત સભામાં કરતા હતા. જે સુલુકભક્તનો જીવ બળીઓ હતો તો મનનું કહેલું ન માનીને આ કાકડી લઈને અહીં આવી મને આપી. તે કાકડીને ધોઈને સુધારીને પોતે જમીને સર્વને પ્રસાદ આપતા હતા. ને વળી કહેતા હતા કે જે મનુષ્ય મનનું કહેલું ન માનીને તમારા સહુનો ઈષ્ટદેવ એવો જે હું તે મારી ભક્તિ જીવની પાસે કરાવે છે તે જીવ ઉપર પ્રસન્ન થયેલો એવો હું તે તે જીવને મારા અક્ષરધામમાં લઈ જાઉં છું. માટે મારી આજ્ઞામાં રહીને મારું ભજન કરજો. આવી રીતે સર્વને વાત કરતા હતા. પછી જ્યારે સુલુક ભક્તનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ તેમને પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા ને પોતાની હજુરની સેવામાં રાખતા હતા. ॥૨૨૫॥

ગામ વડતાલના જોબનપગી તથા સુંદરપગી આ બેઉ ભાઈઓ ગામ ડભાણમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન યજ્ઞ કરવા માટે કાઠીના અસ્વારો સાથે આવ્યા હતા ત્યારે કાઠીઓની ઉત્તમ જાતિની ઘોડીઓ ચોરવા માટે જોબનપગી પોતાના ભાઈ સુંદરપગીને લઈને ડભાણ આવ્યા ને રાત્રિના બાર વાગ્યે ઘોડશાળમાં બાંધેલી ઘોડીઓને ચોરવા માટે ગયા તે વખતે શ્રીજીમહારાજે કોઈ ઘોડીને પાણી પાતા હોય તેમ દર્શન આપ્યાં ને બીજી ઘોડી લેવા જાય ત્યારે તે ઘોડીને ચંદી ખવડાવતા હોય તેમ જોવામાં આવે, પછી ત્રીજી ઘોડીને લેવા જાય ત્યારે તે ઘોડીને ખડ નાખતા હોય આવી રીતે શ્રીસ્વામિનારાયણ ભગવાનની સાથે આવેલા કાઠી સ્વારોની ઘોડીઓ લેવા માટે ત્રણ દિવસ ઉપરના પગીઓએ ઉજાગરા કર્યા પણ ઉપર પ્રમાણે શ્રીજીમહારાજને ઘોડીએ ઘોડીએ જોવાથી ઘોડીઓ લઈ શક્યા નહિ.

પછી ત્રીજી રાત્રિએ બેઉ ભાઈઓએ વિચાર કર્યો જે શ્રીસ્વામિનારાયણને સહુ ભગવાન કહે છે માટે શ્રીજીમહારાજ નિશ્ચે ભગવાન છે માટે આપણો ઘોડીઓ ચોરવાનો સંકલ્પ પૂરો થયો નહિ ને આપણને ઘોડીએ-ઘોડીએ દર્શન આપ્યાં માટે જ્યાં ગુના છૂટવાના ત્યાં જઈને ઘોડીઓ ચોરવારૂપી ગુના કરેલા છે માટે આવતી કાલે શ્રીસહજાનંદ સ્વામી ભગવાનની પાસે જઈને આપણાં ગુનાની માફી માગીને તેમના સત્સંગી થઈને આપણે ઘેર જવું.

આવો સંકલ્પ કરીને રાત્રિએ સૂઈ ગયા. પછી બીજે દિવસ સવારમાં સ્નાન વિગેરેથી પરવારીને શ્રીસ્વામિનારાયણ ભગવાન સભા કરી વિરાજમાન હતા ત્યાં જોબનપગી તથા સુંદરપગી એ બેઉ ભાઈઓ સભામાં જઈને શ્રીહરિને નમસ્કાર કરીને પોતે કરેલો ગુનો નિવેદન કરીને તે ગુનાની માફી માગતા થકા કહેતા હવા કે અમારે આપના સત્સંગી થવું છે માટે આપશ્રીના હાથથી અમને વર્તમાન ધરાવી કંઠી પેરાવો.

આવું બેઉ ભાઈઓનું વચન સાંભળીને શ્રીજીએ બ્રહ્મચારી પાસે પાણી મંગાવીને બેઉ ભાઈના હાથમાં પાણી આપવા જતા શ્રીહરિને જોબનપગી કહે હે શ્રીસ્વામિનારાયણ ભગવાન અમને વર્તમાન ધરાવીને સત્સંગી કરવા રહેવા દ્યો કારણ કે અમારાં એટલાં બધાં પાપ છે કે શ્રીસૂર્યનારાયણના તેજને ઝાંખું કરી નાંખે એવું તેજ આપના મુખનું છે, તે અમને વર્તમાન ધરાવીને અમારું પાપ લેશો તો તમારા મુખનું તેજ નાશ પામશે.

આવું જોબનપગીનું વચન સાંભળીને શ્રીસહજાનંદસ્વામી ભગવાન બોલતા હતા કે, તમારું પાપ મારે શી ગણતીમાં છે ? પણ હું અનંતકોટિ બ્રહ્માંડનું પાપ લઉં તો પણ મારા મુખનું તેજ ઝાંખું પડે નહિ. આવું કહીને બેઉ જણને વર્તમાન ધરાવીને કંઠી પેરાવી સત્સંગી કર્યા ને પોતાના નામનું ભજન કરવા બેઉને માળા આપી જેથી નિરંતર શ્રીજીનું નિયમપૂર્વક ભજન કરતા હતા.

આવી રીતે શ્રીજીનો આશ્રય કરીને ડભાણમાં થોડા દિવસ રહીને શ્રીજીમહારાજનો તથા સત્પુરુષનો સમાગમ કરતા હતા.

એક દિવસ સભામાં શ્રીસહજાનંદસ્વામી ભગવાન કહેતા હતા કે જોબનપગીનાં પાપ લેવાને માટે કોઈ સંકલ્પ કરે તો બળીને રાખ થઈ જાય એટલાં બધાં પાપ છે. આવા પાપવાળા ચાર જણ છે તેમાં પહેલા જોબનપગી, બીજો સગરામ વાઘરી, ત્રીજો મુંજોસુરૂ અને ચોથા નાગપાલવરું-આ ચાર પાપના પર્વત હતા. તેમને વર્તમાન ધરાવીને કંઠી પેરાવીને અમારા સત્સંગી કર્યા છે. આ ચારે જણ સત્સંગી થઈને અમારું પ્રત્યક્ષનું ભજન કરે છે. પછી જોબનપગી શ્રીજીમહારાજની રજા લઈને પોતાના ભાઈ સહિત વડતાલ જતાં રસ્તામાં જોબનપગીએ સંકલ્પ કર્યો કે જો શ્રીજીમહારાજ ભગવાન હોય તો મારા ઘરના મેડા ઉપર રહેલી બારીએ બેઠેલા જોઉં તો શ્રીસ્વામિનારાયણ નિશ્ચે ભગવાન છે એમ હું માનું. આવો સંકલ્પ કરીને ઘેર ગયા ત્યારે શ્રીજીને મેડાની બારીએ બેઠેલા જોઈને શ્રીહરિજી નિશ્ચે ભગવાન છે એમ માની શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા થકા આનંદને પામતા હતા. ॥૨૨૬॥

ગામ જોળના પટેલ કૃષ્ણદાસભાઈ શ્રીજીમહારાજના સારા સત્સંગી હતા. તે પટેલ એક વખત શ્રીજીમહારાજ ફૂલદોળનો ઉત્સવ કરવા વડતાલ પધાર્યા હતા તેમના દર્શન કરવા વડતાલ આવતા હતા. રસ્તામાં આવેલા એક ખેતરમાં સારી ચોળાફળી જોઈને વિચાર થયો જે આ ચોળાફળી હું લઈ જાઉં તો શ્રીહરિ જમશે તો ખેતરવાળાનું કલ્યાણ થશે. એમ ધારીને ચોળાફળી લઈને પટેલ વડતાલ ગયા. તે સમે શ્રીસ્વામિનારાયણ ભગવાન, શ્રીહનુમાનજી તથા શ્રીગણપતિના દરવાજા પાસે લીંબડો હતો તે લીંબડાની નીચે સભા કરીને વિરાજમાન હતા ને શ્રીસહજાનંદસ્વામી ભગવાન સભામાં બેઠેલા બ્રહ્મચારી, સંત, પાળા, હરિભક્તોને ધર્મનો ઉપદેશ કરતા હતા.

તે સભામા આવીને જોળના પટેલે ચોળાફળીની પોટલી પાટ ઉપર મૂકી ને પગે લાગીને સભામાં બેઠા. ત્યારે તે ચોળાફળીની પોટલી શ્રીજીમહારાજે છોડીને ચોળાફળી જોઈને પટેલને પોતાની પાસે બોલાવીને પૂછ્યું કે આ ચોળાફળી બહુ સારી છે તે તમારા ખેતરમાંથી લાવ્યા કે બીજાના ખેતરમાંથી લાવ્યા ? ત્યારે પટેલ કહે મારા ખેતરમાં ચોળાફળી નથી પણ બીજાના ખેતરમાંથી ચોળાફળી લાવ્યો છું. ત્યારે શ્રીજીમહારાજ કહે કે કોઈના ખેતરમાંથી ચોરી કરીને લાવેલ ચોળાફળી મને ખવડાવવી છે ? માટે ચોરી કરીને લાવેલ ચોળાફળી મારે ખપ આવશે નહિ ? માટે આ ચોળાફળી જેના ખેતરમાંથી તમે લાવ્યા હોય તે ખેતરના ધણીને ચોળાફળી આપી આવો ને ખેતરવાળો તમને કહે કે તમે મારા ખેતરમાંથી ચોળાફળી મને પૂછ્યા વિના લીધી પણ મને પાછી આપવા આવ્યા માટે તમારે માથે ચોરી કર્યાનું પાપ નથી. એમ ચોળાફળીના ખેતરવાળો કહે તો તમે અહીં પ્રાયશ્ચિત્ત લેવા આવશો નહિ ને ઉપર પ્રમાણે તમને કહે નહિ તો ચોળાફળીની ચોરી કરી તે પાપનું પ્રાયશ્ચિત્ત લેવા આવજો.

આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને તે જોળના પટેલ પોતાને ગામ જઈ ચોળાફળીના ખેતરના ધણીને આપી તેથી ચોળાફળી ખેતરવાળાએ પોતાના ગામના પટેલને માફીઆપીને ચોળાફળીના ચોરવારૂપ પાપથી રહિત કર્યો જેથી વડતાલ શ્રીજી પાસે પ્રાયશ્ચિત્ત લેવા ગયા નહિ. કહેવાનું કે શ્રીસહજાનંદસ્વામી ભગવાને શિક્ષાપત્રીમાં લખ્યું છે કે ધર્મને માટે પણ ચોરી કરવી નહિ માટે શ્રીજીમહારાજે કહેલા ચોરી આદિક નિયમો પાળશું તો જ શ્રીહરિ આપણી ઉપર પ્રસન્ન થશે. ॥૨૨૭॥

ગામ બોટાદના વાણીયા ભગાભાઈ દોશી શ્રીજીમહારાજના પરમ એકાંતિક ભક્ત હતા ને શ્રીસ્વામિનારાયણ ભગવાનની નાનીમોટી આજ્ઞાઓ શિર સાટે પાળતા હતા. તેમજ દેવસેવા-આચાર્યસેવા-સંતસેવા-તન-અને ધનથી કરવામાં તૈયાર રહેતા હતા તે ભગાભાઈએ પોતાના ગામના મંદિરમાં અખંડ રહેવા માટે સંતની માગણી શ્રીજીમહારાજ પાસે કરી ત્યારે તે ભગાભાઈ શેઠ ઉપર પ્રસન્ન થયેલા શ્રીસહજાનંદ સ્વામી ભગવાન બોટાદના મંદિરમાં હંમેશાં રહેવા માટે સાંખ્યાનંદ સ્વામીને તથા ધ્યાનાનંદ સ્વામીને આજ્ઞા કરતા હવા જેથી બેઉ સંત ભગાભાઈની સંગાથે બોટાદ જઈને શ્રીસ્વામિનારાયણ મંદિરમાં રહીને અખંડ શ્રીહરિનું ભજન કરતા હવા.

શેઠ ભગાભાઈ જેવા જ તેમના દીકરા શિવલાલભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા ને શિવલાલભાઈ હંમેશાં ઘેરથી સ્નાન કરીને પૂજા કરવા મંદિરમાં આવીને એક ઠેકાણે બેસીને પૂજા કરતા તે પ્રથમ માનસી પૂજા કરીને ત્રણ પાણીનાં આચમન કરીને કંકુના ચાંલ્લા સહિત ઊર્ધ્વપુંડ્રતિલક કરીને શ્રીજીમહારાજની મૂર્તિઓને પાથરણામાં પધરાવીને શ્રીજીનું આવાહન કરતા હતા ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ આવીને વિરાજમાન થતા એવા શ્રીહરિકૃષ્ણ ભગવાનનાં દર્શન કરવા સાંખ્યાનંદ સ્વામી તથા ધ્યાનાનંદ સ્વામી આવીને શિવલાલભાઈને સમીપે બેસીને દર્શન કરતા.

તે શિવલાલભાઈ શ્રીસહજાંનદ સ્વામી ભગવાનને ચંદન-પુષ્પ-તુળસી-ધૂપ-દીપ-નૈવેદ્ય આદિક જે જે વસ્તુ અર્પણ કરતા તે વસ્તુને શ્રીહરિ અંગીકાર કરતા ને શિવલાલભાઈ માળા ફેરવી તથા પ્રદક્ષિણા ફરી તથા દંડવત્ પ્રણામ કરીને જ્યારે શ્રીજીમહારાજનું વિસર્જન કરતા ત્યારે તેમની મૂર્તિઓમાંથી શ્રીજી પોતાના સ્થાનમાં પધારતા હતા ત્યારે ઉપરના બન્ને સંતો પોતાના આસને જતા.

આવી રીતે ઘણાં દિવસ ચાલ્યું. પછી એક દિવસ શિવલાલભાઈ પૂજા કરવા બેઠા હતા ને મૂર્તિઓ પધરાવીને શ્રીજીમહારાજનું આવાહ્ન કર્યું જેથી શ્રીહરિ પધાર્યા તેમનાં દર્શન કરવા બેઉ સંત આવીને બેઠા તે જ સમયે શિવલાલભાઈનો મુનીમ આવ્યો. તે મુનીમની સંગાથે શિવલાલભાઈ વાતચીત કરવા લાગ્યા ત્યારે શ્રીજીમહારાજ શિવલાલભાઈની મૂર્તિઓમાંથી ચાલીને પોતાના સ્થાનમાં પધારતા હતા. તે શ્રીહરિનાં દર્શન કરવા આવેલા ઉપરના બેઉ સંત પણ ચાલ્યા ગયા. પછી બીજે દિવસ શિવલાલભાઈ પૂજા કરવા આવીને બેઠા ને શ્રીજીમહારાજનું આવાહન કર્યું એટલે શ્રીજી પધાર્યા. તેમના દર્શન કરવા ઉપરના સંતો આવ્યા ને પૂજાવિધિ પૂરો થઈ રહ્યા પછી શ્રીહરિનું વિસર્જન કર્યું એટલે શ્રીજી પોતાના સ્થાનમાં પધાર્યા ત્યારે સંતો પોતાના સ્થાનમાં જતા હતા.

તે વખતે શિવલાલભાઈએ બેઉ સંતોને કહ્યું કે દરરોજ તો હું પૂજાનો વિધિ બધો પરવારી રહું છું પછી આપશ્રી તમારા સ્થાનમાં પધારો છો ને ગઈ કાલે મારી પૂજા પૂરી નહોતી થઈને તમો ચાલ્યા ગયા હતા તેનું કારણ શું ? ત્યારે બેઉ સંતોએ શિવલાલભાઈને કહ્યું જે જ્યારે તમો તમારી પધરાવેલી મૂર્તિઓનું આવાહન કરો છો ત્યારે પ્રત્યક્ષ શ્રીજીમહારાજ તમારી મૂર્તિઓમાં આવીને બેસે છે ને તમે જે જે વસ્તુઓ શ્રીજીને અર્પણ કરો છો તે તે વસ્તુઓ ચંદન વિગેરેને અંગીકાર

કરે છે. તમારો પૂજાનો વિધિ પૂરો થઈ રહે છે અને જ્યારે વિસર્જન કરો છો ત્યારે તમારી મૂર્તિઓમાંથી શ્રીહરિ પોતાના સ્થાનમાં પધારે છે. તે તમારી મૂર્તિમાં પધારેલા શ્રીસહજાનંદ સ્વામીનાં દર્શન કરવા અમે આવીએ છીએ તે ગઈ કાલે કાંઈ કામ માટે આવેલા તમારા મુનીમની સંગાથે તમે વાતો કરવા લાગ્યા ત્યારે શ્રીજી તમારી મૂર્તિઓમાંથી ચાલી નીકળીને પોતાના સ્થાનમાં પધાર્યા ત્યારે શ્રીહરિનાં દર્શન કરવા આવેલા અમે પણ અમારા સ્થાનમાં જતા હતા. પણ અમારે તમારી પાસે બેસવાનું બીજું કાંઈ પણ કામ નથી.

આવું સંતનું વચન સાંભળીને તે જ દિવસથી શિવલાલભાઈએ નિયમ રાખ્યો જે પૂજા કરવા બેસવું ત્યારે કોઈની સાથે વાતચીત કરવી નહિ. આવો નિયમ જીવંતપર્યંત રાખ્યો. કેવાનું કે આપણે પણ શ્રીજીમહારાજની પૂજા કરતી વખતે કોઈની સાથે વાતચીત કરીશું તો શ્રીજી આપણી પૂજાની મૂર્તિમાં પધારેલા હશે તો પોતાના સ્થાનમાં જતા રહેશે માટે પૂજા કરતાં સુધી કોઈની સાથે બોલવું નહિ એવો નિશ્ચય રાખીને પૂજા કરવા બેસશું તો જ શ્રીજીમહારાજ આપણો નિયમ જોઈને પ્રસન્ન થઈને આશીર્વાદ આપશે. ને રાજી થઈને અંતકાળે પોતાના અક્ષરધામમાં લઈ જશે. માટે શ્રીસ્વામિનારાયણ ભગવાનને રાજી કરતાં શીખવું એ જ આ વાત કહેવાનો સિદ્ધાંત છે. ॥૨૨૮॥

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજ ફૂલદોળનો ઉત્સવ કરવાના છે એવા સમાચાર દેશાંતરમાં જવાથી દરેક ગામના સત્સંગીઓ ગઢપુર આવતા હવા. ને શ્રીજીમહારાજને ભેટ કરવા પોતાની ઇચ્છા પ્રમાણે વસ્તુઓ લાવતા હતા. તે ફૂલદોળના ઉત્સવ ઉપર સારંગપુરના જીવાખાચરના દીકરા વાઘાખાચર તથા અમરાખાચરે વિચાર કર્યો કે આપણે શ્રીજીને ભેટ આપવા કેવાં વસ્ત્રો લઈ જઈશું? આવો વિચાર કરીને ફૂલદોળને દિવસે પેરીને રંગક્રીડા કરે તેવાં પહેરવા યોગ્ય સફેદ સુરવાળ, વાઘો, પટકો, પાઘ બાંધવાનું વસ્ત્ર આદિકની પોટલી બાંધીને લઈ ગયા.

તે બેઉ ભાઈઓને દાદાખાચર પોતાના દરબારમાં ઉતારો આપતા હવા. પછી ફૂલદોળના ઉત્સવને દિવસે સભામાં વિરાજમાન થયેલા શ્રીસ્વામિનારાયણ ભગવાનની દેશાંતરમાંથી આવેલા હરિભક્તો શ્રીજીની ચંદન, ફૂલ, ફળ, વસ્ત્રો વગેરેને મૂકીને પૂજા કરતા હવા. તેમાં કોઈ સોનેરી લપ્પાનો પોશાક મૂકતા હવા. કોઈ રૂપેરી લપ્પાનો પોશાક તથા કોઈ ભરત ભરેલો પોશાક તથા કોઈ કીનખાબના પોશાકની ભેટ મૂકી આરતી કરી સ્તુતિ કરીને પોતાના સ્થાનમાં જઈને બેસતા હવા.

આવી રીતે ઘણાં હરિભક્તોની ભેટ મૂકેલા ભારે ભારે પોશાકો જોઈને શ્રીજીમહારાજની પૂજા કરવા જીવાખાચરના દીકરા બેઉએ સભામાં ઊભા થઈને ચંદન પુષ્પથી પૂજા કરીને પોશાકની પોટલી શ્રીહરિની પાટ ઉપર મૂકી તેને શ્રીજીએ છોડીને, જોઈને કહે જે, હે વાઘાખાચર તમે જે પોશાક લાવ્યા છો તેને પેરીને અમે આજે રંગે રમીશું. આ રંગ રમવાના દિવસે તો સફેદ પોશાક પેરવાની અમારી ઇચ્છા જાણીને કરી લાવ્યા છો.

એમ કહીને સફેદ પોષાક પેરી શ્રીજી મહારાજ દેશાંતરમાંથી આવેલા હરિભક્તો તથા ગઢપુરના હરિભક્તો સંગાથે રંગ રમતા હતા તે પછી ઉન્મત્તગંગામાં સ્નાન કરવા સંત-હરિભક્તો સહિત પધારતા હતા. ત્યાં રંગવાળાં વસ્ત્ર ઉતારીને દાદાખાચરને આપતા હતા ને બીજું વસ્ત્ર પેરીને સખાઓની સંગાથે જળક્રીડા કરવાપૂર્વક સ્નાન કરીને દરબારમાં આવીને પોતે જમીને સર્વ સંત તથા હરિભક્તોને જમાડતા હતા. તે જ ફૂલદોળની રાત્રિએ સફેદ પોશાક લાવીને શ્રીજીને અર્પણ કરનાર વાઘાખાચરને તથા અમરાખાચરને જે કપાસની વેણોમાંથી રૂ ઉત્પન્ન થયું હતું તે વરખડીયોના જીવો ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરીને મુગટ-પીતાંબર-કુંડળ-ઘરેણાંને ધારણ કરીને વિમાનમાં બેસીને શ્રીજીમહારાજના અક્ષરધામમાં જતા વેણોના જીવો ઉપરના બેઉ ભાઈને દર્શન દઈને કહેતા હતા કે હે વાઘાખાચર તથા અમરાખાચર તમે બેઉ જણાએ અમારા રૂમાંથી ઉત્પન્ન થયેલા તંતુવાળા સફેદ મલમલનો પોશાક કરાવીને શ્રીસ્વામિનારાયણ ભગવાનને પેરાવ્યો તે પુન્યે કરીને અમે સર્વે વરખડીયોના જીવોને શ્રીહરિના અક્ષરધામમાં જવાનું ફળ તમોએ આપ્યું છે તે ઉપકારનો બદલો અમારાથી વાળી શકાય તેમ નથી.

એમ વાઘાખાચરને તથા અમરાખાચરને કહીને તે કપાસની વેણોના જીવ શ્રીસહજાનંદસ્વામીના અક્ષરધામને પામતા હતા. ને બીજે દિવસે સવારમાં શ્રીજીમહારાજ લીંબડા નીચે સભા કરીને વિરાજમાન થતા હતા ને સર્વે સંત હરિભક્તો પણ સભામાં બેઠેલા શ્રીહરિને નમસ્કાર કરીને સભામાં બેઠા. તે વખતે સારંગપુરના જીવાખાચરના દીકરા વાઘાખાચર તથા અમરાખાચર બેઉ ભાઈઓ સભામાં આવીને શ્રીજીને દંડવત્ પ્રણામ કરીને બેઠા ત્યારે શ્રીહરિ ઉપરના બેઉ ભાઈઓને કહેતા હતા કે રાત્રિએ બનેલી સર્વ બીના આ સભામાં કહો.

આવું શ્રીસ્વામિનારાયણ ભગવાનનું વચન સાંભળીને રાત્રિએ પોતે અનુભવેલી ઉપરની સર્વ વાત સભામાં કહેતા હતા જેથી સર્વે સંત હરિભક્તો

સાંભળીને રાજી થતા હતા. કહેવાનું કે આપણે શ્રીજીમહારાજને વસ્ત્ર ફળ ફૂલ વિગેરે જે જે અર્પણ કરશું તે સર્વેના જીવો શ્રીજીના અક્ષરધામમાં જશે. ॥૨૨૯॥

ગામ ખંભાતના હરગોવિંદભાઈ બ્રાહ્મણ શ્રીજીમહારાજના એકાંતિક ભકતરાજ હતા ને તે બ્રાહ્મણ શ્રીહરિની મૂર્તિને અંતઃકરણમાં ધારીને માળા ફેરવતા હતા તેમજ નામ ધર્માદો શ્રીજીની આજ્ઞા મુજબ આપતા હતા. તે હરગોવિંદભાઈને પોતાના દીકરાના દીકરામાં ઘણો સ્નેહ હતો તે છોકરો માંદો પડ્યો ને પોતાને બહારગામ કાંઈ કામ પ્રસંગે જવાનું થયું તે સમે હરગોવિંદભાઈએ શ્રીસ્વામિનારાયણ ભગવાનની માનતા રાખી જે છોકરાનો દેહ રહેશે અગર નહિ રહે તોપણ પચાસ સાધુને જમાડીશ. એવો સંકલ્પ કરીને તે બ્રાહ્મણ બહારગામ ગયા. તેને બીજે દિવસે છોકરો દેહ મૂકી ગયો. તેવા સમાચાર સાંભળીને હરગોવિંદભાઈ ખંભાત આવ્યા.

પછી થોડા દિવસ વીત્યા બાદ રસોઈ દેવા હરગોવિંદભાઈ વડતાલ ગયા ને પોતાની સાથે ખંભાતબારાની દાણ ઉઘરાવનાર ઉમરેઠના ખેડાવાળ બ્રાહ્મણ વિષ્ણુદત્તભાઈને વડતાલ તેડી ગયા. તે વિષ્ણુદત્તભાઈએ ધર્મ ધુરંધર આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજને રસોઈ આપવા સંબંધી વાત કરી પણ આચાર્યશ્રીએ રસોઈની ના પાડી તોપણ હરગોવિંદભાઈનો ઘણો આગ્રહ જોઈને હા પાડી. પછી બીજે દિવસ રસોઈ કરીને સંતને જમાડ્યા ને સાંજે સભા કરીને આચાર્યશ્રીએ વિશ્રુદત્તભાઈને કહ્યું જે હરગોવિંદભાઈને સભામાં બોલાવી લાવો.

તે સભામાં આવ્યા તે સમે આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજે ચપટી વગાડી તેથી હરગોવિંદભાઈના દીકરાનો દીકરો સભામાં આવ્યો ને આચાર્યશ્રીને પગે લાગીને હરગોવિંદભાઈને પગે લાગ્યો ને પછી શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરવા ગયો તેથી હરગોવિંદભાઈના મનમાં થયું જે મારા છોકરાનો છોકરો શ્રીસહજાનંદસ્વામી ભગવાનના અક્ષરધામમાં તો ગયો છે. પણ બીજે ગયો નથી. પછી સભા વિસર્જન થઈ ત્યારે હરગોવિંદભાઈને આનંદ સ્વામીએ પોતાના આસને બોલાવ્યા ને વાત પૂછી તે જેવું હરગોવિંદભાઈએ દેખ્યું તેવું કહ્યું. તે સાંભળીને આનંદ સ્વામીએ પવિત્રાનંદ સ્વામીને તથા અદ્‌ભુતાનંદ સ્વામીને કહ્યું જે આપણે આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજને સાધારણ જાણતા હતા પણ મહાસમર્થ છે. એમ કહીને ધન્યવાદ આપતા હવા. ॥૨૩૦॥

ગામ વડોદરાના નારાયણભાઉ દક્ષિણી બ્રાહ્મણ વડતાલના શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરવા આવ્યા હતા. તેમને ધર્મધુરંધર આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજે યથાયોગ્ય ઉતારાની સગવડ કરી હતી. પણ આચાર્યશ્રીને પોતાના જેવા સાધારણ ગૃહસ્થ જાણેલા પણ પ્રતાપી છે તેમ નહોતા જાણતા ને હિંદુસ્તાની બ્રાહ્મણ છે તેમાં શું ચમત્કાર હોય ? આવી વાત આચાર્યશ્રીના જાણવામાં આવી તેથી સાધુ કેશવદાસજીને સમાધિ શ્રીજીની ઈચ્છાથી થઈ તે જ સમયે શ્રીલક્ષ્મીનારાયણ દેવની આરતી થઈ એટલે નારાયણભાઉ દેવનાં દર્શને જતાં સમાધિવાળા સાધુને જોઈને તેમને સંકલ્પ થયો કે પાંચમી ભૂમિકાના અધિકારીને સમાધિ થાય છે તે સિવાયના બીજાને ન થાય. પણ આ તો કેવળ ઢોંગ છે. ને આપણને બતાવવા આ યુક્તિ કરી છે.

એમ કહીને દર્શન કરવા ગયા ને કોઈને પૂછી જોયું જે સમાધિમાંથી એમની મેળે જાગે છે. પછી કોઈ સત્પુરુષ કહે જે સમાધિવાળાને આચાર્યશ્રી ભગવતપ્રસાદજી મહારાજ જગાડે છે તો જ જાગે છે. તે સિવાય જાગતા નથી. તે સાંભળીને આચાર્યશ્રીને સાધુની પાસે બોલાવ્યા ને કહે જે ખુરસીએ બેસો. પછી નારાયણભાઉ કહે જે આજ સમાધિ થાય તે કેમ માન્યામાં આવે ? તે સાંભળીને આચાર્યશ્રી કહે જે તપાસ કરો. તેથી નારાયણભાઉએ સળગતો કોલસો સમાધિ પામેલા કેશવદાસજીના હાથ ઉપર મૂક્યો ત્યારે ચામડી બળી ગઈ તોય પણ સમાધિવાળા સંત જરાય સચેત થયા નહિ. તેથી જાણ્યું જે સમાધિ સાચી છે.

પછી આચાર્યશ્રીની નારાયણભાઉએ વિનંતી કરીને કહ્યું જે દયા કરીને આ સંતને જગાડો. તેવું વચન સાંભળીને આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજે ત્રણ વખત ચપટી વગાડી ને કહ્યું જે હે કેશવદાસજી એમ ત્રણ વખત કહ્યું કે તુરંત સમાધિવાળા સંત જાગ્યા ને આચાર્યશ્રીને પગે લાગ્યા. આવો ચમત્કાર જોઈને નારાયણભાઉ દક્ષિણીને આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજનો બહુ જ ગુણ આવ્યો ને જાણ્યું જે શ્રીસ્વામિનારાયણ ભગવાનના આચાર્યશ્રી જેવા બીજા કોઈ જગતના આચાર્ય નથી. શ્રીસહજાનંદ સ્વામી ભગવાન જેમ સર્વોપરી સર્વ અવતારના અવતારી ભગવાન છે તેમ તેમના આચાર્યશ્રી પણ સર્વ આચાર્ય કરતાં સર્વોપરી આચાર્ય છે. ॥૨૩૧॥

શ્રીજીમહારાજનાં બે સ્વરૂપનો તથા અનેક સ્વરૂપનો નિર્ણય

ગામ છપૈયામાં શ્રીઘનશ્યામ મહારાજે સુવાસિની બાઈની અંગૂઠી લીધી ત્યારે પોતાના ઘરમાં તથા ઘરથી બહાર એવા બે સ્વરૂપથી સુવાસિની બાઈને શ્રીહરિજી દર્શન આપતા હવા. ॥૧॥ વળી છપૈયામાં જ્યારે શ્રીઘનશ્યામ મહારાજનો ચૌલ સંસ્કાર કર્યો ત્યારે પોતાની સમાન વયવાળાં બાળકો સંગાથે બગીચામાં ગયા. તે વખતે પોતાને મારવા આવેલા કાળીદત્ત નામના અસુરનો દૃષ્ટિ માત્રથી નાશ કર્યો ત્યારે આંબાના ઝાડની નીચે બેઠેલા જે પોતાના બાળકરૂપ માનનારી શ્રદ્ધાદિક બાર માતાનું સ્તનપાન બાર સ્વરૂપ ધારણ કરીને શ્રીહરિકૃષ્ણ મહારાજ કરતા હવા. ॥૨॥

વળી અયોધ્યાપુરીમાં જ્યારે શ્રીઘનશ્યામ મહારાજને જમવા માટે ઘેરથી રામપ્રતાપજી મહારાજ પિતાશ્રીની આજ્ઞાથી બોલાવવા ગયા ત્યારે રામપ્રતાપજીને દરેક મંદિરમાં શ્રીજીમહારાજ પોતાના સ્વરૂપનાં દર્શન આપતા હતા. ॥૩॥ વળી અયોધ્યાપુરીથી શ્રીઘનશ્યામ મહારાજ પોતાના ઘરનો ત્યાગ કરીને તપ કરતા થકા વનમાં ફરતા ફરતા નવલખા પર્વત ઉપર જતા હવા ત્યારે તે પર્વતમાં તપ કરતા એવા નવ લાખ યોગીને શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે નવ લાખ સ્વરૂપ ધારણ કરીને પોતાનું દર્શન આપતા હવા. ॥૪॥ વળી ગઢપુરમાં શ્રીજીમહારાજે જેટલા સંત હતા તેટલાં સ્વરૂપ ધારીને અક્ષરમુક્ત લીંબડાની નીચે રાસક્રીડા કરતા થકા શ્રીહરિજી સર્વને પોતાનું દર્શન આપતા હવા. ॥૫॥

વળી ગઢપુરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને પાંત્રીસ સ્વરૂપ ધારણ કરીને લીંબડા નીચે રહેલા પાંત્રીસ આખલાઓને નાથ્યા ત્યારે શ્રીજી પાંત્રીસ સ્વરૂપે દર્શન આપતા હવા. ॥૬॥ વળી ગઢપુરમાં શ્રીસહજાનંદસ્વામી ભગવાન લીંબડા નીચે દાદાખાચરની જેટલી ગાયો હતી તેટલાં સ્વરૂપ ધારણ કરીને શ્રીહરિ દર્શન આપતા હવા. ॥૭॥ વળી ગઢપુરમાં રહેલી લક્ષ્મીવાડીમાં શ્રીહરિકૃષ્ણમહારાજે જેટલી દેવની સ્ત્રીઓ હતી તેટલાં સ્વરૂપ ધારણ કરીને રાસક્રીડા કરીને શ્રીજીએ સંતને દર્શન આપ્યાં હતાં. ॥૮॥ વળી ગઢપુરમાં શ્રીજીમહારાજે દેહોત્સર્ગ કર્યો ત્યારે લક્ષ્મીવાડીમાં અગ્નિ સંસ્કાર કર્યો તે એક સ્વરૂપ અને બીજે સ્વરૂપે શ્રીહરિએ દાદાખાચરને દર્શન બેઠકે આપ્યાં ને ગુલાબનો હાર પહેરાવ્યો હતો. ॥૯॥

વળી ગઢપુરમાં જ્યારે બ્રહ્માનંદ સ્વામીને શ્રીસહજાનંદ સ્વામી ભગવાન ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા લઈ ગયા ત્યારે ત્રણ સ્વરૂપ ધારણ કરીને દર્શન આપ્યાં. તેમાં એક સ્વરૂપે ભેંસલા પથ્થર ઉપર ને બીજે સ્વરૂપે ફાનસ આગળ સાંગાણીને ઢોરે અને ત્રીજે સ્વરૂપે અક્ષર ઓરડીમાં, આવી રીતે ત્રણ સ્વરૂપે શ્રીજીમહારાજ દર્શન આપતા હવા. ॥૧૦॥ વળી ગઢપુરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને દેહોત્સર્ગ કર્યો ત્યારે શ્રીજીમહારાજને વિમાનમાં પધરાવ્યા ને બીજે સ્વરૂપે ગોપાળાનંદ સ્વામીનો હાથ ઝાલીને ચાલતા હતા. તે સ્વરૂપને મનોહરદાસ સ્વામીએ દેખાડ્યું ત્યારે બીજા સંતોએ તે સ્વરૂપનાં દર્શન કર્યાં. ॥૧૧॥

વળી ગઢપુરમાં શ્રીસહજાનંદ સ્વામી ભગવાન એક સમયે માંદા હતા ને તે જ સમે દાદાખાચર પણ માંદા થયા હતા. પછી દાદાખાચરને કાળ આવીને ગણપતિને સ્થાનકે લઈ જતો હવો ત્યારે શ્રીજીમહારાજે બીજું સ્વરૂપ ધારણ કરીને દર્શન દીધાં ને દાદાખાચરને શ્રીહરિ પોતાનાં બધાં ધામો દેખાડતા હવા. ॥૧૨॥ વળી પંચાળામાં શ્રીજીમહારાજ ઝીણાભાઈના આગ્રહથી પધાર્યા હતા. ત્યાં શ્રીહરિ જેટલા સત્પુરુષ હતા તેટલાં સ્વરૂપ ધારણ કરીને રાસક્રીડા કરીને સર્વ હરિભક્તોને દર્શન આપતા હવા. ॥૧૩॥ વળી પીપલાણામાં તથા આખા ગામમાં શ્રી સહજાનંદસ્વામી ભગવાન બે સ્વરૂપ ધારણ કરીને બેઉ ગામનાં હરિભક્તોને પોતાનું દર્શન આપતા હવા. તથા શ્રીજીમહારાજ તે બેઉ ગામમાં રહીને *ઓજત* નદીને કાંઠે છ માસ સુધી યજ્ઞ કરીને અનેક બ્રાહ્મણોને જમાડતા હવા. ॥૧૪॥

વળી દંઢાવ્ય દેશના વડનગર તથા વિસનગર ગામમાં શ્રીજીમહારાજ બે સ્વરૂપ ધારણ કરીને બેઉ ગામના હરિભક્તોને પોતાનાં દર્શન આપતા હવા. ॥૧૫॥ વળી ડભાણમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને યજ્ઞ કર્યો. તે યજ્ઞમાં સોરઠના હરિભક્તો દર્શન કરવા આવી શક્યા નહિ ત્યારે બીજે સ્વરૂપે શ્રીહરિએ દર્શન આપ્યાં ને સોરઠના હરિભક્તોને પાંચ ગાઉથી પાછા વાળતા હવા. ॥૧૬॥ વળી ડભાણમાં શ્રીસહજાનંદ સ્વામી ભગવાને યજ્ઞ કર્યો ત્યારે વડતાલથી જોબનપગી ઘોડાં ચોરવા આવ્યા તે સમયે શ્રીહરિએ ઘોડે ઘોડે પોતાનાં દર્શન આપ્યાં ત્યારે શ્રીજીમહારાજ પોતે ભગવાન છે એવો નિશ્ચય થવાથી શ્રીજીના હાથે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ પોતાને ગામ વડતાલ જતાં રસ્તામાં જોબનપગીએ સંકલ્પ કર્યો કે શ્રીસ્વામિનારાયણ ભગવાન મારા ઘરના મેડાની બારી ઉપર બેઠેલા દેખું તો શ્રીજીમહારાજ ભગવાન ખરા. પછી શ્રીહરિજી બીજે સ્વરૂપે વડતાલમાં જોબનપગીના ઘરના મેડાની બારી ઉપર બેસીને દર્શન આપતા હવા. ॥૧૭॥

વળી ડભાણમાં શ્રીજીમહારાજે યજ્ઞ કર્યો તે સ્વરૂપ, તે સમયે ગામ દેવળીયામાં શ્રીહરિએ રામાયણની કથા કરાવી તે સ્વરૂપ તથા તે જ સમયે ધમડકા ગામમાં શ્રીસહજાનંદ સ્વામીએ શ્રી ભાગવતની સપ્તાહ વંચાવી તે સ્વરૂપ આવાં ત્રણ સ્વરૂપથી કચ્છના હરિભક્તો ઉપર કંકોત્રી લખી તેથી કચ્છના હરિભક્તો આવીને શ્રીજીમહારાજનાં દર્શન કરતા હવા. ॥૧૮॥ વળી સુરતમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન હતા તે સમયમાં શ્રીજીમહારાજ ગઢપુરમાં બીજે સ્વરૂપે દર્શન આપતા હવા. તે દિવસનું વચનામૃત (ગઢડા મધ્યનું ૬૨મું) આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીના પ્રશ્નવાળું તથા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના પ્રશ્નવાળું છે. આવી રીતે બે સ્વરૂપે દર્શન આપતા હવા. ॥૧૯॥ વળી કંથકોટમાં ગરાસીયા લાઘાજી આંધળા હતા તેમને શ્રીસહજાનંદસ્વામી ભગવાને અક્ષરધામ દેખાડ્યું. છતાં ભગવાનપણાંનો નિશ્ચય થયો નહિ. પછી પોતાના ગામના ભણેલા સો બ્રાહ્મણોને બોલાવ્યા ને એકસામટા બધા બ્રાહ્મણોએ પ્રશ્ન પૂછ્યા ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાને સો સ્વરૂપ ધારણ કર્યાં ને બ્રાહ્મણોના પ્રશ્નના ઉત્તર આપ્યા ત્યારે લાઘાજીએ તે સો સ્વરૂપે શ્રીજીમહારાજનાં જોયાં. પછીથી શ્રીજીમહારાજનો પાકો ભગવાનપણાનો નિશ્ચય લાઘાજી રાજાને થતો હવો. ને શ્રીસ્વામિનારાયણ ભગવાનને હાથે વર્તમાન લઈને કંઠી પેરી સત્સંગી થતા હવા. ॥૨૦॥ ॥૨૩૨॥

ગામ ગઢપુરથી શ્રીસ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી ગુજરાતમાં ફરવા ગયેલા મુક્તાનંદ સ્વામી આદિક સંતો પહેલાં અમદાવાદ ગયા હતા ત્યાં રહેલી કાંકરીયા તળાવ ઉપરની આંબલીઓમાં પોતાનો નિવાસ કરીને રહેતા હવા ને કોઈ મુમુક્ષુ પોતાની પાસે આવે તેમને શ્રીસહજાનંદસ્વામી ભગવાનના પ્રતાપની તથા ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ સંબંધી વાર્તાઓ કરીને અજ્ઞાનનો નાશ કરવા પૂર્વક શ્રીજીમહારાજનો નિશ્ચય કરાવીને વર્તમાન ધરાવીને કંઠી પેરાવી સત્સંગી કરતા હવા અને અમદાવાદ શહેરમાં ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરતા એવા મુક્તાનંદ સ્વામી આદિક સંતો આંબલીઓ નીચે બેઠા હતા ને શ્રીજીનું ભજન કરતા હતા તે સમે આંબલીઓમાંથી એક મોટો સાપ પડતો હવો તે સાપ મુક્તાનંદ સ્વામી આદિક સંતોના શરીર ઉપર ફરીને બ્રહ્મચર્યના પ્રતાપથી સાપ ફૂલની માળારૂપે થઈને ચાલ્યો જતો હવો તેથી જૈન લોકોએ જાણ્યું કે આ બધા શ્રીસ્વામિનારાયણ ભગવાનના સાધુઓ કેવળીક છે જેથી સાપ કાંઈ કરી શકતો ન હતો.

આવું આશ્ચર્ય જોઈને જૈન લોકો શ્રીસહજાનંદસ્વામી ભગવાનનો આશ્રય કરતા હવા. વળી એક વખત અમદાવાદ શહેરમાં રહેલો એક બાવો મુક્તાનંદ સ્વામીને ચંદનમાં ઝેર નાખીને ચરચતો હવો ત્યારે તે ઝેર મુક્તાનંદ સ્વામીના બ્રહ્મચર્યના પ્રતાપથી અમૃતરૂપ થઈ જતું હવું. ને ઝેર નાંખીને ચંદન ચરચનાર બાવાની આંગળીઓની ખાલ ઊખડી જતી હવી. ॥૨૩૩॥

ગામ ગઢપુરથી શ્રીસહજાનંદ સ્વામી ભગવાનની આજ્ઞાથી દેશાંતરમાં સત્સંગ કરાવવા માટે અખંડાનંદ સ્વામી ફરતા હતા. અને પોતાના સમીપમાં આવીને બેસતા એવા મનુષ્યોને શ્રીજીમહારાજના મહિમાની તથા પરચાની તથા જન્મ ધારણ કરવા સંબંધી વાર્તાઓને કરતા ને આવેલા માણસના અંતઃકરણમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવીને વર્તમાન ધરાવીને કંઠી પેરાવીને સત્સંગી કરતા સતા ઘણાં ગામોમાં ફરીને શ્રીહરિના સમીપમાં જવા નીકળેલા અખંડાનંદ સ્વામી એક વનની ઝાડીમાં રસ્તો ભૂલી જવાથી જતા હતા તે સમે રસ્તામાં એક સિંહ સામો આવતો હવો.

તેને જોઈને સ્વામી વિચાર કરતા હવા કે આ મનુષ્યનો દેહ અવશ્ય પડવાનો હતો પણ આ મારો દેહ વાઘના ઉપયોગમાં આજે આવશે. એમ ધારીને તે સિંહના સન્મુખ ચાલ્યા તે સમે અખંડાનંદ સ્વામીના બ્રહ્મચર્યના પ્રતાપથી સિંહ પણ મૃગલારૂપ થઈને સ્વામીને પાંચ પ્રદક્ષિણા ફરીને વનમાં જતો રહેતો હવો. આવો બ્રહ્મચર્યનો પ્રતાપ છે માટે સર્વ માણસોએ દૃઢ બ્રહ્મચર્ય પાળીને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું જેથી તે માણસ ઉપર પ્રસન્ન થયેલા શ્રીજીમહારાજ પોતાના અક્ષરધામમાં તે માણસને જરૂર લઈ જશે એ જ કહેવાનો સિદ્ધાંત છે. ॥૨૩૪॥

ગઢપુરથી શ્રીજીમહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી દેશાંતરમાં સત્સંગ કરાવવા ગયા હતા. ઘણાં ગામોમાં સત્સંગ કરાવવા માટે શંકરના મંદિરમાં અથવા ધર્મશાળામાં અથવા ચોરામાં ઉતારો કરતા અને જે મુમુક્ષુ પોતાની પાસે આવે તેને શ્રીજીમહારાજની લીલાની વાતો તથા ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ સંબંધી વાતો કરતા, જેથી ઘણાં માણસો સ્વામી પાસેથી વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણનું ભજન કરી આ લોકનું સુખ ભોગવી અંતકાળે તે માણસોને શ્રીજીમહારાજ પોતાના અક્ષરધામમાં લઈ જતા.

આવી રીતે ઘણાં ગામમાં સત્સંગ કરાવીને મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારંગપુરમાં જતા હતા. ત્યાં જીવાખાચરના દરબારમાં વિરાજમાન એવા શ્રીસ્વામિનારાયણ ભગવાન પાસે કોઈ માણસને મોકલીને પોતાના આવવાના સમાચાર મોકલાવ્યા જે આપશ્રીની આજ્ઞા હોય તો મુક્તાનંદ સ્વામી આપશ્રીનાં દર્શન કરવા આવે ત્યારે શ્રીજીમહારાજે ભગુજી પાર્ષદ સંગાથે કહેવડાવ્યું જે, જે પગલે આવ્યા છો તેવા ને તેવા અહીં અમારાં દર્શન કરવા ન આવતાં દેશાંતરમાં ફરવા જાઓ.આવા સમાચાર સાંભળીને મુક્તાનંદ સ્વામીએ નીચેનાં કીર્તનનાં પદ કર્યાં –

મારે ઘેર આવ્યા રે, સુંદરવર શામળીયો,
હરખભરી હું હરીને નીરખું, પિયુ પ્રિતમ પાતળિયો-મારે૦૧
સુખડું દેવાને મનહરિ લેવા, અમ પર અઢળક ઢળિયો-મારે૦૨
જાળવિયું જોબન જે સારૂં, તે અવસર આજ મળિયો-મારે૦૩
લક્ષ્મીનો વર લાડકવાયો, અકળ ન જાય કળિયો-મારે૦૪
આશ્ચર્ય વાત સેજડિએ આવ્યાં, બોલ પોતાને પળિયો-મારે૦૫
મુક્તાનંદ મોહનની મહેરે, ખોયાદિનો ખંગ વળિયો-મારે૦૬

'મારે ઘેર આવ્યા રે સુંદરવર શામળીયો' એ આદિક કીર્તનો દશ લખીને ભગુજી સંગાથે મોકલતા હતા. તે વાંચીને તુરંત જ મુક્તાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવતા હતા. જેથી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરીને આનંદ પામતા થકા શ્રીજીમહારાજના કહેવાથી તેમના સમીપે રહીને સુખીયા થતા હતા. ॥૨૩૫॥

ગઢડાથી વિજ્ઞાનાનંદ સ્વામી શ્રીજીમહારાજની આજ્ઞાથી પોતાના મંડળે સહિત ગામડે ફરવા ગયા હતા. અને તે સંત શ્રીસ્વામિનારાયણ ભગવાનનું અખંડ ભજન કરતા હતા. તેમજ શ્રીજીમહારાજની *નાનીમોટી* આજ્ઞાઓનું પાલન કરતા હતા. અને વ્રત ઉપવાસ કરવામાં શ્રદ્ધાવાળા હતા. આવા શ્રીસહજાનંદસ્વામી ભગવાનના તે સંત કોઈ ગામમાં માંદા થવાથી શ્રીજીમહારાજ તે સંતને પોતાના અક્ષરધામમાં લઈ જવા માટે સોનાની અંબાડીવાળા હાથી ઉપર બેસીને પધારતા હતા ને શ્રીજીમહારાજ સંગાથે પાલખીમાં તથા રથમાં બેઠેલા બ્રહ્મચારી સાધુ પાળાઓ વિગેરેને ચોરામાં બેઠેલા માણસોએ જોયા. તેથી તે ગામના મુખ્ય હરિભક્તને કહેવા માટે ચોરામાં બેઠેલ એક માણસે શ્રીસ્વામિનારાયણ ભગવાનના ભક્તને

કહ્યું કે તમારા ભગવાન તમારા મંદિરમાં હાથી ઉપર બેસીને પધારેલા છે તેમને ઉતારો કરાવવા માટે તમારા મંદિરમાં જાઓ.

આવા સમાચાર પોતાને ઘેર મળવાથી તે મુખ્ય હરિભક્ત મંદિરમાં આવ્યા ત્યારે પોતાના ગામમાં કથાવાર્તા કરવા આવેલા સંત શ્રીજીમહારાજના અક્ષરધામમાં જવા તૈયાર થયેલા જોયા. તેથી તે સંતને શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતાના અક્ષરધામમાં લઈ ગયા. આવો પ્રગટ પરચો જોઈને તે ગામના ઘણા માણસો શ્રીજીમહારાજના આવેલા સંત પાસેથી વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા હતા. ॥૨૩૬॥

ગામ વડોદરામાં શ્રીજીમહારાજ વનમાંથી ફરતાં ફરતાં પ્રથમ પહેલા આવેલા ત્યારે માંડવી નીચે બેઠેલા હતા. તે અવસરમાં ત્રણ બાઈઓ પાણીનાં બેડાં માથે હતાં ને વાતો કરતાં કરતાં જતાં હતાં. તેમાંથી *સદાબા* નામનાં બ્રાહ્મણનાં સ્ત્રી વિધવા થયેલાં હતાં. તે પોતાની સખીઓને કહેતાં હતાં કે મારા પેટમાં ગર્ભ છે ને મને ભગવાન પુત્ર આપે તો મારા મનમાં ઘણો આનંદ થાય. આવી વાત સાંભળીને માંડવી નીચે બેઠેલા *શ્રીનીલકંઠ બ્રહ્મચારી* ત્રણેય બાઈઓ પાસે જઈને કહે કે તમે શી વાતો કરો છો ? ત્યારે બાઈઓ કહે કે કાંઈ નહિ બાવાજી. ત્યારે શ્રીજીમહારાજ કહે કે તમોને ભગવાન મારા આશીર્વાદથી છોકરો આપે તો તે છોકરો મને આપો તો હું આશીર્વાદ આપું જેથી તમારે છોકરો થાય.

ત્યારે ત્રણેય બાઈઓએ વિચાર કર્યો કે આ રમતા રામ બાવાજીને આપણે હા પાડો. જો તેમના આશીર્વાદથી તમારે છોકરો થતો હોય તો પછી તે બાવાજી ક્યાં લેવા આવવાના છે ? આવો સંકલ્પ કરીને *શ્રીનીલકંઠ બ્રહ્મચારીને* કહે કે જો તમારા આશીર્વાદે *સદાબા*ને છોકરો થશે તો તમોને આપીશું. આવું બાઈઓનું વચન સાંભળીને *શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ* આશીર્વાદ આપ્યો જે અમારા આશીર્વાદથી તમને જરૂર છોકરો થશે. પણ તે છોકરાનું નામ તમે *જગન્નાથ* પાડજો.

આવો શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ આશીર્વાદ આપ્યો તેથી *સદાબા*ને નવ માસ પૂરા થતાં પુત્રનો જન્મ થયો. તે બ્રહ્મચારીના કહેવા પ્રમાણે પોતાના પુત્રનું *જગન્નાથ* એવું નામ પાડ્યું અને તે શ્રીજીમહારાજના આશીર્વાદથી ઉત્પન થયેલો છોકરો ભણીને વિદ્વાન્ થયો. ને જ્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાન ડભાણમાં યજ્ઞ કરવા પધાર્યા હતા ત્યારે *સદાબા* પોતાના છોકરાએ સહિત શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યાં ત્યારે છેટેથી શ્રીજીનાં દર્શન કરતાં તે બાઈને શ્રીજીમહારાજ કહે કે હે

સદાબા સુખી છો ને ? આવું વચન સાંભળીને શ્રીજીને કહે કે મહારાજ મને તમે ક્યાંથી ઓળખો? મેં તો આજે જ આપનાં દર્શન કર્યાં છે. ત્યારે શ્રીજીમહારાજે ઉપરની બધી વાત વડોદરાની કહીને કહ્યું કે અમારા આશીર્વાદથી થયેલો તમારો પુત્ર *જગન્નાથ* ખુશી છે ને? જેથી પોતાની સંગાથે લાવેલ પોતાના પુત્રને પણ શ્રીસ્વામિનારાયણ ભગવાનને પગે લગાડ્યો.

પછી શ્રીજીમહારાજ કહે કે *સદાબા* તમારો પુત્ર અમને આપો, તમોએ વડોદરામાં અમારી આગળ પ્રતિજ્ઞા કરી છે માટે. આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને ઉત્સાહે સહિત *સદાબા*એ જગન્નાથ નામવાળો પોતાનો પુત્ર શ્રીસહજાનંદસ્વામી ભગવાનને કંકુનો ચાંદલો કરીને અર્પણ કર્યો. પછી શ્રીજીમહારાજ ડભાણનો યજ્ઞ પૂરો કરીને ગઢપુર પધાર્યા. અને થોડા દિવસમાં *જગન્નાથભાઈ*ને સાધુ કર્યા ને મુક્તાનંદ સ્વામી પાસે નામ પડાવવા મોકલ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેમનું *શુકાનંદ સ્વામી* એવું નામ પાડ્યું. તે જગન્નાથભાઈનું શુકાનંદ સ્વામી નામ સાંભળીને શ્રીસ્વામિનારાયણ ભગવાન કહેતા હવા કે મુક્તાનંદ સ્વામી પણ જાણતા લાગે છે કે આ પૂર્વ જન્મમાં *શુકદેવજી* હતા તેથી તેમનું નામ શુકાનંદ સ્વામી પાડતા હવા. ॥૨૩૭॥

ગામ કલ્યાણીમાં લક્ષ્મીબાઈ શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત હતાં ને તે બાઈ શ્રીસ્વામિનારાયણ ભગવાનના નિયમો યથાર્થ પાળતાં હતાં. અને તે બાઈને શ્રીસહજાનંદસ્વામી ભગવાને એક વખત દર્શન દઈને કહ્યું કે તમને આવતી એકાદશીના બાર વાગ્યે તેડવા આવીશ ને તમને મારા અક્ષરધામમાં લઈ જવાં છે. માટે તમારે કોઈને મળવું હોય તો મળીને તૈયાર થઈ રહેજો, હું જરૂર તેડવા આવીશ. આવું કહીને શ્રીજીમહારાજ અંતર્ધ્યાન થઈ ગયા.

પછીથી તે બાઈએ પોતાની દીકરી ઉપર કાગળ લખીને મોકલાવ્યો જે આ પત્ર દેખીને તુરંત તમે મળવા આવજો. પણ તે એકાદશી સુધીમાં આવી શક્યાં નહિ અને શ્રીજીમહારાજ તે હરિભક્ત બાઈને તેડવા આવ્યા એકાદશીના બાર વાગ્યે. પછી તે બાઈ શ્રીસ્વામિનારાયણ ભગવાનને કહે જે હું આજે તમારા અક્ષરધામમાં નહિ આવું પણ પુનમને દિવસે તમો મને તેડવા આવજો એટલે તે દિવસે હું તમારી સંગાથે અક્ષરધામમાં આવીશ.

આવું તે બાઈનું વચન સાંભળીને શ્રીજીમહારાજ પાછા પોતાના અક્ષરધામમાં પધાર્યા. પછી તે બાઈએ બીજો પત્ર લખીને પોતાની દીકરીને બોલાવી તે પુનમને સવારે આવી. અને તે પોતાની દીકરીને ઉપરની વાત કરી જે શ્રીસ્વામિનારાયણ ભગવાન મને પોતાના અક્ષરધામમાં લઈ જવા આવ્યા હતા. પણ તમો એકાદશી સુધીમાં આવ્યાં નહિ તેથી શ્રીજીમહારાજને પાછું જવું પડ્યું છે મારા કહેવાથી, તો આજે બાર વાગ્યે શ્રીજીમહારાજ મને તેડવા આવવાના છે. તો તમને કહેવાનું કે તમો શ્રીસ્વામિનારાયણ ભગવાનના વર્તમાન ધારીને કંઠી પેરીને સત્સંગી થઈને શ્રીસહજાનંદસ્વામી ભગવાનનું ભજન કરજો અને શ્રીજીમહારાજના નિયમો સારી રીતે પાળશો તો હું શ્રીજીમહારાજને લઈને તેડવા આવીશ અને શ્રીજીમહારાજના અક્ષરધામમાં આપણે બેઉ ભેગાં રહીશું.

આવું પોતાની માતુશ્રીનું વચન સાંભળીને પોતાની માતુશ્રી પાસેથી વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થયાં અને શ્રીજીનું ભજન કરવામાં ઉત્સાહવાળાં પોતાની દીકરી ઉપર પ્રસન્ન થયેલાં માતુશ્રી પાંચસેં રૂપિયાનાં ઘરેણાં પોતાની દીકરીને આપતાં હતાં. તે જ અવસરમાં શ્રીજીમહારાજ વિમાન લઈને પધાર્યા. અને તે બાઈને વિમાનમાં બેસાડીને શ્રીસહજાનંદસ્વામી ભગવાન પોતાના અક્ષરધામમાં લઈ ગયા.

તેવી જ રીતે આપણે પણ શ્રીજીમહારાજની શિરસાટાની ભક્તિ કરીશું તો આપણી ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રીસ્વામિનારાયણ ભગવાન આપણને પણ પોતાના અક્ષરધામમાં લઈ જશે એ સિદ્ધાંત છે માટે નિયમ પાળીને ભક્તિ કરવામાં પાછો પગ કરવો નહિ તેથી શ્રીજી પ્રસન્ન થશે અને અક્ષરધામરૂપી મોજ મળશે. ॥૨૩૮॥

ગામ-લાઠીદડમાં નાપિત ડાહ્યાભાઈ શ્રીસ્વામિનારાયણ ભગવાનના સત્સંગી હતા. પોતાનું કામકાજ પરવારીને આખો દિવસ મંદિરમાં રહેતા. મંદિર વાળવું અથવા લીંપવું, શ્રીજીમહારાજ આગળ દીવા કરવા અને મંદિરમાં વાવેલાં ફૂલઝાડને કૂવામાંથી કાઢીને પાણી પાવું. તેમજ સાધુ મંદિરમાં હોય તો તેમની સેવા કરવી.

આવી રીતની ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રીજીમહારાજે ભક્તિવાળા ભક્તને દર્શન દઈને કહ્યું કે અમુક દિવસે હું તમને તેડવા આવીશ. માટે તમારે જેને મળવું હોય તેને મળી લેજો. અને ગામના માણસોને કહેજો કે આવતી એકાદશીના બાર વાગ્યે શ્રીસ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવવાના છે. અને મારી

સાથે જેને અક્ષરધામમાં આવવું હોય તે તૈયાર થઈ રહેજો. એમ કહીને એકાદશીને દિવસે નાઈ ધોઈ નવાં લૂગડાં ઘરેણાં વિગેરે પેરીને તૈયાર તમો થજો અને હું તમને જરૂર તેડવા આવીશ.

આવી રીતે કહીને શ્રીસહજાનંદસ્વામી ભગવાન પોતાના ધામમાં ગયા. અને કહેલા વાયદા મુજબ ઉપરના ભક્તને તેડવા માટે શ્રીજીમહારાજ રથ લઈને પધાર્યા. અને ગામના માણસોને દર્શન આપીને ડાહ્યાભાઈ ભક્તને શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા. આવો પ્રગટ પરચો જોઈને તે ગામના ઘણા માણસો સત્સંગી થઈ પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું શિરસાટે ભજન કરતા હતા. ॥૨૩૯॥

ગામ લોજમાં શ્રીરામાનંદ સ્વામીની સેવામાં મુક્તાનંદ સ્વામીએ પોતાનું મુખ્યપણું લોજમાં તથા ફરતા ગામમાં પોતાના સાચા ચરિત્રથી અને સારા ઉપદેશથી ગાયનથી રામાયણની કથા કરવાથી લોકોને રાજી કરતા હતા અને યાત્રાળુ તથા આસ્થાવાળા લોકોને સારા પોતાના ઉપદેશથી અતિ ઉત્સાહથી ભગવાન ભજવામાં બળ આપતા હતા. તેથી સ્વામીશ્રીની જગ્યાનો તથા રામાનંદ સ્વામીનો બહુ જ મહિમા વધતો હતો અને ત્યાગાશ્રમમાં અને ગૃહસ્થાશ્રમમાં શિષ્યો ઘણાં થતા હતા. આ બધો પ્રતાપ મુક્તાનંદ સ્વામીનો હતો.

પછી સ્વામીશ્રીએ વિચાર કર્યો કે સંપ્રદાયમાં રહેલા સાધુઓને સારા વિદ્વાન્ કરવા તેવા સંકલ્પથી મુક્તાનંદ સ્વામીને તથા દેવાનંદ સ્વામીને સંસ્કૃત અભ્યાસ કરવા માટે ભૂજ મોકલ્યા. ત્યાં ગામમાં રહેલી ધર્મશાળામાં ઉતારો કરીને વિદ્વાન બ્રાહ્મણ પાસે વિદ્યાભ્યાસ કરતા ને ગામમાં ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ ચલાવતા. પછી કોઈક દિવસ ભિક્ષા માગવા માટે સુંદરજીભાઈ તથા હીરજીભાઈના માતુશ્રી પાસે ગયા. ત્યાં ભિક્ષા માગતી વખતે બેઉ મુનિઓએ ઉપરનાં માતુશ્રી પાસે એકાંતમાં રહેવા માટે ઓરડી માગી. તેથી વિદ્યાર્થી એવા બેઉ મુનિઓને રહેવા માટે એક ઓરડી ખાલી કરી આપી. તે ઓરડીમાં રહેતા ભૂતોએ રાત્રિએ ઓરડીમાં બેઠા બેઠા પોતાના પાઠ ગોખતા મુક્તાનંદ સ્વામીને કહ્યું કે તમે કોણ છો ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે અમે ભગવાનના ભક્ત છીએ.

આવું વચન સાંભળીને તે સ્વામીની પ્રાર્થના કરી કહ્યું કે અમારી મુક્તિ થાય એવી અમારી ઉપર કૃપા કરો. આવું ભૂતોનું વચન સાંભળીને દયાળુ એવા મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના વર્તમાન ધરાવીને પ્રત્યક્ષ પુરુષોત્તમ એવા

શ્રીસ્વામિનારાયણનું ભજન કરાવીને અક્ષરધામમાં વિમાનમાં બેસાડીને મોકલતા હતા. પછીથી સુખેથી રહેતા બન્ને મુનિઓ સુંદરજીભાઈ તથા હીરજીભાઈ તથા ગંગારામ મલ્લને સારો ઉપદેશ આપીને ઉત્તમ સત્સંગી કર્યા. અને સારો વિદ્યાભ્યાસ કરીને વિદ્વાન્ થયેલા બન્ને મુનિઓએ વિદ્યા ભણવાની સમાપ્તિ કરીને ભૂજમાં સત્સંગીઓને પોતાની સાથે લઈને લોજ આવ્યા. આવેલા સત્સંગીઓ સ્વામીનાં દર્શનથી સુખશાંતિ પામીને થોડા દિવસ લોજમાં રહીને પોતાની સાથે શ્રીરામાનંદ સ્વામીને લઈને ભૂજ જતા હવા ને સ્વામીશ્રીના આવવાથી ભૂજમાં સત્સંગનો વધારો થતો હવો. તેથી સ્વામીશ્રીને દરેક વર્ષે ભૂજ લઈ જતા હતા. ॥૨૪૦॥

ભેંસજાળના ત્રવાડી મોતીરામભાઈ બ્રાહ્મણ મુક્તાનંદ સ્વામીના શ્રેષ્ઠ ગુણો સાંભળીને તેમનાં દર્શન કરવા ગઢડા આવ્યા. તે વખતે મુક્તાનંદ સ્વામીએ પોતાના શિષ્ય શાંતાનંદ સ્વામીને કહ્યું કે અક્ષરઓરડીમાં શ્રીજી શું કરે છે તે જોઈ આવો. તેમણે તુરંત તપાસ કરીને મુક્તાનંદ સ્વામીને કહ્યું જે શ્રીહરિ સ્નાન કરે છે. પછી મોતીરામભાઈનો હાથ ઝાલીને સ્વામીશ્રી શ્રીજીમહારાજ પાસે આવ્યા. ત્યાં ઉગમણા ખૂણામાં શ્રીજીમહારાજશ્રીએ સિહોરના જેઠાભાઈ પોતાને ઘેરથી પોતાના જાંબુડાનાં પાકેલાં જાંબુડાં લાવ્યા હતા, તે જાંબુડાં ધોવડાવીને શ્રીગોપીનાથ આદિક દેવને ધરાવીને પોતે જાંબુડાં જમ્યા ને પોતા પાસે બેઠેલા બ્રહ્મચારી સંત પાર્ષદ હરિભક્તોને પ્રસાદીનાં જાંબુડાં આપ્યાં ને વધેલાં જાંબુડાંનો પ્રસાદ જેઠાભાઈને આપ્યો અને પોતે જમેલાં જાંબુડાંનો એક ઠળિયો જમીન ખોદી ખાતર નાંખી વાવ્યો હતો.

તે ઊગ્યો ત્યાર પછી તેના થડમાં પાણી જવા શ્રીજીએ ખાળ કરાવી હતી. તે ખાળમાં શ્રીજીનું સ્નાન કરેલું પાણી જતું જોઈને મુક્તાનંદ સ્વામી માથેથી રૂમાલ ઉતારી લઈને ખાળમાંથી પાણી લઈને માથે ચઢાવવા લાગ્યા અને માથે પાણી નાંખતા જાય ને હરઉન્મત્તગંગા-હરગોમતી-હરસરસ્વતી-હરત્રિવેણી-હરકાવેરી-હરયમુના-હરનર્મદા-હરતાપી-હરગંગા-હરગોદાવરી એ આદિક નદીઓનાં નામ લેતા જાય, અને ખોબો ભરીને પીતા જાય. અને મોતીરામભાઈને કહેતા જાય કે આ જળ ચોરાશી લાખ જન્મના મહારોગોને નાશ કરે એવું મહાપવિત્ર છે.

પછી મોતીરામભાઈએ પણ તે જળ માથા ઉપર ચઢાવ્યું ને પીધું. આ સમયે મોતીરામભાઈને થયું જે આવા ભગવાનને તુલ્ય મુક્તાનંદ સ્વામી પણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આવો મહિમા સમજે છે તો શ્રીજીમહારાજ કેવા

મોટા હશે ? પછી મોતીરામભાઈને મુક્તાનંદ સ્વામી શ્રીજી પાસે લાવ્યા. તે વખતે શ્રીસહજાનંદ સ્વામીએ મોતીરામભાઈને સમાધિ કરાવીને અક્ષરધામ દેખાડ્યું તે ધામમાં રહેલી મૂર્તિ અને આ પ્રગટ મૂર્તિ ને બન્ને મૂર્તિ એક છે તેવો દિવ્યભાવ જણાવ્યો જેથી સમાધિમાંથી બહાર આવ્યા પછી શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત્ કરીને શ્રીજીમહારાજને હાથે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ પ્રગટ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું જીવંત પર્યંત ભજન કરીને અંતે શ્રીજીના ધામમાં જતા હવા. ॥૨૪૧॥

અયોધ્યાથી વર્ણિવેષ શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ પોતાનાં માતાપિતાને દિવ્યગતિ આપીને સગાસંબંધીઓનો ત્યાગ કરીને અનેક તીર્થોને પાવન કરવા પૂર્વક વનમાં વિચરીને સં. ૧૮૫૬ના શ્રાવણ વદી ૬ની વહેલી સવારે લોજ આવ્યા ને વાવ ઉપર આવીને બેઠા. તે જ સમયે શ્રીરામાનંદ સ્વામીની આજ્ઞાથી લોજમાં પચાસ સાધુ સાથે મુક્તાનંદ સ્વામી રહેતા હતા. તેમાંથી સુખાનંદ સ્વામી સ્નાન કરવા માટે વાવ્ય ઉપર આવ્યા. તેમણે કોઈ વખત નહીં દેખેલા એવા તપસ્વી નીલકંઠ વર્ણીને જોઈને પગે લાગીને આશ્ચર્ય મુગ્ધ થઈને પૂછતા હવા કે, આપશ્રી ક્યાંથી આવો છો અને ક્યાં જવાના છો ?

આવું સુખાનંદ સ્વામીનું વચન સાંભળીને શ્રીનીલકંઠ વર્ણીએ ઉત્તર આપ્યો કે ઉત્તર કૌશલ દેશથી નીકળી તીર્થોમાં ફરતો ફરતો આ લોજમાં દૈવ ઈચ્છાથી આવ્યો છું. તમો શિષ્ય કોના છો ?

આવું નીલકંઠ વર્ણીનું વચન સાંભળીને કહ્યું કે આ દેશમાં ઐશ્વર્યવાળા ઈશ્વરને તુલ્ય ભક્તના મનોરથ પૂરા કરનાર સદ્‌ગુરુવર્ય શ્રીરામાનંદ સ્વામીના ઘણાં ત્યાગીઓ તથા ગૃહસ્થો શિષ્ય થયા છે. ત્યાગી શિષ્યોમાં મોટેરા મુક્તાનંદ સ્વામી આદિક પચાસ સાધુ છે. તે મુક્તાનંદ સ્વામી યોગના પારને પામેલા છે અને મહાતપસ્વી છે અને શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત છે. તેઓશ્રી આપના જેવા તપસ્વીઓનાં દર્શન કરવાની ઈચ્છા રાખે છે, અને આપના જેવા મહાત્માઓની સેવા કરવા જ આ લોજમાં ગુરુ શ્રીરામાનંદ સ્વામીની આજ્ઞાથી રહ્યા છે. તેઓશ્રી મનુષ્ય માત્રે દર્શન કરવા યોગ્ય છે માટે આપશ્રી પુરમાં પધારીને મુક્તાનંદ સ્વામીને દર્શન આપો એવી મારી પ્રાર્થના છે અને જો આપશ્રી નહીં આવો તો તમારા આવ્યાનાં મારા મુખથી સમાચાર સાંભળીને મુક્તાનંદ સ્વામી આપનાં દર્શન કરવા પધારશે.

આવું સુખાનંદ સ્વામીનું વચન સાંભળીને શ્રીનીલકંઠવર્ણીએ વિચાર કર્યો કે આવા મોટા યોગીરાજ મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવાથી સમગ્ર તીર્થયાત્રાનું ફળ થાય છે. માટે હું જ આપશ્રીની જગ્યામાં તમારી સાથે આવીશ. એમ કહીને સુખાનંદ સ્વામીની સાથે જગ્યામાં ગયા.

શ્રીનીલકંઠ વર્ણીને દૂરથી આવતા જોઈને મુક્તાનંદાદિક સમસ્ત સાધુઓ સામા જઈને નમીને પગે લાગ્યા. ત્યારે વર્ણીએ નમસ્કાર કર્યા. મન આદિક ઈંદ્રિયોને આનંદ ઉપજાવતા તપસ્વી શાંત સ્વભાવવાળા વર્ણીવર્ય શ્રીનીલકંઠ બ્રહ્મચારીને જોઈને બહુ વિસ્મય પામેલા સર્વ સાધુઓએ વર્ણીવર્યના સ્વરૂપને વિશે તર્ક કર્યા. છેવટે આ કોઈ દેવાધિદેવ છે એમ નિશ્ચય કરી સ્વાગતાદિ પૂછી આતિથ્ય સત્કાર કર્યો. વર્ણીએ પણ સાધુઓને આ કળિકાળમાં જીતેન્દ્રિય શાંત સ્વભાવવાળા જોઈને સમાગમ કરવા લાયક છે એમ જાણીને તે સાધુઓમાં મુખ્ય મુક્તાનંદ સ્વામીની વિદ્યાની પરીક્ષા કરવા માટે **જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ** અને **પરબ્રહ્મ**-આ પાંચ ભેદનાં સ્વરૂપને જણાવનાર લક્ષણો પૂછતા હવા. તે પ્રશ્નના ઉત્તરો શાસ્ત્ર પ્રમાણે (સત્સંગી જીવનનું પ્રકરણ ૧ અધ્યાય ૩૪ શ્લોક ૨૭ થી ૩૭ સુધીમાં લખ્યા પ્રમાણેના) ઉત્તરો આપીને બોલ્યા કે મારી બુદ્ધિ પ્રમાણે ગુરુ શ્રીરામાનંદ સ્વામીના મુખથી સાંભળેલા ઉત્તરો આપ્યા છે. ઉપરના પ્રશ્નના ઉત્તરો યથાર્થ તો અમારા ગુરૂ જાણે છે. તેમને તો ભગવાનના સ્વરૂપનાં દર્શન નિરતંર થાય છે. અને મુક્તિની ઈચ્છાવાળા પુરુષોને ભગવાનના સ્વરૂપની વાર્તા કરે છે.

આવી રીતે કહીને મુક્તાનંદ સ્વામી બોલતા બંધ થયા. પછીથી નીલકંઠ વર્ણી પણ અભિમાન રહિત આપેલા ઉત્તરો સાંભળીને પ્રસન્ન થઈને મુક્તાનંદ સ્વામીને કહેતા હવા કે હે મુને, તમે મારા પ્રશ્નના ઉત્તરો યથાર્થ આપ્યા છે. પહેલાં મેં ઉપરના પ્રશ્નો બહુ પંડિતોને પૂછેલા પણ કોઈ વિદ્વાનોએ તમારા જેવા શાસ્ત્ર પ્રમાણે ઉત્તર આપેલો નહિ અને તમો સચ્છાસ્ત્રોમાં કહેલા, દયાળુ દ્રોહ તેણે રહિત સ્વભાવવાળા, શાંત ચિત્તવાળા, પારકાનો ઉપકાર કરનાર, એ આદિક સારા લક્ષણથી શોભતા સારા સાધુઓ છો. તમારાં દર્શનથી મને ઘણો આનંદ થયો છે.

પછીથી મુક્તાનંદ સ્વામી બોલ્યા કે હે વર્ણી, મેં પણ આ લોકમાં બહુ તપસ્વીઓ જોયા છે પણ તમારા જેવો તો કોઈ પણ તપસ્વી જોયો નથી. વળી ઉપરના પ્રશ્ન પૂછવા અને તેના શાસ્ત્ર પ્રમાણે ઉત્તર આપેલાને જાણવામાં પણ કોઈ

સમર્થ જોયા નથી. જેથી આપશ્રીની બુદ્ધિ ઘણી ઉત્તમ છે. પછી નીલકંઠવર્ણી બધા સાધુઓને સારા ગુણોથી યુક્ત જોઈને તેમણે માન્યા થકા તે સાધુઓના ભાવથી તેમના સમીપે રહેતા હવા. ॥૨૪૨॥

લોજમાં શ્રીનીલકંઠવર્ણી ધ્યાન કરતા હતા તેમને જોઈને મુક્તાનંદ સ્વામી બોલ્યા કે તમો કયા ઈષ્ટદેવનું ધ્યાન ધરો છો ? આ પ્રશ્નનો ઉત્તર વર્ણીએ આપ્યો કે, રાધિકાના પતિ શ્રીકૃષ્ણ મારા ઈષ્ટદેવ છે, તેમનુ હું નિત્ય ધ્યાન, પૂજન, કીર્તન કરું છું. આ કળિકાળમાં દુઃખી જીવોને શ્રીકૃષ્ણ વિના બીજી કોઈ ગતિ નથી. આવું શ્રીનીલકંઠ વર્ણીનું અમૃતતુલ્ય વચન સાંભળીને મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, અમે પણ શ્રીકૃષ્ણનું ભજન-કીર્તન કરીએ છીએ અને રામાનંદ સ્વામીની કૃપાથી તે શ્રીકૃષ્ણ ભગવાનને હૃદયમાં પ્રત્યક્ષ દેખીએ છીએ. અમારા ગુરુ શ્રી રામાનંદ સ્વામી ઉદ્ધવજીનો અવતાર છે. ભક્તમાં ઉત્તમ એવા ઉદ્ધવજીને શ્રીકૃષ્ણ ભગવાને પોતા થકી લગારે ન્યૂન નહીં માનીને ગુરુપદે સ્થાપન કરેલ છે. તેમનો આશ્રય કરીને અમો શ્રીકૃષ્ણભગવાનનું ભજન કરીએ છીએ.

આવું મુક્તાનંદ સ્વામીનું વચન સાંભળીને શ્રીનીલકંઠવર્ણીને યાદ આવ્યું જે અમારા પિતાશ્રી ધર્મદેવે કહ્યું હતું કે, અમારા ગુરુ શ્રી રામાનંદસ્વામી છે અને તે સોરઠ દેશમાં રહે છે. આવું પિતાનું વચન સાંભરી આવવાથી પ્રથમનો ગુરુનો સંબંધ જાણતાં આનંદને પામેલા શ્રીનીલકંઠવર્ણી બોલ્યા કે હવે મને તમારો જ જાણીને હિતનાં વચન કહેજો અને તે ગુરુવર્ય રામાનંદસ્વામીનાં જલદી દર્શન થાય તેવો ઉપાય બતાવો. એમ કહી પોતાનું જન્મચરિત્ર સંક્ષેપથી કહ્યું–

પછીથી મુક્તાનંદ સ્વામી બોલ્યા કે અમારા ગુરુશ્રી હાલમાં ભૂજનગર રહે છે. તેઓશ્રી બે-ત્રણ માસે અહીં આવશે. એમનાં દર્શની ઈચ્છા હોય તો મારા વચનમાં વિશ્વાસ રાખીને અહીં રહો. અમે તમારાથી કાંઈ જુદાઈ રાખીશું નહિ. આવું મુક્તાનંદ સ્વામીનું વચન સાંભળીને સુખેથી રહેલા વર્ણીએ સ્વામીશ્રી ના આવવાથી ચિંતાતુર થઈને ભૂજનગર જવાની ઈચ્છા મુક્તાનંદ સ્વામીને કહી જે તમારા વાયદા પ્રમાણે સ્વામીશ્રી આવ્યા નહિ તો મને ત્યાં જવાની રજા આપો.

આવું વચન સાંભળીને મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, અમારા ગુરુ શ્રી રામાનંદ સ્વામી વૈશાખના વદ પક્ષમાં જરૂર આવશે એમ કહીને જવા દીધા નહિ. તેથી વધારે ચિંતાવાળા થયેલા જોઈને મુક્તાનંદ સ્વામી બોલ્યા કે આપશ્રીના આવવાના

સમાચારનો એક પત્ર હું સ્વામીશ્રી ઉપર લખું છું તો તમારા મનમાં ખેદ પામશો નહિ. તેનો ઉત્તર આવ્યા પછી જવાનો નિરધાર કરીશું. હમણાં જવાની ઉતાવળ કરશો નહિ.

આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીનું વચન સાંભળીને શાંતિથી રહેતા હવા. અને મુક્તાનંદ સ્વામીએ શ્રીનીલકંઠ વર્ણીના બધા સમાચારનો પત્ર લખ્યો પછી બ્રહ્મચારીને કહ્યું કે તમો એક પત્ર સ્વામીશ્રી ઉપર લખો જે તમારો લખેલો પત્ર વાંચી વેલા આવશે. પછી બ્રહ્મચારીએ એક પત્ર લખીને મુક્તાનંદ સ્વામીને આપ્યો. સ્વામીએ પોતાનો તથા બ્રહ્મચારીનો મળીને બે પત્રો એક પરબીડિયામાં બીડીને તે ઉપર રામાનંદ સ્વામીનું સરનામું કરી મયારામ ભટ્ટને તે કવર આપીને ભૂજ મોકલ્યા. સાતમે દિવસે ભૂજ ગયેલા ભટ્ટજીએ ગુરુવર્યશ્રીને પત્ર આપ્યો અને તે પત્રને ફોડ્યો તે જ વખતે પરબીડિયામાંથી અપાર તેજ નીકળ્યું જેથી સુંદરજીભાઈનું ઘર તેજથી ભરાઈ ગયું અને ત્યાં બેઠેલી સભાના માણસો તેજથી અંજાઈ જવાથી એકબીજાને દેખી ન શકતા હવા.

પછી તેજ એક ઘડી પછી દેખાતું બંધ થયું ત્યારે સુંદરજીભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું કે આટલું બધું તેજ શાથી નીકળ્યું ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે અમે જેમની વાટ જોતા હતા તે વર્ણીનો પત્ર આવ્યો. તેમના પત્રમાંથી આગળ જોયેલું તેજ નીકળ્યું છે. તે સાંભળીને સભામાં બેઠેલા સર્વ આશ્ચર્ય પામતા હવા. પછી બન્ને પત્રો વાંચીને અતિ આનંદ પામતા હવા.

તે જ દિવસે સુંદરજીભાઈને ત્યાં સ્વામીને જમવાનો થાળ દૂધપાક-પુરી-ભજીયાં-શાક વિગેરેનો થાળ કર્યો હતો પણ રામાનંદ સ્વામી ઉપરની વસ્તુ ન જમતાં બાજરાનો રોટલો તથા છાશ જમ્યા અને ત્યાં સ્વામીશ્રીનાં જમતી વખતે દર્શન કરવા આવેલા સર્વે ભક્તોને કહ્યું કે આજથી અમારે માટે કોઈ પકવાનનો થાળ કરતા નહિ. પકવાનના થાળ જમનાર શ્રીનીલકંઠવર્ણી સત્સંગમાં આવ્યા છે તેમનાં દર્શન કર્યા પછીથી પકવાન જમીશ માટે કાચો થાળ કરજો.

આવું વચન સાંભળીને સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે સર્વે હરિભક્તો થાળ કરતા હવા. અને સુંદરજીભાઈએ સ્વામીશ્રીને પહેરાવવા માટે સોનાનો કરાવેલો વેઢ લાવ્યા ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે આ વેઢ એક ડાબલીમાં મૂકી પટારામાં મૂકી રાખો જ્યારે શ્રીનીલકંઠ વર્ણી આ ભૂજમાં પ્રથમ આવે ને અંતર્યામીપણે તમારી પાસે માગે ત્યારે તેમને પેરાવજો. આવું કહેવાથી પટારામાં મૂકી રાખ્યો.

પછીથી શ્રીજીમહારાજ ભૂજ પધાર્યા ને સુંદરજીભાઈ પાસેથી તે વેઢ માગીને પોતાના હાથની આંગળીમાં ધારણ કર્યો તેથી અંતર્યામી ભગવાન જાણ્યા. પછીથી લોજથી આવેલા બન્ને પત્રના ઉત્તર લખીને કવરમાં બીડીને તે પત્ર મયારામ ભટ્ટને આપ્યો અને કહ્યું કે તમો ભૂજથી લોજ જતાં રસ્તામાં રહેલાં ગામ-શેખપાટ-ભાદ્રા-માનકુવા-દહીંસરા-માંડવી વિગેરે ગામમાં રહેલા અમારા ભક્તોને કહેતા જજો કે જેને સ્વામીનાં દર્શન કરવાની ઈચ્છા થાય તે ભૂજ ન આવતાં લોજ શ્રીનીલકંઠ વર્ણીનાં દર્શન કરવા જજો એમ કહેતા સતા લોજ જજો.

આ પ્રકારની સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે બધાં ગામોમાં જઈ ઉપરની વાત કહેતા કહેતા લોજ જઈને મુક્તાનંદ સ્વામીને પત્ર આપ્યો. તે પત્ર શ્રીનીલકંઠ વર્ણીએ સહિત સર્વ સંતને વાંચી સંભળાવ્યો અને સ્વામીશ્રીના વહેલા પધારવાના સમાચાર જાણીને વર્ણીજી આનંદ પામતા સતા લોજપુરમાં સુખેથી રહેતા થકા રામાનંદ સ્વામીની આવવાની વાટ જોતાં જેઠ માસ અડધો ગયો પણ સ્વામીશ્રી ન આવ્યા ત્યારે અંતકરણમાં દુઃખ પામતા થકા શાંતિને પામતા હવા. તેટલાકમાં સ્વામીશ્રી પણ વર્ણીરાજનાં દર્શન કરવાની ઈચ્છાથી ઝટ ભૂજનગરથી નીકળીને જલદી પીપલાણા આવીને મુક્તાનંદસ્વામી આદિકને બોલાવવા માટે બ્રાહ્મણને મોકલ્યો. તેમના મુખથી સ્વામીશ્રીના પધારવાના સમાચાર સાંભળીને સર્વ આનંદ પામતા થકા ત્યાં જવા માટે તૈયારી કરીને શ્રીનીલકંઠ વર્ણીએ સહિત મુક્તાનંદ સ્વામી પીપલાણે ગયા.

ત્યાં રામાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ સહ પગે લાગીને બેઠા બાદ બ્રહ્મચારીને પોતાની પાસે બેસાડીને કુશળ સમાચાર પૂછવા લાગ્યા. તે વખતે મુક્તાનંદ સ્વામીએ વર્ણીનું સર્વ વૃત્તાંત કહ્યું તેથી રામાનંદ સ્વામી રાજી થયા અને શ્રીનીલકંઠ બ્રહ્મચારીનાં વખાણ કર્યાં. પછીથી સર્વને તે દિવસ એકાદશી હોવાને લીધે ફળાહાર કરાવ્યું અને શ્રી રામાનંદ સ્વામીનો તથા શ્રીનીલકંઠ બ્રહ્મચારીનો પ્રથમ મેળાપનો દિવસ અત્યંત આનંદ આપનારો સર્વ જનને થતો હવો.

પછીથી રામાનંદ સ્વામીએ બ્રહ્મચારીને જન્મ આદિકના સમાચાર પૂછવાથી વિસ્તારપૂર્વક કહેલા ગામ-નામ-જ્ઞાતિ-માતાપિતા-ગોત્ર-પ્રવર-વેદ-શાખા વિગેરે સાંભળીને પ્રસન્ન થયેલા રામાનંદ સ્વામી બોલ્યા કે તમો તો અમારા છો, કારણ કે તમારાં માતા-પિતાએ મારી પાસે ભાગવતી દીક્ષા પ્રયાગ ક્ષેત્રમાં લીધી હતી. તમે તો તેમના થકી ગુણે કરીને અધિક છો.

માતા-પિતા ઉપર શ્રીરામાનંદ સ્વામીનો ઘણો અનુગ્રહ જોઈને તેમને જ પોતાના ગુરુ કરવાની ઈચ્છાવાળા બ્રહ્મચારી સ્થિર ચિત્ત થઈને સ્વામીશ્રી પાસે રહેતા સતા સ્વામીશ્રીની અનુવૃત્તિ પ્રમાણે સેવા કરવાથી પ્રસન્ન થયેલા રામાનંદ સ્વામી શ્રીનીલકંઠવર્ણીને ભાગવતી દીક્ષા સંવત ૧૮૫૭ના કાર્તિક સુદી એકાદશીને દિવસે આપતા હતા. ત્યારે સ્વામીશ્રીએ **સહજાનંદ** તથા **નારાયણમુનિ** એવું નામ પાડ્યું. પછીથી અતિ પ્રીતિએ કરીને સ્વામીશ્રીને સેવતા હવા. પછી તે સ્વામીશ્રીએ સર્વ સાધુ ગુણથી સંપન્ન અને અતિ સમર્થ એવા જે શ્રીનારાયણમુનિને જોઈને પોતાની જે ધર્મધુરા તે શ્રીનારાયણમુનિને સોંપતા હવા અને પછીથી પોતાના શિષ્ય મંડળ સહિત ગામ-ફણેણીમાં આવીને સંવત ૧૮૫૮ના માગશર સુદી તેરસે અંતર્ધાન થતા હવા.

પછીથી રામાનંદ સ્વામીની ગાદીએ બેઠેલા શ્રીનારાયણમુનિ તે પોતાના ગુરુની દેહક્રિયા વિધિ પ્રમાણે કરીને ધર્મધુરાને ઉપાડી લેતા થકા શ્રીરામાનંદ સ્વામીના શિષ્ય-સાધુ-બ્રહ્મચારી-ગૃહસ્થ તેમની સચ્છાસ્ત્રના ઉપદેશે કરીને સંભાવના કરતા થકા પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડતા સતા. તેમના ચિત્તને પોતાની મૂર્તિમાં તાણી લેતા હવા. ॥૨૪૩॥

લોજમાં શ્રીનીલકંઠ બ્રહ્મચારી સુખાનંદ સ્વામીના કહેવાથી શ્રીરામાનંદ સ્વામીની જગ્યામાં આવીને મુક્તાનંદ સ્વામીને મળીને સંત ભેગા રહેલા વૈરાગ્યવાળા બ્રહ્મચારીને મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે તમે હવે ત્યાગી સાધુ ભેગા રહ્યા છો તેથી સ્વામીશ્રીની અમને આજ્ઞા છે તે પ્રમાણે વેશ રાખવો પડશે. પછી ત્યાગના આશ્રમમાં રહેવાની ઈચ્છાવાળા બ્રહ્મચારીએ કહ્યું કે જેમ તમે કહેશો તેમ કરીશ. આવું વચન સાંભળીને મુક્તાનંદ સ્વામીએ બ્રહ્મચારીના મસ્તકે રહેલા કેશને મુંડાવીને ઉતરાવ્યા. પછી સ્નાન વિગેરે વિધિ કરાવીને બે કૌપીન તથા ઉપર પહેરવાનાં બે વસ્ત્રો-અલફી-એક ચાદર અને મસ્તકે બાંધવા માટે વસ્ત્ર આદિક આપીને **સરજુદાસ** નામ પાડ્યું. પછી બ્રહ્મચારીને સર્વ સંતો સરજુદાસના નામથી બોલાવવા લાગ્યા.

સ્વામીશ્રીની જગ્યામાં ઘણાં વર્ષથી ચાલી આવતી રીતિ પ્રમાણે નવા આવેલા શિષ્યની પાસે છાણ ભેગું કરીને છાણાં થપાવવાં, રસોઈ કરવા માટે લાકડાં-છાણાં વગડામાં જઈ વીણી લાવવાં, તળાવથી પાણી લાવવું, ખાખરાનાં અગર વડનાં પાંદડાં લાવીને પતરાવળાં તથા પડીયા બનાવવા, ગાયો તથા ભેંસો ચારવી, જમીનને

લીપવી, વાસણો માંજવાં, જમવા બેઠેલી પંક્તિમાં પીરસવું, કાવડ મંગાવીને એ આદિક નીચી ટેલને ગુરુ થયેલા પુરુષો શિષ્ય પાસે કરાવે છે. તપ કરવાથી દુર્બળ થઈ ગયેલા અઢાર વર્ષની ઉંમરવાળા બ્રહ્મચારી ઉપરની બધી ટેલ ચાકરી અતિ આનંદથી કરતા હતા. પછી બ્રહ્મચારીમાં બધા સાધુપણાને શોભાડે એવા સારા ગુણો જોઈને તેમજ ભગવાન સંબંધી સારું જ્ઞાન તથા શ્રીભગવાનની ઉત્તમ ભક્તિ જોઈને મુક્તાનંદ સ્વામીએ ઉપરની સઘળી ટેલ કરાવવી બંધ રખાવી.

પછીથી શ્રાવણ માસમાં મુક્તાનંદ સ્વામી રામાયણની કથા કરવા જીવરાજભાઈ શેઠના ડેલામાં જતી વખતે સરજુદાસને કથા સાંભળવા આવવાનું કહીને ગયા. કથા કરવાના સ્થાનમાં સરજુદાસજીએ સ્ત્રીપુરુષની એકઠી સભા જોઈને ત્યાગીઓએ પુરુષોની સભામાં બેસવું પણ સ્ત્રીઓની સભામાં બેસવું નહિ, કારણ કે સ્ત્રીઓની સભામાં બેસવાથી બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય છે માટે સ્ત્રીઓની વાત ન સાંભળવી તથા સ્ત્રીઓને વાત ન કહેવી. એ આદિક આઠ પ્રકારથી સ્ત્રીનો ત્યાગ કરે તેનું બ્રહ્મચર્યવ્રત ગણાય.

આવી રીતે ઉપદેશ આપવાથી મુક્તાનંદ સ્વામી પણ નિષ્કામવ્રતવાળા હોવાથી સરજુદાસની આજ્ઞા મસ્તકે ચઢાવીને કથા વાંચવાની બંધ કરીને કથા સાંભળવા આવેલી બાઈઓને છેલ્લી વખતે રામરામ કહીને પોતાની જગ્યામાં આવ્યા. આ જ દિવસથી કથા આદિક પ્રસંગમાં બાઈભાઈનો ભેળસેળ બંધ થયો. સ્ત્રીઓની સભા તથા પુરુષોની સભા નોખી થવાનો આરંભ થયો, જેથી પ્રથમથી ચાલી આવતી રીતિ બંધ થવાથી કેટલાંક સ્ત્રીપુરુષોને સારું લાગ્યું નહિ.

ભગવા વસ્ત્રને ધારણ કરનારી ને બ્રહ્મચર્યવ્રત પાળનારી આત્માનંદ સ્વામીની ચેલીઓ હરબાઈ તથા વાલબાઈએ ઉપાધિ કરી પણ તેમનું મુક્તાનંદ સ્વામી આગળ કાંઈ ચાલ્યું નહિ. અને તે બેઉ બાઈઓને ઉદ્ધવ સંપ્રદાય થકી વિમુખ કરીને કાઢી મૂકતા હવા. વળી સાધુની રહેવાની જગ્યાની ભીંતમાં એક ગોખલો રાખ્યો હતો જે ગોખલાથી વાળંદના ઘરમાંથી દીવો દેવતા લેવાના તથા દેવા કામમાં વપરાતો હતો તે પણ તરત પુરાવી દીધો અને જગ્યામાં થઈને સ્ત્રીઓને જવા-આવવાનો રસ્તો હતો તે પણ સરજુદાસદજીએ બંધ કરાવ્યો અને ત્યાગીઓએ એકલા જોડ વિના ચાલવું નહિ આવી રીત ચલવી તેથી પ્રથમ ચલાવેલી રીત અત્યાર સુધી શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં ચાલે છે. ॥૨૪૪॥

ગઢડાથી શ્રીજીમહારાજની આજ્ઞાથી મંડળે સહિત મુક્તાનંદ સ્વામીને તથા મંડળે સહિત બ્રહ્માનંદ સ્વામીને દેશાંતરમાં ફરવા મોકલ્યા તે બન્ને દેશમાં ફરતા ફરતા એક ગામમાં ભેગા થઈ ગયા. પછી તે ગામમાં રહેલી ધર્મશાળામાં ઉતારો કર્યો અને પોતાની પાસે આવેલા મુમુક્ષુઓને કથાવાર્તાથી બોધ આપતા હવા. પછીથી મુક્તાનંદ સ્વામીએ સાધુઓને કહ્યું કે જોળી માગી લાવો. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે શ્રીસ્વામિનારાયણ ભગવાનનું વચન છે. જે મારું ધ્યાન કરે અથવા તો કથાવાર્તા કરે તેઓને હું લાડવા જમાડું. માટે આજે આપણે જોળી માગવા કોઈને મોકલવા નથી. ચાલો આપણે કથાવાર્તા કરીએ અને જોઈએ જે આપણને શ્રીજીમહારાજ કેવા લાડવા જમાડે છે ?

ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે જો આપણી દૃઢ ટેક હશે તો શ્રીહરિ લાડુ જમાડશે જ. પછી સર્વ સંતો ધ્યાન તથા કથાવાર્તા કરવા લાગ્યા. બાર વાગતાં ચાર-પાંચ બ્રાહ્મણો ધર્મશાળાનું બારણું ઉઘાડીને ધર્મશાળામાં આવીને બોલ્યા કે આ ગામમાં એક શેઠ બ્રાહ્મણોને જમાડે છે. તે શેઠે તમારા માટે લાડુ, શાક, ભજીયાં, ભાત, દાળ, અથાણું, રાયતાં, પાપડ વિગેરે મોકલાવ્યું છે માટે તમો જમવા ઊઠો.

આવું બ્રાહ્મણનું વચન સાંભળીને સર્વે સંતોની પંક્તિ થઈ. પછી બ્રાહ્મણોએ તાણ કરવા પૂર્વક ખૂબ પીરસીને જમાડ્યા. સંતો જમી રહ્યા પછી બ્રાહ્મણો વાસણો વિગેરે લઈને પાછા ગયા. અને મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિક સંતો ફરીથી કથા કરવા લાગ્યા. પછી સાંજના સમયે તે ગામથી બીજે ગામ જવા નીકળેલા સંતો ગામ વચ્ચે ચાલતા બજારમાં પોતાની દુકાને બેઠેલા શેઠને બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું કે આ ગામમાં કયા શેઠે બ્રાહ્મણોને જમાડ્યા ? ત્યારે શેઠે કહ્યું કે આ ગામમાં તો બધા શઠ છે. કોઈ બ્રાહ્મણોને જમાડે તેવા નથી.

તે સાંભળીને આગળ ચાલતા મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે એ તો સર્વના અંતરના સંકલ્પ જાણનાર પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી ભગવાન તમારો સંકલ્પ જાણીને લાડવા જમાડી ગયા છે. શ્રીજીમહારાજનો દૃઢ વિશ્વાસ હોય તો શ્રીહરિકૃષ્ણમહારાજ હાજરાહજુર છે. પછી સર્વે સંતોએ જાણ્યું કે શ્રીવૃત્તાલયવિહારી શ્રીહરિએ આપણને પ્રત્યક્ષ પરચો આપ્યો છે, માટે તેમના જેવા કોઈ દયાળુ નથી તો તેમના વચનમાં વિશ્વાસ હોય તો જરૂર આપણો સંકલ્પ પૂરો કરે છે. ॥૨૪૫॥

ગઢડાથી શ્રીજીમહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી પચાસ સાધુઓને લઈને મારવાડ દેશમાં સત્સંગ કરાવવા ગયા હતા. તે સંતો ભેગા પણ હતા. તે સમયમાં શ્રીજીમહારાજે સર્વ સંતોને ગોળ, સાકર, ઘી, દૂધ વિગેરે ગળ્યું ચીકણું ન ખાવાનું પ્રકરણ ચાલતું હતું. નવા આરંભ થયેલા સંપ્રદાયને કોઈ માનતું નહિ. ગામેગામ આવકારને બદલે અપમાન થતું તે સહન કરવું જ પડતું. આવા દુઃખમય સમયમાં માગવાથી ભિક્ષા મળવી પણ ઘણી કઠણ હતી. તેમાં પણ મારવાડ જેવા દેશમાં જ્યાં પૂરતું પાણી ન મળે ત્યાં અન્નની આશા પૂરણ શી રીતે થાય ?

આવા દેશમાં ફરતાં ફરતાં ત્રણ દિવસ સુધી સંતોને અન્ન ન મળવાથી ત્રણ ઉપવાસ થયા પણ મનમાં દુઃખ ન માનતાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન, ભજન, કથા, વાર્તા કર્યા કરતા હતા. ચોથે દિવસે શ્રીજીમહારાજની પ્રેરણાથી એક બ્રાહ્મણ સાધુઓ પાસે આવ્યો. સંતોને નમસ્કાર કરીને પાસે બેઠો. પછી મુક્તાનંદ સ્વામીએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી વાતો કરી તેથી બ્રાહ્મણ સ્વામીનાં વચન સાંભળીને આનંદ પામ્યો અને મુક્તાનંદ સ્વામીને પ્રાર્થનાપૂર્વક કહ્યું કે તમો સર્વ સંતો મારે ઘેર જમવા આવો તો હું રસોઈ કરાવું.

આવું બ્રાહ્મણનું વચન સાંભળીને મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે અમારા ગુરુ શ્રીસ્વામિનારાયણ ભગવાને હાલમાં કોઈ સાધુઓએ ગળ્યું, ચીકણું ન ખાવું આવા વર્તમાન અમને આપેલા તેને અમો પાળીએ છીએ. માટે કોઈ પકવાન ન કરતાં એકલી ઘી નાંખ્યા વગરની ખીચડી કરો તો અમે તમારે ઘેર જમવા આવીએ.

આવું વચન સાંભળીને બ્રાહ્મણે હા કહી કે તમારા કહેવા પ્રમાણે ખીચડી કરીશ એમ કહીને ઘેર જઈને ખીચડી તૈયાર કરીને સંતોને બોલાવવા આવ્યો જેથી જમવા માટે સંતો તેને ઘેર ગયા. એક પાત્રમાં ભગવાનને જમાડવા માટે ખીચડી કાઢેલી તેમાં થોડું ઘી નાંખીને ભગવાનને જમાડીને પ્રસાદીની ખીચડી બીજી ખીચડીમાં ભેળવી દીધી. પછી મુક્તાનંદ સ્વામી આદિક સંતો જમવા બેઠા અને બ્રાહ્મણે સંતોને પીરસવા માંડ્યું તે વખતે ઘીની સુગંધ આવવાથી ભાઈ આત્માનંદ સ્વામીએ બ્રાહ્મણને પૂછ્યું કે ખીચડીમાં ઘી નાખ્યું છે ? ત્યારે તેણે જવાબ આપ્યો જે તમારે માટે ખીચડીમાં ઘી નાખ્યું નથી પણ વિષ્ણુભગવાનના નૈવેદ્ય માટે થોડું ઘી નાંખીને ભગવાનને જમાડેલી ખીચડી આ ઘણી ખીચડીમાં મેળવી છે.

આવું બ્રાહ્મણનું સત્ય વચન સાંભળીને આત્માનંદ સ્વામી કહે હું ખીચડી નહિ જમું. એમ કહીને ઊભા થઈ ગયા. તેથી બ્રાહ્મણ નિરાશ થઈ ગયો. આ વખતે મુક્તાનંદ સ્વામીએ વિચાર કર્યો કે સંતને ત્રણ ઉપવાસ થયા છે અને ખીચડી જેવું નિસ્વાદી ભોજન મળ્યું છે અને બ્રાહ્મણે પણ ભાવથી જેમ કહ્યું તે પ્રકારે કર્યું છે અને જમવા માટે બેસાર્યા છે અને આ વખતે આત્માનંદ સ્વામીએ વાંધો કાઢ્યો છે તે શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે તો બરોબર છે પણ દેશકાળ આદિકનો વિચાર કરતાં બરોબર નથી અને દેશકાળ, વય, વિત્ત, જાતિ અને શક્તિને પ્રમાણે ધર્મ પાળવાની આજ્ઞા ધર્મશાસ્ત્રમાં કહેલી છે. સારા સમયમાં બીજો ધર્મ અને વિપરીત સમયમાં બીજો ધર્મ હોય છે માટે ધર્મનું છાનું તત્ત્વ જાણીને વિચાર કરતાં જમાડનાર ભાવવાળો બ્રાહ્મણ છે અને જમનાર ત્રણ દિવસના ઉપવાસી સંત છે માટે જો હું આત્માનંદ સ્વામીની પેઠે ઊઠી જઈશ તો ત્રણ દિવસના ભૂખ્યા સંતોને ચોથો ઉપવાસ થશે અને ભાવવાળા બ્રાહ્મણની રસોઈ બગડશે અને સંતોના ગુણને બદલે અવગુણ આવશે. તેથી બ્રાહ્મણના જીવનું સારું નહિ થાય. વળી ઘી કાંઈ સંત માટે નાખ્યું નથી પણ ભગવાનના નૈવેદ્યમાં થોડું નાખેલું છે માટે દેવનું નૈવેદ્ય લેવામાં બાધ નથી.

આવો વિચાર કરીને આત્માનંદ સ્વામીને જમવા માટે કહ્યું પણ તેમણે તો માન્યું નહિ ત્યારે મુક્તાનંદ સ્વામીએ બધા સંતોને કહ્યું કે તમો સુખેથી જમો અને હું પણ તમારી સાથે જમું છું, અને તેનો કાંઈ દોષ લાગશે તો તે દોષ મારે માથે છે. એમ આજ્ઞા આપવાથી સર્વ સંતો જમ્યા. તેથી સંતો તથા બ્રાહ્મણ ઘણો સંતોષ પામ્યા. અને તે બેના સંતોષથી ભગવાન પણ સંતોષને પામ્યા. પછી જ્યારે સર્વ સંતનું મંડળ લઈને મુક્તાનંદ સ્વામી ગઢડામાં વિરાજમાન શ્રીહરિકૃષ્ણ ભગવાન પાસે આવ્યા ત્યારે આજ્ઞાનું ઉલ્લંગન કર્યાની ક્ષમા માગતા હવા. અને આજ્ઞા પાળનાર આત્માનંદ સ્વામીનાં વખાણ કર્યાં.

ત્યારે શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામીના વર્તનને પસંદ કરીને તેમનાં વખાણ કરતા હતા. અને આત્માનંદ સ્વામીને ઠપકો આપતા હવા. અને કહ્યું કે સર્વ સંતના બરોબર વર્તવું તે જ ધર્મ છે. આવી રીતે કહીને શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને મુક્તાનંદ સ્વામીને મળતા હવા ને પોતાના બે હસ્ત સ્વામીના માથા ઉપર મૂકીને કહેતા હવા જે મુક્તાનંદ સ્વામી તો આખા સત્સંગની મા છે. જેમ માતા પોતાના પુત્રનું પાલનપોષણ કરે છે તેમ મુક્તાનંદ સ્વામીએ બધા સંતનું હિત જ કર્યું છે. તે જ પ્રમાણે સર્વ સંતનું હિત કરવું તે જ આ વાતનો સિદ્ધાંત છે. ॥૨૪૬॥

મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા લોયાના ત્રીજા વચનામૃતમાં ગણાવેલા હરિભક્તની વાર્તાઓ

ગઢડાથી શ્રીજીમહારાજ વડથલ ગામ પધાર્યા હતા. ત્યાં ધર્મસિંહ નામે ગરાસીયા સત્સંગી હતા, તેમને શ્રીજીએ ડડુસરવાળા રજપૂત ગલુજીને કાગળ આપવા મોકલ્યા હતા. તે પત્ર લઈને ધર્મસિંહ ગામ ડડુસર જઈને ગલુજીને કાગળ આપ્યો તે વખતે ગલુજીને વાળુ કરવાનો વખત હતો તેથી તેમની માએ દીવો કરીને થાળી જમવા પીરસેલી હતી, તે વખતે આપેલો પત્ર તેમાં લખેલું કે આ પત્ર વાંચીને તુરંત ઘરની સર્વ સમૃદ્ધિ ગાડામાં ભરીને તમારી માતુશ્રીને ઘેર રાખીને તમો વડથલ આવો. તે વખતે ગલુજી શ્રીજીની આજ્ઞા માથે ચઢાવીને શ્રીજી પાસે ગયા.

હવે ગલુજી શ્રીજી પાસે આવ્યા તે જ રાત્રિએ ડડુસરમાં એવો બનાવ બન્યો કે બસો ગરાસીયાએ એક સંપ કર્યો કે આજ રાત્રિએ ગલુજીની ઘર સમૃદ્ધિ લૂંટી લઈને તેમને મારી નાખવાં. આવો ઠરાવ કરીને બસો સવારો ગલુજીના ઘરની ચારે કોર ઘેરીને ઊભા રહ્યા. અને ઘરમાં દીવા બળતા હતા તે જોઈ મકાનમાં ઊતરી ખાલી ઘરમાં સૂતેલાં ગલુજીની માતુશ્રીને પૂછ્યું જે ઘર ખાલી કેમ છે ? અને ગલુજીભાઈ ક્યાં ગયા છે ? ત્યારે ડોસીએ કહ્યું કે તે તો શ્રીસ્વામિનારાયણ ભગવાનના બોલાવાથી વાળુ કર્યા સિવાય ઘરની સર્વ સમૃદ્ધિ લઈને વડથલ ગયા છે. ત્યારે ગરાસીયા બોલ્યા કે આજે ગલુજીને મારી નાખવા હતાં, ને ઘર લૂંટી જવું હતાં. પણ શ્રીસ્વામિનારાયણ ભગવાન ખરા કે તેમણે તેમના ભક્ત ગલુજીને ઉગારી લીધા.

એમ કહીને તે ગરાસીયા બોલ્યા કે ડોસીમા તમે ગલુજીને કહેજો કે હવે અમારે તમારી સાથે કાંઈ વેર નથી અને જેમ તમો શ્રીસ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરીને ભજો છો તેવી રીતે અમને પણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવીને તેમનું ભજન કરીએ તેવો આશીર્વાદ આપે તેમ કહેજો અને અમારા અપરાધ માફ કરે તેમ કહેજો.

આટલું કહીને શ્રીજીમહારાજ પ્રત્યક્ષ ભગવાન છે એવો નિશ્ચય કરીને ડોસીમાને જયશ્રી સ્વામિનારાયણ કહીને પોતાને ઘેર ગયા.

વળી કોઈ વખતે શ્રીજીમહારાજ ડડુસર પધારવાના હતા તે વખતે ગલુજીનાં માતુશ્રી માંદાં હતાં ને જે દિવસે મહારાજશ્રી પોતાના ગામ આવવાના હતા તે દિવસે ગલુજીનાં માતુશ્રી દેહ મૂકી ગયાં તેથી ડોસીમાનું શબ લૂગડે બાંધીને બળદ બાંધવાની કોડના પાટડા સાથે લટકાવી દીધું અને મરણ પોક પાડી નહિ. અને શ્રીજીમહારાજ પધાર્યાની ખબર જાણી સાદો પોશાક પેરીને વાજંત્ર લઈને શ્રીજીને સામા ગયા ને દંડવત્ પ્રણામ કરીને મહારાજશ્રીને કહ્યું કે આ શેઠ મારા મિત્ર છે ને તે કહે છે કે તમો શ્રીજીમહારાજને પધરાવવાનો વારંવાર લાભ લ્યો છો પણ કોઈ વાર અમને તે લાભ અપાવો તેથી આજે તમારો તથા સંતમંડળનો ઉતારો તેમને ઘેર રાખ્યો છે તેથી તે રાજી થાય તેમ કરો.

એમ કહીને પોતાનો કોઈને સ્પર્શ ન થાય તેવી રીતે ગાજતેવાજતે ગામમાં સવારી સાથે શ્રીજીમહારાજને શેઠને ઘેર પધરાવ્યા. અને શેઠે શ્રીજીની તથા સંતની ઘણાં જ પ્રેમથી સેવા કરી. પછી મહારાજશ્રી તથા સંતમંડળ જમીને તૈયાર થયા ને ગલુજીભાઈને શ્રીજીએ કહ્યું અમારે આજે વડતાલ જવું છે માટે અમને રજા આપો. બીજી વાર આવીશું ત્યારે તમો કહેશો તેમ કરીશું.

મહારાજશ્રીના કહેવાથી ગલુજીએ તેમજ કર્યું ને વાજંત્ર વગાડીને ઘણી ધામધૂમથી શ્રીસ્વામિનારાયણ ભગવાનને વળાવ્યા. ને પોતાનો કોઈને સ્પર્શ ન થાય તેવી રીતેસીમાડા સુધી વળાવ્યા. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે ગલુજી તમે વેલાસર ઘેર જાઓ ને ડોશીમાના દેહનો સંસ્કાર કરો. તેથી ગલુજીએ ઘેર આવીને માતુશ્રીના દેહનો સંસ્કાર કર્યો. આવી રીતે જેને ભગવાન અને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તે લોકલાજનો ત્યાગ કરે, તેવી રીતે ગામ ડડુસરવાળા રજપૂત ગલુજીએ કર્યું હતું. ॥૨૪૭॥

ગઢડાથી શ્રીજીમહારાજની આજ્ઞાથી પરમ ચૈતન્યાનંદ સ્વામી દેશાંતરમાં ફરવા ગયા હતા. તે ફરતા ફરતા ધર્મપુર ગયા ત્યાં કુશળ કુંવરબાઈએ પોતાને ગામ આવેલા સંતને પોતાના બગીચામાં ઉતારો આપ્યો અને રાણી પુરુષનાં લૂગડાં પેરીને ઉપદેશ સાંભળવા ગયાં અને સ્વામીને પ્રણામ કરીને પાસે બેસવા આવે છે ત્યાં સ્વામીને ખબર પડવાથી કહ્યું કે અમારા સ્થાનમાં કોઈ સ્ત્રીએ આવવું નહિ ને આવશે તો અમારે ઉપવાસ કરવો પડશે, કારણ કે આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ કરવો એવી અમારા ભગવાન શ્રીસ્વામિનારાયણની આજ્ઞા છે તથા ધનનો ત્યાગ કરવો એવી પણ આજ્ઞા છે.

તે સાંભળી રાણી વિસ્મય પામ્યાં અને વિચાર કર્યો કે આવા સ્ત્રીધનના ત્યાગી આ કળીકાળમાં પણ છે. પછી બીજા ઓરડામાં બેસીને બારણામાં ચક નંખાવીને બીજા પુરુષ દ્વારા સ્વામીશ્રીને પુછાવ્યું જે, તમારા ગુરુ કોણ છે ? ત્યારે સ્વામી બોલ્યા કે અમારા ગુરુ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે અને તે હાલ કાઠિયાવાડમાં ગઢડા ગામમાં દાદાખાચરના દરબારમાં રહે છે. તેમના કરેલા પાંચસો પરમહંસ મારા જેવા છે.

તે સાંભળીને રાણીને નિશ્ચય થયો જે શ્રીસ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે. નહિ તો આવા સાધુ કળીકાળમાં હોય જ નહિ. પછી દરરોજ છેટેથી સ્વામીશ્રીની વાતો સાંભળીને શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય કર્યો અને પોતાની સેવા નિરંતર શ્રીજીના ઉપયોગમાં આવે તે માટે ઉત્તમ કમોદનાં ફોતરાં પોતાના હાથના નખથી ફોલીને તે અણિશુદ્ધ અને સુગંધવાળા ચોખાની કોથળીઓ ભરીને શ્રી ગઢડે મોકલતાં. આવી તેમની ભક્તિ જોઈને શ્રીજીમહારાજ તેમને પોતાનાં પ્રત્યક્ષ દર્શન આપતા. અને તેમની ભક્તિને આધીન થઈને તેમણે અર્પણ કરેલાં તુળસી, ચંદન, પુષ્પના હાર, થાળ વિગેરે પ્રત્યક્ષ અંગીકાર કરતા.

રાણીએ એક દિવસે પરમચૈતન્યાનંદ સ્વામીને હાથ જોડીને કહેવડાવ્યું કે હવે શ્રીજીમહારાજ બ્રહ્મચારી-સંતમંડળ-પાર્ષદ-હરિભક્ત-મોટીબા-લાડુબા-રાજબાઈ-દાદાખાચર સહિત અહીં પધારે તો ઠીક. ત્યારે સ્વામી બોલ્યા જે ભગવાન તો સ્વતંત્ર છે પણ પોતે ભક્ત વત્સલ છે તે આપની ભક્તિને આધીન થઈને થોડા દિવસમાં પધારશે. પછી શ્રીજીમહારાજ તેમનો સંકલ્પ જાણીને ગઢડાથી ધર્મપુર જવા નીકળ્યા. અને વડતાલ આવીને ફરતાં ફરતાં સુરત થઈને આપને ત્યાં અમુક દિવસે આવીશું એવો પત્ર મળ્યા બાદ થોડા દિવસમાં શ્રીજીમહારાજ ધર્મપુર પધાર્યા.

પછી રાણીએ ઘણી ધામધૂમથી સામૈયું કર્યું અને પોતાના કુંવર વિજયદેવને સાથે લઈને ગામની ભાગોળ સુધી સામાં ગયાં અને કુંવરને શ્રીજીમહારાજ પાસે લઈ જઈને પગે લગાડ્યા. અને કહ્યું કે સર્વ પ્રજાને દર્શન થાય માટે સોનેરી વસ્ત્ર ધારણ કરીને અંબાડીવાળા હાથી ઉપર બેસો.

આવી પ્રાર્થના સાંભળીને શ્રીસ્વામિનારાયણ ભગવાન હાથી ઉપર વિરાજમાન થયા અને સંત-બ્રહ્મચારીને રથમાં, પાલખીમાં બેસાડીને અને લાડુબા-જીવુબા વિગેરેને ગાડીઓમાં બેસાડીને પોતાના ઘેર સર્વેને લાવીને યથાયોગ્ય ઉતારા કરાવ્યા

અને તે દિવસથી તે જ્યાં સુધી શ્રીજમહારાજ રહ્યા ત્યાં સુધી દરરોજ નોખી નોખી રસોઈઓ કરાવીને જમાડતાં અને શ્રીજીમહારાજે તે ગામમાં બહુ જ ઐશ્વર્ય બતાવીને જીવોનોમોક્ષ કર્યો.

પછી રાણીએ પોતાનું રાજ શ્રીજીમહારાજને અર્પણ કર્યું ત્યારે શ્રીજી કહે હું રાજ્યને નથી ઈચ્છતો. મારે અસંખ્ય કોટિ બ્રહ્માંડનું રાજ્ય છે છતાં અનેક જીવનો મોક્ષ કરવા સર્વ અક્ષર મુક્તોએ સહિત આ ભરતખંડમાં પ્રગટ થયો છું. એમ કહીને શ્રીજીએ તે રાણીના પુત્રને પોતે રાજગાદીએ બેસાડ્યા. પછી શ્રીજીએ કુશળ કુંવરબાઈને કહ્યું કે મારી મૂર્તિને નખથી શિખા પર્યંત ધાર્યા કરજો. એક અંગ ત્રણેવ અવસ્થામાં દેખાય ત્યારે બીજું અંગ ધારજો. આવું કરવાથી આ મનુષ્યશરીરનો ત્યાગ કરાવીને મારા અક્ષરધામમાં મારી સેવામાં કાયમ રાખીશ.

આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને રાણીએ તેવો અભ્યાસ મૂર્તિ ધારવાનો રાખ્યો. પછીથી શ્રીજીમહારાજને તથા સંતને તથા દાદાખાચર વગેરે હરિભક્તોને પ્રસન્ન કરી ધામધૂમથી શ્રીજીમહારાજને વળાવ્યા. અને શ્રીજીમહારાજની સંઘાથે સદ્‌ગુરુ પરમ ચૈતન્યાનંદ સ્વામી ધર્મપુરથી ગઢપુર આવ્યાને કુશળ કુંવરબાઈ શ્રીજીમહારાજનું ભજન કરતાં હવાં, જેથી શ્રીજી તેમને પ્રસન્ન થઈને પોતાના અક્ષરધામમાં લઈ જતા હવા. ॥૨૪૮॥

ગઢડાના એભલખાચરનાં દીકરી લાડુબા શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત તથા પૂર્વનાં મુક્ત હતાં. તેમણે પોતાના મનથી એવો સંકલ્પ કર્યો કે આ દેહથી આઠ પ્રકારે પુરુષનો ત્યાગ કરી બ્રહ્મચર્ય પાળી શ્રીજીમહારાજની ઉપાસના તથા ભક્તિ કરવી છે પણ વિષય ભોગવવા નથી. તેમના પિતાએ પરણાવ્યાં હતાં પણ પરણેલા પતિનો ત્યાગ કરી અખંડ બ્રહ્મચર્ય રાખી શ્રીજીમહારાજની એકાંતિક ભક્તિ કરતાં હતાં. શ્રીજીએ રાધાકૃષ્ણ સહિત પોતાની છાપની મૂર્તિ પૂજવા માટે લાડુબાને આપી હતી તેને નિરંતર પૂજતાં. પછી પૂજા કરતાં તેમણે રાધિકાજીને કૃષ્ણની પૂજા કરતાં દીઠાં. તે જોઈ પોતે પ્રાર્થના કરી જે હે મહારાજ, જેમ રાધિકાજીની સેવા અંગીકાર કરો છો તેમ મારી સેવા અંગીકાર કરો એવી ઈચ્છા રાખું છું.

પછી લાડુબાની ભક્તિથી વશ થયેલા શ્રીજીમહારાજે તેમનો મનોરથ પૂરો કરવા માટે પૂજા કરતી વખતે મૂર્તિને અર્પણ કરેલ ચંદન-તુળસી-પુષ્પના હાર નૈવેદ્ય આદિક જે જે મૂકે તે તે વસ્તુને પ્રત્યક્ષ જેમ હોય તેમ પોતે શ્રીજીમહારાજ જમતા હતા.

વળી લાડુબા કારીયાણીથી વેલ જોડાવીને ગઢડે આવતાં હતાં. મારગમાં તેમણે અખંડાનંદ સ્વામીને જોયા. તેમને લોહીખંડ પેટ બેસણું થયું હતું. તે જોઈ પોતાના માણસ પાસે કહેવડાવ્યું જે તમો આ વેલમાં બેસો. હું ચાલીને ગઢડા આવીશ. એમ કહીને સ્વામીને વેલમાં બેસાડ્યા અને પોતાની પાસે બહુ કીમતી કીનખાબની રજાઈઓ હતી તે સ્વામીને પાથરી આપી. તેવી ચાકરી કરીને સ્વામીને ગઢડે પહોંચાડ્યા.

તે જોઈ શ્રીજીમહારાજે કહ્યું જે આવી ભારે કીમતી રજાઈઓ બગાડી તે કરતાં જૂની પાથરી હોત તો ઠીક. ત્યારે લાડુબા બોલ્યાં જે હે મહારાજ, તમારા પ્રતાપથી તેવી કીંમતવાળી રજાઈઓ ઘણી મળશે પણ તમારી મૂર્તિને અખંડ ધારી રાખનાર અને પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન એવા જે તમે તે તમારી ઉપાસના કરનાર અક્ષરમુક્ત આવા સાધુ ક્યાંથી મળે ?

એવું સાંભળીને શ્રીજી ઘણું પ્રસન્ન થયા અને કહ્યું કે તમારી ભક્તિને અને દ્રઢતાને ધન્ય છે. તમારી આવી ભક્તિ જોઈને હું તમારા દરબારમાં અખંડ રહ્યો છું તેમજ શ્રીગોપીનાથજીની મૂર્તિમાં પણ નિવાસ કરીને રહેલો છું માટે મારું પૂજન-ભજન હંમેશ કરજો, જેથી હું પ્રસન્ન છું. વળી વધારે પ્રસન્ન થઈશ. આવી રીતનું શ્રીજીનું વચન સાંભળીને લાડુબાઈ પોતાનું તન-મન અને ધન શ્રીસ્વામિનારાયણ ભગવાનને અર્પણ કરીને અનન્ય ભક્તિ કરતાં હવાં. ॥૨૪૯॥

જેતપુરમાં મોટાં રામબાઈ બ્રાહ્મણ હતાં ને પરોક્ષ ભક્તિ કરતાં અને કીર્તન બોલતાં અને શ્રીકૃષ્ણ ભગવાનનું નામ ઉચ્ચ સ્વરે બોલતાં ત્યારે ભગવાન આકાશવાણીરૂપે હોંકારો આપતા. તેવામાં તેમના સગા પીઠવડીના બ્રાહ્મણ શીવરામ તેમને ઘેર આવ્યા. તે બાઈએ નિત્ય નિયમ પ્રમાણે ભગવાનનું નામ ઉચ્ચારણ કર્યું ત્યારે હોંકારો દીધો. તે સાંભળી શીવરામભાઈ બોલ્યા કે આ તો શ્રીસ્વામિનારાયણ ભગવાન દાદાખાચરના દરબારમાં રહે છે તેમનો શબ્દ છે. તેથી તે રામબાઈ કહે મને તેમનાં દર્શન કરાવો. પછી તે બન્ને જણ ગઢડે આવ્યાં.

શ્રીજીમહારાજનાં દર્શન કરીને રામબાઈને નિશ્ચય થયો જે મને હોંકારો આપે છે તે જ આ ભગવાન છે તેથી રામબાઈ સત્સંગી થઈને ઘેર આવ્યાં. ત્યારે તેમના પતિ વિગેરે સંબંધીઓએ તેમને બહુ જ દુઃખ આપ્યું પણ તે રામબાઈએ સત્સંગ છોડ્યો નહિ. વળી તેમનો પતિ રાત્રિએ સૂઈ જાય ત્યારે રામબાઈની

છાતી ઉપર ખાટલાનો પાયો મૂકીને સૂવે તેવું દુઃખ ઘણાં દિવસ સહન કર્યું. પછી શ્રીજીની પ્રાર્થના કરી કે તમે ઘણાં ભક્તનાં દુઃખ નાશ કર્યાં છે ને મારું દુઃખ કેમ નાશ નથી કરતા ?

પછીથી શ્રીજીમહારાજની ઈચ્છાથી એક પાર્ષદ આવ્યો ને તેમણે કહ્યું જે મારી કેડે ચાલો. તેમ કહેવાથી તે રામબાઈનું ઘર નદીને કાંઠે હતું ત્યાંથી નદીમાં થઈને ચાલ્યાં તે જેતપુરના સીમાડામાં આવ્યાં. તેટલાકમાં એક વેલ રામબાઈએ દીઠી તેમાં બેસીને પાળાએ સહિત ગઢડે આવ્યાં. શ્રીજીમહારાજે તે રામબાઈને મોટીબા, લાડુબા, આદિક બાઈઓ ભેગું રહેવા માટે આજ્ઞા કરી તેથી તેમના ભેગાં રહ્યાં તે રામબાઈનો પતિ આદિક સંબંધીઓ ગઢડે આવ્યા અને શ્રીજીમહારાજને કહ્યું કે, હે મહારાજ, આ રામબાઈને ઘેર આવવાની રજા આપો.

ત્યારે શ્રીજીએ કહ્યું જે તે તો મહાયોગી છે અને આઠ પ્રકારનું બ્રહ્મચર્ય વ્રત પાળે છે અને તેમની ભક્તિ તો જેવી મીરાંબાઈની હતી તેવી છે માટે તેમને નિયમ પાળીને ભગવાનનું ભજન કરવા દ્યો તો સારું, તો પણ તેમના સંબંધીઓએ આગ્રહ કર્યો. ત્યારે શ્રીજીમહારાજે રામબાઈને કહ્યું કે, તમારા સંબંધીઓ સાથે જાઓ. એવું સાંભળી પોતે જવામાં ખુશી નહોતાં છતાં શ્રીજીની આજ્ઞા સ્વીકારી મહારાજને પગે લાગીને સંબંધીઓ ભેળાં ચાલ્યાં. ઘેલા નદીને સામે કાંઠે ગયાં તેટલામાં રામબાઈએ જાણ્યું કે આ લોકો મારા નિયમ મને પાળવા દેશે નહિ અને ભગવાનની ભક્તિ પણ કરવા દેશે નહિ. તેથી રામબાઈએ સમાધિ કરીને દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં ગયાં.

એટલે તેમના સંબંધીઓએ ગામમાં આવીને શ્રીજીમહારાજને ખબર આપી જે રામબાઈએ તો દેહનો ત્યાગ કર્યો. તે સાંભળી શ્રીજીમહારાજ બોલ્યા જે તમારે તે રામબાઈના દેહનો ખપ હતો તેથી તે દેહ તમે રાખો ને અમારે તેમના જીવનો ખપ હતો તેથી તે બાઈના જીવને અક્ષરધામમાં મોકલ્યો છે અને અમારી અખંડ સેવા તેમને અમે આપી છે તેથી તે સેવાનો લાભ સદાય લેશે. ॥૨૫૦॥

ગઢડાના દાદાખાચર પોતાનું તન, મન, અને ધન શ્રીજીમહારાજને અર્પણ કરીને દાસભાવે વર્તતા હતા. તેમની પરીક્ષા લેવા શ્રીજીએ એક વખત કહ્યું કે તમે તમારો ગરાસ તમારી બેનોને લખી આપો. આવું વચન સાંભળીને જીવુબાને તથા

લાડુબાને બધો ગરાસ લખી આપ્યો. પછી શ્રીજીએ કહ્યું કે તમો તમારું ગુજરાન શી રીતે ચલાવશો ? ત્યારે દાદાખાચર કહે હું મારું ગુજરાન કારીયાણીમાં વસ્તાખાચરને ઘેર જઈને ચલાવીશ. ત્યારે શ્રીજીએ કહ્યું કે તેમ કરો. તેથી દાદાખાચર કારીયાણી જવા નીકળ્યા. તે રાધા વાવ્ય સુધી પહોંચ્યા ત્યારે શ્રીજીએ જીવુબાઈને તથા લાડુબાઈને બોલાવી કહ્યું કે તમારા રાજ્યનું સરકારી કામ કોણ કરશે ? માટે તમે દાદાખાચરને બોલાવો. ત્યારે બેઉ બેનોએ શ્રીજીને કહ્યું કે જેમ તમારી મરજી હોય તેમ કરો.

પછી શ્રીજીએ પાળાને મોકલીને દાદાખાચરને પાછા બોલાવ્યા અને કહ્યું કે તમારી બેઉ બેનો તો ત્યાગી છે માટે સરકારી કામકાજ કરવા ભાવનગર કોણ જશે ? તેથી તમો બેનોનો ગરાસ સંભાળો. ત્યારે દાદાખાચરે કહ્યું કે, હા, મહારાજ, તેમ કરીશ. એવી રીતે શ્રીજીમહારાજની જીભ વળે તેમજ દાદાખાચર વિશ્વાસ રાખીને પોતાનું વર્તન ચલાવતા હતા.

વળી દાદાખાચર હજામત કરાવતા હતા તે હજામત અડધી થયેલી અને કોઈએ આવીને કહ્યું કે શ્રીજીમહારાજ બોલાવે છે. તે સાંભળી અડધી હજામત બાકી રાખીને માથે લૂગડું વીંટીને શ્રીજી પાસે જઈને ઊભા ને કહે કે, હે મહારાજ, શી આજ્ઞા છે ? ત્યારે શ્રીજીએ કહ્યું કે ક્યાં હતા. ત્યારે દાદાખાચર બોલ્યા કે હજામત કરાવતો હતો. ત્યારે શ્રીજીએ કહ્યું કે અધૂરું મૂકીને કેમ આવ્યા, પૂરું કરાવવું હતું ? ત્યારે દાદાખાચર કહે કે તે તો હવે પણ થશે પણ આપશ્રીની આજ્ઞા મુખ્ય માનવી તે દાસનો ધર્મ છે. ને આજ્ઞામાં વિલંબ ન થવો જોઈએ. આવું દાદાખાચરનું ઘણું નિર્માનીપણું જોઈને અને તેમની ભક્તિને વશ થઈને શ્રીજીમહારાજ પોતે પોતાનું ઘર માનીને દાદાખાચરના દરબારમાં નિરંતર રહેતા હવા. ॥૨૫૧॥

કારીયાણીના માંચોખાચર શ્રીજીમહારાજના ઐશ્વર્ય જોઈને અનન્ય ભક્ત થયા હતા. અને તેમની ભક્તિ નિરંતર કરતા હતા. અને શ્રીજીના સ્વરૂપનો પાકો નિશ્ચય હતો. તેમજ એભલખાચર તથા તેમના પુત્ર દાદાખાચર અને પુત્રીઓ જીવુબા, લાડુબા, પાંચાળી, નાની આદિકને પણ પોતાની પેઠે જ શ્રીજીના સ્વરૂપનો પાકો નિશ્ચય કરાવ્યો હતો અને માંચાખાચરે પોતાની સીમમાં બસો વીઘાંના ખેતરમાં કપાસ વાવ્યો હતો. કપાસ પાકી વિણવાની તૈયારી થઈ તેવામાં પોતાના પ્રથમના ગુરુ શ્રીરામાનંદ સ્વામીનો કાગળ લોજથી આવ્યો જે આ પત્ર વાંચી તુરંત અહીં

આવો. તેથી પત્ર વાંચીને પોતાના ભત્રીજાને કહ્યું કે મારા ગુરુનો પત્ર આવ્યો છે માટે મારે જવું પડશે. ત્યારે ભત્રીજાએ કહ્યું કે, **બાપુ ?** જાઓ તેની ના નથી પણ આ બસો વીઘાંનો કપાસ તૈયાર થયો છે તેને ઠેકાણે કરી જાઓ તો ઠીક.

પછી માંચાખાચરે તો બાર ગામના ભરવાડોને બોલાવીને રજા આપી કે આ કપાસમાં ગાયો મૂકો. તેમ કહેવાથી ભરવાડોએ ગાયો મૂકીને બસો વીઘાંનો કપાસ ભેળાવી દીધો. પછી લોજ ગામમાં રામાનંદ સ્વામી પાસે ગયા. આ પ્રમાણે પોતાના ગુરુની તથા પોતાના ઈષ્ટદેવની આજ્ઞા પાળવામાં તૈયાર રહેતા હતા.

વળી શ્રીજીમહારાજ ભૂજનગરમાં સુંદરજીભાઈ દીવાનને ઘેર વિરાજમાન હતા. ત્યારે સુંદરજીભાઈ બોલ્યા કે હે મહારાજ, તમે ગરીબ ગરીબને ત્યાગી કરો છો પણ કોઈ તાલેવાનને ત્યાગી કરતા નથી. તે સાંભળીને શ્રીજીમહારાજે તે સુંદરજીભાઈનું અભિમાન ઉતારવા અને પોતાનું સર્વોપરી ઐશ્વર્ય દેખાડવા માટે જ્યાં જ્યાં પોતાની સારી લક્ષ્મીવાળા આબરૂદાર સત્સંગીઓ અને ગામધણી ગરાસીયાઓ તથા પટેલો હતા તેમનાં નામ લખી શ્રીજીએ પત્ર લખાવ્યા.

તેમાં આજ્ઞા કરી કે આ પત્ર વાંચી સંસારનો ત્યાગ કરી ભગવાં વસ્ત્ર પહેરી કાશીની યાત્રા કરી અહીં ભૂજનગર આવવું.

માંચાખાચર ઉપર પણ પત્ર લખેલો તે પત્ર પોતે જ્યાં બાર કોશીયો કૂવો ગળાવતા હતા ત્યાં માણસે આપ્યો. પત્ર વાંચી કુંભારને ત્યાંથી ગેરૂ લાવી ભગવાં વસ્ત્ર પહેરી શ્રીજીએ લખેલું અચ્યુતાનંદ નામ ધારણ કરી કાશીને માર્ગે ચાલતા થયા તે ગુજરાતમાં જેતલપુર ગામ ગયા. ત્યાં ભાઈરામદાસજી હતા તેમને નવા પરમહંસ મળ્યા. તેમને જોઈ ભાઈરામદાસજીએ પૂછ્યું કે આ તમે શું કર્યું ? ત્યારે તેમણે શ્રીજીનો પત્ર બતાવ્યો અને બોલ્યા કે શ્રીજીની આજ્ઞા આવી છે, ત્યારે ભાઈરામદાસજી કહે કાશીની યાત્રા તમારાથી થશે નહિ, માટે મારી સાથે ભૂજનગર ચાલો એટલે તમોને કાશી યાત્રાનું ફળ મળશે. એમ કહીને સર્વેને લઈને ભૂજ ગયા અને ત્યાં શ્રીજીમહારાજને મળ્યા. પછી સુંદરજીભાઈને શ્રીજીમહારાજે કહ્યું જે આ સર્વે નવા પરમહંસની મંડળી આવી છે તેમને પૂછો કે તમે ગરીબ છો કે તાલેવાન છો ? તેથી સુંદરજીભાઈએ સર્વેને પૂછ્યું, ત્યારે શ્રીજીની આજ્ઞાથી તે સર્વે સંતોએ પોતાની વાત કહી સંભળાવી. તે સાંભળીને સુંદરજીભાઈ બોલ્યા કે હે મહારાજ, તમે તો સમર્થ છો તે તમો ધારો તે કરો પણ મારી જે અણસમજણ હતી તે તમે ટાળી નાખી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે એક વાર તમને પણ આવી દીક્ષા આપવી છે. ત્યારે

સુંદરજીભાઈ બોલ્યા કે હે મહારાજ, હું તો આપશ્રીનો દાસ છું તે તમો કહેશો તેમ વર્તીશ. તે સાંભળીને શ્રીજી પ્રસન્ન થયા. આવી રીતે માંચાખાચર શ્રીજીની આજ્ઞા પ્રમાણે વર્તતા હવા. ॥૨૫૨॥

ઝાલાવાડમાં મછીયાવ ગામના મુળજીભાઈ ઔદીચ્ય બ્રાહ્મણ હતા તે શ્રીરામાનંદ સ્વામીના શિષ્ય હતા. રામાનંદ સ્વામીએ તેમને બ્રહ્મચારીની દીક્ષા આપી ત્યારે મુકુંદાનંદજી એવું નામ પાડ્યું તોપણ તેમને સર્વે મુળજી બ્રહ્મચારી કહીને બોલાવતા. તે દૃઢ બ્રહ્મચર્યવાળા, વૈરાગ્ય, આત્મનિષ્ઠા અને શ્રીજીમહારાજ વિષે અનન્ય નિષ્ઠાવાળા હતા. તે એક વખત શ્રીજીએ સહિત ભૂજ જતા હતા. માર્ગમાં ચાલતાં શ્રીજીએ બ્રહ્મચારીને કહ્યું કે તમને માર ખવરાવું તો કેમ ? ત્યારે બ્રહ્મચારી કહે માર શા માટે ખવરાવો, લાડુ ખવરાવો. તેવામાં ભરવાડની સ્ત્રીઓ નીકળી ત્યારે શ્રીજીએ અડધું ધોતિયું માથે ઓઢી લઈને માતાજીનો ભાવ દેખાડ્યો. પછી ભરવાડની સ્ત્રીઓ બોલી કે હે માતાજી, અમારા નેસમાં આવો તમને જમાડી રમાડી રાજી કરીશું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે આ બાવો મને છોડતો નથી. માટે જો તમે આ બાવાથી છોડાવો તો હું નેસમાં આવું.

તે સ્ત્રીઓએ ઘેર જઈને પોતાના પતિ ભરવાડોને કહ્યું કે તમો પાંચ-દશ જણ લાકડીઓ લઈને જાઓ ને તે બાવાને મારીને માતાજીને છોડાવીને આપણા નેસમાં લાવો.

આવી રીતે કહેવાથી ભરવાડો લાકડીઓ લઈને આવ્યા. તેમને જોઈ બ્રહ્મચારી બોલ્યા કે મહારાજ, મારવો હોય તો તમે જ મારો પણ ભરવાડો પાસે શા માટે હાડકાં ભંગાવો છો ? તે સાંભળી શ્રીજીએ શ્રીકૃષ્ણભગવાનરૂપે ભરવાડોને દર્શન દીધું. તેથી ભરવાડો પગે લાગીને પોતાના નેસમાં ગયા. વળી અયોધ્યાથી સર્વે ધર્મકુળ ગઢડે આવ્યું. તે ધર્મકુળને ગુજરાતી બોલતાં તથા સમજતાં આવડે નહિ તેથી બ્રહ્મચારી ઘણો વખત ધર્મકુળની પાસે જ કાઢે.

એક દિવસ શ્રીજીમહારાજને તરસ લાગી જેથી બ્રહ્મચારીને બોલાવ્યા ત્યારે એક તરફ સીતારામને તેડીને અને એક ખભે બદ્રીનાથને બેસાડીને પાણીનો લોટો લઈને આવ્યા. શ્રીજીમહારાજને જળ પાઈને પાછા ચાલ્યા ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે બ્રહ્મચારી, તમે ધર્મકુળમાં ને ધર્મકુળમાં બેસી રહો છો ને મહારાજશ્રીની ખબર રાખતા નથી, જળ ટાણે જળ નહિ તે ઠીક ન કહેવાય. તે સાંભળીને

બ્રહ્મચારી બોલ્યા કે શ્રીજીમહારાજની સેવા તો સૌ કરશે, પણ પરદેશમાંથી આવેલા ધર્મકુળની ખબર હું ન લઉં તો કોણ લે તેમ છે ? તે તો લીલા ઝાડ તળે ભૂખ્યા બેસી રહે એવાં છે.

તે સાંભળી શ્રીજીમહારાજ બ્રહ્મચારી ઉપર બહુ પ્રસન્ન થયા ને બોલ્યા કે આ બ્રહ્મચારીને ધર્મકુળનો જેવો પક્ષ ને સ્નેહ છે તેવો જ પક્ષ તથા સ્નેહ મારા આશ્રિત સર્વેએ રાખવો એમ મારી સર્વેને આજ્ઞા છે તે શિર સાટે પાળવી. તેથી તેનાં ઉપર મારો ઘણો રાજીપો થશે અને મારી આજ્ઞા પાળવાથી અંતે અક્ષરધામને તે સત્સંગી પામશે. ॥૨૫૩॥

ભૂજનાં લાધીબાઈ ઘણાં ધર્મવાળાં અને શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત હતાં. તે તથા તેમનાં માતાપિતા શ્રીરામાનંદ સ્વામીનાં શિષ્ય હતાં. રામાનંદ સ્વામીએ તેમને શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો હતો. લાધીબાઈનો પતિ સત્સંગનો કટ્ટર શત્રુ હતો તેથી લાધીબાઈનો સત્સંગ મુકાવવા ઘણું દુઃખ દીધું પણ તેમણે સત્સંગ છોડ્યો નહિ. જ્યારે લાધીબાઈનો પતિ સૂવે ત્યારે તેની છાતી ઉપર ખાટલાનો પાયો મૂકીને સૂવે.

આવી રીતે ઘણું દુઃખ દીધું ત્યારે લાધીબાઈ પતિનો ત્યાગ કરી પોતાના પિતાશ્રીને ઘેર ગયાં. તેમના પિતાએ લાધીબાઈને રહેવા માટે એક જુદી ઓરડી કરાવી આપી. તે પોતાનો ધર્મ નિયમ પાળી આઠ પ્રકારનું બ્રહ્મચર્ય રાખી શ્રીજીમહારાજની દ્રઢ ભક્તિ કરતાં અને પોતાની ઓરડીમાં રહેતાં. શ્રીજી તેમની ભક્તથી પ્રસન્ન થઈને ઘણીવાર તે ઓરડીએ જઈને સભા કરતા. લાધીબાઈનાં માતાપિતા પોતાને અતિ ધન્ય ભાગ્યવાળાં માનતાં હતાં. લાધીબાઈની ઓરડી ભૂજમાં હજી સુધી છે અને તેની જોડે બીજી માતાજીની ઓરડી કહેવાય છે તે પણ હજી છે તે બન્ને ઓરડીઓ શ્રીસ્વામિનારાયણ ભગવાનની ઘણી જ પ્રસાદીની છે. ॥૨૫૪॥

મોટા ઉદેપુરના રાણા સંઘાથે ઝમકુબાઈને પરણાવ્યાં હતાં. ઝમકુબાઈને મુળજી બ્રહ્મચારીએ શ્રીસ્વામિનારાયણ ભગવાનની પ્રગટ થવાની તથા પુરુષોત્તમપણાની વાર્તા કરી તેથી તેમની વૃત્તિ ભગવાન શ્રીસ્વામિનારાયણનાં દર્શન કરવા માટે ખેંચાઈ હતી. તે ઝમકુબાઈનો પતિ ડુંગળી-લસણ-આદિક વસ્તુને ખાતો હતો તેથી રાણી પોતાના પતિ સાથે જમવાનો વ્યવહાર રાખતાં નહિ અને ઝમકુબાઈને તેમનો પતિ ડુંગળી આદિક અભક્ષ્ય વસ્તુ ખાવા માટે આગ્રહ કરતો પણ રાણી પોતાના નિયમથી ચલાયમાન થતાં નહિ. પછી તેમના પતિએ

ઝમકુબાઈને કહ્યું કે હું આવતી કાલે તમને ડુંગળી-લસણ પરાણે ખવરાવીશ, અને તમે નહિ માનો તો તમને મારી નાંખીશ.

પછી પોતાના પતિનો આવો દુષ્ટ આગ્રહ જાણી ધર્મ નિયમમાં દૃઢતાવાળાં ઝમકુબાઈએ રાજ્યનાં સુખ મૂકી પ્રગટ ભગવાનાં દર્શન માટે છાનાંમાનાં નીકળી જવાનો નિશ્ચય કર્યો. રાત્રિએ પોતાના મેડામાંથી નીચે ઊતર્યાં, અને પાણી જવાના ગરનાળામાંથી બહાર નીકળ્યાં. ચાલતાં સવાર થવા આવ્યું જેથી પકડાઈ જવાની બીકથી છાનું રહેવા માટે મરી ગયેલા ઊંટના ખોખામાં પેઠાં.

સવારે ઝમકુબાઈના પતિએ તપાસ કરતાં રાણીને ન જોયાં તેથી ચારે કોર સવારો મોકલી તપાસ કરાવી પણ કોઈ ઠેકાણેથી શોધ ન મળવાથી તેમના પતિએ એમ ધાર્યું જે મેં તેનો ધર્મ છોડાવવા માટે ધમકી આપી તેથી તેણે દેહત્યાગ કર્યો હશે. તેથી વધારે તપાસ કરવી બંધ રાખી. માણસો ખોળીને પાછાં વળ્યાં એટલે રાણી ઊંટના ખોખામાંથી નીકળી રાત્રિએ ચાલી નીકળ્યાં. ચાલતાં રસ્તામાં વણઝારાની પોઠ મળી તેની સાથે ચાલ્યાં. પણ વણઝારાનું મન બગડ્યું તેથી છાનાંમાનાં એકલાં ચાલ્યાં.

આગળ એક નદી આવી તેમાં નાહીને શુદ્ધ થયાં. તેવામાં શ્રીજીમહારાજ પોતે ઘરડા બ્રાહ્મણનું રૂપ લઈ રાણી પાસે આવ્યા અને બોલ્યા કે તમો તો અમારાં બેન છો. માટે હવે કાંઈ ચિંતા કરશો નહિ. પછી તે બ્રાહ્મણે પોતાના ડબામાંથી ભાતું આપ્યું તે રાણી જમ્યાં અને પાણી પીધું. શાંતિ થઈ તેથી બે રાત્રિનો ઉજાગરો હોવાથી તુરંત ઊંઘ આવી. પછી શ્રીજીમહારાજે તેમનો દેહ ઉપાડી કાઠિયાવાડ દેશમાં રહેલી કુંડળ ગામની નદીમાં મૂક્યો.

રાણી ભરનિદ્રામાં સૂતેલાં છે અને મારવાડમાંથી કાઠિયાવાડમાં આવ્યાં તેને જાણતાં નથી અને શ્રીજીમહારાજ કારીયાણીમાં માંચાખાચરને ત્યાં હતા તેમણે જયા-લલીતા-રાજબાઈને ખબર આપી કે મોટા ઉદેપુરનાં રાણી ઝમકુબાઈ અમારે દર્શને આવે છે માટે તમે વેલ્યો જોડી કુંડળ જાઓ અને તેમને લઈ આવો. પછી વેલ્યોમાં બેસી કુંડળ ગયાં. ઝમકુબાઈ કુંડળની નદીમાં સૂતાં છે ત્યાં સવાર થતાં જાગ્યાં. ચારે કોર જોયું તો પોતાનો દેશ નહિ જણાવાથી ત્યાં ફરતાં લોકોને પૂછ્યું કે આ ક્યો દેશ છે ? ત્યારે કહ્યું કે આ કાઠિયાવાડ દેશ છે. ત્યારે તેમણે પૂછ્યું કે આટલામાં ક્યાંય શ્રીસ્વામિનારાયણ છે ? ત્યારે લોકોએ કહ્યું, હા. અહીંથી ત્રણ ગાઉ કારીયાણી ગામ છે ત્યાં શ્રીસ્વામિનારાયણ છે.

એવું સાંભળી આનંદ પામી ધીરે ધીરે કારીયાણીને રસ્તે ચાલ્યાં. તેવામાં જયા-લલિતા વિગેરે બાઈઓ વેલ્યમાં બેસી સામાં આવ્યાં તેમના ભેળાં થયાં અને કહ્યું જે, શ્રીજીમહારાજે તમને તેડવા સારુ વેલ્ય લઈને અમને મોકલ્યાં છે. પછી રાણી વેલ્યમાં બેસી કારીયાણી આવી શ્રીજીમહારાજનાં દર્શન કરી આનંદ પામ્યાં.

ત્યાં થોડા દિવસ રહી શ્રીજી સાથે ગઢડે આવ્યાં પછી ત્યાં રહ્યાં. તેમને દાદાખાચરના ઘરનું છાણવાસીદું કરતાં શ્રીજીમહારાજે જોયાં ત્યારે શ્રીજીએ જીવુબાને કહ્યું કે આ તો ઉદેપુરના રાજાની રાણી છે ને તેમનું ઝમકુબાઈ નામ છે. રાજ્ય મૂકીને ભગવાન ભજવા આવ્યાં છે માટે તેમની પાસે આવું કામ કરાવશો નહિ, તે તો મહામુક્ત અને વૈરાગ્યવાન છે.

પછી શ્રીજીમહારાજે વિચાર કર્યો કે આ બાઈનો વેષ બદલાવીને બીજું નામ પાડીને પરદેશ મોકલ્યાં હોય તો ઠીક. પછી તેમનું માથું મુંડાવી ધોળાં વસ્ત્ર પહેરાવી માતાજી નામ પાડ્યું તે ગઢડામાં મોટીબા ભેગાં કેટલાક દિવસ રહ્યાં. પછી ભૂજથી લાધીબાઈ શ્રીજીનાં દર્શન કરવા આવ્યાં તેમને શ્રીજીએ કહ્યું કે આ માતાજીને તમે ભૂજ તેડી જાઓ અને તમારી સાથે રાખો. તેથી લાધીબાઈએ તેમને ભૂજ લાવી એક ઓરડીમાં તેમને રાખ્યાં તેથી તે ઓરડીનું નામ માતાજીની ઓરડી કહેવાય છે. લાધીબાઈ એ દેહ મૂકવાની તૈયારી કરી અને ગાયના છાણથી ચોકો કરાવ્યો ત્યારે માતાજીએ કહ્યું કે આજ તો હું ધામમાં જાઉં અને કાલે તમે આવજો. પછી માતાજીએ પહેલે દિવસે અને લાધીબાઈએ બીજે દિવસે દેહત્યાગ કર્યો અને અક્ષરધામમાં ગયાં. ॥૨૫૫॥

સરધારથી મુકુંદદાસ કાગળ તુળસીદાસનો લઈને બંધીયા શ્રી રામાનંદ સ્વામી પાસે આવીને કાગળ આપીને પગે લાગ્યા. પત્ર વાંચી પ્રસન્ન થઈને સ્વામી બોલ્યા કે તમારો વૈરાગ્ય ખરો હોય અને જો મારી આજ્ઞા પાળો તો કણબી ખેડૂતના જેવો વેષ ધારીને મુળુભાઈનું હળ હાંકો. મુકુંદદાસે તેમ કરવા હા પાડી. પછી સ્વામીએ ખેડૂનાં લૂગડાં મંગાવ્યાં ને મુકુંદદાસને પેરાવ્યાં ને હળ આપ્યું. તે લઈને જ્યારે ચાલ્યા ત્યારે સ્વામીએ પાછા બોલાવ્યા અને જાણ્યું જે આ મુકુંદદાસ તો અનન્ય દાસ છે. પછી તેમને વૈષ્ણવી દીક્ષા આપીને મુક્તાનંદ એવું નામ પાડ્યું.

મુક્તાનંદ સ્વામી મન, કર્મ, વચને રામાનંદ સ્વામીની સેવા કરવા લાગ્યા ને ઉપદેશ સાંભળવા લાગ્યા તેથી મુક્તાનંદ સ્વામીની કામવાસના નાશ પામી ગઈ. મુક્તાનંદ સ્વામીના સારા ગુણો જોઈને રામાનંદ સ્વામીએ બધો અધિકાર તેમને આપ્યો અને પોતાના શિષ્યોમાં મોટેરા તરીકે સ્થાપન કર્યા. પછી લોજમાં રહેવાની આજ્ઞા કરી તેથી લોજ જઈને રહ્યા. ત્યાં નીલકંઠવર્ણીનો મેળાપ થયો અને પછીથી ભૂજથી પધારેલા શ્રીરામાનંદ સ્વામીનાં દર્શન નીલકંઠવર્ણીએ કર્યાં.

પીપલાણામાં સ્વામીએ નીલકંઠવર્ણીને ભાગવતી દીક્ષા આપીને શ્રીસહજાનંદ સ્વામી તથા શ્રીનાાયણ મુનિ બે નામ પાડી ત્યાંથી ફરતા ફરતા જેતપુર આવીને શ્રીનારાયણ મુનિને ધર્મધુરા ઉપાડીને મુક્તાનંદ સ્વામીને ભૂજ મોકલ્યા ને પોતે સમાધિનું પ્રકરણ ચલાવતા હતા. તે વાત સાંભળીને મુક્તાનંદ સ્વામી ભૂજથી મેઘપુર આવ્યા અને સત્સંગનો પક્ષ લઈને બોલ્યા કે સમાધિ કાંઈ સહેલી નથી. મોટા યોગીઓને પણ દુર્લભ છે તે જેને તેને કેમ થાય. માટે આ બધું મુકી દ્યો. ત્યારે નારાયણ મુનિ કહે સર્વે રામાનંદ સ્વામીનું ભજન કરે છે તેમાંથી જેમ જેને જણાતું હશે તે તેમ કહેશે. એમ ઘણી વાત કરી પણ મુક્તાનંદ સ્વામીને તે વાત મનાઈ નહિ. ત્યારે ત્યાંથી શ્રીનારાયણ મુનિ સહિત સર્વે કાલવાણી ગયા. ત્યાં પણ સમાધિનું પ્રકરણ જોઈને મુક્તાનંદ સ્વામી મૂંઝાયા. ત્યારે દિવ્ય દેહે શ્રીરામાનંદસ્વામીએ દર્શન દઈને કહ્યું કે શ્રીનારાયણ મુનિ શ્રીકૃષ્ણ છે ને હું તો ઉદ્ધવ છું. એમ કહીને અંતર્ધાન થયા.

પછી સર્વોપરી શ્રીસહજાનંદ સ્વામીનો ભગવાનપણાનો નિશ્ચય થવાથી શ્રીનારાયણ મુનિની ચંદન, પુષ્પ વિગેરેથી પૂજા કરી. **જય સદ્‌ગુરુસ્વામી સહજાનંદ દયાળુ...**આવી આરતી બોલીને આરતી ઉતારી. પ્રદક્ષિણા દંડવત્ કરી અપરાધની ક્ષમા માગીને પગે લાગ્યા. મુક્તાનંદ સ્વામીનો એવો નિશ્ચય હતો કે શ્રીરાધા તથા શ્રીલક્ષ્મીજી ઝાંઝર પહેરીને પડખે બેઠાં હોય અને ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરીને ભગવાન દર્શન આપે છતાં શ્રીરામાનંદસ્વામી વિના બીજાને ભગવાન ન માનવા. તોપણ શ્રીજીમહારાજનો ઘણો પ્રતાપ તથા ઐશ્વર્ય જોઈને પોતાનો ઠરાવ મૂકીને શ્રીજીને સર્વ અવતારના અવતારી જાણીને શ્રીસ્વામિનારાયણનું ભજન કર્યું.

એવા શ્રીજીના કૃપાપાત્ર મુક્તાનંદ સ્વામીના વચનથી બીજાઓને પણ સમાધિ થતી હતી. વળી મુક્તાનંદ સ્વામીનો એવો ઠરાવ હતો જે ધગધગતી કોશ ગળામાં

ઘાલી દે ને જેવું દુઃખ થાય તેવું દુઃખ થાય તોપણ શ્રીજીમહારાજની આજ્ઞા ન લોપવી. શ્રીજીએ ઘણાં પ્રકરણ ફેરવ્યાં ત્યારે આકરામાં આકરું પ્રકરણ ફેરવીને કાગળ લખી મોકલ્યો જે ત્યાં આવીશું ત્યારે વિશેષ કહીશું.

પછી મુક્તાનંદ સ્વામી તો લીંબડો વાટીને પીવા લાગ્યા અને બીજા કેટલાક તો ચાલતા થઈ ગયા. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીની દાસત્વ ભક્તિને ગ.મ. ૬૨ના વચનામૃતમાં વખાણી છે જે એવા દાસત્વ ભક્તિવાળા તો આજે ગોપાળાનંદ સ્વામી છે ને બીજા મુક્તાનંદ સ્વામી છે. શ્રીજીએ ગ.મ. ૫૮માં તેમને આજ્ઞા કરી છે જે તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહ પર્યંત કર્યા કરજો. આ આજ્ઞાનું મુક્તાનંદ સ્વામીએ યથાર્થ પાલન કર્યું છે. મુક્તાનંદ સ્વામીએ સત્સંગસંબંધી ઘણા ગ્રંથો કર્યા છે. શ્રીરામાનંદ સ્વામીના સંતોમાં મુક્તાનંદ સ્વામી મોટેરા હતા, અને શ્રીજીમહારાજ પણ તેમનું બહુ જ રાખતા હતા. ॥૨૫૬॥

અગત્રાઈના પર્વતભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. તેમના ઉપર શ્રીજીનો પત્ર આવ્યો જેથી માંદા છોકરાને મૂકીને ગઢડે ગયા. છોકરો દેહ મૂકી ગયાના સમાચાર આવ્યા પણ શોક થયો નહિ તે જાણી શ્રીજીએ કહ્યું કે છોકરાને મંદવાડ હતો તો તમારે અહીં આવવું ન હોતું. ત્યારે પર્વતભાઈ બોલ્યા કે છોકરાની ક્યાં ખોટ છે. ખાટલાનો પાયો ભાંગી ગયો હોય તો જંગલમાંથી લાવીને સુતાર બોલાવીને પાયો તૈયાર કરાવવો તેટલો દાખડો તેમાં નથી. તે તો જેમ છાણમાં જીવડા ઉત્પન્ન થાય તેમ થયા જ કરે છે પણ આપશ્રીની આજ્ઞાનો લોપ કેમ થાય ? આવી શ્રીજીની આજ્ઞાનું પાલન કરતા હતા.

વળી પર્વતભાઈ પોતાની સ્ત્રીએ સહિત ગઢડે આવ્યા, અને અન્નજળનો ત્યાગ કરીને શ્રીજીનાં દર્શનથી અને સંત સમાગમથી દિવસ આખો કાઢતા હતા તે વાત શ્રીજી જાણતા હતા પણ બીજાને જણાવવા માટે સભામાં મુળજી બ્રહ્મચારીને શ્રીજીમહારાજે પૂછ્યુંકે પર્વતભાઈ ક્યાં જમે છે ? ત્યારે બ્રહ્મચારી બોલ્યા કે તેમનાં સ્ત્રી સાથે છે તેથી ઉતારે જમતા હશે.

પછી બાઈઓની સભામાં બેઠેલાં તેમની સ્ત્રીને પુછાવ્યું કે પર્વતભાઈ ક્યાં જમે છે ત્યારે તે બોલ્યાં કે શ્રીજીની પ્રસાદીનો થાળ જમતા હશે. ત્યારે શ્રીજીમહારાજે પર્વતભાઈને પૂછ્યું કે તમે ક્યાં જમો છો ? ત્યારે પર્વતભાઈ

બોલ્યા કે આપશ્રીનાં દર્શનથી ભૂખ ને તરસ લાગતી નથી અને હું સર્વ પ્રકારે તૃપ્ત થયેલો છું. આ પ્રમાણે સાત દિવસ સુધી અન્નજળને લીધા વગર શ્રીજીમહારાજનાં દર્શનથી આનંદમાં રહેતા હવા. પછીથી શ્રીજીમહારાજની આજ્ઞાથી તે પોતાને ઘેર જઈને શ્રીજીમહારાજનું ભજન કરતા હવા. આવા ઉત્તમ ભક્તરાજ હતા. ॥૨૫૭॥

ગઢડાના જીવાખાચરની માશીની દીકરી બેન રાજબાઈ હતાં. તે શ્રીજીમહારાજ અયોધ્યાથી નીકળી વનમાં ગયા તે મૂર્તિને અખંડ દેખતાં. તેમને જેતપુર (ઘુઘરાળા) પરણાવ્યાં હતાં. ને પોતાના સસરાને ત્યાં ગયાં પણ પોતાને એવો વિચાર થયો જે, સમુદ્રમાં જેટલું જળ છે તેટલું દૂધ આ જીવે પીધું છે એટલી વાર જીવ જન્મમરણને પામ્યો છે માટે આ દેહે કરીને વિષયસુખનો ત્યાગ કરીને આઠ પ્રકારે બ્રહ્મચર્ય પાળીને શ્રીજીમહારાજનું ભજન તથા તેમની સેવા કરવી છે તેમ નિશ્ચય કર્યો.

પછી શ્રીજીમહારાજ ગઢડામાં લીંબડા નીચે સભા કરીને બેઠા હતા ત્યાં રાજબાઈના પતિ તથા તેમના સસરા તથા જીવાખાચર વિગેરે સંબંધીઓ આવ્યા અને શ્રીજીને પગે લાગીને સભામાં બેઠા. રાજબાઈ પણ બાઈઓની સભામાં બેઠાં હતાં. તે વખતે રાજબાઈના સંબંધીઓએ બે હાથ જોડી શ્રીજીને પગે લાગીને કહ્યું કે, હે મહારાજ, રાજબાઈને આજ્ઞા આપો કે ઘેર આવે. ત્યારે શ્રીજીમહારાજે રાજબાઈને કહેવરાવ્યું કે તમે તમારા સસરાને ઘેર જાઓ. એવું સાંભળીને રાજબાઈને મુર્છા આવી અને શરીર જમીન ઉપર પડી ગયું અને શરીરનું તેજ કાળું થઈ ગયું અને રૂંવાંડે રૂંવાંડે લોહી નીકળવા માંડ્યું. તે વાત શ્રીજીએ સાંભળી કે તુરંત જીવાખાચર તથા રાજબાઈના પતિ સસરા વગેરેને કહ્યું કે જુઓ આ રાજબાઈનો દેહ રહે તેમ છે ? ત્યારે રાજબાઈના સંબંધીઓ બોલ્યા કે, હે મહારાજ, એ તો કોઈ મોટાં મુક્ત છે અને મહાવૈરાગ્યવાળાં છે, માટે હવે તેમને સારું થાય તેવી દયા કરો.

તેવું સાંભળી શ્રીજીમહારાજ રાજબાઈ પાસે જઈને બોલ્યા કે, **હે રાજબાઈ-હે રાજબાઈ,** તમે અખંડિત બ્રહ્મચર્ય રાખીને મારી સેવા કરો, તેવું શ્રીજીનું વચન સાંભળીને રાજબાઈ સચેત થયાં અને શ્રીસ્વામિનારાયણ ભગવાનને પગે લાગ્યાં. પછી શ્રીજી કહે હે રાજબાઈ, તમને વસમું કેમ લાગ્યું ? ત્યારે રાજબાઈ બોલ્યાં કે, હે મહારાજ, મેં એવો નિશ્ચય કર્યો હતો કે વિષય તો કયા દેહે નથી

ભોગવ્યા ? માટે આ દેહે તો બ્રહ્મચર્ય દૃઢ પાળીને શ્રીજીની ભક્તિ જ કરવી છે અને આપશ્રી બોલ્યા કે સાસરે જાઓ તેથી મારા મનમાં વિચાર થયો કે શ્રીજીની આજ્ઞા નહિ પાળું તો વચનદ્રોહી કહેવાઈશ તેથી મને વસમું લાગ્યું અને તમો મારા ઉપર પ્રસન્ન થઈને બોલ્યા કે "તમો અખંડ બ્રહ્મચર્ય રાખી ભક્તિ કરો" તેથી હું રાજી થઈ છું.

પછી શ્રીજીએ દાદાખાચરને કહ્યું કે જેમ જીવુબા, લાડુબા આદિ ચાર બેનો છે તેમ રાજબાઈને પાંચમી બેન માનો. તે સાંભળીને દાદાખાચરે એક ઓરડો રાજબાઈને રહેવા આપ્યો. પછી રાજબાઈના સર્વ સંબંધીઓ શ્રીજીમહારાજના આશ્રિત થયા ને શ્રીસ્વામિનારાયણ ભગવાન છે એવો નિશ્ચય કરીને ઘેર ગયા. રાજબાઈએ એવો નિયમ રાખ્યો હતો કે પુરુષથી વીશ હાથ છેટે રહેવું તેવો નિયમ પાળી જીવતપર્યંત દાદાખાચરના દરબારમાં રહ્યાં એવાં વૈરાગ્યવાળાં હતાં. ॥૨૫૮॥

ગઢડાના એભલખાચરનાં દીકરી જીવુબાઈ હતાં. એભલખાચરને છોકરાં જીવતાં નહોતાં ને તે જીવ્યાં તેથી તેમનું નામ જીવુબાઈ પાડ્યું અને પૂનમને દિવસે જન્મ થયો હતો તેથી પૂનમવતીબા એવું નામ હતું અને સૌથી મોટાં હતાં તેથી મોટીબા પણ તેમને કહેતા. તે મોટીબાને ગામ કુંડળના અમરાપટગરના દીકરા સંગાથે પરણાવ્યાં હતાં ને તેમને સાસરે મોકલ્યાં. પણ જીવુબા પૂર્વનાં મુક્ત હતાં તેથી વિચાર કર્યો કે આ દેહથી આઠ પ્રકારનું બ્રહ્મચર્ય પાળી પુરુષનો ત્યાગ રાખી શ્રીજીમહારાજની ભક્તિ કરવી તે જ મનુષ્ય દેહનું સાર્થકપણું છે એમ માની સાસરેથી ઘેર આવી શ્રીજીમહારાજની ભક્તિ કરતાં હવાં ને મનના સંકલ્પથી પણ પતિનો સંગ કર્યો નહિ તે જીવુબાનાં સાસુ-રાઈ બાઈ તથા સસરા અમરાપટગર શ્રીજીમહારાજના પરમ ભક્તરાજ હતા.

મોટીબા શ્રીજીમહારાજ ઘેરથી નીકળ્યા અને વનમાં ફરતા હતા તે પોતાની નિરાવરણ દૃષ્ટિથી જ્યાં જ્યાં રાત રહે અને જે જે લીળાઓ કરે તેને પાસે હોય ને જેમ દેખે તેમ દેખતાં હતાં અને શ્રીજીમહારાજે તેમની પોતાના વિષે ઉત્તમ ભક્તિ જોઈને જીવુબાને પૂજા કરવા માટે લાલજી આપ્યા હતા તેમને નિરંતર પૂજતાં ને ષોડ્શોપચારથી પૂજીને સાંજે તથા સવારે ભગવાનની આરતી કરતાં. તે જોઈને એક દિવસ સંધ્યા આરતી કર્યા પછી શ્રીજીમહારાજનું નામ કીર્તન કરતાં

હતાં ને તેમનાં નાનાંબેન લાડુબા પણ સંગાથે હતાં અને તેમના પિતાશ્રી એભલાખાચર ત્યાં આવ્યાં ને તલવાર ઉઘાડી કરીને પોતાની બેઉ પુત્રીઓને ભય આપતાં કહ્યું કે ગામના ચોરામાં મૂર્તિઓ છે ત્યાં જઈને ભક્તિ કરો પણ મારા દરબારમાં ઠાકોર દ્વારે કરવો નથી. અને જો હવેથી તમે બેઉ ભક્તિ કરશો તો આ તલવારે તમારાં માથાં કાપી નાખીશ તેવો ડર દીધો.

તે સાંભળી બેઉ બેનો બોલ્યાં કે પિતાજી, આ દેહ તો પાંચ વરસે કે પચાસ વરસે અથવા સો વરસે જરૂર પડવાનો છે તે પડશે પણ કેટલાંક પુરુષ રાજ્યને માટે ધનને માટે દેહત્યાગ કરે છે માટે અમારે તો બેઉ તરફથી લાભ છે. મરીશું તો શ્રીજીમહારાજના અક્ષરધામને પામીશું અને જીવીશું તો શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરીશું.

એમ કહીને બેઉ બેનો બોલ્યાં કે આ લાલજી મહારાજ તમને પરચો આપે તો તમે સાચું માનશો ? ત્યારે એભલાખાચરે હા પાડી. પછી લાલજીને ચાંદીના વાટકામાં એલચી, કેસર સાકર, નાખીને કાઢેલું દૂધ તેમના પિતાશ્રી દેખે તેમ લાલજી મહારાજને પીવા માટે મૂક્યું. ત્યારે લાલજી બે હાથે વાટકો ઉપાડીને પી ગયા. તેથી પ્રગટ પરચો જોઈને તલવાર એક કોરે મૂકીને પગે લાગી બોલ્યા કે તમે બેઉ કોઈ રાધિકા-લક્ષ્મી-તુલ્ય દેવીઓ છો ને મારે ઘેર તમે જન્મ લીધો છે તેથી હું મારાં ધન્યભાગ્ય માનું છું અને આ તમારા દેવ પણ સત્ય છે તેમની ભક્તિ કરો છો તેમ કરો તેમાં હું રાજી છું. પછી એભલાખાચર પોતાના મુકામમાં ગયા.

પછી શ્રીજીમહારાજે જીવુબાની અતિ ઉત્તમ ભક્તિ જોઈને તેમને પોતાનાં નિરંતર દર્શન થાય માટે પોતાનું સ્વરૂપ વાસુદેવનારાયણની મૂર્તિ જીવુબાના ઓરડામાં સ્થાપન કરી, જેથી તે ઓરડાનું નામ વાસુદેવ નારાયણનો ઓરડો કહેવાય છે. પછી શ્રીજીએ શ્રીગોપીનાથજીનું મંદિર કર્યું ત્યારે વાસુદેવનારાયણને ગોપીનાથજીની જમણે ભાગે પધરાવ્યા. અને જ્યારે શ્રીહરિકૃષ્ણમહારાજની મૂર્તિ પધરાવી ત્યારે વાસુદેવ નારાયણની મૂર્તિ શ્રીધર્મદેવ અને ભક્તિમાતાની પાસે પધરાવી. અને જીવુબાની પૂજેલી શ્રીલાલજી મહારાજની મૂર્ત શ્રીગોપીનાથજી મહારાજના મંદિરમાં શ્રીધર્મભક્તિ વાસુદેવની આગળ નિરંતર બિરાજે છે. ॥૨૫૯॥

વાળાક દેશમાં બાંભણીયા ગામમાં આહીર પટેલ સામંત રહેતા હતા, તે શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. પછી તે ગઢડા શ્રીજીનાં દર્શન કરવા

આવ્યા, ત્યારે શ્રીજીએ પૂછ્યું કે થોડા રૂપિયા જોઈએ તે આપશો ? તેમણે કહ્યું જે હા મહારાજ. પછી ઘેર ગયા અને જમીન-ગાડું-બળદ-ભેંસો વેચી રૂપિયા સાડાચાર હજાર લાવી શ્રીજીમહારાજ પાસે મૂક્યા. શ્રીજીએ પૂછ્યું ક્યાંથી લાવ્યા ? ત્યારે તે કહે મારી પાસે હતા. શ્રીજી કહે સાચું બોલો. એટલે જેમ હતું તેમ કહ્યું. ત્યારે શ્રીજીમહારાજ કહે અમે એક હજાર રૂપિયા રાખીશું બાકીના પાછા લઈ જાઓ, કારણ કે દાણા વિના છોકરાં મરી જાય.

સામંત પટેલ કહે ના મહારાજ, કુકડાં ને કણબી મરે નહિ. ત્યારે શ્રીજી કહે શું કરશો ? સામંત પટેલ કહે બીજે ગામ જઈશું ત્યાં ઉધારે દાણા લેશું ને બીજે વરસ ભરી દેશું. તે સાંભળી શ્રીજીમહારાજ સામંત પટેલ ઉપર બહુ જ રાજી થયા. પછી સામંત પટેલ એક વખત પોતાના દીકરાની સ્ત્રીને તેડવા ગયા ત્યારે વેવાઈ કહે તારા દીકરાને તો જોઈતી નથી પણ તમારે જોઈતી હોય તો તેડી જાઓ. સામત પટેલ ઘણાં ધર્મવાળા હતા તેથી આવું ખોટું કલંકવાળું વચન સાંભળ્યું કે તુરંત ભીષ્મ કરી નાંખતા હતા. એવા ઉત્તમ ધર્મવાળા હતા જેથી શ્રીજીમહારાજનું અખંડ ભજન કરીને આનંદમાં રહેતા હતા. ॥૨૬૦॥

કચ્છ દેશના માનકુવા ગામમાં મુળજી તથા કૃષ્ણજી બે બ્રાહ્મણો શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. તે બેઉ પરણેલા હતા. પછી શ્રીજી માનકુવા પધાર્યા અને સભામાં કાતર લઈને બેઠા અને સૌને કહે અમારા સત્સંગી હોય તે મારી પાસે આવો, તેમને ત્યાગી કરવા છે. તે સાંભળી બધા સત્સંગી બહાર જતા રહ્યા. તેવામાં મુળજી તથા કૃષ્ણજી ખેતરમાંથી આવ્યા. તેમને કોઈ સત્સંગીએ વાત કરી જે શ્રીજીએ આ પ્રમાણે કર્યું તેથી સભામાંથી ઊઠીને સર્વે સત્સંગી ઘેર જતા રહ્યા.

તે સાંભળી બેઉ ભાઈ શ્રીજીની પાસે જઈને પગે લાગી કહ્યું જે અમને ત્યાગી કરો. ત્યારે મહારાજ કહે ખાવા નહિ મળે, બાવા મારશે, ટાઢ-તડકો વેઠવો પડશે એવાં ઘણાં દુઃખ પડશે અને હેરાન થઈ જશો માટે તમારા મનજીભાઈને પૂછી જુઓ, પછીથી આવા જઈને મનને શિખામણ દેવા લાગ્યા. હે મનવા, શ્રીજીનું ભજન નહિ થાય તો ગધેડાં કૂતરાં કે બીજાં જનાવરમાં જન્મ ધરવા પડશે ત્યાં તને કોણ ઓઢાડશે ? ખાવા કોણ દેશે ? પથારી કોણ કરી દેશે ? માથું કોણ દાબશે ? માટે એક ફેરો આજ્ઞામાં રહીને ભગવાન ભજીએ તો ફેર જન્મ લેવો નહિ પડે. માટે કહે હે મનાવા તારો શું વિચાર છે ?

પછી તે બેઉ મહારાજ પાસે આવીને કહે, હે શ્રીજીમહારાજ, મન તો હા પાડે છે. એમ કહી એક જણે કેડીયાની કોસુ છોડવા માંડી ને બીજાએ તો કોસુ તોડી નાંખીને કેડીયું કાઢી નાખ્યું ને કહે હવે કેડીયું ક્યાં પેરવું છે તે કોસુ છોડીએ? પછી શ્રીજી કહે તમે પરમહંસ થઈ ગયા. અમારી આજ્ઞાથી ઘેર જાઓ ને ગૃહસ્થાશ્રમમાં રહો. ત્યારે કહે ના મહારાજ, અમને તો પરમહંસ કરો. ત્યારે મહારાજ કહે અમે કહીએ તેમ કરો. તેથી લૂગડાં પેરી ઘેર ગયા.

તે બેઉ ભાઈમાં મુળજીભાઈને જેવો ભગવાનપણાનો નિશ્ચય હતો તેવો કૃષ્ણજીને નહોતો. તેથી મુળજી જ્યારે ભગવાનપણાની વાતો કરે ત્યારે કૃષ્ણજી કહે ભગવાન તો કેમ કહેવાય પણ મોટા પુરુષ ખરા. એટલે મુળજી કહે આ તો અક્ષરધામમાંથી સર્વોપરી ભગવાન આવ્યા છે. ત્યારે કૃષ્ણજી કહે કાં તો તું ભક્ત ખોટો કાં ભગવાન ખોટા, કેમ જે ભગવાન હોય તો તું પાછો કેમ આવે છે? તમને સાધુ કેમ કરતા નથી ? ત્યારે મુળજી કહે ભગવાન તો છે પણ મારા ભક્તપણામાં કાચ્યપ છે. માટે તમે મારી સાથે ચાલો ને પરીક્ષા કરો.

પછી બેઉ ગઢડા આવ્યા ને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. તેમાં કૃષ્ણજીને ભગવાનપણાનો નિશ્ચય થયો એટલે કહે હવે ઘેર જવું નથી. પછી બેઉ ગઢડે રહ્યા. ઘણા દિવસ થયા પછી શ્રીજીના ઉપર બેઉના ઘેરથી કાગળ આવ્યા જે તેઓ પરણેલા છે ને ઉપાધિ બહુ છે માટે બેઉને કૃપા કરીને ઘેર મોકલો. શ્રીજીમહારાજે બેઉને ઘેર જવાની આજ્ઞા કરી તેથી તે બેઉ નીકળ્યા પણ રસ્તામાં વણથળીમાં શેઠને ત્યાં સાઈઠ રૂપિયા પગાર ઠરાવી સાથી તરીકે રહ્યા. બાર મહિના પૂરા થયા ત્યારે પગારના સાઈઠ સાઈઠ રૂપિયા લઈ ગઢડે આવી શ્રીજીના ચરણમાં મૂક્યા અને પગે લાગીને કહ્યું કે અમને રાખો.

શ્રીજીએ પૂછ્યું તમો બેઉ ક્યાં હતા ? તો કહે વણથલી હતા ! મહારાજ કહે તમારા ઘરનાં આવ્યાં છે તેમની સાથે ઘેર જાઓ, નહિ તો તમને વિમુખ કરીશ. તેથી બેઉ જણ પોતાનાં ઘરનાં સાથે ચાલી નીકળ્યા. માર્ગમાં તેમની સ્ત્રીને બેઉ જણે કહ્યું કે ત્યાગી થવાની રજા આપો. પણ માન્યું નહિ તેથી બેઉ જણે ભીષ્મ કરી નાખ્યું ! તેથી બેઉ સ્ત્રીઓ ઘેર ગઈ ને તે બેઉ ગઢડે આવ્યા. શ્રીજીમહારાજે બેઉને વિમુખ કર્યા. તેથી શ્રીજીનાં છેટેથી દર્શ કરતા. એમ બાર મહિના રખડ્યા.

પછી ગઢડે મહારાજનાં દર્શન કરવા આવ્યા ત્યારે શ્રીજીએ કાઢી મૂક્યા. તે બેઉ જણ ઘેલા નદીને કાંઠે રાત્રિએ બેસીને કીર્તન ગાવા લાગ્યા. તે કીર્તન શ્રીજીમહારાજે મંદિરમાં સાંભળ્યાં તેથી ભગુજીને કહ્યું કે ઓલ્યા કીર્તન બોલે છે તેથી અમારો ઢોલીયો ખેંચાય છે માટે તેમને કાઢી મૂકો.

પછી તેમને માંડવધાર મૂકી આવ્યા ત્યાં બેસીને કીર્તન બોલવા લાગ્યા. તે સાંભળીને શ્રીજી કહે માંડવધારથી કાઢી મૂકો. પછી તેમને કાઢવા સારુ પાંચસાત પાળા આવ્યા. તેમને બેઉ જણે કહ્યું કે શ્રીજીમહારાજ જેમ આજ્ઞા કરશે તેમ કરીશું પણ તમારા જેવા સો સો આવશે ત્યાં સુધી તો અમે ખસીએ છીએ તે નહિ ઊઠીએ. જાઓ મહારાજને પૂછો શી આજ્ઞા છે ? પછી શ્રીજીને વાત કરી ત્યારે મહારાજ કહે અહીં બોલાવો.

શ્રીજીમહારાજે અક્ષર ઓરડીમાં સભા કરીને કહ્યું જે વિમુખ કરીને કાઢી મૂક્યા તોપણ અમારો નિશ્ચય મટતો નથી. ત્યારે સૌ કહે હે મહારાજ, તેમને તમો રાખો. પછી બેઉને ત્યાગીની દીક્ષા આપી સાધુ કર્યા અને મુળજીનું નામ ઘનશ્યામાનંદ સ્વામી નામ પાડીને જૂનાગઢમાં મોકલ્યા અને કૃષ્ણજીનું નામ સર્વજ્ઞાનાનંદ સ્વામી નામ પાડીને અમદાવાદના મહંત કર્યા. ॥૨૬૧॥

કાઠિયાવાડમાં ગુંદાળી ગામના કાઠી મામૈયો ને મેરામણ બે ભાઈઓ હતા. તેમની માતાનું નામ રાણદેબાઈ હતું. તે શ્રીજીમહારાજના પરમ ભક્ત હતા. તેમના ગામમાં બે સાધુ આવ્યા તેમને પોતાને ઘેર ઉતારી રસોઈ કરાવી સાધુને જમવા બેસવાની તૈયારી વખતે ગામના ધણીએ સાધુનું અપમાન કરી રસોઈ અભડાવીને ભૂખ્યા કાઢી મૂક્યા. આથી રાણદેબાઈએ દિલગીર થઈ વિચાર કર્યો કે ક્ષત્રીયનો દેહ તો ગાય-બ્રાહ્મણ-સાધુની રક્ષા કરવા જ ઈશ્વરે આપ્યો છે તો આ વાતનો બદલો ન વાળીએ તો શા કામનું ? બપોરે તેમના દીકરા ખેતરથી ઘેર આવ્યા ત્યારે પોતાની માતાને રડતાં જોઈને કારણ પૂછ્યું ત્યારે તે બોલ્યાં કે મારા સાધુ આવ્યા હતા પણ તેમને ગામના ધણી અસુર દરબારે ખાવા ન દીધું ને ભૂખ્યા ને તરસ્યા કાઢી મૂક્યા તેનો બદલો વાળો તો જ તમને મારા ખરા પુત્ર માનીશ.

તેવું સાંભળીને પોતાના ઘરનો સરસામાન ગાડામાં ભરીને માતુશ્રીને ગઢડે લઈ જવા પોતાના ચાકરને કહીને ગાડું ચાલતું કર્યા પછી બેઉ ભાઈએ હથિયાર

ધારણ કરી દરબાર પાસે જઈને કહ્યું કે શ્રીસ્વામિનારાયણ ભગવાનના સાધુને કોણે કાઢી મૂક્યા ? ત્યારે દરબાર બોલ્યો કે મેં કાઢ્યા. આવું કહ્યું કે તુરંત તલવારથી તેનું માથું ઉડાવી મૂક્યું તેથી દરબાર મરણ પામ્યો. તે જોઈ તેના સંબંધીઓ વિગેરે હથિયાર લઈ સામા લડવા આવ્યા. ત્યારે બેઉ ભાઈ બોલ્યા કે અમારે તો મરવું જ છે માટે જેને સામા આવવું હોય તે લડવા આવો. આવું બેઉ ભાઈનું શૂરવીરપણું જોઈને કોઈ લડવા ગયા નહિ.

પછી ઘણીવાર ત્યાં રોકાઈ ગઢડાને માર્ગે ચાલ્યા તેથી ખાખરાનાં ઝાડોમાં સંતાઈ રહેલા સામાવાળાએ બંદૂકની ગોળીથી બેઉ ભાઈને માર્યા તે વાત તેમની ડોશીએ જાણી તેથી શ્રીજીમહારાજને વાત કરી. ત્યારે શ્રીજી બોલ્યા જે આવી રીતે મારા સાધુનો પક્ષ રાખીને મરાયા માટે તેમને ધન્ય છે અને ક્ષત્રીયને તો તેમજ જોઈએ અને આ પ્રમાણે મરનારને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે તો આ તો મારા સાધુના અર્થે મરાયા છે માટે તેમનો નિવાસ અક્ષરધામમાં થયો છે. આ પ્રમાણે પોતાની માતાના સાધુ જાણી કેવળ પક્ષ રાખવાથી જ મરાયા તેથી શ્રીજીમહારાજ બહુ જ રાજી થયા. ॥૨૬૨॥

ભૂજમાં સુતાર સુંદરજીભાઈ ત્યાંના રાજાના દીવાન હતા. તે શ્રીરામાનંદ સ્વામીના ભક્ત હતા. પણ જ્યારે શ્રીજીમહારાજ પધાર્યા ત્યારે રામાનંદ સ્વામીએ તેમનો નિશ્ચય કરાવ્યો તેથી શ્રીજીના એકાંતિક ભક્ત થયા. પછી સુંદરજીભાઈ ભૂજના રાજાનું ખાંડુ લઈ ગોંડળ આવ્યા. ત્યાં મંદિરમાં દર્શને ગયા અને કોઈ હરિભક્તને પૂછ્યું કે શ્રીજીમહારાજ આટલામાં ક્યાંય છે ? ત્યારે તેઓ બોલ્યા કે અહીંથી ત્રણ ગાઉ ઉપર બંધીયામાં શ્રીજીમહારાજ તથા મુક્તાનંદ સ્વામી આદિક છે. તે સાંભળી સુંદરજીભાઈએ તે ખાંડા સાથે આવેલા માણસોને કહ્યું કે અહીંથી ત્રણ ગાઉ ઉપર મહાદેવ છે તેમને દર્શને ભૂજથી ઉઘાડે પગે ચાલીને આવવું એવી મેં માનતા કરેલી છે તે જો તમારી મરજી હોય તો અહીંથી હું એકલો જાઉં. ત્યાં એક રાત રોકાઈને બીજે દિવસ પાછો આવીશ. ત્યારે સર્વેએ કહ્યું કે ઠીક, તમારી મરજી હોય તેમ કરો.

પછી ખાંડાની ભલામણ કરી પોતે સાંજના ગોંડળથી બંધીયે ગયા. ત્યાં મુળુભાઈને ઘેર શ્રીજી વિરાજમાન હતા અને ભક્તજનોને ઉપદેશ કરતા હતા. તે વખતે રાત્રિએ સુંદરજીભાઈ શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તે સુંદરજીભાઈએ બહુમૂલ્યવાળાં વસ્ત્ર તથા ભારે મૂલ્યવાળા દાગીના પહેરેલા હતા. તેમજ મૂછો,

થોભા રાખેલા તથા અત્તરનો સુગંધ હતો. આ સઘળો ઠાઠ જોઈને શ્રીજીમહારાજે તેમની પરીક્ષા લેવા વિચાર કર્યો. સુંદરજીભાઈ દંડવત્ પ્રણામ કરી પગે લાગ્યા ત્યારે શ્રીજી કહે કોણ આવ્યું ? સુંદરજીભાઈ કહે હે મહારાજ, આપનો દાસ. ત્યારે શ્રીજી કહે કે દાસ તો જેમ કહીએ તેમ કરે તે દાસ. ત્યારે સુંદરજીભાઈ કહે કે તમો જેમ આજ્ઞા કરો તેમ કરું.

પછી શ્રીજી કહે આ વસ્ત્ર, ઘરેણાં ઉતારીને એક કોરે મૂકો, અને સાધુ થાઓ. ત્યારે તેમણે તે વખતે જ વસ્ત્ર, ઘરેણાં ઉતારી એક કોરે મૂક્યાં અને શ્રીજીએ કાતર લઈ ચોટલી, મૂછ, થોભા કાતરી નાખ્યા. ભગવાં લૂગડાં પહેરાવ્યાં, અને ગોવિંદદાસ નામ પાડીને મુક્તાનંદ સ્વામીને દર્શને મોકલ્યા. તે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે આ શું કર્યું ? તમે ક્યારે આવ્યા ને ક્યારે સાધુ થયા ? એમ કહી ગોવિંદદાસનો હાથ ઝાલી મુક્તાનંદ સ્વામી શ્રીજી પાસે આવ્યા અને કહે હે મહારાજ, તમે આ ઠીક ન કર્યું, કેમ કે ભૂજથી ચાલ્યા ત્યારે ત્યાંના રાજાએ પોતાને આવવું પડે તેને બદલે સુંદરજીભાઈને ખાંડાના અધિકારી કરી પાલખી આપીને મંગળ કાર્ય માટે મોકલ્યા છે. તેથી અત્યારે આ કર્યું તે ઠીક નહિ. વળી કાઠિયાવાડમાં સુરાખાચર, સોમલાખાચર વિગેરેને પરમહંસ કર્યા તેથી તે દેશમાંથી અમારો રોટલો ટળ્યો છે અને સુંદરજીભાઈને આપે પરમહંસ કર્યા જેથી કચ્છ દેશમાં પણ અમારો રોટલો રહેશે નહિ અને આ વાતની રાજાને ખબર પડશે તો તેને પણ ખોટું લાગશે જે મેં મારે ઠેકાણે મંગળ કાર્ય કરવા મોકલ્યા તેમાં વિઘ્ન કર્યું. માટે હે શ્રીજીમહારાજ, હવે તેમને આજ્ઞા આપો કે તેમનાં વસ્ત્ર, ઘરેણાં પહેરી ગોંડળ જઈને સહુ ભેળા થાય.

આવું મુક્તાનંદ સ્વામીનું વચન સાંભળીને શ્રીજીમહારાજે આજ્ઞા આપી તેથી વસ્ત્ર, ઘરેણાં પહેરી લીધાં પણ ચોટલી, મૂછ ને થોભા કાઢી નાખેલ તે ક્યાંથી લાવે. પછી તે ખાંડામાં આવ્યા ત્યારે સુંદરજીભાઈને જોઈ લોકોએ પૂછ્યું કે માંગળિકમાં આ અમાંગળિક શું કર્યું ? ત્યારે સુંદરજીભાઈ બોલ્યા કે જે મહાદેવનાં દર્શન કરવા ગયો હતો. ત્યાંના બ્રાહ્મણો કહે કે વાળ ઉતરાવ્યા વિના તમારી માનતા નહિ વળે તેથી મેં દાઢી, મૂછ ને થોભા કઢાવી નાખ્યા છે. આ પ્રમાણે જવાબ આપી જાનના માણસોને શાંતિ પમાડીને પાછા ભૂજ ગયા. આવી રીતે જેને ભગવાનનો અને સંતનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તે શું ન કરે ? લોકલાજ વિગેરેનો ત્યાગ કરે તેમજ સુંદરજીભાઈ પણ કરતા હવા. ॥૨૬૩॥

સરધારમાં વાણીયા ડોસાભાઈ શ્રીરામાનંદ સ્વામીના ભક્ત હતા. તેમને શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય થયો ત્યારે તેમનો નિશ્ચય જોવા માટે શ્રીજીએ તેમના ઘર તથા ઘરનો તમામ સરસામાન તથા ભેંસ, ઘોડી વગેરે વેચી નંખાવ્યું તેની કિંમતના રૂપિયા ડોસાભાઈએ શ્રીજી પાસે મૂક્યા. ત્યાં શ્રીજી કહે કે તમારા રૂપિયા તમો લઈ જાઓ, અમારે જોઈતા નથી. તોપણ ડોસાભાઈએ લીધા નહિ. પછી શ્રીજીએ તે રૂપિયા કૂવામાં નંખાવ્યા છતાં ડોસાભાઈના મનમાં એવો સંકલ્પ ન થયો જે આવું શું કરવા કરતા હશે ? એવા પરમભક્તરાજ ડોસાભાઈને શ્રીજીમહારાજ બંધીયા તેમના કુટુંબ સહિત લઈ ગયા અને ત્યાંના દરબાર મુળુભાઈ પાસે રહેવા ઘર તથા સર્વે સરસામાન અપાવ્યો તેથી તે ત્યાં જ રહ્યા.

અને શ્રીજીમહારાજ તેમનાં ડોશીને બોલાવીને કહે કે તમારે ત્રણ દીકરા છે તેમાંથી એકને અમારી સેવામાં આપો. ત્યારે ડોસી કહે તમારી મરજીમાં આવે તેને રાખો. ઘરમાં બધા કુટુંબનું પોષણ કરે એવા એક ડોસાભાઈ હતા તેમને શ્રીજીએ માગ્યા કે તુરંત ડોશીએ હા પાડી, પણ તેમાં કાંઈ શંકા કરી નહિ. પછી શ્રીજીની સેવામાં રહેલા ડોસાભાઈને અર્ધરાત્રિએ ઊંઘમાંથી જગાડીને કહે તમે વિમુખ છો. તમે રામાનંદ સ્વામીનું વચન લોપ્યું છે માટે તમો કાશીની યાત્રા કરી આવો તો મારી સેવામાં રાખું.

આવું કહેવાથી ડોસાભાઈ કાશીની યાત્રા કરવા ચાલી નીકળ્યા પણ તેમાં સંશય થયો નહિ. આવી પરીક્ષા શ્રીજીએ લીધી અને પછી શ્રીજીએ આજ્ઞા કરી કે ડોશી જીવે ત્યાં લગી તેમની સેવા કરો જેથી ઘેર જઈને રહ્યા. આવો જેને ભગવાન અને સંતનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તે ભગવાનના વચનમાં ફેર પાડે નહિ, જેમ કહે તેમ કરે તેવી રીતે ડોસાભાઈ કરતા હવા. ॥૨૬૪॥

કાઠિયાવાડમાં ગામ ગોલીડામાં ભીમ, વશરામ, રાઘવ અને રાણો આ ચાર ભાઈ રાજનગરા બ્રાહ્મણ હતા અને શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણના મહિમાના બળે કરીને ઘણાં શૂરવીર હતા. તેમના ગામમાં કોઈ કુસંગીને લેવા જમના દૂતો આવ્યા. તેમને જોઈને ચારેય ભાઈઓએ વિચાર કર્યો કે આપણે શ્રીસ્વામિનારાયણના છીએ તો એ જીવને આપણાં દેખતાં જમ લઈ જાય તે ઠીક નહિ, માટે શ્રીજીમહારાજનો પ્રતાપ અંતરમાં ધારીને તેમને પાછા વાળીએ.

પછી ચારેય ભાઈઓએ યમદૂતોને પાછા જવાનું કહ્યું પણ યમના દૂતોએ માન્યું નહિ ને સામા થયા. તેથી ભીમ અને રાણો એ બેઉ જણે યમદૂતોને માર્યા. જમના દૂતો તેમને પ્રગટ ભગવાનના ભક્ત તથા શૂરવીર જાણી પાછા ગયા. આ પ્રમાણે શ્રીજીમહારાજના પ્રતાપે જમના દૂતોને પણ હઠાવ્યા એવા એ શૂરવીર ભક્ત હતા. વશરામ ભક્તને શ્રીજીએ સાધુ કરીને **વિશ્વાત્માનંદ** નામ પાડ્યું હતું અને રાઘવ ભક્તને સાધુ કરી **રાઘવાનંદ** નામ પાડ્યું અને ભીમ અને રાણો ભક્ત પોતાની માતુશ્રીની સેવા કરવા ઘેર રહ્યા હતા.

પછી રાણા ભક્તનો અંતકાળનો સમય થયો ત્યારે પહેલેથી સર્વને કહેવડાવ્યું જે હું અક્ષરધામમાં જાઉં છું માટે મારી સાથે જેને આવવું હોય તો ચાલો, કારણ કે શ્રીસ્વામિનારાયણ ભગવાન સંત મંડળે સહિત મને તેડવા આવ્યા છે તે સાંભળી બીજા કોઈએ તો ન માન્યું પણ પોતાની માતુશ્રી તથા દીકરાએ કહ્યું કે અમે સાથે આવીશું. પછી રાણો ભક્ત દેહત્યાગ કરી માતાને તથા પુત્રને સાથે લઈ વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયા. તે જોઈને ગામના મનુષ્યો વિસ્મય પામ્યા, અને બોલ્યા કે શ્રીસ્વામિનારાયણ ભગવાન સાચા અને તેમના ભક્ત પણ સાચા, નહિ તો આવો ચમત્કાર બીજે હોય નહિ. એવા તે ચારેય ભાઈઓ શ્રીજીના નિશ્ચયવાળા હતા તો યમદૂતોને પોતાના ગામમાંથી કાઢી મૂકતા હતા. ॥૨૬૫॥

ગામ કઠલાલમાં રામબાઈ શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત હતાં અને તે બ્રાહ્મણ હતાં. તે એક વખત ગામના કૂવામાંથી પાણી ભરતાં હતાં તે જ વખતે શ્રીજીમહારાજ કાઠીના સવારો સહિત માણકી ઘોડી ઉપર બેસીને ગામની સમીપમાં થઈને નીકળ્યા. તે જાણી તુરંત જ તે રામબાઈ પાણીનો ઘડો ભરી સાથે લઈને ગામ બહાર શ્રીજી પાસે આવ્યાં, પગે લાગી પ્રાર્થના કરી જે હે શ્રીજીમહારાજ, આજ તો આ ગામમાં મારે ઘેર પધારો મારાથી જે સેવા બનશે તે કરીશ. તે સાંભળી શ્રીજી કહે કે તમારો ભાવ ઘણો છે પણ મારે વડતાલ જવાની ઉતાવળ છે તેથી આજ રોકાવાશે નહિ. ત્યારે રામબાઈ બોલ્યાં કે હે શ્રીજીમહારાજ, આ પાણીનો ઘડો ભરી લાવી છું તેમાં ચરણારવિંદ બોળો. શ્રીજીએ પૂછ્યું જે તે પાણીને શું કરશો ? બાઈ કહે આપશ્રીના ચરણામૃતને હું પીશ, અને બાકીનું ગામના કૂવામાં નાખીશ. તેથી તે કૂવાનું પાણી જે પીશે તે સત્સંગી થઈ તમારું ભજન કરશે.

તે સાંભળી શ્રીજીમહારાજ બહુ જ રાજી થયા. અને સુરાખાચર, સોમલાખાચર વગેરે તથા પાળાઓ પણ રાજી થઈને બોલ્યા કે તમને ધન્ય છે, જે આવો શ્રીજીનો મહિમા સમજો છો. પછી શ્રીસ્વામિનારાયણ ભગવાને તે ઘડામાં ચરણારવિંદ બોળ્યાં. તેથી બહુ રાજી થઈને શ્રીજીમહારાજને પગે લાગીને ગામમાં આવીને તે પાણી પોતે પીધું અને બાકીનું કૂવામાં નાંખ્યું તેથી તે કૂવાનું પાણી પીનારાઓ સત્સંગી થઈ શ્રીજીનું ભજન કરતા હવા અને હજુ સુધી તે પાણી પીનારાના વંશમાં સત્સંગી છે અને પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણનું ભજન કરે છે. ॥૨૬૬॥

વડોદરામાં નાથાભક્ત પાટીદાર હતા અને તે શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા ને તેમનો વ્યવહાર સાધારણ સ્થિતિનો હતો અને નાથ ભક્ત કસબી લૂગડાં વણવાનું કામ કરતા ને જે લૂગડું સારું કિંમતવાળું જણાય તે શ્રીજીમહારાજના ઉપયોગમાં આવે તો ઠીક એમ માની **શ્રીમંત ગાયકવાડ સરકાર શ્રી સયાજીરાવ મહારાજને** તથા બીજા કોઈ ધનવાન ગૃહસ્થ સત્સંગીને બતાવીને કહે કે આ લૂગડું તમે શ્રીજીમહારાજને આપો તો મારી મહેનતના પૈસા લઈશ નહિ. એમ કહીને શ્રીજીને સારા પોષાક આપતા હતા.

પછી નાથ ભક્ત વડોદરેથી ગઢડે શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગયા ત્યાં પાંચ દિવસ રહી સંતસમાગમ કરી શ્રીજીની આજ્ઞા લઈને ઘેર જવાને માટે નીકળ્યા તે રસ્તે ચાલ્યા ત્યારે એક હરિભક્તને શ્રીજી કહે કે તમે નાથા ભક્તને પાછા બોલાવો. તેથી તે હરિભક્ત નાથ ભક્તની કેડે ચાલ્યા તે ચાલતાં ચાલતાં વડોદરાના વિશ્વામિત્રી નદીના પુલ ઉપર નાથ ભક્ત ભેળા થયા. ત્યાંથી નાથ ભક્તનું ઘર નજીક હતું તોપણ જ્યારે હરિભક્તે કહ્યું કે તમને શ્રીજીમહારાજે બોલાવ્યા છે ત્યારે નાથભક્ત પોતાને ઘેર ન ગયા ને ઘેર સંદેશોપણ કહેવડાવ્યો નહિ અને ત્યાંથી પાછા વળીને નાથ ભક્ત ગઢડે આવ્યા ને શ્રીજીમહારાજને પગે લાગીને કહે કે હે શ્રીજીમહારાજ, શી આજ્ઞા છે ?

ત્યારે શ્રીજીએ પૂછ્યું જે તમે ક્યાંથી પાછા વળ્યા ? ત્યારે નાથ ભક્ત કહે કે વિશ્વામિત્રીના પુલ ઉપરથી. ત્યારે શ્રીજી કહે તમે ઘેર ગયા હતા ? તો કહે ના. ત્યારે જે મારા મનમાં એમ થયું જે શ્રીજીમહારાજ બોલાવે છે તેમાં બીજા ગોટા વાળવા શા માટે ખોટી થવું તેથી એમ ને એમ પાછો વળી આપશ્રીની પાસે આવ્યો છું. ત્યારે શ્રીજીમહરાજ કહે, કે ભક્તનાથની નિષ્ઠાને ધન્ય છે. પછી બોલાવનાર હરિભક્તને

પૂછ્યું કે તમે ઠેઠ ત્યાં સુધી ગયા ત્યારે પાછા કેમ ન આવ્યા. ત્યારે તે હરિભક્ત બોલ્યા કે પોતાના દેહના કામ સારું આખો દિવસ દોડ્યાદોડ કરીએ છીએ. પણ આ કામ તો લેખે લાગે તેવું છે તેમ જાણી ત્યાં સુધી ગયો. પણ તમે એમ આજ્ઞા કરી હોત જે ન મળે તો પાછા આવજો તો પાછો આવત. પણ તમે તો નાથ ભક્તને બોલાવીને આવજો તેમ કહેલ તેથી ત્યાં સુધી ગયો.

તે સૂણીને શ્રીજીમહારાજ બોલ્યા કે તમારી દ્રઢતાને ધન્ય છે. આવી રીતે શ્રીજીની આજ્ઞાથી નાથ ભક્ત ગઢડે પાછા આવી થોડા દિવસ રહીને પાછા ઘેર જતા હવા. પછી થોડા દિવસમાં નાથ ભક્તનો વ્યવહાર ચલાવે તેવા સોળ વરસના છોકરાને શ્રીજીમહારાજ અક્ષરધામમાં લઈ ગયા પણ શોક થયો નહિ ને સાકર વેંચી. ત્યારે બધા લોકો કહેવા લાગ્યા આ શું કરો છો ! ત્યારે નાથ ભક્ત બોલ્યા કે મારું પસ્તાનું પ્રથમ શ્રીજીમહારાજ પોતાના ધામમાં લઈ ગયા અને થોડા દિવસમાં શ્રીજીનું ભજન કરીને મારે પણ અક્ષરધામમાં જવું છે એવા નિશ્ચયવાળા નાથભક્ત ઉપર શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા મુક્તાનંદ સ્વામી વિગેરે સંતો ઘણા જ પ્રસન્ન હતા. ॥૨૬૭॥

ગામ ડભાણમાં પાટીદાર વિષ્ણુદાસભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. શ્રીસ્વામિનારાયણ ભગવાનની સેવા મન-વચન-દેહે કરીને કરતા તેમજ સંતસેવા કરતા, નામ-ધર્માદો ચોખો કાઢતા. આવા ઉત્તમ ભક્ત વિષ્ણુદાસભાઈના નામથી શ્રીજીમહારાજ ડભાણમાં મોટા મોટાયજ્ઞ કરાવતા હતા, અને શ્રીજીમહારાજ ગમે તે ગામ હોય તો પણ વિષ્ણુદાસભાઈ ઘેર બેઠાં દેખતા અને શ્રીજીને વિશે તથા શ્રીસહજાનંદસ્વામીના ભક્તને વિશે દિવ્ય ભાવની જ દૃષ્ટિવાળા હતા.

આવા ઉત્તમ દ્રઢતાવાળા વિષ્ણુદાસભાઈ ઉપર શ્રીજીમહારાજ ઘણા જ પ્રસન્ન હતા તેથી શ્રીવૃત્તાલયવિહારિ શ્રીહરિકૃષ્ણ મહારાજે તેમનાં બહુ જ વખાણ કરતા અને જ્યારે કેરીઓ પાકે ત્યારે શ્રીજીમહારાજને તથા તેમના સંત બ્રહ્મચારી પાર્ષદ્ને દાદાખાચર વિગેરે હરિભક્તોને જમાડવા માટે ડભાણથી ગાડાં ભરીને ગઢડે લઈ જતા એવી શ્રદ્ધાવાળા વિષ્ણુભાઈ આદિક ભક્તોને શ્રીજી મળતા અને પોતાના બેઉ હાથ તેમના માથા ઉપર મૂકતા ને છાતીમાં ચરણારવિંદ આપતા અને રસરોટલીની રસોઈ કરાવીને શ્રીજીમહારાજ પોતે જમતા પછી સંત વિગેરેને પીરસીને જમાડતા. તેથી વિષ્ણુદાસભાઈ આદિક ભક્તજનો ઘણા રાજી થઈને શ્રીજીની આજ્ઞા લઈને પાછા પોતાને ગામ જતા હવા. ॥૨૬૮॥

ભાલ દેશમાં ગામ સુંદરીયાણામાં વીસા મોઢ વાણીયા હિમરાજ શાહ હતા. તે વલ્લભકુળના આશ્રિત હતા અને વૈષ્ણવમાં આગેવાન હતા. તેમને ચાર પુત્રો હતા. તેમાં વના શાહ નામના મોટા પુત્ર સત્સંગી થયા હતા. તે જ્યારે ગઢડેથી શ્રીજીમહારાજનાં દર્શન કરીને ઘેર આવે ત્યારે પોતાના પિતાને કહે જે શ્રીજીમહારાજે તથા મુક્તાનંદસ્વામીએ તથા ગોપાળાનંદ સ્વામીએ તમને જયશ્રીસ્વામિનારાયણ કહ્યા છે. ત્યારે તેમના પિતા કહે કે સ્વામી તો એક વિઠ્ઠલનાથજીને કહેવાય, બીજાને ન કહેવાય, બીજાને તો સાધુ કહેવાય પણ સ્વામી ન કહેવાય.

પછી ગોપાળાનંદ સ્વામી સુંદરીયાણે આવ્યા ત્યારે વના શાહે પોતના પિતાને કહ્યું કે ગોપાળાનંદ સ્વામીની નાડી જોવા તમો મંદિરમાં આવશો ? તે રાજવૈદ્ય હતા અને સાધુ સંત ઉપર ભાવ રાખી પરોપકાર રૂપી સેવા કરવામાં પ્રેમવાળા હતા તેથી તેમણે હા પાડી. પછી હિમરાજ શાહ મંદિરમાં આવી શ્રીજીમહારાજની મૂર્તિને પગે લાગી હાથ જોડી સ્વામી પાસે બેઠા. ગોપાળાનંદસ્વામીએ નાડી જોવડાવવા તેમના હાથમાં કાંડું આપ્યું. શેઠે હાથની નાડી જોઈ પણ ક્યાંય નાડી જોવામાં આવી નહિ તેમજ આખા શરીરમાં જ્યાં જ્યાં નાડીઓ રહેલી છે ત્યાં ત્યાં તપાસ કરતાં નાડી જોવામાં ન આવી તેથી આશ્ચર્ય પામી શેઠે વિચાર કર્યો કે આ મનુષ્ય નથી પણ કોઈ ઈશ્વરાવતાર છે.

પછી પ્રણામ કરીને બોલ્યા કે વિઠ્ઠલનાથજી સ્વામી જેવા તો આ ગોપાળાનંદ સ્વામી છે અને શ્રીસ્વામિનારાયણ તો પ્રત્યક્ષ ભગવાન છે. પછી શ્રીજીમહારાજનો પાકો નિશ્ચય કરી ગોપાળાનંદ સ્વામી પાસેથી હિમરાજ શાહ વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામીનું ભજન કરતા હવા. પછી જ્યારે હિમરાજ શાહ સત્સંગી થયા ત્યારે તેમના સંબંધીઓ સહન કરી શક્યા નહિ અને બોલ્યા કે આપણે તો શ્રીવલ્લભકુળના ઉપાસક છીએ તે વલ્લભકુળમાં શું ઓછું છે જેથી નવા ધર્મમાં પેઠા ? ત્યારે હિમરાજ શાહ કહે કે એ નવો ધર્મ કેમ કહેવાય ? એ ધર્મ તો અનાદિનો છે અને સત્શાસ્ત્રની મર્યાદા પ્રમાણે ચાલે છે, તે જોઈને મેં સત્સંગ ધારણ કર્યો છે.

તેવું સાંભળી બધા સંબંધીઓએ સમ ખાઈને ઠરાવ કર્યો કે આજથી તેમને જ્ઞાતિ બહાર કરવા ને તેમની સાથે કોઈ જાતનો વ્યવહાર રાખવો નહિ. હિમરાજ શાહને જ્ઞાતિ બહાર કર્યા તે વાતને છ વરસ ગયાં પણ જ્ઞાતિના લોકોએ દ્વેષ

મૂક્યો નહિ. તેવામાં હિમરાજ શાહ દેહ મૂકી શ્રીજીમહારાજના અક્ષરધામમાં ગયા. પછી તેમના કાર્યમાં તેમના પુત્રોએ જ્ઞાતિના લોકોને બોલાવ્યા નહિ અને વના શાહ તથા પુંજા શાહ એ બેઉ ભાઈઓ ગઢડે આવ્યા. શ્રીજીમહારાજને પગે લાગી પ્રાર્થના કરી જે હે શ્રીજીમહારાજ, તમે અમારે ત્યાં પધારો.

પછી શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતે અયોધ્યાવાસી તથા સંતમંડળ સહિત સુંદરીયાણે પધાર્યા. પછી વના શાહ તથા પુંજા શાહ વિગેરેએ ગાજતેવાજતે સામા આવીને ઘણી ધામધૂમથી પોતાને ઘેર પધરાવ્યા. ને જેમ ઘટે તેમ સહુને ઉતારા આપ્યા. અને દરરોજ પ્રેમથી નવી નવી રસોઈઓ કરાવી જમાડ્યા અને શ્રીજી પણ સંતની પંક્તિમાં પીરસી જમાડે ને નિત્ય સભામાં પ્રશ્ન-ઉત્તર થાય ને સંતમંડળ રાસલીલા કરવા પૂર્વક કીર્તનો ગાય.

એમ કરતાં કેટલાક દિવસ ગયા પછી વસંત પંચમીનો દિવસ આવ્યો તે દિવસે ગામથી બહાર હાલમાં **જ્યાં સાબુડી નામે કૂવો** છે અને જ્યાં ઓટો કરેલો છે ત્યાં સાધુ હરિભક્તો સાથે ઘણી વખત સુધી રંગે રમ્યા. પછી ગામમાં ઉતારે આવીને રંગથી ભીનાં થયેલાં લૂગડાં વના શાહ વિગેરે ભાઈઓને આપ્યાં અને સ્નાન કરી સર્વને આનંદ આપીને સુંદરીયાણેથી શ્રીજીમહારાજ ગઢડે પધારતા હવા.

આ પ્રમાણે હિમરાજ શાહ તથા તેમના પુત્રોએ જ્ઞાતિનો ઉપદ્રવ સહન કરીને સત્સંગ રાખ્યો અને કપટરહિતભાવથી શ્રીજીમહારાજને પ્રસન્ન કર્યા. અને શ્રીસ્વામિનારાયણ ભગવાનના અનુગ્રહથી તથા વરદાનથી જ્ઞાતિ બહાર છતાં પણ દીકરા દીકરી પરણાવવાનો વ્યવહાર ચાલુ જ છે. ॥૨૬૯॥

ગુજરાત દેશમાં ગામ બોચાસણમાં પાટીદાર કાશીદાસભાઈને સંત સમાગમથી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો પાકો નિશ્ચય થયો. પછી પોતાના સંબંધીઓને લઈને શ્રીજીમહારાજનાં દર્શન કરવા પોતાના ઘેરથી લોયા આવ્યા. તે સમયે શ્રીજી પોતે કિર્તન ભક્તિનો મહિમા બતાવવા માટે રીંગણાનું શાક કરતા હતા તેથી શ્રીજીની મૂર્તિ તથા પહેરેલાં લૂગડાં હલદરથી પીળાં થયાં હતાં તે જોઈને કાશીદાસને વિચાર થયો જે આમને ભગવાન કેમ કહેવાય ? માટે ખોટો ફેરો થયો. ન આવ્યા હોત તો સારું હતું.

એવો વિચાર કર્યો તેવામાં શ્રીજીમહારાજ સભા કરી વિરાજમાન થયા અને કાશીદાસભાઈને વાત કરી જે કોઈ માણસ ઘેરથી દુઃખ સહન કરી કાશીની યાત્રાએ

ગયો હોય ન ત્યાં ગંગાજીનું ડોળાયેલું પાણી જોઈને તેમાં સ્નાન ન કરે ને પાણી પીવે નહિં ને પાછો ઘેર આવે તેને કેવો જાણવો ? તે શ્રીજીનું વચન સાંભળી કાશીદાસને વિચાર થયો જે આ શ્રીસ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે. તે મારો સંકલ્પ જાણીને મારો સંશય કાઢી નાંખવા માટે પરોક્ષ દૃષ્ટાંત આપીને વાત કરી. આવી વાત મેં ન સાંભળી હોત તો હું મોટો મૂર્ખ ગણાત.

પછી ત્યાં પાંચ દિવસ રહીને શ્રીજીનો સમાગમ કરી ઘેર ગયા અને ત્યાં પોતાના પિતાને તથા સર્વ સગાઓને શ્રીજીના સ્વરૂપનો પાકો નિશ્ચય કરાવ્યો. કાશીદાસભાઈને માથે ઘણું દેવું હતું તે લેણાવાળાઓએ ફરિયાદ કરી તેથી કાશીદાસને કોર્ટમાં બોલાવ્યા ત્યારે કાશીદાસ બોલ્યા કે તે ધનાઢ્ય ગૃહસ્થ પાસેથી મેં રૂપિયા લીધા છે તે તેમનુ લેણું સાચું છે તે મારે તેમના રૂપિયા આપવા છે પણ હાલ મારી પાસે રૂપિયા નથી. તેથી કોર્ટે હુકમ કર્યો કે લેણદારોને તમે પૂરેપૂરા રૂપિયા આપો અને જો રૂપિયા ન આપો તો છ માસ સુધી કેદમાં રહો.

એવો હુકમ થવાથી કાશીદાસભાઈના પગમાં લોઢાની બેડીઓ પેરાવી કેદખાનામાં લઈ ગયા. પછી કાશીદાસભાઈ કહે હું ક્યાંય નાસી જવાનો નથી માટે મને નદીમાં નાવા જવાની રજા આપો તેથી તેમને નાવા જવાની રજા આપી. એક દિવસ નદીએ નાવા ગયા ને સાથે પેરાવાળા સિપાઈઓ આવેલા તે કાંઠે ઊભા હતા અને કાશીદાસભાઈ નદીમાં નાવા પડ્યા અને સહાય માટે શ્રીજીમહારાજની પ્રાર્થના કરી. શ્રીજી પ્રત્યક્ષ દર્શન આપીને કહે કે મારી વાંસે ચાલો. તેથી કાશીદાસભાઈ શ્રીજીની પાછળ ચાલ્યા ને પગમાંથી બેડીઓ તેની મેળે જ તૂટી ગઈ અને ગઢડા ગયા.

સિપાઈઓ દેખરેખ માટે કાંઠે ઊભેલા હતા. તેમણે ઘણી વાટ જોઈ પણ કાશીદાસભાઈ પાણીથી બહાર નીકળ્યા નહિ તેથી પાણીમાં તપાસ કરાવી પણ તેમનો પત્તો લાગ્યો નહિ. તેમ બેડી પણ ક્યાંય પડી રહેલી નહિ. તેથી સિપાઈઓએ કેદખાનામાં આવીને પોતાના ઉપરીને બધી વાત જેમ બની હતી તેમ કહી દેખાડી. તે સાંભળી તેમનો ઉપરી વિગેરે આશ્ચર્ય પામ્યા ને વિચાર કર્યો કે કાશીદાસભાઈ પરમ ભક્તરાજ છે તેથી તેમના ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાને તેમની સહાય કરીને પોતાની પાસે તેડી ગયા હશે. તેથી તેનો આગળ તપાસ કરવો બંધ રાખ્યો.

કાશીદાસભાઈને ગઢડે છ માસ થયા. એટલે શ્રીજી કહે કે તમે ગઢડામાં રહીને બહુ સમાગમ કર્યો હવે તમારે ઘેર જાઓ. પછી કાશીદાસભાઈ બોલ્યા કે હે મહારાજ, હું ઘેર જઈશ તો મારા લેણદારો ફરી ફરિયાદી કરશે તે મને સુખ આવવા નહિ દે. ત્યારે શ્રીજીમહારાજ કહે હું તમારી સંઘાથે છું માટે ચિંતા તમે કરશો નહિ.

પછીથી કાશીદાસભાઈ ઘેર આવ્યા ને થોડા દિવસ થયા એટલે પછી લેણદારોએ ફરિયાદી કરી ત્યારે કાશીદાસભાઈને કોર્ટમાં બોલાવ્યા, અને પૂછ્યું એટલે પોતાની બધી હકીકત કહી, તેથી કોર્ટે એવું કહ્યું કે કાશીદાસે તો છ માસની કેદ ભોગવી. માટે તેમને માથેથી કેદ ઊતરી ગઈ છે, કારણ કે તેમનો દેહ તથા લોઢાની પગમાં નાખેલી બેડીઓ હતી છતાં ગઢડે ગયા, ને બેડીઓનો પત્તો જ નથી તો તેમનો દેહ પણ તે જ નથી. અને તે દેહ હોય તો ગઢડા શી રીતે જવાય ? માટે તેમના ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાને તેમની ભક્તિથી સહાયતા કરી છે માટે કાશીદાસભાઈને દોષે રહિત ઠરાવી રજા આપી.

પછી ઉપરની કાશીદાસભાઈની વાત સાંભળીને કોર્ટના અમલદારો તથા જે લેણદારો હતા તે બધાને શ્રીસ્વામિનારાયણ ભગવાન છે એમ નિશ્ચય થવાથી સત્સંગી થઈ લેણદારો કાશીદાસભાઈને કહે કે અમારા લેણા રૂપિયા તમારી પાસે છે તે અમે આજથી તમને આપીએ છીએ અને અમારા અપરાધો માફ કરો. અને શ્રીસ્વામિનારાયણ ભગવાનનો પાકો નિશ્ચય હંમેશાં અમને રહે તેવો આશીર્વાદ આપો. પછીથી કાશીદાસભાઈએ સહુનું કલ્યાણ કરો એવી શ્રીસહજાનંદસ્વામી ભગવાનની પ્રાર્થના કરી. પછી સર્વ જનો કાશીદાસભાઈને જય શ્રીસ્વામિનારાયણ કહીને પોતપોતાને ઘેર જતા હવા. ॥૨૭૦॥

સુરતમાં વાણીયા ભાઈચંદભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. તે ત્રણ અવસ્થામાં શ્રીજીને પ્રત્યક્ષ દેખતા અને જ્યાં શ્રીજી ઉત્સવ કરે ત્યાં સંઘ લઈને જતાં હતા. અને તે ભાઈચંદભાઈના મિત્ર પારસી અરદેશર કોટવાળ હતા. તેમણે ભાઈચંદભાઈને પૂછ્યું કે સંભારવાથી તુરંત સહાય કરે તેવા ભગવાન હાલ છે ? ત્યારે ભાઈચંદભાઈ બોલ્યા કે તેવા ભગવાન તો મારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે માટે તમને દુઃખ પડે ત્યારે તેમને સંભારજો.

તે સમયમાં રાજાએ અરદેશર શેઠની સુબાગીરી લઈ લીધી હતી. તેથી અરદેશર શેઠે રાત્રિએ સૂતી વખતે એવી રીતે સંભાર્યા કે ભાઈચંદભાઈના ભગવાન

શ્રીસ્વામિનારાયણ મારી સહાયતા કરો અને લાજ રાખો. એમ સંભારતાં સૂતાં ઊંઘ આવી. અને સ્વપ્નામાં પોતાની આગળ તરત શ્રીસ્વામિનારાયણ ભગવાનને દેખ્યા. ત્યારે અરદેશરે પૂછ્યું કે તમે કોણ છો ? ત્યારે કહે કે જેને તમે સંભારો છો તે શ્રીસ્વામિનારાયણ હું છું.

પછી તેમના કપાળમાં કંકુનો ચાંદલો કરીને કહે કે સવારમાં રાજા તમને પાછી સુબાગીરી આપશે. એમ બોલીને દેખાતા બંધ થયા. પછી સ્વપ્નામાંથી જાગ્યા અને દર્પણમાં પોતાનું મુખ જોયું ત્યારે કપાળમાં કંકુનો ચાંદલો જોઈ આશ્ચર્ય પામ્યા. અને તે દિવસે શ્રીજીમહારાજના કહેવા પ્રમાણે અરદેશરભાઈને સુબાગીરી મળી. આવો ચમત્કાર જોઈને તેમણે શ્રીજીમહારાજના સ્વરૂપનો પાકો નિશ્ચય કર્યો. તેમજ પોતાના ગુરુ **મુની બાવા**ને પણ શ્રીજીમહારાજનો પાકો નિશ્ચય કરાવ્યો. તેથી તે બન્ને પ્રગટ પ્રમાણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા હવા. અને આ બધો ઉપકાર ભાઈચંદભાઈ શેઠનો માનતા હવા.

અને તે ભાઈચંદભાઈ શેઠના દીકરા કાશીદાસભાઈ હતા તેમના દીકરા છગનલાલભાઈ થયા ને તેમના દીકરા હીરાલાલભાઈ છે જે ચાવાળા ડૉક્ટર કહેવાતા ને તેઓશ્રી સાધુ બ્રહ્મચારીની સેવા પ્રેમપૂર્વક કરતા ને તેમનો સત્સંગ સારો હતો. અને ભાઈચંદભાઈના પિતાશ્રી જાદવભાઈ હતા, જે સુરતથી છપરપલંગ લઈને કારિયાણી ગયા હતા. તે છપરપલંગ ઢાળીને તેના ઉપર રેશમનું ગાદલું ધોળા ઓછાડે સહિત બિછાવ્યું હતું, જેને સોનેરી કસબના સેજબંધ ચારે કોરે લટકતા હતા તેના ઉપર શ્રીજી મહારાજ બિરાજમાન થયા હતા તે વાત કારિયાણીના પહેલા વચનામૃતમાં છે. ॥૨૭૧॥

અમદાવાદમાં પાટીદાર દામોદરભાઈ શ્રી રામાનંદ સ્વામીના આશ્રિત હતા, અને શ્રીરામાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો પછી શ્રીજીમહારાજનો અલૌકિક પ્રતાપ જોઈને શ્રીજીના સ્વરૂપનો પાકો નિશ્ચય થતો હતો. પછી એક સમયે દામોદરભાઈને નથુભટ્ટની સંઘાથે વિવાદ થયો. તેમાં દામોદરભાઈ બોલ્યા કે શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે, સર્વ કારણના કારણ છે, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ નારાયણ છે. અને નથુભટ્ટ કહે કે શ્રીકૃષ્ણ ભગવાન સર્વોપરી છે.

તે સાંભળી દામોદરભાઈ કહે કે શ્રીકૃષ્ણ પણ શ્રીજીમહારાજનું નામ છે. તેથી શ્રીજીને શ્રી કૃષ્ણ પુરુષોત્તમ નારાયણ કહેવાય છે. માટે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ તે જ શ્રીજીમહારાજ છે, પણ જુદા નથી અને તે જ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ

રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે. માટે શ્રીજીમહારાજ રામકૃષ્ણાદિક અવતારનાં કારણ અવતારી ને સર્વોપરી છે. પછી બેઉ જણ શ્રીજીની પાસે ગયા, અને પગે લાગીને પ્રાર્થના કરીને પૂછ્યું જે અમારા બેઉનો વિવાદ ચાલે છે તેમાં કોની વાત સાચી છે ?

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે દામોદરભાઈની વાત સાચી છે. માટે તેવી જ દ્રઢતા કરવી, જેથી બીજા અવતારનો દ્રોહ થાય નહિ. તે વાત સાંભળીને નથુભટ્ટે પણ દામોદરની પેઠે ઉપાસનાની દ્રઢતા કરી. વળી દામોદરભાઈને તથા એક સંતને વાતચીતના પ્રસંગમાં પરસ્પર વિવાદ થયો. તેમાં સાધુએ ધોલ દામોદરભાઈને મારી પણ તે બોલ્યો નહીં તેમ ક્રોધ પણ કર્યો નહિ તે વાત શ્રીજીમહારાજે જાણી તેથી સાધુને ઠપકો દીધો. ત્યારે દામોદરભાઈ કહે કે હે મહારાજ, એ સાધુ તો મારા બાપ છે, તે બાપ તો દીકરાને મારે પણ ખરા. તે સાંભળી શ્રીજી કહે કે દીકરાને ધન્ય છે ને બાપને પણ ધન્ય છે એવી રીતે શ્રીજીમહારાજના ઉપાસક સંતને વિષે પણ આત્મબુદ્ધિવાળા દામોદરભાઈ હતા.

વળી શ્રીજીમહારાજ પોતાના ધામમાં ગયા પછી દામોદરભાઈની સ્ત્રી દેહ મૂકી ગયાં તેથી ફરીને બીજી સ્ત્રી પરણ્યા તે વાત રામપ્રતાપભાઈએ સાંભળી તેથી જ્યારે દામોદરભાઈ શ્રીનરનારાયણ દેવનાં દર્શન કરીને રામપ્રતાપભાઈનાં દર્શન કરવા જાય ત્યારે રામપ્રતાપભાઈ લાકડી લઈને ઊભા થાય ને કહે જે તમો વર્તમાન ધારીને સત્સંગી થયા ત્યારે તો બ્રહ્માંડમાં જેટલી સ્ત્રીઓ છે તેઓને મા, બેન, દીકરી સમાન ગણી હતી. અને આ પરણીને બેઠા તે કયા બ્રહ્માંડમાંથી લાવ્યા ? માટે તમારે મને મુખ દેખાડવું નહિ, અને મારી પાસે આવવું પણ નહિ.

એમ દરરોજ ઠપકો આપતા ને તિરસ્કાર કરતા. તોપણ દામોદરભાઈને કોઈ પણ પ્રકારનો સત્સંગનો તથા રામપ્રતાપભાઈનો અવગુણ આવ્યો નહિ. અને શ્રીનરનારાયણ દેવનાં દર્શન તથા સંત સમાગમ કરવાનો તથા રામપ્રતાપભાઈની પાસે દર્શન કરવા જવાનો નિયમ કાયમ રાખતા હતા. આવી રીતે શ્રીજીમહારાજની અનન્ય નિષ્ઠાવાળા દામોદરભાઈ હતા. ॥૨૭૨॥

દક્ષિણના ગોપાલ બ્રહ્મચારી ગોપનાથ આવ્યા ને ત્યાં ગોપનાથ મહાદેવ પધરાવ્યા. ત્યાં તેમના શિષ્ય આનંદ બ્રહ્મચારી થયા. તેમના શિષ્યો બીજા આનંદ બ્રહ્મચારી થયા. તેમના શિષ્ય બીજા આનંદ બ્રહ્મચારી થયા. તેમના શિષ્ય બીજા ગોપાલ બ્રહ્મચારી થયા તે મોટા સદ્‌ગુરુ હતા અને તેમના શિષ્ય વિશ્વંભર ભટ્ટ

ગોપનાથ શ્રાવણ માસમાં પાલિતાણેથી ગોપનાથ મહાદેવની પૂજા કરવા સારુ આવતા હતા. તે વિશ્વંભર ભટ્ટને તે ગોપાલ બ્રહ્મચારીનો યોગ થયો. ને ગોપાલ બ્રહ્મચારીનો ઉપદેશ વિશ્વંભર ભટ્ટને લાગ્યો. તેથી વિશ્વંભર ભટ્ટ સિદ્ધ દશાને પામ્યા ને પછી વિશ્વંભર ભટ્ટ ગોપનાથથી ચાલ્યા તે તેમના યજમાન આસોંદરમાં હતા ત્યાં આવ્યા. ને તે આસોંદર ગામમાં રહેતા હવા.

તે ગામના ઓઢા ખુમાણની સંઘાથે વિશ્વંભર ભટ્ટને હેત થયું. તેથી વિશ્વંભર ભટ્ટ ઓઢા ખુમાણની સંઘાથે મેલીકારમાં ભેગા જતા. પછી ઘોડે ચઢીને ચાલ્યા જતા હોય ને પછવાડે વાર આવે ત્યારે વિશ્વંભર ભટ્ટ ઓઢા ખુમાણને કહે કે તમે આ વારને પાછી વાળો, નહિ તો હું વારને પાછી વાળું એમ કહીને પોતે વારને પાછી વાળી. એમ કરીને થોડે દૂર ગયા. એટલામાં વીંછી ઘણાં ચાલ્યા જતા હતા તેને જોઈને ઓઢા ખુમાણે વિશ્વંભર ભટ્ટને પૂછ્યું જે આ શું ચાલ્યું જાય છે ? ત્યારે વિશ્વંભર ભટ્ટ કહે જે શાહુકારનું ધન જાય છે. તે લેવું હોય તો લ્યો, ત્યારે ઓઢા ખુમાણ કહે કે તમે લ્યો, ત્યારે વિશ્વંભર ભટ્ટે પાવરો વીંછીનો ભરી લીધો અને એક જગ્યાએ પાણી આવ્યું ત્યાં સહુ દાતણ કરવા ઊતર્યા અને ત્યાં પછેડી પાથરીને પાવરો ઠલવ્યો એટલે સોનામોરનો ઢગલો થઈ ગયો.

ત્યારે કાઠીયો કહે આમાંથી ભાગ સૌ લેશું. એ સાંભળી વિશ્વંભર ભટ્ટે પછેડી ઉડાડી તે તમામ સોનામોહોરોના પાછા હતા તેવા વીંછી થઈને પેલા કાઠીયો પર પડ્યા ને સર્વેને એકેકો બેબે કરડ્યા. પછી ત્યાંથી આસોંદર આવ્યા. તે આસોંદરમાં વિશ્વંભર ભટ્ટના યજમાનની દીકરી વાલબાઈ હતી તે ભગવાનને ગોતતી હતી. તેવામાં કોઈકે કહ્યું કે જે ભેખમાં ભગવાન છે. માટે ભેખની ચાકરી કરે તો ભગવાનને મેળવે.

પછી માનગર અતિત કરીને વિશ્વંભર ભટ્ટનો શિષ્ય હતો તેને વાલબાઈ દરરોજ જમાડી આવે ને કોઈ દિવસ તે માનગર તેને ઘેર આવીને જમી જાય. પછી થોડા દિવસ માનગર રોટલા જમ્યા ને પછી વાલબાઈને પૂછ્યું કે તું મને રોટલા શા સારુ જમાડે છે ત્યારે બાઈએ જવાબ દીધો જે મહારાજ હું જાણું છું કે ભેખમાં ભગવાન છે તે જો સાધુસંતોની સેવા કરીએ તો ભગવાનને ભેટાડે.

પછી તે માનગરે કહ્યું કે જે તમારા ગોર વિશ્વંભર ભટ્ટ છે તે જ ઈશ્વરનો અવતાર છે ત્યારે તેને સાચું મનાયું. પછી વિશ્વંભર ભટ્ટ તે વાલબાઈને ત્યાં ભિક્ષા માગવા ગયા તેવામાં તે બાઈએ વિશ્વંભર ભટ્ટને પગે પડીને કહ્યું જે મને

ભગવાન ભેટાડો ને તમે ઈશ્વરનો અવતાર છો. ત્યારે વિશ્વંભર ભટ્ટ કહે જે પગ મેલી દે. અમે બ્રાહ્મણ તો ઈશ્વર જ છીએ એમ કહ્યું તો પણ વાલબાઈએ વિશ્વંભર ભટ્ટના પગ મૂક્યા નહિ. એવું જોઈ વિશ્વંભર ભટ્ટે વાલબાઈના કપાળમાં અંગૂઠો દાબ્યો એટલે તેને ષટ્ચક્રની સમાધિ થઈ ત્યારે તે ભટ્ટે પૂછ્યું કે આ વાલબાઈને કાંઈ થાય છે ત્યારે તેની માતુશ્રી કહે જે આજે જ કાંઈ થયું છે. ત્યારે ભટ્ટ કહે કે આજે સુવારી મેલો. પછી વાલબાઈને સુવારી મૂકી. પછી ત્રણ દિવસ થયા ત્યારે વિશ્વંભર ભટ્ટ પાછા ભિક્ષા માગવા આવ્યા ત્યારે તેમને કહે કે વાલબાઈને હજી સુવાણ થઈ નથી. પછી વિશ્વંભર ભટ્ટ કહે જોઉં. એમ કહીને ભટ્ટે પાછો અંગૂઠો દબાવ્યો જેથી સમાધિમાંથી ખેંચી તેથી વાલબાઈ બેઠી થઈ.

તેને થોડા દિવસ થઈ ગયા અને વાલબાઈને સાસરેથી કોઈ તેડવા આવનાર હતા તેથી વિશ્વંભર ભટ્ટને તે વાલબાઈ કહે જે મારું મોત આવ્યું. મને સાસરેથી તેડવા આવનાર છે અને મારે સાસરે જાવું નથી ને સંસાર ભોગવવો નથી. તે સાંભળી વિશ્વંભર ભટ્ટ કહે જે ચાલ્ય ત્યારે આપણે કાશીએ જઈએ. એમ કહી બન્ને જણ ત્યાંથી ચાલ્યાં તે લાઠીગામ આવ્યાં અને ભગવાં કરીને વિશ્વંભર ભટ્ટે પોતાનું નામ આત્માનંદ સ્વામી એવું ઠરાવીને બન્ને જણ ત્યાંથી ચાલ્યાં તે કાશીએ ગયાં. ત્યાં એક બાઈ નાઘેરની હરબાઈ કરીને વૈરાગ્યવાન્ હતી ને તમામ ભેખમાં ભમતી કાશીમાં આવીને વાલબાઈ ને આત્માનંદ સ્વામીના ઉતારા ઉપર ભેગી થઈ.

તે વખતમાં આત્માનંદ સ્વામી ભિક્ષા માગવા ગયા હતા અને તે હરબાઈને વાલબાઈ કહે જે ક્યાં રહેવું ? ત્યારે તે કહે રહેવું ગિરનારની છાયામાં. ત્યારે વાલબાઈને હરબાઈ કહે જે તમારે ક્યાં રહેવું ? ત્યારે તે કહે જે અમારે પણ ગિરનારની છાયામાં રહેવું. ત્યારે વાલબાઈ કહે જે આંહી કેમ ફરો છો ભગવાન સારુ કે પુરુષ સારુ. ત્યારે હરબાઈ કહે કે પુરુષ સારુ નહિ, પણ ભગવાનને સારુ ફરું છું. હાલના વખતમાં ભેખ કે સાધુ એ સર્વે તો કામી, ક્રોધી, લોભી એવા છે પણ ખરા સંત ક્યાંય મળતા નથી. પણ ખરા સંત મળે તો તે થકી ભગવાન પણ મળે. એવું ધારીને સર્વે દેશમાં તથા ધામમાં ફરું છું પણ ખરા સંત ક્યાંય મળતા નથી.

ત્યારે વાલબાઈ બોલી જે મારી ભેગાં રહો હું તમને ખરા સંત બતાવું અને ભગવાન પણ મળશે. આવું સાંભળીને હરબાઈ ત્યાં રહ્યાં. એટલામાં આત્માનંદ સ્વામી ભિક્ષા માગીને ગામમાંથી ઉતારા પર આવ્યા ત્યારે હરબાઈને આત્માનંદ

સ્વામીનાં દર્શન થયાં ત્યારે ધારણા થઈ અને હરબાઈએ પણ ભગવાં કર્યાં ને એ ત્રણેય ત્યાંથી ચાલ્યાં તે ગોકુળ મથુરામાં આવ્યાં. ત્યાં અભ્યાગતની જગ્યામાં ઉતારો કર્યો તે જગ્યામાં લોકોને રસોઈ આપવાનો વારો ન આવે ત્યારે પાકું સીધું આપીને જાય ને એમ ભલામણ કરે કે જ્યારે વારો આવે ત્યારે રસોઈ કરીને તમે જમજો ને અભ્યાગતને જમાડજો. પણ તે જગ્યાવાળા એમ કરે નહિ. અભ્યાગતને દાળ, રોટલા આપીને કાઢી મૂકે અને પોતે સારું સારું કરીને ખાય.

પછી લોકોમાં બહુ અપકીર્તિ થવા લાગી કે અભ્યાગતની જગ્યા બગડી. તેવામાં આત્માનંદ સ્વામી તથા બે ડોશીઓ એ ત્રણ જણ તે જગ્યામાં આવી ઊતર્યાં અને આત્માનંદ સ્વામીએ પગે ગોળના પાટા બાંધ્યા ને માંખ્યો બમણવા માંડી. પછી તે જગ્યાના સાધુએ આવીને તે જ પ્રમાણે કાચું સીધું આપ્યું ને રજા આપી જે તમે જાઓ તોપણ આત્માનંદ સ્વામી ઊઠ્યા નહિ. પછી સાંજે મંદિરમાં સાધુ આવીને કહે તમે કેમ હજી જતા નથી. પછી આત્માનંદ સ્વામી કહે હું માંદો છું તે ઉઠનાર નથી. પછી વેરાગીઓએ હાથ ઝાલીને ઢસડવા માંડ્યા. પછી આત્માનંદ સ્વામીએ બૂમ નાખી એટલે મહંતે સાંભળી. પછી મહંત કહે એમને રહેવા દ્યો. એ મર પડ્યો.

તે જ દિવસે માલપુવાની ને દુધપાકની રસોઈ છાની બનાવેલી તે સૌના ભાણામાં પીરસ્યા પછી મહંત આવીને આત્માનંદ સ્વામીને ઘણો આગ્રહ કરીને જમવા તેડી ગયા. પછી એમને પણ દુધપાક ને માલપુવા મેલ્યા ત્યારે આત્માનંદ સ્વામી કહે એ શું છે. ત્યારે તે કહે કે દુધપાક છે. ત્યારે આત્માનંદ સ્વામી કહે આમાં જીવડા છે. એવું સાંભળીને સર્વેએ જોયું તો ઘણાક જીવડા દુધપાકનાં વાસણોમાં જોવામાં આવ્યા. ત્યારે તમામ જણાએ દુધપાક જમીનમાં દાટી દીધો અને સર્વે રાત્રિએ વાળુ વિનાના સૂઈ રહ્યા. અને સવારે વેલા ઊઠીને આત્માનંદ સ્વામી ચાલ્યા ગયા. ત્યારે સવારે તે જગ્યાવાળાને ખબર પડી કે કોઈ મોટા પુરુષ તો ખરા. આપણામાં ખોટ હતી તે ટાળવાને સારુ ને આપણને શિક્ષાને સારુ આ પરચો કરી બતાવ્યો.

અને પછી ત્યાંથી આત્માનંદ સ્વામી વડનગર ને વિસનગરમાં ગયા, અને ત્યાં આઠદશ નાગરનાં ખોરડાંને સત્સંગ કરાવ્યો. પછી અમદાવાદ આવ્યા. ત્યાં તેમણે આઠદશ ઘર નાગરોનાને પણ સત્સંગ કરાવ્યો. ત્યાંથી ચાલ્યા તે ગામ મછીયાવ આવ્યા. તેમાં ભરવાડોને તથા ત્યાંના દરબારનાં બાઈને સત્સંગ થયો

તથા ત્રાંબા આખું ગામ સત્સંગી થયું. અને ત્યાં જુક્તાનંદ અને મુક્તાનંદ બે સાધુ કર્યા. તેમાં જુક્તાનંદ સમાધિવાળા થયા, અને મુક્તાનંદ અનુવૃત્તિવાળા થયા. અને ત્યાંથી પાંચેય જણ ચાલ્યા તે સત્રાહા ગામમાં આવ્યા ને ત્યાં રામાનંદ સ્વામી એક ફેરો આત્માનંદ સ્વામી ભેગા થઈને શ્રી રંગક્ષેત્રમાં ગયા. ત્યાં દીક્ષા પામીને પાછા આત્માનંદ સ્વામીની પાસે આવતા હતા તે કાનમમાં થઈને આવ્યા.

તે કાનમમાં સારંગ (સારીંગ) કરીને ગામ છે. ત્યાં ભાઈ રામદાસજી હળ હાંકતા હતા. ત્યારે રામાનંદ સ્વામીએ પૂછ્યું કે અમારી ભેળા આવશો ? ત્યારે તેમણે કહ્યું જે આવીશ. એમ કહીને તુરંત હળ મેલીને રામાનંદ સ્વામી ભેગા ચાલી નીકળ્યા. પછી રામાનંદ સ્વામીએ એમને સાધુ કરીને ભાઈ રામદાસજી એવું નામ પાડ્યું. તે ફરતા ફરતા તળાજે આવ્યા. ત્યાં રામાનુજની જગ્યામાં રહ્યા અને ત્યાં સર્વે ગ્રંથ ભણી લીધા. પછી રામાનંદ સ્વામીના મનમાં એમ થયું કે હવે રજા આપે તો ઠીક. આપણી મેળે ચાલી નીકળવું તે ઠીક નહિ.

એવામાં તે બાવે ઘર માળવા માંડ્યું ત્યારે રામાનંદ સ્વામીને બોલાવીને કહે કે વળીઓ આપો. ત્યારે રામાનંદ સ્વામીએ અણીયોવાળાં પીછાં આપવા માંડ્યાં ત્યારે બાવો કહે કે વળીયો આમ કેમ ઘો છો, થડ ઘો. તો પણ રામાનંદ સ્વામીએ તે જ પ્રમાણે પીછાં દેવા માંડ્યાં. પછી બાવો વઢ્યો કે આવી અવળી ક્રિયા કરવી હોય તો મારી જગ્યામાંથી ચાલી નીકળો. પછી ત્યાંથી ચાલી નીકળ્યા. તે ફરતા ફરતા ગીરનાર થઈને સત્રાહા ગામમાં આવ્યા. ત્યાં આત્માનંદ સ્વામી વિગેરે પાંચ જણને એ બે જણ મળી એ સાત જણ ત્યાંથી ચાલ્યા તે મેખાટીંબીએ ગયા. ને ત્યાં આયરો સત્સંગી હતા ત્યાં રહ્યા. અને ધ્રાફામાં માર્ગીનો મેળો થાતો હતો તે મેખાટીંબીમાં આયરો ઉપર કંકોત્રી આવી. પછી આયરો કહે અમારા ગુરુને કંકોત્રીઓ આપો.

પછી આત્માનંદ સ્વામીને તથા રામાનંદસ્વામીને કંકોત્રી આપી. પછી આત્માનંદસ્વામીને રામાનંદ સ્વામી કહે કે અમે સૌ આવીએ કે ત્યારે તેમણે કહ્યું જે તમે સૌ આવજો. પછી મેળામાં જવાનો દિવસ આવ્યો ત્યારે રામાનંદ સ્વામીને હીરકોરી ધોતિયું તથા લાંબી ચાળનું અંગરખું તથા માથે નગરનું ઊંચી કિંમતનું ધોતિયું વિગેરે શોભતો પોશાક પેરાવી કેડે ઢાલ તલવાર અને હાથમાં સાંગ દીધી ને આત્માનંદ સ્વામી તથા રામાનંદ સ્વામીને ઘોડે બેસાડ્યા. અને બીજા પચાસ સવાર ભેગા થઈને ધ્રાફામાં મેળો કરવા ગયા. ત્યાં સહુને ખબર પડી કે **ભરમીબાવો** આવે છે ત્યારે સહુમાર્ગીઓ કહે હવે મેળો ભાંગશે.

પછી તેણે આત્માનંદ સ્વામી તથા રામાનંદ સ્વામીને સામું માણસ મોકલ્યું જે તમને કોણે તેડાવ્યા છે ? વગર તેડ્યા આવ્યા છો વાસ્તે પાછા ભાગી જાઓ. ત્યારે આત્માનંદ સ્વામી તથા રામાનંદ સ્વામી કે કે અમે પાછા ખસવાના નહિ. **સોયે સમા ન એકે પારોઠા.** એવા છીએ વાસ્તે પાછા નહિ જાઈએ એમ કહીને ગામમાં ગયા ને બરછી ઉગામી કહે કે પ્રશ્ન પૂછો એમ કહેતાં સહુ ભાગી ગયા ને કે અમને જમવા દ્યો. ત્યારે મેળાવાળા બોલ્યા જે તમને કોણે તેડાવ્યા છે ? ત્યારે આત્માનંદ સ્વામી તથા રામાનંદ સ્વામી કહે કે જુઓ આ કંકોત્રી રહી. ત્યારે મેળાવાળા કહે જે આ તો આયરો ઉપર કંકોત્રી છે ત્યારે આત્માનંદસ્વામી કહે જે અમારા સેવકો છે માટે એમણે કંકોત્રી અમને આપી છે વાસ્તે અમને જમવા દ્યો. પણ મેળાવાળાએ જમવા ન દીધું ત્યારે આત્માનંદ સ્વામી કહે જે ત્યારે તું પણ મેળો કરજે !

એમ કહી પાછી ગામ સામી નજર કરી એટલે ગામના ચોકમાંની જમીનમાંથી એક સેડ નીકળી. તેમાંથી બંદૂકની ગોળીઓ જેવી કાંકરીયો એવા જોરથી નીકળવા માંડી કે આખા ગામના માણસો નાસી ભાગી ગયા અને કેટલાક નાશ પામી ગયા અને મેળો અધર રહ્યો ને ધૂળધાણી કરી નાખ્યું. એ પ્રમાણે ધ્રાફામાં મેળો ભાંગ્યો. ત્યાંથી ચાલ્યા તે લોઢવા ગામમાં આવ્યા, અને ત્યાં વિઠલજી બ્રાહ્મણ તથા લખુચારણ સત્સંગી થયા હતા તે લખુચારણને ત્યાં રહ્યા હતા. પછી વિઠલને મળ્યા તે વિઠલજીને એક ત્રણ માસનો છોકરો મૂકીને વિઠલજીની સ્ત્રી દેહ મૂકી ગઈ એ દુઃખની વાત આત્માનંદ સ્વામી પાસે કહી, ત્યારે આત્માનંદ સ્વામી કહે તું છોકરાને ધવરાવ. ત્યારે વિઠલજી કહે મહારાજ એ કેમ થાય ? પછી આત્માનંદ સ્વામીએ વિઠલજીની છાતી ઉપર હાથ ફેરવ્યો એટલે બે સ્તન થયાં. પછી સ્વામી કહે છોકરો અનાજ ખાવા શીખશે એટલે સ્તન આળસી જશે ને પુરુષ જેવો થઈશ. એમ કહીને તું હમણાં છોકરાને મોટો કર. તે છોકરો દશ વરસનો થશે ત્યારે સાધુ કરીશું.

પછી છોકરો મોટો થયો. પછી છોકરાનું નામ બાળાનંદ પાડ્યું ને વિઠલજીનું નામ વિઠલાનંદ પાડ્યું. એ બેને સાધુ કરીને લખુચારણને સોંપ્યા. પછી નાઘેરમાં રામપર આવ્યા ને ત્યાં સત્સંગ કરાવ્યો. એવી રીતે ઘણે ઠેકાણે સત્સંગ કરાવ્યો. પછી માવજી વાણીયો તથા ડોસો કુંભાર એ બે નાઘેરમાં આત્માનંદ સ્વામીને તેડવા ગયા તે તેડીને પાછા આવતા હતા ત્યાં રસ્તામાં નાના તથા મોટા માંડવા

ગામમાં આવ્યા તે વખત તેમની સાથે જુક્તાનંદ તથા મુક્તાનંદ તથા રામાનંદ સ્વામી તથા રામદાસજીભાઈ તથા વાલબાઈ હરબાઈ ડોસીઓ તથા આત્માનંદ સ્વામી તથા માવજી વાણીયો તથા ડોસો કુંભાર એ સર્વે ચાલ્યા આવતા હતા.

તે માંડવા ગામમાં આવ્યા ત્યાં સર્વેને શેરડી ચૂસવાનું મન થયું. પછી એ નવે જણ એક વાઢ હતો ત્યાં ગયા. ત્યાં શેરડીનો ઢગલો પડ્યો હતો ત્યાં પૂછ્યા વિના શેરડી ચૂસવા મંડી ગયા. પછી વાઢનો ધણી કહે આ કેનો ગુરુ છે તે આમ પૂછ્યા વિના શેરડી ચૂસે છે ને નુકસાન કરે છે ? ત્યારે કહે કે આત્માનંદ સ્વામી મારું નામ છે ને આ વાઢનો ધણી હું જ છું અને આ પૃથ્વીનો ધણી હું છું. બીજા કેને પૂછવું હતું. તેવામાં વાઢનો રહેનારો અતિત ત્યાં આવ્યો તે બોલ્યો કે મહારાજ આબરૂ સોતા વાઢ બહાર નીકળો. નીકર તારી ભેખની આબરૂ નહિ રહે, એમ કહીને પરાણે બહાર કાઢ્યા.

ત્યારે આત્માનંદ સ્વામીએ ચાલતી વખતે કહ્યું કે જે હવે શેરડી પીલજે અને ગોળ કરજે. તું તો શું પણ તારો બાપ આવે તો ગોળ નહિ થાય. એમ કહીને ચાલતા થયા અને આગળ એક નેરૂ આવ્યું ત્યાં સરવે નાવા રોકાણા અને વાઢમાં ચીચોડો ફેરવવા માંડ્યો પણ રસ કુંડીમાં પડે નહિ ને બહાર પડવા માંડ્યો. પછી પેલા અતિતે આવીને ધૂપ-દીપ કરીને ઘણી મહેનત કરી ને છેવટમાં અતિતે પોતાની જીભ કાપીને ચીચોડે ચોંટાડી પણ રસ કુંડીમાં પડે નહિ. પછી અતિતે વાઢના ધણીને કહ્યું કે એ ભેખની પાસે કાંઈ મેલામંતર નહોતા. પણ એ કોઈ મોટા પુરુષ હતા તે એમનું બોલ્યું ખરું થયું. માટે હવે પાછા લાવો તો રસ કુંડીમાં ઊતરે ને ગોળ થાય. નહિ તો ગોળ નહિ થાય.

પછી વાઢનો ધણી ઘોડે બેસીને ગયો ને જ્યાં આત્માનંદ સ્વામી હતા ત્યાં જઈને મોઢામાં ખાસડું લઈને પગે લાગ્યો ને બોલ્યો કે મહારાજ, તમે મોટા પુરુષ છો, તે તમારે આમ ઘટે નહિ વિગેરે ઘણા પ્રકારથી સ્તુતિ કરીને કહે કે મારા વાઢ સુધી પધારો. પછી આત્માનંદ સ્વામી કહે જા અમે નહિ આવીએ. તું તારી મેળે પીલી ખા. પછી તે પસ્તાવો કરી ઘણો દિલગીર થયો. પછી સ્વામી કહે અમારે હવે શેરડી ખાવી નથી પણ આ પત્તર ભરીભરીને ઘી આપ. પછી તે ઘી આ બધાના ગળામાં ઊતરશે એટલે તારે કુંડીમાં રસ ઊતરશે. માટે સારું ઘી લાવજો. નરસું હશે તો નાખી દેશું માટે સારું ઘી લાવજો. પછી વાઢનો ધણી સારું ઘી લાવ્યો.

પછી આત્માનંદ સ્વામી કહે કે ચોખા રાંધો. પછી તે કણબીએ સારો ગોળ આપ્યો. એવામાં કણબીને નિશ્ચય થયો કે આ તો કોઈ મોટા પુરુષ છે એમ જાણીને આત્માનંદ સ્વામીને હાથ જોડીને બોલ્યો જે હે મહારાજ, તમે તો કોઈ મોટા પુરુષ છો, તમે કાંઈ ગોળ-ઘી સારુ આવ્યા નથી. પણ મારા કલ્યાણ સારુ આવ્યા છો. એવું કહ્યું ને પછી આસ્તા થઈને થોડા થોડા ચોખા ગોળ ને ઘી જમ્યા. બાકીનું ઘી ગોળ વધ્યું તે પાછું આપ્યું અને કુંડીમાં રસ ઊતર્યો.

પછી એ કણબી આત્માનંદ સ્વામીને કહે જે મારે ત્યાં ચાર માસ રહેવું એવો કોલ આપો. પણ કોલ ન આપ્યો અને એક માસ સુધી ત્યાં રહેવાની હા પાડી. પછી એ કણબીએ એક ઓરડો કરાવ્યો ને સાત જણને સારુ ઢોલીયા તથા ગાદલાં ગોદડાં પણ કરાવ્યાં ને કોઈ કોઈ વખત પંદર પંદર વીશ વીશ દિવસ રહેતા હતા અને ફરતા ફરતા છત્રાહામાં આવ્યા ને ત્યાં સવારે નદીએ નાવા ગયા ત્યારે આત્માનંદ સ્વામી કહે કે મારો દેહ વૃદ્ધ થયો ને વાલબાઈ હરબાઈ બે ડોસીઓ કહે તમારા દેહનો નિરધાર નહિ ત્યારે અમારે શું કરવું.

ત્યારે આત્માનંદ સ્વામી કહે કે તમારે આ રામાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું ને વળી એમ કહ્યું જે હું તથા જુક્તાનંદ તથા મુક્તાનંદ એ ત્રણે જણ નાઘેરમાં જઈએ છીએ ને દેહ પડી જાય અથવા દેહ રહે તો પણ હવે તમારે અમારી પાસે આવવું નહિ. એમ કહી નાઘેરમાં લોઢવે ગયા ને રામાનંદ સ્વામી તથા રામદાસભાઈ તથા હરબાઈ વાલબાઈ તે છત્રાહામાં રહ્યાં. અને આત્માનંદ સ્વામી લોઢવામાં રહેતા હતા ત્યાંથી પચીસ ગાઉને છેટે એક રામપર નામે ગામ છે ત્યાંના હરિભક્તને સમાધિમાં કહે કે તું તારું ગાડું લઈને મને તેડવા આવજે એટલે તે હરિભક્ત ગાડું લઈને તેડવા આવ્યો. એટલે આત્માનંદ સ્વામી એ ગાડામાં બેસીને રામપર ગયા ને જુક્તાનંદ ને મુક્તાનંદને ત્યાં રહેવાની આજ્ઞા કરી અને પોતે રામપર રહ્યા.

ને રાજુલાના બાબરીયો કાઠી તથા રાજગર એ બે જણને તેડાવ્યા અને **ઘાતરવડી નદીમાં** સવારે નાવા ગયા ને નાહીને તમરના ઝાડને છાંયે બેઠા અને બાબરીયાને તથા રાજગરને કહ્યું જે અમને એકસોને પચીસ વરસ થયાં છે તો હવે અમારા દેહનો નિરધાર નહિ, માટે કદી દેહ પડી જાય તો બાળશો નહિ તેમ દાટશો નહિ પણ આ જગ્યામાં આ નદીના કાંઠા ઉપર આ તમરનું ઝાડ છે ત્યાં મૂકી જજો. એમ કહી એ બેને પોતાના પગ ઝલાવ્યા ને નક્કી કર્યું ને પછી દેહ

મૂકી દીધો. પછી તેમના કહેવા પ્રમાણે ધાતરવડીને કાંઠે ગાજતેવાજતે આત્માનંદ સ્વામીના દેહને તમરના ઝાડ તળે મૂકી આવ્યા. પછી આત્માનંદ સ્વામીએ દેહ મૂક્યા પછી જુક્તાનંદ ને મુક્તાનંદને લોઢવામાં આવીને કહ્યું કે તમારે ધામમાં આવવું છે ? તે સાંભળી તેમણે હા કહી ને બીજા લોકોને ભલામણ કરી કે અમારો દેહ પડી જાય તો અમારા દેહને બાળશો નહિ તેમ દાટશો પણ નહિ અને આ પર્વતમાં મૂકી આવજો.

પછી તેમણે બન્ને જણે સમાધિ કરીને દેહ મૂકી દીધા અને ધામમાં ગયા અને તેમના દેહને તે ગામના માણસો પર્વતમાં મૂકી આવ્યા એ સરવે વાત રામાનંદ સ્વામી તથા રામદાસજીભાઈ તથા હરબાઈ વાલબાઈ છત્રાહામાં હતાં ત્યાં સાંભળી. પણ આત્માનંદ સ્વામીની આજ્ઞા નહોતી એટલે ત્યાં તો જવાય નહિ. પછી ત્યાં ન ગયાં. ને તે ડોશીઓએ કહ્યું કે હવે આપણે કેમ કરવું ? ત્યારે રામાનંદ સ્વામી કહે કે સ્વામીની આજ્ઞા પ્રમાણે ચાલવું. તે વાસ્તે અમે તમને એમ કહીએ છીએ કે તમે ડોશીઓ છો તે વાસ્તે તમારે પુરુષને વાત કરવી નહિ અને સ્ત્રીઓને વાત કરો. એમ રામાનંદ સ્વામીએ કહ્યું. ત્યારે ડોશીઓ બોલી જે પુરુષ અમને શું કરનાર છે.

અમે પીસ્તાલીશ વરસ આત્માનંદ સ્વામીની ભેગાં રહ્યાં અને સાત વરસ સુધી તમારી ભેગાં રહ્યાં તો હવે અમારે પુરુષની કાંઈ ગણતી નથી તે વાસ્તે પુરુષ અમને શું કરનાર છે. ત્યારે રામાનંદ સ્વામી કહે કે અમારું વચન માનવું હોય તો અમારી ભેગાં રહો અને ન માનો તો તમે નોંખાં રહો. ત્યારે એક તરફ બે બાઈઓ રહેતી હતી. પછી રામાનંદ સ્વામી તથા રામદાસજીભાઈએ બેઉ જણ પણ ત્યાંથી ચાલી નીકળ્યા ને ભગવાં ઉતારી રામાનુજનો વેશ ધારણ કર્યો. પછી દેશ દેશમાં ફરતા ફરતા લોજ-માંગરોળ-સરધાર-ધોરાજી વિગેરેમાં સાત સદાવ્રત બાંધ્યાં. એ પ્રમાણે રામાનંદ સ્વામી તથા રામદાસજીભાઈએ સાત વરસ સુધી આત્માનંદ સ્વામી ભેગા રહીને પછી પોતે સ્વતંત્ર ઉદ્ધવ સંપ્રદાય ચલાવતા હવા. ॥૨૭૩॥

દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ સોમાબાઈવાળે ઓરડે દક્ષિણાદે મુખારવિંદે ઉમરાના થડમાં વિરાજમાન હતા. તે વખત ચૈતન્યાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી એ આદિક સર્વે સાધુ ભરાઈ ને મહારાજ પાસે બેઠા હતા. તે વખતે મહારાજનો થાળ આવ્યો

તે જમવા બેઠા. તે જમતાં જમતાં એક બાવળ હતો તે બાવળના સામી નજર કરીને પાછા જમવા મંડ્યા અને પાછી ફરીને નજર કરીને વળી જમવા મંડ્યા. ને પછી ત્રીજી વખત નજર કરી એમ ત્રણ વખત મહારાજ તે બાવળના સામી નજર કરી કરીને જોયું ને બોલ્યા જે આ સમે આ બાવળનાં જેવાં મોટાં ભાગ્ય છે, તેવાં કોઈનાં નથી.

અને લીંબડા સામું જોઈને બોલ્યા જે આ લીંબડાનાં પણ મોટાં ભાગ્ય છે, ને આ દરબારમાં મનુષ્ય રહે છે તેનાં પણ મોટાં ભાગ્ય છે, ને આ દરબારમાં જે ગાય-ભેંસ-ઘોડા-આદિક પશુ તે સર્વેનાં મોટાં ભાગ્ય છે, અને આ ગામના હરિભક્ત છે તેનાં પણ મોટાં ભાગ્ય છે ને આ દેશમાં જે મનુષ્ય રહે છે તેનાં પણ મોટાં ભાગ્ય છે. ને બદ્રીકાશ્રમમાં નરનારાયણ તથા મુક્ત છે તે પણ એમ કહે છે જે આ સમે એમનાં મોટાં ભાગ્ય છે ને શ્વેતદ્વીપના મુક્ત છે તે પણ એમ કહે છે જે આ સમે એમનાં પણ મોટાં ભાગ્ય છે અને ગોલોકના મુક્ત છે તે પણ એ કહે છે જે આ સમે એમનાં પણ મોટાં ભાગ્ય છે અને અક્ષરધામના મુક્ત છે તે પણ કહે છે જે આ સમે એમનાં પણ મોટાં ભાગ્ય છે.

ત્યારે સર્વે સંતે પૂછ્યું જે હે મહારાજ, એ વાત કહો કે એ મોટાં ભાગ્ય તે શાને કરીને છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે ॥૧॥ અક્ષરના મુક્ત છે તે એમ કહે છે જે આપણે તો ઘણાં દાખડે કરીને ભગવાનના ધામને પામ્યા છીએ ને આજ હવે થોડે દાખડે કરીને આ ધામને પામે છે એ જ એમનાં મોટાં ભાગ્ય છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદ્રીકાશ્રમ એ આદિક ધામના મુક્ત એમ કહે છે કે ઘણે દાખડે કરીને પણ ન પમાય એવા જે ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદ્રીકાશ્રમ આદિક જે ધામ તે થકી પર જે અક્ષરધામ તેને અનંત કોટિ બ્રહ્માંડાધિપતિ, ઈશ્વરેશ, અપહતપાપમત્વ, સત્યસંકલ્પત્વાદિ અનંતકલ્યાણગુણયુક્ત, અપારનિત્યમુક્ત બ્રહ્માદિમુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા આ ભક્તિધર્મના પુત્ર શ્રીજીમહારાજના સંબંધવાળા જે ભક્ત તે શ્રીજીમહારાજની કૃપાથી થોડે દાખડે કરીને પામે છે માટે આ સમે એ ભક્તોનાં મોટાં ભાગ્ય છે.

અને દેવ-દૈત્ય પણ કહે છે ને એમ સમજે છે જે આ બ્રહ્માંડમાં ભગવાન પધાર્યા છે મોટાં મોટાં કાર્ય કરે છે તેથી આ બ્રહ્માંડનાં તથા આપણાં મોટાં ભાગ્ય છે ॥૭॥ ને બીજા દેશના લોકો પણ એમ જાણે છે જે શ્રીસ્વામિનારાયણ ભગવાન ગઢડામાં વિરાજે છે ને ગઢડુ શ્રીસ્વામિનારાયણ કહેવાય છે એમ જાણે છે એનાં

પણ મોટાં ભાગ્ય છે ॥૮॥ ને બીજા ગામના લોકો પણ એમ જાણે છે જે શ્રીસ્વામિનારાયણ ભગવાન ગઢડા બિરાજે છે એમ જે જાણે છે તેનાં પણ મોટાં ભાગ્ય છે ॥૯॥ ને આ ગામનાં મનુષ્ય કુસંગી છે તેનાં પણ મોટાં ભાગ્ય છે જે મારાં એમને દર્શન થાય છે ॥૧૦॥ ને આ ગામના હરિભક્તનાં પણ મોટાં ભાગ્ય છે જે અમારો મહિમાએ સહિત ભક્તિ કરે છે ને નિત્ય અમારો સંબંધ છે. ॥૧૧॥ અને આ દરબારમાં રહે છે તેમનાં પણ મોટાં ભાગ્ય છે જે જે માણસો અમારી સેવા કરે છે તથા જે વસ્તુ અમારા ઉપયોગમાં આવે છે તે વાસ્તે તેનાં પણ મોટાં ભાગ્ય છે ॥૧૨॥

આ ગાયો, ભેંસોનું દૂધ અમારા થાળમાં અમારા જમવામાં આવે છે તે વાસ્તે તેનાં પણ મોટાં ભાગ્ય છે ॥૧૩॥ અને ઘોડાનાં પણ મોટાં ભાગ્ય છે જે અમારે બેસવાના કામમાં આવે છે તે વાસ્તે એનાં પણ મોટાં ભાગ્ય છે ॥૧૪॥ અને આ બળદોનાં પણ મોટાં ભાગ્ય છે જે આ અમારી ગાડીના ખપમાં આવે છે તથા ખેતરના કામમાં આવે છે ને ખેતરનું અનાજ વિગેરે ફળ, ફૂલ, શાક વિગેરે અમારા ઉપયોગમાં આવે છે તેથી તેનાં પણ મોટાં ભાગ્ય છે. ॥૧૫॥ અને આ લીંબડાનાં પણ મોટાં ભાગ્ય છે જે એને છાંયે અમે બેસીએ છીએ ને કેટલીક વખત સભાઓ કરીએ છીએ અને કેટલીક વખત તો નીચે થાળ જમ્યા છીએ વિગેરે એની છાયા તળે બેસી અમે રાજી થઈએ છીએ તે વાસ્તે એનાં પણ મોટાં ભાગ્ય છે. ॥૧૬॥

અને આ બાવળનાં પણ મોટાં ભાગ્ય છે ને એનાં દાતણ અમે હંમેશાં કરીએ છીએ. ॥૧૭॥ અને જે જે અમારી સેવા કરે છે ને અમારા ખપમાં આવે છે તેનાં તો અતિ મોટાં ભાગ્ય છે.

આ પ્રમાણે વાત કરીને બોલ્યા જે અમને ત્રણ વાત ગમતી નથી તે કઈ તો ॥૧॥ એક તો મનને વિષે અકડતા રાખે એટલે કોઈને નમી શકે નહિ એવો હોય તે અમને ન ગમે. ॥૨॥ પોતાની જાણે મોટો થવાનું કરે તે અમને ન ગમે. ॥૩॥ સાધુ સંત હરિભક્ત એમનો કોઈ દ્રોહ કરે તે અમને ન ગમે. એ પ્રમાણે શ્રીજીમહારાજ થાળ જમતાં જમતાં બોલ્યા ને પછી ચળુ કર્યું ને થાળ નિત્યાનંદ સ્વામી તથા ચૈતન્યાનંદ સ્વામીને આપ્યો તે થાળ લઈને મુક્તાનંદ સ્વામીને આસને આવ્યા. તે થાળની પ્રસાદી જમતાં જમતાં મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું કે આ થાળ જમતાં જમતાં શ્રીજીમહારાજે કાંઈ વાત કરી હતી? ત્યારે નિત્યાનંદ સ્વામી કહ્યું

જે આજ તો શ્રીજીમહારાજે વાત ઘણી સારી કરી. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે કે એ વાત કહો. ત્યારે ઉપરની વાત નિત્યાનંદ સ્વામીએ કહી દેખાડી. તે સાંભળી મુક્તાનંદ સ્વામી બહુ રાજી થયા ને કહે કે એ વાત શ્રીસ્વામિનારાયણ ભગવાન બહુ સારી કરતા હવા. ॥૨૭૪॥

એક વખત શ્રીજીમહારાજ દાદાખાચરના આથમણા બારના ઓરડાની ઓસરીની પાસે ઓટો હતો તે ઓટા ઉપર દક્ષિણાદે મુખારવિંદે થાળ જમવા બેઠા હતા. તે જમી રહ્યા પછી મુખવાસ જમતા જમતા ચાલ્યા તે વાસુદેવ નારાયણના ઓરડે ઢોલીયો બિછાવ્યો હતો તે ઢોલીયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા. તે વખત નૃસિંહસ્વામી વિગેરે સાધુ બેઠા હતા તે શ્રીજીમહારાજનાં ઉઘાડે શરીરે દર્શન કરીને સાધુ સુખ લેતા હતા. તે જોઈને શ્રીજીમહારાજને નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું કે હે શ્રીજીમહારાજ, આવું ને આવું હંમેશાં દર્શનનું ને મૂર્તિનું સુખ રહે ખરું ?

ત્યારે શ્રીજીમહારાજ કહે જે જીવમાં ત્રણ ગુણ છે તે રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણ, તે જ્યારે જીવને વિષે આવે ત્યારે અંતઃકરણ ફેરવી નાખે છે ને મૂર્તિનું સુખ રહેતું નથી અને તેની સમજણ ચૂંથી નાખે છે. તે ગુણનું કારણ શરીરને વિષે રહે છે. તે કારણ શરીર કેવું છે તો કોઈ રીતે ટાળ્યું ટળે તેવું નથી ને કરોડ બ્રહ્મહત્યા જેવું છે તે એને સુખ આવવા દેતું નથી. તે ઉપર શ્રીજીમહારાજે ઈંદ્રની વાત કરી જે ઈંદ્રને એક બ્રહ્મહત્યા વળગી હતી. તે કાંઈ સુખ આવવા દેતી નહોતી તેથી તે શરીરે ઘણો સુકાઈ ગયો. પછી નારદજી મળ્યા. તેમણે પૂછ્યું કે હે ઈંદ્ર, તું આટલો બધો દુબળો કેમ છો. ત્યારે ઈંદ્રે કહ્યું જે મારે દુઃખ છે એવું દુઃખ બીજા કોઈને નથી. ત્યારે નારદજી કહે કે તારે દુઃખ હોય તે કહે. ત્યારે ઈંદ્રે કહ્યું મને બ્રહ્મહત્યા વળગી છે તે કાંઈ સુખ આવવા દેતી નથી, ત્યારે નારદજી કહે તને મારું માનવામાં આવે તો એક ઉપાય કહું પણ તને મનાય એવું નથી. ત્યારે તે કહે મને સુખ થાય એવું કહેશો તે શા સારુ નહિ મનાય ? તે તો મનાશે જ.

ત્યારે નારદજી કહે તારા નાનાભાઈને તું હૃદયમાં ધાર. ત્યારે તે ઈંદ્રે માથું ડોલાવ્યું ને હસ્યો ને બોલ્યો જે તમે મારી ઠેકડી કરી. ત્યારે નારદજીએ કહ્યું જે મેં તને કહ્યું નહોતું જે તને નહિ મનાય. ત્યારે ઈંદ્ર કહે કે મહારાજ, કોઈ મોટા મોટા દેવ છે તેનું કહ્યું હોત તો પણ ઠીક હતું. પણ આ તો બાળક છે તેને કાંઈ ખબર નથી તો તે શું મારી બ્રહ્મહત્યા ટાળશે. ત્યારે નારદજી કચવાઈને ચાલી

નીકળ્યા પછી બ્રહ્મહત્યા આવીને ઈંદ્રની છાતી ઉપર ચઢી બેઠી. ત્યારે ઈંદ્રને એમ થયું જે નારજીએ મને જે વચન કહ્યું હતું તે સાચું છે કે મારી ઠેકડી કરી છે તે સમજીને પોતાનો ભાઈ જે નાનો બાળક તેની સ્મૃતિ કરી. ત્યારે બ્રહ્મહત્યા છેટે રહી ને નારદજીનો ભરોસો આવ્યો ને વામનજીની મૂર્તિને સમીપે રાખવા માંડી ને એની સ્મૃતિ રાખવા માંડી ત્યારે બ્રહ્મહત્યા છેટે રહી.

તે જોઈ ઈંદ્રને વિચાર થયો કે જે નારદજીએ કહ્યું હતું જે એ જ મૂર્તિને જીવમાં ધારજે ત્યારે તે ઈંદ્રે જીવમાં ધારવાનો અભ્યાસ કર્યો ત્યારે મૂર્તિ નિરંતર જીવને વિષે રહેવા માંડી ત્યારે બ્રહ્મહત્યા નાશ પામી. તેમજ અભ્યાસ કરતાં કરતાં મૂર્તિ અખંડ જીવમાં રહે તો કારણ શરીર છે તે નાશ પામે તે વિના કોટિ ઉપાય કરે તોપણ કારણ શરીર નાશ પામે નહિ. માટે તમારે સુખ જોઈતું હોય તો તે મૂર્તિ જીવને વિષે ધારો ને ધારતાં ધારતાં મૂર્તિ જીવમાં રહેશે ત્યારે કારણ શરીર નાશ પામી જશે ને ભગવાન અખંડ જીવમાં રહેશે ત્યારે તમને ઘણું સુખ આવશે ને કોઈ દહાડો ટળે નહિ એવું નિરંતર સુખ રહેશે. એમ શ્રીસ્વામિનારાયણ ભગવાન કહેતા હવા. ॥૨૭૫॥

એક વખત શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં ઉગમણાબારના મોટીબાના ઓરડાની ઓસરીમાં સાંજ વખતે સભા કરીને ઉગમણા મુખારવિંદે ઢોલીયો બિછાવ્યો હતો તે ઉપર વિરાજમાન થયા હતા. તે સમે એક બ્રાહ્મણ આવ્યો. તે સામુદ્રીકશાસ્ત્ર વિગેરે ભણેલો હતો તે શ્રીજીમહારાજ પાસે સભામાં આવ્યો હતો. પછી શ્રીજીમહારાજ કહે આવો અહીં બેસો. પછી તે બ્રાહ્મણ ઢોલીયાના થડમાં બેઠો ને બોલવા મંડ્યો કે તમે ભગવાન કેમ થયા ? હું જાણું છું કે તમે હિંદુસ્તાની બ્રાહ્મણ છો ને હરિપ્રસાદજીના દીકરા છો ને ભગવાન થઈને કેમ બેઠા છો ? ને ભગવાનની ગાદી ઉપર બેઠા છો કેમ ? એ વિગેરે ઘણુંક બોલ્યો.

તેને શ્રીજીમહારાજ સાંભળી રહ્યા ને પછી બોલ્યા જે અમે ઘેરથી નીકળ્યા તે ભારે ભારે રાજ આવ્યાં. તે જોયાં પણ કોઈ ગાદી ખાલી દેખી નહિ. એમ કરતાં આ દેશમાં આવ્યા ને આ દેશમાં પણ મોટાં મોટાં રાજ સ્થાન જોયાં પણ કોઈ ગાદી ખાલી દેખી નહિ. એ પછી ભગવાનની ગાદી ખાલી દેખી તે અમે ભગવાનની ગાદીએ બેઠા, એમ કહીને શ્રીજીમહારાજે તે બ્રાહ્મણ સામાં ચરણારવિંદ રાખ્યાં તે ચરણારવિંદમાંથી સોળ ચિહ્ન બ્રાહ્મણને ભગવાનનાં દેખાયાં

ત્યારે તે બ્રાહ્મણને એમ થયું જે આવાં ચિહ્ન તો ભગવાનને હોય, ભગવાન સિવાય કોઈને આવાં ચિહ્ન હોય નહિ. તેટલામાં શ્રીજીમહારાજના ચરણમાંથી ટાઢો હીમ જેવો તેજનો સમૂહ નીકળ્યો. તે બ્રહ્માંડ ભરાઈ જાય તેટલું તે તેજ બ્રાહ્મણને દેખાયું.

એવામાં શ્રીજીમહારાજની મૂર્તિ અક્ષરધામમાં દેખાણી ને બધા અવતાર શ્રીજીમહારાજની સેવામાં દેખાણા ને અપરિમિત મુક્ત દેખાણા. એવું ચાર ઘડી સુધી રહ્યું. એ બ્રાહ્મણ શંકરનો ઉપાસક હતો. તે અપરિમિત શંકર શ્રીજીમહારાજની સેવામાં છે તેવું તે બ્રાહ્મણના જોવામાં આવ્યું, ને તે બ્રાહ્મણને શંકરે કહ્યું જે આ પુરુષોત્તમ નારાયણ સર્વ અવતારના અવતારી છે માટે તું એમનો આશરો કરીને એ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કર એટલે તમને અક્ષરધામની પ્રાપ્તિ થાય. પછી એ બ્રાહ્મણ પાછો દેહમાં સમાધિમાંથી આવ્યો, ને શ્રીજીમહારાજની સ્તુતિ કરવા લાગ્યો જે હે શ્રીજીમહારાજ, તમે તો સર્વ અવતારના કારણ ને અનંત કોટિ બ્રહ્માંડના શિવ તેના તમે કારણ છો તે મેં તમારો અપરાધ કર્યો અને જેમ તેમ બોલ્યો માટે તમે દયા કરીને મારો અપરાધ ક્ષમા કરો ને મને તમારે શરણે રાખી તમારો આશ્રિત કરો. મારા અપરાધ સામું તમારે જોવું નહિ. એમ કહીને શ્રીજીમહારાજનાં ચરણમાં પડ્યો. ત્યારે શ્રીજીમહારાજે તેને વર્તમાન ધરાવીને પોતાનો આશ્રિત કર્યો એવી રીતે શ્રીસ્વામિનારાયણ ભગવાના સ્વરૂપનો બ્રાહ્મણને પાકો નિશ્ચય થતો હવો. ॥૨૭૬॥

એક વખત ઉમરેઠના હરિભક્તનો સંઘ ગઢડામાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારુ આવતો હતો. તે ભેળો એક બ્રાહ્મણ શંકરનો ઉપાસક હતો તે પણ આવતો હતો. તે રસ્તામાં આવતાં આવતાં એક જગ્યાએ નાઈને પૂજા કરતા હતા તેવામાં તે બ્રાહ્મણ પણ પૂજા કરવા બેઠો તે જુવે તો બીલીપત્રનો પડીઓ ક્યાંઈક પડ્યો રહ્યો તેથી પૂજા અધૂરી રહી તેટલા સારુ રસ્તામાં બે ઉપવાસ થયા. ને બધા સંઘ સહિત અહીં આવ્યો.

તે વખત શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં ઉગમણા બારના સોમાબાઈના ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજ્યા હતા. તેવામાં સર્વે સાધુ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને બાઈઓ સર્વે છેટે બેઠીયો હતી તે વખતે ઉમરેઠનો સંઘ આવ્યો. તે આવીને શ્રીજીમહારાજને દંડવત્ કરી પગે લાગ્યા ત્યારે શ્રીજીમહારાજે તેમના ખબર પૂછ્યા ને ઉતારો બતાવ્યો તે ઉતારે

ગયા. ત્યાર પછી કાંઈ જોઈતો સરસામાન મોકલતા હતા ત્યારે શ્રીજીમહારાજે સંઘવાળાને પૂછવા માંડ્યું જે તમારે કાંઈ જોઈએ છીએ, જે જોઈએ તે માગી લેજો પણ મૂંઝાશો નહિ.

તે સાંભળી એક હરિભક્ત બોલ્યા જે શ્રીજીમહારાજ, અમારા ભેગો એક શંકરનો ઉપાસક બ્રાહ્મણ છે તે રસ્તામાં શંકરની પૂજા કરતાં બીલીપત્ર ક્યાંઈ પડ્યાં રહ્યાં ને રસ્તામાં કોઈ ઠેકાણે મળ્યાં નહિ, માટે તેની પૂજા અધૂરી રહી છે ને આજ તેને ત્રણ ઉપવાસ થયા છે. તે વાસ્તે તેને બીલીપત્ર હોય તો તેની પૂજા પૂરી થાય તો તે જમે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે આટલામાં કોઈ સમાધિવાળો છે, જો હોય તો કૈલાસમાંથી બીલીપત્ર લાવે.

ત્યારે ઉમરેઠના જ બ્રાહ્મણ નંદલાલ કરીને સમાધિવાળા હતા તેમને તત્કાળ સમાધિ થઈ અને તે કૈલાશમાં ગયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે નાનભક્તને બોલાવો ત્યારે નાનભક્તને બોલાવ્યા. તે આવીને હાથ જોડીને શ્રીજીમહારાજ આગળ ઊભા રહ્યા. ત્યારે શ્રીજીએ કહ્યું જે સારી ઘોડી બહુ ચાલતી હોય તેને તૈયાર કરીને તમે પણ તૈયાર થઈને આવો. તે શ્રીજીમહારાજના કહેવા પ્રમાણે તૈયાર થઈને આવ્યા. તેને શ્રીજીએ કહ્યું જે તમે અમરેલી જાઓ અને ત્યાંથી બીલીપત્ર લઈને તાકીદથી ઝટ આવજો. પછી તે અમરેલી તરફ ચાલ્યા તે બીજે દિવસે બીલીપત્ર લઈને આવ્યા. ને શ્રીજીમહારાજને બીલીપત્રનો પડો આપ્યો. તે મહારાજે તે બ્રાહ્મણને બોલાવીને બીલીપત્રનો પડો આપ્યો. તે બ્રાહ્મણ પૂજા કરીને જમ્યો. પછી ઉમરેઠના હરિભક્ત હતા તેમણે મહારાજને ભારે ભારે રસોઈઓ આપીને સર્વે સાધુને જમાડીને પૂજા કરવા આવ્યા તે ભારે ભારે ઘરેણાં વસ્ત્ર તે લાવ્યા ને શ્રીજીમહારાજને પહેરાવ્યાં ને આરતી ઉતારી. તે સમે શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને કહ્યું જે તમારે કાંઈ જોઈએ તો કહેજો. અને બીજે દિવસે પણ બીજા તે ગામના હરિભક્ત હતા તેમણે રસોઈ આપી. પછી તે પણ શ્રીજીમહારાજની પૂજા કરવા આવ્યા જે તેમણે મહારાજને ભારે ભારે જરીયાની વસ્ત્ર પહેરાવ્યાં ને સોનાનાં ઘરેણાં ભારે ભારે પહેરાવ્યાં ને કેશર ચંદનની આડ કરીને બે તોરા ધરાવ્યા ને શ્રીજીમહારાજની આરતી ઉતારી અને સર્વે સાધુની કેશર ચંદને કરી પૂજા કરી ને પુષ્પના હાર પહેરાવીને વસ્ત્ર સર્વે સાધુને ઓઢાડ્યાં. પૂજા કર્યા પછી શ્રીજીમહારાજની આગળ સર્વે બેઠા.

એવી રીતે ત્રણ દિવસ સુધી પૂજા થઈ અને ચોથે દિવસે શ્રીજીમહારાજે તેમને પૂછ્યું કે તમારે કાંઈ જોઈએ છીએ. જોઈએ તો કહેજો. ત્યારે તેમણે કહ્યું જે મહારાજ અમારે કાંઈ જોઈતું નથી, બધું સાનુકૂળ છે પણ મહારાજ એક દુઃખ છે. ત્યારે શ્રીજીમહારાજ ઉતાવળા થઈને બોલ્યા જે શું દુઃખ છે ? ત્યારે તેમણે કહ્યું જે આ નંદલાલને સમાધિ થઈ છે તેને અમારે સાચવવો પડે છે તે દુઃખ છે. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે સમાધિ ક્યારથી થઈ છે. ત્યારે તેમણે કહ્યું જે, મહારાજ અમે આવ્યા તે જ દિવસે તમે તેને કૈલાસમાં બીલીપત્ર લેવા મોકલ્યા છે ત્યારથી તેને સમાધિ થઈ છે. ત્યારે શ્રીજીમહારાજ કહે એને સાંજે અહીં સભામાં લાવજો.

પછી એને સાંજે સભામાં લઈને આવ્યા ત્યારે સર્વે સભા ઊભી થઈ ત્યારે મહારાજે કહ્યું જે ઊભા થાશો નહિ. એ તો સમાધિવાળાને અહીં લાવે છે તેને લાવીને શ્રીજીમહારાજ પાસે સુવરાવ્યો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે કોઈ સમાધિવાળો છે જે આ જે ધામમાં ગયો ગોતીને પાછો લાવો. ત્યારે તે સભામાં સચ્ચિદાનંદ સ્વામી બેઠા હતા. તે તત્કાલ સમાધિ કરીને તે અક્ષરધામમાં ગયા ને ત્યાં સર્વે ઠેકાણે જોયું પણ તે ત્યાં ન મળે. ત્યારે પાછા સમાધિમાંથી શ્રીજીમહારાજ પાસે આવ્યા ને કહ્યું જે હે મહારાજ, તે તો અક્ષરધામમાં નથી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે ચૌદ લોકમાં જે જે સ્થાન છે તે બધાં જોઈ આવો અને એ જ્યાં હોય ત્યાંથી લાવો. ત્યારે સ્વામી બધાં સ્થાન જોઈને આવ્યા ને કહ્યું જે એ તો ક્યાંય છે નહિ.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે અષ્ટ આવરણે યુક્ત એવું બ્રહ્માંડ તેને સર્વે ઠેકાણે જુઓ ત્યારે તેમણે સર્વ ઠેકાણે જોયું પણ તે હાથ ન આવ્યો. ત્યારે એ સ્વામીએ આગળ જઈને કહ્યું જે મહારાજ એ તો ક્યાંઈ હાથ ન આવ્યો ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે અનંત કોટિ બ્રહ્માંડ છે તે અનંતરૂપે કરીને તેને તમે જુઓ. ત્યારે તે સચ્ચિદાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે હે મહારાજ, તમારા નામના પ્રતાપે કરીને મારે સમાધિએ કરીને એક બ્રહ્માંડમાં ગતિ છે પણ બીજાં બ્રહ્માંડોમાં મારી ગતિ નથી તે કેમ કરીને જાઉં.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે સર્વ અવતારના કારણ સર્વોપરી ભગવાન જો મુને શ્રીસહજાનંદસ્વામી મળ્યા હોય તો તેમને પ્રતાપે કરીને મારામાં એવું ઐશ્વર્ય આવે જે હું સર્વે બ્રહ્માંડને જોઉં એવો સંકલ્પ કરો. ત્યારે તેમણે તે સંકલ્પ કર્યો.

ત્યારે તત્કાલ અનંતરૂપે થયા. અને અનંત સ્વરૂપે કરીને અનંત બ્રહ્માંડને જોયાં ને પાછાં સર્વે સ્વરૂપ આવીને પોતાને વિષે સમાઈ ગયાં. પછી શ્રીજીમહારાજ પાસે આવ્યા ને કહ્યું જે હે શ્રીજીમહારાજ, ત્યાં તો હાથ ન આવ્યો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે અક્ષરધામમાં જાઓ ત્યારે તેમણે કહ્યું જે મહારાજ અક્ષરધામમાં તો જઈ આવ્યો છું. ત્યારે શ્રીજીમહારાજ કહે ફરીને જાઓ. ત્યારે પાછા ફરીને ગયા ને અક્ષરધામમાં સર્વે મુક્તોને કહ્યું જે આ તો ક્યાંઈ હાથ આવતો નથી. ત્યારે તે મુક્તે કહ્યું જે શ્રીજીમહારાજ પાસે તમે પાછા જાઓ ત્યારે તમને હાથ આવશે.

પછી આવતાં આવતાં કૈલાશ સોંસરા નીકળ્યા ત્યારે તે નંદલાલ ભૂલો પડ્યો થકો દોડાદોડ કરતો હતો પણ મારગ જડતો નહોતો. તેવામા સચ્ચિદાનંદ સ્વામી ત્યાં નીકળ્યા એટલે તેમની પછવાડે ચાલ્યો તે તત્કાલ આ દેહમાં આવ્યો ને શ્રીજીમહારાજને પગે લાગ્યો ને કૈલાશમાંથી બીલીપત્ર લાવ્યો હતો તે શ્રીજીમહારાજ આગળ મૂક્યાં. ત્યારે શ્રીજીએ કહ્યું જે ક્યાં ગયો હતો ? ત્યારે તેણે કહ્યું જે હે શ્રીજીમહારાજ, તમે કહ્યું નહોતું જે કૈલાશમાં બીલીપત્ર લેવા જા. પછી હું ગયો ને આ બીલીપત્ર લાવ્યો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે ચાર દિવસ સુધી વાર કેમ લાગી. તારો વિશ્વાસ રાખ્યો હોત તો આ બ્રાહ્મણ મરી જાતને ! ત્રણ ઉપવાસ થયા હતા ને ચાર બીજા થાત એટલે સાત ઉપવાસે તો બ્રાહ્મણ નક્કી મરી જાત. પણ બીજે ઠેકાણેથી બીલીપત્ર લાવીને જમાડ્યો.

ત્યારે નંદલાલ કહે જે હું ભૂલો પડી ગયો હતો. દોડાદોડ તો ઘણી કરી પણ ભૂલો પડ્યો ને મારગ જડતો નહોતો એટલે શું કરું. ત્યારે શ્રીજીમહારાજ કહે કેમ કરીને આવ્યો. ત્યારે નંદલાલ કહે કે કોઈક સાધુ અક્ષરધામમાં ગયા હતા તે તમારી પાસે આવતા તે કૈલાશ સોંસરા નીકળ્યા. તેમને મેં દેખ્યા તેથી અહીં તેમની વાંસે થઈને આ દેહમાં આવ્યો ને આ પડો લાવ્યો. ત્યારે શ્રીજીમહારાજે ઉમરેઠના શંકર ઉપાસક બ્રાહ્મણને પડો આપ્યો ને કહે જે તમે કોઈ દહાડો કૈલાશમાં જાઓ છો ? ત્યારે તેણે કહ્યું જે શ્રીજીમહારાજ, મને તો કૈલાશની ખબર નથી.

ત્યારે શ્રીજીમહારાજ કહે જે શિવનું ધામ છે ને શિવની ભક્તિ કરે તે દેહ મૂકે ને ત્યાં જાય માટે તમને કોઈ દિવસ શંકરનાં દર્શન થાય છે કે નથી થાતાં ? ત્યારે તેણે કહ્યું જે હે મહારાજ, મને તો કાંઈ થાતું નથી. ત્યારે શ્રીજીમહારાજ કહે જે આ નંદલાલ તો કોઈ દહાડો શિવનું નામ લેતો નથી ને શિવની પૂજા

કરતો નથી ને માળા પણ શિવની ફેરવતો નથી, ને તે કૈલાશમાં ચાર દિવસ સુધી રહી આવ્યો. ત્યારે તે બ્રાહ્મણ કહે જે હે શ્રીજીમહારાજ, તે બધો તમારો પ્રતાપ છે. એમ કહીને બહુ આશ્ચર્ય પામતો હવો. ને શ્રીજીમહારાજને કહે જે મને તમારો આશ્રિત કરો. ત્યારે શ્રીજીમહારાજે તેને વર્તમાન ધરાવીને પોતાનો આશ્રિત કર્યો. પછી તે બ્રાહ્મણ શ્રીજીમહારાજની ષોડ્શોપચારથી પૂજા કરી ને સ્તુતિ કરી આનંદ પામતો હવો. પછી તે સંઘ આવ્યો હતો તેણે ઘણી ધામધૂમથી પૂજા કરી તે જોઈને મહારાજ ઘણું રાજી થયા. પછી તે રજા માગીને સર્વે પોતાનો ગામ જતા હવા. ॥૨૭૭॥

એક સમે રાત્રિને વિષે શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં ઢોલીયા ઉપર વિરાજમાન હતા. તે સમે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા એટલે સ્વામી આવ્યા. ત્યારે આસન નાખીને તે ઉપર બેસાર્યા ને શ્રીજીમહારાજને સ્વામી કહે જે મને શા સારુ બોલાવ્યો. ત્યારે શ્રીજીમહારાજે પોતા પાસે જે સેવક આદિક માણસો બેઠા હતા તેમને બહાર કાઢી મૂક્યા અને મુક્તાનંદ સ્વામીને કહ્યું જે તમને એક વાત કહેવી છે. ત્યારે મુક્તાનંદ સ્વામી હાથ જોડીને બોલ્યા કે કહો મહારાજ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે સ્વામી તમને તે વાત મનાશે ? ત્યારે સ્વામીએ કહ્યું જે હા મહારાજ મનાશે. એટલે શ્રીજીમહારાજ બોલ્યા કે હે મુક્તાનંદ સ્વામી એ વાત મનાય તેવી નથી. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે જે, હે મહારાજ, મને તો તમારો વિશ્વાસ છે જેથી મનાશે માટે વાત કહો.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે આ ગોપાળાનંદ સ્વામી બહુ મોટા છે. તે એક સ્વરૂપે અક્ષરધામ રૂપ થઈને સર્વે મુક્તોને ધરી રહ્યા છે ને બીજે સ્વરૂપે કરીને પુરુષોત્તમનારાયણની સેવામાં રહ્યા છે. ને ત્રીજે સ્વરૂપે કરીને અક્ષરધામના મુક્તોને ભગવાનના મહિમાનો બોધ કરે છે. અને ચોથે સ્વરૂપે કરીને અહીં રહ્યા છે તે વાત તમને મનાશે. ત્યારે મુક્તાનંદ સ્વામી હાથ જોડીને બોલ્યા કે હા મહારાજ મનાશે. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે ગોપાળાનંદ સ્વામી કહે તેમ કરજો. પછી મુક્તાનંદ સ્વામી કહે જે ઠીક મહારાજ. ગોપાળાનંદ સ્વામી કહેશે તેમ કરીશ.

પછી જરા વાર બેસી શ્રીજીમહારાજને પગે લાગી પોતાને આસને મુક્તાનંદ સ્વામી આવ્યા, ને શ્રીજીમહારાજ પોઢી ગયા. અને સ્વામી આસને સૂઈ ગયા. અને બીજે દિવસે સવારમાં ગોપાળાનંદ સ્વામી પૂજા કરીને મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવા આવ્યા. એટલે મુક્તાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને આસન

નાખી દઈને બોલ્યા જે સ્વામી બેસો. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે કે સ્વામી હું તમારી આગળ આસન ઉપર નહિ બેસું. ત્યારે મુક્તાનંદ સ્વામીએ બહુ તાણ્ય કરીને આસન ઉપર બેસાર્યા ને કહ્યું જે શ્રીજીમહારાજે મને કહ્યું છે જે ગોપાળાનંદ સ્વામી કહે તેમ કરજો.

ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે સ્વામી તમે તો સર્વ વાતે સંપન્ન છો. માટે તેમાં તમને શું કહેવું. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે કે તોય પણ તમને જે જણાતું હોય તે કહો. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે કે શ્રીજીમહારાજ સ્વધામ જવાના છે ને તમારો પણ દેહ નહિ રહે માટે તમારી જે કાંઈ પૂજા તથા પુસ્તક પાનું જે કાંઈ કોઈને આપવાનું હોય તે આપો ને શ્રીજીમહારાજની સેવા તમે સખા ભાવે કરો છો તે હવે દાસ ભાવે સેવા કરો.

ત્યારે તે વચન મુક્તાનંદસ્વામીએ તત્કાળ માન્યું અને રઘુવીરજીમહારાજ તથા અયોધ્યાપ્રસાદજીમહારાજને મુક્તાનંદસ્વામીએ બોલાવ્યા, અને ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પાટ નાખીને તે ઉપર બન્ને ભાઈને બેસાડી સ્વામીએ પોતાનાં કાવ્યનાં પુસ્તક અને બીજાં પુસ્તક અરધોઅરધ બન્નેવ ભાઈને વહેંચી આપ્યાં. તે પછી પોતાના સાધુને પૂજા આપવાની હતી તે વહેંચી આપી. અને બીજી વાત પોતાને કહી હતી તે મુક્તાનંદસ્વામી કરતા હવા. ॥૨૭૮॥

એક સમે શ્રીજીમહારાજ જીવાખાચરના દરબારમાં સાધુને રહેવાની ઓરડીને વિષે રાત્રિને સમે ઢોલીયા ઉપર પોઢ્યા હતા. તે રાત્રિના બાર વાગવાના સુમારે નાગાર્જુન કરીને એક રાવળ હતો તે રવાજ લઈને પોતાને ઘેર કીર્તન બોલવા માંડ્યો ત્યારે તે કીર્તન સાંભળીને શ્રીજીમહારાજ પોઢ્યા હતા તે ઢોલીયા ઉપર બેઠા થયા ને એક કીર્તન સાંભળ્યું ને બીજું કીર્તન તે રાવળ બોલી રહ્યો ત્યાં શ્રીજીમહારાજ તેની પાસે ગયા ને ઘડી વાર ઊભા રહ્યા પણ તેની વૃત્તિ કીર્તનમાં પ્રેમે કરીને જોડાઈ ગયેલી તે ખબર પડી નહિ જે શ્રીજીમહારાજ પધાર્યા છે, અને ત્રીજું કીર્તન બોલવા મંડ્યો ત્યાં શ્રીજીમહારાજને દીઠા ત્યારે શ્રીજીમહારાજને હાથ જોડીને કહે જે અત્યારે અંધારે મહારાજ તમે ક્યાંથી આવ્યા ?

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે તમારાં પ્રેમનાં કીર્તન સાંભળી અમારાથી રહેવાણું નહિ માટે તારી પાસે આવ્યા. ત્યારે તેણે ઢોલીયો પાથરી દીધો ને તે ઉપર શ્રીજીમહારાજને વિરાજમાન કર્યા એટલે શ્રીજીમહારાજ કહે જે કીર્તન બોલો. ત્યારે તે રાવળ ઊભો થઈને હાથમાં રવાજ લઈ આઘોપાછો ખસતો જાય ને

રવાજ વગાડી કીર્તન શ્રીજીમહારાજ આગળ બોલતો જાય તે એ રીતે ચાર કીર્તન શ્રીજીમહારાજ આગળ બોલ્યો ત્યાં તેના નાડીપ્રાણ તણાઈ ગયા અને ઝળળળ પ્રકાશ દેખાણો ને તે પ્રકાશને વિષે દિવ્ય સિંહાસન ઉપર મહાશોભાયમાન શ્રીજીમહારાજની મૂર્તિ દેખાણી અને સર્વ અવતાર શ્રીજીમહારાજની સ્તુતિ તથા પૂજા કરે છે ને કોઈ મહારાજની આરતી ઉતારે છે એવી રીતે દેખાણું તથા મોટા મોટા દેવ ને બ્રહ્માદિક તે પણ આવી મહારાજની પ્રાર્થના કરે છે એવી રીતે તે રાવળને એક ઘડી સુધી દેખાણું પછી શ્રીજીમહારાજે તેનું બાવડું ઝાલી ધંધડાવીને કહ્યું જે નાગાર્જુન-નાગાર્જુન ત્યારે તે દેહમાં આવીને બોલ્યો જે હે શ્રીજીમહારાજ એમ જવાબ દીધો.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે તું ઊંઘી ગયો હતો કે શું વારૂં ? ત્યારે તેણે બધી હકીકત કહી બતાવી ત્યારે શ્રીજીમહારાજ કહે કે તું હેતે કરીને કીર્તન બોલ્યો તો તુંને આવું અલૌકિક ઐશ્વર્ય દેખાણું ને કહે જે આવું જે દેખાણું તે પ્રમાણે હવેથી અમને એવા સમજજે ત્યારે તેણે કહ્યું જે આવી તો મારી સમજણ નહોતી પણ હવેથી તમારું દિવ્ય રૂપ દેખાણું તે પ્રમાણે સમજીશ. પછી શ્રીજીમહારાજ ઓરડીએ આવીને પોઢી જતા હવા. ॥૨૭૯॥

એક સમે શ્રીજીમહારાજ ઉત્તરાબારના ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા. ત્યારે બધા સદ્‌ગુરુ જે બ્રહ્માનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, ભવાનાનંદસ્વામી વૈદ્ય આદિ મોટા મોટા સાધુને બોલાવ્યા ત્યારે તે સર્વે સભામા આવીને બેઠા. ત્યારે સર્વે પ્રત્યે શ્રીજીમહારાજ કહે જે દાદાખાચરના વ્યવહારનું મુંબઈ જવાનું કામ આવ્યું છે તે કોઈ મુંબઈ જાય તો અમારે જવું ન પડે. એમ કહીને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને શ્રીજીમહારાજ કહે જે આ સાધુમાં તમે પૂછો કોઈ મંડળ સાધુનું જાય તેમ છે ? નહિ તો અમારે જવું પડશે. ત્યારે તેમણે મંડળના મોટેરા સાધુઓને પૂછી જોયું પણ કોઈએ હા કહી નહિ. ત્યારે મુક્તાનંદસ્વામીએ તથા બ્રહ્માનંદસ્વામીએ શ્રીજીમહારાજને કહ્યુંજે અમે તો પૂછી જોયું પણ કોઈ જવાની હા પાડતા નથી અને મહારાજ તમે પૂછીને મોકલો તો ભલે.

પછી શ્રીજીમહારાજે બધી મંડળીઓને પૂછી જોયું ત્યારે કોઈકે કહ્યું જે મારે ભણવું છે, કોઈ કહે જે મારે લખવું છે ને કોઈ કહે જે મારે ગ્રંથ શોધવા છે ને કોઈક કહે કે મારે વેદનું કામ છે. એ રીતે ઉત્તર આપ્યા પણ જવાની કોઈએ હા

કહી નહિ. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે એક જોગી જાય તેવા છે. ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે કયા જોગી જાય તેવા છે ? ત્યારે તેમણે કહ્યું જે ગોપાળાનંદ યોગી જાય તેવા છે. ત્યારે શ્રીજીમહારાજ કહે જે તેમને બોલાવો, ત્યારે તેડવા જનાર માણસે તે જોગીને આસને ખબર કાઢીને કહે જે મહારાજ તે તેમને આસને નથી. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે ઉગમણે ખળખળીએ જોગ સાધવા જાય છે તો તે ત્યાં હશે, એટલે તેડવા જનાર માણસ ઉગમણે ખળખળીએ ગયો.

ત્યાં ગોપાળાનંદસ્વામી રાજયોગ સાધતા હતા ત્યાં તેણે કહ્યું જે તમને શ્રીજીમહારાજ બોલાવે છે. ત્યારે સ્વામી નાહી લૂગડાં પેરી શ્રીજીમહારાજ પાસે આવ્યા. પણ સ્વામી યોગ સાધે તેણે કરીને શરીર દૂબળું તે શ્રીજીમહારાજને હાથ જોડી પગે લાગીને બેઠા ને કહ્યું જે મહારાજ શા કામ સારુ બોલાવ્યો છે ? ત્યારે શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામીને મુંબઈ જવાની વાત કરી દેખાડી ને કહે જે તમારો રાજીપો હોય તો જાઓ અને તમે યોગ સાધવાનો અભ્યાસ કરો છો એટલે તમને કે'વું ઘટે તેમ નથી, પણ સર્વે મંડળવાળાને પૂછ્યું તે કોઈએ જવાની હા પાડી નહિ, માટે અવશ્યનું કામ છે તે તમે જાઓ તો સારું, નહિ તો અમારે જવું પડશે.

ત્યાર પછી શ્રીજીમહારાજે પૂછ્યું જે તમારા મંડળમાં સાધુ કેટલા છે? ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે મારા મંડળમા સાધુ ત્રીશ છે. ત્યારે મહારાજ કહે જે તે સાધુ તમારા ભેગા આવશે કે નહિ ? ત્યારે સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે તમો પૂછો જો આવે તો. ત્યારે શ્રીજીમહારાજે તે સ્વામીના મંડળના સાધુને કહ્યું જે આ સર્વે બેઠા છે તેમાંથી સ્વામી ભેગા મુંબઈ જાઓ તે ઊભા થાઓ. ત્યારે ત્રીશમાંથી સાત સાધુ ઊભા થયા. ત્યારે શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામીને કહ્યું જે આવો હવે અમને મળો. ત્યારે પ્રથમ ગોપાળાનંદસ્વામી મળ્યા. તે પછી સાત સાધુ શ્રીજીમહારાજને મળ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામી શ્રીજીમહારાજને કહે કે હું કહેતો હતો તે ગોપાળાનંદ જોગી જાય તેવા છે.

ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે સ્વામીનો અમારે વિશ્વાસ છે તે ગમે તેવું કાર્ય હોય પણ સ્વામી ના પાડે નહિ. એમ કહીને લાડુબા તથા મોટીબાને શ્રીજીમહારાજે બોલાવ્યાં ને કહે જે ગોપાળાનંદસ્વામીને દાદાખાચરના કામ સારુ મુંબઈ મોકલીએ છીએ તે વાસ્તે આજ અમારો થાળ કરો તે ભેળા સાત સાધુને

એક ગોપાળાનંદસ્વામી એમ જણ આઠનું અમારા થાળમાં જમવાનું કરજો તે સરસમાં સરસ કરજો. એમ કહીને સચ્ચિદાનંદસ્વામીને શ્રીજીમહારાજે કહ્યું જે ગોપાળાનંદસ્વામીની પૂજા કરવી છે માટે પુષ્પના હાર કરીને લાવજો. પછી થાળ તૈયાર થયો એટલે શ્રીજીમહારાજને જમવા બોલાવ્યા ત્યારે ગોપાળાનંદસ્વામીને શ્રીજીમહારાજ કહે જે તમારા સાત સાધુએ સહિત જમવા આવો. તે શ્રીજીમહારાજ આથમણા બારને ઓરડે આથમણે મુખારવિંદે જમવા બેઠા ને ગોપાળાનંદસ્વામીને પોતાને સન્મુખ ઉગમણે મોઢે બેસાડ્યા ને તેમના ચાર સાધુને પોતાની પાસે દક્ષિણાદિ તરફ બેસાર્યા ને ત્રણ સાધુને ઉત્તરાદિ તરફ જમવા બેસાડ્યા.

ત્યારે પોતાના થાળમાંથી મેસુબ-જલેબી-પેંડા-બરફી-મગજના લાડુ-ખાંડના લાડુ-સુતરફેણી-ઘેબર-ફુલવડી-હરિસો-દહીંવડાં-ભજીયાં-પાપડ-શીરો-પુરી-બીરંજ-સાકરની સુખડી-ટોપરાપાક-આદિ ભારે ભારે તેજાના નાખેલ પકવાન તથા સર્વે શાક તથા અથાણાં તે શ્રીજીમહારાજ જમતા જાય ને પ્રસાદી ગોપાળાનંદસ્વામી આદિ સાધુને હેતથી આપતા જાય ને સભા સહુ દર્શન કરે તે શ્રીજીમહારાજ સારી પેઠે જમ્યા ને સાધુને જમાડ્યા. પછી શ્રીજીમહારાજે ચળુ કરી મુખવાસ જમી જરાવાર સભામાં બેસી સભાને ઊઠવાની આજ્ઞા કરી ને શયનને અર્થે અક્ષર ઓરડીએ પધાર્યા.

તે બપોર પછી ત્રીજે પહોરે શ્રીજીમહારાજ જાગ્યા ને કોગળા કરી મુખારવિંદ ધોઈ જળપાન કરીને ચાખડીએ ચડીને ઉગમણા બારને ઓરડે ઓસરીમાં ઢોલીયા ઉપર વિરાજમાન થયા. ત્યારે સાધુ સર્વે તથા સર્વે હરિભક્તની સભા ભરાઈને મહારાજની આગળ બેઠી. તે સમે ગોપાળાનંદસ્વામી તેમના સાધુએ સહિત શ્રીજીમહારાજની પૂજા કરવા આવ્યા. ત્યારે શ્રીજીમહારાજ કહે જે આવો સ્વામી પૂજા કરો. એટલે સ્વામીએ શ્રીજીમહારાજને પ્રથમ ભાલને વિષે ચંદનની અરચા કરી તે મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો ને પુષ્પના હાર નાભી સુધીના લાંબા પેરાવીને મૂર્તિ નીરખતાં આરતી ઉતારી અને તેમના સાધુએ પણ શ્રીજીમહારાજની મૂર્તિને હૃદયમાં ધારી પછી શ્રીજીમહારાજ ઊભા થઈને ગોપાળાનંદસ્વામીને મળ્યાને છાતીમાં ચરણારવિંદ આપ્યાં એ રીતે એમના સાધુને પણ મળ્યાને ચરણારવિંદ પણ છાતીમાં આપ્યાં. ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું જે હે શ્રીજીમહારાજ અમે કાલે સવારમાં ચાલશું. ત્યારે શ્રીજીમહારાજ કહે જે સ્વામી તમારું શરીર હમણાં જરા કૃશ થઈ ગયું છે માટે બે-ચાર દિવસ પછી શરીર જરા સારું થાય એટલે ચાલજો.

ત્યાર પછી ત્રણ દિવસ ગયા પછી સ્વામીએ જવાની રજા માગી ત્યારે શ્રીજીમહારાજે ના કહીને કહે જે હજી બે-ચાર દિવસ રહો. એમ કરતાં કરતાં નિત્ય પ્રત્યે સ્વામી જવાની આજ્ઞા માગે અને શ્રીજીમહારાજ જવા દે નહિ. ત્યારે તેરમે દિવસે સ્વામીએ તેમના સાધુને કહ્યું જે શ્રીજીમહારાજ તો આપણને રાખ્યાની તાણ કરે છે પણ આજ તો કેડ્યો બાંધી તૈયાર થઈ શ્રીજીમહારાજ પાસે ચાલો ને રજા લઈએ. ત્યારે ઉગમણા બારને ઓરડે શ્રીજીમહારાજ સભા કરીને બેઠા હતા ત્યાં સ્વામી તથા તેમના સાધુ કેડ્ય બાંધી તૈયાર થઈને આવ્યા ને હાથ જોડી શ્રીજીમહારાજ પાસે રજા માગી. ત્યારે શ્રીજીમહારાજ કહે કે કાલે હરિભક્તની રસોઈ છે તે જમીને સાધુ સર્વેની પૂજા કરી પછી કાલે સવારમાં ચાલજો.

પછી આવતે દિવસ શ્રીજીમહારાજે જેવો પહેલે દિવસે થાળ કરીને સ્વામી તથા તેમના સાધુને જમાડ્યા હતા તેવો જ થાળ કરાવીને જમાડ્યા. ને કહે જે સ્વામી હવે આપણે ઝાઝે દહાડે ભેગા થઈશું માટે સારી પેઠે જમો ને તેમના સાધુને પણ ઘણો આગ્રહ કરીને જમાડ્યા. અને પોતે ચળુ કરીને મુખવાસ જમીને પ્રસાદીનો મુખવાસ સ્વામીને આપ્યો. પછી શ્રીજીમહારાજ ઢોલીયા ઉપર બેઠા ને સ્વામીને કહે કે આવો પૂજા કરો. ત્યારે સ્વામીએ પૂજા કરી આરતી ઉતારી.

પછી મુક્તાનંદસ્વામી-બ્રહ્માનંદસ્વામી-ચૈતન્યાનંદસ્વામી-નિત્યાનંદસ્વામી આદિ મોટા મોટા સદ્‌ગુરુની પણ પૂજા કરી ને શ્રીજીમહારાજને મળ્યા. પછી આસને જઈ તૈયાર થઈ શ્રીજીમહારાજ પાસે સભામાં આવ્યા ને શ્રીજીમહારાજને દંડવત્ કરી પગે લાગી સર્વ સભાને નમસ્કાર કરીને ચાલ્યા. ત્યારે શ્રીજીમહારાજ સ્વામી ઉપર અતિ પ્રસન્ન થયા. ને ગોપાળનંદસ્વામીને કહે જે સ્વામી તમે ગામ જવું રહેવા દ્યો. ને લાધાઠક્કરને મુંબઈ મોકલશું. તે કામ કરી આવશે માટે તમે રહો ને વ્યાવહારિક કામ છે એટલે લાધોઠક્કર કરશે એમાં તમને શું મોકલવા. એવું શ્રીજીમહારાજે કહ્યું ત્યારે સ્વામી પાછા વળ્યા. અને આસને પૂજા વિગેરે મેલીને સભામાં આવ્યા. ત્યારે ગોપાળાનંદસ્વામીને પોતાની અનુવૃતિમાં બહુ વર્તતા જોઈને શ્રીજીમહારાજ ઘણા રાજી થયા. માટે એમ જે અનુવૃતિમાં વર્તે તેના ઉપર શ્રીજીમહારાજ બહુ રાજી થાય છે. ॥૨૮૦॥

એક સમે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીએ વિરાજમાન હતા તે સમે સોમલાખાચર તથા દાદાખાચર તથા સુરાખાચર તથા અલૈયાખાચર તથા માતરધાધલ તથા લાધાઠક્કર તથા હરજીઠક્કર આદિક હરિભક્તો શ્રીજીમહારાજ

પાસે આવ્યા, તે પગે લાગીને બેઠા ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે તમે બધા કેમ આવ્યા ? ત્યારે તેમણે કહ્યું જે હે શ્રીજીમહારાજ આપણે મંદિરનું કામ ચાલે છે તે કડીયા પાણા વિના બેઠા છે ને ખાણે પથ્થર કાઢેલ પડ્યા છે, પણ વરસાદ વરસતો નથી એટલે લોકો કોહ હાંકવા મંડ્યા છે માટે કોણ ગાડું જોડીને પથ્થર લાવે. અને વરસાદ વરસે તો સહુને દુઃખ મટે, નહિ તો બધી દુનિયા વરસાદ વિના દુઃખી છે, અને પાણી વિના સીમમાં જુવાર-બાજરો આદિ મોલ સુકાય છે. માટે તમે કૃપા કરો તો વરસાદ થાય. ને સહુ હરિભક્તને પણ સુખ થાય. ને ઉદાસી મટે. માટે કૃપા કરીને વરસાદ કરો તો સારું.

ત્યારે શ્રીજીમહારાજ કહે કે ઇંદ્ર કોપ્યો છે તે વરસાદ નહિ થાય. ત્યારે સર્વે હરિભક્તોએ કહ્યું હે શ્રીજીમહારાજ, ઇંદ્ર પણ તમારી આજ્ઞામાં તે વાસ્તે એને આજ્ઞા કરો તો થાય. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે એને કાંઈ વરસાદ કર્યાની મરજી નથી. ત્યારે દાદાખાચરે કહ્યું જે હવે આપણે ઊઠો. આમાં કાંઈ શ્રીજીમહારાજની મરજી નથી. પછી સહુ મહારાજને પગે લાગીને ગોપાળાનંદસ્વામીને આસને ગયા. ત્યારે સ્વામીએ કહ્યું જે કેમ આવ્યા ? ત્યારે દાદાખાચરે કહ્યું જે તમારે દર્શને ને એક કામ પણ છે તેટલા સારુ આવ્યા છીએ. ત્યારે સ્વામી તેઓને કહે જે તમારે જે કામ હોય તે કહો. ત્યારે તેઓએ શ્રીજીમહારાજ આગળ વરસાદ બાબતની હકીકત કહી હતી તે સ્વામીને કહી સંભળાવી ને કહે જે સ્વામી તમે દયા કરો તો બધુ દુઃખ મટી જાય.

ત્યારે સ્વામી કહે જે તમે શ્રીજીમહારાજ પાસે ગયા હતા ? ત્યારે તેમણે કહ્યું જે હા ગયા હતા. ત્યારે સ્વામી કહે જે તમે વરસાદ બાબત મહારાજને કહ્યું ત્યારે શ્રીજીમહારાજે તમને શું કહ્યું ? ત્યારે તેમણે કહ્યું જે ઇંદ્ર કોપ્યો છે માટે વરસાદ નહિ થાય. એમ શ્રીજીમહારાજે અમને કહ્યું ? ત્યારે સ્વામી તેઓને કહે જે શ્રીજીમહારાજની મરજી નથી. નહીં તો ઇંદ્ર બિચારો શું કરે. ત્યારે તે હરિભક્તો સ્વામીને કહે જે વરસાદ નહિ થાય તો દુનિયા બધી દુઃખી થાશે તથા હરિભક્તો પણ વરસાદ વિના દુઃખ પામશે માટે તમે કૃપા કરો તો વરસાદ થાય તો સારું. ત્યારે સ્વામી કહે જે શ્રીજીમહારાજની આજ્ઞા વિના મારાથી વરસાદ થઈ શકે નહિ કેમકે મહારાજની મરજી વરસાદ કરવાની નથી અને વરસાદ કરું તો મહારાજ કુરાજી થાય.તે વાસ્તે તમો તથા અમો સર્વે શ્રીજીમહારાજની મરજી અનુસાર વર્તીએ તો સુખ, નહિ તો દુઃખ.

પછી દાદાખાચર આદિ સ્વામી પાસે બેઠા ને ઘડી વાતો સાંભળી ને ત્યાંથી સચ્ચિદાનંદસ્વામી પાસે ગયા ત્યારે સ્વામી વાડામાં હતા. તે પગે લાગીને સહુ બેઠા. ત્યારે સ્વામીએ કહ્યું કે કેમ આવ્યા ? ત્યારે તેઓ કહે જે સ્વામી વરસાદ નથી વરસતો તે બધા હરિભક્તો તથા બીજા મનુષ્ય, પશુ, પક્ષી આદિ વરસાદ વિના બહુ દુઃખ પામે છે માટે તમે દયા કરો તો સહુ સુખી થાય ને મહારાજ મંદિર ચણાવે છે ને કડીયા પાણા વિના ખોટી થાય છે, માટે વરસાદ કરો તો ખાણે પથ્થર કાઢેલ પડ્યા છે તે લોક તાણી લાવે. વરસાદ વિના તેઓ સહુ પોતપોતાનો કોસ હાંકીને પાણી પાવા મંડ્યા છે ?

ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ પૂછ્યું જે તમે વરસાદ સારું શ્રીજીમહારાજ પાસે ગયા હતા ? ત્યારે કહે હા, પણ મહારાજે કહ્યું જે ઇંદ્ર કોપ્યો છે માટે વરસાદ નહિ થાય. ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે જે તમે ગોપાળાનંદસ્વામી પાસે ગયા હતા ત્યારે તેઓ કહે હા ગયા હતા. ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે જે તમને ગોપાળાનંદસ્વામીએ શું કહ્યું ? ત્યારે તેઓ કહે જે મહારાજની મરજી વરસાદ કરવાની નથી એટલે મારાથી વરસાદ કેમ થઈ શકે, નહિ તો ઇંદ્રનો કાંઈ ભાર નહિ, એમ ગોપાળાનંદસ્વામીએ અમને જવાબ દીધો. ત્યારે સચ્ચિદાનંદસ્વામી તે હરિભક્તોને કહે જે ઇંદ્રને તો હું સારી પેઠે સમજાવું પણ શ્રીજીમહારાજ મને વઢે તેમાં તમે સહાય કરી શકો તેમ છો ? ત્યારે તે હરિભક્તોએ સ્વામીને કહ્યું જે તમને શ્રીજીમહારાજ વઢશે તો અમે મહારાજની સ્તુતિ કરીશું પણ તમને વઢવા નહિ દઈએ માટે તમે ઇંદ્રને સારી પેઠે સમજાવો ત્યારે સ્વામી કહે જે ઇંદ્રને તો હું સારી પેઠે સમજાવીશ. પણ મહારાજની બીક છે.

ત્યારે દાદાખાચર આદિ કહે જે શ્રીજીમહારાજની બીક તમે રાખશો નહિ, ને ઇંદ્રને સમજાવીને કરો વરસાદ. ત્યારે સચ્ચિદાનંદસ્વામી આકળા થઈને ઇંદ્ર પાસે ગયા. ત્યારે તે ઇંદ્ર તેની ગાદી ઉપર બેઠો હતો તે સ્વામી ઇંદ્રને પાટું મારીને કહે જે સર્વ દુનિયા દુઃખી થાય છે ને પાજી વરસાદ કરતો નથી. ત્યારે બારમેઘને ખબર પડી ને તે મેઘ અરસપરસ બોલવા મંડ્યા જે કોનો વરસવાનો વારો છે, જેનો વરસવાનો વારો હોય તે વરસવા મંડો. નહિ તો આ ઇંદ્રના હાલ તેવા હાલ થશે. ત્યારે જેનો વારો હતો તે વરસવા મંડ્યો ને મોટી ધારાએ હડહડ પાણી પડવા મંડ્યાં.

તે વખતે શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં પોઢ્યા હતા તે જાગ્યા ને કહે જે આવા જોરથી શાના શબ્દ થાય છે ? ત્યારે બ્રહ્મચારી રાજી થકા શ્રીજીમહારાજને કહેતા હવા, જે બહુ સારો વરસાદ થાય છે. ત્યારે શ્રીજીમહારાજ કહે જે આ વરસાદ કરનાર કોણ ? એમ કહીને મોટી હાક મારી. ત્યારે સચ્ચિદાનંદસ્વામી ઇંદ્રની પાસે ઊભા હતા તે પાછા વાડામાં આવતા રહ્યા અને વરસાદ વરસતો બંધ થઈ ગયો.

શ્રીજીમહારાજ અક્ષરઓરડીએથી આવીને ઉગમણાબારની ઓસરીએ ઢોલીયા ઉપર બેઠા ને સર્વે સાધુને બોલાવ્યા ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ મનમાં જાણ્યું જે હવે શ્રીજીમહારાજ મને વઢશે એમ મનસુબા સહિત સભામાં આવી બેઠા. ને દાદાખાચર તથા સોમલાખાચર આદિક હરિભક્ત પણ આવી મહારાજને પગે લાગી બેઠા. ત્યારે તે સમે શ્રીજીમહારાજ અતિ આકળા થઈને બોલ્યા જે આવાં અવળાં કામ કરે ને ન કરવાનું હોય તે કરે છે તે વિષે કહીને સચ્ચિદાનંદસ્વામીને બહુ વઢ્યા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ સોમલાખાચર તથા દાદાખાચર સામું જોયું. ત્યારે સોમલાખાચર તથા દાદાખાચર બોલ્યા જે મહારાજ એમને શા સારુ વઢો છો. ત્યારે શ્રીજીમહારાજ કહે જે આવાં ને આવાં ઊધાં કામ કરે છે તે તેમને કહ્યા વિના કેમ ખબર પડે ને કહ્યા વિના કેમ ચાલે ?

એમ કહીને ઊભા થઈને બોલ્યા જે કાંતો એ અવળાં કામના કરનારા સાધુ અહીં રહે નહિ ને કાંતો અમે અહીંયાં રહીએ નહિ. એમ કહીને સચ્ચિદાનંદસ્વામીને કાઢ્યા તે ખળખળીયો ઊતરીને સામા કાંઠા ઉપર મોટા પથ્થરા ઉપર જઈને સચ્ચિદાનંદસ્વામી આસન વાળીને બેઠા. ને શરીર બધું રુધિરે કરીને ભરાઈ ગયું ને સર્વે વૃત્તિયું શ્રીજીમહારાજની મૂર્તિને વિષે જોડી દીધી અને મહારાજની મૂર્તિને વિષે સંલગ્ન થઈને અખંડ ભજન કરવા મંડ્યા. તે ભજન કરતાં કરતાં આખી રાત વીતી ગઈ ને બીજે દિવસે બપોર ચડ્યા તે ભાદરવા માસની ઋતુને લીધે તડકો ઘણો પડ્યો તેણે કરીને બધી જમીન બહુ તપીને સ્વામી બેઠા હતા તે પથ્થરો પણ આકરો તપ્યો તેણે કરીને સ્વામીનું શરીર પણ બળવા મંડ્યું ને તરસ બહુ લાગી, પણ શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને ભજનનો તાર તૂટવા દીધો નહિ ને અતિશે મૂર્તિને વિષે જોડાઈ ગયા ને શરીરમાં તરસ ને તડકાનું દુઃખ બહુ.

તે સમે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં ભરનિદ્રામાં પોઢ્યા હતા તે અકળાઈ ગયા ને જાગ્યા. જાગીને બેઠા થઈને કહ્યું જે બ્રહ્મચારી ઉતાવળા ઉતાવળા પાણી લાવો. અમને બહુ તરસ લાગી છે. ત્યારે બ્રહ્મચારી ટાઢા પાણીની લોટી ભરીને લાવ્યા તે શ્રીજીમહારાજે પીધું અને વળી પાણી મંગાવ્યું તે પીધું તો પણ તરસ છીપી નહિ. વળી ત્રીજી વખત પાણી લાવવાનું શ્રીજીમહારાજે કહ્યું તે સાંભળી બ્રહ્મચારીએ કહ્યું જે વારે વારે પાણી માંગો છો તે તરસ નથી છીપતી કે કેમ ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે પાણી પાવું છે તેને તો પાતા નથી.

ત્યારે મરજીના જાણનારા એટલે રતનજીભાઈ ને મીયાંજી શ્રીજીમહારાજની પ્રસાદીનું ટાઢું જળ સાકર નાખેલું તેને લઈને સચ્ચિદાનંદસ્વામી પાસે ગયા ને સ્વામીને કહ્યું જે શ્રીજીમહારાજે તમારા સારુ પ્રસાદીનું પાણી મોકલ્યું છે તે સાંભળીને શરીરમાં જે રુધિર નીકળેલું તેની તડકાના તાપની જે પીડા હતી તે સમાઈ ગઈ ને રાજી થઈને પ્રસાદીનું પાણી પીધું એટલે શરીરમાં જે તરસની પીડા હતી તે મટી ગઈ. એટલે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં બિરાજ્યા હતા ત્યાં તરસ મટી ગઈ ને અકળામણ પણ મટી ગઈ.

અને બીજે દિવસે ભક્તિમાતાનું શ્રાદ્ધ આવ્યું તે ખીર ને રોટલીની રસોઈ કરાવીને કહ્યું જે સચ્ચિદાનંદસ્વામી કયાં છે એને જ્યાં હોય ત્યાંથી તેડી લાવો. એમને જમાડીએ ત્યારે મીયાંજી ને રતનજી ગયા તે સચ્ચિદાનંદસ્વામીને તેડી લાવ્યા. ત્યારે મહારાજે થાળ જમીને સચ્ચિદાનંદસ્વામીને જમવા બેસાડ્યા ને શ્રીજીમહારાજે કહ્યું જે તાસડો લાવો તે તાસડો લાવ્યા. આગળ મેલીને તેમાં ખીર રોટલી પીરસીને સચ્ચિદાનંદસ્વામીને કહ્યું જે હવે સ્વામી જમો. ત્યારે સ્વામી જમવા મંડ્યા. તે પીરસનારાએ બે-ત્રણ વાર પીરસ્યું ત્યારે શ્રીજીમહારાજે કહ્યું હવે રાખો, સ્વામીને વસમું લાગશે એટલે સ્વામીએ ચળુ કરીને પાણી પીધું. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે રાધાવાવે જાઓ. તેથી શ્રીજીમહારાજને પગે લાગીને સચ્ચિદાનંદસ્વામી રાધાવાવે જતા હવા. ॥૨૮૧॥

એક સમે શ્રીજીમહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલીયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી ને ગવૈયા હંસ પરમ ગાવણું કરતા હતા. ત્યારે પ્રેમાનંદસ્વામી કીર્તન બોલ્યા જે

॥ કેશે જાઉં પનીયાં રોક્યો પનઘટ ॥ કેસે જાઉં પનીયાં ॥

કાંધે કામરીયાં ને હાથ મેં લકુડીયાં ॥ વાંસુરી બજાવે વાલો જમુના કે તટવા ॥ કેસે જાઉં ॥ ॥૧॥

તે સાંભળીને સિદ્ધાનંદસ્વામીને સંકલ્પ થયો જે શ્રીજીમહારાજની મૂર્તિ મને દેખાય છે પણ એ મૂર્તિ કેવી હશે ? ત્યાં તત્કાળ દેખાણી. શ્યામ મૂર્તિને ખાંધે કામરીને કેડે શીંગડી ખોસેલી અને પગે લંગરવાને હાથમાં ફુમકાવાળી મોરલી વજાડે એવી મૂર્તિ સિદ્ધાનંદસ્વામીને દેખાણી ને સિદ્ધાનંદસ્વામીને શ્રીજીમહારાજની મૂર્તિ દેખાતી હતી તે આળસી ગઈ ને શ્રીકૃષ્ણની શ્યામમૂર્તિ દેખાણી. તે જોઈને સ્વામી બહુ અકળાણા પણ શ્રીજીમહારાજની મૂર્તિ દેખાય નહિ ને શ્યામમૂર્તિ દેખાય. ને શરીરમાં પરસેવો વળી ગયો પણ શ્યામ મૂર્તિ દેખાતી આળસી નહિ ને બહુ મૂંઝાણા.

તે જોઈ શ્રીજીમહારાજ મરક મરક હસતા જાય. તે જોઈને પ્રેમાનંદસ્વામીને એમ થયું જે આપણું ગાવણું સાંભળીને હસ્યા. પછી સિદ્ધાનંદસ્વામીએ હાથ જોડીને શ્રીજીમહારાજની વિનંતી ઘણી કરી જે હે શ્રીજીમહારાજ, હવે આવો સંકલ્પ કોઈ દિવસ નહિ કરું માટે તમારી જે મૂર્તિ દેખાતી હતી તે દેખાડો. ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ દેખાણી એટલે અકળાતા ને મૂંઝાતા આળસ્યા. ત્યારે શ્રીજીમહારાજે સ્વામીને બોલાવીને કહ્યું જે કેમ થયું.

ત્યારે સિદ્ધાનંદસ્વામીએ કહ્યું જે પ્રેમાનંદસ્વામી કીર્તન બોલ્યા તે સાંભળીને મને સંકલ્પ થયો જે તે મૂર્તિ ભગવાન કેવા હશે ? ત્યારે શ્યામમૂર્તિ દેખાણી ને તમારી મૂર્તિ દેખાતી આળસી ગઈ એટલે હું બહુ મૂંઝાણો. ત્યારે શ્રીજીમહારાજે સહુ સભાને કહ્યું જે ઉપાસક તો આવા હોય એટલે સહુ સભામાં હતા તે સાંભળીને આશ્ચર્ય પામી ગયા ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે પોતાના ઈષ્ટદેવ વિના સર્વ અવતારની મૂર્તિઓ દેખાય તોપણ અકળાય ને મૂંઝાય અને જ્યારે પોતાના ઈષ્ટદેવની મૂર્તિ દેખાય ત્યારે શાંતિ થાય ને રાજી થાય એ ખરા ઉપાસકનો ધર્મ છે એમ શ્રીજીમહારાજ બોલતા હવા. ॥૨૮૨॥

એક સમે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા ત્યાંથી ગંગાજળીએ કૂવે નાવા પધાર્યા તે કૂવા કાંઠે બાજોઠ ઉપર મહારાજશ્રી નાતા હતા તે સમે લાડુબા તથા મોટીબા આદિકે શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં ત્યારે મોટીબાએ લાડુબા આદિ ડોસીઓને વાત કરી જે આ સમે આપણાં મોટાં ભાગ્ય જે ગોપીઓના

જેવી પ્રાપ્તિ થાય છે તે ગોપીઓના જેવો આનંદ છે ને ગોપીઓના જેવું સુખ છે ને ગોપીઓના જેવું કલ્યાણ થાય.

એ વાત શ્રીજીમહારાજશ્રીએ નાતાં નાતાં સાંભળી. પછી મહારાજ નાહી ચાખડીએ ચઢીને અક્ષરઓરડીએ પધાર્યા ને ઢોલીયા ઉપર બિરાજ્યા. તે સમે બ્રહ્મચારી થાળ લઈને આવ્યા એટલે શ્રીજીમહારાજ ઢોલીયેથી ઊતરી ચાકળા ઉપર બેઠા. ત્યારે બ્રહ્મચારીએ પાલામાં હાથ ધોવરાવ્યા ને શ્રીજીમહારાજ જમવા મંડ્યા. ત્યારે બ્રહ્મચારી હાથમાં રૂમાલ લઈ માખીઓ ઉડાવવા લાગ્યા ને શ્રીજીમહારાજને કહ્યું જે આજ આ હરિભક્તનો થાળ છે તે તેમણે કહ્યું છે જે શ્રીજીમહારાજ સારી પેઠે જમે. ત્યારે મહારાજ સારી પેઠે જમ્યા. ને છેલી વારે દૂધપાકપુરી ને પછી ભાત ને દૂધ જમ્યા. ત્યારે દૂધ કઢીને તેમાં જાયફળ આદિક તેજાના નાખી કઢો કરીને બ્રહ્મચારી લાવ્યા ને કહે જે શ્રીજીમહારાજ આટલું દૂધ પીઓ.

ત્યારે શ્રીજીએ દૂધપાન કર્યું એટલે શ્રીજીમહારાજના ઉપલા હોઠે દૂધનો ધોળો દોરો પડી રહ્યો હતો તે શોભા બહુ ભારે આવી એટલે સર્વેએ સારી પેઠે દર્શન કર્યાં. ને પછી શ્રીજીએ ચળુ કર્યું. એટલે બ્રહ્મચારીએ રૂમાલ આપ્યો. ત્યારે શ્રીજીમહારાજ હાથ કોરા કરી મુખવાસ જમીને પોઢી ગયા. ને બપોર પછી ત્રીજે પહોરે જાગી કોગળા કરી જળપાન કર્યું.

પછી ચાખડીએ ચઢી આથમણા બારને ઓરડે ઢોલીયા ઉપર બિરાજ્યા ત્યારે લાડુબા તથા મોટીબા આદિક સર્વ બાઈયું શ્રીજીમહારાજને દર્શને આવ્યાં ને મહારાજ આગળ સર્વ બાઈયોની સભા ભરાઈ બેઠી. ત્યારે લાડુબા તથા મોટીબાને કહ્યું જે આટલા દિવસ થયા અમારી વાતો તમે સાંભળી સમાગમ કર્યો પણ કાંઈ સમજ્યાં નહિ ને સમજણ ગોબરી ને ગોબરી રહી. ત્યારે શ્રીજીમહારાજશ્રીને લાડુબાએ કહ્યું જે શી વાત સમજાણી નથી તે કહો.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે અમે ગંગાજળીએ નાતા હતા ત્યારે તમે બોલ્યાં જે ગોપીઓના જેવો આનંદ ને ગોપીઓના જેવું સુખ ને ગોપીઓના જેવું કલ્યાણ થાશે એમ તમે કહ્યું તે તમારી ગોબરી સમજણ છે. ને ગોપીઓના જેવું કલ્યાણ તો કોઈક અધર્મી માણસ આવી તમારા ગોળાનું પાણી પીશે તેનું પણ થાશે ને તમારે ઘેર બળદ, ઘોડા આદિક તથા વૃક્ષ છે તે અક્ષરધામને પામશે. ત્યારે તમારા કલ્યાણની તો શી વાત કહેવી ? અને તમે તો હજુ ગોપીઓના જેવા

કલ્યાણને બાજી પડ્યાં છે એ જ તમારી ગોબરી સમજણ છે. અને મોટા અવતારાદિક આ દરબારના ફળીઆમાં લોટીને માથે ચરણરજ ચડાવી જાય છે એવો તો આ ભૂમિકાનો મહિમા છે. અને અનંતકોટિ બ્રહ્માંડના કર્તા જે મૂળ પ્રકૃતિને પુરુષ તથા વૈરાટપુરુષ તથા બ્રહ્મા તથા ઇંદ્ર ચંદ્રાદિક દેવ તથા શ્વેતદ્વીપ, બદ્રીકાશ્રમ, વૈકુંઠના, તથા ગોલોકાદિક ધામના મુક્ત તમારા દરબારમાં આવેલા છે ને બહુ મહિમા જાણી માથે ચરણરજ ચઢાવે છે ને તમે તો ડાંગરના ફોતરા જેવું જે ગોપીયુંનું કલ્યાણ તેને ઇચ્છો છો એ જ તમારી અણસમજણ છે. એમ શ્રીજીમહારાજે વાત કરી ત્યારે સર્વે બાઈઓ આશ્ચર્ય પામીને દૃઢ નિશ્ચય કરતાં હવાં. ॥૨૮૩॥

એક સમે સિદ્ધાનંદ સ્વામી શ્રીજીમહારાજનું ધ્યાન કરતા તેથી તેમને એમ થયું જે આવી અત્તર, ચંદન, પુષ્પની સુગંધ ક્યાંથી આવતી હશે ? વારુ, ત્યારે એમણે પોતાના સંકલ્પથી સમાધાન કર્યું જે આ દરબારમાં શ્રીજીમહારાજની પૂજા થાય છે તેની સુગંધ આવતી હશે. એમ કરતાં કરતાં દરબારમાંથી સ્વામી પોતે લક્ષ્મીબાગે તથા રાધાબાગે ગયા. તો પણ સુગંધી આવવા મંડી. ત્યારે તે સંશય થકી માસ બે માસ પછી સિદ્ધાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીને પૂછ્યું જે મને સુગંધ આવે છે તે શેની આવતી હશે ? ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે તમે શ્રીજીમહારાજનું ધ્યાન કરો છો તેની સુગંધી આવે છે. એમ કહ્યું પણ સંશય મટ્યો નહિ. અને શ્રીજીમહારાજ ઉત્તરદા બારના ઓરડાની ઓસરીએ ઢોલીયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા.

તે સભા જોઈને સિદ્ધાનંદસ્વામી સભામાં બેઠા અને મને સુગંધ આવે છે તે શેની આવતી હશે એવો પોતાને સંકલ્પ હતો. તે અંતરજામીપણે તેમનો સંકલ્પ જાણીને શ્રીજીમહારાજે તે ઉપર વાત કરી, જે અક્ષરધામમાં જે ભગવાનની દિવ્ય મૂર્તિ વિરાજે છે તે મૂર્તિની ચંદન, પુષ્પ, અત્તર વિગેરેથી પાર્ષદો તથા અનંત અક્ષરમુક્ત મહારાજશ્રીની ભારે ભારે વસ્ત્ર તથા ઘરેણાં વિગેરેથી પૂજા કરે છે તેવા જે દિવ્ય મૂર્તિ ભગવાન તે અનંતકોટિ બ્રહ્માંડમાં જ્યાં પોતાની ઇચ્છા આવે ત્યાં અવતાર ધરે છે તે મનુષ્ય આકાર થાય છે તે મનુષ્ય રૂપ જે ભગવાન તેમનું જે ધ્યાન કરે તે ધ્યાનને પ્રતાપે કરીને જે અક્ષરધામને વિષે જે પૂજા થાય છે તે પૂજાની સુગંધ અહીંયાં ધ્યાન કરનારા ભક્તને આવે છે. આવી શ્રીમુખથી વાત સાંભળીને સિદ્ધાનંદસ્વામીનો સંશય મટી જતો હવો. ॥૨૮૪॥

એક સમે શ્રીજીમહારાજ નિયમની એકાદશીને દિવસે ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલીયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા, ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા બ્રહ્મચારી, પાર્ષદો તથા દેશ દેશના હરિભક્ત અને બાઈઓ એ સર્વે બેઠાં હતાં. ત્યારે તે સર્વેના સામી દૃષ્ટિ કરીને બોલ્યા જે આજ નિયમની એકાદશી છે. માટે સહુ વિશેષ નિયમ લ્યો. એટલે આગળ જે સદ્‌ગુરુ બેઠા હતા તે પ્રથમ નિયમ લેવા મંડ્યા. પછી મુક્તાનંદસ્વામીએ નિયમ લીધો જે આ ગ્રંથ કરું છું તે પૂરો કરવો. ત્યારે શ્રીજીમહારાજ રાજી થયા. અને બ્રહ્માનંદસ્વામીએ આઠ કીર્તન નવાં કરવાં તેવું નિયમ લીધું. ત્યારે પ્રેમાનંદસ્વામી બોલ્યા જે હે મહારાજ તમારા ચરિત્રની સ્મૃતિ રાખવી. એટલે પ્રેમાનંદસ્વામીએ કહ્યું જે હું નિત્ય આઠ કીર્તન નવાં કરીશ. એ રીતે સહુ નિયમ લેતા હવા.

એટલામાં સિદ્ધાનંદસ્વામીને એમ સંકલ્પ થયો કે મારે અતિ કઠણમાં કઠણ નિયમ લેવું, જેણે કરીને શ્રીજીમહારાજ ઘણાં રાજી થાય. પછી પાછા સર્વ નિયમ લેવા મંડ્યા ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ નિયમ લીધું કે મારે આસન વાળીને બેસવું ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એકતાર ભજન કરવું. જેવા આ સભામાં શ્રીજીમહારાજ બિરાજે છે તેવી ને તેવી મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી. તે મહારાજ સભામાંથી થાળ જમવા જાય, અથવા બીજી ક્રિયા કરવા જાય તે ક્રિયા કરીને પાછા સભામાં પધારે ત્યારે દૃષ્ટિને અંતરમાંથી બાર લાવી મૂર્તિ સામું જોવું પણ તે વિના બીજા પદાર્થ જોવા નહિ એ નિયમ રાખવું.

ત્યારે શ્રીજીમહારાજ પ્રસન્ન થકા બોલ્યા જે આ નિયમ સર્વ નિયમ કરતાં કઠણ, કેમકે કાશીએ જઈને કાશીથી તે દ્વારકા સુધી દંડવત્ કરીને જાય તે કઠણ નહિ. અને યજ્ઞ કરીને બધી પૃથ્વીમાં યજ્ઞશાળા કરી નાખે તે પણ કઠણ નહિ. અને ચાર વેદ કંઠે કરવા તે પણ કઠણ નહિ. દેહને સૂકવી નાખવું તે પણ કઠણ નહિ પણ તે કરતાં ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી તે બહુ કઠણ છે. એમ શ્રીજીમહારાજે વાત કરી. તે સાંભળીને સિદ્ધાનંદસ્વામીને મનસુબો થયો જે મારે અખંડ ભગવાનની સ્મૃતિ રાખવી ને આ સર્વેએ નિયમ લીધાં તે તો ચાર મહિના સુધી રાખવાં પછી નહિ, પણ મહારાજે કહ્યું કે ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી તે કેમ સમજવું ?

તે ઘાટ શ્રીજીમહારાજે અંતર્યામી પણે જાણીને તે ઉપર વાત કરી જે અખંડ સ્મૃતિ રાખે તો તે રાખનારને નિરંતર સ્મૃતિ રહે. એટલે સિદ્ધાનંદસ્વામીને એમ સંકલ્પ હતો તે મટી ગયો ને પોતે એમ સંકલ્પ કર્યો કે હવેથી મારે દિવસ ઊગ્યાથી તે આથમ્યા સુધી મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી. પછી સ્વામી બીજે દિવસ સૂર્ય ઊગ્યાથી સ્મૃતિ અતિ ખટકાથી રાખવા મંડ્યા ને લક્ષ્મી બાગે ગયા ત્યારે ભંડારીએ કહ્યું જે પાણી લઈને લોટ બાંધી આપો. એટલે સ્વામીએ પાણી લઈને લોટમાં રેડ્યું તે મૂર્તિની સ્મૃતિ રાખવાને લીધે પાણી લોટમાં વધારે નંખાયું. ત્યારે ભંડારીઓ વઢવા મંડ્યા ને કહે જે આવા ને આવા જડ જેવા નર્યા ચાલ્યા આવે છે.

એટલે ઘંટીએ દળતા હતા તેમણે બોલાવ્યા જે સ્વામી અહીં આવો ઘંટીએ બેસો. એટલે સ્વામી ઘંટીના ગાળા ઉપર મૂર્તિ ધારીને દળવા બેઠા. એટલે મૂર્તિને વિષે વૃત્તિ રહેવા લાગી. ત્યારે બહુ જોર કરીને ઘંટીને તાણી તેણે કરીને શરીરે પરસેવો વળ્યો તે સામા જે દળવા બેઠા હતા તેમણે પરસેવો લુઈ નાખ્યો. પછી દળતાં દળતાં ઘઉં ખૂટી ગયા ત્યારે ગમાન ભક્તે કહ્યું કે સ્વામી દાતણ કાપવા ચાલો, ત્યારે સ્વામીને એમ થયું જે મૂર્તિની સ્મૃતિ રાખવી તે કઠણ છે, કેમ જે બાવળીયાની સોટી કાપવા જશું તો મૂર્તિ ભૂલી જવાશે ને મૂર્તિ સામી દૃષ્ટિ રાખશું તો દાતણ નહીં કપાય.

ત્યારે ગમાન ભક્તે કહ્યું કે, આ બાવળની સોટી કાપો. તે કાપતાં જરા મૂર્તિ ભૂલી જવાયું પછી એવો ખટકો રાખ્યો જે આજ સુધી મૂર્તિની સ્મૃતિ રાખવાનું હતું પણ જરા વિસ્મૃત થઈ ગઈ માટે આજ આખી રાત સ્મૃતિ રાખવી. પછી રાતે ઊંઘ આવવા મંડી એટલે સચ્ચિદાનંદ સ્વામીના પગ દાબવા મંડ્યા તે કલાક બે સુધી દાબ્યા ત્યારે સચ્ચિદાનંદ સ્વામી કહે કે હવે તો છૂટકો કરને દાબતો રાખ્યને ઊઠી જાઓ. એમ કચવાઈને બોલ્યા ત્યારે વિશ્વાત્માનંદસ્વામી કહે જે સ્વામી અહીં આવો. ત્યારે તેમના પગ દાબવા મંડ્યા. તે ઝાઝી વાર સુધી પગ દાબ્યા એટલે તેમણે પણ ના પાડી.

ત્યારે સિદ્ધાનંદસ્વામીને એમ થયું જે અત્યાર સુધી તો વૃત્તિ રાખી પણ હવે કેમ થાશે ? પછી ઊભા ઊભા વૃત્તિ મૂર્તિમાં રાખી તે દિવસ ઊગ્યો ત્યાં સુધી રાખીને શ્રીજીમહારાજ સવારમાં અક્ષર ઓરડીમાંથી ઉગમણાં બારના ઓરડાની ઓસરીએ પધાર્યા એટલે સ્વામીએ શ્રીજીમહારાજ સામું જોયું ત્યારે શ્રીજીમહારાજે

સિદ્ધાનંદસ્વામી સામું જોયું એવી રીતે એક ઘડી સુધી જોઈ રહ્યા ત્યારથી સ્વામીના હૃદયને વિષે નિરંતર મૂર્તિ રહેવા લાગી ને અખંડ ભજન થતું હવું. ॥૨૮૫॥

એક સમે શ્રીજીમહારાજે સર્વ સાધુ-પાળાને અક્ષર ઓરડીએ બોલાવીને આજ્ઞા કરી જે સહુ વાવડીની ખાણે પથ્થર કાઢવા જાઓ ને સચ્ચિદાનંદસ્વામી તથા સિદ્ધાનંદસ્વામીને આજ્ઞા કરી જે અહીંથી પાણીના ડબા ભરીને તમારે વાવડીની ખાણે ગાડામાં લઈ જઈને સર્વને પાણી પાવું અને ત્યાંથી આવો ત્યારે ખાંણેથી પથ્થરનું ગાડું ભરીને આવવું. પછી તે વાવડીની ખાંણે પાણી લઈ જતા ને પથ્થર ગાડે નાંખી લાવતા તે એક દિવસ સારું ખડ હતું તે માણકી ઘોડી સારુ તે ગાડામાં મૂકીને પોતે બળદ સારુ ખડ વાઢીને લાવ્યા.

તે દરબારમાં ઢગલો કરીને ચાલતાં થયા એટલે મેમાનના ઘોડાને સોમલાખાચરે નીરી દીધું તે જોઈને સચ્ચિદાનંદસ્વામીએ આકળા થઈને કહ્યું જે આ ખડ કોણે નાખી દીધું ? એનાં મા-બાપ શું ખાશે ? તે સાંભળીને સોમલાખાચરને વસમું લાગ્યું ને શ્રીજીમહારાજ આગળ રાવે ગયા ને મહારાજને કહે જે સચ્ચિદાનંદ સ્વામી અમને આમ કહે છે ને ગાળો ભાંડે છે. એમ સોમલાખાચરે શ્રીજીમહારાજ આગળ ફરિયાદ કરી. ત્યારે મહારાજ કહે જે એ સચ્ચિદાનંદસ્વામીને બોલાવો તે સ્વામી ક્યાં છે ને આવું ઊંધું કરીને બેસે છે. ત્યારે સચ્ચિદાનંદસ્વામી આવ્યા. એટલે શ્રીજીમહારાજ વઢવા મંડ્યા એટલે સ્વામીના કાનમાંથી લોહી નીકળવા માંડ્યુ ને માંદા થઈ ગયા ને દરબારની ડેલી આગળ એકઢાળીયામાં ખાટલે સૂતા.

અને જીવોખાચર માંદા હતા તેને જોવા સારુ હાથમાં છડી લઈને શ્રીજીમહારાજ એકઢાળીયા પાસે આડા અવળા ફરે ને કહે જે દાદાખાચર તથા સોમલાખાચર-જીવાખાચર માંદા છે તે જોવા જઈએ. ત્યારે સિદ્ધાનંદસ્વામી સચ્ચિદાનંદસ્વામીની સેવામાં હતા તેમને સંકલ્પ થયો જે આ સ્વામી શ્રીજીમહારાજના કેવા એકાંતિક ભક્ત માંદા છે તેમને જોવા નથી આવતા અને જીવો ખાચર તેમના ભક્ત નથી તેને જોવા જાય છે.

એમ સંકલ્પ સિદ્ધાનંદસ્વામીને થયો ને શ્રીજીમહારાજ તો જીવાખાચરને જોઈ આવીને અક્ષર ઓરડીમાં પધાર્યા. ત્યાં સોમલોખાચર બોલ્યા જે સચ્ચિદાનંદસ્વામી તો અડબંગી તેભણું કોઈનું માને જ નહિ ત્યારે મહારાજે સોમલાખાચરને કહ્યું જે ઓલ્યો માંદો પડ્યો છે તોય એનો કેડ મૂકતા નથી ?

એમ કહ્યું તે વચન પોતાને સારું ન લાગ્યું. પછી શ્રીજીમહારાજ કહે જે સચ્ચિદાનંદસ્વામીની સેવામાં કોણ છે ? ત્યારે સિદ્ધાનંદસ્વામી આવીને કહે જે સચ્ચિદાનંદસ્વામી બહુ માંદા છે ને દેહ રહે તેમ નથી. ત્યારે શ્રીજીમહારાજે લાડુબા તથા મોટીબાને બોલાવીને કહ્યું જે ભારે ભારે તેજાના નાંખીને સચ્ચિદાનંદસ્વામી સારુ રાબ કરો.

પછી તે રાબ કરીને મહારાજ પાસે લાવ્યાં. ત્યારે શ્રીજીમહારાજે જરાક રાબ પીને પ્રસાદી કરીને સિદ્ધાનંદસ્વામીને આપીને કહ્યું જે જાઓ સચ્ચિદાનંદને એ રાબ પાઓ. એટલે તેમણે ત્યાં જઈને કહ્યું જે તમારા સારુ રાબ કરાવીને પ્રસાદીની કરીને શ્રીજીમહારાજશ્રીએ આપી છે ત્યારે તુરંત ઊઠીને સચ્ચિદાનંદસ્વામીએ રાબ પીધી. પીને મહારાજશ્રીને દર્શને આવ્યા ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે સ્વામી તમને કાંઈ વસમું લાગ્યું ? ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે ના મહારાજ, વસમું કાંઈ નથી લાગ્યું ? એ તો મારો સ્વભાવ છે તે એમ થઈ જાય છે. પછી શ્રીજીમહારાજે કહ્યું જે હવે રાધાવાવે જાઓ. આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને પ્રસન્ન થકા રાધાવાવે શ્રીજીની મૂર્તિ ધારીને જતા હવા. ॥૨૮૬॥

એક સમે શ્રીજીમહારાજ દરબારમાંથી મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી સહિત રાધા વાવે પધાર્યા તે વાવથી ઉગમણી તરફ ધોરીયાને કાંઠે એક આંબા તળે મંચ ઉપર આસન નાખીને વિરાજમાન થયા. ને ઘડીએક થયા પછી સચ્ચિદાનંદસ્વામી ચાર કાચી કેરી લાવ્યા ને શ્રીજીમહારાજ આગળ મૂકીયું ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે કેરીને ધોઈને સુધારો એટલે તે સ્વામીએ તે કેરીઓને સુધારીને માંહી મીઠું નાંખી પાણીની ખટાશ કાઢી નાંખી નિચોવીને પછી મહારાજ આગળ ધરી.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે આમાં ગળપણ હોય તો ઠીક ત્યારે ગળપણ લેવા સારુ માણસ મોકલ્યું તે દરબારમાંથી ગળપણ લઈને માણસ આવ્યું. એટલે તે સુધારેલ કેરીમાં ગળપણ ભેળવ્યું ને લગારેક જમીને બોલ્યા જે આ તો દાદાખાચર જમે તેવી છે. એમ કહીને દાદાખાચરને બોલાવ્યા. ને માણસ તેડવા ગયું એટલે દરબારમાંથી દાદાખાચર ઉતાવળા ઉતાવળા આવ્યા. ત્યારે શ્રીજીમહારાજ કહે કે આ તમારે જમવા જેવો મોરબો છે. ત્યારે દાદાખાચર કહે કે હે મહારાજ, મારે ખટાઈ ઉપર રુચિ છે. ત્યારે શ્રીજીમહારાજ જમતા જાય ને દાદાખાચરને જમાડતા જાય. એમ ચારે કેરીનો મોરબો એ રીતે જમ્યા.

જમીને જરી થોડી વાર પછી શ્રીજીમહારાજને જમવાનો થાળ આવ્યો ને શ્રીજીમહારાજ જમવા બિરાજ્યા. ને જમતાં જમતાં દાદાખાચરને જમાડ્યા. ને મુક્તાનંદસ્વામી-ગોપાળાનંદસ્વામી-નિત્યાનંદસ્વામી-બ્રહ્માનંદસ્વામી-ચૈતન્યાનંદસ્વામી એ બધાને પ્રસાદી આપતા જાય અને જમતા જાય. એ રીતે શ્રીજીમહારાજ સારી પેઠે જમ્યા. જમીને ચળુ કર્યું. કોગળા કરીને મુખવાસ જમ્યા. તે પછી મંચ ઉપર એક ઘડી બિરાજ્યા અને તે સમે થોડાં માણસને લીધે શ્રીજીમહારાજને બહુ સુખ આવ્યું.

પછી શ્રીજીમહારાજ મંચ ઉપર પોઢ્યા. તે સમે દાદાખાચર શ્રીજીમહારાજનાં ચરણારવિંદ દાબતા હતા ને શ્રીજીમહારાજને ઊંઘ આવી ગઈ ને દાદાખાચરનું માથું ઊંઘને લીધે નમીને શ્રીજીમહારાજનાં ચરણારવિંદે અડ્યું એટલે ઊંઘમાં પ્રકાશ દેખાણો. તે પ્રકાશમાં ચાર થાંભલા દેખાયા. તે થાંભલા બહુ શોભાયમાન ને તેજોમય દેખાણા. તે થાંભલા વચ્ચે એક એવું મોટું સિંહાસન દેખાયું. તેની ઉપમા પણ ન દેવાય એવું મહાસુખમય સિંહાસન ઉપર સુંદર રૂપાળું મખમલનું ગાદલું. તે પર શ્રીજીમહારાજ દિવ્યમૂર્તિ વિરાજમાન દેખાણા અને બહુ શોભા એકએક રોમને વિષે કોટિ કોટિ સૂર્યનું તેજ ને શીતળતા ને સુગંધીપણું એવી ઘણી શોભાયે સહિત શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને તે ભેળા અનંત અક્ષરમુક્ત તે ઘણી શોભાયે સહિત દેખાણા. તેમાં કોઈ ચતુર્ભુજ ને કોઈ અષ્ટભુજ ને સહસ્ત્રભુજ રૂપે દેખાણા. જેથી દાદાખાચરને બહુ સુખ આવ્યું.

પછી જ્યારે અંતવૃત્તિ થઈ ત્યારે ફક્ત શ્રીજીમહારાજની મૂર્તિ દેખાણી. બીજું કશું ન દેખાણું. એવું બે ઘડી દિવસ રહ્યો ત્યાં સુધી દાદાખાચરને દેખાણું. પછી શ્રીજીમહારાજ પોઢ્યા હતા તે જાગીને કોગળા કર્યા ને પછી જળપાન કર્યું. પછી દાદાખાચરને જગાડ્યા. ત્યારે શ્રીજીમહારાજે દાદાખાચરને પૂછ્યું જે તમને કાંઈ દેખાણું ? ત્યારે તેમણે કહ્યું જે હા મહારાજ. પછી દાદાખાચરે જે આગળ લખ્યું છે તે પ્રમાણે પોતાના દેખવામાં આવ્યાની વાત શ્રીજીમહારાજને કહી દેખાડી. એટલે શ્રીજીમહારાજે કહ્યું કે મારો જન્મ છે ત્યાં તમારો જન્મ છે. એમ દાદાખાચરને મહારાજે કહ્યું. ને અમે છીએ ત્યાં તમે છો. જેમ તમને અક્ષરધામને વિષે અમે દેખાણા તેમ તમે પણ ત્યાં છો ને અમે અહીં છીએ તો તમે પણ અહીં છો.

આવી રીતે દાદાખાચરે હાથ જોડીને કહ્યું કે હે શ્રીજીમહારાજ તમે કહ્યું તેમ નથી સમજાતું. હવે આજથી એ રીતે સમજશું. એવી રીતે વાતનો પ્રસંગ થઈ રહ્યો. એટલામાં સચ્ચિદાનંદસ્વામી આઠ પાકી કેરી લઈને આવ્યા. તે શ્રીજીમહારાજની આગળ મૂકી. ત્યારે શ્રીજીમહારાજ કહે કે આ કેરીઓ સુધારો. ત્યારે ભગુજીએ સુધારી ને ચીરીઓ કરીને લાવ્યા. તે શ્રીજીમહારાજ અરધી ચીર જમતા જાય ને અરધી ચીર દાદાખાચરને આપતા જાય. એ રીતે ચાર કેરી શ્રીજીમહારાજ જમ્યા ને ચાર કેરી દાદાખાચરને જમાડી.

ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે બાપદીકરો બે જમ્યા. પણ બીજા કોઈને ન આપી માટે પંક્તિભેદ કર્યો. માટે પંક્તિભેદનો બહુ દોષ કહ્યો છે એમ બ્રહ્માનંદસ્વામીએ કહ્યું. ત્યારે શ્રીજીમહારાજ કહે કે અમે પંક્તિભેદ નથી કર્યો. આ ગોટલા રાખ્યા છે. એમ કહીને ત્રણ ગોટલા બ્રહ્માનંદ સ્વામીને આપ્યા. ને ત્રણ ગોટલા નિત્યાનંદસ્વામીને આપ્યા ને બે ગોટલા ચૈતન્યાનંદસ્વામીને આપ્યા ને કહે જે મુક્તાનંદસ્વામી અમારા ગુરુ છે માટે તેમને નહિ આપીએ. એમ કહીને શ્રીજીમહારાજ ઘોડીએ સવાર થયા ને દાદાખાચર ને સાધુ ગાડીમાં બેઠા તે મારગમાં આવતાં સાધુએ દાદાખાચરને પૂછ્યું જે તમે છાની છાની શ્રીજીમહારાજ સાથે શી વાત કરી ? ત્યારે દાદાખાચરે પોતાના સ્વપ્નામાં જે દેખાણું હતું તે કહી દેખાડ્યું. તે વાત સાંભળીને સાધુ બહુ રાજી થયા. પછી શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં પધારતા હવા. ॥૨૮૭॥

ગઢડામાં શ્રીજીમહારાજ અક્ષરમંદિરમાં બિરાજ્યા હતા અને મુક્તાનંદ સ્વામી શ્રીજીનાં દર્શને જતા હવા. પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પૂછ્યું જે અંતઃકરણમાં શાંતિ થાય તેવી વાત કહો. પછીથી શ્રીજીમહારાદજે જે પ્રકારે શ્રીભક્તિધર્મથી છપૈયાપુરમાં જન્મ લીધો ને બાળચરિત્ર કર્યાં તે વાર્તાને કહેતા હવા, તે વખતે બીજીવાર મુક્તાનંદસ્વામી મહારાજશ્રીને કહે કે હું તો શાંતિ થાય તેવી વાત કરવાનું કહું છું ને તમો તો બીજી વાત કહો છો. એટલે શ્રીસહજાનંદસ્વામી પોતાને ઘેરથી નીકળ્યા ને વનમાં તપશ્ચર્યા કરી ને ઘણાં કાળથી તપ કરતા યોગીઓને મળ્યા ને નવલખા પર્વત ઉપર ચઢીને નવ લાખ યોગીઓને નવ લાખ સ્વરૂપે દર્શન દીધાં ને દરેક તીર્થોને પાવન કરતાં કરતાં લોજપુરમાં આવ્યા તે વાત સાંભળીને મુક્તાનંદસ્વામીએ ત્રીજી વાર કહ્યું જે હે શ્રીસ્વામિનારાયણ ભગવાન, મને શાંતિ થાય તેવી વાત કરો.

ત્યારે શ્રીજીમહારાજ કહે મુક્તાનંદસ્વામી ગુજરાતના હરિભક્તોનો કાગળ આવ્યો છે તો તમો ગુજરાતમાં ફરવા જાઓ. આવી શ્રીવૃત્તાલયવિહારી શ્રીહરિકૃષ્ણમહારાજની આજ્ઞા થવાથી પોતાના મંડળે સહિત મુક્તાનંદસ્વામી ગુજરાતમાં ફરવા માટે એક ગાડીમાં બેસીને ચાલ્યા. તેમને વળાવવા માટે નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી વિગેરે મોટા મોટા સદ્‌ગુરુઓ રાધાવાવ સુધી ગયા. ત્યાં પાથરણાં પાથરીને સભામાં મુક્તાનંદસ્વામી વિગેરે બેઠા. પછી ગોપાળાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને પૂછ્યું કે હે સ્વામી, અચાનક તમને ગુજરાતમાં જવાની આજ્ઞા કરી તેનું કારણ શું ? કાંઈ ગુજરાતમાંથી કાગળ આવ્યો છે ?

ત્યારે મુક્તાનંદસ્વામીએ જવાબ આપ્યો જે હું આજે શ્રીજીમહારાજની પાસે અક્ષર ઓરડીમાં ગયો હતો. ત્યાં શ્રીજીમહારાજને મેં કહ્યું જે મને શાંતિ થાય તેવી વાત કરો. ત્યારે શ્રીજીએ પોતે છપૈયાપુરમાં ધર્મભક્તિને ઘેર જન્મ લીધો તથા બાળચરિત્રો કર્યાં તેવી વાત કરવા લાગ્યા. ત્યારે મેં બીજી વખત શ્રીહરિને કહ્યું કે મને શાંતિ થાય તેવી વાત કરો. ત્યારે મહારાજે અયોધ્યાથી ઘરનો ત્યાગ કરી વનમાં વિચરણ કરીને લોજપુર પધાર્યા ત્યાં સુધીની વાત કરી તોપણ મેં ફેર પૂછ્યું જે શાંતિની વાત કરો ત્યારે મહારાજે આજ્ઞા કરી જે ગુજરાતમાં જાઓ એટલે શાંતિ થશે.

ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે મુક્તાનંદસ્વામી તમે સમજ્યા નહિ. જે ભગવાનની લીલા ચરિત્રમાં જ શાંતિ રહી છે તેમ મહારાજશ્રીએ તમને કહી બતાવ્યું તે જ શાંતિનો ઉપાય છે.

આવું ગોપાળાનંદસ્વામીનું વચન સાંભળીને મુક્તાનંદસ્વામી સમજ્યા જે શાંતિનો ઉપાય શ્રીજીનાં ચરિત્ર ગાવાં તથા સાંભળવાં તે જ છે. પછી મુક્તાનંદસ્વામી રાધા વાવમાં સ્નાન કરીને ગાડીમાં બેસીને ચાલતા થયા ને સર્વ સદ્‌ગુરુઓ મંદિરમાં આવ્યા ને બ્રહ્માનંદસ્વામી અક્ષરઓરડીમાં જઈને શ્રીજીનાં દર્શન કરીને કહેતા હવા કે શાંતિ થવાની વાત મુક્તાનંદસ્વામીને ગોપાળાનંદસ્વામીએ સમજાવી માટે સમજીને બહુ જ દિલગીર થયા છે માટે તેમને પાછા બોલાવો તો ઠીક.

આવી સમયસૂચક બ્રહ્મમુનની વાણી સાંભળીને શ્રીજીમહારાજ મુક્તાનંદસ્વામીને માણસ મોકલીને પાછા બોલાવતા હતા. તે મંદિરમાં આવીને અક્ષર

ઓરડીએ શ્રીજીમહારાજનાં દર્શન કરીને આનંદ પામતા સતા નવું કીર્તન બોલ્યા જે, **''સુખદાય રે સ્વામી સહજાનંદ; પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ.''** આવાં ચાર પદ કરતા હવા. તેને સાંભળીને શ્રીજીમહારાજ પ્રસન્ન થતા હવા. ॥૨૮૮॥

એક સમયે શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં લીંબડા નીચે સભા કરીને બેઠા હતા અને એક સાકરના પાણીનો વાટકો અને એક લીંબડાના રસનો વાટકો ભરીને મંગાવીને પોતાની પાસે રહેલા બે વાટકાના પાણીમાં પોતાની આંગળી ફેરવતા ફેરવતા સભામાં બેઠેલા માણસોને પૂછતા હવા કે સાકરનું પાણી મીઠું કે લીંબડાનું પાણી મીઠું ? ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે સાકરનું પાણી મીઠું છે અને લીંબડાનું પાણી તો મીઠું નહિ પણ કડવું કહેવાય. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે જેને તમે મીઠું પાણી કહો છો તે સાકરનું પાણી પીવાથી રોગ થાય છે અને જેને તમે કડવું પાણી કહો છો તે પાણી પીવાથી રોગ મટી જાય છે.

માટે આલોકમાં વિષય ભોગવતાં મીઠા લાગે પણ તે જન્મ-મરણને લક્ષચોરાશીને આપે છે માટે તે સાકરના પાણીની પેઠે દુઃખ આપનાર થાય છે માટે તેને મીઠા ન જાણવા. અને આ લોકમાં ધર્મ, નિયમ પાળવા ભગવાનની ભક્તિ કરવી તે કડવું લાગેછે પણ તેથી ભવસાગરના ફેરા મટે છે ને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે માટે કડવા પાણીની માફક દુઃખ માત્રનો નાશ કરે છે માટે સાકરના પાણીરૂપ વિષયનો ત્યાગ કરીને ભગવાનનાં ચરણકમળમાં પ્રીતિ કરવાથી સુખની પ્રાપ્તિ થવાપૂર્વક સંસાર સાગરનો નાશ થાય છે માટે જન્મ મૃત્યુથી રહિત થવાય છે. ॥૨૮૯॥

ગઢડામાં અદ્‌ભુતાનંદસ્વામીને તાવ આવે તે લક્ષ્મીવાડીએ રહે તે તાવ ઊતરે ત્યારે મહારાજને દર્શને આવે ને મહારાજ વાતુ કરતા તે સાંભળીને મનસુબો થાય જે આ તાવ ક્યાંથી આવ્યો ? મહારાજની વાતો બહુ સારી થાય તે સાંભળવા સારુ અવાય નહીં. ને મહારાજ પંક્તિમાં લાડુ પીરસે તે જોઈને મનસુબો થાય જે મહારાજની પ્રસાદીના લાડુ જમ્યા વિના રહ્યા. જો જમવા બેસીએ તો મહારાજ ઠપકો આપે તે બીકે કરીને પાંચ દિવસ સુધી આવ્યા ને મહારાજને પંગતમાં લાડુ ફેરવતા દેખ્યા ને જમવા બેસાય નહીં. ને અંતરમાં તાણ બહુ રહે.

પછી તો વિચાર કર્યો જે જમવા બેસવું ને મહારાજ ઠપકો દે તે ખમી રહેવું. એમ મનસુબો કરીને વાડીએથી દરબારમાં આવ્યા. ત્યાં દરબારમાં સાધુને જમવાની પંક્તિ થઈ હતી ને મહારાજ કેડ બાંધીને લાડવા ફેરવવા તૈયાર થયા

હતા. ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી પંક્તિમાં જમવા બેઠા ને મહારાજ લાડુ પંગતમાં પીરસવા મંડ્યા. ને રઘુવીરજી મહારાજ હાથમાં પંખો લઈને મહારાજને પવન નાંખતા આવે ને સાધુ તાંસ લઈને આગળ પાછે પગે ચાલ્યા જાય ને મહારાજ સાધુને લાડવા દેતા જાય એ રીતે ફરતા ફરતા અદ્‌ભુતાનંદસ્વામી બેઠા હતા ત્યાં આવ્યા ને તેમને ચાર લાડુ આપ્યા. ને મહારાજ ફેર ફરતા ફરતા આવ્યા ત્યારે બે લાડવા આપ્યા. ને મહારાજ ચાલ્યા ગયા. તે બે લાડુ પણ જમી ગયા.

ને વળી મહારાજ ફરતા ફરતા આવ્યા ને કહ્યું જે લ્યો લાડવા, ત્યારે અદ્‌ભુતાનંદસ્વામીએ ના પાડી જે મહારાજ હવે નહીં જોઈએ. ત્યારે મહારાજે અદ્‌ભુતાનંદસ્વામીને જોઈને કહ્યું જે આંખ્યો બે લાડવા માગે છે, એમ કહીને બે લાડવા આપ્યા ને મહારાજ ચાલ્યા ગયા. પાછા ફરતા ફરતા આવ્યા ને કહ્યું જે બે લાડવા લ્યો તો ચરણારવિંદ આપીએ ત્યારે બે લાડુ લીધા. પછી મહારાજ ફરતા ફરતા પંક્તિમાં ચાલ્યા ગયા. ને મહારાજ કહેતા જાય જે એક લાડુ લે તેને એક ચરણારવિંદ આપું ને બે લાડુ લે તેને બે ચરણારવિંદ આપવાં એમ કહીને ચરણારવિંદ દેતા આવે ત્યાં અદ્‌ભુતાનંદસ્વામી પાસે આવ્યા. ને અદ્‌ભુતાનંદસ્વામીને કહ્યું જે આ માંદો તો એક લાડુ લે તો બે ચરણારવિંદ આપવાં ત્યારે અદ્‌ભુતાનંદસ્વામીએ લાડવો લીધો. ત્યારે મહારાજે બે ચરણારવિંદ મસ્તકમાં આપ્યાં ને ફરીને પંક્તિમાં ફરતાં ફરતાં અદ્‌ભુતાનંદસ્વામી પાસે આવ્યા ને હાથ મેલવા ને બે ચરણારવિંદ આપવાં ત્યારે અદ્‌ભુતાનંદસ્વામીએ લાડવો લીધો.

લઈને મહારાજ ઊભા છે ને જમી ગયા ત્યારે મહારાજે એક ચરણારવિંદ માથા ઉપર મૂક્યું તે ચરણારવિંદ હેઠું મેલીને બીજું મસ્તક ઉપર મૂક્યું. ત્યારે મહારાજ કહે હાથ એઠા છે તે ધોઈને માથા ઉપર મૂકશું. ત્યારે અદ્‌ભુતાનંદસ્વામીએ કહ્યું જે એઠાને એઠા હાથ માથા ઉપર મૂકો ને ધર્મના કામમાં ઢીલ નહીં. ત્યારે મહારાજ હસ્યા ને રઘુવીરજી મહારાજ પડખે હતા તે પણ હસ્યા. પછી મહારાજે બે હાથ ઘીના ભરેલા માથા ઉપર મૂક્યા. ત્યારે રઘુવીરજી મહારાજ બહુ હસવા મંડ્યા. ને મહારાજે હસતાં હસતાં બ્રહ્મચારીને કહ્યું જે પાણી લાવો હાથ ધોઈ નાંખીએ ને હવે લાડવા કોઈ નહિ લે. એમ કહીને ઓસરીની કોર ઉપર બેઠા.

ત્યારે બ્રહ્મચારીએ મનસુબો થયો જે મહારાજના હાથ ઘીવાળા છે તે પાણી નાખશું તો લપેટ થઈ જશે ને કોરા કર્યા હોય તો ઠીક. પછી લાડુબા પાસેથી

બાજરાનો લોટ મંગાવ્યો ને મહારાજે લોટથી હાથ કોરા કર્યા. પછી બ્રહ્મચારીએ હાથ ધોવરાવ્યા. ને આગળ બાજોઠ મેલ્યો ને બાજોઠ ઉપર ઊભા રહ્યા ને ચરણારવિંદ બ્રહ્મચારીએ ધોયા. ને હાથમાં રૂમાલ આપ્યો ને મહારાજે હાથપગ કોરા કર્યા. ને ચાખડી ચૈતન્યાનંદસ્વામીએ મૂકી તે પહેરીને મહારાજ રઘુવીરજીમહારાજના ખભા ઉપર હાથ મેલીને ચાલ્યા. તે પૂર્વના વાસુદેવનારાયણના ઓરડા આગળ મેડી છે તે ઉપર પધાર્યા ને ઢોલીયા ઉપર મહારાજ બિરાજ્યા તે ઉગમણાં ચરણારવિંદ ને આથમણું મસ્તક ને દક્ષિણાદુ મુખારવિંદ રાખીને પોઢ્યા ને રઘુવીરજીમહારાજ પવન નાખવા મંડ્યા. ને ચૈતન્યાનંદસ્વામી મહારાજનાં ચરણ દાબવા મંડ્યા. ને અદ્‌ભુતાનંદસ્વામી માંદા તે આગળ આવીને બેઠા તે સામું જોઈને મહારાજ લગારેક હસ્યા. ત્યારે રઘુવીરજી મહારાજ ને ચૈતન્યાનંદસ્વામી એ બેઉ પણ હસ્યા. ને મહારાજે કહ્યું જે માંદાને લાડવા ખાવા તે સારા નહીં. ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી બોલ્યા જે મહારાજ મન હાથ રહ્યું નહીં. ને મહારાજને પગે લાગીને ઊઠીને ચાલ્યા ગયા ને શ્રીજીમહારાજ પોઢી જતા હવા. ॥૨૯૦॥

એક વખત શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં ઢોલીયા ઉપર બિરાજમાન હતા. ત્યાં બે ચાર મનુષ્ય બેઠા હતા. ને પ્રેમાનંદસ્વામી બેઠા હતા. ત્યારે મહારાજ સ્વામી સામું જોઈને બોલ્યા. જે તમે ભણો છો તે ભણવું રહેવા ઘો ને કીર્તન કરો તે તાલ, સ્વર તો તમને આવડે છે ને તમે તો ત્રણ વરતિ સારસ્વત ભણ્યા છો. ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું જે મહારાજ, મને કીર્તન કરતાં કેમ આવડે હું કાંઈ પીંગળ ભણ્યો નથી. ત્યારે મહારાજે કહ્યું જે પીંગળનું શું કામ છે? અમે કહીએ તેમ કરો. ત્યારે સ્વામીએ કહ્યું જે મુક્તાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામી તેની આગળ હું શું ગણતરીમાં છું ? જેમ લોકાલોકને મેરૂ જેવા સ્વામી તેની આગળ હું કાંકરા જેવો શું કીર્તન કરું ?

ત્યારે મહારાજ બોલ્યા જે તેમનાં કરેલાં તે ગાય ને આપણાં કરેલાં આપણે ગાઈએ તેમાં તમે શું બીવો છો? ને અમે તમને જે બતાવીએ એમ અમારી લીલા ચિંતવવી. ને અમે જમતા હોઈએ અમે બેઠા હોઈએ સભા ભરી હોય ને અમે હાર પહેર્યા હોય ને વસ્ત્ર ઘરેણાં આદિક જે અમે પહેર્યાં હોય ને જે ઠેકાણે જેવી લીલા કરી હોય તે ચિંતવીને કીર્તન કરતાં તે લીલા પ્રગટની ને કીર્તન પરોક્ષ ઉપર કરવાં. ત્યારે સ્વામીએ કહ્યું જે બહુ સારું મહારાજ. ત્યારે સ્વામી કીર્તન કરીને લાવ્યા. તે કીર્તન **'ફૂલને હીંડોળે ઝુલતલાલ'** એ કીર્તન કરીને લાવ્યા ને

મહારાજ શ્રીવાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં થાંભલીને ઓઠીંગણે મશરૂના ચાકળા ઉપર બિરાજમાન હતા.

તે સમે સ્વામીએ કીર્તનનો ખરડો મહારાજના હાથમાં દીધો તે મહારાજે વાંચીને કહ્યું જે કીર્તન બહુ સારાં થયાં. પણ નામાચરણ બહુ લાંબુ પડે છે તે સ્વામીનું નામ **નિજબોધાનંદ** હતું. એમ કહીને મહારાજે કહ્યું જે નામ ફેરવવું, ત્યારે મહારાજના હાથમાં માળા હતી. તે એક મણકો મૂક્યો ને મુક્તા-બ્રહ્મા-નિત્યા-પરમા ને પ્રેમા એમ કહીને મહારાજે સ્વામીને કહ્યું જે તમારે **પ્રેમાનંદ** એ નામનાં કીર્તન કરવાં. ત્યાર પછી સ્વામી મહારાજની પાસે કીર્તન ગાતા ત્યારે **ચંદ્રસખી**નું નામ વળ્યું. ત્યારે મહારાજે કહ્યું જે ચંદ્રસખી કોણ થઈ ગઈ છે? ત્યારે સ્વામીએ કહ્યું જે કૃષ્ણા અવતારમાં થઈ ગયેલ છે. ત્યારે મહારાજ બોલ્યા જે આ અવતારમાં આપણે **પ્રેમસખી** એમ કહીને મહારાજે કહ્યું જે આજથી તમારાં બે નામ **પ્રેમાનંદ ને પ્રેમસખી** એમ મહારાજશ્રીએ આજ્ઞા કરી એટલે પ્રેમાનંદસ્વામીએ કીર્તન કર્યાં. ॥૨૯૧॥

શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં પોઢ્યા હતા. તે રાતના બાર ઉપર એક વાગ્યે ઊઠ્યા ત્યારે રતનજીએ કહ્યું જે માણકી લાવો ત્યારે માણકી ઘોડી લાવ્યા. ને મહારાજ અસ્વાર થયા ને બીજા સર્વે અસ્વાર થયા તેને મહારાજે કહ્યું જે સર્વે તૈયાર થયા ત્યારે અસ્વાર બોલ્યા જે અમે તૈયાર થયા છીએ. એમ કહીને ચાલ્યા તે રાતના ચાર વાગતે બોટાદની નદીએ પધાર્યા ને સર્વે સાધુ, હરિભક્ત નદીમાં નાહ્યા તે સમે ગામમાંથી ભગાશેઠ આદિક હરિભક્ત સર્વે સામૈયું લઈને આવ્યા. ને ભગાશેઠે એમ કહ્યું જે સારાં સારાં વસ્ત્ર તથા ઘરેણાં પહેરો તે શ્રીજીમહારાજે પહેર્યાં અને મહારાજ દિવસ ઊગતા સમે ગાજતેવાજતે ગામમાં પધાર્યા તે સમે સવારીના વર્ણનનું કીર્તન સંતો બોલ્યા તે નીચે મુજબ

॥ પદ રાગ-ગરબી ॥

વાલા લાગો છો વિશ્વાધાર રે, સગપણ તમ સાથે-એ રાગ ॥
અસ્વારીમાં આનંદ કંદ રે, ઘોડલે ગીરધારી ॥
સુખદાયક સહજાનંદ રે, ઘોડલે ગીરધારી ॥
ચાલે વાજતે ગાજતે શ્યામરે-ઘોડલે ॥
પુરુષોત્તમ પુરણકામ રે-ઘોડલે ॥૧॥

મહારાજ મનોહર વેશ રે-ઘોડલે ॥
મનમાનેલ મુક્ત મુનેશ રે-ઘોડલે ॥
ઘોડલાં તણી ઘુંમર માંય રે ઘોડલે ॥
ચાલો સખાની જાલી બાંય રે-ઘોડલે ॥૨॥
શિર છોગાને ઉર પર હાર રે-ઘોડલે ॥
ચાલે નર્ત કરંતો તોખાર રે-ઘોડલે ॥
કર્યું કેશર તિલક રૂડું ભાલ રે-ઘોડલે ॥
ડાબા કરમાં રેશમી રૂમાલ રે-ઘોડલે ॥૩॥
અતિ આનંદમાં અલબેલ રે-ઘોડલે ॥
છોગાંવાળો છબીલો છેલ રે-ઘોડલે ॥
કહે કરી હેત રે-ઘોડલે ॥
ચાલ્યા શ્યામ સવારી સમેત રે-ઘોડલે ॥૪॥

ઉપરનું કીર્તન બોલતા બોલતા માણેક ચોકમાં પધાર્યા ત્યાંથી હમીર ખાચરના દરબારમાં પધાર્યા ત્યારે મહારાજ એમ બોલ્યા જે અહીંયાં સહુ સમાઈ રહેશે ? ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે મહારાજ અહીંયાં તે સંઘ સમાશે નહિ. પછી ત્યાંથી ગાજતે વાજતે મહારાજ રાંગળી તળાવના કાંઠા ઉપર લીંબડાના થડમાં આથમણે પડખે કોઠો હતો તે લીંબડાના થડમાં ગાડા ઉપર ઢોલીયો બિછાવીને વિરાજમાન થયા તે પછી ભગાશેઠ બોલ્યા જે હે મહારાજ હવે રંગ ઉડાડવાનો વખત થયો છે.

ત્યારે મહારાજે સર્વે ધોળાં વસ્ત્ર ધારણ કર્યાં ને ભગાશેઠને કહ્યું જે રંગ લાવો. ત્યારે મહારાજે સર્વે ધોળાં વસ્ત્ર ધારણ કર્યાં ને ભગાશેઠને કહ્યું જે રંગ લાવો. ત્યારે ભગાશેઠ રંગ ને ગુલાલ લાવ્યા. તે સહુ હરિભક્તની ઉપર મહારાજે રંગ નાખ્યો. પછી મહારાજ બોલ્યા જે આ અમે રંગ નાખીએ છીએ તે વર્તમાન જાણવાં. ત્યાં ખોખરાવાળા વસ્તાભગતને એમ સંકલ્પ થયો જે મારો તો હાથ ઝાલ્યો પણ હવે કોઈનો હાથ ન ઝાલે તો તે ભગવાન ખરા? પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે અમે તો કોઈનો હાથ ઝાલતા નથી ને આ ભક્ત તો વારે વારે સંકલ્પ કર્યા કરે છે તે સુખેથી પ્રભુ ભજે તો ઠીક ને પ્રભુ ભજ્યામાં સુખ છે તે નિશ્ચય કરી પ્રભુ ભજે તેને સુખ થાય છે પણ બીજાને સુખ થતું નથી, એ નિશ્ચિત વાર્તા છે. ॥૨૯૨॥

અથ વાંસળી તથા ગેડીનો પુરાતન ઈતિહાસ

કૃષ્ણવંશીયુતં દૃષ્ટવા રુક્મિણી પ્રાહ નારદમ્ ॥ જડજાત્યાંસમુત્પન્ના કથં જાતા હરિપ્રિયા ॥૧॥ નિશમ્ય રુક્મિણીવાક્યં નારદો મુનિરબ્રવીત્ ॥ શ્રુણુદેવિપ્ર વક્ષ્યામિ કથાં પાપપ્રણાશિનીમ્ ॥૨॥ એક સમયે નારદ મુનિ વીણા વગાડતા દ્વારકામાં આવ્યા. તેમને જોઈને શ્રીકૃષ્ણ ભગવાને તથા રૂક્ષ્મણીએ સન્માન કર્યું. પછી સુખેથી બેઠેલા નારદજીને રૂક્ષ્મણીએ પૂછ્યું કે શ્રીકૃષ્ણ ભગવાનને સોળ હજાર એકસો ને આઠ પટરાણીઓ છે પણ જડ જાતિમાં ઉત્પન્ન થયેલી વાંસળીને ક્ષણ વાર વીસારતા નથી ને અધરામૃતનું પાન કરાવે છે. ને ઘડી પણ અળગી કરતા નથી તે વાંસળીનું શું પુણ્ય છે ? ને શું તપ કર્યું છે ? ને શું દાન કર્યું છે ? ને પૂર્વે તે કોણ હતી તે મારા પ્રત્યે કહો.

આવો રૂક્ષ્મણીનો પ્રશ્ન સાંભળીને નારદમુનિ કહેતા હતા કે પૂર્વે કાશીક્ષેત્રમાં **કૃષ્ણશર્મા** વિદ્વાન્ બ્રાહ્મણ હતો. તે બ્રાહ્મણનાં બાળકોને સંસ્કૃત શાસ્ત્ર ભણાવતો હતો તે પાઠશાળાથી છેટે ચમાર વાડો હતો. તેમાં **મેશનાક** નામનો ચમારનો બાળક હતો. તેને ભણવાની ઈચ્છા થવાથી પાઠશાળા પાસે ફરતાં ફરતાં કાન દઈને જે બ્રાહ્મણના બાળકો ભણે તેને ભણતો હતો. તેવી રીતે વિદ્યાભ્યાસ કરતાં તે ચમારનો છોકરો **વિદ્વાન્** થયો.

પછી વિચાર કર્યો જે આ ગામમાં રહેવાથી મારી પ્રસિદ્ધિ નહિ થાય. તેમ પોતાના મનમાં ધારીને માતાપિતાની રજા લઈને પરદેશમાં **બ્રહ્મપુરી** ગામમાં ગયો. તે ગામના બ્રાહ્મણોને મળ્યો. બ્રાહ્મણોને પૂછ્યું તમે કેવા બ્રાહ્મણ છો ? ત્યારે કહે જે હું કશ્યપ ગોત્રનો બ્રાહ્મણ છું. પછી પોતાની જ્ઞાતિનો જાણીને એક બ્રાહ્મણ પોતાને ઘેર લઈ ગયો. તે ગામમાં રહેતા પંડિત બ્રાહ્મણો આવ્યા. તેમની સાથે વાદવિવાદ કરીને બ્રાહ્મણોને જીતી લીધા. ને તે ગામમાં પાઠશાળા હતી. તે બ્રાહ્મણના છોકરાઓ સંધ્યા અષ્ટાધ્યાયી સંહિતા વિગેરે ભણતા હતા. ત્યારે **મેશનાકે** કહ્યું જે બ્રાહ્મણના છોકરાઓને શાસ્ત્રને ભણાવીને વિદ્વાન બનાવો. ત્યારે મેશનાક પ્રત્યે બ્રાહ્મણો બોલ્યા કે તમો બાળકોને ભણાવો તો તમને આ ગામમાં રાખીએ.

પછી રહેવાની મેશનાકે હા પાડી તેથી તે પંડિતને એક સારો મુકામ આપ્યો. તેમાં પાઠશાળા સ્થાપીને બ્રાહ્મણનાં બાળકોને વ્યાકરણ-ન્યાય-વેદાંતાદિ શાસ્ત્રો ભણાવીને વિદ્વાન્ કર્યાં. જેથી ઘણું ધન મળ્યું. તે લઈને પોતાના દેશમાં પરણવા માટે જવાની બ્રાહ્મણો પાસે રજા માગી. ત્યારે જેને ઘેર પહેલાં ઊતર્યો હતો તે બ્રાહ્મણે પોતાની લક્ષ્મી નામની કન્યા-વિનય-વય-વિદ્યાયે કરીને તે પંડિતને તુલ્ય હતી. તેને મેશનાક સાથે પરણાવી તેથી પંડિત બ્રાહ્મણનો સંકલ્પ પૂરો થયો. પછી એક વરસ પૂરું થવાથી પોતાના સસરા પાસે પોતાને ગામ જવા માટે રજા માગી તેથી સસરાએ રજા આપી. તે વાત પોતાની સ્ત્રી આગળ કહી કે હું મારાં માતપિતાને મળવા કાશીએ જાઉં છું. બે માસે પાછો આવીશ.

આવું પોતાના પતિનું વચન સાંભળીને સ્ત્રી પણ સાથે જવા તૈયાર થઈ. ઘણી ના પાડી પણ સાસુ સસરાને મળવા માટે પોતાના પતિ સંઘાથે ચાલી. રસ્તામાં ચાલતાં **મેશનાકે** વિચાર કર્યો કે મારા ઘરમાં આળાં ચામડાં, માંસ, દેખીને મારું કુળ મારી સ્ત્રી જાણશે ને તેના પિયરમાં કહેશે માટે વનમાં મારી નાખું તો ઠીક. એમ ધારીને મારગમાં તરસ લાગવાથી પોતાની સ્ત્રીને કૂવે પાણી ભરવા મોકલી ને પાછળથી જઈને ધક્કો માર્યો, સ્ત્રી કૂવામાં બૂમો પાડવા લાગી તેથી મારગે જનારાઓએ સાંભળીને તે સ્ત્રીને કૂવામાંથી કાઢીને તેને ગામ પહોંચાડી. પણ સારી સ્ત્રીએ પોતાની બનેલી વાત કોઈને કહી નહિ. ને માતા-પિતાને કહે જે રસ્તો બહુ ભયંકર હતો તેથી હું પાછી આવી છું ને મારા પતિ તો પોતાને ગામ ગયા છે.

પછી **મેશનાક** કાશીમાં થોડા દિવસ રહ્યો ને પૈસા ખૂટી ગયા તેથી પાછો બ્રહ્મપુરીમાં આવ્યો. ત્યાં પોતાની સ્ત્રી કહે જે રસ્તામાં થયેલી વાત મેં કોઈને કહી નથી. આવું સ્ત્રીનું વચન સાંભળીને આનંદને પામ્યો, ને ગૃહસ્થના ધર્મ પાળતાં એક વર્ષે પુત્ર થયો ને મોટો થઈ વિદ્યાને અભ્યાસ કરીને વિદ્વાન્ થયો પણ પિતાની જાત પ્રમાણે ઢેડવાડે જાય ને ચામડાં ને હાડકાં પોતાને ઘેર લાવે. આવું છોકરાનું કર્મ જોઈને પતિવ્રતા સ્ત્રીના મનમાં શંકા થવાથી એક દિવસે પોતાના પતિને વાત કરી કે આપ શુદ્ધ બ્રાહ્મણ છો કે નહિ તેવી મને શંકા થાય છે. આપનાથી થયેલો પુત્ર સારાં કર્મ કરનારો થવો જોઈએ છતાં નીચની સોબત ગમે છે અને અપવિત્ર વસ્તુ આપણા ઘરમાં લાવે છે તો તમારું સત્ય વૃત્તાંત કહો.

ત્યારે **મેશનાક** કહે જે હું ઢેઢ છું ને ભણીને વિદ્વાન્ થઈને ધન કમાવવા અનેક દેશમાં ફરી બ્રહ્મપુરીમાં આવીને મારી જાત છાની રાખીને બધા બ્રાહ્મણોને ભ્રષ્ટ કર્યા ને તમારા પિતાના આગ્રહથી આપની સાથે લગ્ન કર્યું. આવાં મારાં કરેલાં પાપોથી યમપુરીમાં જમો મને ઘણાં નર્ક દુઃખને ભોગવાવશે તો તે દુઃખી થકી તમો પતિવ્રતા છો માટે મારી સહાય કરો અગર મને હમણાં જ શ્રાપ આપો જેથી છૂટકો થાય.

આવા દુષ્ટ પતિનું વચન સાંભળીને પતિવ્રતા સ્ત્રીએ તુરંત જ શ્રાપ આપ્યો કે તમો મરીને પાડાના દેહને પામો ને પછી કોઈ રાજા આપનો દેવી આગળ વધ કરશે ત્યારે આપનો છૂટકો થશે. આવું કહ્યું પછી પોતે ભ્રષ્ટ થયેલી પતિવ્રતા સ્ત્રીએ વિચાર કરીને પોતાના પિતાને પૂછ્યું કે કોઈ વાસણને અંત્યજ અડેલો હોય તેની શુદ્ધિ શાથી થાય છે ? ને કોઈ બ્રાહ્મણી અંત્યજના સ્પર્શવાળી હોય તેની શુદ્ધિ કેવી રીતે થાય? ત્યારે પિતાએ ઉત્તર આપ્યો કે વાસણને અગ્નિમાં બળવાથી શુદ્ધિ થાય છે અને સ્ત્રી પણ અગ્નિમાં બળી મરવાથી શુદ્ધ થાય છે.

તે વાત જાણીને તે જ સ્ત્રીએ પોતાના ઘરનાં બારીબારણાં બંધ કરીને અને પોતાના બાળકને ખોળામાં રાખીને બળી મરવાની તૈયારી કરતાં પહેલાં પતિવ્રતા સ્ત્રી પરોક્ષ શ્રીકૃષ્ણભગવાનની ભક્ત હતી તેથી અંતકાળના સમયમાં શ્રીકૃષ્ણભગવાનનું ભજન કરવા પૂર્વક પ્રાર્થના કરવા લાગી તેથી તે પતિવ્રતા બાઈ ઉપર પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણભગવાન ગરૂડ ઉપર બેસીને તે સ્થાનમાં આવીને પોતાનું દર્શન આપતા હતા ને પોતાની ભક્ત બાઈને કૃષ્ણભગવાન કહે જે તમારી ભક્તિથી હું તમારી ઉપર પ્રસન્ન થયો છું માટે તમારી ઈચ્છા હોય તેવું વરદાન તમે મારી પાસેથી માગો.

ત્યારે તે પતિવ્રતા બાઈએ શ્રીકૃષ્ણભગવાન પાસે માગ્યું જે મને તમારા અધરામૃતનું પાન કરાવો ને સદાય પાસે રાખો તેમજ આ મારા પુત્રને પણ હાથમાં નિરંતર ધારણ કરો. આવું વરદાન માગ્યું. તે વરદાને આપીને શ્રીકૃષ્ણ ભગવાન પાછા પોતાના ધામમાં ગયા. પછી પતિવ્રતા બાઈ પોતાના જમણા પગના અંગૂઠામાંથી અગ્નિ ઉત્પન્ન કરી બળી મરતી હતી. તે ભેગું રહેવાનું ઘર પણ બળી જતું હતું. પછી તે ઘર બળ્યાથી ખંડેર થયું ને વરસાદ થવાથી તે પતિવ્રતા સ્ત્રીની રાખમાંથી **વાંસ** ઉત્પન્ન થતો હતો ને પુત્રની રાખમાંથી **નેતર** ઉત્પન્ન થતું હતું. પછી શ્રીકૃષ્ણભગવાને **નેતર**ને કાપીને ગેડી કરી જે ગાયો ચારવા માટે

ગેડીને ઉપયોગમાં લીધી અને શ્રીકૃષ્ણભગવાને **વાંસ**ને કાપીને વાંસળી કરી ને તે વાંસળીને અધરામૃતનું પાન કરાવ્યું.

આવી રીતે પોતાની ભક્ત પતિવ્રતા બાઈના વરદાનને સત્ય કરનાર શ્રીકૃષ્ણભગવાન તે વાંસળીને તથા ગેડીને પોતાના સમીપમાં જ નિરંતર રાખતા હતા. આવો નારદમુનિએ કહેલો વાંસળીનો તથા ગેડીનો પુરાતન ઈતિહાસ સાંભળીને કૃષ્ણ ભગવાન સહિત શ્રી રૂક્ષ્મણી પ્રસન્ન થતાં હતાં. ॥૨૯૩॥

એક સમયે શ્રી રામચંદ્રજી ભગવાન તથા સીતાજી ફરતાં ફરતાં ગયાજી ગયાં ત્યાં તે જ દિવસે પોતાના પિતાશ્રી દશરથરાજાના શ્રાદ્ધનો દિવસ હોવાથી સીતાજીને ગયા નદીને કાંઠે બેસાડીને શ્રીરામચંદ્રજી ભગવાન શ્રાદ્ધમાં ઉપયોગી સરસામાન લેવા ગયા તે શ્રીરામચંદ્રજી ભગવાનના આવતાં પહેલાં શ્રાદ્ધનો વખત થઈ જવાથી પોતે દશરથ રાજા જ્યાં સીતાજી બેઠાં હતાં ત્યાં આવ્યા ને દશરથ રાજા સીતાજીને કહે કે શ્રાદ્ધના પીંડ આપો. આવી રીતે દશરથ રાજાના કહેવાથી પોતાની પાસે શ્રાદ્ધમાં આપવા જેવી કંઈ પણ વસ્તુ નહિ હોવાથી સીતાજીએ બ્રાહ્મણ, ગાય, નદી, કેતકી આદિને સાક્ષી રાખીને **રેતીના પીંડ** આપ્યા તે રેતીના પીંડ લઈને દશરથ રાજા ગયા.

પછી શ્રીરામચંદ્રજી ભગવાન શ્રાદ્ધનો સરસામાન લઈને આવ્યા ત્યારે સીતાજી કહે જે મેં શ્રાદ્ધનો વખત થવાથી મારી પાસે આપશ્રીના પિતાશ્રી દશરથ રાજાએ શ્રાદ્ધના પીંડ માગવાથી રેતીના પીંડ આપ્યા છે અને તેમાં બ્રાહ્મણાદિક સાક્ષી છે, પછી શ્રીરામચંદ્રજી ભગવાનના સમક્ષ સીતાજીએ બ્રાહ્મણને પૂછ્યું ત્યારે બ્રાહ્મણે શ્રીરામચંદ્રજીને ફરીને શ્રાદ્ધ કરાવશે તો મને કાંઈ બીજું ધન મળશે તેવા લોભથી કાન આડા હાથ પોતાના કર્યા. ત્યારે સીતાજીએ બ્રાહ્મણને શ્રાપ આપ્યો કે ટીલાં કરવાં, ટળવળવું ને ટાંપાં મારવાં. આવા ત્રણ ટકાર શ્રાપમાં આપ્યા.

પછી ગાયને પૂછ્યું ત્યારે ગાયમાતાએ પોતાનું માથું હલાવીને ના પાડી ત્યારે ગાયમાતાને શ્રાપ આપ્યો કે લોકમાં તારું મોઢું ખરાબ માટે પૂંછડું પૂંજે. પછી કેતકીને પૂછ્યું. તેણે જવાબ આપ્યો નહિ. ત્યારે શ્રાપ આપ્યો જે તારું ફૂલ ભગવાને ચડે નહિ. પછી ગયા નદીને પૂછ્યું ત્યારે તે ગયા નદીએ પણ જવાબ ન આપ્યો. ત્યારે તે નદીને શ્રાપ આપ્યો જે તારું જળ જમીનમાં ઊતરી જાઓ, જેથી તારા જળમાં સત્પુરુષ નાહીને તને પવિત્ર કરે નહિ. આવી રીતે બ્રાહ્મણ, ગાય, ગયા નદી, કેતકીને શ્રાપ સીતાજીએ આપેલો છે તે જ પ્રમાણે લોકમાં પ્રવર્તેલું છે. ॥૨૯૪॥

એક વખત કોઈ ગામમાં પોતાના માબાપે ચોરીને આણેલા અન્નને ભાઈ તથા બેન ખાતાં ન હવાં ને જે દિવસે ભાઈબેને ખાધું નહિ તે દિવસે એકાદશી હતી માટે અજાણતાં એકાદશી ભાઈબેને કરી પણ અન્ન ખાધું નહિ તેથી માબાપે ભાઈબેનને પોતાના ઘરમાંથી કાઢી મૂક્યાં તેથી ભાઈબેન પોતાના ગામનો ત્યાગ કરી ચાલી નીકળતાં હતાં. તે ભાઈબેન ચાલતાં ચાલતાં કોઈ શહેરની ભાગોળે વડની નીચે ઉતારો કર્યો. પછી નાની બેન થાકી જવાથી વડે ખોઈ બાંધીને બેનને સુવાડી. ત્યારે બેન કહે ભૂખ લાગી છે, ત્યારે ભાઈ અન્નની ભિક્ષા માગવા શહેર તરફ ચાલ્યો પણ શહેરનો દરવાજો બંધ હોવાથી અજાણતાં એકાદશી કરનાર ભાઈબેનને તે દિવસે અન્ન વિનાનો ચોખો ઉપવાસ થયો.

પછી ભાઈ તે દરવાજો બંધ હતો તેથી દરવાજાને ઓટલે સૂઈ ગયો. જે દિવસે ભાઈબેને અજાણતાં એકાદશી કરી હતી તે જ રાત્રિએ તે શહેરનો રાજા મરણ પામેલો હતો. પણ તે રાજાને પુત્ર ન હોવાથી સર્વ કારભારીઓએ ઠરાવ કરેલો જે દરવાજો ઉઘાડતાં પહેલો જે મનુષ્ય આવે તેને રાજ્યગાદીએ બેસાડવો.

પછી સવારમાં દરવાજો ઉઘાડતાં અજાણતાં એકાદશી કરનાર છોકરો દરવાજામાં પહેલો પેઠો કે તુરંત ચાકરોને રાજ્યમાં લઈ ગયા ને તુરંત રાજ્યગાદીએ બેસાડ્યો. પછી રાજા થયેલા છોકરાને પોતાની બેન સાંભરી તેથી શહેર બહાર વડ નીચે ખોઈમાં સૂતેલી બેનને રાજ્યમાં લાવ્યા. પછી ભાઈબેન રાજ્ય સંબંધી સુખ ભોગવવા લાગ્યાં. પછી ભાઈએ બેનને પરણાવવાનો સંકલ્પ કર્યો કે દરવાજો ઉઘાડતાં જે આવે તેની સંઘાથે મારી બેન પરણાવવી.

પછી દરવાજો ઊઘડ્યો કે તુરંત કૂતરો આવ્યો તેની સંઘાથે બેનને પરણાવીને સાસરે વળાવી. પછી કૂતરો આગળ ચાલે ને રાજાની નાની બેન પાછળ ચાલે. તે કૂતરાનું સ્વરૂપ ધારણ કરીને **ધર્મરાજા** આવ્યા હતા. પછી તેને યમપુરીમાં લઈ ગયા. પછી એકાદશીના પ્રતાપથી ભાઈ રાજા થયા અને અજાણતાં કરેલી એકાદશીના પ્રતાપથી બેન રાણી થઈ. પછી જમપુરીમાં ગયેલાં પોતાના માબાપને જોયાં, ત્યારે રાણી થયેલી સ્ત્રીએ પોતાના પતિ **ધર્મરાજાને** કહ્યું કે મારાં માતાપિતાને નરકના કુંડમાંથી કાઢો. પછી ધર્મરાજા કહે તમો પુણ્ય આપો તો કુંડમાંથી બહાર કાઢી શકાય, નહિ તો કુંડમાંથી બહાર કાઢી શકાય નહિ. તેમનાં કરેલાં પાપ તેમને ભોગવવાં પડે.

પછી રાણી થયેલી સ્ત્રીએ અજાણ્યાથી થયેલ એકાદશીનું પુણ્ય આપ્યું તેથી માતાનો ઉદ્ધાર થયો, પણ પિતાનો ઉદ્ધાર ન થયો તેથી પિતાનો ઉદ્ધાર કરવા માટે પોતાના રાજા થયેલ ભાઈ પાસે રાણી થયેલી બેન ગઈ અને બેનના કહેવાથી ભાઈએ અજાણથી થયેલી એકાદશીનું પુણ્ય આપ્યું નહિ ને ભાઈ કહે એકાદશીના પુણ્યે કરીને મને રાજ્ય મળ્યું છે માટે એકાદશીનું પુણ્ય આપું તો મારું રાજ્ય જતું રહે. આવું કહીને એકાદશીનું પુણ્યભાઈએ આપ્યું નહિ.

પછી એકાદશીના પુણ્યે કરીને રાણી થયેલી બેને કાંચકીઓ વેચનારનો વેષ ધારણ કર્યો ને ભાઈના છોકરાના દેહમાં ચુંક ચાલતી કરી તે ચુંક મટાડવા ઘણી દવાઓ કરી પણ ચુંક મટી નહિ. પછી કાંચકી વેચનાર બાઈએ રાજા પાસે પ્રતિજ્ઞા કરાવી કે હું જે માગું તે આપો તો હું તમારા છોકરાની ચુંક મટાડું, ત્યારે રાજાએ પ્રતિજ્ઞા કરી એટલે બેને રાજાના છોકરાને ચુંક મટાડી.

પછી કાંચકીઓ વેચનાર બાઈ રાજાની બેન થઈને અજાણતાં થયેલી એકાદશીનું પુણ્ય રાજા થયેલ ભાઈ પાસેથી લઈને પોતાના પિતાનો નરકના કુંડથી એકાદશીના પુણ્યે કરીને ઉદ્ધાર કર્યો.

આવી રીતે અજાણતાં થયેલી એકાદશીનું પુણ્ય આપવાથી ભાઈબેને પોતાનાં માતાપિતાનો નરકના કુંડમાંથી ઉદ્ધાર કર્યો તેથી માતાપિતા સ્વર્ગમાં ગયાં. આવું અજાણતાં થયેલી એકાદશીના પુણ્યથી માતાપિતાનો ઉદ્ધાર થયો તે જાણીને એકાદશી કરે તો પોતાનો તથા પોતાના કુટુંબનો ઉદ્ધાર થાય એમાં શી નવાઈ ? ઉદ્ધાર થાય જ. માટે આ સંસારમાં રહેલા સર્વે મનુષ્યોએ જરૂરથી એકાદશી કરવી જેથી શાસ્ત્રમાં કહેલું પુણ્ય મળે છે ને પાપનો નાશ થાય છે એ સિદ્ધાંત વાત છે. ॥૨૯૫॥

॥ અથ સર્ગની ઉત્પત્તિ વિષે ॥

પુરુષોત્તમ ભગવાને અક્ષરને આજ્ઞા કરી ને અક્ષરે મૂળ પુરુષ સામું જોયું ને મૂળ પુરુષે મૂળ માયાને પ્રેરી. તે માયા થકી અનંત પ્રધાન પુરુષનાં જોડેલાં થયાં અને પ્રધાન પુરુષ થકી મહતત્ત્વ થયું ને મહતત્ત્વ થકી સાત્ત્વિક, રાજસિક, તામસિક, ત્રણ પ્રકારનો અહંકાર થયો. તેમાં સાત્ત્વિક અહંકારથી ઈંદ્રિયોના દેવતા થયા. ને રાજસ્ અહંકારથી દશ ઈંદ્રિયો થયાં. તામસ્ અહંકારથી પંચભૂતને પંચતન્માત્રા એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, થયાં, અને ચોવીસ તત્ત્વ થકી વૈરાજ પુરુષ થયા. અને વૈરાજ પુરુષ થકી બ્રહ્મા, વિષ્ણુ, શિવ થયા. બ્રહ્મા થકી દક્ષપ્રજાપતિ થયા ને દક્ષ થકી મરિચ્યાદિક થયા ને મરિચ્યાદિક થકી કશ્યપાદિક થયા. અને કશ્યપાદિકથી દેવ, દૈત્ય, મનુષ્યાદિક જગતનો સર્ગ થાય છે. ॥૨૯૬॥

ગામ મીથીલાપુરીમાં જનક રાજા રાજ્ય કરતા હતા. તે સમયમાં જે કોઈ સંત, સંન્યાસી, બ્રહ્મચારી, વૈરાગી, પરમહંસ આદિક આવતા તેમને પોતાને ત્યાં રાખતા. અને રહેવાની, ખાવા પીવાની વિગેરેની સારી બરદાસ રાખતાં. ને તેઓ પોતાને ત્યાંથી પધારે ત્યારે જમાડીને વસ્ત્ર ઓઢાડીને વિદાય કરવા ગામની ભાગોળ સુધી વળાવવા જાય ને પૂછે કે **રાજ્ય કરતાં નિર્બંધ કેમ રહેવાય ? તથા કામ ક્રોધાદિક શું કરીએ તો ન પીડે?** આવો પ્રશ્ન કરતા. જો ઉત્તર ન આવડે તો હાથથી ધોલ મારીને કાઢી મૂકે. આવી રીતે ઘણાક સાધુ, સંન્યાસી, પરમહંસોને કરેલ. પછી છેવટે જનક રાજાને ત્યાં શુકદેવજી પધાર્યા. તેમને પણ સારો સત્કાર કરીને રાખ્યા. અને પછીથી પોતાને ત્યાંથી શુકદેવજી ગયા ત્યારે ભાગોળ સુધી વળાવવા જતા હવા ને ઉપરનો પ્રશ્ન કર્યો ત્યારે શુકદેવજી કહે કે **પેંગડે પગ ને બ્રહ્મ ઉપદેશ** તે બને નહિ.

આવું વચન સાંભળીને જનક રાજા રાજ્યનો ત્યાગ કરીને શુકદેવજીની સંઘાથે ગયા. રસ્તે જતાં કોઈ રાજાનું રાજ્ય આવ્યું. ત્યાંના રાજાએ એવી પ્રતિજ્ઞા કરેલી કે અડધા ગાઉની લાકડાંની ચિતા રચાવું ને તે ચિતાને સળગાવું ને તે સળગતી ચિતા ઉપર ચાલીને અણીશુદ્ધ બળ્યા સિવાય નીકળી આવે તેને મારી કન્યા પરણાવું. પણ તેવો કોઈ મળ્યો નહિ. તેટલામાં તે રાજાના રાજ્યમાં શુકદેવજી પધાર્યા. તેમને પોતાની પ્રતિજ્ઞા કહી ને શુકદેવજી તે રાજાની સળગાવેલી ચિતા ઉપર ચાલીને અણીશુદ્ધ બ્રહ્મચર્યના પ્રતાપથી તથા ભગવાનના

નામનું ભજન કરવાના પ્રતાપથી સળગતી ચિતાથી બહાર નીકળ્યા. તેથી શુકદેવજીની આજ્ઞાથી પોતાની કન્યા જનક રાજાને પરણાવી અને શુકદેવજીએ અખંડ બ્રહ્મચર્યનું વ્રત પાળ્યું.

પછી શુકદેવજી જનક રાજાને કહેતા હવા કે જેમ હું ભગવાનના નામનું ભજન કરતાં કરતાં સળગતી ચિતા ઉપર ચાલ્યો તો પણ તે ચિતા મને ભગવાનના નામના ઉચ્ચારણના પ્રતાપથી બાળી શકતી ન હતી તેવી જ રીતે તમો પણ ભગવાનના નામનું ભજન કરશો તો તમને પણ રાજ્ય બંધન કરશે નહિ. અને કામ ક્રોધાદિક પીડા કરશે નહિ. એવો ભગવાનના નામનો પ્રતાપ છે માટે હંમેશાં ભગવાનના નામનો અખંડ જપ કરવો. આવું શુકદેવજીનું વચન સાંભળીને જનકરાજા રાજ્ય કરતા થકા ભગવાનના નામનો જપ કરવાથી જનક વિદેહી એવું નામ જગતમાં પ્રસિદ્ધ થતું હવુ. ॥૨૯૭॥

ગામ અયોધ્યાપુરીમાંથી પોતાના પિતાશ્રી દશરથરાજાની આજ્ઞાથી વનમાં ગયેલા શ્રીરામચંદ્રજી તથા લક્ષ્મણજી તથા સીતાજી એ ત્રણે જણ ફરતા દંડકારણ્યમાં આવ્યાં. ત્યાં સીતાજીનું રાવણે હરણ કર્યું ત્યારે સીતાજીની ખબર કાઢવા માટે શ્રીહનુમાન બ્રહ્મચર્યના પ્રતાપથી ચારસો યોજનના સમુદ્રને ઠેકીને જતા હવા ને સીતાજીની શોધ કાઢીને આવતા હવા. વળી લક્ષ્મણજીને જ્યારે સાંગ વાગવાથી મૂર્છા થઈ ત્યારે સંજીવની ઔષધિ લેવા ગયા તે વખતે બ્રહ્મચર્યના પ્રતાપથી હનુમાનજી દ્રોણાચળ પર્વત ઉપાડીને લંકામાં લાવતા હતા તે સમે હનુમાનજીને ભરતજીએ બાણ માર્યું ત્યારે હે રામ આવું બોલી જમીન ઉપર પડ્યા. ત્યારે ભરતજી હનુમાનજી પાસે જઈને શ્રીરામચંદ્રજી ભગવાનના ભક્તરાજ હનુમાનજી છે એમ જાણીને ખેદ પામતા થકા ભરતજી પણ પોતાના બ્રહ્મચર્યના પ્રતાપથી પોતાના બાણ ઉપર હનુમાનજીને બેસાડી લંકામાં મોકલતા હતા.

પછી દ્રોણાચળ પર્વતમાં રહેલી વિશલ્યકરણી ઔષધિ પાવાથી શ્રીરામચંદ્રજી ભગવાનના ભાઈ લક્ષ્મણજીના શરીરમાં રહેલાં શલ્ય નીકળી જતાં હતાં. તેથી શ્રીરામચંદ્રજી ભગવાન પોતાના ભાઈને આરામ થયેલો જોઈને આનંદ પામતા સોતા લક્ષ્મણજી સહિત શ્રીરામચંદ્રજી ભગવાને રાવણનો નાશ કરી અને વિભીષણને લંકાની ગાદીએ બેસાડીને સીતાજી તથા લક્ષ્મણજી સહિત શ્રીરામચંદ્રજી ભગવાન અયોધ્યાપુરીમાં આવી ભરતજીને શત્રુઘ્ન સહિત રાજ્ય સંબંધી સુખને ભોગવતા હવા. ॥૨૯૮॥

એક વખત નવ યોગેશ્વરો જનક રાજાના રાજ્યમાં આવતા હતા. પછી પોતાને ત્યાં આવતા નવ યોગેશ્વરોને જાણીને જનકરાજા પોતાના સિંહાસનમાંથી ઊઠીને સન્મુખ જઈને પાદ્ય અર્ઘ્યાદિક કરીને નવ યોગેશ્વરોને એકસામટા બાથમાં ઘાલીને મળતા હવા. પછી પોતાના દરબારમાં નવ યોગેશ્વરોને લાવીને આસનો ઉપર બેસાડીને પોતે જનક રાજા હેઠે, નવ યોગેશ્વરોને સન્મુખ બેસતા હવા. પછી નવ યોગેશ્વરોને રાજા સામટા બાથમાં ઘાલીને મળતો હવો.

તેથી બધા યોગેશ્વરોને શંકા થવાથી જનકરાજા પ્રત્યે એક યોગેશ્વર કહેતા હતા કે હે જનક રાજન્ જેમ અજ્ઞાની મનુષ્ય ઘાસના પૂળાને ભેગા બાંધીને ઉપાડે છે તેમ અમો સર્વને બાથમાં ઘાલીને એક સામટા આપશ્રી મળ્યા તે જ્ઞાની એવા તમોને યોગ્ય નથી, પણ એક એકને મળવું તે યોગ્ય કહેવાય. આવું યોગેશ્વરનું વચન સાંભળીને જનકરાજા કહેતા હવા કે આ ભરતખંડમાં માણસનો દેહ મળવો દુર્લભ છે. વળી તે દેહ કેવો છે તો ક્ષણવારમાં નાશ પામે તેવો છે. એમ દેહને નાશ પામનારો જાણીને એકએક ને મળતાં મળતાં કદાચ મારો દેહપડી જાય તો જેટલા યોગેશ્વરને મળું તેટલાનું જ પુણ્ય મને મળે પણ બાકીનાનું પુણ્ય મળે નહિ. એમ ધારી નવ એવા સંતોને સામટા બાથમાં ઘાલીને મળ્યો જેથી નવ યોગેશ્વર એવા જે તમો તે તમોને મળવાનું પુણ્ય મને મળ્યું છે. હવે તમારી ઈચ્છા હોય તો ફરીથી એકએકને મળું. આવું જનકરાજાનું વચન સાંભળીને નવ યોગેશ્વરોના મનની શંકા નાશ પામતી હવી ને જનકરાજા રાજ્યમાં થોડાક દિવસ રહીને પોતાના સ્થાનમાં જતા હવા. ॥૨૯૯॥

એક વખત વ્યાસના પુત્ર શુકદેવજી જનકરાજાની રહેલી મીથીલાપુરીમાં પધારતા હતા. તે પુરીમાં રહેલા જનકરાજાને ત્યાં જતાં પહેલાં શુકદેવજી રાજાને પુછાવતા હતા કે આપની મરજી હોય તો આપશ્રીના દરબારમાં હું આવું. આવો શુકદેવજીનો સંદેશો લાવનાર માણસની સંઘાથે જનકરાજાએ કહેવડાવ્યું જે શુકદેવજીને માલમ થાય જે તમારે મારા દરબારમાં આવવું હોય તો જરૂર તમે **માયાનો ત્યાગ કરીને** પધારશો.

આવો સંદેશો લાવનાર માણસનું વચન સાંભળીને શુકદેવજીએ વિચાર કર્યો કે મારી પાસે લાકડી તથા તુંબડી છે તે માયા છે. એમ જાણીને તે બેનો ત્યાગ કરીને શુકદેવજી જનકરાજાના દરબારમાં જતા હવા. ત્યાં જનકરાજાએ પોતાને ઘેર

પધારેલા શુકદેવજીનું પાદ્ય અર્ઘ્યાદિક કરીને ઉત્તમ આસન ઉપર બેસાડીને કુશળ સમાચાર પૂછતા હતા ને પછી જમવાને માટે પધારો આવું જનકરાજાનું વચન સાંભળીને સ્નાન કરી પીતાંબર પહેરીને જમવા બેસવાના પાટલા ઉપર પગ મૂક્યો કે તે જ વખતે શુકદેવજીની દૃષ્ટિ પોતાને જમવા બેસવાના પાટલા ઉપર કાચા સૂતરથી અધર લટકાવેલી પથ્થરની શીલા પચાસ મણની જોઈને પાટલા ઉપર જમવા બેઠા ને તે શુકદેવજીના સામા પાટલા ઉપર જનક રાજા જમવા બેઠા.

પછી રસોયાએ અનેક પકવાન ભરેલા થાળ બન્ને જણની આગળ રહેલા બીજા પાટલા ઉપર મૂક્યા ત્યારે જનકરાજાએ તથા શુકદેવજી જમવાનો આરંભ કરીને જમતા હતા પણ શુકદેવજીને તો મનમાં ચિંતા થતી હતી કે ઉપરથી પથ્થર પડશે તો હું મરી જઈશ. આવા વિચારથી જમવાની વસ્તુના સ્વાદીની કાંઈ પણ ખબર પડતી ન હતી. પછી રાજા તથા શુકદેવજી જમી રહ્યાથી મુખ તથા હાથ ધોઈને રાજાના મહેલમાં જ્યાં ઉતારો આપ્યો હતો ત્યાં જઈને મુખવાસ લઈને આસન ઉપર બેઠેલા શુકદેવજીને જનકરાજાએ પૂછ્યું કે રસોઈનો સ્વાદ બરોબર હતો કે નહિ ? ત્યારે શુકદેવજી જનકરાજાને કહે કે મારા માથા ઉપર કાચા સૂતરથી અધર લટકાવેલી આશરે પચાસ મણ પથ્થરની શીલા જોઈને મારા મનમાં એમ થતું હતું કે આ અધર રાખેલી પથ્થરની શીલા પડશે તો હું મરી જઈશ, આવા મનના સંકલ્પને લઈને જમવાની વસ્તુનો સ્વાદ મને જણાયો નથી.

આવું શુકદેવજીનું વચન સાંભળીને જનકરાજા શુકદેવજીને કહેતા હતા કે મેં તમને કહેવડાવ્યું હતું કે **માયાનો ત્યાગ કરીને** જરૂર પધારજો તો તમે તો માયાને સંઘાથે લઈને આવ્યા. ત્યારે શુકદેવજી કહે માયામાંથી ઉત્પન્ન થયેલી મારી પાસે તુંબડી તથા લાકડી હતી તેને નાંખી દઈને આપશ્રીની પાસે આવ્યો છું.

આવું શુકદેવજીનું વચન સાંભળીને જનક રાજા કહેતા હવા. તમોએ તુંબડી તથા લાકડી નાંખી દીધી તે માયાનો તો ત્યાગ કર્યો પણ આ દેહમાં રહેલી માયા જે હું ને મારું તે માયાનો ક્યાં તમોએ ત્યાગ કર્યો છે ? હુંપણાની માયાનો ત્યાગ કર્યો હોત તો પથ્થર પડવાથી મરત તો દેહ મરત પણ દેહમાં રહેલો જીવ તો મરતો જ નથી. આવું જ્ઞાન થાત તો પથ્થર પડવાથી તમને જરા પણ શોક થાત નહિ. આવું જનક રાજાનું વચન સાંભળીને શુકદેવજી આનંદને પામતા થકા જનક રાજાને પોતાના ગુરુ તરીકે સ્વીકાર કરતા હવા. ॥૩૦૦॥

એક વખત ભોજરાજા પોતાના નગરની ચર્ચા જોવા નીકળ્યા હતા તે નગરમાં એક બ્રાહ્મણ અગ્નિહોત્રી હોવાથી સંધ્યાદિક પરવારીને અગ્નિને સળગાવીને હોમવાની વસ્તુઓથી હોમ કરીને, વિશ્રાંતિ લેવા પોતાની સ્ત્રીના સાથળ ઉપર પોતાનું માથું મૂકીને સૂતો. આમ પોતાની સ્ત્રીની સંઘાથે વાતો કરતાં ઊંઘી ગયો તે અવસરમાં અગનિહોત્રી બ્રાહ્મણનો બાળક ધાવવાની આશાએ પોતાની માની પાસે આવતાં રસ્તામાં રહેલા લાગતા અગ્નિના કુંડમાં પડતો હતો પણ પતિવ્રતા બાળકની માતા તે પોતાના ખોળામાં માથું રાખીને ઊંઘી ગયેલા પોતાના પતિને જગાડતી ન હતી.

આવી રીતે પોતાના પતિની સેવામાં તૈયાર રહેનારી પતિવ્રતાના પ્રતાપથી કુંડમાં રહેલો અગ્નિ તે જળરૂપ થતો હતો જેથી બાળક અગ્નિના કુંડમાં ફરતો પણ તે બાળકને અગ્નિ બાળી શકતો ન હતો. આવો બનાવ જોઈને નગરચર્ચાને જોવા નીકળેલો ભોજરાજા આશ્ચર્યને પામતો થકો બીજે દિવસે સંન્યાસી થઈને પતિવ્રતા સ્ત્રીને ઘેર જમવા જતો હતો. પછી તે પતિવ્રતા સ્ત્રીએ પોતાને ઘેર આવેલા સંન્યાસીને પોતાના પતિવ્રતાના બ્રહ્મચર્યના પ્રતાપથી કાચી કેરી પણ પતિવ્રતાના હાથના સ્પર્શથી પાકી કેરી થઈ ગઈ ને તે પાકી કેરીનો રસ કાઢીને રસ રોટલી જમાડતી હતી. આવો પતિવ્રતાના બ્રહ્મચર્યનો પ્રતાપ છે. ॥૩૦૧॥

એક ગામના પતિવ્રતા બે બેનો હતી અને શાસ્ત્રમાં કહેવા પ્રમાણે બ્રહ્મચર્ય વ્રત પાળતી હતી. તે બે બેનોમાં એક બેન પોતાના પતિને નવડાવતી હતી ને બીજી બેનને બીજે ગામ પરણાવી હતી. પેલી બેનની પાસે બ્રહ્મચર્ય પાળનાર સંન્યાસી ફરતા ફરતા તે ગામમાં આવ્યા ને એક ઝાડની નીચે ઊતર્યા તેટલામાં તે ઝાડ ઉપર બેઠેલી બગલી સંન્યાસી ઉપર ચરકી તેથી દ્રઢ બ્રહ્મચર્યવાળા સંન્યાસીએ સંકલ્પ કર્યો જે મરતી કેમ નથી? એમ કહ્યું કે તુરંત બગલી ફડફડતી નીચે પડીને મરી ગઈ.

પછીથી ગામમાં ભિક્ષા કરવા ગયા ત્યારે પોતાના પતિને નવડાવતી પતિવ્રતા બાઈને ભિક્ષા આપવામાં વાર લાગી તેથી ક્યારે ભિક્ષા આપશે એમ સંન્યાસી મનમાં બબડ્યા. તેટલાકમાં તે પતિવ્રતા બાઈ બોલી કે અહીં કાંઈ બગલી નથી. આવી રીતે પતિવ્રતા બાઈએ મનની વાત કહી ત્યારે તે સંન્યાસી કહે મારી વાત તમોએ શાથી જાણી તે કહો. પછી પતિવ્રતા તે બાઈ સંન્યાસીને કહે કે અમુક ગામમાં મારી બેન રહે છે તે કહેશે. તેથી સંન્યાસી તે ગામ ગયા ત્યાં તે પતિવ્રતા

બાઈની બેન ઘર ઓલવતી હતી ત્યારે સંન્યાસી કહે શું કરો છો? પછી તે કહે મારી બેનનું ઘર ઓલવું છું. પછી સંન્યાસીને પતિવ્રતાની બેન કહે કે મારી બેને તમને મોકલ્યા કે આવી રીતે કહ્યું ત્યારે સંન્યાસી કહે તમને શાથી ખબર પડી? તેણે કહ્યું કે કાશીપુરીમાં ધર્મવ્યાધ કહેશે.

ત્યારે સંન્યાસી કાશીપુરીમાં ગયા. પછી ધર્મવ્યાધે કહ્યું કે પતિવ્રતા બાઈએ મોકલ્યા કે? ત્યારે સંન્યાસી કહે તમો આ પારધિનું કામ કરો છો ને આ કેવી રીતે તમે જાણ્યું? પછી ધર્મવ્યાધ કહે કે હું પૂર્વે દ્રઢ બ્રહ્મચર્ય પાળનાર બ્રાહ્મણ હતો તે હું એક વખત ઋષિના આશ્રમમાં ગયો, ત્યાં ઋષિ નદીમાં નાઈને કમંડલ ભરીને આવ્યા. ત્યારે મેં કમંડલીમાં એક માછલું જોયું. પછી મને સંકલ્પ થયો કે ઋષિ છે, પણ આવું કામ કરતા લાગે છે તેવા સંકલ્પથી હું વ્યાધમાં ઉત્પન્ન થયો છું. ને મેં પૂર્વે દ્રઢ બ્રહ્મચર્યના પ્રતાપથી અંતરની વાર્તા જાણી છે, એવું બ્રહ્મચર્ય વ્રતના પ્રતાપનું ફળ છે. માટે બ્રહ્મચર્ય વ્રત પાળો ને નિરંતર ભગવાન ભજવા તે જ મનુષ્ય જન્મનો લાભ છે. માટે તે લાભ લેતાં ચૂકવું નહિ. ॥૩૦૨॥

એક ગામમાં એક પટેલે પોતાના ખેતરમાં કૂવો ખોદાવ્યો પણ પાણી થયું નહિ. તેથી એક મહાત્મા સંતને પૂછ્યું જે કૂવામાં પાણી થાય તેવો ઉપાય બતાવો. તે સંત કહે જે પતિવ્રતા સ્ત્રી કૂવાને વધાવે તો પાણી ઘણું થાય. તે સંતનું વચન સાંભળીને પટેલે પતિવ્રતા સ્ત્રીનો તપાસ કરવા માંડ્યો. પછી એક ગામમાં પતિવ્રતા સ્ત્રી હતાં. તે પતિવ્રતા સ્ત્રીને પટેલ કહે જે તમે મારો કૂવો વધાવવા આવો તો પાણી થાય. તે પતિવ્રતા બાઈએ જવાબ આપ્યો જે હે પટેલ આજે હું મારા પતિવ્રતાથી પડેલ છું. આજે જ મારા પતિ પાણી પીવા આવ્યો ને મારી પાસે પાણી માગ્યું તે સમે હું ડાંગર ખાંડતી હતી. તે સાંબેલું ઊંચું ન રાખતાં **ખાંડણી**યામાં સાંબેલું મૂકીને પછી પાણી પાયું. તેટલી મારી પતિવ્રતમાં ખામી આવી છે માટે હું નહિ આવું.

પણ મારી બેન મારા જેવી જ પતિવ્રતા છે. ને તે અહીંયાંથી બે ગાઉ ઉપર ગામ છે ત્યાં તે મારી બેન રહે છે. તેને લઈ જાઓ. તે કૂવાને વધાવશે કે તુરંત જ પાણી બહુ થશે.

તે પતિવ્રતાનું વચન સાંભળીને પટેલ બીજે ગામ ગયા. તે ગામમાં રહેલ પતિવ્રતાને પટેલ કહે કે મારે ગામ કૂવો વધાવવા ચાલો ત્યારે પતિવ્રતા કહે જે મારા પતિ આજ્ઞા કરે તો મારાથી અવાય. પછી પટેલ બાઈના પતિને કહે જે

તમારી સ્ત્રીને આજ્ઞા આપો તો મારે ગામ કૂવો વધાવવા આવે. ત્યારે પતિવ્રતાના પતિ પોતાની સ્ત્રીને કહે જે કૂવો વધાવવા જાઓ પણ પાછી આવજે એમ કહ્યું નહિ. પછી પતિવ્રતા બાઈ પટેલની સાથે કૂવો વધાવવા પટેલની વાડીએ ગઈ. ને કૂવાને વધાવ્યો કે તુરંત જ પાણીથી કૂવો ભરાઈ ગયો તે જોઈને સહુ આશ્ચર્ય પામતા હતા.

પછી પતિવ્રતાબાઈ પટેલની રજા લઈને ત્યાંથી ચાલી પણ પોતાને વિચાર થયો જે મારા પતિએ પાછી આવજે એમ કહ્યું નથી. તો હવે મારાથી ઘેર શી રીતે જવાય ? એવો સંકલ્પ કરીને નજીકમાં નદી હતી ત્યાં જઈને પતિવ્રતાના પ્રભાવથી પોતાના જમણા ચરણના અંગૂઠામાંથી અગ્નિ ઉત્પન્ન કરીને ત્યાં જ તે પતિવ્રતા બાઈ બળી મરતી હતી. તે જોઈને સહુ માણસો કલ્પાંત કરવા લાગ્યા. પછી કૂવાનો ધણી પટેલ તે પતિવ્રતા બાઈના પતિને બોલાવી લાવ્યો. તે પતિવ્રતાનો પતિ ધર્મવાળો ને એકપત્નીવ્રતવાળો હતો. તે પોતાના બળનો વિચાર કરીને બોલ્યો જે ઊઠ ઊઠ કેમ રાખના ઢગલામાં સૂતી છું બેઠી થા બેઠી થા.

આવો પોતાના પતિનો શબ્દ સાંભળીને તુરંત જ રાખના ઢગલામાંથી બેઠી થઈને પોતાના પતિના કહેવાથી પોતાના પતિ સાથે પોતાના ગામમાં બેઉ સ્ત્રી-પુરુષ સાથે ગયાં તેથી આ બનાવ જોઈને સહુ ઘણું જ આશ્ચર્ય પામતા હતા. એવો પતિવ્રતાપણાનો પ્રભાવ છે. માટે ભગવાનનો ભક્ત પણ પતિવ્રતાપણાની ટેક રાખીને ભગવાનનું ભજન કરે તો તે ભક્તને ભગવાન જરૂર પોતાના ધામમાં લઈ જાય એમાં જરા પણ સંશય નથી, પણ જ્યાં ત્યાં માથાં ઘસે તો કોઈ દેવ સહાય કરે નહિ. માટે એક ભગવાન ઉપર જ ટેક રાખીને તેમનું ભજન-સ્મરણ કરવું જેથી અંતકાળે આપણી જરૂર સહાય કરે તે આ વાત કહેવાનો સિદ્ધાંત છે. ॥૩૦૩॥

એક ગામમાં બ્રાહ્મણને પોતાની કન્યા પરણાવવી હતી. તેથી રાજા પાસે તે બ્રાહ્મણ ધનની ઈચ્છાથી ગયો. તે સમે રાજાનો **જડાવ હાર** ખોવાયો હતો. તેથી રાજા ઉદાસ થઈને બેઠો હતો. તે બ્રાહ્મણ માગવા ગયો. પછી ક્રોધ પામેલો રાજા બ્રાહ્મણને **ઘોડાની લાદ** ખાવાની કહેતો હતો ત્યારે તે બ્રાહ્મણ સાત વખત ઘોડાની લાદ ખાઈને ઘેર ગયો. અને બ્રાહ્મણે સંકલ્પ કર્યો કે સવારમાં મારે ઘેર જે કોઈ આવે તેને છોકરી પરણાવવી. તેથી બગલાનું રૂપ ધારણ કરીને એક ઋષિ આવ્યા તેમને પરણાવી ને તેમની સાથે છોકરીને વળાવી.

પછી છોકરીની માતાના મનમાં ખોટું લાગ્યું તેથી તે બગલાનું રૂપ ધારણ કરનાર કોણ હતો તે જાણવા માટે પોતાના પતિને મોકલવાથી રસ્તે આવતા માણસને પૂછ્યું કે તમને કોઈ સામું મળ્યું? ત્યારે તે માણસ કહે જે બગલો નથી પણ એક પુરુષની પછવાડે એક સ્ત્રી જાય છે. પછી એક ગામમાં જ્યાં ઋષિ રહેતા હતા ત્યાં છોકરીનો બાપ ગયો. પછી પીવાનું પાણી પોતાની છોકરી પાસે માગ્યું. તે છોકરી જેવી આપવા જાય છે કે તુરંત જ ઋષિએ ઢોળી નાખ્યું. પછી વિમાનમાં બેસીને સ્વર્ગમાં જતા ઋષિને બ્રાહ્મણે કાલાવાલા કરીને ઋષિની સંગાથે બ્રાહ્મણ જતો હવો. પછી રસ્તામાં ઘોડાની લાદના સાત પર્વત દેખીને બ્રાહ્મણે ઋષિને પૂછ્યું ત્યારે ઋષિ કહે કે, એક રાજાના કહેવાથી બ્રાહ્મણે સાત વખત ઘોડાની લાદ ખાધી તેથી આ ઘોડાની લાદના પર્વત રાજાને ખવડાવવાના છે.

પછી ઋષિ સહિત બ્રાહ્મણ સ્વર્ગમાં ગયો. પછી ત્યાં મણિમય થાંભલાવાળો મુકામ દેખ્યો. તે મુકામમાં ત્રણ થાંભલા લોઢાના દેખીને બ્રાહ્મણે ઋષિને પૂછ્યું, ત્યારે ઋષિએ જવાબ આપ્યો કે કન્યાના ઘરનું અન્ન ખવાય નહિ તથા દીકરીના ઘરનું પાણી પણ પીવાય નહિ પણ તમે કન્યાના ઘરનું પાણી માગ્યું તે પાણી તમને પીવા દીધું નહિ પણ તે કન્યાના ઘરના પાણીના ત્રણ છાંટા પાણી ઢોળતાં તમારા પગને અડ્યા તે પાણીના છાંટા ત્રણ અડવાના પ્રતાપથી આ મુકામના આ ત્રણ થાંભલા લોઢાના થયા છે. તે મણિમય થાંભલાવાળો મુકામ કન્યા આપનારને માટે બાંધેલો છે. માટે આવું કન્યા વિક્રયનું પાપ છે તેથી કન્યાનો વિક્રય ન જ કરવો. જુઓ કે બ્રાહ્મણે પોતાની કન્યા વિક્રયનું પાપ છે તેથી કન્યાનો વિક્રય ન જ કરવો. જુઓ કે બ્રાહ્મણે પોતાની કન્યા કાંઈ પણ ધન લીધા સિવાય કંકુનો ચાંદલો કરીને મફત પરણાવી હતી પણ કન્યાના ઘરના પાણીના ત્રણ છાંટા પોતાના શરીરે અડવાના પાપથી મણિમય થાંભલાવાળા મહેલમાં ત્રણ લોઢાના થાંભલા થતા હવા. આવું કન્યાના ઘરના અન્નનું તથા પાણીનું પાપ થાય છે માટે કન્યાના ઘરની કોઈ પણ વસ્તુ પોતાના કામમાં લેવી નહિ. ॥૩૦૪॥

એક શહેરમાં સુદ્યુમ્ન રાજા રાજ્ય કરતો હતો. તે રાજા બહુ રૂપાળો હતો. પછી તે રાજા એક વખત ઉઘાડે શરીરે નાવા માટે બેઠો હતો. તે સુદ્યુમ્નરાજાને જોવા માટે દેવતાઓ વિમાનમાં બેસીને આવ્યા ત્યારે આકાશમાં રહેલા વિમાનનો છાંયો જમીન ઉપર પડેલો જોઈને રાજાએ પૂછ્યું કે તમે કોણ છો ? ને કેમ આવ્યા છો ? ત્યારે વિમાનમાં બેઠેલા સર્વ દેવતાઓ કહેકે અમે સર્વે દેવો આપશ્રીનું બહુ સ્વરૂપ છે તે જોવા માટે આવ્યા છીએ.

પછી સુદ્યુમ્ન રાજા કહે કે હું શણગાર ધારણ કરું ત્યારે જોવા આવજો. આવું તે રાજાને પોતાના દેહનું અભિમાન થયું તેથી તે રાજાનું અભિમાન ટાળવા માટે ભગવાને વસ્ત્ર ધારણ કરતાં પહેલાં આખા શરીરમાં દ્રવતો કોઢ કર્યો, જેથી મહારોગવાળા થયેલા રાજાને દેવો જોવા આવ્યા ત્યારે રાજાએ કહ્યું કે તમારા ભેગા અશ્વિનિકુમાર આવ્યા છે કે નહિ? પછી દેવો કહે કે આવ્યા છે ત્યારે અશ્વિનીકુમારને પોતાના શરીરનું ઔષધ કરવા માટે રાજાએ કહ્યું. પછી અશ્વિનીકુમાર કહે કે હવે તમો શ્રીરામ નામનું ઔષધ કરો અત્યારે બીજા ઔષધની ટેકી લાગે તેમ નથી. આવું કહીને દેવો સ્વર્ગમાં જતા હવા. ॥૩૦૫॥

ગામ દ્વારકામાં ચિત્રકળાને જાણનાર ચીતારો રહેતો હતો. તે ચીતારાને શ્રીકૃષ્ણભગવાન કહે જે તમને મૂર્તિ ચીતરતાં આવડતી હોય તો મારી મૂર્તિ ચીતરી લાવો તો તને સાત હજાર રૂપિયા આપું. આવું શ્રીકૃષ્ણભગવાનનું વચન સાંભળીને પછી ચીતારો સારી કારીગરી કરીને શ્રીકૃષ્ણભગવાનની મૂર્તિ ચીતરી લાવ્યો. ત્યારે શ્રીકૃષ્ણભગવાનને પોતાનું રૂપ બદલી નાંખ્યું તેથી પોતે ચીતરેલી મૂર્તિ મળતી આવી નહિ. આવી રીતે શ્રીકૃષ્ણભગવાનની મૂર્તિ છ-સાત વખત ચીતરી લાવ્યો પણ મળતી આવે નહિ, તેથી શ્રીકૃષ્ણભગવાન પાસેથી રૂપિયા મળતા નહિ અને શોકથી કરમાઈ ગયેલા મુખવાળા ચીતારાને જોઈને કોઈક સત્પુરુષે પૂછ્યું કે તમે શોકવાળા કેમ જણાઓ છો? ત્યારે ઉપરની સઘળી વાત ચીતારે સત્પુરુષને કહી.

તેથી સત્પુરુષે ચીતારાને ઉપાય બતાવ્યો કે મોટું કાચનું દર્પણ લઈને જાઓ એટલે શ્રીકૃષ્ણભગવાન જે રૂપ બદલશે તે રૂપ આ દર્પણમાં દેખાશે એટલે તમને રૂપિયા મળશે.

આવું સત્પુરુષનું વચન સાંભળીને તે ચીતારો મોટો દર્પણ લઈને શ્રીકૃષ્ણભગવાન પાસે જતો હવો. ને શ્રીકૃષ્ણભગવાન આગળ તે દર્પણ ધરતો હતો. તેથી પોતાના સ્વરૂપ પ્રમાણે દર્પણમાં સ્વરૂપ દેખાવાથી તે ચીતારાને રૂપિયા આપીને ચીતારાને શ્રીકૃષ્ણભગવાન કહેતા હતા કે તમને ગુરુ મળ્યા છે તેથી જ તમે દર્પણ લઈને આવ્યા. માટે આ લોકમાં પણ ગુરુ વિના ઘણાં કાળથી શરીરમાં રહેલું અજ્ઞાન નાશ પામતું નથી, માટે જ મનુષ્યોને જ્ઞાન થતું નથી તેથી જ આ સંસાર રૂપ સાગરમાં વારંવાર જન્મ અને મરણરૂપ અંધારામાં અથડાવું પડે છે. અને ચોરાશી લાખ યોનિમાં ભટકવું પડે છે. માટે સદ્‌ગુરુનું શરણ પામીને તેમણે બતાવેલો સારા રસ્તાનો અથવા ભગવાનનો આશ્રય કરીને ભગવાનનું ભજન કરવાથી અજ્ઞાન નાશ પામશે ને જ્ઞાનની પ્રાપ્તિ થશે. ॥૩૦૬॥

એક શહેરમાં રાજા રાજ્ય કરતો હતો. તે રાજા પોતાના શહેરની ચર્ચા જોવા રાત્રિએ નીકળ્યો હતો. તે જ રાત્રિમાં શહેરની ભાગોળે પધરાવેલી દેવીનું રુદન સાંભળીને તે દેવીની પાસે ગયો ને પૂછ્યું કે તમે શા માટે રડો છો ? ત્યારે તે દેવી કહે જે આ શહેરના રાજાને કાલે બપોરે સાપ કરડવાનો છે. તે સાપનો મુકામ આ શહેરથી ત્રણ ગાઉ ઉપર વડમાં છે. પછી રાજાએ રાત્રિએ પોતાના નોકરો પાસે તે વડ સુધી સડક કરાવી ને ફૂલનાં કુંડાં મુકાવ્યાં ને એક એક દૂધનો પ્યાલો મૂક્યો. તેથી ને બીજે દિવસે સવારથી ચાલતાં એક વાગ્યે સાપ રાજા પાસે આવ્યો ને કહે હું તમને કરડવાનો હતો પણ બાર વાગ્યાનો સમય જતો રહ્યો ને આપશ્રીએ મારું સન્માન કર્યું તેથી હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. માટે મારી પાસે વર માગો. ત્યારે રાજાએ માગ્યું જે હું પશુ, પક્ષી, કીડી, મંકોડી વિગેરેની ભાષા જાણું તેવો વર આપો. પછી તેવો વર આપ્યો.

પછી એક દિવસ રાણી જમવાનો થાળ લઈને રાજા પાસે આવતી હતી તેવામાં મંકોડી મંકોડાને કહે કે આ થાળ મારે ખાવા છે. મને લાવી આપો. ત્યારે મંકોડો રાણીના શરીર ઉપર ચઢ્યો ને હાથે કરડ્યો. એટલે થાળ પડી ગયો. તેથી રાજાને હસવું આવ્યું. ત્યારે રાણી રીસાણી. પછી રાજા મનાવા ગયા ત્યારે રાણી કહે તમો હસ્યા શાથી તે તમો મને કહો. પછી રાજા કહે કે તે કહેવામાં મારું મરણ થાય તેમ છે. ત્યારે રાણી કહે જે તમારું મરણ થતું હોય તો ભલે પણ મને તે કહો.

પછી રાણીએ સહિત રાજાએ ગંગા કિનારે જવાનો વિચાર કર્યો ને જતાં રસ્તામાં એક ઠેકાણે મુકામ કર્યો. ત્યાં કૂવા પાસે બકરી બકરાને કહે જે આ કૂવામાં ઊગેલી, લીલી ઘરો, મને લાવી આપો. પછી બકરે દાખડો કર્યો પણ લેવાય તેવી નહિ, જેથી બકરે બકરીને મારી તેથી રાજા સમજી ગયો. પછી રાણીને બાંધીને માર માર્યો ત્યારે રાણીએ કહેવડાવવાની હઠ મૂકી દીધી.

કહેવાનું કે કોઈ જાતની હઠ રાખવી નહિ, પણ માણસોએ ભગવાન ભજવાની હઠ રાખવી કે સહુ જનો ભગવાન ભજીને ભગવાનના ધામમાં જાય છે તો હું કેમ ભગવાનના ધામમાં જાઉં નહિ ? આવો વિચાર કરીને આ થોડીક વારમાં નાશ પામનારું તથા પાણીના પરપોટાની પેઠે તત્કાલ નાશ થતું એવું શરીર જાણીને તે શરીરથી ભગવાન ભજી લેવા તે જ આ લોકમાં જીવ્યાનો લાભ છે માટે સમજુ માણસે ભગવાન ભજવાનો લાભ અવશ્ય લેવો તે જ કહેવાનો ભાવાર્થ છે. ॥૩૦૭॥

એક શહેરમાં રાજા રહેતો હતો. તે રાજા નિરંતર ગાળ્યા વિનાનું પાણી પીતો હતો. તે એક દિવસ ગાળ્યા વિનાના પાણી ભેગો સાપનો કણો પીવાઈ ગયો. પછી તે સાપનો કણો પેટમાં મોટો થયો ને કોઈ ઉપાયે તે સાપનો નાશ થયો નહિ તેથી રાજાને આખો દિવસ ને રાત્રિએ ચેન પડે નહિ. ને રાજાનું શરીર નિરંતર સુકાતું હતું. પછી રાજા તથા દીવાન કોઈ કામ પ્રસંગે કોઈ ગામ ગયા તે ગામ જતાં રસ્તામાં થાકી જવાથી એક વડ નીચે ઉતારો કર્યો ને પાણી પીને રાજા ઘડીભર તે છાયા નીચે ઊંઘી ગયો ને દીવાન પણ સૂતો હતો પણ તેને ઊંઘ આવી નહિ. તેથી જાગ્યા કરતો હતો.

તેટલાકમાં વડના થડમાંથી એક સાપ નીકળ્યો. તેમજ રાજા ઊંઘી ગયેલો ને મોઢું ફાટેલું હતું તેથી પેટમાં મોટો થયેલો સાપ બહાર નીકળ્યો. તે સાપને વડના થડમાં રહેલો સાપ કહે જે રાજાને શા માટે દુઃખ દે છે? કોઈ અહીં જાગતું હોય ને જો થોડાં ઝેરકોચલાં લાવીને તેલમાં તળીને રાજાને પાઈ દે તો તારા ટુકડે ટુકડા થઈ જાય ને રાજાને આરામ થાય. તે વાત દીવાને જાણી. પછીથી મોઢામાં રહેલો સાપ બોલ્યો જે તું ધનના ખજાના ઉપર ચોકી કરીને રહ્યો છે પણ જો કોઈ તેલ ઊનું કરીને તારા રહેવાના રાફડામાં રેડે તો તું મરી જાત ને ધન મળે.

આવી રીતે સાંભળીને દીવાને તે જ પ્રમાણે કર્યું. તેથી રાજાને સારું થયું અને ધન પણ મળ્યું ને પછી દીવાન તથા રાજા પોતાના રાજ્યમાં આવતા હવા, ને સુખ શાંતિને પામતા હવા.

કહેવાનું કે જો રાજાએ ગાળ્યા વિનાનું પાણી પીધું તો ઘણું દુઃખ ભોગવવું પડ્યું અને ગાળ્યા વિનાનું પાણી એક દિવસ પીએ તો તેનું પાપ છ માસ સુધી માછલાં મારનારને જેટલું પાપ થાય છે તેટલું પાપ ગાળ્યા વિનાનું પાણી એક વખત પીનારને થાય છે. માટે જ શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાની લખેલી શિક્ષાપત્રીમાં લખ્યું છે જે કોઈએ પણ ગાળ્યા વિનાનું પાણી તથા દૂધ વિગેરે પીવું નહિ. તેમજ ઘી, તેલ પણ ગાળીને વાપરવું. તેમજ ચોખા, દાળ પણ જોયા સિવાય રાંધવા નહિ. તથા શિયાળામાં થતી પાપડીઓનું તથા તુવેરોનું ઊંધીયું પણ ખાવું નહિ, કારણ કે તે પાપડીઓમાં રહેલા જીવડાઓ બફાઈ જાય ને તે ખાવાથી માંસ ખાધા બરોબર થાય છે માટે ઊંધીયાં ખાવાં નહિ એ જ કહેવાનો સાર છે. ॥૩૦૮॥

એક ગામમાં બે વાણીયા મિત્ર હતા. તે બેઉ વાણીયાઓ સુખડીનું ભાતું કરીને તીર્થજાત્રા કરવા જતા હતા. તે બેમાં એક સજ્જન મિત્ર હતો. તે સજ્જન મિત્રનું ભાતું દુરિજન મિત્ર માગીને ખાઈ ગયો. પછીથી સજ્જન મિત્રને ભૂખ લાગી ત્યારે દુરિજન મિત્ર પાસે ખાવા માટે ભાતુ માગ્યું, પણ આપ્યું નહિ અને સજ્જન મિત્રે દુરિજન સામી આંખ્યો કાઢી ત્યારે સજ્જન મિત્રની આંખ્યો દુરિજન મિત્રે બાવળની સુળો ઘોંચીને ફોડી નાંખી. પછી દુરિજન મિત્ર સજ્જન મિત્રને રખડતો મૂકી જતો રહ્યો અને સજ્જન રખડતો રખડતો એક વડ નીચે આવ્યો તે વડ ઉપર બે હંસ બેઠા હતા.

તે બે હંસ બોલ્યા કે અમુક દેશમાં રાજા કોઢીયો છે. ને કોઈ પણ દવાએ કરીને કોઢ મટતો નથી. પણ કોઈ આપણી **અઘાર** લઈ જઈને ચોપડે તો તે રાજાનો કોઢ મટી જાય. અને નવું કાંચનમય શરીર થાય. આવી રીતે કહીને તે બે હંસ ઊડી ગયા. પછી પેલા વાણીયાએ વડ નીચેથી **અઘાર** હાથ ફેરવીને લીધી ને પોતાની આંખ્યે ચોપડી. તેથી સજ્જન વાણીયાની આંખ્યો સારી થઈ. પછી વડ નીચે પડેલી હંસની **અઘાર** લઈને સજ્જન વાણીયો તે રાજાના દેશમાં ગયો, ને ત્યાં જઈને રાજાની દવા કરી તેથી તે રાજાનો કોઢ મટી ગયો.

પછી સજ્જન વાણીયા ઉપર પ્રસન્ન થયેલા રાજાએ પોતાની કુંવરી સજ્જન વાણીયાની સાથે પરણાવી. અને ગામ પણ આપ્યાં ને રાજા બનાવ્યો. પછી એક વખત સજ્જન વાણીયાની સવારી જતી હશે. તે વખત પોતાનો ભાઈબંધ દુરીજન વાણીયો મળ્યો પણ તે દુરીજનના અવગુણ ન સંભારતાં સજ્જન વાણીયાએ પોતાના ભાઈબંધને ઘોડા ઉપર બેસારીને સવારીમાં ફેરવીને પોતાના મુકામમાં લાવ્યો. પોતાના રાજમહેલમાં રાખ્યો ને ઘણાં દિવસ રહ્યો. પછી રાણીને સજ્જન વાણીયાના દોષ દુરીજન મિત્રે ભરાવ્યા કે તમારા પતિ મારું બહુ રાખે છે તેનું કારણ એ છે કે તમારા પતિ અમારા ગામનો ઈતરવર્ણ છે. તે હું કહી દઉં તેથી તમારા પતિ મારું રાખે છે.

આવી રીતે દુરીજન મિત્રે અસજ્જનપણું રાખ્યું તેથી તે દુરીજન મિત્ર કુંવરીને હાથે મરણ પામ્યો. માટે સજ્જન ભાઈબંધ કરવા પણ દુરીજનને મિત્ર કરવા નહીં. કહેવાનું કે દુરીજન મિત્ર તો સદાય દુઃખ આપે છે, પણ સુખ આપતો નથી. માટે જો પોતાનું સારું ઈચ્છનાર માણસે સજ્જન મિત્ર જ કરવા. સજ્જન મિત્ર સારો રસ્તો બતાવે છે અને સજ્જન મિત્ર પાપ થકી બચાવીને પોતાનું હિત બતાવે

છે. સજ્જન મિત્ર સદાય પોતાના મોક્ષનો ઉપાય બતાવીને ભગવાનની ભક્તિ કરાવે તે જ સારો મિત્ર જાણવો ને તેવા જ મિત્ર કરવા જેથી આ લોકમાં સુખ થાય ને પરલોકમાં પણ સુખ થાય. માટે તેવા મિત્રનો સંબંધ રાખવા શીખવું. જેથી આ લોકમાં બંધન થાય નહિ. તે કહેવાનો હેતુ છે. ॥૩૦૯॥

એક સમયે પાંચ પાંડવ સતી દ્રૌપદી સહિત વનમાં ફરતાં ફરતાં વિચાર કર્યો કે ઘણાં સમયથી આપણે શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કર્યાં નથી તો દ્વારકાપુરીમાં નિવાસ કરીને રહેલા શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરવા જઈએ. આવો સંકલ્પ યુધિષ્ઠિર રાજા કરતા હતા. પછીથી ભીમ, અર્જુન, સહદેવ, નકુલ, દ્રૌપદી સહિત યુધિષ્ઠિર રાજા દ્વારકાપુરી પ્રત્યે જતાં રસ્તામાં યુધિષ્ઠિર રાજાને સંકલ્પ થયો કે દેવ, રાજા, ને ગુરુનાં દર્શન કરવા જવું ત્યારે ઠાલે હાથે ન જવું. આવું શાસ્ત્રમાં લખ્યું છે તો આપણે શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરવા જઈએ છીએ તો કોઈક ફળ લેતા જઈએ.

આવો સંકલ્પ કરતા એવા યુધિષ્ઠિર રાજાએ એક આંબા ઉપર પાકેલી એક કેરી દીઠી ત્યારે યુધિષ્ઠિર રાજાએ ભીમસેનને કહ્યું કે આંબાની ડાળે લટકતી કેરી તોડી લાવો. આવી આજ્ઞા થવાથી ભીમસેન તોડી લાવ્યા. તે પાકેલી કેરી લઈને યુધિષ્ઠિર રાજા સર્વની સંઘાથે દ્વારકાપુરીમાં આવીને શ્રીકૃષ્ણ ભગવાનના મહેલમાં ગયા. તે મહેલમાં રહેલા દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન થયેલા શ્રીકૃષ્ણ ભગવાનને જોઈને દંડવત્ પ્રણામ કરીને શ્રીકૃષ્ણ ભગવાનની આગળ પાકેલી કેરીનું ફળ મૂક્યું. તે ફળને જોઈને શ્રીકૃષ્ણ ભગવાને યુધિષ્ઠિર રાજાને પૂછ્યું કે આ ઋતુ વિનાનું કેરીનું ફળ તમે ક્યાંથી લાવ્યા? ત્યારે યુધિષ્ઠિર રાજાએ કહ્યું કે આપશ્રીનાં દર્શન કરવા અમો રસ્તે ચાલ્યા આવતા હતા. તે એક આંબા ઉપર એક જ પાકેલું કેરીનું ફળ જોયું. જેથી તે આંબાની ડાળે લટકતું કેરીનું ફળ આપશ્રીને ભેટ મૂકવા લાવ્યા છીએ.

ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે આંબાના ધણીને પૂછીને લાવ્યા છો ? કે ધણીને પૂછ્યા વગર લાવ્યા છો ? ત્યારે યુધિષ્ઠિર રાજા કહે વનમાં ઊગેલા આંબાનો કોઈ ધણી હોય નહિ, તેમ ધારીને આ ફળ તે આંબાની ડાળખીએથી તોડીને લાવ્યા છીએ. ને તે ફળને અમો ન લાવત તો પક્ષીઓ ખાઈ જાત. તે કરતાં આ કેરીનું ફળ આપશ્રીના ઉપયોગમાં આવે તો તે આંબાનું કલ્યાણ થાય તેમ ધારીને કેરીનું ફળ લાવ્યા છીએ.

આવું યુધિષ્ઠિર રાજાનું વચન સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા કે બીજાં ઝાડ રોપ્યા વિના ઊગે પણ આંબાનું ઝાડ કોઈના રોપ્યા વિના ઊગે નહિ. માટે તે આંબાને કોઈએ વાવ્યો હશે જેથી તે આંબાનો કોઈ ધણી અવશ્ય છે જ. માટે તે આંબાના ધણીને પૂછ્યા સિવાય તમે કેરી લાવ્યા, માટે તમોએ ચોરી કરીને આણેલું આંબાનું ફળ મને ખવડાવવું છે ? જેથી તમોએ મારી આગળ આંબાનું ફળ ભેટ મૂક્યું. માટે તમોએ ચોરી કરીને આણેલું ફળ મારે ખાવું નથી અને શાસ્ત્રમાં લખ્યું છે કે ચોરી કરનારના હાથ કાપી નાખવા. આવું પ્રાયશ્ચિત્ત કહ્યું છે તો મારે તમારું લાવેલું ફળ ખાવું નથી. પણ તમોએ વનમાં રહેલા જે આંબાનું ફળ તોડ્યું હોય તે આંબાની ડાળખીએ ચોટાડી આવો.

આવું શ્રીકૃષ્ણ ભગવાનનું વચન સાંભળીને યુધિષ્ઠિર રાજા પોતાના ભાઈઓ તથા દ્રૌપદી સહિત શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર કરીને કેરીનું ફળ લઈને વનમાં ગયા ને જે આંબાની ડાળખીએથી કેરીનું ફળ તોડ્યું હતું તેને ચોટાડવા માટે તે ડાળખીને તે કેરીનું ફળ વારે વારે અડાડે પણ તે કેરીનું ફળ ચોટ્યું નહિ ત્યારે તે કેરીના ફળને જમીન ઉપર મૂકીને યુધિષ્ઠિર રાજાએ સંકલ્પ કર્યો કે હે શ્રીકૃષ્ણ ભગવાન, તમારા સિવાય મેં બીજા કોઈને ભગવાન્ ન જાણ્યા હોય તો આ જમીન ઉપર રહેલું ફળ એક હાથ ઊંચું અધર રહો.

આવું કહેવાથી એક હાથ કેરીનું ફળ અધર રહ્યું. પછીથી ભીમસેન ભાઈએ સંકલ્પ કર્યો કે આ જગતનો કરનાર શ્રીકૃષ્ણ ભગવાન્ સિવાય બીજો કોઈ નથી એમ જાણતો હોય તો આ અધ્ધર રહેલું કેરીનું ફળ બીજો એક હાથ ઊંચું થાઓ. આવું વચન બોલ્યા કે તુરંત કેરીનું ફળ બીજો એક હાથ ઊંચું થયું. પછીથી અર્જુનજીએ કહ્યું કે શ્રીકૃષ્ણ ભગવાનના વચનનો વિશ્વાસ મારે હોય તો આ ફળ બે હાથ ઊંચું છે તે ફળ ત્રીજો હાથ ઊંચું થાઓ. આવું કહેવાથી ત્રીજો હાથ ઊંચું થયું. પછીથી સહદેવજીએ કહ્યું કે શ્રીકૃષ્ણ ભગવાન્ સિવાય કોઈ બીજો આ જગતનું ભરણપોષણ કરનાર નથી એમ હું જાણતો હોઉં તો આ કેરીનું ફળ ચોથો હાથ ઊંચું થાઓ. આવું કહેવાથી ચોથો હાથ કેરી ઊંચી થઈ. પછીથી નકુલભાઈએ સંકલ્પ કર્યો કે શ્રીકૃષ્ણ ભગવાન્ સિવાય આ જગતનો ધારણ કરનાર કોઈ બીજો નથી એમ હું જાણતો હોઉં તો આ ચાર હાથ ઊંચું થયેલું કેરીનું ફળ આંબાની ડાળખીએ અડો.

આવું કહેવાથી ડાળખીને અને કેરીને એક આગળ છેટું રહ્યું. પછીથી દ્રૌપદીજીએ કહ્યું કે હે શ્રીકૃષ્ણ ભગવાન્ હું નાનપણથી તે અત્યાર સુધી શુદ્ધ પતિવ્રતા હોઉં તો કેરી આંબાની ડાળખીએ ચોટી જાઓ. આવું કહેવાથી ડાળખીને કેરી ચોટી ગઈ જેથી યુધિષ્ઠિર સહિત સર્વે ભાઈઓ આનંદ પામ્યા. પછીથી ડાળખીએ ચોટેલી કેરી થોડી વાર પછી હેઠે પડી તે કેરીને લઈને યુધિષ્ઠિર આદિક સર્વે શ્રીકૃષ્ણ ભગવાન પાસે આવ્યા ને ઉપરનો બનાવ ભગવાનને કહ્યો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાનને દ્રૌપદીજીને કહ્યું કે પતિવ્રતાના સંકલ્પથી ચોટેલી કેરી પાછી હેઠે ન પડવી જોઈએ ને જે કેરી હેઠે પડી માટે દ્રૌપદીના પતિવ્રતામાં કાંઈ પણ ખોટ હશે જેથી કેરી હેઠે પડી.

એવું શ્રીકૃષ્ણ ભગવાનનું વચન સાંભળીને દ્રૌપદીજીએ કહ્યું કે મારા પતિવ્રતાપણામાં ખોટ નથી છતાં આપશ્રી જાણતા હોય તો કહો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે તમો તમારા પતિની સંઘાથે વનમાં ફરતાં હતાં તેવામાં તમને રસ્તામાં કાંટો વાગ્યો ત્યારે તમને મનમાં સંકલ્પ થયો કે જો મારા પિતાએ કૌરવમાં પરણાવી હોત તો મારે વનમાં ભટકવું પડત નહિ. આવો તમને સંકલ્પ થયો હતો તેથી તમને માનસિક પાપ થવાથી પતિવ્રતામાં ખોટ આવી હતી તેથી કેરી ચોટેલી હેઠે પડી.

આવું શ્રીકૃષ્ણ ભગવાનનું વચન દ્રૌપદીજીએ સાંભળી હા પાડી જે હે શ્રીકૃષ્ણ ભગવાન્ તમોએ કહ્યો તેવો મને માનસિક સંકલ્પ થયો હતો જેથી કેરી હેઠે પાછી પડી. આવી રીતે દ્રૌપદીજીએ કહ્યું તેથી શ્રીકૃષ્ણ ભગવાન્ રાજી થયા ને કહ્યું કે આ લોકમાં, કાયિક, વાચિક, માનસિક, મળી ત્રણ પ્રકારનાં પાપ થાય છે. માટે ત્રણ માંથી એકેય પાપ થવા દેવું નહિ તે આ વાતનો સિદ્ધાંત છે. ॥૩૧૦॥

એક બ્રાહ્મણનો છોકરો પોતાનાં માતાપિતાના કહેવાથી કાશીમાં ભણવા ગયો હતો. બાર વરસ કાશીમાં નિવાસ કરી વિદ્યા ભણીને વિદ્વાન્ થયો. પછી તે બ્રાહ્મણ વિદ્યા ભણવાની સમાપ્તિ કરીને પોતાના ગામ જવા નીકળ્યો, તે રસ્તામાં ચાલ્યો જતો હતો. તે બ્રાહ્મણને રસ્તામાં બે પુરુષ ભેગા થયા. તેમને બ્રાહ્મણે પૂછ્યું તમો કોણ છો ? ને ક્યાંથી આવ્યા ને ક્યાં જાઓ છો ? આવું પૂછવાથી તે ભેગા થયેલા પુરુષોએ કહ્યું કે તમને ભય ન લાગે તો અમે અમારી વાત કહીએ. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે મને કાંઈ પણ ભય લાગશે નહિ. તમો સુખેથી તમારી વાત કરો. ત્યારે રસ્તામાં ભેગા થયેલા પુરુષો બોલ્યા કે અમો બે યમપુરીમાં

રહેતા યમરાજાના દૂત છીએ તે યમરાજાના હુકમથી મરવા તૈયાર થયેલા મનુષ્યનો જીવ લેવા ફરીએ છીએ. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે અત્યારે ક્યા ગામમાં જવાના છો ? ત્યારે યમદૂતોએ કહ્યું કે આ સામું ગામ દેખાય છે તે ગામમાં એક નગરશેઠ છે. તેનો દીકરો માંદો છે ને પાંચ ભાઈ વચ્ચે એક જ દીકરો છે તેની મરવાની તૈયારી છે.

આવું સાંભળીને બ્રાહ્મણે કહ્યું કે કોઈ ઉપાયથી તેને આ લોકમાં મૂકી જાઓ તો સારું કારણ કે તેનું કુટુંબ બહુ મોટું છે. તેઓને ઘણું દુઃખ થશે માટે તે જીવતો રહે તેમ કરો. આવું બ્રાહ્મણનું વચન સાંભળીને યમદૂતો કહે કે તમો બ્રહ્મચર્ય વ્રત પાળીને બાર વરસ વિદ્યા ભણ્યા છો માટે તમે બ્રહ્મચારી છો ને વળી વિદ્વાન્ છો તો તમો તે શેઠને ઘેર જાઓ ને ભિક્ષા માગતા એવા તમોને સીધુ આપે તો અમો તે છોકરાને જીવતો રહેવા દઈએ.

આવું યમદૂતોનું વચન સાંભળીને બ્રાહ્મણ તે નગરશેઠને ત્યાં ગયો. **ભવતિ ભિક્ષાં દેહિ** આવું બોલીને ઊભો રહ્યો. ત્યારે મરવા તૈયાર થયેલાને જોવા આવેલા મનુષ્યો બોલ્યા કે ગામમાં ભિક્ષા નથી મળતી કે જેથી તમો અહીં આવ્યા ? અહીં તો એક શેઠનો છોકરો મરવાની તૈયારીમાં છે માટે અમારા સર્વના પ્રાણ મૂઠીમાં આવ્યા છે માટે બીજે માગવા જાઓ. બ્રાહ્મણે કહ્યું કે મને ભિક્ષા આપો તો તે છોકરાને સારું થશે. આવું કહ્યું ત્યારે તે બ્રાહ્મણને કહ્યું કે તમને ભિક્ષા આપીએ તો જ છોકરાને સારું થતું હોય તો ભલે ન થાય. એમ તિરસ્કાર કરીને બ્રાહ્મણના છોકરાને રજા આપી તે ત્યાંથી ગયો કે તુરંત યમના દૂતો તે છોકરાનો જીવ લઈને બહાર ભેગા થયા.

પછી બ્રાહ્મણે પૂછ્યું કે હવે તમો ક્યાં જવાના છો ? ત્યારે યમદૂતો કહે આ સામો વડ દેખાય તેની નીચે રાજાનો છોકરો દેશમાં ફરવા ગયો છે ત્યાંથી આવતાં આ વડ નીચે વિશ્રાંતિ લેવા બેસશે તે વખતે વડની ડાળ ભાંગશે ને તે કુંવર ઉપર પડશે કે તુરંત તે મરણને પામશે. તેનો જીવ લઈને અમો જમપુરીમાં જઈશું. ત્યારે બ્રાહ્મણે પૂછ્યું કે તે કુંવર બચે એવો ઉપાય કહો. ત્યારે યમના દૂતો કહે તે રાજાના કુંવરની સવારી હમણાં આવશે માટે તમો તેમની પાસે જઈને પાંચ સોનામહોર માગો ને તમને આપે તો તેનું મરણ નહિ થાય.

આવું સાંભળીને બ્રાહ્મણે ચાલી આવતી સવારીમાં સામો જઈને ભિક્ષા તરીકે રાજાના કુંવર પાસે પાંચ સોનામહોર માગી. ત્યારે દીવાને જવાબ આપ્યો કે ચાલતી સવારીમાં તમને શી રીતે તિજોરીમાંથી કાઢીને સોનામહોર આપીએ ? માટે સામો વડ દેખાય છે ત્યાં રાજાના કુંવર રોકાવાના છે ત્યાં તમને પાંચ સોનામહોર આપીશું ત્યાં ચાલો. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે મને આ ઠેકાણે જ પાંચ સોનામહોર આપો જેથી કુંવરનું સારું થાય. ત્યારે દીવાન કહે તારાથી કુંવરનું બૂરું થતું હોય તો કરજે. અહીં ચાલતી સવારીમાં કંઈ મળશે નહિ. એમ કહીને સીપાઈ પાસે ધક્કા મરાવીને સવારીમાંથી બહાર કઢાવ્યો ને સવારી વડ નીચે આવીને વડની ડાળ નીચે રાજાના કુંવરનો પલંગ પાથર્યો ને તે ઉપર કુંવર બેઠા ને થોડીવારમાં વડની ડાળ ભાંગીને કુંવર ઉપર પડી જેથી રાજાનો કુંવર મરણ પામ્યો. તે વખતે છેટે ઊભેલા બ્રાહ્મણના છોકરાને દીવાને સીપાઈ પાસે પોતાની પાસે બોલાવ્યો ને કહ્યું કે તમે કહો તેટલી સોનામહોર આપીએ પણ રાજાના કુંવરને જિવાડો. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે ચાલતી સવારીમાં હું લેવા આવ્યો હતો તે વખતે મને પાંચ સોનામહોર આપી હોત તો રાજાના કુંવર મરણ ન પામત. હવે મારા હાથમાં તે વાત રહી નથી. એમ કહીને બ્રાહ્મણનો છોકરો ચાલતો થયો.

થોડીવારે યમદૂતો ભેગા થયા ને ઉપરની બે વાત સાચી થયેલી જોઈને બ્રાહ્મણ યમદૂતોને પૂછતો હવો કે મારું શું થશે તે કહો. એટલે મારું સૂઝતું કરું. ત્યારે યમદૂતો બોલ્યા જે તું તમારાં માતાપતાને એક જ છું ને ભણીને ઘેર આવવાની વાટ જુએ છે ને તારાં લગ્ન કરવાને માટે પણ કન્યાની શોધ કરીને તૈયારી કરી રાખી છે. તું જેવો ઘેર જઈશ તેવાં જ તારાં લગ્ન કરશે ને તમારી સ્ત્રી ઘેર આવશે ને તારાં ને તારી સ્ત્રીનાં ચાર નેત્ર ભેગાં થશે એટલે તારું મરણ થશે.

આટલી વાત થઈ એટલે તેમના રસ્તા જુદા પડ્યા. યમદૂત બીજે માર્ગે ગયા અને બ્રાહ્મણ જુદે માર્ગે ચાલતાં વિચાર કર્યો કે હું ઘેર જઈશ ત્યારે મને પરણાવશે તે માટે ઘેર ન જતાં વિદ્યા જે હું ભણ્યો છું તેનો સારો ઉપયોગ કરું અને જ્ઞાનોપદેશ કરીને અનંત જીવનો મોક્ષ થાય તેમ કરું, તેથી મારા આત્માનું પણ કલ્યાણ થાય. એમ ધારીને સામું નગર દેખાતું હતું તેમાં ગયો. તેમાં સારા શેઠીયાઓને મળીને વાત કરી જે હું કાશીએથી તાજી વિદ્યા ભણીને આવ્યો છું ને ભગવાન સંબંધી જ્ઞાનોપદેશ કરી સૌનું કલ્યાણ કરવા ઈચ્છું છું જેથી મારી વિદ્યાનું સાર્થકપણું થાય.

આ સાંભળીને શેઠીયા દીવાનને મળ્યા ને રાજાને વાત કરી જે કાશીથી વિદ્વાન આવેલ છે અને કથાવાર્તા સંભળાવવા તેમની ઈચ્છા છે માટે બંદોબસ્ત થાય તો આપણને કથાનો લાભ મળે. આ વાત સાંભળીને રાજાએ બંદોબસ્ત કર્યો ને કથાનો આરંભ કર્યો. કથા સાંભળીને સર્વે ખુશી થયા અને બ્રાહ્મણના ઉપર સર્વનો પ્રેમ અતિવૃદ્ધિ પામ્યો. રાણીઓ તથા દીવાનના ઘરનાં તથા શેઠાણીઓએ મળીને વિચાર કર્યો જે આપણા પંડિતનાં લગ્ન કર્યાં હોય તો એ સુખી થાય અને આપણને કથાવાર્તાનો અધિક લાભ થાય. આમ વિચાર કરીને દીવાનજીને વાત કરી. દીવાનજીએ તેની જ નાતનો બ્રાહ્મણ હતો તેને ઘેર કન્યા લગ્નને લાયક હતી તેને પૂછીને બંદોબસ્ત કર્યો. લગ્નનો દિવસ નક્કી કરીને પંડિત બ્રાહ્મણને વાત કરી જે તમારાં લગ્ન કરવાનો વિચાર કર્યો છે તે સાંભળીને તેણે ચોખ્ખી ના પાડી જે મારે લગ્ન કરવાં નથી. દીવાનજી કહે કે અમે નક્કી કર્યું છે ને કન્યા તમારે લાયક છે.

તે સાંભળીને કહ્યું જે મારાં લગ્ન કરવાં હોય તો મારે અહીં રહેવું નથી. હું તો તમને કથાવાર્તા સંભળાવવા રહ્યો છું પણ લગ્ન કરવા રહ્યો નથી. તમારે લગ્ન કરવાં હોય તો હું ચાલ્યો જઈશ. આવું સાંભળીને દીવાનજીએ વિચાર કર્યો જે આગ્રહ કરીશું તો ચાલ્યા જશે જેથી દીવાનજીએ વાત ફેરવી જે તમારે ન પરણવું હોય તો કાંઈ નહીં એમ કહીને શાંત પડ્યો. પરંતુ નાસી ન જાય માટે પોલીસનો બંદોબસ્ત કર્યો અને ચોકી બેસાડી દીધી ને લગ્નનો દિવસ નક્કી કર્યો અને ધામધૂમીથી લગ્ન કર્યાં. પંડિતે વિચાર કર્યો કે મૃત્યુનો જોગ બધો આવી બન્યો છે પરંતુ ચાર નેત્ર ભેગાં થાય તો જ મૃત્યુ છે માટે મારે મારી સ્ત્રીનું સામું જોવું જ નહિ. જોવું તે મારા હાથની વાત છે. આવો નિશ્ચય કર્યો.

ત્યાર પછી ઘેર જાય, જમી આવે પાછો દીવાનખાનામાં સૂવા બેસવાનું રાખેલું અને સભામંડપમાં કથાવાર્તા કરે પણ પોતાની સ્ત્રી સામું નેત્ર માંડી જુવે નહિ. આમ ઘણાંક દિવસ વીતી ગયા પણ પોતાની સ્ત્રી સાથે બોલે નહિ તેમ જુવે નહિ જેથી તે મૂંઝાવા લાગી ને રાણી તથા દીવાનની સ્ત્રી તથા શેઠાણીઓ આગળ રડી પડી ને કહ્યું જે તમે મારાં લગ્ન આ પંડિતની સાથે કર્યાં પણ મારી સાથે બોલતાચાલતા નથી તેમ સામું પણ જોતા નથી.

આ વાત સાંભળીને દીવાનના ઘરનાંએ દીવાનને વાત કરી જે આ વૈરાગ્યને પામેલા પંડિતની સાથે બ્રાહ્મણની છોકરીનાં લગ્ન કર્યાં. પરંતુ તેમને સંસારનું સુખ બિલકુલ નથી માટે તેમને બોલતાંચાલતાં તથા વાતચીત કરતાં

કરી આપો તો ઠીક, કારણ કે બ્રાહ્મણની છોકરી માટે તેની હવે બીજી ગતિ નહિ. આવું સાંભળીને દીવાને વિચાર કર્યો કે બ્રાહ્મણને ત્યાં જ પ્રીતિ ભોજન કરીએ તેમાં રાજાનાં મુખ્ય રાણી ને રાજાજી અને તે બ્રાહ્મણ-બ્રાહ્મણી ને હું ને મારાં ઘરનાં આ છો જણને માટે જ ભોજન કરાવીએ. ગમ્મતથી ભોજન કરીશું જેથી બોલતાંચાલતાં થઈ જશે.

આવો વિચાર કરીને દીવાનજીએ પંડિતને કહ્યું જે રાજાજીનો તથા તેમનાં મુખ્ય રાણીજી તથા હું ને મારા ઘરનાં આ સર્વનો તમારે ત્યાં જમવા વિચારે છે માટે તમારે ત્યાં બંદોબસ્ત કરાવો. ત્યારે પંડિતે કહ્યું જે તમે કહી દેજોને. ત્યારે દીવાનજી કહે તમારે ઘેર જમવાનું તે તમારે બંદોબસ્ત કરવો જોઈએ. ત્યારે પંડિતે કહ્યું જે તમારાં દીકરી છે ને, માટે તમે કહી દેજો. ત્યારે પંડિતે કહ્યું જે તમારાં દીકરી છે ને, માટે તમે કહી દેજો. ત્યારે દીવાનજી કહે છે કે જમવાનું સર્વને મળે છે પરંતુ આજ તો ગમ્મત સાથે તમારે ત્યાં પ્રીતિભોજન કરવું છે માટે આનંદથી જમવું છે, ચાલો હું બંદોબસ્ત કરીશ. એમ કહીને નક્કી કર્યું ને પછી દીવાનજીએ પંડિતજીની સ્ત્રીને ઘેર જઈને કહ્યું જે બેન આજ તમારે ત્યાં રસોઈ સારી બનાવ ને આજે તમને બન્નેને બોલતાંચાલતાં કરી દેશું. આપણે છો જણને જમવાનું છે, રાજા તથા રાણી તથા તમે બે જણ તથા અમે બે જણ મળી છો જણની રસોઈ તૈયાર થાય ત્યારે છો થાળ પૂરવાના તે છો પાટલા ઉપર ને છો પાટલા બેસવાના. રાજા ને રાણી સામસામાં બેસશે ને હું તથા મારા ઘરનાં તથા તમે બેઉ જણને સામસામાં બેસી ગમ્મતથી ભોજન કરવું.

આ સાંભળીને બાઈ બહુ ખુશી થયાં ને પ્રેમથી રસોઈ બનાવી. રસોઈ તૈયાર થઈ તેટલામાં ચાર સંન્યાસી આવ્યા અને **ભવતિ ભિક્ષાં દેહિ** કરીને ઊભા રહ્યા. બાઈ સંન્યાસીને જોઈને બહુ ખુશી થયાં. પાટલા નાખીને જમવા બેસાર્યા અને થાળમાં પકવાન પીરસીને પ્રેમથી જમાડ્યા. સંન્યાસીને જમી તૃપ્ત થઈ બાઈને આશીર્વાદ આપ્યો જે તમારો **અખંડ સૌભાગ્ય રહો.** આમ કહીને અદૃશ્ય થઈ ગયા. પછી બાઈએ બીજી રસોઈ બનાવી એટલામાં દીવાનજીએ આવીને કહ્યું જે બેન કેટલી વાર? ત્યારે કહ્યું કે' રસોઈ તૈયાર છે. જમવા પધારો ત્યારે દીવાનજીએ પંડિતજીને કહ્યું જે તમારે ત્યાં જમવાનું છે ને તમે તો કાંઈ બોલતા નથી ચાલોને કેટલીકવાર છે? ત્યારે પંડિતજી કહે ચાલો. પછી તૈયાર થઈને જમવા ગયા. ત્યારે દીવાનજીએ પ્રથમથી જ થાળ પૂરાવીને ગોઠવણ કરી રાખી હતી, રાજારાણીને માટે સોનાના થાળ ને સોનાના પાટલા તથા

દીવાનજી તથા પંડિતજીને માટે ચાંદીના થાળ ને ચાંદીના પાટલા આવી રીતે ગોઠવણ કરીને તૈયાર થાળ પૂરીને પાટલા ઉપર મૂકી દીધા.

પંડિતજીએ વિચાર કર્યો કે આ સોનાનો પાટલો રાજાજીનો છે ને તેની પાસેનો ચાંદીનો પાટલો દીવાનજીનો છે ને તેની પાસે મારો પાટલો છે ત્યાં જ મારે બેસવાનું છે પણ આ બધા જમી રહે ત્યાં સુધી મારે આઘુંપાછું જોવું નથી, સૌ શાંતિથી જમી રહે પછીથી જે થવાનું હશે તે થશે. એમ ધારીને પોતાને પાટલે બેસી ગયા ને નીચું જોઈ રહ્યા છે. તેને જોઈને દીવાનજીએ કહ્યું કે પંડિતજી ગમ્મતથી ભોજન કરવાનું છે માટે ઊંચું જુવો. ત્યારે પંડિતજીએ કહ્યું જે મારે નિયમ છે જમતી વખતે હું આડુંઅવળું જોતો નથી. જમ્યા પછી તમે જેમ કહેશો તે ગમ્મત કરીશું હમણાં તમો આનંદથી જમો ને હું મારા નિયમ પ્રમાણે જમી લઉં પછી આનંદ કરીશું.

પછી સૌ જમ્યા. પછી ચળુ કરી પાણી પીને પંડિતજીએ પોતાની સ્ત્રી સામું જોયું ત્યારે બંનેનાં ચાર નેત્રો ભેગાં થયાં પણ મૃત્યુ પોતાનું થયું નહિ. એટલે પોતાના અંતઃકરણમાં ઘણો આનંદ થયો ને વાતમાં ઘણાં દૃષ્ટાંત લાવીને રાજાને તથા દીવાનને તથા રાણી વિગેરેને ખૂબ આનંદ પમાડ્યો. અને સૌ બોલતાંચાલતાં થઈ ગયાં, આનંદ કરીને સૌ સૌને સ્થાનકે ગયાં. પછી પંડિતજીએ વિચાર કર્યો જે યમના દૂતોએ મને ખોટો ભય બતાવ્યો ને મારાં માતા-પિતાની સેવા કરવા જાત ને જવા દીધો નહિ માટે હવે મારા બ્રહ્મચર્યના પ્રભાવથી તેમની ખબર લઈ લઉં છું. એમ વિચાર કરીને **આકર્ષણ મંત્રથી** યમના દૂતને બોલાવ્યા. તેના પ્રભાવથી તુરંત આવ્યા ને ઊભા રહ્યા ને કહ્યું જે અમને કેમ બોલાવ્યા? ત્યારે કહ્યું જે તમે મને ખોટો ભય આપીને મારે ઘેર ન જવા દીધો માટે તમને બાળીને ભસ્મ કરી નાખું છું.

ત્યારે યમના દૂત બોલ્યા જે અમે ખોટો ભય આપ્યો નથી. અમે ખોટું બોલીએ તો તત્કાલ અમારું મૃત્યુ જ થાય. ત્યારે પંડિતે કહ્યું જે આ મારી સ્ત્રી રહી ને હું આ અમારાં ચાર નેત્ર ભેગાં થયાં ને મારું મૃત્યુ કેમ ન થયું? ત્યારે યમદૂતો કહે તમારી સ્ત્રીને પૂછી જાઓ કે તમારા જમતાં પહેલાં તમારે ઘેર કોઈ સંન્યાસી આવ્યા હતા? ત્યારે સ્ત્રીએ કહ્યું જે ચાર સંન્યાસી આવ્યા હતા. તેમને મેં જમાડ્યા. જમીને આશીર્વાદ આપ્યો જે **તારો અખંડ સૌભાગ્ય રહો.** એમ કહીને સંન્યાસી ગયા.

ત્યારે યમના દૂત બોલ્યા જે તમારી ધર્મને વિષે નિષ્ઠા અને આ સ્ત્રીને પતિવ્રતાપણાની ટેક જોઈને પ્રસન્ન થયેલા ભગવાને સનકાદિકને આજ્ઞા કરી હતી જેથી સંન્યાસીનો વેષ લઈને તમારે ત્યાં આવેલા ને જમી ખુશી થઈને આશીર્વાદ આપેલા તેથી તમારું મૃત્યું થયું નહિ. હવે તો તમારી સ્ત્રીની આયુષ પૂરી થાય ત્યાર પછી તમારું મૃત્યુ થાય, કારણ પ્રથમ અમે તમને શેઠના છોકરા પાસે મોકલ્યા હતા. જો તેમણે રાજી થઈને જમાડ્યા હોત તો તેમનું આયુષ વધત ને તેને અમે મેલી જાત. વળી રાજાના કુંવર પાસે પણ તમને મોકલ્યા હતા, જો તમને પાંચ સોનામહોર આપી હોત તો અમારાથી તેના જીવને લેવાત નહિ. આ તો સંન્યાસીને તૃપ્ત કર્યા તેના આશીર્વાદથી તમારું આયુષ વૃદ્ધિ પામ્યું. તેમ સત્પુરુષના આશીર્વાદથી આયુષ તથા ધન, ધાન્ય, પુત્ર વિગેરેનો લાભ થાય છે. ॥૩૧૧॥

એક વિદ્વાન્ બ્રાહ્મણ સર્વશાસ્ત્ર ભણેલો એટલે ન્યાય, વેદાંત, વ્યાકરણ વિગેરે ભણેલો તેમજ જ્યોતિષશાસ્ત્રમાં સંપૂર્ણ નિષ્ણાત. જે કોઈને મુહૂર્ત જોઈ આપે તે પ્રમાણે તેનું કામ સિદ્ધ થતું. તેણે કરીને તેની કીર્તિ વૃદ્ધિ પામી જેથી ચોર લોકો પણ મુહૂર્ત જોવરાવવા આવે ને મુહૂર્ત જોઈ આપે તે પ્રમાણે તેનું કામ સિદ્ધ થાય તે લોકો ફાવી જાય એટલે જોશીમહારાજને દક્ષિણા પણ આપે, ને ઘણા દિવસ ચોર લોકોની સંગત થવાથી જોશીમહારાજનું અંતઃકરણ ફેરફેર થવા લાગ્યું.

એક દિવસ બહુ સારું મુહર્ત આવ્યું જેથી ચોર લોકોને કહ્યું જે આજ તો ઘણું સારું મુહૂર્ત છે જેથી મને વિચાર થાય છે કે હું તમારી સાથે આવું. ત્યારે ચોર લોકો કહે જે મહારાજ એ તમારું કામ નથી ચોરી કરવી તે તો અમારું કામ છે અને મુહૂર્ત જોવું તે તમારું કામ છે માટે તમને થોડુંક ધન વધારે આપીશું પરંતુ તમારે આવવા જેવું નથી. ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે તમે તમારી ઈચ્છા પ્રમાણે આપો ને હું તો તમારી સાથે આવું તો જોઈએ એટલું લઈ લેવાય. માટે મને સાથે લઈ જાઓ. ત્યારે બીજા બોલ્યા જે ભલેને આવે, તેમાં આપણું શું જાય છે? જેથી ચોર લોકોની સાથે ઘણો સહવાસ થવાથી સાથે સાથે ચોરી કરવા ગયો અને એક રાજાના મહેલમાં ચોરો પેઠા. તેની સાથે તે પણ ગયો. ને રાજાનો ખજાનો ફાડીને ચોરો તો જે ધન પોતાને હાથ આવ્યું તેને લઈને નીકળી ગયા.

અને બ્રાહ્મણ તો જે વસ્તુ લેવા જાય તેમાં તેને દોષ દેખાય. સોનું ચોરવાથી અમુકનો જન્મ આવે. તેમજ ચાંદી, હીરા, મોતી વિગેરે ચોરવાથી અમુક અમુકનો જન્મ આવે, તેમ જાણીને કોઈ વસ્તુ લીધી નહિ. ફરતે ફરતે બીજા રૂમમાં ગયો

ત્યાં ડાંગર જોવામાં આવી તેમાં ઓછો દોષ જણાવાથી તેનું પોટલું બાંધ્યું. પણ બહાર નીકળવાનો રસ્તો જડ્યો નહિ. એમ કરતાં સવાર થઈ ગયું અને બંદીજનો રાજાની સ્તુતિ કરવા લાગ્યા. તે સાંભળીને બ્રાહ્મણ તો ગભરાયો ને રાજાના છપર પલંગ નીચે પેસી ગયો. રાજા પણ બંદીજનોની સ્તુતિ સાંભળીને જાગ્યો. રાજા વિદ્વાન્ હતો ને તેને હંમેશાં એક નવો શ્લોક કરવાનો નિયમ હતો. તે પ્રમાણે શ્લોકમાં પોતાની સમૃદ્ધિનું વર્ણન કરવા લાગ્યો ને બોલ્યો જે,

ચેતોહરા યુવતયઃ સ્વજનોઽનુકૂલઃ
સદ્બાંધવાઃ પ્રણતિનમ્રગિરશ્ચ ભૃત્યાઃ ॥
ગર્જન્તિ દંતિ નિવહાસ્તરલાસ્તુરંગાઃ

મારા ઘરમાં સ્ત્રીઓ બીજાના ચિત્તને હરી લે એવી છે અને મારું સ્વજન મને અનુકૂળ છે અને મારા બાંધવો પણ સારા છે જેમ હું કહું તેમ કરે છે અને ચાકરો તે પણ વિનયવાળી વાણી બોલતા સોતા નમસ્કાર કરે છે. અને હાથીઓ પણ ગર્જના કરી રહ્યા છે અને ઘોડાઓ પણ પવનના વેગવાળાને ઉદરમાં પાણી પણ ન હાલે એવી ગતિ કરનારા છે. આવી રીતે ઉપલ્યા શ્લોકના ત્રણ પાદ બે-ત્રણવાર બોલ્યો પણ ચોથું યાદ આવ્યું નહિ, ત્યાં તે ચોરી કરવા આવેલો બ્રાહ્મણ પોતાનું ભાન ભૂલી ગયો અને વિદ્યાના અંકુરથી બોલી ઊઠ્યો જે **સંમીલને નયનયો ર્નહિ કિંચિદસ્તિ ॥** હે રાજન્ તું જેનું વર્ણન કરે છે તે તારી આંખ્યો મીંચાણી ત્યારે તારા કામનું કાંઈ નથી. એમ બોલી તો ગયો પરંતુ ભાન આવવાથી થરથર કંપી ઊઠ્યો જે મારું આવી બન્યું. પરંતુ રાજાએ આ વચન સાંભળીને વિચાર કર્યો જે આ કોણ બોલ્યું ? એમ જાણીને તપાસ કરે છે ત્યાં પોતાના પલંગ નીચે સંતાયેલ બ્રાહ્મણને જોયો. બ્રાહ્મણ પણ રાજાની આગળ હાથ જોડીને ઊભો રહ્યો ત્યારે રાજા પૂછે છે :

કસ્ત્વં નિપુણઃ કવિષુ પ્રવીણો યાતઃ કિમર્થં જનરાજ સદ્મનિ ।
તમઃ પ્રવિષ્ટે નિશિયેષુ વિદ્વન્ ભટ્ટૈઃ સુગુપ્તેઽતિદુરાસદેઽસ્મિન્ ॥

અહો મહા વિદ્વાન્ કવિઓમાં શ્રેષ્ઠ કવિ એવો તું કોણ છે ! મહા અંધકારવાળી અર્ધરાત્રિના વખતે શસ્ત્રધારી યોદ્ધાથી રક્ષણ કરાયેલો મારો મહેલ તેમાં તું ક્યાંથી અને કેમ આવ્યો છું ? ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે

દ્વિજાગ્રજન્મા કવિષુ પ્રવીણો વેદાંગવિત્ વેદ પુરાતનંચ ।
યાતો ધનાર્થં કૃપણો દરિદ્રો ચોર પ્રસંગાદપિ ચોરભૂતઃ ॥

હે રાજન્ હું બ્રાહ્મણ વિદ્વાન્ અને શીઘ્ર કવિ છું પણ નિર્ધન હોવાથી અને ચોરના સહવાસથી ચોર થઈને અહીં ચોરી કરવા આવેલો છું. ત્યારે રાજા કહે તું આવો વિદ્વાન્ બ્રાહ્મણ તો તારા ઘરની સ્થિતિ મને કહો. ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે શિયાળા ઉનાળામાં મારા ઘરની સ્થિતિ જે હોય તે હું કહું તે સાંભળો –

મદ્ગેહે મશકીવ મૂષકવધૂર્મૂષીવ માર્જારિકા ।
માર્જારીવશુની શુનીવગૃહિણી પુત્રા યથા વાયસાઃ ॥
નાન્નં ખાદતિયક્કિકાપિ દિવસેયર્કર્તિયાંદ્રાયણં ।
ચુલ્લી ચાનલ સંગમં ન કુરુતે ભીમસ્યપુત્રી યથા ॥

હે રાજન્, મારા ઘરની સમૃદ્ધિ અને સ્થિતિ હું શું કહું. મારા ઘરમાં એક ઉંદરડી છે તે અન્નનો એક પણ કણ ન મળવાથી મચ્છરીયા જેવી થઈ ગઈ છે અને ઘરની બિલાડી પણ દૂધ કે દહીં કાંઈ ન મળવાથી સુકાઈને ઉંદરડી જેવી થઈ ગઈ છે. ફળિયામાં એક કૂતરી રહે છે તેને પણ રોટલાનો કકડો ન મળવાથી સુકાઈને બાપડી બિલાડી જેવી થઈ ગઈ છે અને મારી સ્ત્રી પણ ખાવાનું ન મળવાથી કૂતરી જેવી થઈ ગઈ છે અને છોકરાઓ હું ઘેર આવું છું ત્યારે બાપા શું લાવ્યા એમ કહીને કાગડાની પેઠે ફરી વળે છે. વધારે શું કહું મારા ઘરની ઘંટી તો ચાંદ્રાયણ વ્રત કર્યા કરે છે એટલે કોઈક દહાડો જ શેર બશેર અન્ન દળવા મળે છે અને ચૂલો તો જેમ ભીમકરાજાની દીકરી દમયંતિ (અનલનો) એટલે નળ સિવાય બીજા પુરુષનો સ્પર્શ નથી કરતી તેમ (અનલ) એટલે અગ્નિનો સ્પર્શ ચૂલો કરતો નથી કારણ કે રાંધવાનું હોય ત્યારે જ ચૂલામાં અગ્નિ સળગાવવાનો હોય છે. હવે હે રાજન્ ચોમાસાને વિષે મારા ઘરની સ્થિતિ થાય છે તેને કહું છું તેને સાંભળો.

પટ્ટાઃ કચ્છપવત્તરંતિ સલિલે સંમાર્જની મીનવત્ ।
દર્વીસર્પ વિચેષ્ટિતાનિ કુરુતે સંત્રાસયંતિ શિશૂન્ ॥
શુર્પાર્ધાવૃતમસ્તકા ચ ગૃહિણી ભીત્યુત્પપાતોન્મુખી ।
રાજન્ પૂર્ણ સરોવરેણ સદૃશં જાતં મદીયં ગૃહમ્ ॥

ચોમાસામાં તો મારા ઘરનું છાપરું જૂનું હોવાથી પાણી ભરાતાં સરોવર જેવું શોભે છે. માટે લાકડાના પાટલા તો જેમ કાચબા હોય તેમ દેખાય છે અને ઘર વાળવાની સાવરણી માછલા જેવી દેખાય છે ને લાકડાની કડછી તો છોકરાંઓને બિવરાવતી એવી સતી સર્પની ચેષ્ટા કરે છે અને મારા ઘરની સ્ત્રી તો છત્રી ન હોવાથી અડધું સૂપડું માથે રાખીને ભીંત પડવાના ભયથી બીતી એવી સતી સારી ભીંતની ઓથે રહે છે. હે રાજન્ આવી મારા ઘરની સ્થિતિ છે.

આવું બ્રાહ્મણનું વચન સાંભળીને રાજાનું હૃદય દયાવાળું થયું જેથી પોતાના માણસોને કહ્યું જે આ બ્રાહ્મણને રૂપિયાથી દાટી દ્યો જેથી રાજાના માણસો રૂપિયા લાવીને ઢાંકવા મંડ્યા તેમાં કેટલાક લોભીયા માણસોએ રૂપિયાની થોકડીઓ કરીને ગળા સુધી રૂપિયા પહોંચાડી દીધા. ત્યારે બ્રાહ્મણે ખભા મરડીને પછવાડે જોયું. ત્યારે રાજાએ પૂછ્યું તમે આ શું કર્યું ? ત્યારે બ્રાહ્મણ બોલ્યો—

યો ગંગા મતરત્તથૈવ યમુનાં યો નર્મદાં શર્મદાં ।
કાવેરીં સરયૂં મહેંદ્રતનયાં ચશ્ચાર્ણવાંસ્તીર્ણવાન્ ।
સોડસ્માકં ચિરમાસ્થિતોડય મધુનાદારિદ્રનામાસખા ।
ત્વદ્દાનાંબુસરિત્ પ્રવાહ લહરૌ મગ્નોડત્રસંભાવ્યતે ।

હે રાજન્ દારિદ્ર નામનો એક મારો મિત્ર છે તે મારી કેડે પડેલો તેને માટે હું ગંગા તથા યમુના તથા સુખને આપનારી નર્મદા તથા કાવેરી તથા સરયૂ તથા ગોદાવરી આદિક નદીઓ તથા સમુદ્રને ઉલ્લંઘન કર્યો પરંતુ તે ક્યાંય બૂડ્યો નહિ. પરંતુ તમારી ધન રૂપી નદીમાં બૂડ્યો છે કે નહિ તેનો તપાસ કરું છું. આ સાંભળીને રાજા તથા દીવાન સમજ્યા કે બ્રાહ્મણનો લોભ વધ્યો. એટલે રાજાએ કહ્યું જે રૂપિયાનું ગાડું ભરીને ઠાલવો. તે પ્રમાણે નોકરોએ કર્યું.

પછી રાજા બોલ્યા કે કેમ મહારાજ સંતોષ? ત્યારે બ્રાહ્મણ કહે રૂપિયાના બચકાં ભરાય છે? કાંઈ દુઝાણું હોય તો છોકરાં છાશ ભેગાં થાય. આવું સાંભળીને રાજાએ દીવાનને કહ્યું કે આ બ્રાહ્મણને ભેંસ આપો. દીવાને બ્રાહ્મણને લોભીયો જાણીને ઘરડી ભેંસ લાવીને ઊભી રાખી. ત્યારે બ્રાહ્મણે તેની પાસે જઈને કાનમાં ફૂંક મારી તેથી ભેંસે માથું હલાવ્યું. ત્યારે રાજાએ બ્રાહ્મણને પૂછ્યું જે આ તમે શું કર્યું ? ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે મેં તેને કાનમાં પૂછ્યું જે એકાદું વેતર મારે ત્યાં

વીયાઈશ ? ત્યારે તેણે ના પાડી તે તમે જોયું ને ? માથું હલાવ્યું અને તેણે મને ઠબકો દીધો ને બોલી જે–

मे भर्ता महिषासुरः कृतयुगे देव्या भवान्या हतः ।
तत्संगे शुभं चतुर्मुख शतं दृष्टं विनष्टं मया ।
दंताः संपतिताः कुचा विगलिता द्रष्टिश्च नाशंगता ।
वृद्धायांय गर्भ संभव विधिं पृच्छन्न किं लज्जसे ॥

ભેંસ કહે છે કે હે વિપ્ર પહેલા સત્યયુગમાં મહિષાસુર નામનો પાડો મારો સ્વામી હતો તેને દેવી ભવાનીએ મારી નાખ્યો (એટલે કોઈ પુરુષે દેવીની આગળ પાડો વધેર્યો) ત્યારથી હું વિધવા થઈ છું ને તે મારા સ્વામીની સાથે સો બ્રહ્મા જન્મ્યા ને મરી ગયા તેને મેં નજરે જોયા. હવે તો મારા દાંત પડી ગયા છે ને આંચળ સુકાઈ ગયા છે ને આંખે દેખાતું નથી તેને તું વ્યાવાનું પૂછે છે તે તને લાજ આવતી નથી ? એમ કહ્યું.

તે સાંભળીને રાજા ખુશી થયો ને દીવાનને કહ્યું જે આને પેલા વેતરની સારામાં સારી એક ભેંસ આપો એમ કહીને અપાવી. તે લઈને ઘેર ગયો પરંતુ આવો વિદ્વાન્ છતાં ચોર લોકનો સંગ કરવાથી ચોરી કરવા ગયો માટે હંમેશાં સત્પુરુષનો સંગ કરવો પણ અસત્પુરુષનો સંગ ક્યારેય કરવો નહિ. જેવો સંગ કરે તેવો રંગ ચડે છે. પાપીનો સંગ કરવાથી પાપ કરવા શીખે છે, અને પુણ્યશાળીનો સંગ કરવાથી પુણ્ય કરવા શીખે છે માટે સારા સજ્જન પુરુષનો સંગ કરવો પણ દુર્જનનો સંગ ક્યારેય પણ ન કરવો. ॥૩૧૨॥

એક બ્રાહ્મણના છોકરાને ભણવા માટે કાશીએ જવાનું તેનાં માતાપિતા કહેતાં હતાં પણ છોકરો ભણવાની ચોખી ના પાડતો હતો કે હું ભણવા જાઉં તો ઘરડાં જે તમો બે તેની સેવા કોણ કરે? ત્યારે માબાપે કહ્યું કે અમારી સેવા બાબતની ચિંતાનો ત્યાગ કરીને તમે ભણવા કાશીએ જાઓ તો સારું, કારણ કે ભણવાથી બુદ્ધિ સારી થાય છે, લોકમાં ભણેલાની પ્રતિષ્ઠા વધે છે ને ભણેલો સર્વ ઠેકાણે પુજાય છે.

આવું કહ્યું છતાં તે બ્રાહ્મણનો છોકરો કાશીએ ભણવા ગયો નહિ. પછી થોડા દિવસ ગયા કેડે તે છોકરો પોતાના ઘરમાં રાત્રિએ સૂતો હતો અને રાત્રિના બાર વાગ્યે પેશાબ કરવા પોતાના વાડામાં ગયો. ત્યાં જમપુરીના રાજા-યમરાજા

આવ્યા ને તેમને છોકરે પૂછ્યું કે તમે કોણ છો ને કેમ આવ્યા છો? ત્યારે યમરાજાએ તે છોકરાને કહ્યું કે તમે પવિત્ર બ્રાહ્મણના છોકરા છો ને તમે નિરંતર ધર્મનું આચરણ કરો છો જેથી તમને ચેતાવવા આવ્યો છું કે જે ઠેકાણે તમે અત્યારે બેઠા છો ત્યાં જ તમને હું જાતે આવીને આખલાનું રૂપ ધારણ કરીને મારા શિંગડાની અણી તમારા પેટમાં ઘાલીને મારી નાંખીશ. માટે તમારે ભગવાન ભજી લેવા હોય તો ભજી લેશો. આજથી છ માસે તમારું મરણ અવશ્ય થશે માટે તમારા પુણ્ય-દાન વિગેરે જે કરવું હોય તે કરી લેશો.

આવું યમરાજાનું વચન સાંભળીને છોકરે વિચાર કર્યો કે આ ગામમાં તેમજ મારા ઘરમાં રહીશ ત્યારે મારું મરણ થશે માટે અહીં મારા ઘરમાંથી માતાપિતાની આજ્ઞા લઈને ભણવાનું નિમિત્ત કરીને કાશી જાઉં જેથી મારું મરણ થશે નહિ. આવો વિચાર કરીને સવારે પોતાનાં માતાપિતાને કહ્યું કે તમો કાશી ભણવા જવાનું મને બહુ વાર કહ્યું તેથી કાશીએ ભણવા જવાનો આજ રાત્રે મારા મનમાં ચોકસ ઠરાવ કર્યો છે તો તમે આજ્ઞા આપતાં હો તો હું ભણવા કાશીએ જાઉં.

આવું પોતાના પુત્રનું વચન સાંભળીને માબાપ રાજી થયાં ને પોતાના છોકરાને જમાડીને કાશી ભણવા મોકલ્યો. તે છોકરો કાશીમાં જઈને વિદ્યાભ્યાસ કરતાં છ માસ પૂરા થવામાં એક દિવસ બાકી રહ્યો ત્યારે યમરાજાએ વિચાર કર્યો કે મરવાની બીકથી તે છોકરો કાશીએ ભણવા જતો રહ્યો છે માટે તેને લઈ આવું. આવો વિચાર કરીને યમરાજાએ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને એક રથમાં કન્યા બેસાડીને કાશીમાં રહેલી ગંગાજીના મણિકર્ણિકા ઘાટ આગળ પોતાનો રથ છોડીને બેઠો ને ગંગાજીમાં સ્નાન કરીને જતા વિદ્યાર્થીઓને બ્રાહ્મણ પૂછતો હવો કે મારે ગંગાજીને કાંઠે કન્યાદાન દેવું છે તો વિદ્યાર્થીઓમાં કોઈ ન પરણેલો હોય તેને કંકુ ને ચાંદલે કન્યા આપવી છે પણ કોઈ પાસેથી મારે ધન લેવું નથી. કન્યાનું ધન લઈને કોઈ સુખી થયો નથી તેમ સુખીયો થશે પણ નહિ. આવો વિચાર કરીને પૈસા લીધા સિવાય મારે કન્યા પરણાવવી છે.

ત્યારે તે વિદ્યાર્થીઓમાં કોઈ કહે હું પરણેલો છું અને કોઈ કહે મારો વિવાહ થવાનો છે. મારી સગાઈ કરી મૂકી છે. આવું વચન સાંભળીને તે બ્રાહ્મણ કહે જેને ચાંદલો પણ ન થયો હોય તેવા વિદ્યાર્થી તમારા જાણવામાં હોય તો તેમને મારી કન્યા પરણાવવી છે. પછી છેવટે માતા-પિતાની રજા લઈને

છ માસથી ભણવા આવેલા વિદ્યાર્થીને પૂછ્યું કે તમે પરણેલા છો કે પરણવાના છો ? ત્યારે તે છોકરે કહ્યું કે હું પરણેલો નથી ને મને ચાંદલો પણ થયો નથી પણ મારાં મા-બાપની રજા સિવાય પરણાય નહિ તેવું સાંભળીને તે વિદ્યાર્થીને બીજો વિદ્યાર્થી કહેવા લાગ્યો કે લક્ષ્મીજી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોઈ આવું એમ ન કહેવું પણ ચાંદલો કરાવી લેવો માટે તમો પરણીને કાશીથી ઘેર જશો એટલે તમારાં મા-બાપ ખુશી થશે, માટે આવો સમય નહિ મળે માટે તમો પરણો તો સારું.

આવું વિદ્યાર્થીઓનું વચન સાંભળીને કન્યા લઈને આવેલા બ્રાહ્મણની કન્યાને છ માસથી ભણવા આવેલ બ્રાહ્મણના છોકરા સાથે ગોરને કાશીમાંથી બોલાવીને કન્યાદાન આપ્યું. ને પછી કન્યાના પિતાએ કહ્યું કે તમો અહીં કાશીમાં ભિક્ષા માગીને ભણો છો તે કરતાં અમારે ગામ ચાલો ત્યાં એક વિદ્વાન્ બ્રાહ્મણને રાખીને તમને ભણાવીશું માટે અમારા આણેલા રથમાં બેસો. એમ કહીને રથમાં બેસાડીને કાશીથી રથ ચલાવ્યો તે થોડેક દૂર જમીન ઉપર રથ હાંક્યો. વળાવવા આવેલા વિદ્યાર્થીઓ પાછા વળીને કાશીમાં પેઠા પછીથી રથને પવન વેગે આકાશમાં અધર ચાલતો કર્યો. તે જોઈને છ માસથી કાશીમાં ભણવા આવેલ છોકરે વિચાર કર્યો કે છ માસમાં એક રાત આડી છે માટે મારું મરણ કહેનાર યમરાજા હોવા જોઈએ તેમણે મને તેમની કન્યા સંઘાથે પરણાવી તેમના ગામ જતાં પોતાનો રથ આકાશમાં ચલાવ્યો માટે જો આ રથમાંથી નીચે કૂદી પડું તોપણ મારું મરણ થાય તેમ છે માટે રથમાં બેસી રહું પછી શું થાય છે એવો વિચાર કરીને બેસી રહ્યો.

પછી રાત્રિના બાર વાગ્યા એટલે તે રથને બ્રાહ્મણના છોકરાના ઘરના વાડામાં ઉતાર્યો ને બ્રાહ્મણના છોકરાને રથમાંથી ઉતારીને રથ અને કન્યાને અદૃશ્ય કરીને યમરાજાએ આખલાનું રૂપ ધારણ કરીને પોતાના શિંગડાની અણી બ્રાહ્મણના છોકરાના પેટમાં ઘાલીને મારી નાંખ્યો.

માટે કહેવાનું એટલું જ છે કે કાળ કોઈને છોડતો નથી. જે દેશમાં, જે કાળમાં, જે દિવસમાં, જે મુહૂર્તમાં સારી કીર્તિ અગર મરણ અગર નાશ થવાનું જે કાંઈ હોય છે તે તે સમયમાં થાય છે માટે કાળથી બીને ગુફામાં પેસે તોપણ સમય આવે કાળ ઉપાડી જાય છે માટે કાળથી બચવું હોય તો બીજાં ફાંફાં ન મારતાં ભગવાન સર્વના કર્તાહર્તા છે એમ જાણીને તેમનું ભજન કરવાથી મોક્ષ

પામે છે. જેથી તે જીવનું જન્મ-મરણ થતું નથી માટે દરરોજ ભગવાન ભજવામાં આળસ રાખવી નહિ એ વાત કહેવાનો સાર છે. ॥૩૧૩॥

એક વખત વૈકુંઠમાં ભગવાનને અને લક્ષ્મીજીને સંવાદ થયો જે જગતમાં તમારા ભક્ત ઘણાં છે કે મારા ભક્ત ઘણાં છે ? ત્યારે ભગવાને કહ્યું કે મારા ભક્ત ઝાઝા છે. ત્યારે લક્ષ્મીજી કહે તમારા નહિ પણ મારા ભક્ત ઝાઝા છે. ત્યારે ભગવાન કહે તે બાબતની પરીક્ષા કરીએ કે કોના ભક્ત બહુ છે ? પછી લક્ષ્મીજી ભગવાનને કહે તમો તમારી જમાવટ કરો પછી હું મારું પરાક્રમ બતાવું છું. ત્યારે ભગવાન કહે બહુ સારું. એમ કહીને વિદ્વાન્ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને એક નગરમાં ગયા ને ત્યાંના લક્ષાધિપતિ શેઠીયાઓને ભેગા કર્યા અને શેઠીયાઓને કહ્યું જે હું કાશીથી તાજી વિદ્યા ભણીને આવ્યો છું ને મારે તમને ભગવાન સંબંધી જ્ઞાન આપવું છે જેણે કરીને તમારો મોક્ષ થાય ને મારી વિદ્યાની સફળતા થાય. મારે તમારી પાસેથી કાંઈ જોઈતું નથી. પરંતુ તમારો મનુષ્ય જન્મ સફળ કરવો છે.

આમ કહીને અમૃતમય વાણીથી બધા શેઠીયાને રંજન કરી દીધા. ત્યારે બધા શેઠીયાએ વિચાર કર્યો કે આ મહારાજ પરોપકાર સંબંધી કાર્ય કરવા આવ્યા છે તો તે લાભ આપણે લઈ લેવો. એમ કહીને મહારાજને કહ્યું કે બહુ સારું મહારાજ. કાલથી કથાનો પ્રારંભ કરો. ત્યારે મહારાજે કહ્યું જે કથાનો આરંભ કરું પરંતુ મારી કથામાંથી કોઈએ ઉઠાય નહિ. ત્યારે શેઠીયા કહે જે તમારી અમૃતમય વાણી સાંભળીને કથામાંથી કોણ ઊઠે ? કોઈ પણ ઊઠશું નહિ. ત્યારે બ્રાહ્મણ કહે કે આપણે પહેલો ઠરાવ કરો જે મંગલાચરણથી આરંભીને શ્રીપતિ થાય ત્યાં સુધી કોઈએ ઊઠવું નહિ. આવી રીતે મહારાજના કહેવા પ્રમાણે કાગળ લખીને બધા શેઠીયાઓએ નીચે સહીઓ કરી એ કાગળ લઈને મહારાજે પોતાની પાસે રાખ્યો. અને કથાનો આરંભ કર્યો અને સર્વેના અંતઃકરણ પોતાને વિષે ખેંચી લીધાં અને કથાની જમાવટ એવી કરી જે આરંભ કરતાં પહેલાં તો સભા અકડાઠાટ ભરાઈ જાય. ગામમાં બાઈ ભાઈ કોઈ પણ ઘેર ન રહેતાં સભામાં આવીને દાખલ થઈ જાય.

આવી જમાવટ જોઈને લક્ષ્મીજીએ વિચાર કર્યો કે ભગવાને બરાબર પોતાને વિષે પોતાના ભક્ત ખેંચી લીધા છે તો હવે હું જાઉં ને મારા ભક્ત ભગવાનને બતાવું. એમ વિચાર કરીને વૃદ્ધ ડોશીનું સ્વરૂપ ધારણ કરીને નગરશેઠને ઘેર

ગયાં. તેવામાં શેઠ વિગેરે તો જમીને કથામાં જતા રહ્યા હતા અને શેઠાણી પરવારીને કથામાં જવા માટે તૈયાર થયાં. તેવામાં ઘરડી ડોશીએ આવીને યાચના કરી જે હું ભૂખી છું માટે મને કાંઈ ખાવાનું હોય તો આપો. ત્યારે શેઠાણી કહે તું અત્યારે ક્યાં આવી ? અમારે કથાનો વખત જાય છે. ત્યારે તે ડોશીએ કહ્યું જે કથામાં એમ આવતું હશે જે અન્નાર્થીને અન્ન આપવાનું બહુ પુણ્ય થાય છે અને ગરીબનું હિત કરવું તેમ પણ આવતું હશે. ત્યારે શેઠાણીએ કહ્યું જે લ્યો જલદી.

એમ કહીને પોતાના વાસણમાં અન્ન આપ્યું ત્યારે તે ડોશીએ પોતાની ઝોળીમાંથી સોનાની થાળી કાઢી તેમજ વાટકો, લોટો, પાણી પીવાનું પવાલું બધું સોનાનું કાઢ્યું ને તેમાં ખાવાનું તથા પાણી વિગેરે લીધું. આ જોઈને શેઠાણીની આંખ્યો ચમકી. એટલામાં બે કોળીયા ખાધા ન ખાધા ને હાથ ધોઈ પાણી પીને વાસણ તેમને તેમ રહેવા દઈને ચાલતી થઈ. ત્યારે શેઠાણી કહે, ડોશીમા, આ તમારાં વાસણ લેતા જાઓ. ત્યારે લક્ષ્મીજી કહે જે હું એકવાર જે વાસણમાં જમું છું તેમાં બીજી વાર જમતી નથી. તમારે કામનાં હોય તો તે વાસણ લઈ લ્યો. તે જોઈને શેઠાણી તો ખુશ ખુશ થઈ ગઈ ને કહ્યું જે ડોશીમા તમને ટાઢું ખાવાનું ફાવ્યું નહિં હોય. માટે ઘડીક બેસો તો ઉનું કરી દઈએ. એમ કહી પાટ ઉપર બેસાડ્યાં ત્યાં પાટ સોનાની થઈ ગઈ.

શેઠાણી તો આ જોઈને આશ્ચર્ય પામી ને શેઠને બોલાવવા માટે નોકરને મોકલ્યો. નોકરે શેઠને કહ્યું જે તમને શેઠાણી બોલાવે છે. ત્યારે શેઠ કહે કથામાં ગડબડ કરીશ નહિ. જા પછી આવશું. ત્યારે શેઠાણી પાસે જઈને નોકરે કહ્યું જે શેઠ ના કહે છે. ત્યારે શેઠાણીએ કહ્યું જે શેઠને કાનમાં જઈને કહે. એક ડોશીમા આવ્યાં છે તે જ્યાં હાથ અડાડે છે તે સોનું થઈ જાય છે. પાટ ઉપર બેસાડ્યાં તે આપણી પાટ સોનાની થઈ ગઈ ને બીજાને ઘેર થશે તો તે આપણાં કરતાં ધનાઢ્ય વધારે થઈ જશે એમ કહે. નોકરે ઉપર પ્રમાણે શેઠને જઈને કહ્યું. ત્યારે શેઠ ચંચળ થયા. તે જોઈને પંડિતજીએ કહ્યું જે શેઠ કેમ ઊભા થયા ? ત્યારે શેઠ કહે મહારાજ જરા કામ છે. ત્યારે મહારાજ કહે આપણો શો ઠરાવ છે ? ત્યારે શેઠ કહે ઠરાવ છે પરંતુ વ્યવહાર સંબંધી કામમાં તમે સમજો છો ? ઠરાવ તો રહે ને કામ તો કરવું પડે.

એમ કહીને શેઠ તો ઘેર ગયા. અને શેઠાણીએ, સોનાની થાળી, વાટકો, લોટો, પવાલું બધું સોનાનું બતાવ્યું. ને શેઠે પાટ ઉપર ડોશીમા બેઠાં છે તે પાટ

સોનાની જોઈને ડોશીમાને પગે લાગીને કહ્યું જે તમે મારે ઘેર રહો, તમો જેમ કહેશો તેમ અમે કરીશું. ત્યારે ડોશીમા કહે જે હું તો મને જ્યાં ઠીક પડે ત્યાં રહું છું. આમ કહેવાથી શેઠે કહ્યું જે ડોશીમા તમો રાજી થશો તેમ કરીશું. તેવામાં તો આડોશીપાડોશી આ બધું જોઈને ડોશીમાને આમંત્રણ કરવા મંડ્યાં, પરંતુ શેઠ તો રસોયા બોલાવીને રસોઈ પકવાન, ભાતભાતના શાક, મઠા, ચટણી વિગેરે કરીને અન્નકોટ પૂરે એવો થાળ ડોશીમાની આગળ પૂર્યો. ડોશીમા જે વાસણને હાથ અડાડે તે સોનાનું થઈ જાય. ગામમાં વાત ચાલી જે એક ડોશીમા આવ્યાં છે તે જ્યાં હાથ અડાડે તે વસ્તુ સોનાની થઈ જાય છે.

આ વાત સાંભળીને સભામાં પણ ખળભળાટ થયો અને ધીરે ધીરે લોકો સભામાંથી ઊઠવા મંડ્યા ને ડોશીમા પાસે જઈને કહેવા મંડ્યા જે માતાજી અમારે ઘેર ચાલો. ત્યારે બીજો કહે માતાજી મારે ઘેર ચાલો અને અમારા ગામમાં આનંદથી રહો. ત્યારે માતાજી કહે જે હું આ ગામમાં નહિ રહું કારણ કે ઓલ્યો કથા કરે છે તે પંડિત મારી નિંદા કરે છે માટે એને આ ગામમાંથી રજા આપો તો હું રહું. ત્યારે સૌ કહે જે માતાજી તમે રહેતાં હો તો તેમને હમણાં જ રજા આપીએ. ત્યારે માતાજી બોલ્યાં જે એમ કરતા હો તો રહું. ત્યારે બધા તૈયાર થયાને સભામાં ગયા, અને મહારાજને કહે કે પોથી બાંધો. ત્યારે મહારાજ કહે હજી કથાનો ટાઈમ પૂરો થયો નથી. ત્યારે લોકો કહે કે તે પૂરો થઈ ગયો માટે જલદી પોથી બાંધો.

એમ કહીને પોથી બંધાવીને કહ્યું જે તમે અમારી માતાજીની નિંદા કરો છો, ત્યારે પંડિતજી કહે કે હું તમારી માતાની નિંદા ક્યારે કરું છું ? હું તો કથા કરું છું. ત્યારે કહ્યું જે માતાજી ખોટું બોલતાં હશે ? માટે નિંદા કરો છો. એમ કહીને પંડિતજીને તૈયાર કર્યા ત્યારે માતાજી કહે કે એક કુંભારનું ગધેડું લાવો ને ડુંગળી ને વંતાકની માળા બનાવો ને મહારાજને પહેરાવીને અવળે ગધેડે બેસાડીને વળાવો તો હું તમારે ત્યાં રહું. ત્યારે જુવાનીયા તૈયાર થઈ ગયા ને મહારાજને કહ્યું જે આના ઉપર બેસો.

એમ કહી પકડીને મહારાજને બેસાડવા જાય છે ત્યાં ભગવાને રૂપ બદલી નાખ્યું. પોતાનું રૂપ હતું તે માતાજીનું બનાવી દીધું ને પોતે અદૃશ્ય થઈ ગયા ને જુવાનીયા હાથે ઝાલીને મહારાજને ગધેડે બેસાડવા જાય છે ત્યાં કહે જે હું તો માતાજી છું. ત્યારે જુવાનીયા કહે જે અત્યાર સુધી માતાજીની નિંદા કરતો હતો

ને હવે હું માતાજી છું એમ કહે છે. એમ કહીને વરઘોડે ગામ બહાર વળાવ્યો ને લોકો બધા પાછા વળ્યા ને ભગવાન આગળ જઈને બેઠા. ત્યાં લક્ષ્મીજીનો વરઘોડો આવ્યો ને ભગવાને કહ્યું જે કેમ કોના ભક્ત ઝાઝા ? ત્યારે લક્ષ્મીજીએ કહ્યું જે એ તો તમને રૂપ બદલતાં આવડે બાકી તો વરઘોડો તમારો કાઢ્યો તો.

એમ દુનિયામાં લક્ષ્મી મળે તો ભગવાનને કોઈ પૂછે નહિ. ભગવાનને પડ્યા મૂકીને સૌ લક્ષ્મીને ઈચ્છે છે. પછી પાછા સર્વે જઈને લક્ષ્મીજીની શોધ કરવા મંડ્યા પરંતુ તેમનો કાંઈ પત્તો ખાધો નહિ ને લક્ષ્મીજી દેખાયાં નહિ, કારણ કે લક્ષ્મીજી પતિવ્રતા છે તે ભગવાન હોય ત્યાં જ રહે છે માટે જે મનુષ ભગવાનને વિષે નિષ્ઠા રાખીને ભગવાનને રાખે છે ત્યાં જ લક્ષ્મીજી વાસ કરીને રહે છે. ॥૩૧૪॥

આ જગતમાં જન્મ પામેલા માણસો સુખની ઈચ્છા રાખે છે પણ તે સુખ ક્યાં છે.

સુરપુર નરપુર, નાગપુર, તીનમાં સુખ નાહીં ।
કાં હરિકે ચરનમેં, કાં સંતનકે માહીં ॥

દેવતાના લોકમાં સુખ નથી, મનુષ્ય લોકમાં સુખ નથી, નાગલોકમાં સુખ નથી પણ સુખ ભગવાના ચરણમાં છે અગર સંતમાં સુખ છે.

અને તે સુખને પ્રપ્ત કરવા માટે દેશમાં રહીને અથવા પરદેશમાં જઈને અનેક ઉપાયો કરે છે પણ સુખ મળતું નથી. સુખ પામવાનું કારણ તો આ લોકમાં એક ઉત્તમ ધર્મ છે. માટે તેધર્મનું રક્ષણ કરવું જેથી આપણું રક્ષણ થાય છે ને જે ધર્મનો નાશ કરે છે એટલે ધર્મ નથી પાળતો તેથી તેનો નાશ થાય છે અને શ્રીમદ્ ભાગવતપુરાણ આદિક જે સત્ શાસ્ત્રોએ જીવના કલ્યાણ માટે પ્રતિપાદન કર્યા એવા સદાચાર રૂપ ધર્મને જે પાળે છે તે આ લોકમાં તથા પરલોકમાં મહાસુખીયા થાય છે. અને તે સદાચાર રૂપ ધર્મનું જે ઉલ્લંઘન કરે છે તેઓ મહાદુઃખીયા થાય છે અને મરીને જમપુરીનાં દુઃખ ભોગવીને પછી લખચોરાશી આદિકનાં દુઃખ ભોગવે છે માટે ક્યારેય પણ કોઈ મનુષ્યે ધર્મનો ત્યાગ ન કરવો.

વળી જેમ કામદુધા ગાયને સેવનાર મનુષ્યોના સર્વ સંકલ્પ સિદ્ધ થાય તેમ ધર્મને સેવનારાઓનાં સર્વ ઈચ્છેલાં સુખો સફળ થાય છે, માટે જેમને જન્મમરણનો રોગ નાશ કરવો હોય ને પરમ સુખીયા થવું હોય તેમણે તો નિરંતર તન, મન,

ધન, શ્રદ્ધાથી ધર્મનું આચરણ કરવું. અને સારો ધર્મ પાળીને છપૈયાના ધર્મભક્તિના પુત્ર સર્વ અવતારના અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની ઉપાસના ભક્તિ કરીને પોતાના આત્માનું કલ્યાણ કરી લેવું. વળી આપણે તેમના આપેલા નિયમ પ્રમાણે વર્તીશું તો **શ્રી વૃત્તાલય વિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજ** આપણી સર્વ દુઃખોમાં રક્ષા કરશે. જેમ પક્ષીઓ સરોવરનો ત્યાગ નથી કરતાં ને દેડકાંઓ ગારાનો ત્યાગ નથી કરતાં તેમ અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામી ધર્મવાળા પોતાના ભક્તનો ત્યાગ કરતા નથી.

વળી જેમ મીઠા વગરનાં શાક સારાં લાગતાં નથી તેમ ધર્મ વગરનાં સર્વ સાધનો ફળ વગરનાં થાય છે માટે મોક્ષની ઈચ્છાવાળો પુરુષ પાંચ અગ્નિને તાપે અથવા પર્વત ઉપરથી નીચે પડે અથવા ભૂમિ ઉપરનાં સર્વ તીર્થ કરે અથવા ચાર વેદને ભણે અથવા યજ્ઞ માત્ર કરે અથવા પોતાના યોગરૂપી ઐશ્વર્યથી ભૂત, ભવિષ્ય, વર્તમાન કાળને કહે તોપણ ધર્મ વિના મરણ થકી રહિત થતો નથી અર્થાત્ મોક્ષને પામતો નથી. જેમ શરીરના સર્વ અવયવો સારા હોય પણ જો એક નાક ન હોય તો તે શરીર ખરાબ લાગે છે તેમ ઘણાં ગુણો સંપાદન કર્યા હોય પણ એક ધર્મ ન હોય તો તે બધા ગુણ નકામા છે. અને પાપી પુરુષોમાં પાપોને નાશ કરનાર, કર્મને બાળી નાખનાર, ને મોક્ષને આપનાર આ પૃથ્વીમાં ધર્મને તુલ્ય બીજું કોઈ સાધન નથી. ધર્મવાળાને જ મનુષ્ય કહેવાય છે પણ ધર્મ રહિત માણસને તો શિંગડાં તથા પૂંછડાં વગરનો બે પગવાળો પશુ કહેલો છે માટે માણસે નિરંતર ધર્મનું સેવન કરવું જેથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે માટે ક્યારેય પણ ધર્મનો ત્યાગ કરવો નહિ તે આ વાત કહેવાનો હેતુ છે. ॥૩૧૫॥

આ (૩૧૫) વાર્તા લખનાર વડતાલના બ્રહ્મચારી શાસ્ત્રી

આત્માનંદજીના જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.

ઈતિ વાર્તા સમાપ્ત

સમાપ્ત



શ્રી સ્વામિનારાયણ મંદિર લોયા ધામ

સ્વયં વેદ જેને નેતિ નેતિ કહે છે; એ પરબ્રહ્મનાં પાદારવિંદથી પાવન થયેલ લોયાધામની ધરતીનાં કણકણમાં આધ્યાત્મિકતાનાં દિવ્ય સ્પંદનો ગુંજી રહ્યાં છે. ત્યાં શ્રીહરિ બેઠા છે, ઉર્યા છે, રમ્યા છે, જમ્યા છે, એટલું જ નહિ સુરાખાચરનાં ભક્તિભાવને વશ થઈને સ્વયં પ્રભુ ''રસોયા'' પણ બન્યા છે. આ દરબારગઢમાં શ્રીજી મહારાજે ૬૮ વચનામૃત કહ્યા છે. અહીં લીંબવૃક્ષ છે. જેની નીચે શાકોત્સવનો ઉત્સવ થયેલો. પાતળિયો કુવો છે, જેમાં પરમહંસો સહિત સ્નાન કરેલું. જ્યાં શ્રીહરિ, રામપ્રતાપજી અને ઈચ્છારામજી; એકસાથે બેઠા હતા તે ઓટો છે. જ્યાં સભાઓ કરી છે તે પ્રસાદિની વાડી જેવા અનેક પ્રસાદીના સ્થાનો છે.

એ ધામમાં ''સદ્‌ગુરૂ મોટા યોગાનંદ સ્વામી'' દ્વારા નિર્મિત સંપ્રદાયના સૌ પ્રથમ હરિમંદિરનો જીર્ણોદ્ધાર કરી નૂતન કલાત્મક હવેલી મંદિર બનાવ્યું. આજે મંદિરમાં ''ઘનશ્યામમહારાજ'' બિરાજી ભક્તોને અભયદાન આપી રહ્યાં છે અને પ્રસાદીની વાડીમાં નૂતન ગુલાબી પથ્થરના વિરાટ મંદિરનું નિર્માણ કાર્ય ચાલુ છે. ગામનાં પ્રવેશમાં સમાજસેવાના એક ભાગરૂપે ''શ્રી સ્વામિનારાયણ હોસ્પિટલ'', ''શ્રી સ્વામિનારાયણ સ્કુલ'' અને ''શ્રી ઘનશ્યામ ગૌશાળા''નું નિર્માણ કરીને લોયાધામની રોનકમાં વધારો કર્યો.

:: પ્રકાશક ::

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ ''ભક્તિનગર'' કંડારી